View metadata, citation and similar papers at core.ac.uk

brought to you by CORE

provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Pandit, Jayshree R., 2011, *"શુદ્ધાદ્વૈત વેદાન્તમાં અ-વિકૃત પરિણામવાદ સ્વરૂપ - સ્થાન - મૂલ્યાંકન",* thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/789

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

**SAURASHTRA UNIVERSITY - RAJKOT**

**ARTS FACULTY – PHILOSOPHY – SUBJECT**

**FOR A**

**Ph.D. DEGREE**

**THESIS**

# Sudhdhadwait Vedant Ma a-Vikrut Parinamvad Swarup – Sthan – Mulyankan


**Presented by**

**PANDT JAYSHREE RAMESHCHANDRA**

Assistant Professor & Head Department of Philosophy

Shri. S. N. Arts – Science and S. G. Patel Commerce College

Chhota Udepur, Dist : Vadodara

**Guided by**

**Dr. S. S. Sharma**

Professor & Head Department of Philosophy

Saurashtra University

Rajkot.



Reg. No. 3368 May – 2011

March - 2006

વિનયન વિદ્યાશાખામાં પીએચ.ડી. પદવી તત્ત્વજ્ઞાન વિષયમાં મેળવવા માટે

<u>મહાનિબંધ</u>

# શુદ્ધાદ્વૈત વેદાન્તમાં અ–વિકૃત પરિણામવાદ સ્વરૂપ – સ્થાન – મૂલ્યાંકન

# SUDHDHADVAT VEDANTA MA A-VIKRUT PARINAMVAD SWARUP – STHAN - MULYANKAN


પ્રસ્તુતકર્તા

**પંડિત જયશ્રી રમેશચંદ્ર**

આસીસ્ટન્ટ પ્રોફેસર અને અધ્યક્ષ

તત્ત્વજ્ઞાન વિભાગ

શ્રી નટવરસિંહજી આર્ટ્સ – સાયન્સ એન્ડ

એસ. જી. પટેલ કોમર્સ કોલેજ.

છોટા ઉદેપુર, જિ. વડોદરા.

માર્ગદર્શક

**ડૉ. એસ. એસ. શર્મા**

પ્રોફેસર અને અધ્યક્ષ

તત્વજ્ઞાન વિભાગ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.



રજી. નં. ૩૩૬૮ — મે – ૨૦૧૧

માર્ચ – ૨૦૦૬

# પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, જયશ્રીબેન આર. પંડિત દ્વારા પ્રસ્તુત મહાનિબંધ "શુદ્ધાદ્વૈત વેદાન્તમાં અ–વિકૃત પરિણામવાદ – સ્વરૂપ – સ્થાન – મૂલ્યાંકન" તેમનું મૌલિક અને સ્વતંત્ર સંશોધનકાર્ય છે. પ્રસ્તુત શોધ નિબંધ તેમણે મારા માર્ગદર્શન હેઠળ આવશ્યક અભ્યાસ અને નિષ્ઠાપૂર્વક સંશોધન કરીને તૈયાર કરેલ છે. આ નિબંધ આ પૂર્વે આ યુનિવર્સિટી કે અન્ય યુનિવર્સિટીમાં રજૂ થયેલ નથી. જેનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ : રાજકોટ

તારીખ : ૨ – ૫ – ૨૦૧૧

**(ડૉ. એસ. એસ. શર્મા)**

માર્ગદર્શકશ્રીની સહી

# Declaration

આથી હું સોગંદપૂર્વક જાહેર કરું છું કે પ્રસ્તુત મહાનિબંધ રૂપે રજૂ કરવામાં આવેલ સંશોધન કાર્ય મેં સંદર્ભ સૂચિમાં દર્શાવેલ ગ્રંથોના આધારે તૈયાર કરેલ છે. તેમાં આવતાં નિરૂપણ અને નિષ્કર્ષ સંપૂર્ણપણે મૌલિક છે. આથી હું તેની મૌલિકતાની જાહેરાત કરૂ છું. આ મહાનિબંધ આ યુનિવર્સિટી કે અન્ય યુનિવર્સિટીમાં કોઈપણ પદવી માટે આ પૂર્વે રજૂ થયેલ નથી. ઉપરાંત તેમાં રજૂ થયેલાં મંતવ્યો અને વિગતો માટે હું જવાબદાર છું.

સ્થળ : રાજકોટ

તારીખ : ૨–૫–૨૦૧૧

**(જે. આર. પંડિત)**

**રજૂ કરનારની સહી**

**(ડૉ. એસ. એસ. શર્મા)**

**માર્ગદર્શકની સહી**

# ઋણ સ્વીકાર

પ્રસ્તુત મહાનિબંધ તૈયાર કરવા માટે સૌ પ્રથમ વેદની દેવી મહાસરસ્વતીનું ઋણ સ્વીકારું છું. મારાં શિવ સ્વરૂપ માતા–પિતા; ભાઈ – બહેનો; મારાં સાસુ; મારી બંને દિકરી વગેરેનાં આશીર્વચન તથા સહકાર વિના આ કાર્ય અશકય છે.

મારાં માર્ગદર્શક અને ગુરૂ ડૉ. એસ. એસ. શર્મા સરના માર્ગદર્શન અને જ્ઞાનસભર ચર્ચા કાર્યને વાસ્તવિક રૂપ આપવામાં કરોડરજ્જુ સમાન છે. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજનાં આચાર્યા ડૉ. ચંદ્રિકાબેનને Thanks કહેવું જ પડે. મારાં અધ્યાપક મિત્રો ડૉ. જાગૃતિબેન પંડયા, મૃણાલિની ઠાકર; માલતીબેન પાંડે, ગાયત્રીબેન ભટ્ટ, ડૉ. દર્શનાબેન પટેલ; સંજયભાઈ પંડયા જે સર્વ મને ઢંઢોળતા રહ્યાં છે. તેથી તેમનું ઋણ સ્વીકારૂ છું.

મારા આચાર્ય ડૉ. વી. એમ. પટેલ સર, સર્વ અધ્યાપક મિત્રોનો પણ આભાર માનીશ. હવેલી પુસ્તકાલય (દરબાર ગઢ – રાજકોટ); યુનિ. ગ્રંથાલય, google.com કોલેજ ગ્રંથાલય સહારૂપ બન્યા છે. ગ્રંથપાલ શ્રી ડી. કે. અંધારિયા, શ્રી ગામીત શ્રી કમલેશભાઈ વ્યાસનો પણ આભાર માનું છું. વૈષ્ણવ શ્રી ભીમજીભાઈનું ઋણ સ્વીકારૂ છું. સમગ્ર કોમ્પ્યુટર ટાઈપ સેટીંગ કરવામાં નવરંગ ગ્રાફિકસના શ્રી નિલેશભાઈ રાઠોડ તથા શ્રી સુનિલભાઈ નંદાણીનો આભાર માનું છું.

ડૉ. એસ. યુ. વોરા સર જે સતત જ્ઞાનવર્ધક પ્રવૃત્તિ માટે પ્રોત્સાહિત કરે છે. તેમનું ઋણ સ્વીકારું છું.

અંતમાં મારાં જીવનસાથી ઉદય જોષીના આભાર સાથે....

(જયશ્રી પંડિત)

# અનુક્રમણિકા


| | | | પૃષ્ઠ નં. |
|---|---|---|---|
| | પૂર્વભૂમિકા | | ૦૧ |
| પ્રકરણ : ૧ | જ્ઞાનમીમાંસા અંતર્ગત કાર્યકારણ મીમાંસા | | ૦૫ |
| ૧.૧ | પરિચય | | ૦૬ |
| ૧.૨ | ઋગ્વેદનાં સૂકતો દ્વારા જગતના અભ્યાસનું આલેખન | | ૦૭ |
| | ૧.૨.૧ | પુરૂષ સૂકત | ૦૭ |
| | ૧.૨.૨ | પુરૂષ સૂકત તાત્ત્વિક સમજૂતિ | ૧૧ |
| | ૧.૨.૩ | હિરણ્યગર્ભ સૂકત સાયણ ભાષ્ય સાથે | ૧૨ |
| | ૧.૨.૪ | હિરણ્યગર્ભ સૂકત તાત્ત્વિક સમજૂતિ | ૨૧ |
| | ૧.૨.૫ | નાસદીય સૂકત સાયણ ભાષ્ય સાથે | ૨૨ |
| | ૧.૨.૬ | નાસદીય સૂકત તાત્ત્વિક સમજૂતિ | ૩૩ |
| ૧.૩ | ચાર્વાક દર્શનમાં રજૂ થયેલ કાર્યકારણ વિભાવના | | ૩૩ |
| | ૧.૩.૧ | પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા વ્યાપ્તિ જ્ઞાન અશકય | ૩૪ |
| | ૧.૩.૨ | ઉપમાન પ્રમાણ દ્વારા વ્યાપ્તિ જ્ઞાન અશકય | ૩૪ |
| | ૧.૩.૩ | અનુમાન પ્રમાણ અને શબ્દ પ્રમાણ દ્વારા વ્યાપ્તિ જ્ઞાન અશકય | ૩૫ |
| | ૧.૩.૪ | અન્ય પ્રમાણ દ્વારા વ્યાપ્તિ જ્ઞાન અશકય | ૩૫ |
| ૧.૪ | ખંડન ખંડખાદ્ય ગ્રંથમાં અનુમાન પ્રમાણનો ઈન્કાર | | ૩૬ |
| ૧.૫ | ન્યાય–વૈશેષિક દર્શન અનુસાર કાર્યકારણ વિચાર | | ૩૭ |
| | ૧.૫.૧ | કારણના પ્રકાર | ૩૮ |
| | ૧.૫.૨ | અસત્ કાર્યવાદ | ૩૯ |
| ૧.૬ | સાંખ્ય–યોગ–દર્શનમાં કાર્યકારણ વિભાવના | | ૪૦ |
| | ૧.૬.૧ | સત્ કાર્યવાદ | ૪૧ |
| ૧.૭ | સમાપન કે સારાંશ | | ૪૯ |
| ૧.૮ | પાદટીપ | | ૫૦ |

| | | | |
|---|---|---|---|
| **પ્રકરણ : ૨** | **તત્ત્વમીમાંસા અંતર્ગત કાર્યકારણમીમાંસા** | | **૫૩** |
| ૨.૧ | પરિચય | | ૫૪ |
| ૨.૨ | ઉપનિષદના મંત્ર દ્વારા જગત્‌ના અભ્યાસનું આલેખન | | ૫૪ |
| | ૨.૨.૧ | બૃહદારણ્યક ઉપનિષદમાં જગત્ | ૫૫ |
| | ૨.૨.૧ (અ) | તાત્ત્વિક નિષ્કર્ષ / આલેખન | ૫૭ |
| | ૨.૨.૨ | તૈત્તિરીય ઉપનિષદમાં જગત્ | ૫૭ |
| | ૨.૨.૨ (અ) | તાત્ત્વિક નિષ્કર્ષ / આલેખન | ૫૮ |
| | ૨.૨.૩ | છાંદોગ્ય ઉપનિષદમાં જગત્ | ૫૮ |
| | ૨.૨.૩ (અ) | તાત્ત્વિક નિષ્કર્ષ / આલેખન | ૫૯ |
| | ૨.૨.૪ | મુંડક ઉપનિષદમાં જગત્ | ૫૯ |
| | ૨.૨.૪ (અ) | તાત્ત્વિક નિષ્કર્ષ / આલેખન | ૫૯ |
| | ૨.૨.૫ | માંડુક્ય ઉપનિષદમાં જગત્ | ૬૦ |
| | ૨.૨.૫ (અ) | તાત્ત્વિક નિષ્કર્ષ / આલેખન | ૬૦ |
| | ૨.૨.૬ | કેન ઉપનિષદમાં જગત્ | ૬૦ |
| | ૨.૨.૬ (અ) | તાત્ત્વિક નિષ્કર્ષ / આલેખન | ૬૧ |
| | ૨.૨.૭ | ઐતરેય ઉપનિષદમાં જગત્ | ૬૧ |
| | ૨.૨.૭ (અ) | તાત્ત્વિક નિષ્કર્ષ / આલેખન | ૬૧ |
| | ૨.૨.૮ | પ્રશ્ન ઉપનિષદમાં જગત્ | ૬૧ |
| | ૨.૨.૮ (અ) | તાત્ત્વિક નિષ્કર્ષ / આલેખન | ૬૨ |
| | ૨.૨.૯ | કઠ ઉપનિષદમાં જગત્ | ૬૨ |
| | ૨.૨.૯ (અ) | તાત્ત્વિક નિષ્કર્ષ / આલેખન | ૬૨ |
| ૨.૩ | ન્યાય–વૈશેષિક દર્શનમાં અનેક તત્ત્વવાદ દ્વારા જગતનું આલેખન | | ૬૩ |
| ૨.૪ | સાંખ્ય–યોગદર્શનમાં દ્વૈતવાદ દ્વારા જગત્–સર્જન | | ૬૪ |
| ૨.૫ | સારાંશ | | ૬૬ |
| ૨.૬ | સંદર્ભ / પાદટીપ | | ૬૭ |

| | | | |
|---|---|---|---|
| **પ્રકરણ : ૩** | **શુધ્ધાદ્વૈત વેદાન્તની જ્ઞાનમીમાંસા–તત્ત્વમીમાંસા–તર્કમીમાંસા** | | ૬૯ |
| ૩.૧ | પરિચય | | ૭૦ |
| ૩.૨ | જ્ઞાન મીમાંસા | | ૭૪ |
| | ૩.૨.૧ | પ્રમાણ વિચાર | ૭૫ |
| | ૩.૨.૨ | પ્રામાણ્ય વિચાર | ૮૭ |
| | ૩.૨.૩ | અખ્યાતિવાદ | ૮૭ |
| ૩.૩ | શુધ્ધાદ્વૈત તત્ત્વમીમાંસા | | ૯૪ |
| | ૩.૩.૧ | જીવ વિષયક મત | ૯૫ |
| | ૩.૩.૨ | જગત વિષયક મત | ૧૦૭ |
| | ૩.૩.૩ | ઈશ્વર વિષયક મત | ૧૨૩ |
| ૩.૪ | શુધ્ધાદ્વૈત તર્ક મીમાંસા | | ૧૨૮ |
| ૩.૫ | સારાંશ | | ૧૩૦ |
| ૩.૬ | પાદટીપ | | ૧૩૧ |

---

| | | | |
|---|---|---|---|
| **પ્રકરણ : ૪** | **અ–વિકૃત પરિણામવાદ** | | ૧૩૪ |
| ૪.૧ | પરિચય | | ૧૩૫ |
| ૪.૨ | અણુભાષ્યમાં અ–વિકૃત પરિણામવાદ | | ૧૩૯ |
| ૪.૩ | પ્રમેય રત્ન સઙ્ગ્રહમાં અવિકૃત પરિણામવાદ | | ૧૭૨ |
| ૪.૪ | ભાગવત સુબોધિનીમાં અવિકૃત પરિણામવાદ | | ૧૭૩ |
| ૪.૫ | ભાવપ્રકાશ ટીકામાં રજૂ થયેલ અ–વિકૃત પરિણામવાદ | | ૧૮૦ |
| ૪.૬ | શુધ્ધાદ્વૈત પાઠાવલિમાં અ–વિકૃત પરિણામવાદ | | ૧૮૦ |
| ૪.૭ | શુધ્ધાદ્વૈત સિધ્ધાંત પ્રદીપમાં રજૂ થયેલ અ–વિકૃત પરિણામવાદ | | ૧૮૩ |
| ૪.૮ | અવિકૃત પરિણામવાદની ઐતિહાસિકતા | | ૧૮૬ |
| ૪.૯ | ખંડન દ્વારા મંડન | | ૧૮૮ |
| | ૪.૯.૧ | આરંભવાદના ખંડન દ્વારા અવિકૃત પરિણામવાદનું મંડન | ૧૮૮ |

| | | | |
|---|---|---|---|
| | ૪.૯.૨ | પ્રતિત્ય સમુત્પાદ વાદના ખંડન દ્વારા અવિકૃત પરિણામવાદનું મંડન | ૧૯૪ |
| ૪.૧૦ | અવિકૃત પરિણામવાદના સમર્થનમાં કેટલીક દલીલો | | ૧૯૮ |
| ૪.૧૧ | સાર સંક્ષેપ | | ૧૯૮ |
| ૪.૧૨ | પાદટીપ | | ૨૧૫ |

---

| | | | | |
|---|---|---|---|---|
| **પ્રકરણ : ૫** | **તુલના – સ્થાન – મૂલ્યાંકન – નિષ્કર્ષ** | | | ૨૧૮ |
| ૫.૧ | પરિચય | | | ૨૨૦ |
| ૫.૨ | તુલના | | | ૨૨૧ |
| | ૫.૨.૧ | સૈદ્ધાંતિક દષ્ટિએ | | ૨૨૧ |
| | | ૧. | બ્રહ્મવિષયક | ૨૨૧ |
| | | ૨. | જગત વિષયક | ૨૨૩ |
| | | ૩. | જીવ વિષયક | ૨૨૫ |
| | | ૪. | મોક્ષ વિષયક | ૨૨૭ |
| | | ૫. | પ્રમાણ વિચાર | ૨૨૮ |
| | | ૬. | પ્રામાણ્ય વિચાર | ૨૩૦ |
| | | ૭. | સાધન વિચાર | ૨૩૧ |
| | | ૮. | ખ્યાતિ વિષયક વિચાર | ૨૩૩ |
| | | ૯. | तत्वमस्सि | ૨૩૫ |
| | | ૧૦. | માયા વિષયક વિચાર | ૨૩૬ |
| | | ૧૧. | સંસાર વિષયક વિચાર | ૨૩૮ |
| | ૫.૨.૨ | વિદ્વાન વેદાંતિ આચાર્ય સાથે તુલનાત્મક અધ્યયન | | ૨૪૦ |
| | | ૧. | શાંકરમત | ૨૪૦ |
| | | ૨. | ભાસ્કર મત | ૨૪૯ |
| | | ૩. | વિજ્ઞાન ભિક્ષુમત | ૨૫૦ |
| | | ૪. | રામાનુજ મત | ૨૫૧ |
| | | ૫. | માધ્વમત | ૨૫૪ |
| | | ૬. | નિમ્બાર્કમત | ૨૫૬ |

| | | | |
|---|---|---|---|
| ૫.૩ | ભારતીય તત્વજ્ઞાનમાં શુદ્ધાદ્વૈતવાદનું સ્થાન | | ૨૫૭ |
| ૫.૪ | મૂલ્યાંકન | | ૨૬૩ |
| | ૫.૪.૧ | મર્યાદા | ૨૬૩ |
| | ૫.૪.૨ | વિશેષતા | ૨૬૩ |
| ૫.૫ | સંદર્ભ/પાદટીપ | | ૨૬૪ |

---

**પ્રકરણ : ૬ નિષ્કર્ષ** ૨૬૭

---

**પ્રકરણ : ૭ સંદર્ભસૂચિ** ૨૭૨

# :: પૂર્વ ભૂમિકા ::

પ્રસ્તાવના અને પૂર્ણાહુતિ અથવા ઉપક્રમો ઉપસંહારે શબ્દ દ્વારા મીમાંસા દર્શનથી શરૂ કરી મહાત્મા ગાંધી સુધીના વિદ્વાનો નિબંધનું સ્વરૂપ સ્વીકારે છે. મહાનિબંધના સર્વમાન્ય માળખામાં પૂર્વ ભૂમિકા આવશ્યક છે.

શરૂઆત કરૂં તો ધો. ૧૧ માં તર્કશાસ્ત્ર વિષય પસંદ કર્યો. તેના શિક્ષિકા સાધનાબેન બક્ષી દ્વારા એવી સમજ પ્રાપ્ત થઈ કે ખરો વિષય તો તત્વજ્ઞાન છે તર્કશાસ્ત્ર તેની એકમાત્ર શાખાછે. તત્વજ્ઞાનમાં સર્વ વિષયનો સમાવેશ થાય છે. ત્યારથી જીજ્ઞાસારૂપે આ વિષયના અધ્યયન પ્રતિ રસ–રૂચિ જાગૃત થયા. પરિણામે સ્વરૂપે એફ.વાય.બી.એ. માં મુખ્ય વિષય તરીકે સ્વેચ્છાએ તત્વજ્ઞાન વિષય પસંદ કરવામાં આવ્યો. પાંચ વર્ષ સુધીના સમયમાં અનુસ્નાતક કક્ષાએ માન્ય પુસ્તકોનું વાંચન કરેલ. અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ સમયે જ આ વિષયમાં સંશોધન કરી મહાનિબંધ લેખન દ્વારા પી.એચ.ડી. પદવી મેળવવાનો સંકલ્પ કરેલ.

પરંતુ, કૌટુંબિક જવાબદારી, સામાજીક ફરજો, વ્યાવસાયિક ફરજો અને જવાબદારીના પરિણામે અગાઉ પ્રયત્ન શરૂ કરેલ જે અધૂરો છોડવો પડયો. આમ, જૂન ૧૯૮૫ માં એફ.વાય.બી.એ. માં મુખ્ય વિષય તત્વજ્ઞાન પસંદ કર્યા પછી મહાનિબંધ લેખન સુધી જાન્યુ.૨૦૧૧ પ્રમાણમાં ઘણો લાંબો સમય પસાર થયેલ છે. મહાનિબંધની પ્રપોઝલ યુનિ. સમક્ષ રજૂ કર્યા બાદ પણ અને વિઘ્નો પસાર કરીને અંતિમ મુકામ પર પહોંચેલ છીએ. જેમ કે, મારી નાની પુત્રીનો થેલેસેમાયા પોઝીટીવ રીપોર્ટ આવ્યો. જેથી તેની વિશેષ સંભાળમાં સમય આપવો પડે. મારાં પતિને હૃદયની અનિયમિત રચના જેથી અનેક વખત અણધારી મુશ્કેલી આવે અમારી અનિયમિત નિમણૂંક જેના કારણે વારંવાર માનસીક–આર્થિક–સામાજિક સમસ્યાઓ ઉદ્‌ભવે.

પ્રથમ પ્રકરણમાં ભારતીય તત્વજ્ઞાનના મૂળ એવા વેદ ગ્રંથોમાં કેટલાંક સૂકતોમાં રજૂ થયેલ કાર્યકારણ મીમાંસાનો પરિચય આપે છે. જેમાં પુરૂષ સૂકત, નાસદીય

સૂકત, હિરણ્યગર્ભસૂકતનો સમાવેશ થાય છે. સાયણાચાર્ય દ્વારા આપવામાં આવેલ ભાષ્ય રજૂ કરી તેનું તાત્વિક અર્થઘટન મહાનિબંધના સંદર્ભમાં કરવામાં આવ્યું છે. નાસ્તિક કે અ–વૈદિક ગણાતા ચાર્વાક દર્શનમાં રજૂ થયેલ કાર્યકરણ વિભાવનાનું લેખ કરવામાં આવ્યું છે, તો સામા પક્ષે શ્રી હર્ષનો મત પણ સમાવવામાં આવ્યો છે. અસત કાર્યવાદ ન્યાય–વૈશષિક દર્શનમાં અને સત કાર્યવાદ સાંખ્યયોગ દર્શનમાં કઈ રીતે જૂદો થયો છે. તે પણ સંદર્ભ સાથે આલેખન કરવામાં આવ્યું છે. અંતમા પ્રકરણ સારમાં સ્પષ્ટ થયું છે કે, પૂર્ણ ચૈતન્યવાદી કે પૂર્ણ ભૌતિકવાદી અભિગમ કાર્યકારણમીમાંસા સમયે સમાન સ્થાને વિરામ પામે છે.

દ્વિતીય પ્રકરણમાં મૂળભૂત ઉપનિષદોમાં રહેલ જગત વિષયક ખ્યાલના લેખન બાદ ન્યાય–વૈશેષિક દર્શનનો અનેક તત્વવાદ તથા સાંખ્યયોગ દર્શનનો દ્વૈતવાદ સંક્ષેપમાં આલેખન કરેલ છે. કારણ માનવીને પ્રાપ્ત થતી સામાન્ય સમજણનો આ ક્રમ છે. માનવી બાલ્યાવસ્થામાં સૌ પ્રથમ બહારની દુનિયા જુએ છે. પ્રશ્નો ઉઠાવે છે. તેના શકય ઉત્તર મેળવે છે. ત્યારબાદ યુવાવસ્થામાં તે સ્વયં અને અન્ય તમામ આમ દ્વૈતપરક દ્રષ્ટિ ધરાવે છે. તેના પ્રશ્નો અનુભવે છે. તેમાંથી બહાર આવવા પ્રયત્ન કરે  છે. વૈચારિક પુખ્તાવસ્થામાં માનવી અ–ભેદ દ્રષ્ટિ અનુભવે છે. કારણ અંદરની દુનિયા મતલબ અમૂર્ત તત્વનો સહજ સ્વીકાર કરે છે. વેદાન્ત એટલે કે ઉત્તરમીમાંસા દર્શનનું પ્રયોજન અહીં સ્પષ્ટ થાય છે.

ત્રીજા પ્રકરણમાં શુધ્ધાદ્વૈત તત્વજ્ઞાનનો પરિચય આપવામાં આવ્યો છે. શુધ્ધાદ્વૈત શબ્દના અર્થથી શરૂ કરી સાહિત્ય પરિચય વિગતવાર લેખન કરવામાં આવ્યું છે. ખાસ કરીને અણુભાષ્ય, ભાગવત પુરાણ પરની વલ્લભાચાર્યની ટીકા સુબોધિની, વલ્લભાચાર્યનું જીવન વગેરે બાબતો વણી લેવામાં આવી છે. ત્યારબાદ વલ્લભ વેદાંતની જ્ઞાનમીમાંસા, તત્વમીમાંસા તથા તર્કમીમાંસાનું સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે. દરેકમાં મૂળ સંદર્ભ ગ્રંથોનું આલેખન કર્યા બાદ જ અમારૂં પરિણામ તારવેલ છે. જીજ્ઞાસુ વાચક માટે એકવિધતા દૂર કરવા જરૂર જણાય ત્યાં કોષ્ટક કે આકૃતિ દ્વારા મુખ્ય મુદા દર્શાવવામાં આવ્યા છે.

ચોથા પ્રકરણ હાર્દ રૂપ કે કરોડરજજુમાં અ–વિકૃત પરિણામવાદનું આલેખન કરવામાં આવ્યું છે. અણુભાષ્યમાં અવિકૃત પરિણામવાદ કયા કયા રજૂ થયેલ છે. તેનું આલેખન કર્યા બાદ, સુબોધિની ટીકામાં દર્શાવેલ અ–વિકૃત પરિણામવાદ, વલ્લભ વેદાન્તના અન્ય ગ્રંથોમાં રજૂ થયેલ અ–વિકૃત પરિણામવાદ, ખંડન દ્વારા મંડન એટલે કે આચાર્યશ્રી અને અન્ય વિદ્વાનો દ્વારા કાર્યકારણ વિષયક અન્ય મત ક્ષણિકવાદ કે ક્ષણ ભંગવાદ, આરંભવાદ વગેરે ખોટાં છે, અધૂરાં છે માટે અ–વિકૃત પરિણામવાદ સાચે છે તેમ દર્શાવાયેલ છે. જેનું લેખન પણ કર્યુ છે. પ્રકરણની શરૂઆત કાર્યકારણ વિષયક અન્ય મતોના સામાન્ય / પરિચયાત્મક લેખનથી કરવામાં આવેલી છે.

અંતિમ પાંચમાં પ્રકરણમાં વિવિધ મતોની સંક્ષેપમાં તુલના કરવામાં આવેલી છે. તુલના બે રીતે કરવામાં આવી છે. સૌ પ્રથમ વિવિધ સિધ્ધાંતો સંબંધી વિવિધ વેદાંતી આચાર્યોના મતનું આલેખન કરેલ છે. ત્યારબાદ ક્રમશઃ આચાર્યના મતની વલ્લભવેદાંત સાથે જેમકે શાંકરમતની તુલના વલ્લભવેદાંત સાથે કરેલી છે. ભારતીય તત્વજ્ઞાનમાં શુધ્ધાદ્વૈત તત્વજ્ઞાનનું સ્થાન અને તેમાં અ–વિકૃતપરિણામવાદનું સ્થાન તેમજ મૂલ્યાંકન દર્શાવેલ છે. મર્યાદાની સાથે વિશેષતા દર્શાવવામાં આવી છે.

મહાનિબંધની ફલશ્રુતિરૂપે ભારતીય તત્વજ્ઞાનમાં અ–વિકૃત પરિણામ બાદ ખરેખર મૂલ્યવાન સિધ્ધાંત છે. જેના દ્વારા સમગ્ર શુધ્ધાદ્વૈત તત્વજ્ઞાન સરળતાથી સમજી શકાય છે. જે રીતે પ્રાશ્ચાત્ય તત્વજ્ઞાનમાં અનુભવવાદ ડેવિડહ્યુમ દ્વારા સર્વોચ્ચ શીખરે પહોંચ છે. તેવી રીતે ભારતીય તત્વજ્ઞાનમાં કાર્યકારણ વિચાર અ–વિકૃત પરિણામવાદ દ્વારા અંતિમ મંજિલ સુધી પહોંચ છે.

પરંતુ, મહાનિબંધના લેખન વિરામ બાદ મારા મનમાં એક અજંપો, અધૂરાશ પ્રગટી છે અથવા કહીએ તો કેટલાંક નવા પ્રશ્નો મને ઉઘવા દેતા નથી. જેમ કે, કાર્યકારણ ખ્યાલની ભૌતિક વિજ્ઞાન સાથે તુલના સ્પષ્ટતા કરૂં તો મારાં સાથી ભૌતિક વિજ્ઞાનના પ્રાધ્યાપક સાથે મહાનિબંધ લેખનના અંતિમ ચરણમાં જે ચર્ચા થઈ તે હજુ વધુની માંગ કરે છે. મારો મહાનિબંધ તેઓ વાંચશે અને હું ભૌતિક વિજ્ઞાન પાયાથી અભ્યાસ

કરીશ. મારાં માર્ગદર્શક ડો. એસ.એસ.શર્મા સરનું માર્ગદર્શન મને મળતું રહે અને ખરા અર્થમાં Philosophy of Science હું ભણું અને પોસ્ટ પી.એચ.ડી. કે પ્રોજેકટ જેવું કંઈક કાર્ય કરીશ. ડો. રાધાકૃષ્ણન શિક્ષણના સંદર્ભે યથાર્થ જ કહે છે કે શિક્ષક સ્થિર રહે તો તેનો (સ્વયં) નાશ થાય છે. શિક્ષકે સતત ગતિ કરવાની જ છે તો પછી શા માટે ઉર્ધ્વ પ્રતિ ગતિ ન કરીએ ? વિદ્વાનોના આશીર્વચન તથા માર્ગદર્શન તેમજ ઈન્વરકૃપા દ્વારા કાર્યકારણને વિજ્ઞાન–તત્વજ્ઞાનના સહિયારા પુરૂષાર્થ દ્વારા વિશ્વસમક્ષ મૂકીશ.

# પ્રકરણ : ૧

# જ્ઞાનમીમાંસા અંતર્ગત કાર્યકારણ મીમાંસા


૧.૧ પરિચય

૧.૨ ઋગ્વેદનાં સૂકતો દ્વારા જગતના અભ્યાસનું આલેખન

૧.૨.૧ પુરૂષ સૂકત

૧.૨.૨ પુરૂષ સૂકત તાત્ત્વિક સમજૂતિ

૧.૨.૩ હિરણ્યગર્ભ સૂકત સાયણ ભાષ્ય સાથે

૧.૨.૪ હિરણ્યગર્ભ સૂકત તાત્ત્વિક સમજૂતિ

૧.૨.૫ નાસદીય સૂકત સાયણ ભાષ્ય સાથે

૧.૨.૬ નાસદીય સૂકત તાત્ત્વિક સમજૂતિ

૧.૩ ચાવકિ દર્શનમાં રજૂ થયેલ કાર્યકારણ વિભાવના

૧.૩.૧ પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા વ્યાપ્તિ જ્ઞાન અશકય

૧.૩.૨ ઉપમાન પ્રમાણ દ્વારા વ્યાપ્તિ જ્ઞાન અશકય

૧.૩.૩ અનુમાન પ્રમાણ અને શબ્દ પ્રમાણ દ્વારા વ્યાપ્તિ જ્ઞાન અશકય

૧.૩.૪ અન્ય પ્રમાણ દ્વારા વ્યાપ્તિ જ્ઞાન અશકય

૧.૪ ખંડન ખંડખાદ્ય ગ્રંથમાં અનુમાન પ્રમાણનો ઈન્કાર

૧.૫ ન્યાય–વૈશેષિક દર્શન અનુસાર કાર્યકારણ વિચાર

૧.૫.૧ કારણના પ્રકાર

૧.૫.૨ અસત્ કાર્યવાદ

૧.૬ સાંખ્ય–યોગ–દર્શનમાં કાર્યકારણ વિભાવના

૧.૬.૧ સત્ કાર્યવાદ

૧.૭ સમાપન કે સારાંશ

૧.૮ પાદટીપ

## ૧.૧ પરિચય

જ્ઞાનનું મૂળ શું ? જ્ઞાનનું સ્વરૂપ કેવું ? જ્ઞાનના પ્રકારો કેટલાં ? જ્ઞાનની કોઈ મર્યાદા હોઈ કે કેમ ? વગેરે પ્રશ્નોને સમાવતી તત્ત્વજ્ઞાનની શાખા એટલે જ્ઞાનમીમાંસા.

કાર્યકારણ મીમાંસા એટલે કાર્ય કોને કહેવાય ? કારણ કોને કહેવાય ? બંને વચ્ચે સંબંધ સંભવે કે કેમ ? તે સંબંધી પૂર્વધારણાઓનો અભ્યાસ કરતી શાખા. આ શાખા તત્ત્વમીમાંસા તેમજ જ્ઞાનમીમાંસા બંને ક્ષેત્રે પોતાનું સ્થાન ધરાવે છે, મૂલ્ય પણ છે.

ભારતીય દર્શનમાં વેદથી શરૂ કરીને તમામ સ્થળે જ્ઞાનમીમાંસા ક્ષેત્રે ખેડાણ થયેલું છે, તેમજ જ્ઞાનમીમાંસા અંતર્ગત કાર્યકારણ મીમાંસાને પણ ચર્ચવામાં આવે છે. જ્ઞાનમીમાંસાના સંદર્ભે વિહંગાવલોકન કરીએ તો ન્યાય તેમજ વૈશેષિક દર્શન પ્રત્યક્ષ–અનુમાન–ઉપમાન–શબ્દપ્રમાણ સ્વીકારે છે. [૧] સાંખ્ય–યોગ–દર્શન પ્રત્યક્ષ–અનુમાન–શબ્દપ્રમાણ સ્વીકારે છે, [૨] પૂર્વમીમાંસા દર્શન પ્રત્યક્ષ–અનુમાન– ઉપમાન–શબ્દપ્રમાણ–અર્થાપત્તિ–અનુપલબ્ધિ પ્રમાણ સ્વીકારે છે. [૩] જૈન દર્શન તથા બૌદ્ધ દર્શન નાસ્તિક દર્શન કહે છે. [૪] શંકરાચાર્ય અનુભૂતિને પ્રાધાન્ય આપી પ્રત્યક્ષ અનુમાન અને શબ્દ પ્રમાણ સ્વીકારે છે. શ્રી રામાનુજાચાર્ય શ્રી નિમ્બાર્કાચાર્ય તથા શ્રી માધવાચાર્ય પ્રત્યક્ષ અનુમાન અને શબ્દ પ્રમાણને સ્વીકારે છે. શ્રી વલ્લભાચાર્ય શબ્દ પ્રમાણને મુખ્ય કે પ્રધાન પ્રમાણ ગણાવી વ્યાવહારિક દ્રષ્ટિએ પ્રત્યક્ષ અનુમાન ઉપમાન પ્રમાણ સ્વીકારે છે. [૫]ચર્વાક દર્શન પ્રથમ તબક્કે માત્ર પ્રત્યક્ષ પ્રમાણ સ્વીકારે છે. વ્યાપ્તિ ચર્ચા સમયે કાર્યકારણ પ્રશ્ન ચર્ચે છે. [૬]

જ્ઞાનની યથાર્થતા તપાસવા માટે કસોટી પણ આપવામાં આવે છે. જ્ઞાન પ્રાપ્તિની ક્રિયાને બે ભાગમાં વહેંચવામાં આવે છે. જે અંતર્ગત કાર્યકારણ પ્રશ્ન ચર્ચાય છે. સત્ કાર્યવાદ અને અસત્ કાર્યવાદ બંને મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. [૭]

પ્રારંભિક તબક્કે સંશોધન પ્રકલ્પની મુખ્ય સ્થાપનાના સમર્થન માટે વૈદિક સત્તા મીમાંસામાંથી જગતના તત્ત્વવિજ્ઞાનીય આધારને કાર્યકારણથી તાત્ત્વિક રીતે ભિન્ન બતાવવા ઋગ્વેદનાં હિરણ્યગર્ભ – નાસદીય અને પુરૂષસૂકતનું વિવેચન કરવામાં આવેલ છે.

## ૧.૨ ઋગ્વેદનાં સૂકતો દ્વારા જગતના અભ્યાસનું આલેખન

વેદનાં મંત્રો પર શ્રી યાસ્કનું નિરૂકત, શ્રી અરવિંદનું વેદનું અર્થઘટન, શ્રી સાયણાચાર્યનું સાયણ ભાષ્ય મુખ્ય વિવેચનમાં સમાવેશ પામે છે. તત્ત્વમીમાંસાકીય દષ્ટિએ અમારા મતે સાયણ ભાષ્ય વધુ મૂલ્યવાન સાબિત થયું છે. આથી અમો તે દ્વારા આલેખન કરીશું.

ઋગ્વેદમાં ૧૦મા મંડળમાં ૧૨૯ સૂકત શ્લોક નં. ૧ થી ૭ નાસદીય સૂકત છે. મંડળ ૧૦ માં ૧૨૧ હિરણ્યગર્ભ સૂકત શ્લોક નં. ૧ થી ૧૦ છે. પુરૂષ સૂકતમાં શ્લોક છે. આપણે સંશોધન પ્રકલ્પને પ્રબળ સમર્થન માટે અત્રે ત્રણ સૂકતો શ્લોક – ગુજરાતી સાથે રજુ કરીશું. તેમજ નાસદીય સૂકતનું પ્રસ્તુત સંદર્ભોચિત્ત સાયણ ભાષ્ય રજૂ કરીએ છીએ.

### ૧.૨.૧ પુરૂષ સૂકત [૮]

(૧) **ॐ सहस्रशीर्षा पुत्तषः सहस्राक्षः सहस्रपात् श्च**

**स भूमिं सर्वतः स्पृत्वात्क्त्यतिंष्ठद् दशाङ्गुलम् श्श्च१ श्श्च**

**ભાષાંતર :** તે પુરૂષ છે, જેના હજારો મસ્તક, હજારો નેત્ર અને હજારો ચરણ છે. તે પુરૂષ બ્રહ્માંડને સર્વ બાજુએથી ઘેરીને, તેના ઉપર દસ આંગળના માપથી અર્થાત્ દશે દિશાઓમાં વ્યાપીને બેઠેલા છે.

(૨) **पुरूष एवेदं सर्वं यद भूतं यच्च भाव्यम् श्च**

**उत्तामृतत्वस्येशानो यदन्नोतिरोहति श्श्च२ श्श्च**

**ભાષાંતર :** આ વર્તમાનકાળમાં જે સર્વ કોઈ છે, તે ભૂતકાળમાં જે સર્વ કોઈ હતું, અને હવે ભવિષ્યકાળમાં જે કંઈ સર્વ કાંઈ થનારું છે, તે સઘળું તે પુરૂષ જ પુરૂષ છે. તે પુરૂષ અમૃતનો ભોગી અને દેવોનો સ્વામી છે, અને અન્ન તથા ભોગથી વૃદ્ધિને પ્રાપ્ત કરનાર – જીવાત્માની જેમ ભોકતાઓનો સ્વામી છે.

(૩) **एतावानस्य महिमात्तो ज्यायां पुत्त्रः श्च**

**पादोत्तस्य विश्वा भूतानि त्रिपादस्यामृतन्दिवि श्च३ श्च**

**ભાષાંતર :** આ પુરુષનો એ સઘળો મહિમા છે, જે તેની ગુણવત્તા દર્શાવે છે. આ પુરુષ તો એ ગુણવત્તાથી પણ અધિક મહાન છે. એ પુરુષનું એક ચરણ જ સર્વ પ્રાણીરૂપે વ્યકત છે, અને તેના ત્રણ ચરણ તો અવ્યકત અવિનાશી રૂપથી પોતાના પ્રકાશમાન સ્થાનરૂપે દિવ્ય આકાશમાં રહેલા છે.

(૪) **त्रिपादूर्ध्व उदैतपुत्त्रः पादोत्तस्येहाभवत् पुनः श्च**

**ततो विष्वं व्यक्रामत्साशनानशनेश अभि श्च४ श्च**

**ભાષાંતર :** એ પુરુષ છે, જે પોતાના ત્રણે ચરણો સાથે અવ્યકતરૂપે ઉર્ધ્વ લોકમાં પ્રકાશિત રહે છે. તેનું ચોથું ચરણ સારાયે વિશ્વમાં વ્યાપક છે અને તેનાથી જ તે સ્થાવર જંગમ, જડ–ચેતન વગેરે સંપૂર્ણ વિશ્વ ભરેલું છે.

(૫) **ततो विरांत्तजायत विराजो अधिपुत्त्रः श्च**

**सजातो अत्यरिच्यत् पञ्चादभूमिमथो पुत्त श्च५ श्च**

**ભાષાંતર :** તે પુરુષથી આ વિરાટ બ્રહ્માંડ રૂપ દેહ બનેલો છે. જેને આધાર બનાવીને તે પુરુષ સ્વયં તેમાં પ્રગટ થયેલ છે તે પુરુષ પ્રગટ થઈને સમસ્ત બ્રહ્માંડના ભુવનોમાં અને દેહમાં ફેલાઈ ગયો.

(૬) **तस्माद्यज्ञात्सर्वहुतः सम्भृतम्पृषदाज्यम् श्च**

**पशूस्तां के वायव्या नारायण्या ग्राम्या ये श्च६ श्च**

**ભાષાંતર :** દેવોએ તે સર્વ રૂપ હવન–યજ્ઞ બનેલ પુરુષથી દહીં અને ઘી વગેરે દ્રવ્યો પ્રાપ્ત કર્યા અને ત્યારપછી તેણે પક્ષીગણ, વન્ય પશુગણ અને ગ્રામીણ પશુગણ આદિ પ્રાણીસૃષ્ટિને પેદા કરી.

(७) **तस्माद्यज्ञात्सर्वहुतऋचः सामानि जज्ञिरे ॥**

**छंन्दासि जज्ञिरे तस्माद् यजुस्तस्माद् अजायत ॥७ ॥**

**ભાષાંતર :** દેવોએ તે સર્વરૂપ હવન યજ્ઞથી બનેલ પુરુષથી ઋચાઓ અને સામનાગીત પ્રાપ્ત કર્યા. તેનાથી (ગાયત્રી, ત્રિષ્ટુપ વગેરે) છન્દ પ્રાપ્ત થયા અને તેનાથી યજુનામંત્ર પ્રાપ્ત કર્યા.

(८) **तस्मादश्वा अजायन्त ये के चोभयादतः ॥**

**गावो ह जज्ञिरे तस्मात्तस्माज्जाता अजावयः ॥८ ॥**

**ભાષાંતર :** દેવોએ તે સર્વરૂપ હવન–યજ્ઞથી બનેલ પુરુષથી ઘોડા જેવા પશુ પ્રાપ્ત કર્યા, જેમને બંને બાજુ જડબા હતા. તેનાથી ગાય અને બળદ પ્રાપ્ત થયા અને વળી તેનાથી બકરીઓ અને ઘેટાં જેવા પશુ પ્રાપ્ત કર્યા.

(९) **तं यज्ञम्बर्हिषिप्रौक्षन्पुरुषं जातमग्रतः ॥**

**तेन देवा अयजन्त साध्या ऋषय ये ॥९ ॥**

**ભાષાંતર :** જે યજ્ઞ સ્વરૂપ પુરુષ પહેલાથી જ ઉત્પન્ન થયો હતો. (તેને જ યશરૂપ માનીને) તેનો દર્ભના આસન પર અભિષેક કર્યો અને તે પછી જે દેવ સાધુગણ અને ઋષિગણ હતા, તેમણે યજ્ઞ કાર્ય કર્યું.

(१०) **यत्पुरुषं व्यदधुः कतिधा व्यकल्पयन् ॥**

**मुखं कमस्यासीत्किम्बाहू किमरूपादाच्येते ॥१० ॥**

**ભાષાંતર :** જયારે (દેવોએ) પુરુષની (યજ્ઞરૂપ) વિશિષ્ટ પદ્ધતિ દ્વારા રચના કરી. (ત્યારે) તે પુરુષની કેટલા પ્રકારથી કલ્પના કરવામાં આવી ? તે પુરુષનું મુખ શું હતું ? તે પુરુષના હાથ કોણ છે અને તેના સાથળ–જાંઘ તથા ચરણ કોને કહે છે ?

(૧૧) **ब्राह्मणोत्तस्य मुखमासीद् बाहू राजन्य कृतः श्च**

**उरू तदस्य यद्वैश्यः पदभ्यां शूद्रो अजायत श्च११ श्च**

**ભાષાંતર :** જયારે તે વિરાટ પુરુષને વ્યકતરૂપે દેવોએ જોયો, ત્યારે તે દેવોએ તેના મુખના રૂપમાંથી બ્રાહ્મણોની રચના કરી. તેના હાથના રૂપમાંથી ક્ષત્રિયોની રચના કરી. તેની જાંઘ–સાથળોના રૂપમાંથી વૈશ્યોની રચના કરી અને તેના ચરણોના રૂપમાંથી શુદ્રોની રચના કરી.

(૧૨) **चन्द्रमा मनसो जात क्षोः सूर्यो अजायत श्च**

**श्रोत्राद्वायु प्राण मुआदग्निरजायत श्च१२ श्च**

**ભાષાંતર :** તે યજ્ઞ પુરુષના મનથી ચન્દ્રની રચના થઈ. તેના નેત્રોમાંથી સૂર્ય પેદા થયો. તેના મુખથી ઈન્દ્ર અને અગ્નિ પેદા થયા. તથા તેના પ્રાણમાંથી વાયુ પેદા થયો.

(૧૩) **नाभ्या आसीदन्तरिक्षं शीर्ष्णो धौः समवर्तत श्च**

**पदम्यां भूमिर्दिशः श्रोत्रात् तथा लोकान् अकल्पयन् श्च१३ श्च**

**ભાષાંતર :** તે યજ્ઞ પુરુષની નાભિમાંથી અંતરિક્ષની રચના થઈ. તેના મસ્તકમાંથી આકાશ બન્યું. તેના ચરણોમાંથી પૃથ્વી બની. તેના કાનમાંથી દિશાઓ બની અને તે રીતે સર્વલોકની રચનાનું વિભાજન થયું.

(૧૪) **यत् पुत्तषेण हविषा देवा यज्ञमतन्वत् श्च**

**वसन्तोत्तस्यासीद् आज्यंग्रीष्म इघ्मः शरद् हविः श्च१४ श्च**

**ભાષાંતર :** દેવોએ જયારે તે પુરુષને સામાન્યરૂપે હવિષ્ય માનીને યજ્ઞ કાર્ય નો વિસ્તાર કર્યો , ત્યારે તે યજ્ઞનું ધૃત–ઘી–વસન્ત અને શિશિર એ બે ઋતુઓ બન્યા, ઈંધણ, ગ્રીષ્મ અને વર્ષા બન્યા તથા હવિષ, શરદ અને હેમન્ત બન્યા.

(૧૫) **सप्त्यास्यासन् परिधयस् सप्त समिधः कृताः ॥**
**देवायद्यज्ञं तन्वाना अबघ्नन् पुरूषेपशुम् ॥१५ ॥**

**ભાષાંતર :** જયારે યજ્ઞનો વિસ્તાર કરનાર દેવોએ તે પુરુષને પશુરૂપ માનીને બાંધી દીધો ત્યારે તે યજ્ઞની વેદીને માટે સાત છન્દરૂપ પરિધિઓ બનાવવામાં આવી અને એકવીસ (બારમાસ, પાંચ ઋતુ, ત્રણ લોક અને એક આદિત્ય) સમિધાઓ બનાવવામાં આવી.

(૧૬) **यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन् ॥**
**ते ह नाकं महिमानः सचन्तः यत्र पूर्वे साघ्याः सन्ति देवाः ॥१६ ॥**

**ભાષાંતર :** જયારે તે દેવોએ યજ્ઞરૂપ બનેલા યજ્ઞપુરુષની, તેના જ અંગીભૂત બનેલા યજ્ઞ સાધન દ્વારા યજનની ક્રિયા કરી, ત્યારે તેઓ જીવનને ધારણ કરનાર અનાદિ ધર્મને પ્રાપ્ત થયા. પુરાતનકાળથી યજ્ઞપુરુષની સાધના કરનાર દેવોએ પ્રાપ્ત કર્યું. જેમણે અનાદિ ધર્મના મહિમાને જાણી લીધો હતો.

### ૧.૨.૨ પુરુષ સૂકતની તાત્ત્વિક સમજૂતિ

પુરુષ સૂકતની સર્વપ્રથમ વ્યાખ્યા આપણને શતપથ બ્રાહ્મણના તેરમા કાંડના છઠ્ઠા અધ્યાયમાં 'પુરુષમેઘ' નામના પ્રકરણમાં મળે છે. [૯] નારાયણ ઉપનિષદમાં પ્રથમ બે રૂચાઓના ભાવને નિરૂપવામાં આવ્યો છે. મુદ્ગલ ઉપનિષદ પુરુષ સૂકતનો પરિચય તાત્ત્વિક રીતે રજૂ કરે છે. પુરુષ સૂકતમાં સ્થૂળ રૂપક દ્વારા જગત સર્જન સમજાવવામાં આવ્યું છે. જેમાં ચાતુર્વણના મૂળ પણ જોઈ શકાય છે. વનસ્પતિસૃષ્ટિ, પક્ષીયોનિ, પ્રાણીજગત વગેરેની ઉત્પત્તિ દર્શાવી છે. પરંતુ બધાનું મૂળ એક જ તત્ત્વ દર્શાવેલું છે. એકમાંથી અનેકની ઉત્પત્તિ દર્શાવી છે. તત્ત્વવિજ્ઞાનીય દષ્ટિએ સ્વગત ભેદ જોઈ શકાય છે.

પુરુષ સંહિતામાં કહ્યું છે કે, ''સહસ્ત્રશીર્ષા મંત્રના ઉત્તર ચરણમાં જે સઃશબ્દ છે, તે 'અનન્ત' અર્થનો વાચક છે તથા દશાંગુલથી કેવળ દશ અંગુલ માત્ર અર્થ ન લેતાં, પરંતુ અનન્ત યોજન સુધી ફેલાયેલ છે, તેવો વિચાર લેવાનો છે. પુરુષ સૂકતની પ્રથમ ઋચામાં વિષ્ણુની દેશપરક–સ્થલપરક વ્યાપકતા દર્શાવવામાં આવી છે અને બીજી ઋચામાં તેની કાલપરક–સમયપરક વ્યાખ્યા દર્શાવવામાં આવી છે. ત્રીજી ઋચામાં વિષ્ણુમોક્ષના દાતા છે, આ ભાવ દર્શાવ્યા છે અને **एतावान्**

પદથી વિષ્ણુ ભગવાનના વૈભવનું વર્ણન કર્યું છે. **तस्माद् पिराड्** ઋચાથી નારાયણ વિષ્ણુના એક પાદરૂપી પ્રકૃતિ અને પુરુષની ઉત્પત્તિ થઈ છે, એવું દર્શાવવામાં આવ્યું છે. 'યત્પુરુષેળ' ઋચાથી સૃષ્ટિરૂપ યજ્ઞની કથા કહી છે. આ વિશ્વરૂપ યજ્ઞની સાત પરિધિઓ અને સપ્ત સમિધાઓ છે, એવું જણાવ્યું છે. 'તંયજ્ઞમ્' મંત્રથી મંત્રથી સૃષ્ટિરૂપ યજ્ઞની વ્યાખ્યા દર્શાવી છે અને તે જ મંત્રથી મોક્ષનું નિરૂપણ પણ કરવામાં આવ્યું છે. **'तस्मात् यज्ञात्'** આ મંત્રથી જગતની સૃષ્ટિની વ્યાખ્યા રજૂ કરવામાં આવી છે. [૧૦]

### ૧.૨.૩ હિરણ્યગર્ભ સૂકત [૧૧]

हिरण्यगर्भ समवर्तताग्रे भूतस्य जातः प्रतिरेक आसीत् ।

सदाधारपृथ्वी धामुतेमां कस्मै देवायहविषा विधेम ।।

**ભાષાંતર :** સહુથી પ્રથમ હિરણ્યગર્ભનો પ્રાદુર્ભાવ થયો; તે જન્મતાની સાથે જ સઘળા પ્રાણીઓનો એકમાત્ર સ્વામી બન્યો, તેણે આ પૃથ્વી અને દ્યુલોકને ધારણ કર્યા, (તે) પ્રજાપતિનું અમે હવિથી પૂજન કરીએ.

**भाष्य** ः

हिरण्यमयस्याण्डस्य गर्भभूतः प्रजापतिर्हिरण्य गर्भः । तथा च तैत्तिरीयकं – 'प्रजापतिर्वैहिरण्यगर्भः प्रजापतेरनुरूपत्वाय (तै॰सं॰-०-१-) इति । यद्वा हिरण्यमयोडण्डो गर्भवद्य स्योद रे वर्तते सोएसौ सूत्रात्मा हिरण्यगर्भ इत्युच्यते । अग्रे प्रयद्वचोत्पत्तेः प्राकृ समवर्तत् मायाध्यक्षात् सिसृक्षोः परमात्मनः समजायत । येद्यपि परमात्वैव हिरण्यगर्भ तथापि तदुपाधिभूतानां वियदादीनां सुक्ष्मभूतानां ब्रह्मण उत्पत्तेस्तदुयहितोडप्युत्पन्न इत्युच्यते । स च जातः जात मात्र एव एकः अद्वितीय सन् भूतस्य विकारजातस्य ब्रह्माण्डदेः सर्वस्य जगतः पतिः इश्वरः आसीत् । न केवलं पतिरासीदे अपितर्हि सः हिरण्यगर्भः पृथिवी विस्तीर्णां द्यां दिवम् उत अपि च इमाम् अस्मामिर्दश्यमानां

पुत्तोवर्तिनीमिमां भूमिम् । यद्वा पृथिवीत्यन्तत्तिक्षनाम । अन्तत्तिक्षं दिवं भूमिं च दाधात्त धात्तम्रति । छन्दसि लुङ् लङ् लिटः इति सार्वकालिको लिट् । तुजादित्वादभ्यास दीर्धः ।। कस्मै । अत्र किं शब्दोत्तनिर्ज्ञात स्वरूपत्वात् प्रजापतैय । वर्तते । यद्वा सृष्टयर्थ कामयत इति कः । कर्मेडप्रत्ययः । यद्वा । कं सुखम् तदू पत्वात् क इत्युच्यते । अथवा इन्द्रेण पृष्टः प्रजायतिर्मदायं महत्त्वं तुभ्यं प्रदायाहं कः कीदशः स्यामित्यत्उक्तवान् । स इन्द्रः प्रत्यूचे यदीदं ब्रवीष्यहं कः स्यामिति तदेवत्वं भवेति । अतः कात्तणात् क इति प्रजापतित्तारव्यायते ।'इन्द्रो वै वृत्रं हत्वा सर्वाविजिती र्विजित्याब्रवीत्, (ऐंश्च ब्राश्च ३-२त्त) इत्यादिकं ब्राह्मण मत्रानुसंधेयम् । यदासौ किं शब्दस्तदा सर्वनामत्वात् स्मैभावः सिद्धः । यदा तु यौगिकः स्तदा व्यत्ययेनेति दृष्टव्यम्'सावेकाचः इति प्राप्रस्य' गोश्वन्सावर्णः इति प्रतिषेधः ।'क्रिया ग्रहणं कर्तव्यम्' इति कर्मणः संप्रदानत्वाच्चतुर्थी । कं प्रजापति देवाय देवं दानादि गुणयुक्त हविषा प्राजापत्यस्य पशोर्वयारूपेणैककपालात्मकेन पुत्तोडाशेन वा विधेम वयमृत्विजः पश्चित्तेम । विधतिः पत्तिचत्तणाकर्मा ।

आपणे स्पष्ट जोई शकाय छे सायण – आचर्य खूब ज सुंदर रीते एक अद्वितीय शब्दनो उपयोग करीने एकतत्व वाद के अद्वैतवादनुं स्थापन करे छे. हिरण्यमय अंड गर्भ / उदरमां जोवा मळे तेथी ते हिरण्यगर्भ कहेवाय. ते एक ज छे. अग्रे – प्रपंच उत्पन्न थवाथी समवर्तत् शब्द वपराय छे. सर्वस्य एटले बधां जगतनो पति ईश्वर कहे छे. ऐतरेय तथा तैतरेय संहितानो संदर्भ आपीने समजावे छे. हिरण्यगर्भ पृथ्वी अने अंतरीक्ष बंनेने धारण करे छे. [१२]

(२) य आत्मदा बलदा यस्य उपासते प्रशिष्यं यस्य देवाः ।
यस्य छायामृतम यस्य मृत्युः कस्मै देवाय हविषा विधेम् ।।

**भाषांतर :** जे प्राणदाता छे, बलदाता छे, जेनी आज्ञा सहु माने छे, जेनी (आज्ञा) देवो (पण माने छे), जेनी छाया अमृत छे अने जेनी (छाया) मृत्यु (पण छे ते) अमे हविथी पूजन करीए.

भाष्य ः

यः प्रजापतिः आत्मदाः आत्मनां दाता । आत्मानो हि सर्वे तस्मात् परमात्मन उत्पद्यन्ते । यथाग्ने सकाशाद्विस्फुलिङ्गत जायन्ते तद्वत् । यद्वा आत्मानां शोधयिता । 'दैवशोधने' । 'आतो मनिन्' इति विच् । बलदाः बलस्य चदाता शोधयिता वा । यस्य च प्रशिषं प्रकृष्टं शासनमाज्ञां विश्वे सर्वे प्राणिनः उपासते प्रार्थयन्ते संपन्ते वा ।'शासु अनुष्टिौ 'शास इत्' (६-४-३४) इत्युपधाया इत्वम् ।'शासिवसिधसीनां च' इति षत्वम् । कृदुत्तरपदप्रकृतिस्वरत्वम् । आसेरनुदात्तेत्वाल्ल सार्वधातुकानुदात्तत्वे धातुस्वरः ।'तिङि चोदात्तवति' इति गतिरनुदात्ता । तथा देवाः अपि यस्य प्रशासनमुपासते । अपि च अमृतम् अमृतत्वम् । भावप्रधानो निर्देशः । यदा अमृतम् । मरणं नास्त्यस्मिन्नित्यमृतं सुधा । बहुव्रीहौ 'न सुभ्यामुत्तरपदमित्रमृताः' इत्युत्तरपदाद्युदात्तत्वम् । तदपि यस्य प्रजापते छाया छायेव वर्ति भवति । मृत्युः यम प्राणापहर्ता छायेव भवति । तस्मै कस्मै देवाय इत्यादि समान पूर्वेण हविषा पुरोडाशात्मनेति तु विशेषः ।।

એકનું આધિપત્ય સ્વીકારાયું છે એક અમૃત અને મૃત્યુ બંને પરસ્પર વિરોધાભાસી ગણયુકત છે. દેવથી પર તત્વ સ્વીકારાય તે સ્પષ્ટ કરે છે કે અનાદિ અને અનંત હોય. કારણ દેવને જન્મ છે જીવન છે. [13]

(३) यः प्राणतो निमिषतो महित्वैक इन्द्रजा जगतोबभूव ।
य ईशे अस्य द्विपद तुष्पदः कस्मै देवाय हविषा विधेम् ।।

**ભાષાંતર :** જે જીવતા અને પોપચું હલાવતાં પ્રાણીઓનો પોતાના મહિમાથી એકમાત્ર રાજા બન્યો છે, (અને) જે આ બે પગાં અને ચો પગાં પર શાસન કરે છે, (તે) પ્રજાપતિનું અને હવિથી પૂજન કરીએ છીએ.

भाष्य :

यः हिरण्यगर्भः प्राणतः प्रश्वसतः ।। 'अन् प्राणने' । आदादिकः ।'शतुरनुमः' इति विभक्तेरूदात्तत्वम् ।। निमिषतः अक्षिपक्ष्मचलनं कुर्वातः । अत्रापि पूर्ववद्विभक्ति र्उदात्ता ।। जगतः जगमस्य प्राणी जातस्य महित्वा मिहत्वेन् । सुचां सुलुक् इति तृतीया या आकाक्त । माहात्म्येन एकइत्, अद्वितीयम् एव सन् राजा बभूव ईश्वरो भवति । भवतेर्णलि'लिति' (६-१-१९३) इति प्रत्ययात्पूर्वस्योदात्तत्वम् । अस्य पश्चिश्य मानस्य द्विपदः । पादद्वययुक्तस्य मनुष्यादेः चतुष्पदः । गवाश्वादेश्च यः प्रजापतिः ईशे ईष्टे । ईश ऐश्वर्ये आदादिकोऽनुदात्तेत् लोयस्त आत्मनेपदेषु इति तलोपः । अनुदात्तेत्वाल्लसार्वधातुकानुदातत्वेधातुस्वक्त । अस्य ।'ऊडिदम्' इतीदमो विभक्ति र्उदात्ता । द्वौ पादौ यस्य द्विपात् ।'संख्यासुपर्वस्य' (५-४-१४०) इतिया दस्यान्यलोपः समासान्तः । भसंज्ञायां 'पादः पतः' (६-४-१३०) इति पद्भवः द्वित्रिभ्यां पादन्' (६-२-१९७) इत्येकदेश विकृतस्यानन्यत्वादुत्तरपदान्तोदातत्वम् ।स्वक्तर्जमेषैव चतुष्पद इत्यत्रापि प्रक्रिया ।'बहुव्रीहौ प्रकृत्या 'इति पूर्वपदप्रकृतिस्वक्त । पूर्णपदस्य नूक्त संख्यायाः । (किश्चसूत्र-५) इत्याद्युदात्तत्वम् । 'इदुदु पद्य स्य चा प्रत्ययस्य' इति विसर्जनीयस्य षत्वम् ।। ईदशो यः प्रजापतिस्य कस्मै इत्यादि सुबोधं हविषा हृदयाद्यत्मनेत्वयमत्र विशेषः ।।

રાજા શબ્દ વપરાયો છે પરંતુ એકમાત્ર રાજા હોવાથી એક તત્વ વાદનું સમર્થન જોવા મળે છે. અનેકતાનો સ્વીકાર થયો છે. અહીં ચેતન તત્વ કે આત્માનો સ્વીકાર પરોક્ષ રીતે થયેલો છે તેમ અમે માનીએ છીએ. [૧૪]

(૪) यस्येमे हिमवन्तो महित्वा यस्य समुद्रं रसया सहाहुः ।

यस्येमाः प्रदिशो यस्य बाहू कस्मै देवाय देवाय हविषाविधेम ।।

**ભાષાંતર :** જેનો મહિમા હિમવાન પર્વત અને રસા (નામની નદી) સહિત સમુદ્ર છે એમ (સૃષ્ટિને જાણનારાં) કહે છે, જેની આ (સર્વે) દિશાઓ જેના બાહુઓ છે (તે) પ્રજાપતિનું અમે હવિથી પૂજન કરીએ છીએ.

**भाष्य :**

हिमा अस्मिन् सन्तीति हिमवान् । तेन बहुवचनान्तेन सर्वे पर्वता लक्ष्यन्ते । यथा छत्रिणो गच्छन्तीति । हिमवन्तः हिमबदुपलक्षिताः इमे श्चश्यामान ः । सर्वे पर्वताः यस्य प्रजापतेः महित्वा महत्वं माहात्म्यैश्वर्यमिति आहुः । तेन् सृष्टत्वात्तद्रूपेणावस्थानाद्वा । तथा रसया । रसोजलम् । तद्वती रसानदी । अर्शआदित्वादच । जातावेकवचनम् रसामिर्नदीभिः सह समुद्रम । पूर्ववदेकवचनम् । सर्वान् समुद्रान यस्य महाभाग्य मिति आहुः कथयन्ति सृष्टियमिज्ञा । यस्य च इमाः प्रदिशः प्राच्याद्याभा अग्निर्य्याद्याः कोणदिश ईशान्यन्ता व्याः । तथा बाहू । वचनव्यत्ययः । बाहवो भुजाः । भुजवत्प्राधान्ययुक्ताः प्रदिश यस्य स्वभूताः । तस्मै कस्मै इत्यादि समानं पूर्वेण ।

અહીં મૂલ્ય સાપેક્ષતાનો પરિચય આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમ જ દિશા એટલે કે સ્થળનું સર્જન સમજાવવાનો પ્રયત્ન થયો છે. રૂપકમાં બાહુ શબ્દ પ્રયોજાય છે. બાહુ–શરીર સાથે જોડાયેલ છે. સ્વયં સ્પષ્ટ જ છે કે સમગ્ર સર્જન છૂટુંછવાયું ભિન્ન–ભિન્ન નથી પરંતુ એકબીજા સાથે સંલગ્ન હેતુલક્ષીતા દ્વારા થયું છે. રસા નદી બતાવી છે. રસવૈવિધ્ય વહેતું હોવાનો સ્વીકાર થયો છે. [૧૫]

(५) येन धौत्त्ग्रां पृथिवी च द कहायेन स्वः स्तभितं चेन नाकः ।

यो अन्तत्क्षि त्त्नसो विमानः कस्मै देवाय हविष विधेम् ।।

**ભાષાંતર :** જેનો (મહિમા) થી દ્યુલોક ઓજસ્વી અને પૃથ્વી સ્થિર છે, જેનાથી સ્વર્ગ સ્તંભિત કરાયું છે, જેનાથી સૂર્ય (સ્થિર કરાયો છે), જે અંતરિક્ષના સઘળા પ્રદેશોનો પૂર્ણજ્ઞાતા છે, (તે) પ્રજાપતિનું અમે હવિથી પૂજન કરીએ.

**भाष्य :**

येन प्रजापतिना द्यौः अन्तत्क्षिम् उग्रा उद्बगूर्ण विशेषागहनरूपं वा । पृथिवी भूमिः च दळ्हा येन स्थित्तीकृता । स्वः स्वर्ग येन स्तभितं स्तब्धं कृतम् । यथाधोन पतति तथोपक्तिअवस्थापितमित्यर्थं ।'ग्रसितत्त्स्कभितस्तभित' इति निपात्यते । तथा नाकः आदित्य येन अन्तत्क्षि स्तंभितः । यः च अन्तत्क्षि त्त्नसः उदकस्य विमानः निर्माता । तस्मै कस्मै इत्यादि गतम् ।

અહીં ઋષિ જ્ઞાન કે પ્રજ્ઞા કે સર્વશકિતમાન સર્વ વ્યાપક વગેરે ગુણો જે પાછળથી ઈશ્વરના ગુણો તરીકે દાર્શનિક સ્વીકારે છે. તેની વાત કરે છે. જે સ્વયં રૂપથી પર છે. તેનું રૂપ જે સ્થિરતા અને ગતિ પ્રદાન કરે છે પરંતુ સ્વયં તેનાથી પર છે તે તત્વની સ્વીકૃતિ કે વર્ણન દ્વારા ફકત ધાર્મિક દ્રષ્ટિકોણ રજૂ ન કરતાં તાત્વિક સંદર્ભ પણ સ્વીકારાયો છે. [१८]

(६) यं क्रन्द सी अवसा तस्तभाने अभ्यैक्षेतां मनसा त्त्नमाने ।

यत्राधि सूक्तउदितो विभाति कस्मै देवाय हविषा विधेम् ।।

**ભાષાંતર :** રક્ષણના હેતુથી સ્થિર કરેલાં, પ્રકાશિત આકાશ અને પૃથ્વી મનથી જેની તરફ જુએ છે (મીટ માંડે છે), જેના આધારે ઉગેલો સૂર્ય પ્રકાશે છે (તે) પ્રજાપતિનું અમે હવિથી પૂજન કરીએ.

**भाष्य :**

क्रन्दितवान् क्तोदितवाननयोः प्रजापतिक्तिति क्रन्दसी धावापृथिव्यौ ।। श्रूयते हि'यद क्तोदीत्तदनयो क्तोदस्त्वम्' (तैश्चाश्च२-२-९-४) इति । ते अवसा क्तक्षणेन हेतुना लोकस्य क्तक्षणार्थं तस्मभाने प्रजापतिना सृष्टे लब्धस्थैर्ये सत्यौ यं प्रजापतिं मनसा बुद्ध या अभ्यैक्षेताम् आवयोर्म्हत्वमनेन इत्यभ्य पश्येताम् ।। 'इक्षदर्शन ' । लङि अजादित्वादाधुदात्तः । कीदश्यौ धावापृथिव्यौ । केक्तमाने क्ताजमाने दीप्यमाने ।। आकाक्तस्य व्यत्ययेनैत्वम् । अदुपदेशाल्लसार्वधातुकानुदात्तत्वे धातुस्वक्त । यद्वा । लिटः कान च् । 'फणा च सप्तानाम' (६-४-१२५) इत्येत्वाभ्यासलोपौ ।'छन्दस्युभयथा' इति सार्वधातुकत्वाच्छप् । अत एव 'अभ्यस्तानामादिः ' इत्याद्युदात्तत्वम् । यत्राधि यस्मिन्नाधक्तभूते प्रजापतौ सुक्त सूर्यः उदित उदयं प्राप्तः सन विभाति प्रकाशते । उत्पूर्वादेतेः कर्मणि निष्ठा ।'गतिक्तनन्तक्त' इति गतेः प्रकृतिस्वक्तत्वम् । तस्मै कस्मैय इत्यादि सुज्ञानम् ।

અહીં સ્વ એટલે કે સતતત્વ કે મૂળતત્વની વિચારધારા સ્પષ્ટ જોઈ શકાય છે. આકાશ – પૃથ્વી બે તત્વની લાક્ષણિકતા દર્શાવવામાં આવી છે. પરંતુ બંનેના મૂળમાં એક તત્વ છે તેનું વિસ્મરણ નથી. સૂર્યનું પ્રકાશવું કે પ્રકાશિત આકાશનું હોવું કે પૃથ્વીનું મન વગેરે શબ્દો વિવિધતા સુચક છે. એક માંથી અનેકનો સ્વીકાર કે ઉદ્‌ભવ પણ કહી શકાય. [૧૭]

(૭) आपो ह यद्बृहतीर्विश्वमायन् गर्भ दधाना जनयन्तीक्तग्निम् ।

ततो देवानां समवर्ततासुरेकः कस्मै देवाय हविषाविधेम् ।।

**ભાષાંતર :** પોતાના ગર્ભમાં અગ્નિને ધારણ કરી તેને જન્મ આપી જે સમયે મહાન જળે સમગ્ર લોકને પ્રાપ્ત કર્યા (ત્યારે) તેમાંથી જે દેવતાઓનો એકમાત્ર પ્રાણ (રૂપદેવ) ઉત્પન્ન થયો (તે) પ્રજાપતિનું અમે હવિથી પૂજન કરીએ.

**भाष्य :**

बृहती बहृत्यो महत्यः ।। जसि 'वाछन्दसि ' इति पूर्वसवर्णदीर्धः । 'बृहन्महतोरूपसंख्यानम् इति डीप उदात्तत्वम् । अग्निम् । उपलक्षणमेतत् । अग्न्युपलक्षितं सर्वं वियदादिभूतजातं जनयन्तीः जनयन्त्यः तदर्थं गर्भं हिरण्यमण्डस्य गर्भभूतं प्रजापति दधानां धारयन्त्यः आपो ह आय एव विश्वमायन् सर्वं जगत् व्याप्नुवन् यत् यस्मात् ततः तस्माद्वै तोः देवानां देवादीनां सर्वेक्षां प्राणिनाम् असुः प्राणभूतः एकः प्रजापतिः समवर्तत समजायत । यद्वा । यत् यं गर्भं दधाना आपो विश्वात्मनावस्थिताः ततोथर्भभूतात्प्रजापतेः देवादीनां प्राणात्मकोवायुः अजायत अथवा यत् लिङ्ग वचनयोर्व्यत्ययः । उक्तलक्षण या आपो विश्वमावृत्य स्थिताः ततस्ताभ्योडदभ्यः स काशादेकोडद्वितीयोडसु प्राणात्मकः प्रजापतिः समवर्तत् नि क्राम । तस्मै कस्मै इत्यादि गतम् ।

અહીં અગ્નિ દ્વારા જળ દ્વારા સમગ્ર લોક માનવ માટે યોગ્ય બન્યો. ત્યારબાદ પ્રાણ કે આત્મા સર્જાયો તેમ કહેવાયું છે. દેવતા શબ્દ આપણને વિદિત છે તેમ મનુષ્યની એક કક્ષા માટે વપરાય છે. કાર્ય અનેક હોય પરંતુ કારણ એક જ છે. જે મૂળ કારણ છે તે અદ્વિતીય છે. [૧૮]

(૮) यि दापो महिना पर्यपश्यदक्षं दधाना जनयन्तीर्यज्ञम् ।

यो देवेष्वधि देव एक आसीत्कस्मै देवाय हविषा विधेम ।।

**ભાષાંતર :** જેણે પોતાના મહિમાથી જન્મ આપવાની શકિતવાળા અને યજ્ઞને ઉત્પન્ન કરનારા જળનું નિરીક્ષણ કર્યું, જે દેવોમાં સર્વોપરી એક દેવ હતો (તે) પ્રજાપતિનું અમે હવિથી પૂજન કરીએ છીએ.

**भाष्य ःक्त**

यज्ञं यज्ञोपलक्षितं विकक्त्जातं जनयन्तीः उत्पादयन्तीः तदर्थं दक्षं प्रपक्त्कात्मना वर्धिष्णुं प्रजापतिमात्मनि दधानाः धाक्त्यित्रीः । दधातेर्हेतौ शानच् । अभ्यस्तानामादिः ' इत्याद्युदात्तत्वम् । इदशी आपः । व्यत्ययेन् प्रथमा । अपः प्रलयकालीना महिना महिम्ना ।। छान्दसो गलोपः । स्वमाहात्म्येन यि त् य प्रजापतिः । पर्यपश्यत् पक्त्तिो श्चष्टवान् यः च देवेष्वधि देवेषु मघ्ये देवः तेषामपीश्वक्त सन् एकः अद्वितीयः आसीत् भवति ।। अस्तेश्छान्दसो लङ् ।'अस्तिसिचोडपृक्ते' (७-३-९६) इतीडागमः । तस्मै कस्मै इत्यादि गतम् ।

અહીં એક તત્વની સર્વોપરિતા સ્વીકારવામાં આવી છે. જળ–યજ્ઞ–જન્મ વગેરે દ્વારા જગત સર્જન સ્પષ્ટ થાય છે. પ્રલયકાળનો મહિમા દર્શાવી એક અદ્વિતીય શબ્દ રજૂ થયા છે. [૧૯]

(९) मा नो हिंसीज्जनिता यः पृथिव्या यो वा दिवं सत्यधर्माजजान ।
य ाय न्द्रा बृहतीर्जजान् कस्मै देवाय हविषा विधेम् ।।

**ભાષાંતર :** જે પૃથ્વીને ઉત્પન્ન કરનાર છે, જે સત્યધર્માએ સ્વર્ગનું નિર્માણ કર્યું, જેણે રમણીય મહાન જળને (એટલે સરોવરને) ઉત્પન્ન કર્યા, તે અમને કષ્ટ ન આપે, (તે) પ્રજાપતિનું અમે હવિથી પૂજન કરીએ છીએ.

**भाष्य** ः

स प्रजापतिः न अस्मान् मा हिंसीत् मा बाधताम् । यः पृथिव्याः भूमेः जनिता जनयिता स्रष्टा ।'जनितामन्त्रे' इति णिलोपो निपात्यते ।'उदात्तयणो हल्पूर्वात्' इति

पृथिवीशबदाद्वि भक्ते उंदात्तत्वम् । यो वा य  सत्यधर्मा सत्यमवितथं धर्म जगतो धात्तणं यस्य स ताश्चशः प्रजापतिः दिवम् अन्तरिक्षोपलक्षितान् सर्वान् लोकान् जजान् जनयामास । 'जनी प्रादुर्भावे' । णिचि वृद्धौ 'जनीजृष्क्नसुरञ्जः' इति मित्वात् 'मितांह्स्वः' इति ह्रस्वत्वम् । ततो लिटि'अमन्त्रे' (३-१-३५) इति निषेधादाम्प्रत्ययाभावे तिपो णलिवृद्धौ 'लिति' इति प्रत्यया पूर्वस्यादात्वम् । य  बृहतीः महतीः चन्द्राः आह्लादिनीः अपः उदकानि जजान जनयामास ।। 'ऊडिदम्' इत्यादिना अप्शब्दादुत्तरस्य शस उदात्तत्वम् । तस्मै कस्मै इत्यादि गतम् ।

પૃથ્વી શબ્દ; સત્યધર્મા; ધર્મ જગતને ધારણ કરે છે. તે સમાન; ચંદ્રની આહલાદકતા; વગેરેના સર્જન કરતાં તત્વ સ્વીકારાયું છે. તે તત્વ કષ્ટહર્તા તરીકે પણ રજૂ થયું છે. આવું તત્વ સ્વાભાવિક જ એક અદ્વિતીય હોય. [२०]

(१०) प्रजापते न त्वदेतात्यन्यो वि  ा जातानि परिता बभूव ।

यत्कामास्ते जुहुमस्तन्नो अस्तु वयं स्याम तपयो रयीणम् ।।

**ભાષાંતર :** હે પ્રજાપતિ ! તમારા સિવાય બીજો કોઈ આ બધા ઉત્પન્ન થયેલા (પદાર્થો) ને વ્યાપ્ત કરતો નથી. અમે જે કામનાથી હોમ કરીએ તે અમને પ્રાપ્ત થાવ. અમે ધનના સ્વામી બનીએ.

**भाष्य :**

हे प्रजापते त्वत् त्वत्तोडन्यः क  त् एतानि इदानीं या विश्वा विश्वानि सर्वाणि । 'शेश्छन्दसि बहुलम्' इति शेर्लोपः । जातनि प्रथमदिकाश्चमांजि ता तानि सर्वाणि भूतजातानि न परि बभूव न परिगृह्णाति । न व्याप्नोति । त्वमेवैतानि परिगृह्य स्रष्टुं शक्नोषीतिभावः । परिपूर्वो भवतिः परिग्रहार्थः । वयं च यत्कामाः यत्फलं कामायमानाः

ते तुभ्यं जुहुमः हवीषिं प्रयच्छामः तत् फल नः अस्माकम् अस्तु भवतु । तथा वयं च त्त्मीणां धनानां पतयः ईश्वत्ताः स्याम भवेमानामन्य तत्तास्याम् इति नाम उदात्तत्वम् ।

સર્વ વ્યાપક ગુણ રજુ કરવામાં આવ્યો છે કે સર્વભૂતો છે તેનો વ્યાપ નથી, તેનું પરિગૃહ નથી, તત્વ દ્વારા જે શકય છે, વ્યાપ અને પરિગૃહ તે તત્વનુ હોમ દ્વારા પુજન કરવાનું સ્વીકારાયું છે. અમે ધનના માલિક બનીએ એમ ઈશ્વરને પ્રાર્થના કરી છે. [૨૧]

### ૧.૨.૪ હિરણ્યગર્ભ સૂકતની તાત્વિક સમજૂતિ

આચાર્યશ્રી સાયણ ખુબ જ સુંદર રીતે આ સૂકતનું ભાષ્ય આપેલું છે. જગત સર્જન સંબંધી પ્રાચીન ભાષ્યમાં સ્પષ્ટ રીતે એક અદ્વિતીય તત્વ દ્વારા સર્જન થયું હોવાનું એકરાર થયેલો છે. સ્વર્ગ – પૃથ્વી – વાયુ – જળ – તેજ – યજ્ઞ – આકાશ – મન વગેરે તત્વોના સર્જનનું વર્ણન હોવાથી અનેકતા પણ રજુ થઈ છે. અનેકતા કેવળ ભ્રમ નથી તે સ્પષ્ટ થાય છે. [૨૨]

### ૧.૨.૫ નાસદીય સૂકત [૨૩]

(૧) **नासदासीन्नो सदा सीत्तदानीं नासीद्रजो नो व्योमा परोयत् श्च**
**किमावरीवः कुह् कस्य शर्मन्न अम्भः किमासीभ्दहनं गंभीरम् श्च१ श्च**

**ભાષાંતર : ત્યારે (સર્જન પહેલા) અસત્ હતું નહીં, સત્ હતું નહીં, રજ હતું નહીં, તેનાથી પર અંતરિક્ષ હતું નહીં, શું છુપાવ્યું હતું ? કયાં (છુપાવ્યું હતું) ? કોના સુખ માટે (છુપાવ્યું હતું) ? શું ગહન અને ગભીર પાણી હતું ?**

भाष्य :

तपसस्तन्महिमाजायतैकम् इत्यादिनाग्रे सृष्टिः प्रतिपादयिष्यते । अधुना ततः प्रागवस्था निश्चत्तसमस्त प्रपंचा या प्रलयावस्था सानिश्चप्यते । तदानीं प्रलय दशायामवस्थितं यदस्य जगतो मूलकाश्चणं तत् असत् शशविषाणवन्निरूपाख्यं न आसीत् । नहि ताश्चशात् काश्चणादस्य सतो जगत उत्पत्तिः संभवति । तथनो सत् नैव सदात्मवत् सत्त्वेन् निर्वाच्यम् आसीत् । यद्यपि सदसदात्मकं प्रत्येकं विलक्षणं भवति

तथापि भावाभावयोः सहावस्थानमपि संभवति । कुतस्तयोः तादात्म्यमिति उभय विलक्षणम निर्वाच्यमेवासीदित्यर्थः । ननु नो सदिति पारमार्थिकसत्त्वस्य निषेधः । तह्यात्मनोऽप्य निर्वाच्यत्व प्रसंग । अथोच्यते । न । आनीदवातमिति तस्य सत्त्वमग्रे वक्ष्यते परिशेषान्मायया एवात्र सत्त्वं निषिध्यते इति । एवमपि तदानीमिति विशेषणानर्थक्यं व्यवहार दशायामपि तस्याः पारमार्थिकसत्त्वा भावात् । अथ व्यावहारिकसत्त्वस्य तदापि व्यवहारिक सत्ता पृथिव्यादीनां भावानां विद्यमानत्वात् कथं नो सदिति निषेधः । तत्राह -'नासीद्रज इत्यादि' । लोका रजांस्युच्यन्ते (निरू४-११) इति यास्कः । अत्र च सामान्यापेक्षमेकवचनम् । व्योम्नोवक्ष्यमाणत्वात् तस्याधस्तनाः । पातालादयः पुथिव्यन्ता नासन्नित्यर्थः । तथा व्योमान्तरिक्षं तदपि नो नैवासीत् परइति सकारश्चान्त परस्तादित्यर्थे वर्तते परशब्दान्दसस्तासेर्थे असिप्रत्ययः पर व्योम्नः परस्तादुपरि देशे द्युलोकप्रभृतिसत्यलोकान्तं यदस्ति तदपि नासीदित्यर्थः । अनेन चतुदशभुवनगर्भं ब्राह्मांड स्वरूपेण निषिध्धं भवति । अथ तदावरकत्वेन पुराणेषु प्रसिद्धानि यानि वियदादिमूतानि तेषाम्वस्थानप्रदेशं तदावरणनिमित्तं चाक्षेपमुखेन क्रमेण निषेधयति किमावरीवरिति । किम्आवरणीयं तत्त्वमावरकभूतजातम् आवरीवः । अत्यन्त मावृणुयात् । आवार्याभावात । तदावरकमपि नासीदित्यर्थः । वृणोतेर्यङ् लुगन्ताच्छान्दसे लाङि तिपि रूपमेतत् । यद्वा । किमिति प्रथमैवा कि तत्त्वमावरकमावृणुयात् । आवार्या भावात् आवियमाणवत्तदपि स्वरूपेण नासीदित्यर्थं । आवृण्वत् तत्तत्वं कुह कुत्र देशेऽवस्थायावृणोति । आधारभूतस्तादेशो देशोऽपि नासीदितित्यर्थः । किं शब्दात् सप्तम्यर्थे ह प्रत्ययः ।'कृतिहोः' (७-२-१०४) इति प्रकृतेः कादेशः । कस्य शर्मन् कस्य वा भोक्तृ जीवस्य शर्मणि सुखेदुःखसाक्षत्कारलक्षणेवा निमित्तभूते सति तदावरकं तत्त्वमावृणुयात् । जीवानामुपभोगार्था हि सृष्टिः । तस्यां हि सत्यां ब्रह्माण्डस्यभूतैरावरणं प्रलयदशायां च भोक्तारोजीवा उपाधिविलयात्प्रविलीना इति कस्य कश्चिदपि भोक्ता न

संभवतीन्यावश्चगस्य निमित्ताभावादपि तन्न घटत इत्यः । एतेन भोग्यप्रपक्तवत् भोक्तृप्रपंचोपि तदानींनासीदित्युक्तं भवति । किं शब्दादुत्तश्चस्यङसः 'सावेकाचः ' इति प्राप्तस्योदात्तत्वस्य ' नगोश्चन्सावववर्ण ' इति प्रतिषेधः । 'सुपां सुलुक् ' इति शर्मणः सप्तम्यालुक् । यद्यपि सावश्चगस्य ब्रह्माण्डस्य निषेधेन तदन्तर्गनमप्सत्त्वमपि निश्चकृतं तथापि'आपो वा इदमग्रे 'सलिलमासीत्' (तैश्चसंश्च७-१-५-१) इति, श्रुत्या कश्चिदयां सद्बभावमांशकेत । तं प्रत्याचष्टे 'अम्भः किमासीत् ' इति । गहनं दुष्प्रवेशं गभीश्च दुश्चस्थानं अत्यगाधम् 'ईदशम ' अम्भः किमासीत् तदपि नैवासीदित्यर्थः । श्रुतिस्त्ववान्तश्चलयविषया ।

સર્જન પૂર્વે અને વિસર્જન બાદ અસત કે સત હતું નહિ તેથી જગત કારણ શું ? તે પ્રશ્ન ઉઠાવ્યો છે. દેશ કાળ પણ શકય નથી. શબ્દનું સર્જન પણ શકય નથી. ૨૪

(२) **न मृत्युंरासीदमृतं न तर्हि न रात्र्या अह्न आसीत्प्रकेतः श्च**
**आनीदवातं स्वधया तदेकं तस्माद्धादान्यन्नः परः किंचनास श्च२ श्च**

**ભાષાંતર : મૃત્યુ હતું નહીં ? ત્યારે અમૃત હતું નહીં. રાત્રિ તથા દિવસના ભેદ દર્શાવનાર (કોઈ) હતું નહીં. તે એકલું પોતાની શકિતથી (માયાથી–સા.) પવન વિના (પણ) શ્વાસ લેતું હતું તેનાથી પર બીજું કોઈ હતું નહીં.**

**भाष्य :**

ननूक्तस्य प्रतिसंहाश्चस्य संहर्त्रपेक्षत्वात् स एव संहर्ता मृत्युर्विद्यते इत्यत आह न मृत्युश्चसीत् इति । ननु यदि स नासीत् तर्हि तदभावकृतम् अमृतम् अमश्चग प्राणिनामवस्थानं तदानीमपि स्यात् तत्राह । अमृतं न तर्हि इति । तर्हि तस्मिन् प्रतिहाश्चसमये । अयं भावः सर्वेषां प्राणिनां पश्चिक्वं भोगहेतुभूतं सर्व कर्म यदोपमुक्तम्आसीत् तदा भोगाभावान्निष्प्रयोजनमिदं जगदिति पश्चमेश्वश्चस्य मनसि संजिहीर्षा जायते । तथैव स मृत्यु सर्वं जगत संहश्चा इति किमनेन मृत्युना संहर्त्रा

तदभावकृतं वा कथम मश्चं स्यादिति । एतदेवाभिप्रेत्य कठैश्चम्नायते -यस्य ब्रह्म च क्षत्रं चोभे भवत् ओदनः । मृत्युर्यस्योपसेचनं क इत्था वेद यत्र सः । (कश्चश्च२-२५) इति । नन्वेतस्य सर्वस्याधिकश्चणभूतः कालो विद्यत इत्यत् आह न श्चत्र्या इति । श्चत्र्या आह प्रकेतः प्रज्ञानं न आसीत् । तद्धेतुमूतयोः सूर्याचन्द्रमसोश्चभावात् । एतेनहोश्चत्र निषेधेन तदात्मको मासर्तुसंवत्सश्चभृति कः सर्वः कालः प्रत्यारव्यातः । कथं तर्हिनो सदासीत्तदानीमिति कालवाची प्रत्ययः । यदवादिष्म ब्रह्मणः पश्चमार्थसत्त्वमग्रे वक्ष्यत इति तदिदानी दर्शयत्यानदिति । तत् सफलवेदान्तप्रसिद्धं ब्रह्मतत्त्वं आनीत् प्राणितवत् । नन्वेवं प्राणानकर्तुजींवभावापन्नस्यैव ब्रह्मणः सत्त्वं स्यात् न विवक्षितस्य निरूपाधिकस्य ब्रह्मणः ।'अप्राणो ह्यमनाः शुद्ध' इति तस्य प्राणासंबन्धाभावात् तत्राह आनीदवातमिति । अयमाशयः । आनीदित्यत्र धात्वार्थक्रिया तत्कर्ता तस्य च भूतकाल सम्बन्ध इति त्रयोर्थाः प्रतीयन्ते । तत्र समुद्रायो न विधीयते यथाश्चयेष्टाकपाल इति येन ब्रह्मणः सत्त्व न स्यात् । किं तर्ह्यनेन कर्तृत्वमनूद्य भूतकाल सत्तालक्षणो गुणो विधीयते दश्चाजुहोतीति वाक्यान्तश्चविहिताग्निहोत्रानुवादेन तत्र गुणविधानम्, तत्राप्यनेन कर्तृत्वविशिष्टस्य न पूर्वकालसत्ता विधीयते तन्निषेधानुपपत्ति प्रसंङ्गात् । अतोऽनेन कर्तृत्वेन इदानींतनेनोपलक्षितं यन्निरूपाधिकं पश्च ब्रह्म तस्यैव भूतकाल सत्ता विधीयत इति न कश्चिदोष इति । नन्वीदशस्य ब्राह्मणो माया या सह सम्बन्धासंभवात् सांख्याभिमता स्वतन्त्रा सदन्या । सत्त्वश्चजस्तमो गुणात्मिका मूल प्रकृतिश्चे भिमतेति कथ नो सदिति निषेधः । तत्राह स्वधया इति । स्वस्मिन् धीयते ध्रियत आश्रित्य वर्तत इति स्वधा माया । तथा तद्ब्रह्म एककर्मविभागापश्चमासीत् ।'सहयुक्तेऽप्रधाने' (२-३-१९) इति तृतीया सहशब्दयोगाभावेपि सहार्थयोगे भवति ।'वृद्धोयूना' (१-२-६५) इति निपातनात् लिंगात् । अत्र प्रकृतिप्रत्ययाभ्यां तस्याः स्वातन्त्र्यं निवार्यते । यद्यपि असंगस्य ब्रह्मणस्तया सह सम्बन्धो न संभवति तथापि तस्मिन्नविद्यया तत्स्वरूपमिव सम्बन्धोप्य घ्यास्यते यथा शुक्तिकायां श्चजतस्य । एतेन सद्रूपत्त्वमपितस्याः प्रत्यारव्यातम् । ननु यदि माया ब्रह्मणा

सहाविभागपिन्ना तर्हितस्या अनिर्वाच्यत्वात् ब्रह्मणोडपि तत्प्रसङ्ग इति कथं तस्य सत्त्वमुक्तम्  आनीदवातम् इति । ब्रह्मणो वा सत्त्वात् तस्या अपि सत्त्व प्रसङ्ग इति कथं नो सदासीदिते सत्त्वप्रतिषेधः । मैवम् ।। अनुभवश्चष्टयैक्यावभासेडपि युक्त्याविविच्य मायाशस्यानिर्वाच्यत्वं ब्रमणः सत्त्वं च प्रतिणादितम् । ननु दग्दश्याविति द्वावेव पदार्थौ आनीद वातं स्वधयेति तो चेदग्गीक्रियेते तत्किम पश्चमवंशिष्यते यत् नासीद्रजः इत्यादिना प्रतिषिध्येत तत्राह तस्मादिति । तस्माद्ध तस्मान्खलु पूर्वोक्तान्मायासहितात् ब्रह्मणः अन्यत् किं च न किमपि वस्तु भूतभौतिकात्मकं जगत् न  आस न बभूवा 'छन्दस्युभयथा' इति लिटः सार्वधातुकत्वादस्तेर्भूभावाभावः । ननु तदानीमन्यस्य सत्त्वनिषेधो न शङ्क्यः । असत्त्वे चा प्रसक्त्वान्न निषेधोपयोग इत्यत आह पश्च इति । पश्च पश्चस्तात् सृष्टिरूर्ध्वं वर्तमानमिदं जगत् तदानींन बभूवेत्यर्थः । अन्यथा उक्तश्चेत्या श्चचिदपि निषेधो न स्यादिति भावः ।

એક તત્વનો સ્પષ્ટપણે સ્વીકાર થયો છે તે અનાદિ હતું. સર્વોપરિતા પણ દર્શાવી છે સાથે સ્વગત ભેદ રહીત પણ છે, તમામ દ્વૈત ન હતા. મતલબ કે સત તત્વ સંખ્યાની દ્રષ્ટિએ બે નહિ તેવું એક છે. પરબ્રહ્મ શબ્દ જોવા મળે છે. કઠ ઉપનિષદનો સંદર્ભ રજૂ કરી સાયણ આચાર્ય મૃત્યુથી પર એવા એક તત્વને સમર્થન આપે છે. નિપાત શબ્દ સૂચક રીતે વપરાયો છે. પ્રધાન પ્રકૃતિ અને સત્વ રજશ તમશ ગુણો પછીથી સર્જાયા છે. અનિર્વાચ્ય ગુણ પણ રજુ કરવામાં આવ્યો છે. [૨૫]

(૩) **तम आसीतमसा गूक्तहमश्चेप्रकेत सलिलं सर्वमा इदम् श्च**

**तुच्छ्येनाभ्वविहितं यदासीत् तपसस्तन्महिनाजायतैकम् श्च३ श्च**

**ભાષાંતર : આરંભમાં અંધકારથી વ્યાપ્ત અંધકાર હતો. આ બધું ન જાણી શકાય તેવું પાણી હતું. જે આખું (જે અસ્તિત્વમાં આવે તે) તુચ્છથી ઢંકાયેલું હતું. તે એક તપના પ્રભાવથી ઉત્પન્ન થયું.**

भाष्य :

ननू वक्तप्रकाश्चिणं यदि पूर्वमिदं जगन्नासीत् कथ तर्हितस्य जन्म । जायमानस्य जनिक्रियायां कर्तृत्वेन काश्चकत्वात् काश्चकं च काश्चणावान्तश्चविशेष इति काश्चकस्य सतो नियतपूर्वक्षणवर्तित्वस्य अवश्यंभावात् । अथैतदोषपश्चिजिहीर्षया जनिक्रियायाः प्रागपि तद्विद्यत इत्युच्यते । कथं तस्य जन्म अतः आह तमसा गुळहमश्चे इति । अग्रे सृष्टेः प्राक् प्रलयदशायां भूतभौतिकं सर्व जगत् तमसा गूढं हम् । यथा नैशं तमः सर्वपदार्थजातमावृणोति तद्वत । आत्मतत्ववस्यावश्चकत्वात् माया पश्चसंज्ञं मावश्चाज्ञानमत्र तम इत्युच्यते । तेन तमसा निगूढं संवृतं कश्चणभूतेन् तेनाच्छादितं भवति । आच्छादकात् तस्मात्तमसो नामरूपाभ्यां यदाविर्भवनं तदैव तस्य जन्मेत्युच्यते । एतेन काश्चणावस्थायाम् असदेव कार्यमुत्पद्यते इत्व सद्वादिनोसत्कार्यवादिनो ये मन्यन्ते ते प्रत्याख्याताः । ननु काश्चणे तमसि तज्जगदात्मकं कार्य विद्यते चेत् कथं नासीद्रज इत्यादि निषेधः । तत्राह तम आसीत् इति । तमो मावरूपाज्ञानं मूलकाश्चणम् । तद्रूपता तदात्मनाम् । यतः सर्वजगत् प्राक् तम आसीत् अतोनिषिध्यत इत्यर्थः । नन्वावश्चकत्वादावश्चक तमः कर्तृ आवार्यत्वात् जगत्कर्म । कथं तयो कर्मकर्त्रोस्तादात्म्यम् । तत्राह अप्रकेतमिति । अप्रकेतम अप्रज्ञायमानम् । अयमर्थः यद्यपि जगतस्तमसश्च कर्मकर्तृभावो यौक्तिको विधते तथापि व्यवहाश्चदशायामिव तस्यां दशायां नामत्तपाभ्यां विस्पष्टं न ज्ञायत इति तादात्म्यवर्णनम् । अतएव मनुनास्मर्यते – 'आसीदिदं तमोभूतमप्रज्ञातभलक्षणम् । अप्रतर्क्यमनिर्देश्यं प्रसुप्तमिव सर्वेतः' (मनुश्च१–५) इति । कुतो वा न प्रज्ञायते तत्राह । सलिलम् । सल गतौ । औणादिक इल च् । इदं दृश्यमानं सर्व जगत् सलिल काश्चणेन संगतमविभागापश्चम् आः आसीत् । अस्तेलि तिपि बहुलं छन्दसि 'इतीडभावे, 'हल्ङ्याब्भ्यः इति तिलोपे'तिप्यनस्तेः' । (८–२–७३) इति पर्युदासाद्काश्चभावः । यद्वा सलिल मिति लुप्तोपम् । सलिलमिव । यथा क्षीश्चिणाविभागापश्चं नीश्चं दुर्विज्ञानं तथा तमसाविभागापश्चं जगत् नशक्यविज्ञानमित्यर्थः । ननु विविधविचित्ररूपभूयसः प्रपंत्त्वस्य कथमति तुच्छेन तमसा क्षीश्चिण नीश्चस्येवाभिभवः । तथा तमोपि क्षीश्चत्रद्वलवदित्येवोच्यते ।

तर्हि दुर्बलस्य जगतः सर्ग समये डपि नोदभवसंभव इत्यत आह तुच्छयेन इति । आ समन्ताद् भवतीति आभु तुच्छयेन । छान्दसो यकाश्चेपजनः । तुच्छेन तुच्छकल्पनेन सद् सद्विलक्षणेन मावरूपाज्ञानेन अपिहितं छादितं आसीत् । दधाते कर्मणि निष्ठा॰ दधातेर्हि 'गतिश्चन्तश्च' इति गतेः प्रकृतिस्वश्चत्वम् । एकम् एकीभूतं कश्चोन तम सा अविभागतां प्राप्तमपि तत्कार्यजातं तपसः स्रष्ट व्यपर्यालोचनत्तमस्य महिना माहात्म्येन अजायत उत्पन्नम् । तपसः स्रष्टव्यपर्यालोचनत्तमत्वं चान्यत्राम्नायते –'यः सर्वज्ञः सर्वविद्यस्य ज्ञानमय तपः' (मुश्च१–१–९) इति ।

સૃષ્ટિના પૂર્વે ભૂતભૌતિક જગત અંધકારથી વ્યાપ્ત હતું. આત્મ તત્વ માયા ભાવરૂપ જ્ઞાન બધું જ તમ હતું. તપના મહિમાનો સ્વીકાર કર્યો છે. આ દશ્યમાન સર્વ જગત પાણીને કારણે વિભાગમાં વહેંચાયું છે. એકમાત્ર કારણ અંધકારના વિભાગને પ્રાપ્ત કરવામાં કાર્યરૂપ તપસ મહિમાવાન છે. તપ માટે અજાયત શબ્દ વપરાયેલ છે. [૨૬]

(४) **कामस्तदग्रे समवर्तताधि मनसो रेतः प्रथमं यदासीत् श्च**

**सतो बन्धुमसति निरविन्दन् हृदि प्रतीष्या कवयो मनीषा श्च४ श्च**

**ભાષાંતર : આરંભમાં કામ ઉત્પન્ન થયો, જે મનનું પ્રથમ બીજ હતો. બુદ્ધિથી હૃદયમાં શોધ કરીને કવિઓએ સત્‌ના સંબંધને અસત્‌માં પ્રાપ્ત કર્યો.**

**भाष्य :**

ननूक्तश्चीत्या यदी श्चस्य पर्यालोचनं जगतः पुनत्त्पतौ काश्चां तदेव किं निबन्धनमित्यत आह कामस्तदग्र इति । अग्रे अस्य विकाश्चज्ञातस्य सृष्टेः प्रागवस्थायां पश्चमेश्वश्चस्य मनसि कामः समवर्तत् सम्यगजायत । सिसृक्षाडजायतेत्यर्थः । ईश्वश्चस्य सिसृक्ष वा कि हेतुकेत्यत आह मनस इति । मनसः अन्तकश्चगस्य संबन्धि वासनाशैषेण मायायां विलीनेन्तः कश्चो समवेतम् । सामान्यापेक्षमेकवचनम् । सर्व प्राणयन्तःकश्चोषु समवेतमित्यथः । एतेनात्मनो गुणाधाश्चत्वं प्रत्याख्यातम् । ताश्चशं श्चतः भाविनः प्रपत्तस्य

बीजभूतं प्रथमम् अतीते कल्पे प्राणिभिः कृतं प्रण्यात्मकं कर्म यत् यतः काश्नगात् सृष्टि समये आसीत् अभवत् । भूष्णु वर्धिष्णवजायत पश्चिमक्वं सत् फलोन्मुखमासीदित्यर्थः । तत् ततो हेतोः फलप्रदस्य सर्वसाक्षिणः कर्माध्यक्षस्य पश्मेश्वश्नस्य मनसि सिसृक्षा अजायतेत्यर्थः । तस्यां च जातायां स्रष्टव्यं पर्यालोच्यततः सर्व जगत्ः सृजति । तथा चाश्नायते -'सोकामयत्, बहु स्यां प्रजायेयेति स तपोडतप्यतस तपस्तप्त्वेदं सर्वमसृजत यदिदं किं च (तैश्नाश्च-६) इति श्रुतिः । आत्मनेत्थमवगमितेडर्थे विद्वदनुभवमप्यनुग्रहकत्वेन प्रमाणयति सतः इति । अतः सत्वेन इदानीमनुभूयमानस्य सर्वस्य जगतः बन्धुं बन्धकं हेतुभूतं कल्पान्तश्चे प्राण्यनुष्ठितं कर्मसमूहं कवयः क्रान्त दर्शना अतीतानागतवर्तमानाभिज्ञा योगिनः हृदिहृदये निरूद्धया मनीषा मनीषया बुद्धया । 'सुपां सुलुक्' इति तृतीयाया लुक् । प्रतीष्य विचार्य ।'अन्येषामपि' इति सांहितिको दीर्धः । असति सद्विलक्षणेडव्याकृते काश्नो निश्चविन्दन् निःकृष्यालभन्ताविविच्या जानश्नित्यर्थः ।

પમેશ્વરના મનથી કામ ઉત્પન્ન થયો. મન અંતઃકરણની વાસનાના નાશથી માયાનો અંતઃકરણમાં નાશ થાય છે. પ્રથમ બીજ ભૂત કામ છે. કામ ના પ્રપંચથી સર્વ જગત સર્જન થાય છે. યોગીઓ અને કવિઓ હૃદયમાંથી કામ એટલે કે ઈચ્છાનું સર્જન શોધે છે. અસત હૃદયમાં સત્ મનનો સંબન્ધ પ્રાપ્ત કરે છે તેમ સાયણ દર્શાવે છે. પરંતુ મન સત્ છે. તે માટે કારણ દર્શાવતા નથી. મનનું સર્જન થાય છે. મનીષા કે ઈચ્છાનું આશ્રય સ્થાન મન છે. ૨૭

(५) **तिर ीनो विततोरश्मिरेषामधः स्विदासी३दुपरि स्विदासी३त्ः श्च**
**रतोधा आसन्महिमान आसन्त्स्वधा अवस्तात्प्रयतिः परस्तात् श्च५ श्च**

**ભાષાંતર : એમના કિરણો ત્રાંસા ફેલાયા હતાં ? ઉપર હતાં ? કે નીચે હતાં ? કેટલાક બીજ મુકનાર હતાં. (બીજા) મહાન હતાં. અન્ન નીચે હતું (અને) ભોકતા ઉપર હતો.**

भाष्य :

एवमविद्याकामकर्माणि सृष्टेर्हेतुत्वेन्उक्तानि अधुना तेषां स्वकार्यजनने शैघ्र्यं प्रतिपाद्यते । येयं नासदासीदित्यविद्या प्रतिपादिता य कामस्तपदग्रे इति काम मनसो श्चाः प्रथमं यदासीदिति यत्कर्म एषाम् अविद्याकामकर्मणां वियदादिभूतजातानि सृजतां श्चश्मिः श्चश्मिसद्दशः यथा सूर्यश्चश्मिः उदयानन्तश्चं निमेष मात्रेण युगपत् सर्व जगत् व्याप्नोति तथा शीघ्रं सर्वत्र व्याप्नुवन् यः कार्यवर्गः विततः विस्तृतः आसीत् । स्विदासीत् इति वक्ष्यमाणमत्रापि संबध्यते ।'विचार्यमाणानाम्' (८-२-९७) इति प्लुतः । तत्रोदात्त इत्यनुवृत्तेः स चोदात्तः । स्वित् इति वितर्के । सः कार्यवर्गः प्रथमतः किं तिश्च ीनः तिर्यगवस्थितो मध्ये स्थित आसीत् किंवा अधः अधस्तात् आसीत् । आहोस्वित् उपश्चि उपश्चिष्टात् किमासीत् । 'उपश्चि स्विदासीदिति च ' (८-२-१०) इत्यनुदात्तः प्लुतः ।'आत्मनः आकाशः संभूत आकाशाद्वायुर्वायाश्चग्निः' (तैश्चआश्च८श्च) इत्यादिकया पक्त्चमीश्रुत्या तत उदगाताश्चं ततो होताश्चमितिवत् क्रमप्रतिपत्तौ सत्यामपि विद्युत्यप्रकाशवत् सर्गस्य शीघ्रव्यापनेन तस्य क्रमस्य दुर्लक्षणत्वादेतेषु त्रिषु स्थानेषु प्राथम्यं कुत्रेति विचार्यते । एवं नाम शीघ्रसर्वतो दिक्षु सर्गो निष्पन्न इत्यर्थः । एतदेव विभजते । सृष्टेषु कार्येषु मध्ये केचिद्भावाः श्चोधाः श्चसो बीजभूतस्य कर्मणो विधाताश्च कर्ताश्चे भोक्ताश्चश्च जीवाः आसन् अन्ये भावाः महिमानः । स्वार्थिक इमनिच् । महान्तो वियदादयो भोग्याः आसन् । एवं मायासहितः पश्चमेश्वश्च सर्व जगत्सृष्टवा । स्वयंचानुप्रविश्य भोक्तृभोग्यादि रूपेण विभागं कृतवानित्यर्थः । अयमेवार्थस्तैत्तिश्चीयके - 'तत्सृष्टा तदेवानुप्राविशत्' (तैश्चआश्च-६) इत्याश्चन्य प्रतिपाद्यते । तत्र च भोक्तृभोग्ययोर्मध्ये स्वधाः । अन्ननामैतत् । भोग्य प्रपंक्त्कः अवस्तात् अवश्चे निकृष्ट आसीत् । प्रयतिः प्रयतिता भोक्ता पश्चस्तात् पश्च उत्कृष्ट आसीत् । भोग्यप्रपंक्त्कः भोक्ता प्रपंक्त्कस्य शेषेभूतं कृतवानित्यर्थः ।'विभाषा पश्चवश्चभ्याम्' (५-३-१९) इति प्रथमपि अस्तातिः ।'अस्ताति च ' (५-३-४०) इत्वश्चशब्दस्यावादेशः । अवस्तादिति संहितायाम् ईषाअदादित्वात् प्रकृतिभावः ।

સાયણાચાર્ય કહે છે કે રશ્મિ એટલે કિરણનું સર્જન અવિદ્યા રૂપે કામ અને કર્મ વડે થાય છે. તે ઉપર નીચે પ્રશ્ન દ્વારા સર્વથી પરનું સૂચન કરે છે. માયા સહિત પરમેશ્વર સર્વ જગત સૃષ્ટા છે. જે સ્વયં અનુપ્રવેશ કરીને ભોકતૃ અને ભોગ્ય વગેરે વિભાગ રચે છે. આથી ભોકતૃ ઉપર અને ભોગ્ય નીચે શબ્દ પ્રયોગ કરેલ છે. ૨૮

(૬) **को अघ्दा वेद क इह प्रवोचत् कुत आजाता कुत इयं विसृष्टिः श्च**
**अर्वाग्देवा अस्य विसर्जननाथा को वेद यत आबभूव श्च६ श्च**

**ભાષાંતર : સાચી રીતે કોણ જાણે છે ? અહીં કોણ કહે છે કે ''આ કયાંથી જન્મી ? આ કયાંથી સર્જાઈ ? આના નિર્માણ પછી દેવો થયા પછી કોણ જાણે છે કે શેમાંથી (આ બધું ઉત્પન્ન) થયું ?**

भाष्य :

एवं भोक्तृभोग्यरूपेण सृष्टिः संग्रहेण प्रतिपादिता ।'एतावद्वा इदमन्नं चैवान्नादश्च सोम एवान्नमग्श्चिनाद (शश्च)श्च-४-५-१३) इतिवत् । अथेदानी सा सृष्टिर्दुविज्ञानेति न विस्तश्चेणा भिहितेत्याह को अद्धेति । कः पुरूषः अद्धा पाश्चमार्थ्ये न वेद जानाति । कः वा इह अस्मिंल्लोके प्र वोचत प्रबूयात् । इयं दश्यमाना विसृतिः विविधा भूतभौतिकभोक्तृभोग्यादिरूपेण बहुप्रकाश्च सृष्टिः कुतः कस्मादुपादानकाश्चणात् । कुतः कस्मात्त्च निमित्तकाश्चणात् आजाता समन्ताज्जाता प्रादुर्भूता । एतदुभयं सम्यक् को वेद को वा विस्तश्चेण वक्तुं शश्चकुयादित्यर्थः । ननु देवाः अजानान्तः । सर्वज्ञास्ते ज्ञास्यन्ति वक्तुं शश्चकुवन्तित्यत्र आह - अर्वागिति । देवाः च अस्य जगतो विसर्जनेन् वियदादिभूतोत्पत्यनन्तश्चं विविधं यद भौतिकं सर्जनं सृष्टिस्तेन अर्वाक् अर्वाचीनाः कृताः । भूतसृष्टेः प ाज्जाता इत्यर्थः । तथाविधास्ते कथं स्वोत्पतेः पूर्वकालीनां सृष्टि जानी युः ।

अजानन्तो वा कथं प्रबूयुः । उक्तं दुर्विज्ञानत्वं निगम यति । अथ एवं सति देवा अपि न जानन्ति किल तद् व्यतिश्क्तिः कः नाम मनुष्यादिः वेद तज्जगत्काश्णं जानाति यतः काश्णात् कृत्स्नं जगत् आ बभूव अजायत् ।

ફરી ઋષિ સર્જન માટે જવાબદાર સર્જક અંગે પ્રશ્ન ઉઠાવે છે. સાયણ ભાષ્યમાં કહે છે કે ઉપાદાન કારણ શું છે ? નિમિત્ત કારણ શું છે ? તે જાણી શકાતું નથી. પ્રાદુર્ભાવ દેવ વગેરે પ્રશ્નો નિરુત્તર છે. ભૌતિક સૃષ્ટિનું સર્જન અર્વાચીન ભૂતસૃષ્ટિ એટલે કે સજીવો પછી થયા સ્વતઃ ઉત્પત્તે શબ્દ દ્વારા સૃષ્ટિ સર્જન કહી શકાય. વેદ જગત કારણ જાણી શકાય છે. ૨૯

(૭) **इयं विसृष्टिर्यत् आबभूव यदि वा दधे यदि वा न् श्च**

**यो अस्याघ्यक्षः परमे व्योमन् सो** अङ्गवेद **यदि वा न वेद श्च७ श्च**

**ભાષાંતર : જેમાંથી આ વિવિધ પ્રકારની સૃષ્ટિ થઈ તેને એ ધારણ કરે છે કે નહીં ? જે આનો અધ્યક્ષ પરમ વ્યોમમાં છે, ફકત તે જ જાણે છે અથવા કદાચ તે જાણતો ન હોય !**

भाष्य :

उक्तप्रकाश्ण यथेदं जगत्सर्जनं दुर्विज्ञानं एवं सृष्टं तजगत दुर्धश्मपीत्याह इयमिति । यतः उपादानभूतात् पश्मात्मनः इयं विसृष्टिः विविधा गिश्निदी समुज्ञादिरूपेण विचित्रा सृष्टिः आबभूव आजाता सोपि किल यदि वा दधे धाश्मति । यदि वा न धाश्मति । एवं च को नाम अन्यो धर्तुं शक्नुयात् । यदि धाश्मेदीश्वश्च एव धाश्मेन्नान्य इत्यर्थः । एतेन कार्यस्य धाश्यितृत्व प्रतिपादनेन ब्राह्मण उपादानकाश्णत्वम्उक्तं भवति । यथा च पाश्मार्षसूत्रम्, 'प्रकृति प्रतिज्ञादृष्टान्तानुपश्चेधात् ' (वेश्मूश्च-४-२३) इति । यद्वा । अनेनार्धर्चेन पूर्वोक्तं सृष्टेर्दर्ज्ञानत्वमेव दृढयति । को वेदेत्यनुवर्तते । इयं विविधा सृष्टिः यत आबभूव आसमन्तादजाययेति । इति को वेदा न कोडपि । नास्त्येव जगतोजन्म न कदाचिनीदशं जगदिति बहवो भ्रान्ताभवन्त्यपि । यतः ।'जनिकर्तुः प्रकृतिः' (१-४-३०) इत्यपादानसंज्ञायां पंचम्तत्तसिल । यस्मात्यश्मात्मनः उपादानभूतादाबभूव तं पश्मात्मानं

को वेद । न कोपि । प्रकृतितः पश्चमाणुभ्योऽपि वा जगज्जन्मेति हि बहवो भ्रान्ताः । तथा स एवोपादानभूतः पश्चमात्मा स्वयमेव  निमित्तभूतोऽपि सन् यदि वा दधे विदर्ध इदं जगत् ससर्ज यदि वान ससर्ज । असंदिग्धेसंदिग्धवचनमेतच्छास्त्राणि चेत्प्रमाणं स्युश्चिति यथा । स एव विदधे । ते को वेद । अजानन्तोऽपि बहवो जडात् प्रधानदकर्तृकमेवदें जगत्स्वयमजायतेति विपश्चीतं प्रतिपन्ना विदधतो विधानमजानन्तोऽपि । स एव उपादानभूत इत्यपि को वेद । न कोपि । उपादानादन्यस्तटस्थ एवेश्वश्चे विदधे इति हि बह्वः प्रतिपन्नाः । देवा अपि यन्न जानन्ति तदर्वाचीनानामेषां तत्यश्चिज्ञाने कैव कथेत्यर्थः । यद्येवं जगत्सृष्टिश्चत्यन्तदुश्चबोधा ना तर्हि सा प्रमाणपद्धतिमघ्यास्त इत्याशश्चय तत्सद्भावे ईश्वश्चवेदं प्रमाणयति यो अस्येति । अस्य  भूतभौतिकात्मकस्य जगत्तः यः अघ्यक्षः इश्वश्च पश्चमे उत्कृष्टे सत्यभूते व्योमन् व्योमन्याकाशे आकाशवन्निर्मले स्वप्रकाशे । यद्वा । अवतेस्तर्पणार्थात्'अन्येभ्योऽपि दश्यन्ते' इति मनिन् ।'नेड्वशि कृति' इतीट्प्रतिषेधः । 'ज्वश्चश्चवश्च' इत्यादिना वकाश्चेपधयोः रूठ् । सप्तम्या लुक् ।'नडि संबद्धयोः' इति नलोपप्रतिषेधः । व्योमनि विशेषेण तृप्ते । निश्चतिशयानन्दस्वरूप इत्यर्थः । यद्वा । अवतिर्गत्यर्थः । व्योमनि विशेषेण गते व्याप्ते । देशकालवस्तुभिश्चश्चिच्छिन्न इत्यर्थ । अथवा अवतिर्ज्ञानार्थः । व्योमनि विशेषेण ज्ञातश्चि विशिष्टज्ञानात्मनि । ईदशे स्वात्मनि प्रतिष्ठितः । श्रूयते हि सनत्कुमाश्चशनाश्चद संवादे'स भगवः कस्मिन् प्रतिष्ठित इति स्वे महिम्नि' (छाश्चश्च-२४-१) इति । ईदशो यः पश्चमेश्वश्च सो अङ्ग । अङ्गेति प्रसिद्धौ । सोऽपिनाम वेद जानाति । यदि वा न वेद न जानाति । को नाम अन्यो जानीयात । सर्वज्ञ ईश्वश्च एव तां सृष्टि जानीयात् नान्य इत्यर्थः ।

નાસદીય સૂકતના અંતિમ શ્લોકમાં ફરી અનિશ્ચિતતા સૂચક શબ્દ વપરાયેલ જોવા મળે છે. સાયણાચાર્ય ભાષ્યમાં કહે છે કે જગતસર્જન વિવિધ પ્રકારે વર્ણન જોવા મળે છે. પ્રધાન પ્રકૃતિથી વિપરિત પ્રકારની વાત અહીં કરવામાં આવી છે. સર્વજ્ઞ ઈશ્વર સૃષ્ટિ સર્જન કરે છે. તેમ જાણી શકાય છે. <u>ન અન્ય ઈતિ અર્થ</u>  શબ્દ સૂચક છે. કાર્યકારણના પ્રશ્નને સમજીએ તો કાર્યકારણ સ્વયં એક

પૂર્વધારણા છે. કારણ જેના સર્જન અંગે પ્રશ્ન ઉઠાવવામાં આવે છે તે જગતથી પર 'કાર્યકારણ' હોવું અશકય છે. [30]

## ૧.૩ <u>ચાર્વાક દર્શનમાં રજૂ થયેલ કાર્યકારણ વિભાવના</u>

ચાર્વાક દર્શન અનુસાર અનુમાન, ઉપમાન, શબ્દપ્રમાણ વગેરે પ્રમાણ જ નથી. [31] તેથી તે જ્ઞાન પ્રાપ્તિનું સાધન ન બની શકે. અનુમાન પ્રમાણ માનનાર લિંગ/હેતુ–વ્યાપ્તિ અને પક્ષધર્મતા સ્વીકારે છે. લિંગ–વ્યાપ્તિ પક્ષ ધર્મતા સાથે જોડાયેલ છે. વ્યાપ્તિનો અર્થ છે બે પ્રકારની ઉપાધિઓથી રહિત સંબંધ. બે પ્રકાર એટલે સંભવિત અને નિશ્ચિત વ્યાપ્તિ. પક્ષ અને લિંગ વચ્ચે સંબંધ સૂચક છે. ઉદાહરણ દ્વારા સમજાવે છે કે આંખ દર્શન ક્રિયામાં સહાયક અંગ છે. પરંતુ સ્વયં આંખોનું જ્ઞાન આવશ્યક નથી. આંખનું અસ્તિત્વ માત્ર પર્યાપ્ત છે. અનુમાનમાં લિંગનું વ્યાપ્તિ અને પક્ષધર્મતા અસ્તિત્વ હોવું જોઈએ. નિગમનમાં નહીં, વ્યાપ્તિ વાકયમાં હેતુ અને સાધ્યનો સંબંધ હોય છે. પક્ષધર્મતા વાકયમાં હેતુ અને પક્ષનો સંબંધ હોય છે, નિગમનમાં પક્ષ અને સાધ્યનો સંબંધ સ્થાપિત થાય છે. પ્રત્યેક અવસ્થામાં અનુમાનની સફળતા વ્યાપ્તિ પર અવલંબિત છે. પરંતુ વ્યાપ્તિનું જ્ઞાન કઈ રીતે પ્રાપ્ત થાય ?

તે પ્રશ્નના ઉત્તરમાં ન્યાય–વૈશેષિક દર્શન દોષનું વર્ણન કરે છે. કારણ વ્યાપ્તિ અનુમાન પર અને અનુમાન વ્યાપ્તિ પર આશ્રિત છે. આ ઉપરાંત સંભવિત જ્ઞાન પ્રાપ્ત થાય તો પણ દોષ ઉત્પન્ન થાય છે, અને નિશ્ચિત જ્ઞાન પ્રાપ્ત થાય તો પણ દોષ થાય છે. ટૂંકમાં અનુમાન દ્વારા વ્યાપ્તિ જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી.

### ૧.૩.૧ પ્રત્યક્ષ દ્વારા વ્યાપ્તિ જ્ઞાન અશકય

**न तावत्प्रत्यक्षम् ॥ तञ्च बाह्यमान्तरं वाङमिमत्तम् ॥ न प्रथमः ॥ तस्य संप्रयुक्तज्ञान जनकत्वेन भवति प्रसर संभवेडपिभूतभविष्यतो स्तसंभवेन् सर्वोपसंहारवत्या व्याप्ते दुर्ज्ञानत्वात् ॥ न च व्याप्तिज्ञानं सामान्यगोपरमिति मन्तव्यम् ॥ व्यक्त्यो रविनाभावाभाव प्रसङ्गति ॥ नाडपिचरमः ॥ अन्तः करणस्य बहिरिन्द्रियतन्त्रत्वेन बाह्येडर्षे स्वातन्त्र्येण प्रवृत्त्यनुपपत्तेः तदुक्तम्चक्षुराद्युक्तविषयं परतन्त्रं बहिर्मनः ॥इति ॥** [32]

પ્રત્યક્ષ પ્રમાણથી વ્યાપ્તિજ્ઞાન થઈ શકતું નથી. પ્રત્યક્ષ લૌકિક અને અલૌકિક એમ બે છે, જેને ચાર્વાક બાહ્ય પ્રત્યક્ષ બાહ્ય ઈન્દ્રિયો દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન સૂચવે છે. બાહ્ય પ્રત્યક્ષ ફકત વર્તમાનકાળ પૂરતું સીમિત જ્ઞાન આપે છે. વ્યાપ્તિ જ્ઞાન ભૂત–વર્તમાન–ભવિષ્ય ત્રણે કાળનું હોય છે. આથી બાહ્ય પ્રત્યક્ષ દ્વારા વ્યાપ્તિ જ્ઞાન અશકય બને છે. સામાન્યતો દષ્ટ દ્વારા પણ વ્યાપ્તિ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. કારણ અ–વિનાભાવ સંબંધ સ્થાપિત થઈ શકતો નથી. કારણ જાતિ અથવા સામાન્યમાં પ્રાપ્ત બધા ગુણ પ્રત્યેક સભ્યમાં હોય જ તે નિશ્ચિત નથી. આપણે તેનું પરીક્ષણ કરી શકતા નથી. તેથી તેનું અનુમાન પણ શકય નથી. આંતર પ્રત્યક્ષ દ્વારા પણ વ્યાપ્તિ જ્ઞાન થઈ શકતું નથી. આંતર પ્રત્યક્ષ મન દ્વારા થાય છે. પરંતુ મન બાહ્ય ઈન્દ્રિયોને આધીન છે. બાહ્ય ઈન્દ્રિયો દ્વારા પ્રાપ્ત જ્ઞાનની છાપ મન પર હોય છે. આથી મન સ્વયં જ્ઞાન પ્રાપ્ત કરી શકતું નથી. અથવા મન બાહ્ય ઈન્દ્રિયોની મદદ વિના સ્વતંત્ર રીતે જ્ઞાન પ્રાપ્ત કરવા અમસર્થ છે. આમ બંને પ્રકારના પ્રત્યક્ષ દ્વારા વ્યાપ્તિ જ્ઞાન અશકય બને છે.

### ૧.૩.૨ ઉપમાન પ્રમાણ દ્વારા વ્યાપ્તિ જ્ઞાન અશકય

**तेषां संज्ञासंज्ञिसंबन्धादि बोधकत्वेन अनौपाधिक संबन्धबोधकत्वा संभवात् ॥**[૩૩]

ઉપમાનમાં સંજ્ઞા–સંજ્ઞી સંબંધ હોય છે. સંબંધનું જ્ઞાન પ્રાપ્ત થવું તે જ ઉપમાન છે. વ્યાપ્તિમાં ઉપાધિ રહિત સંબંધ હોય છે, આથી ઉપમાનનું લક્ષ્ય વ્યાપ્તિજ્ઞાન છે જ નહિ.

**उपमितिकरणमुपमानम् ॥**[૩૪]

સંજ્ઞીનો સંજ્ઞા સાથેનો સંબંધ તે ઉપમિતિ–ઉપમિતિનું કારણ કે સાધન તે ઉપમાન, સાદશ્ય સંબંધ સમજવો, વ્યાપ્તિ સાદશ્ય સંબંધ દ્વારા સમજી શકાય નહિ. આમ, ઉપમાન માત્ર સંજ્ઞા અને સંજ્ઞી વચ્ચેનો સંબંધ દર્શાવે છે. આ દશ્ય સંબંધ સિવાયનો સંબંધ સ્થાપિત કરવાની ઉપમાનની શકિત નથી. આથી વ્યાપ્તિ જ્ઞાન ઉપમાન દ્વારા મળવું અશકય છે.

### ૧.૩.૩ અનુમાન અને શબ્દ પ્રમાણ દ્વારા વ્યાપ્તિ જ્ઞાન અશકય

**शब्दोपमानयोर्नैव पृथक्यमाण्यमिष्यते ॥**

**अनुमानगतार्थत्वादिति वैशेषिकं मत्तम् ॥**[૩૫]

મહર્ષિ કણાદ શબ્દને અનુમાન અંતર્ગત પ્રમાણ તરીકે સ્વીકારે છે. આથી ચાર્વાક અનુમાન અને શબ્દપ્રમાણ બંને દ્વારા વ્યાપ્તિ જ્ઞાન કઈ રીતે અશકય બને છે તેની ચર્ચા કરે છે.

જો અનુમાન દ્વારા વ્યાપ્તિ જ્ઞાન પ્રાપ્ત થાય તો અનુમાનની સિદ્ધિ માટે અન્ય અનુમાનની જરૂરત ઉભી થાય. આ રીતે અનવસ્થા દોષ ઉત્પન્ન થાય છે. શબ્દ પ્રમાણ અલગ પ્રમાણ તરીકે સ્વીકારીએ તો પણ middle term લિંગ જરૂરી બને છે.

શબ્દ પ્રમાણમાં શકિતગ્રહ દ્વારા વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. શકિતગ્રહ વ્યાકરણ, ઉપમાન, શબ્દકોશ, આપ્ત–વાકય, વૃધ્ધ–વ્યવહાર વગેરે દ્વારા થાય છે. શકિતગ્રહ એટલે શબ્દ દ્વારા નિશ્ચિત અર્થ સાથે સંબંધ સ્થાપિત કરવો. જેમ કે, ગાય શબ્દ પ્રયોજવાથી ચાર પગ, બે શીંગડા, લાંબા પૂંછડાવાળું પ્રાણી સ્પષ્ટ થાય છે. ભર્તૃહરિ વાકયપદીયમાં તેનો ઉપયોગ (વિસ્તૃત ચર્ચારૂપે) કરે છે. [૩૬] અર્થવિજ્ઞાન એટલે શબ્દશકિત તેમ પણ કહેવાય છે. શબ્દપ્રમાણ દ્વારા વ્યાપ્તિ જ્ઞાન અશકય છે. કારણ કે અ–વિનાભાવ સંબંધ અશકય બને છે. શબ્દપ્રમાણ સ્વયં પ્રમાણ બને તે. નહિ કે સંબંધ. સંબંધ સ્થાપિત કરતાં સ્વાશ્રય દોષ બને છે.

### ૧.૩.૪ અન્ય પ્રમાણ દ્વારા વ્યાપ્તિ જ્ઞાન અશકય

**किं च उपाध्यमावोडपि दुखगमः श्च उपाधीनां प्रत्यक्षत्व नियमासम्मवेन प्रत्यक्षाणाममावस्य प्रत्यक्षत्वेडपि अ-प्रत्यक्षाळाममावस्य अप्रत्यक्षतयाडनुमानाद्यपेक्षा-यामुक्तदूषळामतिवृत्तिः श्च अपि च 'साधनाव्यापकत्वे सति साघ्य समव्याप्तिः श्च इति तल्लक्षणकक्षीकर्तव्यम् श्च तदुक्तम् श्च**[૩૭]

અ–ભાવ દ્વારા વ્યાપ્તિ જ્ઞાન સંભવ નથી. ઉપલબ્ધિનો અભાવ. અર્થાત્ અનુપલબ્ધિ પ્રમાણ. જયારે આપણને ભાવનું જ્ઞાન હોય છે, ત્યારે જ આપણે અ–ભાવનું જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ છીએ. ભાવરૂપ પદાર્થ પ્રત્યક્ષ હોય તો જ્ઞાન જરૂરી છે, અ–પ્રત્યક્ષ હોય તો અનુમાન દ્વારા તેને સમજવો પડે.

ટૂંકમાં અભાવનું જ્ઞાન પ્રત્યક્ષ અને અનુમાન દ્વારા પ્રાપ્ત થઈ શકે. આપણે આગળ જોયું તેમ, પ્રત્યક્ષ અને અનુમાન દ્વારા વ્યાપ્તિ જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. આથી અ–ભાવ દ્વારા આપણે વ્યાપ્તિ જ્ઞાન પ્રાપ્ત કરવામાં અસફળ બનીએ છીએ.

સમ અને વિષમ વ્યાપ્તિ એમ બે પ્રકાર છે. બે વસ્તુઓ વચ્ચે બરાબર (સમાનતાનો સંબંધ) જોવા મળે તે સમ વ્યાપ્તિ અને વિષમ વ્યાપ્તિ એટલે ભેદયુકત વ્યાપ્તિ. જેમ કે, '' ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય. પરંતુ અગ્નિ હોય ત્યાં ધૂમાડો ન પણ હોય.''

સિધ્ધાન્તમુકતાવલિમાં કહ્યું છે કે સાધ્યના રૂપમાં સ્વીકૃત વસ્તુનું વ્યાપક અને સાધનના રૂપમાં સ્વીકૃત અ–વ્યાપક હોય તે ઉપાધિ છે. સાધ્યનું વ્યાપકપણું અત્યંતાભાવના વિરોધ દ્વારા જ શકય બને. આમ, સાધનમાં ઉપાધિની અ–વ્યાપ્તિ રહે તો અસિધ્ધ હેત્વાભાસ બને છે. અત્રે સંક્ષેપમાં હેત્વાભાસનાં પાંચ પ્રકારના ફકત નામ અસિધ્ધ–બાધિત સ–વ્યભિચાર – વિરૂદ્ધ અને પ્રકરણ સમ છે યાદિ માટે રજૂ કર્યા છે. [૩૮]

## ૧.૪ ખંડનખંડ ખાદ્ય ગ્રંથમાં અનુમાન પ્રમાણનો ઈન્કાર

**सम समाविना मावावेकत्रस्तो यदातदा श्च**

**समेत यदि नौ व्याप्तस्तयोर्हीनो ड प्रयोजकः श्श्च** [૩૯]

નિરંતર એક સાથે રહેવાવાળી વ્યાપ્તિ સમ. જેવી રીતે પૃથ્વી અને ગંધ. નિરંતર એક સાથે ન રહેવાવાળી વિષમ વ્યાપ્તિ. જેમ કે ધૂમાડો અને અગ્નિ. પરંતુ, અગ્નિ અને ધૂમાડામાં અગ્નિ અ–સમ અને ધૂમાડો સમ વ્યાપ્તિ.

શ્લોકનો અર્થ છે. જયારે સમ અને વિષમ વ્યાપ્તિ (અ–વિનાભાવ) એક સ્થળ પર વિદ્યમાન હોય અને સમ દ્વારા અ–સમ કે વિષમ વ્યાપ્ત ન થઈ શકે તો સાધ્યને સાબિત કરવામાં હેતુ નિષ્ફળ જાય છે. કોઈપણ પ્રકારે સમ–વ્યાપ્તિની અનિવાર્યતા સ્પષ્ટ થાય છે.

આ રીતે કહી શકાય કે અન્યોન્યાશ્રયદોષ તેમજ અનવસ્થાદોષના પરિણામે અનુમાન પ્રમાણને સ્વીકારી શકાતું નથી. તેમજ વ્યાપ્તિ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. દોષ દ્વારા ચાર્વાક વજ લેપ લગાડી કહે છે કે અ–વિનાભાવ દુર્બોધ હોવાથી અનુમાન વગેરે પ્રમાણોનું કોઈ સ્થાન રહેતું નથી.

સંક્ષેપમાં પૂર્વ સંસ્કારના લીધે પ્રથમ બનતી ઘટના અને દ્વિતીય બનતી ઘટના વચ્ચે કાર્યકારણ સંબંધ સ્થાપિત કરવાનો પ્રયત્ન થાય છે. પરંતુ, અન્વય વ્યતિરેક ન હોવાથી બંને ઘટના અનુક્રમે કયારેક બને છે, કયારેક બનતી નથી. તેથી કાર્યકારણ પ્રશ્ને અનુમાન વગેરેનું કોઈ સ્થાન નથી, અથવા કાર્યકારણ સંબંધ અનુમાન દ્વારા સમજી શકાય નહિ.

અંતમાં વિશ્વની વિવિધતા માટે આકસ્મિકતા પણ સ્વીકાર્ય નથી. પરંતુ તે સ્વભાવ સિધ્ધ છે. દરેકની પ્રકૃતિ પ્રમાણે તેનો ગુણ સર્જાય છે અથવા જ્ઞાત થાય છે.

## ૧.૫ ન્યાય–વૈશેષિક દર્શન અનુસાર કાર્યકારણ વિચાર

**अनन्यथा सिद्धत्वे सति कार्य नियत पूर्ववर्ती कारणम् श्च**[४०]

તર્ક સંગ્રહમાં કારણની વ્યાખ્યા કરતા કહેવાયું છે કે જે નિયત પૂર્વવર્તી અને અનન્યથા સિદ્ધ ત્રણેય લક્ષણ વ્યકત કરતું હોય તે કારણ કહેવાય. કારણ હંમેશાં કાર્યની પહેલાં અસ્તિત્વ ધરાવે છે. કારણ સિવાય કોઈ પરિબળમાંથી કાર્યની ઉત્પત્તિ થઈ શકે નહીં. આથી તે અનન્યથા સિદ્ધ કહેવાય. કારણ બહુત્વનો સિદ્ધાંત તર્ક સંગ્રહ અનુસાર સ્વીકારી શકાતો નથી.

**यस्य कार्यात् पूर्वभाव नियतोडनन्यथा सिद्ध तत् कारणम् श्च**[४१]

તર્ક ભાષા કારણની સમજૂતિ આપતાં કહે છે કે જે કાર્યની પૂર્વે ભાવ (અસ્તિત્વમાન હોય) રૂપ હોય; નિયત હોય અને અનન્યથા સિદ્ધ હોય તેને કારણ કહે છે.

**कारणभावात् कार्यभावः श्च**[४२] **न तु कार्यभावात् कारणाभाव श्च**[४३]

વૈશેષિક સૂત્રમાં બંને સૂત્ર દ્વારા કહ્યું છે કે ભાવાત્મક સામગ્રીનો સરવાળો અને અભાવાત્મક સામગ્રીનો અભાવ એટલે કારણ. કાર્યકારણની પ્રક્રિયામાં શકિતની વહેંચણી થાય છે. કાર્યશકિત અને કારણશકિત. અવયવ અવયવીના ભેદના સિદ્ધાંત પર ન્યાય – વૈશેષિકનો કારણવાદ રહેલો છે. તેવો અંતિમ તત્વ અને જગતના સંબંધમાં અવયવ અવયવી ભેદ સ્વીકારે છે. જેને સ્વગત ભેદ તરીકે ઓળખવામાં આવે છે. કારણ રૂપ અને કાર્ય રૂપ અવયવીને સમવાય સંબંધ કહે છે. કાર્યકારણથી

સર્વથા ભિન્ન છે. તેમ ન્યાય દર્શન માને છે તેઓ અસત્ કાર્યવાદ સ્વીકારે છે. કારણના ત્રણ પ્રકાર સ્વીકારે છે.

### ૧.૫.૧ કારણના પ્રકાર [૪૪]

**સમવાયીકારણ :** જે એકાદ મૂળભૂત વસ્તુમાંથી કાર્ય ઉત્પન્ન થાય છે તે કાર્યનું સમવાયી કારણ છે. સમવાય સંબંધથી ઉત્પન્ન થનારા કાર્યનું કારણ તે સમવાયીકારણ કહેવાય છે. ન્યાય વૈશેષિક દર્શન પરમાણુને જગત સર્જન માટે સમવાયી કારણ તરીકે રજૂ કરે છે.

**અ–સમવાયીકારણ :** કાર્યને પરિણામી બનાવવામાં મદદ કરે તે અ–સમવાયી કારણ. અ–સમવાયી કારણ સમવાયી કારણમાં રહેલું છે. ગુણ કે કાર્ય એટલે અ–સમવાયીકારણ. વિશિષ્ટ સંયોગ તે અ–સમવાયીકારણ. વિશિષ્ટ સંયોગ અને જગત સર્જન માટે અસમવાયી કારણ ન્યાય દર્શન સ્વીકારે છે.

**નિમિત્તકારણ :** સમવાયી અને અ–સમવાયી બંને પ્રકારના કારણોથી ભિન્ન હોય એવી જેટલી વસ્તુ ઉત્પન્ન થનારા કાર્યને માટે જરૂરી હોય તેને 'નિમિત્તકારણ' કહેવામાં આવે છે. નિમિત્ત કારણ એક પ્રકારની શકિત છે. જે દ્વારા સમવાયી કારણમાંથી કાર્ય નિપજે છે. નિમિત્તકારણ દ્રવ્ય–ગુણ. કર્મ હોઈ શકે છે. નિમિત્તકારણ કાર્યને ઉત્પન્ન કરીને પછી તેનાથી પૃથક્ થઈ જાય છે.

પૂર્વજ્ઞાનને લીધે બીજું જ્ઞાન ઉત્પન્ન થાય છે. ત્યારે પૂર્વજ્ઞાન એ બીજા જ્ઞાનનું અ–સમવાયી કારણ બને છે, જેનું જ્ઞાન થાય છે તે વસ્તુ જ્ઞાનનું ત્રીજા પ્રકારનું એટલે નિમિત્તકારણ છે.

ઉદાહરણ દ્વારા સમજાવવામાં આવે છે કે, માટી સમવાયીકારણ છે, માટલા કે ઘડાનો બાહ્ય દેખાવ કે આકાર સમવાયી કારણ અને માટલું બનાવનાર કુંભાર નિમિત્તકારણ છે. જગત્ના સર્જન માટે ન્યાય–વૈશેષિક દર્શન ચાર પ્રકારના પરમાણુને સમવાયીકારણ કહે છે, વૈવિધ્ય સભર જગત્. અ–સમવાયીકારણ છે. જગત્ સર્જક ન્યાય દાર્શનિક ઉદયનાચાર્ય ઈશ્વરને ગણાવે છે. કાર્યકારણ સંદર્ભે ન્યાય–વૈશેષિક દર્શન અસત્ કાર્યવાદ સ્વીકારે છે.

### ૧.૫.૨ અસત્ કાર્યવાદ

કાર્યક્ષણનું કારણ ક્ષણ બાદ વિદ્યમાન હોવું એટલે ઉત્પત્તિ. [૪૫] ન્યાય દર્શન અનુસાર ક્રિયા થાય એ પહેલાં કાર્ય હાજર હોતું નથી. કારણ સમાપ્ત થાય અને અસર નવેસરથી ઉત્પન્ન થાય છે. કાર્ય નીપજયું તે પહેલાં તેનો અભાવ હતો. કારણમાં તે હતું નહિ. કાર્ય એ નવીન ઉત્પન્ન થયેલું છે.

કારણક્ષણનું કાર્યક્ષણ પછી વિદ્યમાન ન રહેવું. એટલે વિનાશ [૪૬] શ્રી વિશ્વનાથ કહે છે કે કારણના નાશ પછી જ ક્ષણનું સર્જન થાય છે. કાર્ય જે ક્ષણે વિદ્યમાન થાય તે ક્ષણે કારણ વિદ્યમાન રહેતું નથી.

ન્યાય દર્શનનો મત આરંભવાદ પણ કહેવાય છે.[૪૭] પંડિત સુખલાલજી ભારતીય તત્વવિદ્યા પુસ્તકમાં આરંભવાદના લક્ષણ આપે છે. તેમના મતે પરસ્પર ભિન્ન એવા અનંત મૂળ કારણોનો સ્વીકાર  કાર્ય અને કારણનો આત્યન્તિક ભેદ; કારણ નિત્ય હોય કે અનિત્ય પણ કાર્યોત્પતિમાં એનું પરિણામી રૂપે રહેવું, અપૂર્વ અર્થાત્ ઉત્પત્તિ પહેલાં અસત્ એવા કાર્યની ઉત્પત્તિ યા અલ્પકાલીન સત્તા.

શ્રી વિશ્વનાથ ન્યાય સિધ્ધાંત મુકતાવિલમાં કહે છે કે, બે તંતુઓમાં રહેતો પટ, ત્રણ તંતુઓમાં રહેતો પટ બંને ભિન્ન દ્રવ્યો છે. આ મતના સ્થાને સ્વમત રજૂ કરે છે કે, બં તંતુઓના બનેલા પટની ઉત્પત્તિ પછી જયારે ત્રીજો તંતુ ઉમેરવામાં આવે છે ત્યારે પેલા બે તંતુઓનો સંયોગ આઘાતથી નાશ પામે છે, અને તે સંયોગનો નાશ થાય તે સંયોગ જેનું અ–સમવાયીકારણ છે તે બે તંતુઓના બનેલા પટનો પણ નાશ થાય છે. આમ અંતિમ પટ જ તંતુઓમાં રહે છે.

જયાં સુધી તેનું તે જ કાર્યદ્રવ્ય અસ્તિત્વ ધરાવે છે, ત્યાં સુધી તેનો આરંભક અવયવોમાં એકનોય વધારો કે ઘટાડો (ચયોપચય) અશકય છે. જે અમુક સંખ્યાવાળા અવયવોનો બનેલો એક અવયવી છે, તે તેનો તે જ ન રહી શકે. જો તેના તે આરંભક અવયવોમાંથી એક અવયવને પણ કાઢી લેવામાં આવે કે તેમનામાં એકને પણ ઉમેરવામાં આવે તો અસમવાયિકરણરૂપ પહેલાના તંતુઓનો સંયોગ નાશ પામે છે. અને પટનો નાશ થાય છે. તદ્દન નવા અવયવીરૂપે બીજો પટ ઉત્પન્ન થાય છે.

આ ઉપરાંત અસત્ કાર્યવાદના સ્થાપન માટે દલીલ કરતાં કહે છે કે, જો કાર્ય તેની ઉત્પત્તિ પૂર્વે કારણમાં રહેતું હોત તો પછી નિમિત્ત કારણની કશી જરૂર જ રહેતી નથી. જો કાર્યની તેની ઉત્પત્તિ પૂર્વે કારણમાં રહેલું હોય તો કાર્યની ઉત્પત્તિ થયા બાદ 'આ ઉત્પન્ન થયું', 'કાર્ય ઉત્પન્ન

થયું' વગેરે વિધાનો તદ્દન અર્થરહિત નીવડત. પરંતુ આપણે જાણીએ છીએ કે આ પ્રકારના વાકય પ્રયોગ થાય છે તે સાબિત કરે છે કે કાર્ય ઉત્પત્તિ પહેલાં કારણમાં રહેલ નથી. અનુભવ દ્વારા બંને કાર્ય–કારણ વચ્ચે સ્પષ્ટ ભેદ દેખાય છે. જો બંને એક જમાં હોવાનો ભિન્ન શબ્દ પ્રયોજન નિષ્ હેતક બને. બંને દ્વારા ભિન્ન ભિન્ન હેતુ સર થાય છે. મતલબ બંનેનો ઉપયોગ ભિન્ન ભિન્ન છે. આકારની ભિન્નતા પણ છે. કાર્યનો આકાર કારણના આકારથી ભિન્ન હોય છે. આથી કાર્યનું નિર્માણ થઈ ગયા બદ એમ માનવું પડે છે કે કાર્યના આકારનો કે જે કારણમાં અસત્ હતું તેનો પ્રાદુર્ભાવ થયો. આ રીતે અસત્માંથી સત્ની ઉત્પત્તિ થાય છે.

સંક્ષેપમાં કહી શકાય કે ન્યાય દર્શન અસત્ કાર્યવાદ દ્વારા વિકાસ કે પરિણામને કારણથી ભિન્ન માને છે. વાસ્તવમાં કાર્યકારણ સંબંધ કૃત્રિમ કે મનઘડત છે. બે ભિન્ન ઘટનાને એક સાથે જોડવાથી સમસયા ઉત્પન્ન થાય છે. [૪૮]

## ૧.૬ **સાંખ્ય યોગદર્શનમાં કાર્યકારણ વિભાવના**

સાંખ્ય યોગ દર્શન યુગ્મ છે. સાંખ્યશાસ્ત્ર મૂળ સૂત્રો કપિલ મુનિ દ્વારા રચવામાં આવેલ છે. યોગસૂત્રો પતંજલિ ઋષિ દ્વારા રચાયા છે. બન્ને કાર્યકારણ પ્રશ્ને સમાન મત ધરાવે છે. તેમાં સાંખ્યકારિકા જે ઈશ્વરકૃષ્ણ રચિત છે તે મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સાંખ્યકારિકા પર માઠર, સૂવર્ણ સપ્તતિશાસ્ત્ર, ગૌડપાદ, જય મંગલા, તત્વકૌમુદી વગેરે ટીકાઓ લખવામાં આવી છે. તત્વમીમાંસકીય તેમજ અમારા મહાનિબંધ પ્રકલ્પના સંદર્ભે અમારા મતે સાંખ્યતત્વ કૌમુદી મહત્વપૂર્ણ ગ્રંથ છે. આથી અમો તેમના સંદર્ભ સાથે સાંખ્ય દર્શનમાં રજૂ થયેલ સતકાર્યવાદનું આલેખન કરીશું.

કારણ વ્યાપારની પહેલાં જો કાર્યનો અભાવ જ હોય તો ગમે તે ઉપાયે પણ તેની ઉત્પત્તિ સંભવે જ નહિ. વસ્તુના મૂળકારણ રૂપમાં જે નથી તેને કાર્યરૂપે કેવી રીતે નીપજાવી શકાય ? જગત જો કારણાવસ્થામાં ન હોય તો કાર્યાવસ્થામાં અસ્તિત્વ ન સંભવે. આથી કાર્ય અને કારણ બન્ને સત છે. કારણ પ્રકૃતિ કાર્ય–જગત સત છે. વાસ્તવિક છે. આટલી  પૂર્વ ભૂમિકા પછી સતકાર્યવાદનું આલેખન કરીએ.

### ❖ **સત કાર્યવાદ :**

असदकश्चादुपादानग्रहणात्सर्वसम्भवाभावात् ।

शक्तस्य शक्यकश्चात्काश्चभावाच सत्कार्यम् ।। ४९

**અનુવાદ :**

અસતને કરી ન શકાય, સામગ્રીનું ગ્રહણ કરવામાં આવે છે, બધામાંથી બધું સંભવતું નથી, ફકત એવું કારણ શકય એવા કાર્યને ઉત્પન્ન કરે છે અને કારણનો ભાવ છે. તેથી કાર્ય સત છે.

❖ **સાંખ્ય તત્વ કૌમુદી :**[૫૦]

सत्कार्च्यं - 'काश्चव्यापाश्चत्प्रागपि' इति शेषः । तथा च न सिद्धसाधनं नैयायिकतनयैरूद्भावनीयम् ।

यद्यपि बीजमृत्पिण्डादिप्रध्वंसानन्तश्चश्चुश्चटाद्युत्पत्तिरूपलभ्यते तथापि न प्रध्वंसस्य काश्चत्वम्, अपि तु भावस्यैव बीजाद्यवयवस्य । अभावात्तु भावोत्पत्तौ तस्य सर्वत्र सुलभत्वात्सर्वत्र सर्वकार्य्योत्पादप्रसङ्ग इत्यादि न्याय वार्तिकतात्पर्य्यटीकायामभिहितमस्माभिः ।

प्रपंक्तक्रः प्रत्ययश्चासति बाधके न शक्यो मिथ्येति वदितुम् । इति कणभक्षाक्षचश्च- मतमवशिष्यते ।

तत्रेदं प्रतिज्ञातम् -'सत्कार्य्यम्' इति ।

तत्र हेतुमाह -'असदकश्चात्' इति ।

असच्चेत्काश्चव्यापाश्चत्पूर्वं कार्य्यं नास्य सत्त्वं कतु केनापि शक्यम् । नहि नीलं शिल्पिसहस्रेणापि पीतं कर्तुं शक्यते । सदसत्त्वे घटस्य धर्माविति चेत्, तथाप्यसति धर्मिणि न तस्य धर्म इति सत्त्वं तदवस्थमेव तथा च नाडसत्त्वम् । असंवद्धेनाडतदात्मना चाडसत्त्वेन कथमसन्धटः ।

तस्मात्काश्च्नाव्यापाश्चदूर्ध्वमिव ततः प्रागपि सदेव कार्य्यमिति ।

काश्च्नाच्चास्य सतोऽभिव्यक्तिश्चेन्नावशिष्यते ।

सतश्चाभिव्यक्तिश्चपपन्ना, यथा पीडनेन तिलेषु तेलस्य, अवघातेन धान्येषु तण्डुलानां, दोहनेन सौश्चमेयीषु पयसः ।

असतः कश्चणे तु न निदर्शनं किञ्चिदस्ति, न खल्वभिव्यज्यमानं चोत्पद्यमानं कचिदसद् श्चष्टम् ।

इत काश्चगव्यापाश्चत्प्राक्सदेव कार्य्यम् । 'उपादानग्रहणात् ' - उपादानानि काश्चानि तेषां ग्रहणं कार्य्येण संबन्धः, उपादानैः कार्य्यस्य संबन्धादिति यावत्  ।

एतदुक्तं भवति-कार्य्येण संबद्धं काश्चणं कार्य्यस्य जनकं संबन्ध कार्य्यस्यासतो न भवति तस्मात्सदिति ।

स्यादेतत् - असंबद्धमेव काश्चणैः कस्मात्कार्य्य न जन्यते तथा चासदेवोत्पत्स्यतेऽत आह - 'सर्वसम्भवाभावात् ' इति । असंबद्धस्य जन्यत्वे असंबद्धत्वाविशेषेण सर्वं कार्यजातं सर्वस्माद्भवेत्, न चैतदस्ति । तस्मान्नासंबद्धसंबद्धेन जन्यतेऽपि तु संबद्धं संबद्धेन जन्यत इति ।

यथाहुः साख्ङ्यवृद्ध : 'अस वे नास्ति संबन्धः काश्चणैः सत्त्वसङ्गिभिः । असंबद्धस्य चोत्पत्तिभिच्छतो न व्यवस्थितिः ।। इति ।

स्यादेतत् - असंबद्धमपि सत्तदेव कश्चेति यत्र यत्काश्चणं शक्तं, शक्ति काश्चणस्य कार्य्यदर्शनादवगम्यते, तेननाव्यवस्थेत्यत आह् -'शक्तस्य शक्यकश्चणात्' इति ।

सा शक्तिः शक्तकाश्चणाश्रया सर्वत्र वा स्यात्, शक्य एव । सर्वत्र चेत्, तदवस्थैवाऽव्यवस्था । शक्ये चेत्कथमसिति शक्ये तत्र इति वक्तव्यम् । शक्तिभेद एव

स ताश्चशो यतः किञ्चिदेव कार्य्यं जनयेन्न सर्वमिति चेत्, श्चन्त भोः स शक्तिविशेषः कार्य्यसंबद्धो वाऽसंबंद्धो वा । संबंद्धेत्वे नाऽसता संबन्ध इति सत्कार्य्यम् । असंबद्धत्वे सैवाऽव्यवस्था, इति सुष्ठक्तम् -'शक्तस्य शक्यकश्चणात्' इति ।

इत सत्कार्य्यमित्याह -'काश्चणभावाच्च' । कार्य्यस्य काश्चणात्मकत्वात् । नहि काश्चणाद्भिन्नं कार्य्यम् । काश्चणं च सदिति कथं तदभिन्नं कार्य्यमसद्भवेत् ।

## ❖ સમીક્ષાત્મક મૂલ્યાંકન :

કાર્ય એની ઉત્પત્તિ પછી જ અસ્તિત્વમાં આવે છે એવું નથી પણ એની દેખીતી ઉત્પત્તિ પહેલાં પણ એ અસ્તિત્વ ધરાવે છે. કાર્ય એ કાંઈક તદન નવી જ વસ્તુ નથી, પણ કારણનો જ અન્યથાભાવ છે અને સત્કાર્યવાદ કહે છે. સતકારણ સતકાર્યને ઉત્પન્ન કરે છે. સત્કાર્યવાદના પ્રતિપાદન માટે પાંચ દલીલો આપી છે. [૫૧]

## ❖ દલીલો [૫૨]

### १. असद्कश्चणात् :-

જે અસત છે તેને કરી ન શકાય એટલે કે જેનું અસ્તિત્વ જ નથી તે પદાર્થ અસ્તિત્વમાં આણવો શકય નથી. કાર્ય ઉત્પત્તિ પૂર્વે પણ અસ્તિત્વ ધરાવતું હોવું જ જોઈએ.

### २. उपादानगृहणात् :-

અમુક કાર્ય ઉત્પન્ન કરવા માટે આપણે અમુક ચોકકસ કારણનું જ ગ્રહણ કરીએ છીએ. વ્યવહારમાં અમુક સામગ્રી જ અમુક કાર્યને માટે જોઈએ છે. તેથી સ્પષ્ટ થાય છે કે કાર્યનું કારણમાં અસ્તિત્વ છે.

૩. <u>सर्व सम्भवाभावात्</u> :-

બધાંમાથી બધુ ઉત્પન્ન થઈ શકતું નથી. જો કાર્ય ઉત્પત્તિ પહેલાં અસ્તિત્વ ન ધરાવતું હોય તો એ ગમે તેમાંથી ઉત્પન્ન થઈ શકે એમ બનવું જોઈએ. પણ એવું નથી. અમુક કાર્ય અમુક કારણમાંથી જ ઉત્પન્ન થાય છે. બધામાંથી નહિ.

૪. <u>शक्तस्य शक्यकश्णात्</u> :-

કારણ કાર્ય ઉત્પન્ન કરવા માટે શકત છે. સમર્થ છે અને કાર્ય ઉત્પન્ન થવા માટે શકય છે. જે શકત હોય તે જે શકય હોય તેને જ કરી શકે. અમુક જ કારણ અમુક કાર્યને ઉત્પન્ન કરી શકે બીજાને નહિ એ આ શકિતભેદનું જ પરિણામ છે, અને કાર્ય જો અસત હોય તો એ શકય ન બને તેમ કારણ એને માટે શકત પણ હોઈ શકે.

૫. <u>काश्णभावात्</u> :-

કારણ અને કાર્ય અભિન્ન છે. કારણ એ જ કાર્યનું હાર્દ છે અને કારણ સત છે તો એનાથી અભિન્ન એવું કાર્ય અસત કેવી રીતે હોઈ શકે? જે લક્ષણ કારણનું છે તે જ કાર્યનું પણ છે.

કાર્ય અને કારણના અભેદના અર્થમાં છેલ્લી દલીલ સમજાવીને પછી તત્વ કૌમુદ્દીકાર બન્નેનો અભેદ સિધ્ધ કરવા માટે કાર્યનું કારણધર્મત્વ, ઉપાદાન યાદેવભાવ, સંયોગાપ્રાપ્ત્યભાવ અને ગુરૂવાન્તરકાર્ય અગ્રહણ – વગેરે ચાર પ્રમાણો આપે છે.

कार्यस्य काश्णाभेदसाधनानि च प्रमाणानि - न पटस्तन्तुभ्यो भिद्यते तद्धर्मत्वात् । इह यद्यतो भिद्यते तत्तस्य धर्मो न भवति यथा गौश्श्वस्य । धर्म पटस्तन्तूनाम् । तस्मान्नार्थान्तश्म् । उपादानोपादेयभावाच्च नार्थान्तश्त्वं तन्तुपटयोः । ययोश्र्थान्तश्त्वं न तयोश्पादानोपादेभावो यथा घटपटयोश्पादानोपादेयभाव तन्तुपटयोः । तस्मान्नार्थान्तश्त्वमिति । इत नार्थान्तश्त्वं तन्तुपटयोः । संयोगाडप्राप्त्यभावादर्थान्तश्त्वे हि संयोगो श्ष्टो यथा कुण्डबदश्योश्प्राप्तिर्वा यथा हिमवद्विन्घ्ययोर्न चेह संयोगप्राप्ती तस्मान्नार्थान्तश्त्वमिति । इत पटस्तन्तुभ्यो न भिद्यते । गुरूत्वान्तश्कार्य्याग्रहणात् । इह

यद्यस्मात्भिन्नं तस्मात्तस्य गुरूत्वान्तश्चकार्य्यं गृह्यते । यथैकपलिकस्य स्वस्तिकस्य यो गुरूत्वकार्य्योडबनति - विशेषस्तस्माद्विपलिकस्य स्वस्तिकस्य गुरूत्वकार्य्योडवनतिभेदोडधिकः । न च तथा तन्तुगुरूत्वकार्य्यात्पट- गुरूत्वकार्य्यान्तरं दृश्यते । तस्मादभिन्नस्तन्तुभ्यः पट इति ।

तान्येतानभेदसाधनान्यवितानि । एवमभेदे सिद्धे तन्तव एव तेन तेन संस्थानभदेन परिणताः पटो, न तन्तुभ्योडर्थान्तरं पटः । स्वात्मनि क्रियानिरोधबुद्धिव्यपदेशा- र्थक्रियाव्यवस्थाभेदा नैकान्तिकं भेदं साधयितुमर्हन्ति । एकस्मिन्नपि तत्त द्विशेषा आवि- र्भावतिरोभावाभ्यामेतेषामविरोधात् ।

यथा हि कूर्मस्याङ्गानि कूर्मशरीरे निविशमानानि तिरोभवन्ति, निस्सरन्ति चाविर्भवन्ति न तु कूर्मतस्तदङ्गान्युत्पद्यन्ते प्रध्वंसन्ते वा, एवमेकस्या मृदः सुवर्णस्य वा घटमुकुटादयो विशेषा निस्सरन्त आविर्भवन्त उत्पद्यन्त, इत्युच्यन्ते, निविशमाना तिरोभवन्तो विनश्यन्तीत्युच्यन्ते । न पुनरसतामुत्पादः सतां वा निरोधः । यथाह भगवान्कृष्णद्वैपायनः -'नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।' इति । यथा कूर्म स्वावयवेभ्यः संकोचविकासिभ्यो न भिन्न एवं घटमुकुटादयोपि मृत्सुवर्णादिभ्यो न भिन्नाः । एवं च-इह तन्तुषु पट इति व्यपदेशोपि यथा इह वन तिलक इत्युपपन्नः ।

न चाआर्थक्रियाभेदोआपि भेदमायादयति, एकस्यापि नानार्थक्रियादर्शनात् । यथैक एव वह्निर्दाहकः पाचकः प्रकाशक ेति ।

नाप्यर्थक्रियाव्यवस्था वस्तुभेदे हेतुः तेषामेव समस्तव्यस्तानामर्थ- क्रियाव्यवस्थादर्शनात् । यथा प्रत्येकं विष्टयो वर्त्मदर्शनलक्षणामर्थक्रियां कुर्वन्ति न तु शिबिकावहनं, मिलितास्तु शिबिकां वहन्ति, एवं तन्तवः प्रत्येकं प्रावरणमकुर्वाणा अपि मिलिता आविर्भूतपटभावाः प्रावरियन्ति ।

स्यादेतद्, आविर्भावः पटस्य काश्चगव्यापाश्चत्प्राक् सन्नसन्वा । असं ेत प्राप्तं तर्ह्यसदुत्पादनम् । अथ सन्, कृतं तर्हि काश्चगव्यापाश्चेग । न हि सति कार्य्ये काश्चगव्यापाश्चयोजनं पश्यामः । आविर्भावे चाविर्भावान्श्चकल्पनेडनवस्थाप्रसङ्गः । तस्मादाविर्भूत पटभावास्तन्तवः क्रियन्त इति श्चिक्तं वचः ।

अथाडसदुत्पद्यत इत्यत्रापि मते केयमसदुत्पत्तिः सती, असती वा । सती चेत्, कृतं तर्हि काश्चगैः । असती चेत्, तस्या अप्युत्पत्त्यन्तश्चमित्यनवस्था ।

अथोत्पत्तिः पटान्नार्थान्तश्चम् । अपि तु पट एवासौ । तथापि यावदुक्तं भवति पट-इति तावदुक्तं भवति उत्पद्यते - इति । तत पट इत्युक्ते उत्पद्यते - इति न वाच्यं पौनरूतयात्, विनश्यति-इत्यपि न वाच्यम्, उत्पत्तिविनाशयोर्युगपदेकत्र विश्चेधात् ।

तस्मादियं पटोत्पत्तिः स्वकाश्चगसमवायो वा स्वसत्तासमवायो वा । उभयथापि नोत्पद्यते । अथ च तदर्थानि काश्चगानि व्यापार्य्यन्ते । एवं सत एव पदादेश्चविर्भावाय काश्चगापेक्षेत्युपपन्नम् । न च पटरूपेण काश्चगानां संबन्धः । तद्रूपस्याक्रियात्कत् क्रियासंबंन्धित्वात्त्कः च काश्चगानाम । अन्यथा काश्चगत्वाभावात, तस्मात्सत्कार्य्यमिति पुष्फलम ।।[५३]

કૌમુદીમાં લેખક શ્રી પ્રમાણ દ્વારા અભેદ સિધ્ધ કરવાનો પ્રયત્ન કરે છે. તે સ્પષ્ટ સમજી શકાય છે. કાર્યનુંકારણ ધર્મત્વ એટલે જે ધર્મીથી ભિન્ન હોય તે તેનો ધર્મ ન હોઈ શકે. પટ તેના ઉપાદાન કારણ તંતુઓથી ભિન્ન નથી. જેમ કે, ઘટ કદી પટનું ઉપાદાન કારણ ન બની શકે. કારણ ઘટ થી પટ ભિન્ન છે. અર્થાન્તર છે, ઉપાદાન–ઉપાદેવ સંબંધ હોવાથી કાર્ય અને કારણ અભિન્ન સિધ્ધ થાય છે. પટ અને તંતુઓ વચ્ચે આ સંબંધ છે. તેથી તે અભિન્ન છે. વળી, ગુરૂત્વના સંદર્ભે પણ બન્ને સમાન હોવાથી અભિન્ન છે.

આ ઉપરાંત ૧૫ મી કારિકામાં ફરી અવ્યકત કારણ તરીકે સ્વીકારવા પાંચ દલીલો આપવામાં આવે છે. [૫૪]

<u>(૧) ભેદાના પશ્चिमाणात्</u> :-

વ્યકતના જે જુદાં જુદા સ્વરૂપો છે તે બધાને માટે 'ભેદ' શબ્દ વાપરેલો છે. જે વિભિન્ન વ્યકત પદાર્થો છે તે બધા પરિમિત છે અને એમને અપરિચિત કારણ હોવું જોઈએ. કાર્યની અપેક્ષાએ કારણ અ–પરિમિત હોય અથવા અ–વ્યકત હોય.

(૨) <u>समन्वयात् :-</u>

અર્થાત્ સમાનરૂપતા બુધ્ધિ વગેરે કાર્યો સુખદુઃખ મોહથી અન્વિત છે. તેથી એનું કારણ અ–વ્યકત હોવું જોઈએ. જગતના વિવિધ વ્યકતભેદોમાં સુખ દુઃખ અને મોહનો અન્વય એના કારણમાંથી જ ઉતરી આવી શકે અને તેથી સુખ દુઃખ મોહાત્મક અવ્યકત જ એનું કારણ છે એમ સિધ્ધ થાય છે.

(૩) <u>शक्तितः प्रवृत्ते : :-</u>

કારણની શકિતને લીધે કાર્યની પ્રવૃત્તિ થાય છે. શકિતકારણની જ છે. કાર્યની નહિ. દરેક કાર્યની ક્રિયાશીલતા બ્રાહય શકિતમાત્રના કારણે નહિ પરંતુ તેના પોતાના સ્વબળને પરિણામે છે. તેમ કૌમુદ્દીકાર માને છે.

(૪) <u>कार्यकाश्ण विभागात् :-</u>

કારણમાંથી સતકાર્યની ઉત્પત્તિ અર્થાત નિઃસરણ થાય છે. આથી જગતના દ્રષ્ટ ભેદોનું અ–વ્યકત કારણ સ્વીકારવું જોઈએ. કૌમુદ્દીકાર દ્રષ્ટાંત દ્વારા સમજાવે છે જેમ કાચબાના શરીમાંથી તેના અંગો બહારની બાજુ નીકળે છે અને પાછા તેમાં સમાઈ જાય છે. તેવી જ રીતે તન્માત્રામાંથી પૃથ્વી વગેરે અહંકારમાંથી તન્માત્રા, મહદ્‌માંથી અહંકાર અને અ–વ્યકતમાંથી મહદ્ આવિર્ભૂતિ થાય છે.

(૫) <u>अविभागात वैष्वरूप्यस्य :-</u>

અ–વિભાગ એટલે લય. જગનતા વિભિન્ન ભેદો અંતે અ–વ્યકત એવા કારણમાં લય પામે છે. કાર્યકારણમાંથી જ બહાર આવે છે અને કારણમાં જ લીન થાય છે. એથી

અ–વ્યકત કારણનો સ્વીકાર કરવો જોઈએ. આખું વિશ્વ એમાં અવિભકત સ્વરૂપે રહેલું છે. લય અવસ્થામાં કોઈપણ અંશ અલગ રહેતો નથી. તે સળંગ સાંકળ છે. જેમાં નીચેથી લઈને ઉપર સુધી સળંગ સૂત્રતા છે. Absolute Continuity શબ્દ વાપરવામાં આવ્યો છે.

કૌમુદ્દીકાર કારિકા ૧૫ તથા ૧૬ નું વિવરણ સાથે આપે છે. કારિકા ૧૬ માં કહે છે કે "અવ્યકત કારણ છે તે ત્રિગુણરૂપે અને તેના સમુધ્યથી પ્રવર્તે છે. પ્રત્યેક ગુણના આશ્રયવિશેષને લઈને પાણીની માફક પરિણામોમાં અનેકરૂપતા થાય છે"

અવ્યકતને કારણ તરીકે સિધ્ધ કર્યા પછી કેટલાંક મહત્વના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. અ–વ્યકત સિવાય બીજું કાંઈ બ્રાહય તત્વ પ્રવૃત્તિને માટે સ્વીકારવામાં આવતું નથી, તો અવ્યકત કઈ રીતે પ્રવૃત્તિ કરે છે? અ–વ્યકત એક હોવા છતાં વિવિધ પરિણામો કેવી રીતે ઉત્પન્ન કરી શકે? આ પ્રશ્નોના ઉત્તરો કારિકામાં આ રીતે આપેલાં છે.

પ્રકૃતિના ત્રણ ગુણો સત્વ, રજસ અને તમસ પરિણામિનિત્ય છે અને હંમેશા પ્રવૃત્તિશીલ જ રહે છે. આ ગુણો સામ્યાવસ્થામાં પણ પરિણામ પામ્યા જ કરે છે અને આમ સત્વમાંથી સત્વ, રજસમાંથી રજસ અને તમસમાંથી તમસ પરિણમે છે પણ જો એ ગુણોનો સમુદય થાય તો પરસ્પર ગુણપ્રધાનભાવ ઉત્પન્ન થાય છે અને જુદા જુદા ગુણોના પ્રાધાન્ય કે ગૌણભાવને લીધે વિવિધ પરિણામો પ્રાપ્ત થાય છે. આમ, ત્રિગુણતઃ અને બે પ્રકારની પ્રવૃત્તિ કારિકામાં દર્શાવી છે.

પ્રકૃતિ એક રૂપ છે, પણ એનાં પરિણામો વિવિધ છે એનું કારણ ગુણો છે. જુદાં જુદાં ગુણોના પ્રાધાન્યને લીધે આ મતનો ભેદ પ્રાપ્ત થાય છે. પાણીના ઉદાહરણ દ્વારા કહે છે કે જેમ આકાશમાંથી પડતું પાણી એકરસ હોવા છતાં જુદાં જુદાં ફળોમાં વિવિધ રસયુકત થાય છે તેવી જ રીતે અહીં પણ જુદાં જુદાં ગુણોના આશ્રય વિશેષ કરીને પરિણામમાં અનેકરૂપતા થાય છે.

## ❖ તાત્વિક મૂલ્યાંકન : [૫૫]

સાંખ્ય દર્શન અને વેદાંત બન્ને પરિણામવાદ સ્વીકારે છે. બન્ને સતકાર્યવાદ સ્વીકારે છે. પ્રશ્ન એ થાય કે બ્રહમનું પરિણામ ગણવું કે પ્રકૃત્તિનું પરિણામ તેમાં શો ભેદ છે? ઉત્તર સ્પષ્ટ

છે કે પ્રકૃતિને પરિણામ માટે પુરૂષ પર આધાર રાખવો પડે છે. જયારે બ્રહમને કશા આધારની આવશકયતા નથી. આથી વેદાંતનું પ્રયોજન સાંખ્યના ખંડન માટે નહિ, પરંતુ સાંખ્યદર્શન દ્વારા શરૂ કરવામાં આવેલી વિચારણા કે ચિંતનને તેના અંતિમ શીખરે પહોંચાડવા માટે થયું છે. તેમ નિઃશંક કહી શકાય. શંકરાચાર્ય પરિણામમાં વિવર્ત કે વિકૃતિને સ્વીકારે છે. તેના ખંડન માટે વલ્લભાચાર્ય અ–વિકૃત પરિણામવાદનું સ્થાપન કરે છે. બ્રહમમાં વિકૃતિ કે વિવર્ત સ્વીકારવાથી બ્રહમ પરિવર્તનશીલ બને. પરિવર્તન શા કારણે? અથવા પરિવર્તનનો આધાર શો? વગેરે પ્રશ્નો અનવસ્થા દોષ સર્જે છે. આથી તમામ પ્રશ્નોના નિરાકરણ માટે વલ્લભાચાર્ય અ–વિકૃત પરિણામવાદનું આલેખન કરે છે. જેની વિગતે ચર્ચા આગળના પ્રકરણમાં કરવામાં આવી છે.

## ૧.૭ સમાપન

કાર્યકારણ મીમાંસા જયારે જ્ઞાનમીમાંસા સંદર્ભે અભ્યાસ કરવામાં આવે છે, ત્યારે વેદ તેમજ ન્યાય–વૈશેષિક દર્શન અને સાંખ્ય–યોગ દર્શનના વિચારો આવશ્યક જણાય છે, તો નાસ્તિક ચાર્વાક દર્શનને પણ ભૂલી શકતા નથી. આપણે નિરીક્ષણ અને પરીક્ષણ કરતાં તારવ્યું કે, પૂર્ણ જડવાદી ચાર્વાક અને પૂર્ણ ચૈતન્યવાદી શાંકર વેદાંત (શ્રીહર્ષ) જ્ઞાનમીમાંસા સંદર્ભે અંતિમ તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવાના સાધન તરીકે છેવટે પ્રત્યક્ષને પણ સ્વીકારતા નથી. તે બાબતમાં તેઓ એકમત સાધે છે. [૫૬]

## ૧.૮ સંદર્ભ પાદટીપ

(૧) ન્યાય વૈશેષિ દર્શન પૃ. ૪૫૧ લે. નગીન શાહ

(૨) સાંખ્ય યોગ દર્શન પૃ. ૨૫૧ લે. નગીન શાહ

(૩) પૂર્વમીમાંસા દર્શન પૃ. ૨૯ લે. પ્રા. સી. વી. રાવલ

(૪) ભારતીય દર્શન પ્રકરણ – ૫ પૃ. ૯૮ તથા પ્રકરણ ૬ પૃ. ૧૪૮ લે. ડો. ઉમેશ મિશ્રા

(૫) આચાર્યનું તત્વ ચિંતન પૃ. ૨૩ લે. પ્રા. સી. વી. રાવલ

(૬) ભારતીય તત્વ જ્ઞાનની રૂપરેખા પ્રકરણ – ૮ પૃ. ૨૭૭ લે. ઈન્દુકલા ઝવેરી

(૭) ભારતીય દર્શન પૃ. ૧૬૪ લે. ડી. એમ. દત્ત અને સતીષચંદ્ર ચટોપાધ્યાય

(૮) ઋગ્વેદ સંહિતા – પુરુષ સૂકત શ્લોક ૧ થી ૧૬

(૯) શતપથ બ્રાહ્મણ સહિતા કાણ્ડ – ૧૩ અ. ૬

(૧૦) સ્વમત

(૧૧) ઋગ્વેદ સંહિતા મંડળ – ૧૦ સૂકત હિરણ્યગર્ભ શ્લોક ૧ થી ૧૦

(૧૨) સાયણ ભાષ્ય

(૧૩) સ્વમત

(૧૪) સ્વમત

(૧૫) સ્વમત

(૧૬) સ્વમત

(૧૭) સ્વમત

(૧૮) સ્વમત

(૧૯) સ્વમત

(૨૦) સ્વમત

(૨૧) સ્વમત

(૨૨) સ્વમત

(૨૩) ઋગ્વેદ સંહિતા મંડળ – ૧૦ સૂકત નાશદીય શ્લોક ૧ થી ૭

(૨૪) સાયણ ભાષ્ય

(૨૫) સ્વમત

(૨૬) સ્વમત

(૨૭) સ્વમત

(૨૮) સ્વમત

(૨૯) સ્વમત

(૩૦) સ્વમત

(૩૧) સર્વ દર્શન સંગ્રહ તત્વ વિચાર પ્રકરણ શ્લોક નં. ૨૦

(૩૨) સર્વ દર્શન સંગ્રહ તત્વ વિચાર પ્રકરણ શ્લોક નં. ૨૦

(૩૩) સર્વ દર્શન સંગ્રહ લે. માધવાચાર્ય

(૩૪) તર્ક સંગ્રહ લે. અનંત ભટ્ટ

(૩૫) સર્વ દર્શન સંગ્રહ ભાષા પરિચ્છેદ પૃ. ૧૪૦ લે. માધવાચાર્ય

(૩૬) વાકય પદીય ૨.૧૮ લે. ભતૃહરિ

(૩૭) સિદ્ધાંત મુકતાવલી સી.ડી.

(૩૮) સિદ્ધાંત મુકતાવલી સી.ડી.

(૩૯) ખંડન અને ખંડખાદ્ય લે. શ્રી હર્ષ

(૪૦) તર્ક સંગ્રહ કારીકાવલ્લી –૧૬ લે. અનંત ભટ્ટ

(૪૧) તર્ક ભાષા

(૪૨) વૈશેષિક સૂત્ર – ૧

(૪૩) વૈશેષિક સૂત્ર – ૨

(૪૪) ભારતીય દર્શન પૃ. ૮૭ લે. પ્રા. સી. વી. રાવલ

(૪૫) ન્યાય વૈશેષિક દર્શન પૃ. ૧૨૪ લે. નગીન શાહ

(૪૬) ન્યાય સિદ્ધાંત મુકતાવલી પૃ. ૧૧૩

(૪૭) સ્વમત

(૪૮) ન્યાય વૈશેષિક દર્શન પૃ. ૧૪૬ લે. નગીન શાહ

(૪૯) સાંખ્યકારિકા શ્લોક નં. ૯ લે. ઈશ્વરકૃષ્ણ

(૫૦) સાંખ્યતત્વ કૌમુદી પૃ. ૬૩, લે. ઈશ્વર કૃષ્ણ

(૫૧) સાંખ્યતત્વ કૌમુદી લે. ઈશ્વર કૃષ્ણ

(૫૨) સાંખ્યતત્વ કૌમુદી પૃ. ૬૫, લે. ઈશ્વર કૃષ્ણ

(૫૩) સાંખ્યતત્વ કૌમુદી પૃ. ૬૫, લે. ઈશ્વર કૃષ્ણ

(૫૪) સાંખ્યતત્વ કૌમુદી લે. ઈશ્વર કૃષ્ણ

(૫૫) સ્વમત

# પ્રકરણ : ૨

# તત્ત્વમીમાંસા અંતર્ગત કાર્યકારણમીમાંસા


૨.૧ પરિચય

૨.૨ ઉપનિષદના મંત્ર દ્વારા જગત્‌ના અભ્યાસનું આલેખન

૨.૨.૧ બૃહદારણ્યક ઉપનિષદમાં જગત્

૨.૨.૧ (અ) તાત્ત્વિક નિષ્કર્ષ / આલેખન

૨.૨.૨ તૈત્તિરીય ઉપનિષદમાં જગત્

૨.૨.૨ (અ) તાત્ત્વિક નિષ્કર્ષ / આલેખન

૨.૨.૩ છાંદોગ્ય ઉપનિષદમાં જગત્

૨.૨.૩ (અ) તાત્ત્વિક નિષ્કર્ષ / આલેખન

૨.૨.૪ મુંડક ઉપનિષદમાં જગત્

૨.૨.૪ (અ) તાત્ત્વિક નિષ્કર્ષ / આલેખન

૨.૨.૫ માંડુકય ઉપનિષદમાં જગત્

૨.૨.૫ (અ) તાત્ત્વિક નિષ્કર્ષ / આલેખન

૨.૨.૬ કેન ઉપનિષદમાં જગત્

૨.૨.૬ (અ) તાત્ત્વિક નિષ્કર્ષ / આલેખન

૨.૨.૭ ઐતરેય ઉપનિષદમાં જગત્

૨.૨.૭ (અ) તાત્ત્વિક નિષ્કર્ષ / આલેખન

૨.૨.૮ પ્રશ્ન ઉપનિષદમાં જગત્

૨.૨.૮ (અ) તાત્ત્વિક નિષ્કર્ષ / આલેખન

૨.૨.૯ કંઠ ઉપનિષદમાં જગત્

૨.૨.૯ (અ) તાત્ત્વિક નિષ્કર્ષ / આલેખન

૨.૩ ન્યાય–વૈશેષિક દર્શનમાં અનેક તત્ત્વવાદ દ્વારા જગતનું આલેખન

૨.૪ સાંખ્ય–યોગદર્શનમાં દ્વૈતવાદ દ્વારા જગત્–સર્જન

૨.૫ સારાંશ

૨.૬ સંદર્ભ / પાદટીપ

## ૨.૧ પરિચય

ભારતીય તત્ત્વજ્ઞાનમાં તત્ત્વમીમાંસા અંતર્ગત કાર્યકારણ મીમાંસાની ચર્ચા કરવામાં આવે છે. તત્ત્વમીમાંસકીય દષ્ટિએ વિચારીએ તો અંતિમ તત્ત્વની સંખ્યા બાબતમાં ત્રણ સિધ્ધાંત જોવા મળે છે. જેમ કે, અંતિમ તત્ત્વો અનેક છે તેમ માનતો અનેક તત્ત્વવાદ. જે ન્યાય–વૈશેષિક દર્શન સ્વીકારે છે. અંતિમ તત્ત્વ બે છે એક જડ અને બીજું ચેતન તેમ માનતો દ્વૈતવાદ. જે સાંખ્યદર્શન તથા મધ્વાચાર્ય સ્વીકારે છે. અંતિમ તત્ત્વ એક છે તેમ માનતો એક તત્ત્વવાદ. ભારતમાં શ્રી નાગાર્જુન, શ્રીમદ્ શંકરાચાર્ય, શ્રીરામાનુજાચાર્ય, શ્રી નિમ્બાર્કાચાર્ય, શ્રી વલ્લભાચાર્ય અંતિમ તત્ત્વને સંખ્યાની દષ્ટિએ એક સ્વીકારે છે. નાગાર્જુન એકને શૂન્ય નામાભિધાન કરે છે, [૧] આચાર્યો બ્રહ્મ તરીકે ઓળખાવે છે. [૨]

એકનું લક્ષણ વર્ણવતાં તેને અનાદિ–અનંત–અપરિવર્તનશીલ–સ્થળકાળથી પર વગેરે સ્વીકારે છે. આમ, છતાં શંકરાચાર્યનો કેવલા દ્વૈતવાદ [૩] રામનુજાચાર્યનો વિશિષ્ટાદ્વૈતવાદ [૪] નિમ્બાર્કાચાર્યનો દ્વૈતાદ્વૈતવાદ [૫] અને શ્રી વલ્લભાચાર્યનો શુધ્ધાદ્વૈતવાદ [૬] છે.

જે રીતે ઋગ્વેદમાં જ્ઞાનમીમાંસા અંતર્ગત કાર્યકારણ મીમાંસા ચર્ચવામાં આવી છે. તે રીતે ઉપનિષદોમાં તત્ત્વમીમાંસા અંતર્ગત કાર્યકારણ મીમાંસાની ચર્ચા કરવામાં આવી છે.

## ૨.૨ ઉપનિષદના મંત્ર દ્વારા જગત્‌ના અભ્યાસનું આલેખન

ઉપનિષદની સંખ્યા બાબતમાં સામાન્ય માનવી માટે મતભેદ હોઈ શકે છે. પરંતુ, તત્ત્વજ્ઞાનમાં મૂળભૂત ઉપનિષદ ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડુકય, ઐતરેય, તૈતરેય, છાંદોગ્ય તથા બૃહદારણકનો સમાવેશ થાય છે. [૭]

વિકાસ ક્રમની દષ્ટિએ તબક્કાઓ જોવા મળે છે કે સૃષ્ટિનું મૂળતત્ત્વ ‘જળ’ છે. જળમાંથી સત્ય, સત્યમાંથી બ્રહ્મ, તેમાંથી પ્રજાપતિ, પ્રજાપતિએ દેવો ઉત્પન્ન કર્યા. ત્યારબાદ અવશિષ્ટ સૃષ્ટિ અસ્તિત્વમાં આવી. [૮] છાંદોગ્ય ઉપનિષદમાં સમગ્ર જગત્‌નું મૂળતત્વ ‘આકાશ’ છે. ઐતરેય ઉપનિષદ ‘નિર્ગુણ બ્રહ્મ’ કે ‘આત્મા’ માંથી સૃષ્ટિ ઉત્પન્ન થઈ તેમ કહે છે. મુંડક ઉપનિષદ સૃષ્ટિના કારણ તરીકે ‘નિર્ગુણ અને સગુણ બ્રહ્મ’ ગણાવે છે. ક્રમશઃ વિવિધ ઉપનિષદમાં રજૂ થયેલ જગત્ વિષયક અભિગમન પરિચય મેળવીએ.

## ૨.૨.૧ બૃહદારણ્યક ઉપનિષદમાં જગત્

શુકલ યજુર્વેદની કણ્વ શાખાના વાજસનેયિ બ્રાહ્મણ–શતપથ બ્રાહ્મણ અંતર્ગત આ ઉપનિષદનો સમાવેશ થાય છે. બૃહત્ એટલે વિશાળ, આરણ્યક એટલે વનમાં વિકસિત થવાના કારણે આ નામે ઓળખાય છે. છ અધ્યાય છે, પ્રત્યેકમાં બ્રાહ્મણ છે. પ્રથમ અધ્યાય પ્રથમ બ્રાહ્મણમાં સૃષ્ટિરૂપ યજ્ઞને એક વિરાટ અશ્વની ઉપમાથી વ્યકત કરવામાં આવેલ છે. [૯] અને બીજા અધ્યાયમાં પ્રલય પછીથી સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન છે. [૧૦]

પ્રથમ બ્રાહ્મણમાં વિરાટ 'મેધ્વ અશ્વ' નું વર્ણન કરવામાં આવેલ છે, જેના અંગ અવયવ ત્રણે લોકોમાં કણ–કણમાં સંવ્યાપ્ત છે. આ એક આલંકારિક વ્યાખ્યા છે. 'અશ્વ' શબ્દ શકિત અને ગતિનો પરિચાયક છે.

આ બ્રહ્માંડ ગતિશીલ છે. એને જે શકિત ગતિશીલ કરે છે, એને 'અશ્વ' કહેવામાં આવેલ છે. અશુ–વ્યાપ્નેતિ મુજબ ઝડપી ગતિએ સંચારિત થનારને 'અશ્વ' કહેવું ઉચિત છે. આ અશ્વ 'મેધ્વ' છે. 'મેઘ' શબ્દ 'યજ્ઞ' નો પર્યાયવાચી છે. તેથી આ શકિતનો સંચાર, જે વિશ્વનો સંવાહક છે, એ અવશ્ય 'મેધ્વ' છે. વ્યજનીય છે. એનો ઉપયોગ યજ્ઞીય દિવ્ય અનુશાસનમાં જ કરવો જોઈએ. મેઘ ધાતુના ત્રણ અર્થ છે. મેઘા–હનન અને સંગમ–સંયોજન. આ વિરાટ યજ્ઞીય પ્રક્રિયાને હનનીય હિંસનીય તો કહી શકાય જ નહીં તેથી આ અર્થ અહીં અગ્રાહ્ય છે. એને મેધ્ય મેઘાથી પ્રભાવિત કરવા યોગ્ય અથવા મેઘાથી ગ્રહણ કરવા યોગ્ય અવશ્ય કહી શકાય છે. આ સંગમ યોગ્ય પણ છે જ. એની સાથે જોડાઈ જવું અથવા એ શકિત પ્રવાહને પોતાની સાથે જોડી રાખવો આવશ્યક પણ છે. [૧૧]

બીજા બ્રાહ્મણમાં બધું જ મૃત્યુ અને ક્ષુધાથી આવૃત્ત હતું. આ અલંકારિક ઉકિત છે. મૃત્યુ નિષ્ક્રિયતાની સ્થિતિ છે. પ્રલયની સ્થિતિ છે. બ્રહ્માંડને પોતાની અંદર લય કરી દેવાની ઈશ્વરીય ઈચ્છાને એની ક્ષુધા કહી શકાય. લય કરવાની ઈચ્છા અથવા ક્ષુધાના ફળ સ્વરૂપ જ પ્રલય–મૃત્યુની સ્થિતિ આવી જાય છે. એ બ્રહ્મની ઈચ્છા પુનઃ કાઢી નાખવાની ઓકી નાખવાની, સૃષ્ટિને પ્રગટ કરવાની થઈ તો એ ચક્ર પુનઃ ચાલતુ થયું. [૧૨]

મૂળતત્ત્વ જ એક છે. એ આપઃ ની ઉપર સ્થૂળ ભાગ એકઠો થઈ જવાથી પૃથ્વીની ઉત્પત્તિ થઈ. તદુપરાંત એ પૃથ્વી ઉપર સજેતાના શ્રમ અને તપશ્ચર્યાના પરિણામ સ્વરૂપ, એનું

(ઈશ્વરનું) સારભૂત તેજ, અગ્નિના રૂપમાં પ્રગટ થયું. [13] તથા એ વિરાટે ઈચ્છા કરી કે, મારૂ બીજું રૂપ અથવા પ્રયાસ પણ પ્રગટ થાય. તેથી એ ક્ષુધારૂપ મૃત્યુ એ મનની સાથે વાણીની કામના કરી, બંનેયના જોડાવાથી જે રૈતસ્ પ્રગટ થયું એ જ સંવત્સર બન્યું. એનાથી પહેલા સંવત્સર અથવા કાળ હતો જ નહિ.[14]

ગાર્ગી યાજ્ઞવલ્કયને પ્રશ્ન પૂછે છે કે જે દ્યુલોકથી ઉપર અને પૃથ્વી લોકથી નીચે છે તથા દ્યૌ અને પૃથ્વીની બરાબર વચ્ચે રહેલ છે. જે સ્વતઃ દ્યુ અને પૃથ્વી લોક છે તથા જે સ્વયંભૂત–ભવિષ્યત અને વર્તમાન છે એ શામાં ઓતપ્રોત છે ? યાજ્ઞવલ્કય ઉત્તર આપે છે. દ્યુલોકથી ઉપર, પૃથ્વીથી નીચે અને દ્યુ તથા પૃથ્વીની મધ્યભાગમાં જે રહેલ છે (તેમજ) જાતે પણ જે દ્યુ અને પૃથ્વી છે, અને જે ભૂત–ભવિષ્ય અને વર્તમાન કહેવાય છે એ આકાશમાં ઓતપ્રોત છે. આગળ પ્રશ્ન થાય છે. આકાશ શામાં ઓતપ્રોત છે ? એ તત્ત્વને બ્રહ્મવેતા અક્ષર કહે છે. એ ન ત સ્થૂલ છે, ન સૂક્ષ્મ છે, ન તો નાનો છે કે ન તો લાંબો છે, ન તો લાલ છે કે ન તો સ્નેહિલ (ચિકણો) છે, ન તો છાયા છે, ન અંધકાર છે, ન વાયુ છે, ન આકાશ છે, જે સંગ અને રસથી પણ હીન છે, જેમાં ન તો નેત્ર છે, ન કાન છે, ન વાક્ છે, ન મન છે, ન તેજ છે. અને પ્રાણ, મુખ, માપ વગેરે પણ નથી. એ ન ત અંદર છે કે ન બહાર છે, ન તો એ કંઈ ભક્ષણ કરે છે કે ન તો કોઈ એનું ભક્ષણ કરી શકે છે. આ અક્ષર બ્રહ્મના અનુશાસનમાં સૂર્ય, ચંદ્ર, દ્યુલોક, પૃથ્વીલોક, નિમેષ, મુહુર્ત, દિવસ–રાત્રિ, અર્ધમાસ, માસ ૠતુ, સંવત્સર વગેરે રહેલા છે. આ અક્ષર બ્રહ્મના અનુશાસનમાં વિભિન્ન નદીઓ, પર્વતોમાંથી નીકળીને પૂર્વ તથા પશ્ચિમ વગેરે દિશાઓમાં પ્રવાહિત થાય છે. ‘અક્ષર’ ના અનુશાસનમાં માનવદાતાની પ્રશંસા કરે છે. અક્ષર સ્વયં દષ્ટિનો વિષય નથી, પરંતુ બધાને જોનાર છે, મતે શ્રવણનો વિષય નથી, પરંતુ બધાનું સાંભળે છે, સ્વયં મનનો વિષય નથી, પરંતુ બધાન મન્તા છે. સ્વયં અવિજ્ઞાત છે. પરંતુ બધાનો જાણકાર છે. અક્ષર બ્રહ્મમાં જ આકાશતત્વ ઓતપ્રોત છે. [15]

આ બ્રહ્મ પૂર્ણ છે, આ જગત્ પણ પૂર્ણ છે. પૂર્ણ બ્રહ્મથી જ આ પૂર્ણ વિશ્વ ઉત્પન્ન થયેલ છે. આ પૂર્ણ બ્રહ્મમાંથી આ પૂર્ણ જગતને કાઢી લેવાથી પણ પૂર્ણ બ્રહ્મ જ શેષ રહે છે. ૐ થી સંબોધિત ખં (અનંત આકાશ અથવા પરમવ્યોમ) બ્રહ્મ છે. આકાશ સનાતન છે. જે આકાશની અંદર વાયુ વિચરણ કરે છે, વહે છે એ આકાશ જ ખં છે. આ ૐકાર સ્વરૂપ બ્રહ્મ જ વેદ છે. જે જાણવા યોગ્ય છે, એ બધું ૐકાર રૂપ વેદથી જ જાણી શકાય છે. [16]

ત્યારબાદ ગાર્ગી યાજ્ઞવલ્કયને પૂછે છે કે બ્રહ્મલોક શામાં ઓતપ્રોત છે ? તે પ્રશ્નને અતિ પ્રશ્ન કહે છે. [17] આગળ કહે છે કે આ વ્યકત જગત પ્રારંભિકકાળથી આપઃ (મૂળ ક્રિયાશીલ તત્ત્વ) ના રૂપમાં જ હતું. ત્યારબાદ એ આપઃ દ્વારા સત્ય (યથાર્થ દેખાનારા જગત્) નું સર્જન થયું. [18]

### ૨.૨.૧ (અ) તાત્વિક નિષ્કર્ષ

બૃહદારણ્યક ઉપનિષદમાં જગત્ સંબંધી વિચારોનું લેખન કર્યા બાદ નિષ્કર્ષ તારવી શકાય કે, જગત્ સત્યના સપુટમાં છે. સત્યથી ઉત્પન્ન થાય છે, સત્યમાં જ લીન થાય છે. આ જાણનાર નશ્વર પદાર્થનો સામયિક ઉપયોગ કરતાં રહેવા છતાંય એમાં લિપ્ત બનીને નષ્ટ થતાં નથી. ટૂંકમાં જગત્નું કારણ આકાશ–વાયુ–જળ–સત્ય ગમે તે દર્શાવે તે તત્ત્વતઃ એક જ છે.

## ૨.૨.૨ તૈત્તિરીયોપનિષદમાં જગત્

આ ઉપનિષદ કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય શાખાના તૈત્તિરીય આરણ્યકનો એક ભાગ છે. આરણ્યકના ૧૦ અધ્યાયમાંથી ક્રમશઃ સાતમા, આઠમા અને અનેનવમા અધ્યાયનોને જ ઉપનિષદીય માન્યતા મળી છે. જે ક્રમશઃ શિક્ષાવલ્લી, બ્રહ્માનંદવલ્લી અને ભૃગુવલ્લી તરીકે ઓળખાય છે. ભૃગુવલ્લીમાં ભૃગુની બ્રહ્મપરક જિજ્ઞાસાનું સમાધાન એમના પિતા વરૂણે કર્યું છે. તત્ત્વજ્ઞાનને સમજાવીને એમણે તપશ્ચર્યા દ્વારા જાતેજ અનુભવ કરવાનો નિર્દેશ આપેલ છે. એમણે ક્રમશઃ અન્ન, પ્રાણ, મન, વિજ્ઞાન અને આનંદને બ્રહ્મરૂપમાં અનુભવ્યાં ત્યારે વરૂણે એમને અન્ન વગેરેનો દુરુપયોગ ન કરતાં એના સુનિયોજનનું વિજ્ઞાન સમજાવ્યું. [19]

તેમ જ બ્રહ્માનંદ વલ્લીમાં કહ્યું છે કે, સૃષ્ટિ પહેલાં આ સંપૂર્ણ જગત્ અસત્ (અવ્યકત) રૂપમાં જ હતું. એમાંથી જ આ દશ્યમાન જગત્ ઉત્પન્ન થયું છે. એ બ્રહ્મ સ્વયં જ (જાતે જ) જગત્ના રૂપમાં પ્રગટ થયેલ છે. તેથી એ સુકૃત કહેવામાં આવે છે. જે સુકૃત છે, એ જ રસ, રૂપ છે, એ રસને મેળવીને જીવ આનંદિત થાય છે, એ જ આકાશની જેમ વ્યાપક અને આનંદ સ્વરૂપ છે, અગર એ ન હોત તો કોણ જીવિત રહી શકત ? કોણ ચેષ્ટાઓ કરત ? અવશ્ય જ એ બધાને આનંદ પ્રદાન કરનાર છે. [20]

### ૨.૨.૨ (અ) તાત્ત્વિક નિષ્કર્ષ

આપણે નિષ્કર્ષ તારવી શકાય કે તૈત્તરીય ઉપનિષદ અનુસાર અસત્‌માંથી સૃષ્ટિ સર્જન થયું છે પણ તે અસત્ એટલે સાચું કે ખોટું અર્થ નથી. અસત્ સંખ્યાની દષ્ટિએ એક છે. અસત્ એટલે અવ્યકત. અવ્યકત માંથી વ્યકત થયું છે સ્વયં થયું છે તેથી આધાર–આધેય સંબંધ તેના પછી થયો તેમ કહી શકાય.

### ૨.૨.૩ છાંદોગ્ય ઉપનિષદમાં જગત્

સામવેદની તલવકાર શાખા, અંતર્ગત છાંદોગ્ય બ્રાહ્મણના અંશને આ ઉપનિષદના રૂપમાં માન્યતા આપવામાં આવેલી છે. છાંદોગ્ય બ્રાહ્મણમાં ૧૦ અધ્યાય છે. તેના અંતિમ આઠ અધ્યાય ઉપનિષદના રૂપમાં લેવામાં આવ્યા છે, નામ અનુસાર છંદ છે, ઋષિ, આ સૃષ્ટિના મૂળ સત્યને વિભિન્ન માધ્યમોથી વ્યકત થતાં પ્રકૃતિનાં વિભિન્ન ઘટકોથી આચ્છાદિત થતાં જુએ છે. [૨૧]

જગત્ સંદર્ભે કહે છે કે, નામ રૂપ, નામથી શ્રેષ્ઠવાણી વાણીથી શ્રેષ્ઠ મન, મનથી શ્રેષ્ઠ સંકલ્પ, સંકલ્પથી શ્રેષ્ઠ ચિત્ત, ચિત્તથી શ્રેષ્ઠ ધ્યાન, ધ્યાનથી શ્રેષ્ઠ વિજ્ઞાન, વિજ્ઞાનથી શ્રેષ્ઠ બળ, બળથી શ્રેષ્ઠ અન્ન, અન્નથી શ્રેષ્ઠ જળ, જળથી શ્રેષ્ઠ તેજ, તેજથી શ્રેષ્ઠ આકાશ, આકાશથી શ્રેષ્ઠ સ્મરણ, સ્મરણથી શ્રેષ્ઠ આશા, આશાથી શ્રેષ્ઠ પ્રાણ છે. પ્રાણની સંખ્યા એક છે. પ્રાણ દ્વારા સૃષ્ટિ સર્જન થયું છે. [૨૨]

તદુપરાંત સત્યકામ જાબાલનો પ્રસંગ પણ સત્ય દ્વારા ‘સ્વ’ અને સ્વ દ્વારા ‘સમગ્ર’ રજૂ કરવા પર્યાપ્ત છે. યુવાન પુત્રને શિક્ષા માટે ગુરુ પાસે માતા જયારે મોકલે છે ત્યારે જે તથ્ય કે હકીકત છે તેનું બયાન કરે છે. માતા કહે છે કે, ''મારી યુવાન વયમાં અનેક ઘેર રોજીરોટી માટે / કામ માટે જવું પડતું હતું. તેથી તારા પિતા કોણ છે ? તેની મને ખબર નથી. ગુરુદેવને માત્ર એટલું જ કહે છે કે હું સત્યકામ અને મારી માતા જાબાલ. મને વધુ કશી જ ખબર નથી.'' ઋષિ સત્ય પારખતા કહે છે કે બ્રાહ્મણ સિવાય કોઈ સત્ય સહજ રીતે વ્યકત ન કરી શકે. તેથી તું શિક્ષા મેળવવાને અધિકારી છે.

### ૨.૨.૩ (અ) તાત્ત્વિક અર્થઘટન

ભેદયુકત સૃષ્ટિ એક અથવા અ–ભેદમાંથી નિષ્પન્ન થઈ છે તેમ કહી શકાય. તેમજ સત્યનું સ્થાપન એ બાબત રજૂ કરે છે કે, સૃષ્ટિ કે જગત્ સત્ય છે.

### ૨.૨.૪ મુંડક ઉપનિષદમાં જગત્

અથર્વવેદની શૌનકીય શાખાનું આ ઉપનિષદ છે. જેમાં ત્રણ મુંડક છે તથા પ્રત્યેકમાં બે–બે ખંડ છે. 'મુંડક' શબ્દના તાત્પર્યનો અર્થ 'મનનું મુંડન કરી, અવિદ્યાથી મુકત કરનારૂં જ્ઞાન' છે. પ્રથમ મુંડકના પ્રથમ ખંડમાં બ્રહ્મવિદ્યાની પરંપરા પછી, ઋષિ સંવાદના રૂપમાં પરા–અપરા વિદ્યાનું વિવેચન કરે છે એને પરા વિદ્યાથી બ્રહ્મબોધ તથા પરમેશ્વર દ્વારા જગત્ની ઉત્પત્તિનું વર્ણન છે. [૨૩]

કહે છે કે 'અક્ષર' 'બ્રહ્મ' (ૐકાર) નું જ્ઞાન હોય છે. એ પરાવિદ્યા છે. કરોળિયો જેમ પોતાના પેટમાંથી જાળાને ઉત્પન્ન કરે છે અને પોતાની અંદર જ ગળી જાય છે, પૃથ્વી જેમ વિભિન્ન પ્રકારની ઔષધિઓ ઉત્પન્ન કરે છે, મનુષ્ય શરીરમાં જેમ કેશ (વાળ) અને રોમ ઉત્પન્ન થાય છે, એવી જ રીતે અનશ્વર બ્રહ્મથી જ, આ વિશ્વ ઉત્પન્ન થાય છે. [૨૪]

તથા આ સમગ્ર સંસારનું 'ભૂતેયોનિ' રૂપ જે તત્ અક્ષર કે નિરાકાર બ્રહ્મ તેમાંથી પદાર્થપણું પ્રગટ થવાની મૂળ ભૂમિકા થાય છે. તે તપ તરીકે ઓળખાય છે. તપ એટલે ચેતના, ચિત્શકિત, જ્ઞાન. તપ કે બ્રહ્મ એક જ વસ્તુ છે. [૨૫]

જેમ બરાબર સળગેલા અગ્નિમાંથી તેના જ રૂપના તણખાઓ હજારોની સંખ્યામાં પેદા થાય છે, તેમ હે સૌમ્યા, અક્ષર તત્ત્વમાંથી (આસૃષ્ટિના) નાના પ્રકારના બધા પદાર્થો જન્મે છે, અને પહોંચે છે, પણ પાછા તે જ બ્રહ્મતત્વમાં. [૨૬]

### ૨.૨.૪ (અ) તાત્ત્વિક અર્થઘટન

મુંડક ઉપનિષદમાં રજૂ થયેલ જગત્ સંબંધી વિચારના લેખન બાદ તેના અર્થઘટનમાં કહી શકાય કે આ ઉપનિષદ પણ તેની આગળ રજૂ થયેલ ઉપનિષદના વિચારને અનુસરી જગત્નું સર્જન બ્રહ્મમાંથી થયું તેમ કહે છે. બ્રહ્મ એક જ છે. બ્રહ્મ સત્ય છે. કરોળિયાના જાળાનું ઉદાહરણ

પ્રસિદ્ધ તેમજ પ્રાચીન છે. બ્રહ્મમાંથી જગત અને ફરી પાછું બ્રહ્મમાં વિલીન થઈ જવું. જગત દ્વારા બ્રહ્મ નહિ પણ બ્રહ્મ દ્વારા જગત સમજી શકાય છે.

## ૨.૨.૫ માંડુકય ઉપનિષદમાં રજૂ થયેલ જગત્

આ ઉપનિષદ અથર્વવેદની અંતર્ગત છે. એમાં ૐકારને અક્ષર બ્રહ્મ પરમાત્માનું શ્રેષ્ઠ સંબોધન સાબિત કરતાં એના વિવિધ ચરણો અને માત્રાઓનું વિવેચન કરવામાં આવેલું છે. અઃ ઉ, મ ત્રણ માત્રાઓ તથા વૈશ્વાનર, તૈજસ અને પ્રાજ્ઞ એ ત્રણ ચરણોની સાથે, માત્રા રહિત ચોથા ચરણ – નિર્વિશેષનો, ઉલ્લેખ કરવામાં આવેલ છે. અ–વ્યકત પરમાત્માના વ્યકત વિરાટ્ જગત સ્વરૂપનું પણ વર્ણન છે. વિશ્વ એમનું સ્થાન છે, સાત લોક એના સાત અંગ તથા ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ વગેરે એનાં મુખ કહેવામાં આવેલ છે. પરમાત્માનાં નિરાકાર–સાકાર (એમ) બંનેય સ્વરૂપોની ઉપાસનાનો માર્ગ એમાં પ્રશસ્ત થાય છે. આ ઉપનિષદ ફકત બાર શ્લોકનું છે. [૨૭]

તથા આ સંપૂર્ણ જગત્ બ્રહ્મરૂપ છે. [૨૮] એ બ્રહ્મ જ સર્વના ઈશ્વર છે, એ સર્વજ્ઞ અંતર્યામી અને જગત્‌ના કારણભૂત છે [૨૯] એ જ સર્વભૂતોની ઉત્પત્તિ, સ્થિતિ તથા વિનાશનું કારણ છે.

### ૨.૨.૫ (અ) તાત્વિક અર્થઘટન

માંડૂકય ઉપનિષદ કદમાં નાનું છે, છતાં બ્રહ્મ દ્વારા જગત સર્જન–વિકાસ–વિસર્જન પ્રક્રિયા સમજાવવાનો પ્રયત્ન કરે છે.

## ૨.૨.૬ કેનોપનિષદમાં જગત

આ ઉપનિષદ બ્રાહ્મણ ઉપનિષદ તરીકે પણ ઓળખાય છે. આ ઉપનિષદ સામવેદીય ‘તલવકાર બ્રાહ્મણ’ ના નવમાં અધ્યાય અંતર્ગત છે. તેની શરૂઆત પ્રશ્ન કેનેષિતંથી થાય છે. [૩૦] જેનો અર્થ થાય છે. આ જીવન કોના દ્વારા પ્રેરીત છે ? સર્વપ્રેરક એ પરબ્રહ્મનો મહિમા અને એના સ્વરૂપનું જ્ઞાન આપતાં ઋષિએ સ્પષ્ટ કર્યું છે કે, કહેવા–સાંભળવામાં બ્રહ્મતત્વ જેટલું સુગમ છે, અનુભૂતિમાં એ એટલું જ મુશ્કેલ છે. અંતમાં પરબ્રહ્મની ઉપાસનાનો ઢંગ અને ફળનો ઉલ્લેખ કરતાં બ્રહ્મવિદ્યાના સંશોધનોની સાથે એ રહસ્યને જાણવાના મહિમાનું વર્ણન છે. [૩૧]

### ૨.૨.૬ (અ) તાત્વિક અર્થઘટન

સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે જીવનના અસ્તિત્વ તરીકે પરોક્ષ રીતે જગત સ્વીકારાયું છે. જીવન જયાં શકય છે તે સ્થળ એટલે જગત.

### ૨.૨.૭ ઐતરેયોપનિષદમાં જગત

ઋગ્વેદિય ઐતરેય આરણ્યકના બીજા અરણ્યકનો ચોથો, પાંચમો અને છટ્ઠો અધ્યાય બ્રહ્મવિદ્યા પ્રધાન છે. તેથી તેને ઐતરેયોપનિષદની માન્યતા આપવામાં આવી છે. [૩૨] આ ઉપનિષદના પ્રથમ અધ્યાયમાં ત્રણ ખંડ છે. બીજા ત્રીજા અધ્યાયમાં એક એક ખંડ જ છે. પ્રથમ અધ્યાયના પ્રથમ ખંડમાં પરમાત્મા દ્વારા, સૃષ્ટિ રચનાનો સંકલ્પ તથા લોકો–લોકપાલોની રચનાનો પ્રસંગ છે. હિરણ્યગર્ભથી વિરાટ પુરૂષ અને એમની ઈન્દ્રિયોથી દેવતાઓની ઉત્પત્તિ દર્શાવવામાં આવી છે. [૩૩]

### ૨.૨.૭ (અ) તાત્વિક અર્થઘટન

આ ઉપનિષદ પણ નાસદીય સૂકતની જેમ સૃષ્ટિ સર્જન માટે બ્રહ્મ તત્વને સ્વીકારે છે. સૃષ્ટિ સર્જનનું તાત્વિક રહસ્ય કે તત્વમીમાંસાકીય કારણ સ્પષ્ટ થયેલ નથી.

### ૨.૨.૮ પ્રશ્ન ઉપનિષદમાં જગત

પ્રશ્ન ઉપનિષદ અથર્વવેદની પિપ્પલાદ શાખાનો બ્રાહ્મણ ભાગ છે. પ્રશ્નોપનિષદ્માં જિજ્ઞાસુઓ દ્વારા મહર્ષિ પિપ્પલાદને પૂછવામાં આવેલ છ પ્રશ્ન અને એના ઉત્તરોનું વર્ણન છે. [૩૫]

પ્રથમ પ્રશ્નમાં કબંધીએ પ્રાણ અને રવિના સંબંધમાં જાણવાની ઈચ્છા કરી, બીજા પ્રશ્નમાં ભાર્ગવે પ્રજાના આધાર વિષયક ત્રણ પ્રશ્નો કર્યા છે. ત્રીજા પ્રશ્નની અંતર્ગત સાશ્વલાયન દ્વારા પ્રાણની ઉત્પત્તિ સંદર્ભમાં છ પ્રશ્ન પૂછવામાં આવેલ છે. ચોથા પ્રશ્નમાં ગાર્ગ્ય દ્વારા જીવાત્મા પરમાત્માના સંબંધમાં, પાંચ જિજ્ઞાસાઓ પ્રગટ કરવામાં આવે છે. પાંચમાં પ્રશ્ન અંતર્ગતે સત્યકામે ૐકારની ઉપાસના જાણવા માંગી છે. છટ્ઠો પ્રશ્ન સુકેશા કરે છે, જેમાં સોળ કલાયુકત પુરૂષના વિષયમાં

જિજ્ઞાસા બતાવવામાં આવી છે. છેવટે બધાં જ પ્રશ્નોનાં સમુચિત સમાધાન મેળવી જિજ્ઞાસુઓ દ્વારા મહર્ષિ પિપ્પલાદ પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરતાં વંદના કરવામાં આવી છે. [૩૬]

### ૨.૨.૮ (અ) તાત્વિક અર્થઘટન

ઉપનિષદનું અધ્યયન કરતાં સ્પષ્ટ થાય છે કે જગત સત્ય તરીકે સ્વીકારાયું છે. જગતમાં ચેતનતત્વનો સ્વીકાર થયો છે.

### ૨.૨.૯ કઠ ઉપનિષદમાં જગત

કૃષ્ણ યજુર્વેદની કઠ શાખા અંતર્ગત આ ઉપનિષદ છે. તેમાં બે અધ્યાય તથા પ્રત્યેકમાં ત્રણ ત્રણ વલ્લિ છે. જેમાં વાજશ્રવાના પુત્ર નચિકેતા અને યમની વચ્ચે થયેલ સંવાદનું સુપ્રસિધ્ધા ઉપાખ્યાન છે. વાજશ્રવાએ યજ્ઞની દક્ષિણામાં જરૂર વગરની નિરર્થક વસ્તુઓનું દાન કરીને, દાનની ચિહ્ન પૂજા કરવા ઈચ્છયું. એમના પુત્ર નચિકેતાએ પિતાને યથાર્થનો બોધ કરાવવા માટે વારંવાર પૂછયું કે, આપ મને કોને દાન આપશો ? પિતાએ ખીજાઈને એને યમને દાનમાં આપી દેવાની વાત કરી. બીજા અધ્યાયમાં પરમેશ્વરની પ્રાપ્તિમાં આવતી મુશ્કેલીઓ, એનું નિવારણ, હૃદય પ્રદેશમાં એમની સ્થિતિનું વર્ણન છે. પરમાત્માની સર્વ વ્યાપકતા, સંસારરૂપી અશ્વત્થનું વિવેચન, યોગસાધના તથા ઈશ્વર વિશ્વાસ અને મોક્ષ વગેરેનું વર્ણન છે. અંતમાં બ્રહ્મ વિદ્યાના પ્રભાવથી નચિકેતાને બ્રહ્મ પ્રાપ્તિ થવાનો ઉલ્લેખ છે. [૩૬]

જેનાં મૂળ ઉપર અને શાખાઓ નીચેની તરફ છે, એ અશ્વત્થવૃક્ષ સનાતન છે. એ વિશુધ્ધ તત્વ અવિનાશી છે, એ જ બ્રહ્મ છે. સમસ્ત લોક. એનો જ આશ્રય ગ્રહણ કરે છે, એનું કોઈપણ અતિક્રમણ કરી શકતું નથી. આ એ બ્રહ્મ છે. [૩૭]

### ૨.૨.૯ (અ) તાત્ત્વિક અર્થઘટન

અશ્વત્થવૃક્ષનાં મૂળ દ્વારા એક જ જાતનો રસ સંચરિત થાય છે. પાન, પુષ્પ વગેરેમાં વૃક્ષના ગુણના આધારે રૂપાંતરિત થઈ જાય છે. સૃષ્ટિરૂપ સનાતન વૃક્ષનું મૂળ અનંતાકારામાં છે. ત્યાંથી સંચરિત રસ, સૃષ્ટિનાં ઘટકોમાં પહોંચીને અનેક રૂપોમાં પ્રગટ થાય છે. સંક્ષેપમાં કહીએ તો અનેકવિધતા સભર જગત સત્ય છે. [૩૮]

## ૨.૩ ન્યાય–વૈશેષિક દર્શનમાં અનેકતત્વવાદ દ્વારા જગતનું આલેખન

ન્યાયદર્શન તથા વૈશેષિક દર્શન વાસ્તવવાદી, પરમાણુવાદી, અનેક તત્વવાદી દર્શન છે. [૩૯] તેઓ અનેક તત્વવાદની સમજૂતિ માટે સૃષ્ટિ સર્જન સંદર્ભમાં પીલુપાકવાદ તથા પીઠરપાકવાદ રજૂ કરે છે. [૪૦] ન્યાય દાર્શનિક શ્રી ઉદયનાચાર્ય જગત્‌ના કારણ તરીકે ઈશ્વરને સ્વીકારી તેના અસ્તિત્વની સાબિતી આપે છે. [૪૧]

સૂક્ષ્મતાને કારણે જે આગળ વિભાજનથી પર છે તે પરમાણુ. [૪૨] પરમાણુ નિરવયવ નિત્ય, અવિચ્છેદ્ય, અવિનાશી છે. પરમાણુ ચાર પ્રકારનાં છે. પાર્થિવ, જલીય, તૈજસ વાયવીય વૈશેષિક દર્શનના મતે અગ્નિનો સંયોગ થવાથી ઘડાના બધા પરમાણુઓ અલગ–અલગ થઈ જાય છે અને પછી નવીન ગુણથી તેમાં સંલગ્ન બને છે. આ મત પીલુપાક કહે છે. [૪૩]

જયારે ન્યાયદર્શન અનુસાર ઘડાનું માત્ર સ્વરૂપ કે રંગ જ અગ્નિમાં પકાવવાથી બદલાય છે, એ સિવાય કાંઈ ફેરફાર થતો જ નથી. ઘડો તો એનો એ જ રહે છે. ઘડાના પરમાણુ વચ્ચે જે છિદ્રો હોય તેમાં વિજાતીય અગ્નિનો પ્રવેશ થવાથી ઘડાના રૂપનું પરિવર્તન થાય છે. આથી તેને પીઠરપાક કહે છે. [૪૪]

શ્રી ઉદયનાચાર્ય કહે છે કે, જગત્‌માં પૃથ્વી વગેરે વિનાશી સાવયવ અને અવાન્તર પરિમાણવાળા હોવાથી તે કાર્યો છે, પ્રલયમાં પરમાણુઓમાં કર્મ હોય છે. પરંતુ તે કર્મથી પરમાણુઓનો સંયોગ થતો નથી અને પરિણામે પરમાણુઓમાંથી દ્વયણુકાદિ ક્રમે કાર્યો બનતાં નથી. ગુરુત્વવાળી વસ્તુઓ નીચે પડે છે. ગુરુત્વવાળી વસ્તુઓને પડતી રોકનાર ચેતનનો પ્રયત્ન છે. જેમ કાર્યની ઉત્પત્તિ માટે નિમિત્ત કારણ જરૂરી છે. તેમ કાર્યના નાશ માટે પણ નિમિત્ત કારણ જરૂરી છે. પ્રલયકાળે બધા સંકેતો નાશ પામે છે, સૃષ્ટિની ઉત્પત્તિ સાથે ઈશ્વર નવા સંકેતો ઉત્પન્ન કરે છે. વેદવાકયરૂપ છે. વેદવાકયનો કર્તા સ્વીકારાય છે. અણુના પરિમાણ કરતાં દ્વયણુકનું અણુ પરિમાણ કંઈક સ્થૂળ છે. દ્વયણુકનું પરિમાણ સંખ્યાથી ઉત્પન્ન થઈ શકે છે. દ્વયણુકમાં રહેલી દ્વિત્વ સંખ્યાથી ઉત્પન્ન થાય છે. જે ચેતનની અપેક્ષા બુધ્ધિ સૃષ્ટિ આરંભે પરમાણુઓમાં દ્વિત્વ સંખ્યા ઉત્પન્ન કરે છે, તે ઈશ્વર છે.

જગન્નિર્માણ પ્રક્રિયાનાં અંગો વર્ણવતાં કહે છે કે,

(૧) ઈશ્વર સંકલ્પમાત્રથી જ જગતનું સર્જન કરે છે, તેમાં શરીર ચેષ્ટાની અપેક્ષા નથી. શરીરની અપેક્ષા નથી. ઈશ્વર અ–શરીરી છે.

(૨) ઈશ્વરના સંકલ્પ માત્રથી પરમાણુઓમાં આરંભક કર્મ ઉત્પન્ન થાય છે.

(૩) તે કર્મ દ્વારા પરમાણુઓ જોડાઈ દ્વયણુકાદિ ક્રમે જગતનાં બધા કાર્યો ઉત્પન્ન કરે છે.

(૪) પરમાણુઓ જગતનું ઉપાદાન કારણ છે.

(૫) ઈશ્વર જગતનો કર્તા / નિમિત્ત કારણ છે.

(૬) જીવો પોતાનાં પૂર્વકર્મોનાં ફળ ભોગવી શકે માટે ઈશ્વર જગત ઉત્પન્ન કરે છે.

## ૨.૪ સાંખ્ય–યોગ દર્શનમાં દ્વૈતવાદ દ્વારા જગત્ સર્જન

સાંખ્ય દર્શન સૃષ્ટિ સર્જન–વિકાસ–વિસર્જન માટે ૨૪ તત્વોયુકત પ્રકૃતિ અને ૨૫ મા તત્ત્વ તરીકે પુરૂષને સ્વીકારે છે. પુરુષ ચેતનતત્ત્વ હોવાથી તેને ક્રમ ૧ આપેલ છે. પ્રકૃતિ જડ છે. તેનો ક્રમ ૨ છે. તેમાંથી ક્રમશઃ સર્જન થાય છે. પુરુષ અને પ્રકૃતિના સંયોગ વડે જ સૃષ્ટિનું સર્જન થાય છે. પ્રકૃતિ સ્વભાવે જડ છે. તેનાથી સૃષ્ટિ સંભવે નહિ. પુરુષ ચેતન છે પણ નિષ્ક્રિય છે તેથી કાંઈ ન કરી શકે. સાંખ્યદર્શન અંધ–પંગુ ન્યાય આપે છે. જેમ કોઈ જંગલમાં ભુલા પડેલા એક આંધળા અને એક લંગડા માનવી ભેગા થાય અને રસ્તો શોધવા સંપ કરે છે. પરિણામે તેઓ ફળીભૂત થાય છે. તેમ પુરુષ પ્રકૃતિના સંયોગ વડે સૃષ્ટિ સર્જન થાય છે. પુરુષનો પ્રકૃતિ સાથેનો સંયોગ પ્રકૃતિનું નાટક જોવા માટે છે. પ્રકૃતિનો પુરુષ સાથેનો સંયોગ પુરુષના કૈવલ્ય માટે છે. આમ બે તત્ત્વો દ્વારા સૃષ્ટિ સર્જન, વિકાસ, વિસર્જન સમજાવતું હોવાથી સાંખ્યદર્શન દ્વૈતવાદી કહેવાય છે.[૪૫]




તેમજ સર્જન પૂર્વે પુરૂષ–પ્રકૃતિ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતાં હોવાથી સાંખ્યદર્શન દ્વૈતવાદી કહેવાય છે.

અવ્યકત પ્રકૃતિ વ્યકત બની પરિણમે છે. આથી તેને પ્રકૃતિ પરિણામવાદ કહે છે. સર્વપ્રથમ 'મહત્–તત્ત્વ' નો પ્રાદુર્ભાવ થાય છે. બાહ્ય જગતની દષ્ટિએ તે વિરાટ બીજ સ્વરૂપ છે. પ્રકૃતિનો તે સર્વપ્રથમ વિકાર છે. તેને 'નિશ્ચયકરવારૂપ ધર્મવાળી બુધ્ધિ' એવું નામ આપેલ છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય એચાર તેના સાત્વિક ગુણો હોઈ તેને 'મહત્' એટલે મોટું નામ આપેલ છે. બુધ્ધિ સ્વયં પ્રકૃતિનું કાર્ય (પરિણામ) હોઈ જડ છે. પરંતુ, પુરૂષના અધિક સાન્નિધ્યમાં આવતી હોઈ ચૈતન્યનું તેના પર પ્રતિબિંબ પડે છે. આથી તે ચેતન સમાન પ્રતીત થાય છે.

પ્રકૃતિનો બીજો વિકાર તે અહંકાર છે, અહંકારવશ બનીને જ પુરુષ પોતાને સર્વ ક્રિયાનો કર્તા, ભોકતા અને સ્વામી માને છે. અહંકાર ત્રણ પ્રકારના છે. સાત્વિક, રાજસિક, તામસિક, સાત્વિક અહંકારમાંથી ૧૧ ઈન્દ્રિયની ઉત્પત્તિ થાય છે. તામસ્ અહંકારમાંથી પાંચ તન્માત્રાની ઉત્પત્તિ થાય છે. રાજસ્ અહંકાર સત્વ અને તમસ્ બંનેને સહાય કરે છે.

સાંખ્યદર્શન સૃષ્ટિક્રમ બે પ્રકારે સ્વીકારે છે. (૧) પ્રત્યય સર્ગ (૨) તન્માત્ર સર્ગ. પ્રત્યય સર્ગમાં પ્રકૃતિ, બુધ્ધિ, અહંકાર, મન તથા દસ ઈન્દ્રિયોનો સમાવેશ થાય છે. (કુલ ૨૪ તત્વનો સ્વીકાર થાય છે.) તન્માત્રા સર્ગમાં પાંચ તન્માત્રા અને પાંચ મહાભૂત કુલ ૧૦ તત્ત્વનો સમાવેશ

થાય છે. સ્થૂળ જગત અને સૂક્ષ્મ જગત કહી શકાય. સ્થૂળ જગત એટલે સ્થૂળ શરીર પંચમહાભૂત વડે ઉત્પન્ન થાય છે. સૂક્ષ્મ શરીર ૧૧ ઈન્દ્રિય અને ૫ તન્માત્રા – ૧૭ તત્ત્વ વડે ઉત્પન્ન થાય છે. પુરૂષ ન તો કાર્ય છે કે ન તો કારણ. પ્રકૃતિ એ કારણ છે પણ કશાનું કાર્ય નથી. તે સ્વયંભૂ અને સ્વતંત્ર છે. કાર્યકારણ દૃષ્ટિએ ચતુર્વિધ તત્વો.[૪૬]

(૧) **મૂળ પ્રકૃતિ :** પ્રધાન, અવ્યકત, માત્ર કારણ. તેનું કારણ નથી.

(૨) **પ્રકૃતિ–વિકૃતિ :** મહત્,અહંકાર અને પાંચ તન્માત્રા સાત તત્ત્વો કાર્ય અને કારણ બને છે.

(૩) **વિકૃતિ :** મનસ્, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ મહાભૂત સોળ તત્વો માત્ર કાર્ય છે; કોઈનાં કારણ નથી. તેથી વિકૃતિ.

(૪) **અ–પ્રકૃતિ – અ–વિકૃતિ :** પુરૂષ કોઈનું કારણ નથી તેમજ કોઈનું કાર્ય પણ નથી.

સાંખ્યદર્શન સ્વીકારે છે કે, એક રૂપ અને અ–વ્યકત એવી મૂળ પ્રકૃતિમાંથી પુરૂષના સંયોગ વડે વિવિધતાવાળી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે.

અંતમાં, તત્વોનું સ્વરૂપ તપાસતાં પુરૂષ અને પ્રકૃતિ એવા બે મૂળભૂત તત્ત્વો સાંખ્યદર્શન સ્વીકારે છે. બંને સ્વતંત્ર છે. આ વાત વેદાન્ત પણ સ્વીકારે છે. પરંતુ બે તત્ત્વોનાં સ્વરૂપને પણ વધારે ઊંડું વિચારતાં એ જુદી શકિતઓ નથી જણાતી. પણ એક જ શકિત છે અને જગત એક જ તત્ત્વનું બનેલ છે.

## ૨.૫ સારાંશ

તત્ત્વમીમાંસા અંતર્ગત જયારે કાર્યકારણ પ્રશ્ન રજૂ થાય છે, ત્યારે સત્ તત્ત્વના કાર્ય તરીકે જગત્‌ને સ્વીકારવામાં આવે છે. જગત્ સંદર્ભે વિવર્તવાદ, પરિણામવાદ, અધ્યાસવાદ વગેરે સિધ્ધાંત અસ્તિત્વમાન છે. પ્રકરણ–૩ માં શુધ્ધાદ્વૈત તત્વજ્ઞાનનો પરિચય મેળવવા તેમના દ્વારા આપવામાં આવેલ જ્ઞાનમીમાંસા, તત્વમીમાંસા, તર્કમીમાંસાનો પરિચય મેળવીશું.

## ૨.૬ પાદ–ટીપ

(૧) અ–વૈદિક દર્શન – લે. પ્રા. સી.વી. રાવળ

(૨) આચાર્યનું તત્ત્વજ્ઞાન પૃ. ૨૬ – લે. પ્રા. સી.વી. રાવળ

(૩) શંકરાચાર્યનું તત્ત્વજ્ઞાન પૃ. ૫૫ – લે. પ્રા. સી.વી. રાવળ

(૪) આચાર્યનું તત્ત્વજ્ઞાન પૃ. ૧૦૨ – લે. પ્રા. સી.વી. રાવળ

(૫) આચાર્યનું તત્ત્વજ્ઞાન પૃ. ૧૦૨ – લે. પ્રા. સી.વી. રાવળ

(૬) આચાર્યનું તત્ત્વજ્ઞાન પૃ. ૧૦૨ – લે. પ્રા. સી.વી. રાવળ

(૭) ભારતીય દર્શન પૃ. ૫૬ – ડો. એસ. રાધાકૃષ્ણન્

(૮) ઉપનિષદનું તત્ત્વજ્ઞાન – ડો. એસ. રાધાકૃષ્ણન્

(૯) બૃહદ્ ઉપનિષદ – અધ્યાય–૧, બ્રાહ્મણ–૧, પંકિત–૧

(૧૦) બૃહદ્ ઉપનિષદ – પ્રથમ અધ્યાય બીજો બ્રાહ્મણ શ્લોક–૧

(૧૧) બૃહદ્ ઉપનિષદ – બ્રાહ્મણ–૧, શ્લોક

(૧૨) બૃહદ્ ઉપનિષદ – બ્રાહ્મણ–૨, શ્લોક–૧

(૧૩) બૃહદ્ ઉપનિષદ – બ્રાહ્મણ–૨, શ્લોક–૨

(૧૪) બૃહદ્ ઉપનિષદ – બ્રાહ્મણ–૨, શ્લોક–૪

(૧૫) બૃહદ્ ઉપનિષદ – અધ્યાય–૩, બ્રાહ્મણ–૮, મંત્ર–૩

(૧૬) બૃહદ્ ઉપનિષદ – અધ્યાય–૫, બ્રાહ્મણ–૧, મંત્ર–૧

(૧૭) બૃહદ્ ઉપનિષદ – અધ્યાય–૩, બ્રાહ્મણ–૬, મંત્ર

(૧૮) બૃહદ્ ઉપનિષદ – અધ્યાય–૫, બ્રાહ્મણ–૫, મંત્ર

(૧૯) તૈત્તિરીય ઉપનિષદ સંહિતા

(૨૦) તૈત્તિરીય ઉપનિષદ – બ્રહ્માનંદ વલ્લી ૭મો અનુવાક

(૨૧) છાંદોગ્ય ઉપનિષદ

(૨૨) છાંદોગ્ય ઉપનિષદ – અધ્યાય–૭

(૨૩) મુંડક ઉપનિષદ

(૨૪) મુંડક ઉપનિષદ – મુંડક–૧, ખંડ–૪, શ્લોક–૭

(૨૫) મુંડક ઉપનિષદ – મુંડક–૧, ખંડ–૧, શ્લોક–૮

(૨૬) મુંડક ઉપનિષદ

(૨૭) માણ્ડૂકયોઉપનિષદ

(૨૮) માણ્ડૂકયોઉપનિષદ, શ્લોક–૨

(૨૯) માણ્ડૂકયોઉપનિષદ, શ્લોક–૬

(૩૦) કેનોપનિષદ

(૩૧) કેનોપનિષદ

(૩૨) ઐતરેયોપનિષદ

(૩૩) ઐતરેયોપનિષદ – શ્લોક નં. ૧–૧–૧, ૨

(૩૪) પ્રશ્નોપનિષદ

(૩૫) પ્રશ્નોપનિષદ – 'પરિચય' માંથી સાભાર

(૩૬) કઠઉપનિષદ

(૩૭) કઠઉપનિષદ – અધ્યાય–૨, વલ્લી–૩, મંત્ર–૧

(૩૮) તાત્ત્વિક અર્થઘટન (સ્વ. મત)

(૩૯) ભારતીય દર્શન પૃ. ૧૨૦ – લે. ડો. એસ. રાધાકૃષ્ણન્

(૪૦) ભારતીય દર્શન પૃ. ૧૪૬ – લે. સી.વી. રાવળ

(૪૧) ન્યાય કુસુમાંજલિ અ. ૫, શ્લાક ૫ – લે. ઉદયનાચાર્ય

(૪૨) ભારતીય તત્વજ્ઞાનની રૂપરેખા પૃ. ૩૫૪ – લે. ઈન્દુકલા ઝવેરી

(૪૩) ભારતીય દર્શન પૃ. ૧૪૬ – લે. સી.વી. રાવળ

(૪૪) ભારતીય દર્શનપૃ. ૧૪૬ – લે. સી.વી. રાવળ

(૪૫) સાંખ્યકારિકા શ્લોક ૨૦, ૨૧ – ઈશ્વર કૃષ્ણ

(૪૬) ભારતીય દર્શન પૃ. ૧૭૬ – પ્રા. સી. વી. રાવળ

# પ્રકરણ : ૩

# શુધ્ધાદ્વૈત વેદાન્તની જ્ઞાનમીમાંસા – તત્ત્વમીમાંસા – તર્કમીમાંસા


૩.૧ પરિચય

૩.૨ જ્ઞાન મીમાંસા

૩.૨.૧ પ્રમાણ વિચાર

૩.૨.૨ પ્રામાણ્ય વિચાર

૩.૨.૩ અખ્યાતિવાદ

૩.૩ શુધ્ધાદ્વૈત તત્ત્વમીમાંસા

૩.૩.૧ જીવ વિષયક મત

૩.૩.૨ જગત વિષયક મત

૩.૩.૩ ઈશ્વર વિષયક મત

૩.૪ શુધ્ધાદ્વૈત તર્ક મીમાંસા

૩.૫ સારાંશ

૩.૬ પાદટીપ

## ૩.૧ પરિચય

સૌપ્રથમ ભારતીય તત્ત્વજ્ઞાનનો પરિચય મેળવીએ તો, વેદશાસ્ત્ર, ઉપનિષદ, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, શ્રીમદ્ ભગવદ્ ગીતા, અ–વૈદિક કે નાસ્તિક દર્શનો અને વૈદિક કે આસ્તિક દર્શનો, આચાર્ય યુગ, પ્રદેશગત સમય સંદર્ભનું તાત્ત્વિક અર્થઘટન, ૧૯મી સદીના અંતભાગમાં તથા ૨૦મી સદીમાં વ્યકિતગત કક્ષાએ થયેલ અર્થઘટન પરક તત્ત્વજ્ઞાનનો સમાવેશ કરવામાં આવે છે.

| ક્રમ | સંહિતા | બ્રાહ્મણ | આરણ્યક | ઉપનિષદ [1] |
|---|---|---|---|---|
| ૧. | ઋગ્વેદ | ઐત્તરેય | ઐત્તરેય | ઐત્તરેય |
| | | કૌષીતકિ | કૌષીતકિ | કૌષીતકિ |
| ૨. | સામવેદ | પંચવિંશ | આરણ્યક સંહિતા | છાન્દોગ્ય |
| | | ષડ્વિંશ | આરણ્યક ગાન | કેન |
| | | જૈમિનીય બ્રાહ્મણ | જૈમિનીય ઉપનિષદ્ | |
| ૩. | શુકલ યજુર્વેદ | શતપથ | શતપથ | બૃહદારણ્યક |
| | | | | ઈશ |
| | કૃષ્ણ યજુર્વેદ | કઠ | કઠ | કઠ |
| | | તૈત્તિરીય | તૈત્તિરીય | તૈત્તિરીય |
| | | | | મૈત્રી |
| | | | | શ્વેતાશ્વતર |
| ૪. | અથર્વવેદ | ગોપથ | – | મુંડક |
| | | | | માંડુકય |
| | | | | પ્રશ્ન |







**શુધ્ધાદ્વૈત શબ્દનો અર્થ**

**अज्ञाननासके विज्ञानमात्मानुभवः श्च मेदनाशके तु मगद्विज्ञानम् श्च**

**उमदा साक्षात्कारे देहाद्यघ्यास निवृत्तिः शुद्धाद्वैत च स्फुरति श्च**[3]

અજ્ઞાનને દૂર કરનાર વિજ્ઞાન આત્માનો અનુભવ કરાવે છે. આત્માનું સ્વરૂપ જણાવે છે. આત્મા અને પરમાત્મા વચ્ચેના ભેદને દૂર કરનાર વિજ્ઞાન એ ભગવદ્ વિજ્ઞાન છે. આ બંનેય પ્રકારનું વિજ્ઞાન આત્માનું સ્વરૂપ જણાવનાર અને આત્મા બ્રહ્મથી જુદા નથી, પણ તેનો અંશ છે. એવું વિજ્ઞાનનો સાક્ષાત્કાર થતાં દેહાધ્યાસની નિવૃત્તિ થાય છે અને શુધ્ધાદ્વૈત સ્ફુરિત થાય છે.

શુધ્ધાદ્વૈત જ્ઞાન દેહથી આત્માની ભિન્નતા અને આત્માની બ્રહ્મ સાથેની અભેદતાનું જ્ઞાન કરાવનારું જ્ઞાન છે.

**शुध्धाद्वैतपदे ज्ञेयः समासः कर्मधारयः श्व**

**अद्वैते शुध्धयोः प्राहुः षष्ठीतत्पुरूषं बुधाः श्ध्व**

**माया सम्बन्धरहितं शुद्धमित्युञ्चत बुधैः श्व**

**कार्यकारणरूपं हि शुध्धं ब्रह्म न मायिकम् श्ध्व**[૪]

માયાના સંબંધથી રહિત એટલે શુધ્ધ. બ્રહ્મ માયાના સંબંધથી રહિત હોવાથી તે બ્રહ્મનું અદ્વૈત શુધ્ધ જ છે. તે સ્પષ્ટ કરવા શ્રી વલ્લભાચાર્ય પોતાના અદ્વૈતને શુધ્ધાદ્વૈત પદથી ઓળખાવે છે.

સૌપ્રથમ શુધ્ધાદ્વૈત વેદાન્તના સર્જક શ્રી વલ્લભાચાર્યના જીવન વિશે સંક્ષેપમાં માહિતી આલેખન કરીએ તો, સંવત ૧૫૩૫ ના (વ્રજ) વૈશાખ કૃષ્ણ પક્ષ ૧૧ ને રવિવારે માતા વલ્લમાગારુજી અને પિતા લક્ષ્મણ ભટ્ટના સંતાન શ્રી વલ્લભાચાર્ય છે. બાલ્યાવસ્થામાં ઉપનયન સંસ્કાર બાદ અધ્યયન શરૂ થયું. કુશાગ્ર બુધ્ધિથી તમામ શાસ્ત્રોમાં પ્રાવીણ્ય મેળવ્યું. તિરુમલ્લ પાસે ઋગ્વેદ અને સામવેદ ભણ્યા. પિતા પાસેથી વિષ્ણુચિત્ત અને યજુર્વેદનું અધ્યયન કર્યું. તે ઉપરાંત નારાયણ દીક્ષિત પાસેથી ભાષ્ય સહિત પાણિનીય સૂત્ર, અષ્ટાધ્યાયી, ગૌતમ, કણાદના ગ્રંથો તથા યોગ, સાંખ્ય, મીમાંસા આગમ, શારીરિક વગેરે ભણ્યા. માધ્વસંપ્રદાયી આન્ધ્ર માધવેન્દ્રપતિ પાસે ગીતા, ભાગવત અને નારદપંચરાત્ર વાંચ્યાં. વેદ બાહ્ય નૈયાયિક, વૈશેષિક, જૈન–બૌદ્ધ, ચાર્વાક આદિમતોના સિધ્ધાન્તો પણ સમજી લીધા તેમજ ધર્મશાસ્ત્ર, જયોતિ શાસ્ત્ર, શિક્ષા, આદિ, કાવ્ય, સાહિત્ય કલા એ સઘળું તેમજ અન્ય ધર્મના ગ્રંથો પણ જાણી લીધા. જીવન દરમિયાન ત્રણ વખત યાત્રા કરી. ગૃહસ્થી બન્યા, અનેક ગ્રંથ રચ્યાં. સંવત ૧૫૮૭ ના અષાઢ સુદ ૩ ને રવિવારે મધ્યાન્હ સમયે જવાળાપુંજ માર્ગથી વ્યાપી વૈકુંઠમાં આચાર્યશ્રી પધાર્યા. [૫]

**અણુભાષ્ય :** શ્રીમદ્ વલ્લભાચાર્યજીના દ્વિતીય પુત્ર શ્રી વિટ્ઠલેરાજીએ બ્રહ્મસૂત્ર પરના આચાર્યશ્રીનાં ભાષ્યને અણુભાષ્ય તરીકે જાહેર કર્યું છે. સામાન્ય રીતે શ્રી વલ્લભાચાર્ય જ ભાષ્યના કર્તા છે, પણ ભાષ્યની ભાષા જોતાં તેના બે ભાગ પડી જાય છે. અણુભાષ્યના પ્રારંભથી તે

બ્રહ્મસૂત્ર ૩–૨–૩૩ સુધીનો ભાગ શ્રી વલ્લભાચાર્યનો છે, ત્યારપછીનો ભાગ તેમના પુત્ર શ્રી વિઠ્ઠલેશે પૂર્ણ કર્યો. અણુભાષ્ય પર ટીકા સાહિત્યનો સંક્ષેપમાં પરિચય મેળવીએ. [૬]

**પ્રકાશ ટીકા :** ટીકાકાર શ્રી પુરુષોત્તમજી વલ્લભ વંશજ છે. ટીકા અપૂર્વ છે. ટીકામાં ભાષ્યનો વિષય બહુ જ વિસ્તારથી સમજાવ્યો છે. શ્રુતિઓના શબ્દોના અર્થ સ્પષ્ટ કર્યા છે. પશ્ચિમની તુલનાત્મક પધ્ધતિથી અન્ય ભાષ્યકારોના મતોને પણ એકઠા કરવામાં આવ્યા છે.

**રશ્મિ ટીકા :** 'પ્રકાશ' ઉપર શ્રી યોગિગોપેશ્વરજી દ્વારા લખાયેલ ટીકા તે રશ્મિ. આ ટીકા ઘણી લાંબી અને વિસ્તૃત છે. પ્રકાશમાં રહેલી ત્રુટિઓ પૂર્ણ કરી છે.

**ભાવપ્રકાશિકા :** પુરુષોત્તમજીના ગુરુ શ્રીકૃષ્ણચંદ્રજી દ્વારા રચાયેલ ગ્રંથ છે. અણુભાષ્યના ભાવનો પ્રકાશ કરનાર સ્વતંત્ર ગ્રંથ લખ્યો છે. અણુભાષ્ય અને પ્રકાશના સારરૂપ ગ્રંથ છે. વિષય અણુભાષ્ય કરતાં સહજ વિસ્તૃત કરવામાં આવેલ છે.

**વ્યાખ્યા :** અણુભાષ્ય ઉપર સ્વતંત્ર ટીકા ગ્રંથ શ્રી મુરલીધરજી દ્વારા રચાયેલ તે વ્યાખ્યા. આ ટીકામાં લેખકે 'પ્રકાશ' ને અનુસરતા નથી.

**પ્રદીપ :** ઈચ્છારામ ભટ્ટ રચિત ટીકા. લેખકે શ્રી ગોપેશ્વર પાસેથી અણુભાષ્યનું અધ્યયન કર્યું હતું. અણુભાષ્યની ભાષા સમજવામાં ઉપયોગી ગ્રંથ છે.

**યોજના અથવા ગૂઢાર્થ દીપિકા :** શ્રી બાલુ ભટ્ટે રચેલ આ ટીકા અણુભાષ્ય સમજવામાં ઘણી ઉપયોગી છે. તેના નામ અનુસાર ગૂઢ અર્થ સમજવા માટે દીપકની ગરજ સારે છે.

આ ઉપરાંત 'વેદાન્ત કૌમુદી', 'વેદાન્ત સિધ્ધાંત ચંદ્રિકા', 'પ્રભા', 'ત્રિસૂત્રી', ' વાગીશ પ્રસાદ', 'અધિકરણ માળા', 'ન્યાય માળા' જેવા અનેક ગ્રંથ અણુભાષ્ય સાથે સંલગ્ન જોવા મળે છે.

**સાહિત્ય પરિચય :** [૭] તત્ત્વાર્થદીપ નિબંધ, સર્વ નિર્ણય, ભાગવતાર્થ, પૂર્વમીમાંસા ભાષ્ય, પૂર્વમીમાંસા કારિકાઓ, શ્રીમદ્ ભાગવત્ સૂક્ષ્મટીકા, અણુભાષ્ય, પત્રાવલંબન, ગાયત્રીમંત્રની વ્યાખ્યા અને ભાષ્ય, મધુરાષ્ટક, પરિવૃઢાષ્ટક, પુરુષોત્તમ નામ સહસ્ર, દશમસ્કંધ, ત્રિવિધ નામાવલિ, એકાદશ સ્કંધાર્થ, નિરૂપણ કારિકા, ન્યાસાદેશ (ગીતાના સારરૂપ માત્ર ૧ શ્લોક) શ્રીમદ્ ભાગવત સુબોધિની ટીકા (સ્કંધ ૧, ૨, ૩, ૧૦ તથા ૧૧), શિક્ષા શ્લોક વગેરે જાણીતા ગ્રંથો ઉપરાંત સર્વ

વૈષ્ણવને પ્રિય ષોડ્શ ગ્રંથ જેમાં યમુનાષ્ટક, બાલબોધ, સિધ્ધાંત મુકતાવલિ, પુષ્ટિપ્રવાહ મર્યાદા ભેદ, સિધ્ધાંત રહસ્ય, નવરત્ન, અન્તઃકરણ પ્રબોધ, વિવેકધૈર્યાશ્રય, કૃષ્ણાશ્રય, ચતુઃશ્લોકી, ભકિતવર્ધિની, જલભેદ, પંચપેધ, સંન્યાસ નિર્ણય, નિરોધ લક્ષણ, સેવાફળનો સમાવેશ થાય છે. પ્રમેય રત્નાર્ણવ, પ્રસ્થાન રત્નાકર જેવા ગ્રંથો પણ મળી આવે છે. શ્રી હરિરાયજીનું ‘બ્રહ્મવાદ’; શ્રી ગિરિધરજીનું ‘ શુધ્ધાદ્વૈતમાર્તણ્ડ’; શ્રી પુરુષોત્તમજીના ‘પ્રસ્થાનરત્નાકર’; ભેદાભેદસ્વરૂપ નિર્ણય’; ‘સૃષ્ટિ ભેદભાવ’; ‘ ખ્યાતિવાદ’; ‘પ્રપંચ સંસાર ભેદ’; પં. ગટુલાલજીનું ‘વેદાન્તચિંતામણી’; ભગવદ્ગીતા ભાવપ્રકાશિકા સાથે. શ્રી કે.કા. શાસ્ત્રીનું ‘બ્રહ્મવાદ અને વેદાન્તચિંતામણી’ મગનલાલ શાસ્ત્રીનું ‘શુધ્ધા દ્વૈત પ્રદીપ’ તથા રમાનાથ શાસ્ત્રીનું ‘શુધ્ધાદ્વૈત’ વગેરે ગ્રંથો પણ સમાવેશ પામે છે.

## ૩.૨ જ્ઞાનમીમાંસા [૯]









આચાર્યશ્રી વલ્લભ ઉપર કોષ્ટક માં દર્શાવ્યા અનુસાર જ્ઞાનમીમાંસા અંતર્ગત પ્રમાણ વિચારમાં શબ્દ પ્રમાણ એક જ સ્વીકારે છે. પરંતુ વ્યાવહારિક જ્ઞાન પ્રાપ્ત કરવામાં પ્રત્યક્ષ અને અનુમાન શબ્દમાં ઉમેરે છે. પ્રામાણ્ય વિચારમાં સ્વતઃ પ્રામાણ્યવાદ સ્વીકારે છે. ભ્રમ વિષયક વિચારમાં અખ્યાતિવાદ રજૂ કરે છે.[૯]

### ૩.૨.૧ પ્રમાણ વિચાર

वेदाः श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैवहि ।
समाधि भाषा व्यासस्य प्रमाणं चतुष्टम् ।। (१०) [10]

અર્થાત્ વેદ, શ્રીકૃષ્ણના વકયરૂપ શ્રીમદ્ ભગવદ્ ગીતા, બાદ રાયણ વ્યાસના બ્રહ્મસૂત્રો તથા વેદ વ્યાસની સમાધિ ભાષા ચાર પ્રમાણ છે.

ભારતીય તત્વજ્ઞાનમાં શ્રીમદ્ શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય, નિમ્બાર્કાચાર્ય પ્રસ્થાનત્રયી સ્વીકારે છે. મતલબ કે, વેદ, બ્રહ્મ સૂત્રો અને શ્રીમદ્ ભગવદ્ ગીતા ત્રણ ગ્રંથો પર સ્વતંત્ર ભાષ્ય રચી પોતાના સિદ્ધાંતની એક વાકયતા સિધ્ધ કરે છે. આ સંદર્ભે બ્રહ્મનું સ્વરૂપ જગત નિર્માણ પ્રક્રિયા વર્ણવતાં આચાર્ય શંકર કેવલાદ્વૈતવાદ ; રામાનુજાચાર્ય વિશિષ્ટાદ્વૈતવાદ ; નિમ્બાર્કાચાર્ય દ્વૈતાદ્વૈતવાદ રજૂ કરે છે. જયારે વલ્લભાચાર્ય ત્રણ પ્રસ્થાનમાં એક ઉમેરી પ્રસ્થાન ચતુષ્ટમ સ્વીકારે છે. [11]

આચાર્યશ્રી જણાવે છે કે શ્રીમદ્ ભાગવત પુરાણમાં ત્રણ ભાષા છે. (૧) સમાધિભાષા (૨) પરમત ભાષા (૩) લૌકિક ભાષા. તેમાં સમાધિ ભાષા સર્વથા પ્રમાણભૂત છે. [11] કારણ વ્યાસજીને સમાધિમાં આ પ્રકારે દર્શન થયું કે, 'બ્રહ્મ સાકાર અને શુધ્ધ છે. માયા દાસી તેની ઉત્તમ શકિત છે, કે જે માયાએ કરીને સર્વત્ર સમ્મોહ થાય છે, પરંતુ તે સમ્મોહમાંથી જીવાને મુકત કરાવે એવા ઉપાય તો ભગવાનની સાક્ષાત ભકિત જ છે.'' સમાધિ દર્શન ભગવદ્વાકયને તથા વેદ વાકયને સમ્મ્ત છે તેથી સમાધિ ભાગવત પ્રમાણભૂત છે.

આચાર્યશ્રી કહે છે કે સમાધિ યોગમાં સાક્ષાત્કાર કરીને જેટલો અર્થ નિરૂપિત કર્યો તે સમાધિ ભાષા જાણવી. [૧૨] શ્રી વેદ વ્યાસે સમાધિ કરી તેમાં જે લીલા જોઈ તેને શ્રી ભાગવત રૂપે કહી એ વાત શ્રી ભાગવત પ્રથમ સ્કન્ધના ૭માં અધ્યાયમાં શ્લોક ૪ થી ૬માં પોતે જ કહી છે.

ભકિત યોગ વડે સારી રીતે સમાધિ કરી ત્યારે પુરૂષનો, માયાનો, જીવનો અને બધ્ધ જીવને છૂટવાના ઉપાયરૂપ ભકિત યોગનો એમણે સાક્ષાત્કાર કર્યો, ત્યારે એમણે અજ્ઞાન લોકને ભાગવાનનો માર્ગ બતાવવા માટે શ્રી ભાગવતરૂપ સાહિત્યની રચના કરી. સમાધિભાષા પ્રમાણરૂપે સ્વીકારવાની સાથે સાથે આચાર્યશ્રી કહે છે કે વેદ, સૂત્રો, ગીતાનો સ્પષ્ટાર્થ શ્રી ભાગવતથી જ થાય છે. તેથી એની પ્રસ્થાનમાં અતિ આવશ્યકતા છે. ભાગવતના સાત અર્થ (૧) શાસ્ત્રાર્થ (૨) સ્કન્ધાર્થ (૩) પ્રકરણાર્થ (૪) અધ્યાયાર્થ (૫) વાકયાર્થ (૬) પદાર્થ (૭) અક્ષરાર્થ થાય છે. સપ્ત અર્થમાં વિરોધ ન આવે તેવી રીતે એક અર્થ જાણે તે મુકત થાય છે. વાકયાર્થ – પદાર્થ – અક્ષરાર્થ – આચાર્યશ્રીના સુબોધિની ભાષ્યમાં છે. અન્ય અર્થ ભાગવતાર્થ નિબંધમાં આપવામાં આવ્યા છે. [૧૩]

એ જગતનું કર્તા છે, એ સર્વત્ર વ્યાપક છે અને નિરાકાર છતાં સાકાર છે, પોતાની માયા શકિત જગત સર્જે છે. જીવો એના અંશ છે. એ બ્રહ્મની પ્રાપ્તિ ભકિતથી થાય છે.

આમ, શબ્દ પ્રમાણ મુખ્ય પ્રમાણ તરીકે સ્વીકારી આચાર્યશ્રી સ્વમતનું સ્થાપન કરે છે. જયારે વ્યવહારિક જ્ઞાનના સાધન તરીકે પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણ સ્વીકારે છે.

(૧) **પ્રત્યક્ષ પ્રમાણ :** આચાર્યશ્રી તત્વદીપ નિબંધમાં પ્રમાણ તરીકે ચાર બાબતોને સ્વીકારે છે. પરંતુ, વ્યાવહારિક દષ્ટિએ ત્રણ પ્રમાણ સ્વીકારે છે.

પ્રતયક્ષ જ્ઞાન બાહ્ય ઈન્દ્રિયો દ્વારા થતું હોઈ એ માત્ર પદાર્થના બાહ્ય સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. પરંતુ તેનું આંતરિક સ્વરૂપ સમજાવી શકતું નથી. જો ઈન્દ્રિયોમાં દોષ હોય તો પણ તે દ્વારા પ્રાપ્ત જ્ઞાનમાં ભૂલ થવા સંભવ રહે છે. પ્રત્યક્ષજ્ઞાન વ્યકિતભેદે ભિન્ન–ભિન્ન રહે છે. પ્રત્યક્ષ દ્વારા પ્રાપ્ત જ્ઞાન અલ્પકાલીન અથવા મર્યાસ્દત હોય છે. લૌકિક પ્રત્યમાં દશ ઈન્દ્રિય દ્વારા પ્રાપ્ત જ્ઞાન સમાવેશ પામે છે. જયારે અલૌકિક પ્રત્યક્ષમાં મન દ્વારા પ્રાપ્ત જ્ઞાન સમાવેશ પામે છે. આચાર્ય શ્રી આગળ માનસિ ભકિત પણ સ્વીકારે છે.[૧૫]

(૨) **અનુમાન પ્રમાણ :** અનુમાનમાં હેતુ મુખ્ય બાબત છે અને વ્યાપ્તિ માટે તેની ખાસ અગત્ય છે. અનુમાન પ્રત્યક્ષ પર આધારિત છે તેથી પ્રત્યક્ષની મર્યાદા અનુમાનને પણ મર્યાદિત બનાવે તે સ્વાભાવિક છે. વ્યવહારમાં મહત્વપૂર્ણ પ્રમાણ છે. કારણ તર્ક દ્વારા જ્ઞાન પ્રાપ્ત થાય છે. અન્વય વ્યતિરેક અને કેવળ વ્યતિરેક બંને પ્રકાર સ્વીકારવામાં આવે છે. કેવલ અભાવ કે નિષેધાત્મક ઉદાહરણ

દ્વારા વ્યાપ્તિની સ્થાપના કરવામાં આવે તે કેવલ વ્યતિરેક કહેવાય. જે અનુમાનમાં વ્યાપ્તિની સ્થાપના ભાવાત્મક તેમજ અભાવાત્મક બને ઉદાહરણ દ્વારા શકય બને તે અન્વય વ્યતિરેક અનુમાન કહેવાય.[૧૬]

(૩) **શબ્દ પ્રમાણ :**

આચાર્ય શ્રી વલ્લભ શબ્દ પ્રમાણ મુખ્યત્વે પ્રમુખ પ્રમાણ તરીકે સ્વીકારે છે. આથી વિશેષ કે સબળ ટેકા રૂપે અણુ ભાષ્યમાં આચાર્યશ્રીએ લીધેલા ભાગવત પુરાણના શબ્દ પ્રમાણને રજૂ કરીએ. [૧૭]

| | | |
|---|---|---|
| ૧–૧–૧ | ના સમર્થનમાં | ૧૧–૧૧–૧૮ |
| ૧–૧–૩ | ના સમર્થનમાં | ૧૧–૧૧–૦૪ |
| ૧–૧–૧૧ | ના સમર્થનમાં | ૦૯–૦૪–૬૨ તથા ૦૬–૧૪–૦૫ તથા ૦૯–૦૪–૬૬ અને ૧૧–૦૨–૩૧ |
| ૧–૧–૨૬ | ના સમર્થનમાં | ૦૨–૦૬–૧૮ |
| ૧–૧–૨૯ | ના સમર્થનમાં | ૦૬–૧૧–૨૦ |
| ૧–૨–૧૮ | ના સમર્થનમાં | ૦૬–૦૪–૨૫ |
| ૧–૨–૨૫ | ના સમર્થનમાં | ૦૨–૦૨–૦૮ |
| ૧–૨–૩૦ | ના સમર્થનમાં | ૦૩–૦૯–૦૧ |
| ૧–૨–૩૨ | ના સમર્થનમાં | ૧૦–૦૮–૪૦ તથા ૧૦–૦૯–૧૨ થી ૧૮ |
| ૧–૩–૨૧ | ના સમર્થનમાં | ૧૧–૦૭–૨૧ |
| ૧–૩–૨૭ | ના સમર્થનમાં | ૦૨–૦૬–૨૭ |
| ૧–૩–૩૦ | ના સમર્થનમાં | ૦૩–૦૯–૪૩ |
| ૧–૩–૩૨ | ના સમર્થનમાં | ૦૫–૨૩–૦૫ |
| ૧–૪–૨૬ | ના સમર્થનમાં | ૦૪–૧૧–૨૫ |
| ૨–૧–૨૭ | ના સમર્થનમાં | ૦૬–૦૯–૩૬ |
| ૨–૧–૩૬ | ના સમર્થનમાં | ૦૩–૧૨–૧૮ |
| ૨–૩–૧ | ના સમર્થનમાં | ૦૨–૦૬–૦૧ |
| ૦૨–૦૩–૪૬ | ના સમર્થનમાં | ૧૧–૨૩–૫૬ |
| ૦૨–૦૪–૧૧ | ના સમર્થનમાં | ૦૫–૧૧–૦૯ |

| | | |
|---|---|---|
| ૦૨–૦૪–૧૪ | ના સમર્થનમાં | ૦૨–૧૦–૦૮ |
| ૦૩–૦૧–૦૮ | ના સમર્થનમાં | ૦૫–૧૯–૨૮ |
| ૦૩–૦૧–૧૦ | ના સમર્થનમાં | ૦૩–૩૨–૨૦ |
| ૦૩–૦૧–૧૨ | ના સમર્થનમાં | ૦૬–૧૮–૪૭ |
| ૦૩–૦૧–૧૪ | ના સમર્થનમાં | ૧૦–૬૧–૨૨ |
| ૦૩–૦૧–૧૮ | ના સમર્થનમાં | ૦૫–૧૨–૧૪ તથા ૧૧–૦૨–૧૮ |
| ૦૩–૦૨–૨૧ | ના સમર્થનમાં | ૧૦–૦૮–૪૦ |
| ૦૩–૦૨–૨૬ | ના સમર્થનમાં | ૦૩–૦૯–૧૧ |

**ખાસ નોંધ : આચાર્યશ્રી ૩–૨–૩૩ સુધી ભાષ્ય રચેલ છે. ૦૨–૦૨–૪૫ ભાગવત મતમાં દોષ બતાવેલ છે. શબ્દ પ્રમાણ અને સ્થાન ચતુષ્ટમમાં ભાગવત પુરાણના સંદર્ભના આલેખન બાદ બ્રહ્મસૂત્રનો પરિચય મેળવીએ.**

| | | |
|---|---|---|
| પ્રથમ અધ્યાય | પ્રથમપાદ | સૂત્ર સંખ્યા – ૩૦ |
| પ્રથમ અધ્યાય | દ્વિતિય પાદ | સૂત્ર સંખ્યા – ૩૨ |
| પ્રથમ અધ્યાય | તૃતીય પાદ | સૂત્ર સંખ્યા – ૪૩ |
| પ્રથમ અધ્યાય | ચતુર્થ પાદ | સૂત્ર સંખ્યા – ૨૮ |
| દ્વિતિય અધ્યાય | પ્રથમ પાદ | સૂત્ર સંખ્યા – ૩૭ |
| દ્વિતિય અધ્યાય | દ્વિતિય અધ્યાય | સૂત્ર સંખ્યા – ૪૫ |
| દ્વિતિય અધ્યાય | તૃતીય પાદ | સૂત્ર સંખ્યા – ૫૩ |
| દ્વિતિય અધ્યાય | ચતુર્થ પાદ | સૂત્ર સંખ્યા – ૨૨ |
| તૃતીય અધ્યાય | પ્રથમ પાદ | સૂત્ર સંખ્યા – ૨૭ |
| તૃતીય અધ્યાય | દ્વિતિય પાદ | સૂત્ર સંખ્યા – ૩૩/૩૨**बुद्धयर्थ पादवत्** + ०८ = ४१ |
| તૃતીય અધ્યાય | તૃતીય પાદ | સૂત્ર સંખ્યા – ૬૬ |
| તૃતીય અધ્યાય | ચતુર્થ પાદ | સૂત્ર સંખ્યા – ૫૨ |
| ચતુર્થ અધ્યાય | પ્રથમ પાદ | સૂત્ર સંખ્યા – ૧૯ |
| ચતુર્થ અધ્યાય | દ્વિતીય પાદ | સૂત્ર સંખ્યા – ૨૧ |

| | | |
|---|---|---|
| ચતુર્થ અધ્યાય | તૃતીય પાદ | સૂત્ર સંખ્યા – ૧૭ |
| ચતુર્થ અધ્યાય | ચર્તુથપાદ | સૂત્ર સંખ્યા – ૨૨ |

**શ્રીમદ્ ભગવદ ગીતા શ્લોક સંખ્યાનું આલેખન કરીએ.**

| | | |
|---|---|---|
| અધ્યાય ૧ | અર્જુન વિષાદ યોગ | શ્લોક સંખ્યા – ૪૭ |
| અધ્યાય ૨ | સાંખ્ય યોગ | શ્લોક સંખ્યા – ૭૨ |
| અધ્યાય ૩ | કર્મયોગ | શ્લોક સંખ્યા – ૪૩ |
| અધ્યાય ૪ | જ્ઞાનકર્મ સંન્યાસ યોગ | શ્લોક સંખ્યા – ૪૨ |
| અધ્યાય ૫ | કર્મ સંન્યાસ યોગ | શ્લોક સંખ્યા – ૨૯ |
| અધ્યાય ૬ | આત્મ સંયમ યોગ | શ્લોક સંખ્યા – ૪૭ |
| અધ્યાય ૭ | જ્ઞાન વિજ્ઞાન યોગ | શ્લોક સંખ્યા – ૩૦ |
| અધ્યાય ૮ | અક્ષર બ્રહ્મ યોગ | શ્લોક સંખ્યા – ૨૮ |
| અધ્યાય ૯ | રાજવિદ્યારાજ ગુહ્ય યોગ | શ્લોક સંખ્યા – ૩૪ |
| અધ્યાય ૧૦ | વિભૂતિ યોગ | શ્લોક સંખ્યા – ૪૨ |
| અધ્યાય ૧૧ | વિશ્વરૂપદર્શન યોગ | શ્લોક સંખ્યા – ૫૫ |
| અધ્યાય ૧૨ | ભકિતયોગ | શ્લોક સંખ્યા – ૨૦ |
| અધ્યાય ૧૩ | ક્ષેત્રક્ષેત્રજ્ઞ યોગ | શ્લોક સંખ્યા – ૩૪ |
| અધ્યાય ૧૪ | ગુણત્રય વિભાગ યોગ | શ્લોક સંખ્યા – ૨૭ |
| અધ્યાય ૧૫ | પુરુષોત્તમ યોગ | શ્લોક સંખ્યા – ૨૦ |
| અધ્યાય ૧૬ | દૈવાસુર યોગ | શ્લોક સંખ્યા – ૨૪ |
| અધ્યાય ૧૭ | શ્રધ્ધાત્રય વિભાગ યોગ | શ્લોક સંખ્યા – ૨૮ |
| અધ્યાય ૧૮ | મોક્ષ સંન્યાસ યોગ | શ્લોક સંખ્યા – ૭૮ |

(૩) **ઉપમાન પ્રમાણ :** આ પ્રમાણનો આધાર સાદશ્ય જ્ઞાન છે. સાદશ્ય જ્ઞાન ભ્રમજનક જ્ઞાન છે. આથી આ પ્રમાણ દ્વારા લૌકિક વિષયનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

(૪) **અર્થાપતિ પ્રમાણ :** આ સ્વતંત્ર પ્રમાણ નથી તેથી તેનો સ્વીકાર આચાર્યશ્રી કરતાં નથી.

**શ્રીમદ્ ભાગવત પરિચય :** [૨૦]

**પ્રથમ સ્કન્ધ – અધિકાર નિરૂપણ (અધ્યાય – ૧૯)**

અધિકારી ત્રણ પ્રકારનાં છે. (૧) હીન, (૨) મધ્યમ, (૩) ઉત્તમ

(૧) હીન અધિકારી – અધ્યાય ૧–૨–૩

(૨) મધ્યમ અધિકારી – અધ્યાય ૪–૫–૬

(૩) ઉત્તમાધિકારી – અધ્યાય ૭ થી ૧૯

હીન અધિકારીમાં પણ શ્રોતામાં જિજ્ઞાસા, માત્સર્યરહિતપણું અને શ્રવણમાં આદર આ ત્રણ લક્ષણો હોવાં જોઈએ. તે જ પ્રમાણે વકતામાં ભાગવતશાસ્ત્રનું પરંપરાથી કરેલું શ્રવણ, ચાતુર્ય અને ગુપ્તજ્ઞાન. આ ત્રણ લક્ષણો અવશ્ય જોઈએ. આ ત્રણ પ્રકારે એક શ્રોતાનો અને એક વકતાનો ગુણ લઈને ત્રણ ગુણ માટે ત્રણ અધ્યાય કર્યા છે.

| *અ. ૧* | *અ. ૨* | *અ. ૩* | |
|---|---|---|---|
| જિજ્ઞાસુત્વ | માત્સર્યરહિતત્વ | શ્રવણમાં પ્રીતિ | શૌનકાદિ – શ્રોતા |
| શ્રુત ભાગવતત્વ | ચાતુર્ય | ગુપ્તજ્ઞાન | સૂતજી – વકતા |

મધ્યમાધિકારી શ્રોતા અને વકતાના ત્રણ ત્રણ લક્ષણ છે, શ્રોતાને વકતાના ઉપર ભગવતકૃપા, ભગવદીયત્વ – વૈષ્ણવતા અને ભગવાનમાં સંપૂર્ણ સ્નેહ–ભકિત જોઈએ. બંનેમાં લક્ષણ ન હોય તો શ્રવણનું ફલ ન મળે. લક્ષણો તપાસીને શ્રોતાએ વકતાનો અને વકતાએ શ્રોતાનો સમાગમ કરવો જોઈએ.

| *અ. ૪* | *અ. ૫* | *અ. ૬* | |
|---|---|---|---|
| ભવગતકૃપા | ભગવદીયત્વ | ભગવદેકત્વ | વ્યાસજી – શ્રોતા |
| ,, | ,, | પ્રેમ–ભકિત | નારદજી – વકતા |

ઉત્તમાધિકારી વકતા અને શ્રોતામાં દઢ વૈરાગ્ય જોઈએ. ભગવાન સિવાયના સર્વ પદાર્થોમાં રાગ ત્યજી પ્રભુમાં એકતાન થવું એ ભકિતમાર્ગીય વૈરાગ્ય છે. આ વૈરાગ્યથી ભગવાન પુરુષોત્તમમાં તત્પરતા થતી હોવાથી તેમજ ભગવાન બાર અંગોવાળા હોવાથી અને તેરમા અંગી પુરુષોત્તમ મળીને તેર અધ્યાયથી ત્રીજું પ્રકરણ પૂર્ણ થાય છે.

વકતા → શ્રી શુકદેવજી અ. ૭ થી ૧૯

શ્રોતા → પરીક્ષિત દ્વાદશાંગ પુરુષોત્તમમાં તત્પર – વૈરાગ્યવાન્

બે ચરણ + બે સાથળ + બે બાહુ + બે સ્તન્ + બે હસ્ત + એક હૃદય + એક શિર + એક અંગી = પુરુષોત્તમ

## દ્વિતીય સ્કન્ધ – સાધન–નિરૂપણ [21]

| | | | |
|---|---|---|---|
| | સાધન | જ્ઞાન લીલા | (અધ્યાય – ૧૦) |
| પ્રકરણ ૧ | તત્ત્વધ્યાન (વસ્તુ નિર્ધાર) | સ્થૂલ | (અધ્યાય – ૧૦) |
| | | સૂક્ષ્મ | (અધ્યાય – ૨) |
| ૨ | હૃતપ્રસાદ (શ્રધ્ધા) | શ્રોતા | (અધ્યાય – ૩) |
| | | વકતા | (અધ્યાય – ૪) |
| ૩ | મનન (વિમર્શ) | | |



## તૃતીય સ્કંધ (સર્ગ લીલા) [૨૨]

### શુકમતાનું સારી લૌકિક અને અલૌકિક સર્ગ અધ્યાય–૩૩

- બંધ સૃષ્ટિ (અધ્યાય ૧ થી ૧૯)
- મુકત સૃષ્ટિ (અધ્યાય ૨૦ થી ૩૩)

| | |
|---|---|
| પ્રકરણ ૧ – ગુણાતીત (અ. ૧ થી ૬) | ૬ – તત્ત્વમુકિત (અ. ૨૦ થી ૨૪) |
| ૨ – સગુણ સૃષ્ટિ (અ. ૭ થી ૯) | ૭ – કાલમુકિત (અ. ૨૫) |
| ૩ – કાલ સૃષ્ટિ (અ. ૧૦–૧૧) (તત્ત્વસૃષ્ટિ) (અ. ૧૦–૧૧) | ૮ – ગુણાતીત મુકિત (અ. ૨૬–૨૭) |
| ૪ – મુકત જીવસૃષ્ટિ (અ. ૧૨) | ૯ – સગુણ મુકિત (અ. ૨૮) |
| ૫ – ઉપોદ્ઘાત (અ. ૧૩ થી ૧૯) (મુકત જીવસૃષ્ટિ) (અ. ૧૩ થી ૧૯) | ૧૦ – જીવ મુકિત – પુરૂષ (અ. ૨૯ થી ૩૧) સ્ત્રી (અ. ૩૨ થી ૩૩) |

## ચતુર્થ સ્કંધ (વિસર્ગ લીલા) [૨૩]

- (પ્રકરણ–૧) ધર્મ અધ્યાય ૧ થી ૭
- (પ્રકરણ–૨) અર્થ અધ્યાય ૮ થી ૧૨
- (પ્રકરણ–૩) કામ અધ્યાય ૧૩ થી ૨૩)
  - પૃથુનો આવિર્ભાવ
  - સર્વકામ
  - સ્વકામ
- (પ્રકરણ–૪) મોક્ષ અધ્યાય ૨૪ થી ૩૧
  - બ્રહ્મભાવ (અ. ૨૪ થી ૨૮)
  - સાયુજય (અ. ૨૯ થી ૩૧)

| | |
|---|---|
| અધ્યાય ૧ અગ્નિષ્ટોમ | ૮ સાધનથી |
| ૨ ઉક્પ્ય | ૯ સાધ્યથી |
| ૩ ષોડશી | ૧૦ મનુના ઉપદેશથી |
| ૪ અતિરાત્ર | ૧૧ દોષ નિવૃત્તિથી |
| ૫ અપ્ત | ૧૨ ફલ પ્રાપ્તિથી |
| ૬ અર્યામ્ | |
| ૭ વાજપેયી | |

## પંચમ સ્કંધ (સ્થાન લીલા) [૨૪]

પ્રકરણ ૧ પ્રાકૃત પદાર્થોનો જય (અધ્યાય ૧ થી ૨૪)

પ્રકરણ ૨ આત્માનો જય (જીવ અધ્યાય–૨૫, બ્રહ્મ અધ્યાય–૨૬)

- દેશ
  - ભૂઃ
  - ભુવઃ
  - સ્વઃ
- કાલ
  - (૧૨) માસ
  - (૫) ઋતુ
  - (૩) લોક
  - (૧) આદિત્ય
- સ્વ (આત્મા)
  - જીવાત્મા
  - પરમાત્મા

સ્થાન

- સ્વરૂપ
- દેશ

પ્રકરણ ૧ ભગવાનથી (અધ્યાય ૧ થી ૬)

૨ યોગથી (અધ્યાય ૭ થી ૧૪)

૩ જ્ઞાનથી (અધ્યાય ૧૫)

૪ ભૂઃ (અધ્યાય ૧૬ થી ૨૦)

૫ ભુવઃ (અધ્યાય ૨૧ થી ૨૩)

૬ સ્વઃ (અધ્યાય ૨૪ થી ૨૬)

## ષષ્ઠ સ્કંધ (પુષ્ટિ લીલા) [૨૫]

પુષ્ટિ–પોષણ અધ્યાય ૧૯

- (૧) નામ
  - શ્રવણ
  - કીર્તન
  - સ્મરણ
  - (અધ્યાય ૧ થી ૧૩)
- (૨) અધ્યાય
  - રૂપના ચૌદ ગુણો (અધ્યાય ૪ થી ૧૭)
- (૩) અર્ચન
  - બાહ્ય
  - આભ્યંતર
  - અધ્યાય ૧૮–૧૯)

પ્રભુનો અનુગ્રહ એટલે પુષ્ટિ.

## સપ્તમ સ્કંધ (ઊતિ લીલા) [૨૬]

કર્મવાસના – અધ્યાય ૧૫

- અસદ્ વાસના
  - અવિદ્યાનાં પાંચ પર્વો
    - દેહાધ્યાસ
    - પ્રાણાધ્યાસ
    - અન્તઃકરણાધ્યાસ
    - ઈન્દ્રિયાધ્યાસ
    - સ્મરૂપ વિસ્મૃતિ
  - (અધ્યાય ૧ થી ૫)
- સદ્વાસના
  - વિદ્યાનાં પાંચ પર્વો
    - અધિષ્ઠાન
    - કર્તા
    - કરણ
    - ચેષ્ટા
    - દૈવ
  - (અ. ૬ થી ૧૦)
- સદ્–અસદ્ વાસના
  - આધ્યાત્મિક
  - આધિદૈવિક
  - આધિભૌતિક

કર્મવાસનાનું નામ જ ઊતિ લીલા

## અષ્ટમ સ્કંધ (મન્વન્તર લીલા) [૨૭]

અધ્યાય–૨૪
સદ્ધર્મ નિરૂપણ

- હરિ સંસ્મરણ
  - ધર્મ
  - અર્થ
  - કામ
  - મોક્ષ
  - (અધ્યાય ૧ થી ૪)
- દાન
  - ૧૦ પ્રકાર
    - સત્ત્વ સત્ત્વ
    - સત્ત્વ રજઃ
    - સત્ત્વ તમઃ
    - રજઃ સત્ત્વઃ
    - રજોરજઃ
    - રજસ્તમ
    - તમઃ સત્ત્વ
    - તમો રજઃ
    - તમસ્તમઃ
    - નિર્ગુણ
  - (અધ્યાય ૫ થી ૧૪)
- સ્વોકત નિર્વાહ
  - ૯ પ્રકાર
    - સત્ત્વ સત્ત્વ
    - સત્ત્વ રજઃ
    - સત્ત્વ તમઃ
    - રજઃ સત્ત્વ
    - રજો રજઃ
    - રજસ્તમઃ
    - તમઃ સત્ત્વ
    - તમોરજઃ
    - તમસ્તમઃ
  - (અધ્યાય ૧૫ થી ૨૩)
- મત્સ્ય ચરિત્ર
  - અધ્યાય–૨૪

મન્વંતર એટલે સદ્ધધર્મ. સદ્ધર્મના ૨૪ ભેદ છે.

## નવમ સ્કંધ (ભકિત) [૨૮]

**કથા શ્રી હરિની**
**દુઃખ નિવારણ**

- **સગુણ ભકત દ્વારા અ. ૧ થી ૯**
- **જ્ઞાની ભકત દ્વારા અ. ૧૦**
- **ભગવદ્ ચરિત્ર દ્વારા**
  - **કર્મ – અ. ૧૧**
  - **જ્ઞાન અ.૧૨**
  - **ભકિત અ. ૧૩**

**કતા તદ્નુવર્તીઓની**
**(પ્રભુને અનુસરનારાઓની)**
**સુખ–પ્રાપ્તિ**

- **ભકિતથી અ. ૧૪ થી ૨૩**
- **ભગવાનથી અ. ૨૪**

**ઈશાનુકથા**

- **સૂર્યવંશ**
- **ચંદ્રવંશ**

ભગવાનની પાછળ ચાલનાર ભકત. તેઓની કથા તે ઈશાનુકથા.

## દશમ સ્કંધ (નિરોધ લીલા) [૨૯]

- જન્મ પ્રકરણ
  - – વ્યૂહ પ્રાકટય–વાસુદેવ
  - – સંકર્ષણ
  - – પ્રદ્યુમ્ન
  - – અનિરૂદ્ધ
  - (અધ્યાય ૧ થી ૪)
- તામસ પ્રકરણ
  - પ્રમાણ (૦૭)
  - પ્રક્ષિપ્ત (૦૩)
  - પ્રમેય (૦૭)
  - સાધન (૦૭)
  - ફળ (૦૭)
  - (અધ્યાય ૫ થી ૩૫)
- રાજસ પ્રકરણ
  - પ્રમાણ (૦૭)
  - પ્રમેય (૦૭)
  - સાધન (૦૭)
  - ફળ (૦૭)
  - (અધ્યાય ૩૬ થી ૬૩)
- સાત્વિક પ્રકરણ
  - પ્રમેય (૦૭)
  - સાધન (૦૭)
  - ફળ (૦૭)
  - (અધ્યાય ૬૪ થી ૮૪)
- ગુણ પ્રકરણ
  - – ઐશ્વર્ય
  - – વીર્ય
  - – યશ
  - – શ્રી
  - – જ્ઞાન
  - – વૈરાગ્ય
  - (અધ્યાય ૮૫ થી ૯૦)

## એકાદશ સ્કંધ (મુકિત લીલા) [૩૦]

અધ્યાય–૩૧

- જીવ મુકિત
  - અવિદ્યા નાશથી અને વિદ્યા પ્રાપ્તિથી અધિકારી જનક (અધ્યાય ૧ થી ૫) બ્રહ્મભાવ મુકિત
    - જ્ઞાનથી
      - – વૈરાગ્ય
      - – સાંખ્ય
      - – યોગ
      - – તપ
      - – ભકિત
  - પ્રકૃતિના અતિક્રમણથી અધિકારી ઉદ્ધવજી (અધ્યાય ૬ થી ૨૯) સાયુજય મુકિત
    - ભકિતથી
- બ્રહ્મમુકિત
  - અહંતાથી (અધ્યાય–૩૦)
  - મમતાથી (અધ્યાય–૩૧)

(બ્રહ્મનો નાટ્યવત્ ઈચ્છા શરીરગ્રહણ પરિત્યાગ)

## દ્વાદશ સ્કંધ [31]

❖ **આશ્રય લીલા** **પ્રકરણ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રીકૃષ્ણાશ્રય | અ. ૧ થી ૩ | ૧. | લોકાશ્રય | અ.૧,૨ |
| ૨. | જગદાશ્રય | અ.૪ થી ૫ ૧/૨ | ૨. | વેદાશ્રય | અ.૩,૪ |
| ૩. | વેદાશ્રય | અ. ૫ ૧/૨ થી ૭ | ૩. | ભગવદાશ્રય | અ.૫,૬,૭ |
| ૪. | ભકિતયોગાશ્રય | અ. ૮ થી ૧૦ | ૪. | શબ્દાશ્રય | અ.૮ થી ૧૦ |
| ૫. | ભાગવતાશ્રય | અ. ૧૧ થી ૧૩ | ૫. | અર્થાશ્રય | અ.૧૧થી ૧૩ |

❖ **મુકિત લીલા**

➢ **જેના મનનો નિરોધ થાય છે તેન મુકિત જલ્દી મળે છે.**

➢ **આત્મા અને શરીર બે જુદાં છે.**

➢ **આત્માને બાળી શકાતો નથી. તેનો નાશ થતો નથી.**

➢ **આત્મા પરમાત્મા સાથે મુકત દશામાં મળી જાય છે.**

### ૩.૨.૨. પ્રામાણ્ય વિચાર :

**આચાર્ય વિચાર શ્રી વલ્લભ સ્વતઃ પ્રામાણ્યવાદ સ્વીકારે છે. જ્ઞાનની પ્રમાણભૂતતાનો આધાર બાહ્ય નથી. સ્વયં જ્ઞાન પ્રમેયરૂપ હોવાથી પ્રમાણભૂત છે. શબ્દપ્રમાણને સ્વીકારે છે. આથી શંકા થાય તો જ્ઞાનની પ્રમાણભૂતતા માટે વેદ અથવા ભાગવત પુરાણનો આશ્રય લેવો તેમ કહે છે.**

### ૩.૨.૪.૨ ભાગવત પુરાણમાં અ–ખ્યાતિવાદ

ભ્રમ કે મિથ્યાજ્ઞાન વિષયક વિવિધ મતોમાં ખ્યાતિવાદ તરીકે તત્વજ્ઞાનમાં ઓળખાય છે. ખ્યાતિનો સામાન્ય અર્થ જ્ઞાન થાય છે. શ્રી વલ્લભાચાર્ય અ–ખ્યાતિવાદ રજુ કરે છે.

(१)  ऋतेडर्थ यत् प्रतीयेत ३४

यद वस्तु स्वरूपे अन्यथा प्रतिभासतै तद्व आत्मनां = जीवानां व्यामोहि का या माया.... तस्या कार्यम् साहि जीवं प्यामोहयित्वा तत्सम्बन्धिनम् अन्तःकरण बुध्ध यादि कमपि व्यामोहमति तया व्यामोहिता बुद्धिः पदाथविन अन्यथा नतुपदार्थाः अन्यथा भवन्ति.... माया च द्विधा भ्रमं जनयतिः विद्यमानं प्रकाशयति, अविद्यमानं च प्रकाशयति, देशकालाव्यत्यासेन. तस आह 'अर्थो न प्रतीयते – अर्थम् ऋते प्रतीयते ' इति. तस्मात् पदार्थानां यापात्म्यज्ञायनार्थं प्रमाणम् इति उक्तं भवति. ननु पस्त्वैव कुतो न तथा अस्तु ? कैश्चिल वादिभिः जगतो मायिकत्व स्वीकाराद्व इति वेद, भवेद्द एवं यदि विचारे पर्यवस्यति. प्रमाणभूतो वेदः 'सर्वं खलु इदं ब्रह्मैव' इति आह – ब्रह्मविदां प्रतीतिरपि तथा. भ्रान्त प्रतीतेस्तु न अर्थनियामकत्वम्. अन्यथा भ्रमददृष्टया गृहितं जगद भ्रमदूपमेय स्यात्. अतो विषये विषयता काचित् स्वीकर्तव्या यदा द्दष्टिः सविषया भवति. अन्यथा पदार्थानां स्तिरत्वाद्व भ्रमद्दष्टिः निर्विषया स्यात्. अतो अन्यत्रैव सिद्धा भ्रमिः मापया पुरःस्थिते विषये समानीयते ... साच विषयता द्विधाः आच्छादिका एका अन्यथा प्रतीति हेतुः च अपरा. सा उभयविद्यावि माययैव जन्यते...''

અર્થ વગર જેની પ્રતિતિ થાય છે અને આત્મામાં જે દેખાતું નથી તેને, જેમ 'તમ' અને 'આભાસ' દેખાય છે. તેવી આત્માની માયા જાણો.

આચાર્યશ્રી કહે છે કે, ભગવદીયપ્રપંચમાં જીવને જગતપણું દેખાય એ મોહ કરનારી માયાનું કાર્ય છે. મોહિત થયેલી બુધ્ધિ પદાર્થોને બ્રહ્મરૂપ ન માનતા જગદ્ રૂપે જુએ છે. અહીં સાધન અને પ્રમાણ બુધ્ધિને માટે છે. માયા બે રીતે ભ્રમ કરે છે. જે છે તેનો પ્રકાશ કરતી નથી. જે નથી તે દેખાડે છે. ચેપી અર્થ પ્રતીત થતો નથી. તેથી પદાર્થનું ખરૂં સ્વરૂપ જાણવા માટે પ્રમાણની જરૂર છે. માયા ભગવાનની શકિત હોવાથી નિઃસ્વભાવ નથી. બુધ્ધિ ચૈતન્યનો વિલાસ છે, તેને માયા મોહ કરે છે. ભગવદીય પદાર્થો ભગવદવિષયક જ્ઞાનને ઉત્પન્ન કરેઃ તેથી વિષયતાએ જે જ્ઞાન ઉત્પન્ન કર્યુ તે ભ્રમવાળું હોય છે. વિષયતા બે પ્રકારની છે. એક વિષયતા વિષયના રૂપને  ઢાંકી દે છે. બીજી વિષયતા રૂપાંતરને બનાવે છે. એ બન્ને માયા ઉત્પન્ન કરે છે.

(२) **संशयोठथ विपर्यासः** ३५

'' 'विपर्यासः' संस्कार प्राबल्यात, तेजः तदनुगुणमेय धर्म प्रकाशयति 'अथ' = इति एकस्फुरण नियामकत्वाय. विपर्यासोभिन्नार्थ प्रतिपादकः, क्रियाज्ञानयोः च भिन्न विषयत्वम्. अनेन अन्यख्यातिरेय इति सिद्धान्तः....''

સંદેહ, વિપર્યાસ એટલે વિપરીતજ્ઞાન, નિશ્ચય, સ્મરણ અને સ્વાય એ બુધ્ધિની પાંચ વૃત્તિઓથી બુધ્ધિનું જુદું લક્ષણ કહેલું છે. ચિત્તનું લક્ષણ સ્વચ્છપણું, અવિકારીપણું અને શાંતપણું છે. પરંતુ સાત્વિક સહકાર કાર્ય કરવા તપ્તર થતાં એમાંથી મન થયું, સંકલ્પ અને વિકલ્પ એટલે સંશય તેનું લક્ષણ છે. રાજકિય અહંકાર કર્ય કરવા તપ્તર થતાં એમાંથી બુધ્ધિ નામનું તત્વ થયું છે. બુધ્ધિ ઈન્દ્રિયોની ગ્રાહક છે. તેથી પ્રાણમાં ક્રિયાશકિત અને બુધ્ધિમાં જ્ઞાન શકિત આવા ભેદ થાય છે. ભેદાત્મક જ્ઞાનથી અન્ય ખ્યાતિ સિધ્ધ થાય છે.

(૩) **ज्ञानम् एकं पराचीनैः इन्द्रियौः ब्रह्म निर्गुणम् अवभाति अर्थनिरुपेण भ्रान्त्या शब्दापिधर्मिणाः** ३६

'' 'ज्ञानम् एकम्' = वस्तुतः सर्व जगद्व बोधान्वयव्य निरेकानुसरणाद्द बोधमात्रम् इति अवसीयते यः कश्चन लौकिको वैदिको वैदिकः सर्वोडपि व्यवहारो बोधएव पर्यवसितरतिः इन्द्रियैः, व्याचकत्वाद्द बहंणत्वात् चनिर्गुणमेव, गुणानां तदतिरिक्तानाम् अभावाद्द घटपटाद्यर्थरूपेण म्रान्त्या अवभाति. अतः शुक्तिका रजतवत् प्रतिमासतरति आसक्तिः न उचिता. तेहि प्राकृताः स्वबुद्धयनुसारेणैव तद्दगृहणन्ति. एकदेशग्रहणेन स्वभावग्रहणेन च तद्द अन्यथा गृहीतं भवति. अतः स्वन्द्रियधर्माएव तत्र आरोप्य गृहयन्तइति ख्यातिवादाः बहुविद्याः अत्पन्नाः, धर्माणामेव वस्तुतः प्रतिमानमिति अन्यख्यातिः आधारमपि पुरस्कृत्य तत्र कग्चनार्थ परिकल्प्य ग्राहकधर्म सम्बन्धाद्द अन्यथा इत्यदि आहुः यथा प्रतीतिः भ्रान्ता तथा कल्पना प्रीति न अत्यन्तम् आग्रहः....''

જ્ઞાન એક જ છે. એ બ્રહ્મરૂપ અને નિર્ગુણ છે. પ્રાકૃત ઈન્દ્રિયોથી ગ્રહણ થતાં અર્થરૂપે દેખાય છે. પણ પ્રાકૃત ઈન્દ્રિયો જે વસ્તુ ગ્રહણ કરે છે તે વસ્તુ સત નથી. આચાર્યશ્રી વિગતે

સમજાવતાં કહે છે કે, જેમ અન્વય અને વ્યતિરેક વડે સત સિધ્ધ થાય છે. તેમ ચિત્ત પણ અન્વય અને વ્યતિરેક વડે સિધ્ધ થાય છે. તેથી લૌકિક કે વૈદિક વ્યવહાર બોધમાં પર્યવર્સિત થાય છે. જેમ બધા  તરંગો સમુદ્રમાં સમાય જાય  છે તેમ એક જ જ્ઞાન વ્યાપક અને બ્રૃહદ હોય ને પ્રાકૃત ઈન્દ્રિયો વડે ઘટપટાદિ અર્થરૂપે ભ્રાન્તિથી દેખાય છે. તેથી જ છીપમાં રૂપાની જેમ દેખાય છે. તેથી વસ્તુ વિચાર કરી દેખાતા પદાર્થ ભ્રાન્તિમૂલક હોઈને એમાં આસકિત ન કરવી એ ઈન્દ્રિયો પ્રાકૃત હોવાથી પ્રાકૃત બુધ્ધિ વડે અર્થોને ગ્રહણ કરે છે. તે એ પદાર્થોને એના એક દેશી સ્વરૂપમાં ગ્રહણ કરે છે. સ્વ સ્વભાવ ગ્રહણ કરે છે. તેથી ખરા સ્વરૂપમાં તે ગ્રહણ થતા નથી. પણ જુદી રીતે ગ્રહણ થાય છે. તેથી જ અનેક ખ્યાતિવાદોનો જન્મ થયો છે. ધર્મનું જ વસ્તુ ગતિથી પ્રતિભાન તે અન્યખ્યાતિ, આધારને આગળ કરી એમાં વિશેષ કલ્પના કરી ગ્રાહક ધર્મનો સંબંધ એમાં કરતાં અન્યથા ખ્યાતિ થાય છે. તેથી જેમ પ્રતીતિ ભ્રાન્તિથી થાય છે. તેમ કલ્પના પણ ભ્રાન્તિથી થાય છે. ભ્રાંત જ્ઞાનથી ગ્રહણ થતાં પદાર્થોમાં અતિ આગ્રહ ન કરવો.

(१) उद्धरण में महाप्रभुने यहां व्यामोहिका माया से जन्य विषयतारूप दो कार्य गिनाये हैं : विद्यमानं वस्तुका अप्रकाशन = आच्छादन अर्थात् अज्ञान विषयता और तपेराकाल में अविद्यमान (तिरोहित) वस्तु का स्वदेशकालव्यत्यासपूर्वक प्रकाशन, अन्यथा प्रतीतिविषयता = अन्यथा - ज्ञान विषयता. ये दोनों ही भ्रान्ति ज्ञान की उत्पत्ति के हेतु है, इस निरूपण में लक्ष्य में रखने लायक बात यह है कि 'भ्रान्तिज्ञान' घटक ' ज्ञान' पद प्रतिमास और अथवा निश्चय के आशय से प्रयुक्ते हुवा पद है. अतएप कतिपय निरूपाधिक भ्रमों के उदाहरणों में प्रतिमास और निश्चय दोनों में ही व्यत्यास, अर्थात् इस अर्थ में एक रूपता होती हैं, अन्य बहोत सारे औपाधिक भ्रमों में निश्चय और प्रतिमास के बीच एकरूपता नहीं भी होती है.

(२) उद्वरण में ऐसी स्थिति में भ्रान्तिज्ञान के स्वरूप की व्याख्या ''अख्यातिपूर्वि का अन्यथा ख्याति' देने के बजाय महाप्रभुने अन्यख्याति क्यों स्वीकार ? इस आशंका के समाधान. तया यही ज्ञातव्य हैं कि क्योंकि इस दोनों के कारण अन्त में अन्य ख्याति ही प्रकट होनी स्वीकारी गयी है, भ्रमात्मिका स्फुरणाके स्वारसिक एकत्वके अनुरोधवश जैसाकि 'एकस्फुरणनियामकत्वाय' पद से प्रकट हो रहा है; तथा,

भ्रान्तिज्ञान जनक अज्ञान या अन्यंपाज्ञान के आलम्बनीभूत विषयोंकी और भ्रान्तिज्ञानसे जनित प्रवृत्ति = क्रिया के विषय की भिन्नता के अनुरोधवश. यह ''विदर्यासो भिन्नार्थ प्रतिपादक, क्रियाज्ञानयोः च भिन्नविषयत्वम्'' वचन से स्फुटतया प्रकट होता ही है.

(३) तृतीय उद्धरण पर आपाततः दृष्टिपात करने पर महाप्रभुका मत या तो मायावादी शांकर वेदान्त अथवा काश्मीर शैव प्रत्यमिज्ञादर्शन के सदृश लगता हैं. ब्रह्मको, परन्तु, अखण्ड सच्चिदानन्दैकरस माना गया होने से ब्राह्मिक चैतन्य के सन्दर्भ अर्थं और ज्ञप्ति के बीच आत्यन्तिक द्वैत अर्थात् आत्यन्तिक भेदघटित विषय-विषयिभाव को अमान्य करने को महाप्रभुने ऐसी शब्दावलीका प्रयोग किया है. तदनुसार भ्रान्तिज्ञान निरूपाधिक निर्गुण निरवयव व्यापक इन्द्रियातीत बृहद आत्मचैतन्यरूप स्वयंप्रकाशन (Pure Sensitive or Pure Consciousnes) नहीं होता है, क्योंकि इस अन्तर्निगूढ मौलिक ज्ञान के स्तर पर तो ज्ञान - ज्ञेय का ही पार्थव्य सिद्ध नहीं हो पाता तोअन्यख्याति कहां से सिद्ध हो पायेगी ? भ्रान्तिज्ञान पुरोवस्थित वस्तुका औपाधिक परन्तु निरवयव निर्विकल्पक प्रकाशन (The somplest atomic unit of experience) भी सिद्ध नहीं हो पाता, शब्द-संस्कारादिजन्य विशेषावगाही राजसतामस गुणवाला सविकल्पक ज्ञान होने से. जैसा कि देख ही चुके भ्रान्तिज्ञानको ज्ञानद्वयराशी (A Compound unit of two different experiences) भी स्वीकारा नहीं जा सकता. भ्रान्तिज्ञान तो सविकल्पक प्रमानुमूतिकी तरह निर्विकल्पज्ञानेत्तर जायमाना सर्विकल्पानुभूति (A single complex unit of two experience) का एक प्रकार विशेष हैं. दोनों के बीच यदि कोई अन्तर हैं तो केवल इतना ही रजतप्रमानुभूति, न्यायभाषा के तर्जमें कहना हो तो, ''निर्विकल्पकज्ञानविषयीभूते रजतत्ववति रजतत्वप्रकार को अनुभवः'' होता हैं; जबकि, रजतभ्रमानुभूति, ''रजततिरोभाववाति निर्विकल्पकज्ञानविषयीभूते शुक्तिशकले बुद्धयाविर्भूत रजत विषयको अनुभवः'' होता है.

किसी की वस्तु (नाम – रूप – कर्म) का आविर्भाव या तिरोभाव और तन्मूलक प्रकाशन या अप्रकाशन भी या तो सच्चिदानन्द ब्रह्म की अभिन्ननिमित्तोपादानताहेतुक होता है अथवा केवल निमित्तता हेतुक. प्रथम कल्प में वह प्रकाशन तदेशकाल में आविर्भावरूप होता है और अप्रकाशन तदेश काल में तिरोभावरूप. द्वितीय कल्प में प्रकाशन प्यामोहिका मायाम्रे बुद्धि के व्यामुग्ध न होने पर बुद्धयुपादानक वस्त्वाकारिका वृत्ति के प्रकाशनरूपेण होता है. यह, परन्तु, स्वयं वस्तु के यहां तिरोहित होने के कारण परोक्ष प्रकाशनरूप ही रह जाता है. प्यामोहिका माया से, परन्तु, बुद्धि के व्यामुग्ध होने पर उसमें अतिरोहित वस्त्वधिष्ठानक तिरोहितवस्त्वगाही मायाकरणक बुद्धयुपादानक प्रकाशन होता है. इस तिरोहित वस्तु के अतिरोहितया प्रकाशन को अन्यख्यातिरूप माना गया है. इस प्रकाशन में न केवल करणरूपा बुद्धि की ब्रह्मात्मकता अपितु सहकारिकारणरूपा भगवच्छक्तिरूपा प्यामोहिका माया की भी ब्रह्मात्कता श्रौत सिद्धान्ताभिमती है. यह एक उजागर तथ्य है कि इस प्रक्रिया में यदि कल्पनागौरवोपम व्यामोहिका माया को बीच में न भी लाया जाय तो भी भ्रान्तिज्ञान की व्याख्या सुचारुतया शक्य हैं ही. ऐसा करने पर, परन्तु, वाल्लम वेदान्त 'यत्र येन यतो यस्य यस्मै यद् यद् यथा यदा स्वाद इदं भगवान् साक्षात्'' वचन में स्वप्रतिज्ञानार्थ को भङ्ग करने का दोषी ठहरेगा. अतः गीतोक्त ज्ञानाज्ञानस्मरणादि सभी में भगवत्कारणता के सिद्धान्त के निर्वाहार्थ जिस शास्त्रसिद्ध भगवच्छवित्त को बीच लाने से भगवत्कारणता सिद्ध हो पाये उसका नाम 'व्यामोहिका माया' है. अस्तु व्यामुग्ध बुद्धयुपादानक कार्यरूप बुद्धिवृत्तिरूप प्रकाशन की भी ब्रह्मात्मकता जो निःसन्दिग्ध ही है. फिर भी तदेशकाल में तिरोहित नाम–रूप–कर्म का वहां अतिरोहिततया मान या ज्ञान अन्यख्यातिरूप माना गया है, यह भ्रममात अन्य विषय की ब्रह्मात्मक के निरसतार्थ नहीं प्रुत्त निर्वाहार्थ सोची गयी उपपति है. इस में तद्शकाल में विद्यमान का अप्रकाशन और तद्देशकाल में अविद्यमान का प्रकाशन भमवच्छक्तिरूपा व्यामोहिका माया के कार्य है. संक्षेप में भगवान की अनेकानेक शक्तिओं में आविर्भाव – तिरोभावशक्ति और

व्यामोहकशक्ति भी अन्यतम शक्तियां है. इन में से प्रथमशक्ति प्रकाशित नाम–रूप–कर्म सच्चिदानंद अंशी ब्रह्म के सदंशोपादानक चिदं शोपादानक या आनन्दा शोपादानक होने पर आधिभौतिक आध्यात्मिक या आधिदविक नाम–रूप–कर्मो के ब्रह्मोपादानक भी ब्रह्मकर्तृक भी माना जाता है. ये सत्स्वातिके विषय होते है. द्वितीय व्यामोहिका शक्ति द्वारा प्रकाशित नाम–रूप–कर्म, जो सदंशभूत बुद्धि तदुपादानक होने से स्वरूपतः समुद्र होने पर भी, तदेशकालस्थ तिरोभावशक्ति द्वारा अख्यातिगोचर बनाये गये होने के कारण पर्यवसानमें अन्यख्याति गोचर होते माने गये हैं श्च

अपयार्यनुभव / विपर्यास के प्रकार

↓

साधिष्ठानक → निरूपाधिक, औपाधिक

निरधिष्ठाक → समोहन, स्वाप्नी की भ्रांति

## તાત્વિક અર્થઘટન :

વલ્લભાચાર્ય કહે છે કે, વિદ્યમાન વસ્તુનું અપ્રકાશન એટલે જ અજ્ઞાન. જેવી રીતે શંકરાચાર્ય કહે છે કે, સૂર્ય આડે વાદળ હોવાથી સૂર્યપ્રકાશ દેખાતો નથી. તેમ કહેવું મૂર્ખતાની નિશાની છે, પરંતુ મારી દ્રષ્ટિ સમક્ષ અજ્ઞાનનું આવરણ હોવાથી મને સૂર્ય પ્રકાશની પ્રતીતિ થતી નથી. મતલબ વાદળની પાર સૂર્ય પ્રકાશ છે જ મારી મર્યાદાને થતી નથી. મતલબ વાદળની પાર સૂર્ય પ્રકાશ છે જ મારી મર્યાદાને સૂર્યની મર્યાદા ન કહી શકાય. તેવી રીતે વલ્લભાચાર્ય પણ કહે છે કે, અવિદ્યમાન વસ્તુનું પ્રકાશન એટલે જ અ–ખ્યાતિ ભ્રમ બે રીતે થાય છે. એક જે છે તે વિદ્યમાન નથી અને બે જે છે તે સિવાયનું વિદ્યમાન થાય છે. એટલે કે પ્રતીતિ થાય છે.

અન્ય ખ્યાતિ સ્વીકારવાનું કારણ સ્પષ્ટ કરતાં કહી શકાય કે વલ્લભાચાર્યના મતે ભ્રાન્તિજ્ઞાન જનક અજ્ઞાન છે. તેના માટે ભિન્ન ભિન્ન વિષય અને તેના ભિન્ન–ભિન્ન અર્થ છે. પરંતુ જ્ઞાનની ગેરહાજરી હોવાથી અ–ખ્યાતિ શબ્દ જ યોગ્ય પ્રમાણભૂત છે. અન્યથા ખ્યાતિ નહી.

ભ્રાન્તિજ્ઞાન નિર્ગુણ, નિરવયવ, વ્યાપક, ઈન્દ્રિયાતીત આત્મ ચૈતન્યરૂપ અને સ્વયં પ્રકાશ નથી. કારણ નિર્ગુણ જ્ઞાનના શીખરે જ્ઞાન જ્ઞેયનો ભેદ સિધ્ધ થતો નથી. વ્યામોહિકા માયા શબ્દ દ્વારા સ્પષ્ટ થાય છે કે, અતિરોહિત વસ્તુ કે પદાર્થ બુધ્ધિને કારણે તિરોહિત થાય છે. અને તિરોહિત વસ્તુ કે પદાર્થ અતિરોહિત થાય છે. વલ્લભ વેદાન્તમાં વ્યામોહિકામાયા ને પણ ભગવાનની શકિત માનેલી છે. તેની બ્રહ્મ સાથે એકાત્મકતા દર્શાવવા માટે આચાર્યશ્રી અ–ખ્યાતિ સમજાવવા તેનો ઉપયોગ કરે છે.પત્ર યેન પતો યસ્ય યસ્મૈ યણ્યસ યથાયદા સ્વાય ઈયં ભગવાન સાક્ષાત ' વચન કે પ્રતિજ્ઞાનો ભંગ ન થાય માટે વ્યામોહિકા માયાને ભગવાનની શકિત ગણી છે. પરંતુ તેના દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન ભેદયુકત હોવાથી અ–ખ્યાતિ કહેવાય છે.

ભ્રમરૂપ જ્ઞાનના મુખ્ય બે પ્રકાર અધિષ્ઠાન યુકત અને અધિષ્ઠાન વિનાનું તેમ ગણાવે છે. જેનું કોઈ અધિષ્ઠાન જ નથી. તેવું સમોહન અને સ્વપ્ન દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન અને જેનું બુધ્ધિ અધિષ્ઠાન છે તેવું નિરૂપાધિક અને ઔપાધિક જ્ઞાન અન્તતઃ અ–જ્ઞાન જ છે તેથી અ–ખ્યાતિવાદ સિધ્ધ થાય છે.

## ૩.૩ તત્વમીમાંસા




તત્વમીમાંસામાં સામાન્ય રીતે જેવું જગત ઈશ્વરનો અભ્યાસ કરવામાં આવે છે. બ્રહ્મ તેનું સ્વરૂપ લક્ષણો બ્રહ્મનો જીવ સાથે સંબંધ, બ્રહ્મનો જગત સાથે સંબંધ વગેરે બાબત પણ સમાવેશ પામે છે. સર્વ પ્રથમ જીવ વિષયક ખ્યાલનું આલેખન કરીએ.




### ૩.૪.૧ અણુભાષ્યમાં 'જીવ'નો ખ્યાલ

૩.૪.૧.૧

આથી જ શ્રુતિઓને લીધે જ જીવ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાન સ્વરૂપ (અને જ્ઞાન ધર્મવાળો) છે. [૩૮]

**ज्ञः** એટલે ચૈતન્ય સ્વરૂપ. **अतएव**, આથી જ, **'विज्ञानमय'** (તૈ. ૨.૪) ઈત્યાદિ શ્રુતિઓને લીધે જ. બ્રહ્મ વિના સર્વ મિથ્યા છે એમ કહેનાર શંકરાચાર્ય (**'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' 'विज्ञानमानन्दं ब्रह्म'** વગેરે) બ્રહ્મનું વર્ણન કરનારાં વાકયોને ઉદાહરણ તરીકે આપીને બ્રહ્મસૂત્રમાં કહેલાં સિધ્ધાંતને ફેરવીને શ્રુતિ અને બ્રહ્મસૂત્રનું ઉલ્લંઘન કરવાની ધૃષ્ટતા કરે છે. એમને આપણે પૂછવું જોઈએ કે 'તમે જીવના બ્રહ્મત્વનું પ્રતિપાદન કરો છો કે જીવના જીવત્વનું નિરાકરણ કરો છો ?' પ્રથમ વિકલ્પમાં આપણને ઈષ્ટાપત્તિ છે; (અર્થાત્ પ્રથમ વિકલ્પ અનુકૂલ છે.) અગ્નિનો તણખો અગ્નિનો અંશ હોઈને અગ્નિ નથી. એમ ખરેખર બનતું નથી. બીજા વિકલ્પમાં જીવના સ્વરૂપનો નાશ થાય છે. જીવત્વ કલ્પિત છે એ પ્રમાણે જો કહેવામાં આવે તો અમે કહીએ છીએ કે ના, કારણ કે (જીવત્વને કલ્પિત માનવાથી) 'આ જીવની સાથે આત્મા વડે અનુપ્રવેશ કરીને' (છા. ૬.૩.૨) એ શ્રુતિનો વિરોધ આવે છે. વળી, જીવ અને બ્રહ્મ એ પ્રમાણેનો આ અનાદિ વિભાગ બુધ્ધિએ કરેલો છે એમ માનવું નહિ, કારણ કે એ પ્રમાણે માનવામાં પ્રમાણ નથી, અને 'હે સૌમ્ય ! આ પહેલાં સત્ જ હતું, એક જ અદ્વિતીય બ્રહ્મ' (છા. ૬.૨.૧) એ શ્રુતિનો વિરોધ આવે છે. વળી, જીવથી ભિન્ન બ્રહ્મ નથી એમ પણ કહેવું નહિ, કારણ કે એ પ્રમાણે માનવાથી સર્વશ્રુતિ અને સૂત્રોનો નાશ થવાનો પ્રસંગ આવે છે; અર્થાત્ 'જે સર્વને જાનાર છે'(મુણ્ડ. ૧.૧.૯) 'જે સર્વ શકિતવાળો છે.' (શ્વે. ૪.૧) 'આ આત્મા પાપથી રહિત છે.' (છા. ૮.૧.૫), 'પણ બ્રહ્મ જીવ અને જડથી અધિક છે, કારણ કે ભેદનું કથન છે.' (બ્ર.સૂ. ૨.૧.૨૨) ઈત્યાદિ શ્રુતિસૂત્રનો બાધ આવે છે. તેથી શિષ્ટ પુરુષો (પોતાના સિધ્ધાન્તનું) ગ્રહણ કરે એટલા માટે બ્રહ્મના અંશને – જીવને – બ્રહ્મ તરીકે વર્ણન કરતાં વાકયોનો જ સ્વીકાર કરીને, માધ્યમિક બૌધ્ધના જ આ (શંકરાચાર્યરૂપી) બીજા અવતારની સત્પુરુષોએ તદન ઉપેક્ષા કરવી.

૩.૪.૧.૨

(જીવનાં) ઉત્ક્રમણ, ગમન અને આગમન છે, (કારણ કે એ દર્શાવનારી શ્રુતિઓ જ છે; તેથી જીવનું પરિમાણ અણુ છે. [૩૯]

પૂર્વ સૂત્રમાંથી (બ્ર.સૂ. ૨.૩.૧૮) **'अत् एव** – આથી જ શ્રુતિઓથી જ એનો સંબંધ આ સૂત્રમાં છે.' (મરણ સમયે) એ જીવ જયારે આ શરીરમાંથી ઉત્ક્રમણ કરે છે – અર્થાત્ બહાર નીકળે છે – ત્યારે એ સર્વ (બુધ્ધિ વગેરે) સાથે જ ઉત્ક્રમણ કરે છે' (કૌ. ૩.૪) (આ શ્રુતિમાં જીવની ઉત્ક્રાંતિની વાત છે.); 'જે કોઈ આ લોકમાંથી જાય છે તે સર્વ ચન્દ્રલોકમાં જ જાય છે.' (કૌ. ૧.૨) (આ શ્રુતિમાં જીવના ગમનની વાત છે); 'તે લોકમાંથી ફરી આ લોકમાં કર્મ કરવા સારું આવે છે' (બૃ. ૪.૪.૬) (આ શ્રુતિમાં જીવના આગમનની વાત છે.)

આ પ્રમાણે (જીવના સંબંધમાં) શ્રુતિમાં વર્ણવેલાં ઉત્ક્રાન્તિ, ગમન અને આગમનનું શ્રવણ હોવાથી જીવનું યથાયોગ્ય–અણુ–પરિમાણ સ્વીકારવું જોઈએ. જો કે 'સારના અગ્ર ભાગ જેવડો જ બીજો જીવાત્મા પણ જોયો છે. (શ્વે. ૫.૮) એ શ્રુતિ જ જીવનું (અણુ) પરિમાણ કહે છે, છતાં પણ આ વિષયમાં ઘણા વાદીઓના ભિન્ન–ભિન્ન મતો હોવાથી સૂત્રકાર (આ સૂત્રમાં) (શ્રુતિઓમાં આપેલી) યુકિતઓ વડે (જીવનું અણુ પરિમાણ) સાધે છે. જીવ બ્રહ્મથી વિલક્ષણ છે. એ દર્શાવવાને માટે સૂત્રમાં પ્રથમ ઉત્ક્રાન્તિની વાત કહેવામાં આવેલી છે. (અર્થાત્ શ્રુતિમાં સર્વત્ર ઉત્ક્રમણ એ જીવનો ધર્મ છે એ પ્રમાણે જોવામાં આવે છે. એટલે અહીં પ્રથમ ઉત્ક્રાન્તિની વાત કરવાથી સ્પષ્ટ જણાય છે કે જીવ બ્રહ્મથી વિલક્ષણ છે. બ્રહ્મને ઉત્ક્રમણ સંભવતું નથી.

૩.૪.૧.૩

પાછળના બેનો – ગતિ અને આગતિનો ફકત પોતાનાં જીવના સ્વરૂપ સાથે (સંબંધ છે, કારણ કે શ્રુતિ જ એ પ્રમાણે કહે છે; તેથી જીવ અણુ જ છે.) [૪૦]

જયારે જીવને ઉત્ક્રાન્તિ, ગતિ અને આગતિનો સંબંધ થાય છે ત્યારે એને ઈન્દ્રિય વગેરે લિંગ શરીરનો પણ સંબંધ હોય છે. તેથી સંદેહ થાય છે કે આનો – ઉત્ક્રાન્તિ, ગતિ અને આગતિનો – જીવ સાથેનો સંબંધ શું લિંગ શરીરરૂપી ઉપાધિથી થાય કે પછી પોતાની મેળે – પોતાના સ્વરૂપથી જ થાય. (આ પ્રકારનો સંદેહ થતાં એનું નિરાકરણ કરવા માટે સૂત્રકાર આ સૂત્ર કહે છે. જીવના ઉત્ક્રમણ વખતે તો દેહ ઈન્દ્રિય વગેરેનો સંબંધ પણ હોય છે, પરંતુ ગતિ અને આગતિમાં તો દેહઈન્દ્રિય વગેરેનો સંબંધ બિલકુલ હોતો નથી.)

(૧) 'જેમ કરોળિયો તંતુઓને ઉત્પન્ન કરે છે અને ખેંચી લે છે, તેમ જીવ જાગૃતિ અને સ્વપ્નમાં જાય છે અને ફરીથી આવે છે.' એ પ્રમાણે બ્રહ્મોપનિષદ કહે છે. (૨) 'આ જીવની સાથે આત્મા વડે પ્રવેશ કરીને' (છા. ૬.૩.૨.) (૩) 'બ્રહ્મમાં લય પામે છે.' (બૃ. ૪.૪.૬) અને (૪) ' ઈચ્છાનુસાર રૂપવાળો થઈને ફરે છે.' (તૈ. ૩.૧૦) (આ ચાર શ્રુતિઓમાં જીવની છ અવસ્થાઓ દર્શાવવામાં આવેલી છે. પ્રથમ શ્રુતિમાં જાગૃતિ અને સ્વપ્ન, દ્વિતીય શ્રુતિમાં સૃષ્ટિ, તૃતીય શ્રુતિમાં બ્રહ્મ સાયુજય અને સુષુપ્તિ અને ચુતર્થ શ્રુતિમાં મુકિત – એ પ્રમાણે જીવની છ અવસ્થાઓનું નિરૂપણ છે. આ છ અવસ્થાઓમાં જીવની પોતાના સ્વરૂપથી જ સ્થિતિ હોય છે. જાગૃતિમાં જો કે જીવને દેહ વગેરેનો સંદેહ હોય છે છતાં પણ સ્વપ્નમાં ઈન્દ્રિયોનો લય થવાથી કેવલ સાક્ષી જ રહે છે અને તેથી જીવને બીજી કોઈ ઉપાધિ રહેતી નથી. સૃષ્ટિ અવસ્થામાં પણ અનુપ્રવેશ પહેલાં કોઈ જાતની ઉપાધિ હોતી નથી. બ્રહ્મ સાયુજય અને સુષુપ્તિમાં પણ ઉપાધિ હોતી નથી; અને મુકિતમાં પણ ઉપાધિ હોતી નથી. અર્થાત્ જાગૃતિમાં લિંગદેહ હોય છે, પણ બીજી પાંચ અવસ્થાઓમાં લિંગદેહ હોતો નથી. આ પ્રમાણે જીવ પોતે, કોઈપણ પ્રકારની ઉપાધિ વિના, આ બધી અવસ્થાઓમાં રહે છે; તેથી એ અથવા 'ઉત્ક્રમણ, ગમન અને આગમન (જીવને છે)' (બ્ર.સૂ. ૨.૩.૧૯) એ સૂત્રમાં જીવનો સંબંધ જ જણાવવામાં આવ્યો છે, જીવનું અણુત્વ નહિ; અને 'પાછળના બેનો પોતાના આત્મા સાથે' (બ્ર.સૂ. ૨.૩.૨૦) એ સૂત્રમાં જીવનું અણુત્વ દર્શાવવામાં આવ્યું છે, કારણ કે 'યમે સત્યવાનનાં અંગૂઠા જેવડા પુરુષને જોરથી ખેંચ્યો.' (મહા. ૩.૨૯૭.૧૭) એ વાકયમાં ગતિથી ભિન્ન એવા ઉત્ક્રમણમાં જીવને સ્વાતંત્ર્ય નથી; (અર્થાત્ જીવ શરીરમાંથી નીકળતી વખતે પોતાની મેળે જઈ શકતો નથી, પણ જયારે યમ એને ખેંચે ત્યારે જ એ જઈ શકે છે.) **स्वात्मना** જીવના પોતાના સ્વરૂપથી અને, સૂત્રમાં **च** કાર હોવાથી ઈન્દ્રિયો સહિત પણ, જીવનો ગમન અને આગમન સાથે સંબંધ છે, એમ અર્થ છે. (અર્થાત્ જીવન્મુકિત અને સદ્યોમુકિતમાં જીવનો પોતાના સ્વરૂપથી ગમન સાથે સંબંધ છે, જયારે ક્રમમુકિતમાં ઈન્દ્રિયો સહિત સંબંધ છે. આગમન તો જીવના પોતાના સ્વરૂપથી જ હોય છે, ઈન્દ્રિયો સહિત નહિ. તેથી 'જીવનું પરિમાણ માધ્યમ છે' એ મત અયોગ્ય છે; એટલે જીવ અણુ જ છે.

૩.૪.૧.૪

(ચંદન તો શરીરના) અમુક ભાગમાં હોવાથી (આખા શરીરને આનંદ આપે છે, પણ જીવનું એ પ્રમાણે નથી એટલે ચૈતન્ય ધર્મ આખા શરીરમાં વ્યાપી શકશે નહિ) એમ જો કહેવામાં

આવે તો, અમે કહીએ છીએ કે ના, કારણ કે (જીવનું પણ વિશિષ્ટ સ્થાન) સ્વીકારવામાં આવેલું છે. (તેથી વિરોધ નથી.) (**गुहां प्रविष्टौ** ઈત્યાદિ શ્રુતિમાં કહેલું છે) તેથી (જીવનું સ્થાન) હૃદયમાં છે. [૪૧]

(શંકા) ચંદનનું વિશિષ્ટ સ્થાન એટલે અખણ્ડ ત્વચામાં સારી રીતે રહેવું એ, આ હેતુથી. આમાં શરીરની ચામડી એક જ હોવાથી, ભલે ચંદનમાં આખા શરીરમાં વ્યાપી રહેવાની શકિત હોય, પણ જીવને વિશે આખા શરીરમાં વ્યાપી રહેવાની એ શકિત સંભવતી નથી.

(સમાધાન) આ પ્રમાણે જો શંકા કરવામાં આવે તો અમે કહીએ છીએ કે **ના**, **अभ्युपगमात्** જીવ વિશે પણ વિશિષ્ટ સ્થાન સ્વીકારવામાં આવે છે તેથી **हृदि हि**, હૃદયમાં જીવની સ્થિતિ છે. ''ગુહામાં પ્રવેશ પામેલા એ બે'' (કઠ ૧.૩.૧) એ શ્રુતિ (જીવ બ્રહ્મથી ભિન્ન રહીને હૃદયમાં પ્રવેશ કરે છે એ) યુકિત દર્શાવે છે.

૩.૪.૧.૫

અથવા તો જે મણિનો પ્રકાશ (બહુ જગ્યામાં વ્યાપે છે) તેમ (ચૈતન્ય) ગુણ વડે (જીવ આખા શરીરમાં વ્યાપે છે તેથી વિરોધ નથી.) [૪૨]

જીવનો તો ચૈતન્ય ગુણ છે. આ ગુણ આખા શરીરમાં વ્યાપે છે. જેમ કોઈ શ્રેષ્ઠ મણિનો પ્રકાશ બહુ દેશમાં વ્યાપે છે તેમ (અણુ જીવનો ચૈતન્ય ગુણ આખા શરીરમાં વ્યાપે છે.) જેમ ઊના પાણીમાં (તે જ તત્ત્વનું રૂપ – ભાસ્વર શુકલ જોવામાં આવતું નથી, પણ ફકત ઉષ્ણ સ્પર્શનું ગ્રહણ થાય છે, તેથી) ઉષ્ણ સ્પર્શરૂપી ગુણ સ્વીકારવામાં આવે છે, તેમ (મણિની પ્રભામાં) સ્પર્શ ગુણનું ગ્રહણ થતું નથી, (ફકત પ્રકાશ–કાન્તિ–જોવામાં આવે છે.) તેથી મણિની પ્રભા કાન્તિ–ગુણ જ છે, (દ્રવ્ય નથી.)

(ભલે ! મણિ પ્રભારૂપી અન્ય દ્રવ્ય ઉત્પન્ન ન કરે, કારણ કે પ્રભાને ગુણ તરીકે સ્વીકારવામાં આવે છે; પણ જેમ ચિંતામણિમાંથી અનેક ભિન્ન ભિન્ન પદાર્થોને ઉત્પન્ન કરવામાં આવે છે તેમ) મણિથી વિજાતીય–ભિન્ન પ્રકારનું – દ્રવ્ય પ્રભાને ઉત્પન્ન કરશે – આ પ્રમાણે ન માનવું, કારણ કે એ પ્રમાણે સિધ્ધ કરવાનું પ્રમાણ નથી. જગતમાં જે અનુભવ થાય છે તેને તો સર્વવાદીઓએ ઘટાડવો જોઈશે. એ આ પ્રમાણે. મણિમાંથી પ્રભારૂપી ગુણ જ બીજી જગ્યાએ ઉત્પન્ન થાય છે અને બધે

વ્યાપે છે એમ કલ્પના કરવી, કારણ કેએ પ્રમાણે લોકમાં પ્રત્યક્ષ અનુભવ થાય છે, (અને વિશિષ્ટની કલ્પના કરતાં વિશેષણની કલ્પના કરવામાં લાઘવ છે.) પોખરાજ વગેરેની પ્રભા પણ રૂપ જ છે, (ગુણ જ છે, દ્રવ્ય નથી), અને એ બહુ દેશમાં વ્યાપે છે એમ માનવું. કારણ કે મણિના દષ્ટાન્તમાં પ્રભાને ઉત્પન્ન કરનારું બીજું તેજરૂપી દ્રવ્ય નથી. કાન્તિ, પ્રભા, રૂપ : આ બધા શબ્દો લોકમાં એક જ અર્થના છે.

સૂત્રમાં આવેલો **वा** શબ્દ એવું સૂચવે છે કે જગતમાં જે પ્રમાણે જોવામાં આવે તે પ્રમાણે યુકિત કલ્પવી જોઈએ. (અર્થાત્ **वा** શબ્દનો અર્થ **एव** 'જ' છે; લોકમાં થતાં અનુભવ પ્રમાણે જ કલ્પના કરવી એવો ભાવ છે.)

(જો લોકમાં જોવામાં આવે છે તે પ્રમાણે જ કલ્પના કરવી એમ સ્વીકારવામાં આવે તો પછી પૃથ્વી વગેરે પદાર્થોની સજાતીય કારણમાંથી જ ઉત્પત્તિ થાય છે, વિજાતીય બ્રહ્મમાંથી નહિ એમ સ્વીકારવું જોઈએ, કારણ કે જગતમાં એ પ્રમાણે પ્રત્યક્ષ અનુભવ થાય છે. આ શંકાનું સમાધાન કરતાં ભાષ્યકાર કહે છે કે) બ્રહ્મમાંથી જ સર્વ ઉત્પન્ન થાય છે એ સિધ્ધાન્તમાં તો જે પ્રમાણે લોકમાં જોવામાં આવે છે તે જ પ્રમાણે (જુદા જુદા રૂપમાં પ્રકટ થતાં) બ્રહ્મમાંથી જ ઉત્પન્ન થાય છે, તેથી બ્રહ્મ સિધ્ધાન્તમાં તો જરા પણ કલ્પના કરવાની જરૂર નથી.

(લોકમાં પદાર્થો અમુક કારણમાંથી અમુક પ્રકારે ઉત્પન્ન થાય છે. બ્રહ્મ પોતે જ આ બધાં કારણોરૂપે પ્રકટ થાય છે, અને એમાંથી જ એ પ્રકારે સર્વ ઉત્પન્ન થાય છે એમ **तेजोडत स्तथा आह**. બ્ર. સૂ. ૨.૩.૧૦ એ અધિકરણમાં સિધ્ધ કરવામાં આવેલું છે.)

૩.૪.૧.૬

જેમ પુષ્પનો ગન્ધ (પુષ્પ વિના પણ દૂર સુધી પહોંચે છે) તેમ (અણુ જીવનો ચૈતન્ય ગુણ પોતાના આશ્રય જીવના કરતાં) વધારે જગ્યામાં (વ્યાપશે.) [૪૩]

(કોઈપણ ગુણ પોતાના આશ્રયથી વધારાના સ્થળમાં રહી શકતો નથી, તો પછી અણુ જીવનો ચૈતન્ય ગુણ અણુ જીવથી વધારાની જગ્યામાં આખા શરીરમાં શી રીતે રહી શકે ? આ શંકાનું સમાધાન કરવા) સૂત્રકાર સિધ્ધ થયેલું દષ્ટાન્ત કહે છે. જેમ ચમ્પક વગેરે પુષ્પોનો ગન્ધ ચમ્પક વગેરે પુષ્પો નથી હોતાં તેવે સ્થળે પણ જોવામાં આવે છે, (તેમ મણિની પ્રભા અને અણુ જીવનો ચૈતન્ય

ગુણ પોતાના આશ્રયથી ભિન્ન સ્થળમાં પણ વ્યાપે છે.) (વ્યતિરેક એટલે પોતાના આશ્રયથી વધારાના ભાગમાં રહેવું એ.)

વેદમાં ગન્ધની વાત કહેલી હોવાથી સૂત્રકારે ગન્ધનું દષ્ટાન્ત આપ્યું છે. વેદમાં આ પ્રમાણે કહેવામાં આવેલું છે : ''જેમ પુષ્પોવાળા વૃક્ષનો ગન્ધ દૂર સુધી જાય છે તેમ પુણ્ય કર્મનો ગન્ધ (પણ) દૂર સુધી જાય છે.'' (મહાના. ૮.૨)

(જયાં સુધી પુષ્પનો ગન્ધ જાય છે ત્યાં સુધી એ પુષ્પ પણ જાય છે એમ) બીજા પ્રકારની કલ્પના તો અયોગ્ય છે એમ અમે (પૂર્વ સૂત્રમાં જ) કહ્યું છે.

૩.૪.૧.૭

બ્રહ્મના (પ્રજ્ઞા, દ્રષ્ટુત્વ ઈત્યાદિ) ગુણો જીવમાં પ્રધાન હોવાથી જીવને બ્રહ્મ તરીકે વર્ણવવામાં આવે છે, પ્રાજ્ઞની માફક [૪૪]

(**तत्वमसि** વગેરે વાકયોમાં જીવ અને બ્રહ્મ એક જ છે એવું સિધ્ધ થાય છે, અને બ્રહ્મ વ્યાપક હોવાથી જીવ પણ વ્યાપક બને, તો પછી જીવ અણુ છે એમ શી રીતે કહી શકાશે ? આ પ્રકારની શંકાનું સમાધાન કરતાં સૂત્રકાર આ સૂત્ર આપે છે.)

(શંકા) અરે ! ''તે તું છે'' (છા. ૬.૯.૪) ઈત્યાદિ વાકયોથી જણાય છે કે પર બ્રહ્મ જ જીવ છે, તો પછી જીવ અણુ શી રીતે હોઈ શકે ?

(સમાધાન) ઉપરની શંકાને સૂત્રમાં આવેલો તુ શબ્દ દૂર કરે છે. **तस्य** બ્રહ્મના, પ્રજ્ઞા, દ્રષ્ટત્વ વગેરે ગુણો; આ જ ગુણો જીવમાં સાર – જડથી વિલક્ષતા કરનારા – છે. તેથી જેમ અમાત્યને વિશે ઉપચારથી 'રાજા' શબ્દ વાપરવામાં આવે છે. તેમ જીવને વિશે ઉપચારથી ભગવાનનું વર્ણન છે, (અર્થાત્ જીવને ઉપચારથી ભગવાન તરીકે વર્ણવવામાં આવે છે.) ''હે મૈત્રેયી !'' (બૃ. ૨.૪) એ સંપૂર્ણ બ્રાહ્મણમાં જીવનું ભગવાન તરીકે વર્ણન કરવામાં આવેલું છે.

(શંકા) પણ એકના ધર્મો બીજાના ધર્મો તરીકે શી રીતે વર્ણવી શકાય ? જયાં પદાર્થનું મુખ્ય વર્ણન કરવાનું છે. ત્યાં ખરેખર ઉપચાર – લાક્ષણિક પ્રયોગ – સંભવતો નથી.

(સમાધાન) આ શંકાનું નિરાકરણ કરતાં સૂત્રકાર કહે છે કે **પ્રાજ્ઞવત્** પ્રાજ્ઞની માફક. ''જેમ પ્રિય સ્ત્રીની સાથે ભેટીને રહેલો માણસ'' (બૃ. ૪.૩.૩૧) એ શ્રુતિમાં 'આ જ પ્રમાણે આ શરીર આત્મા પ્રાજ્ઞ આત્માની સાથે જોડાયેલો છે.'' (બૃ. ૪.૩.૨૧) એ પ્રમાણે કહીને પ્રાજ્ઞનું સ્વરૂપ નીચે પ્રમાણે કહે છે : ''આનું તે આ પ્રસિધ્ધ કામ રહિત, પાપ રહિત અને ભય રહિત રૂપ છે, શોક રહિત છે; આ અવસ્થામાં પિતા અપિતા થાય છે.'' (બૃ. ૪.૩.૨૧–૨૨) અને પ્રાજ્ઞ એ તો સુષુપ્તિ અવસ્થામાં સાક્ષી છે. એ તો ખરેખર પાપ રહિત નથી, કારણ કે પાપ રહિત એ તો બ્રહ્મનો ધર્મ છે. આ જ પ્રમાણે (ઉપચારથી) શ્રુતિઓ શારીર જીવના વિશે પણ બ્રહ્મના ધર્મોનો બોધ કરે છે.

અહીં આ કહેવાનું છે. સર્વ ઉપનિષદોમાં બ્રહ્મજ્ઞાન (મોક્ષરૂપી) પરમ પુરૂષાર્થ સિધ્ધ કરનારું છે, તેથી એ બધાં ઉપનિષદોનો નિર્ણય કરવાને માટે ભગવાન વ્યાસે સૂત્રો કર્યાં. એમાં એમણે બ્રહ્મસૂત્રમાં **અથાતો બ્રહ્મજિજ્ઞાસા** એ સૂત્રમાં – બ્રહ્મના વિચારની પ્રતિજ્ઞા કરીને (જન્માદ્યધિકરણમાં) બ્રહ્મ જગતને ઉત્પન્ન કરનાર છે ઈત્યાદિ બ્રહ્મનું અસાધારણ લક્ષણ આપીને (પ્રથમાધ્યાયમાં) ઉપનિષદોનાં સર્વ વાકયોનો સમન્વય દર્શાવતાં જીવનું પ્રતિપાદન કરનારાં વાકયોનું નિરાકરણ કરીને, (સર્વ વાકયો બ્રહ્મનું પ્રતિપાદન કરે છે એમ સિધ્ધ કર્યું.) અવિરોધ નામના દ્વિતીય અધ્યાયમાં (અંશાંશિભાવથી) જીવ અને બ્રહ્મ એ બે વચ્ચે ઐકય હોવા છતાં પણ બ્રહ્મ જીવનું હિત કરતું નથી. ઈત્યાદિ દોષ બ્રહ્મને પ્રાપ્ત થાય એવી શંકા કરીને, ''બ્રહ્મ તો જીવથી અધિક છે, કારણ કે બ્રહ્મ અને જીવ એ બેનો ભેદ દર્શાવવામાં આવેલો છે.'' (બ્ર. સૂ. ૨.૧.૨૨) એ પ્રમાણે એ શંકાનો પરિહાર કરવામાં આવ્યો છે. પછી જીવ અણુ છે, ઉપચારથી બ્રહ્મ છે, બ્રહ્મનો અંશ છે, અને એના કર્તૃત્વ વગેરે ધર્મો બ્રહ્મને અધીન છે. એ પ્રમાણે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. પછી (તૃતીય અને ચતુર્થ અધ્યાયમાં) એ જ જીવને દક્ષિણ માર્ગથી પુનરાવૃત્તિ થાય છે એ પ્રમાણે કહીને સાધન સહિત બ્રહ્મ જ્ઞાનથી અર્ચિરાદિ માર્ગ દ્વારા બ્રહ્મ પ્રાપ્તિ થાય છે. એમ કહીને, ''તે ફરીથી આવતો નથી.'' (છા. ૮.૧૫.૧) એ પ્રમાણે જીવની અનાવૃત્તિ દર્શાવી. આ પ્રમાણે ભગવાન વ્યાસે સર્વ ઉપનિષદોની, કોઈપણ પ્રકારની વ્યાકુલતા વિના, યોજના કરી શાસ્ત્રનું તાત્પર્ય દર્શાવ્યું છે.

આ વિષયમાં કોઈક (શંકરાચાર્ય) આ પ્રમાણે કહે છે : (૧) જીવને બ્રહ્મ તરીકે વર્ણવતાં **તત્વમસિ** ઈત્યાદિ વાકયો પ્રમાણ તરીકે સ્વીકારવાં, (૨) જીવ જ બ્રહ્મ છે એ પ્રમાણે સ્વીકારવું, (૩) એના વિના બીજું બધું કારણ, અંશ અને કાર્ય – મિથ્યા છે એમ માનવું, (૪) આ કારણ, અંશ અને

કાર્યનું પ્રતિપાદન કરનારી શ્રુતિઓ અર્થવાદ હોવાથી મિથ્યા છે એમ સ્વીકારવું, (૫) સુષુપ્તિ અને બ્રહ્મ સંપત્તિ એ બે અવસ્થાઓમાં ભગવાન જે આનંદરૂપ પ્રકટ કરે છે તે આનંદરૂપનું પ્રતિપાદન કરનારાં વાકયો (વાસ્તવિક રીતે) સદ્યોમુકિતરૂપ ફલનો બોધ કરે છે એમ માનવું, અને (૬) ક્રમમુકિતનું તાત્પર્ય ઉપાસનામાં છે એમ સ્વીકારવું. આ પ્રમાણે શંકરાચાર્ય વેદ અને સૂત્રોનું અન્ય પ્રકારે વ્યાખ્યાન કરી વ્યાકુલતા કરી નાખી છે.

ઉપનિષદોનું તાત્પર્ય બ્રહ્મમાં છે કે જીવમાં એ વિષયમાં જે યોગ્ય હોય તેનો સત્પુરૂષોએ વિચાર કરવો.

૩.૪.૧.૮

(જીવ બ્રહ્મનો) અંશ છે, કારણ કે એ બહુ છે અને (બ્રહ્મથી) ભિન્ન છે એમ કહેવામાં આવેલું છે; બીજે પ્રકારે પણ કેટલાંક શાખાવાળાઓ માછી, જુગારી ઈત્યાદિ કહે છે. [૪૫]

બ્રહ્મના સંબંધમાં જીવનું જે સ્વરૂપ છે તે હવે કહેવામાં આવે છે. જીવ એ ખરેખર બ્રહ્મનો અંશ છે. શાથી ? **नानाव्यपदेशात्** (બ્રહ્મથી જીવ) ભિન્ન છે એ પ્રકારે શ્રુતિમાં વર્ણન છે તેથી. ''બધાય આત્માઓ પરમાત્મામાંથી નીકળે છે.'' (બૃ. ૨.૧.૨૦) અને ''ખરાબ કર્મ કરનારાઓ (ખરાબ યોનિમાં જાય છે) અને સારાં કર્મ કરનારાઓ (સારી યોનિ પ્રાપ્ત કરે છે.)'' (છા.૫. ૧૦.૭) એ શ્રુતિઓ દર્શાવે છે કે જીવ બ્રહ્મથી ભિન્ન છે.

'બ્રહ્મને અવયવ નથી તેથી જીવ બ્રહ્મનો અંશ શી રીતે થઈ શકે' એમ ન કહેવું. બ્રહ્મ અંશ રહિત છે કે અંશવાળું છે એ કાંઈ લોકમાં કોઈપણ સમયે સિધ્ધ થયું નથી. કારણ કે બ્રહ્મનો વિષય એકલા વેદથી જ સમજી શકાય એવો છે. બ્રહ્મનું વર્ણન કરનારી શ્રુતિ જે રીતે ઘટે તે રીતે એ શ્રુતિનું ઉલ્લંઘન કર્યા વિના વેદના અર્થનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે યુકિત હોવી જોઈએ. આ યુકિત જો પોતાની મેળે ન જણાય તો તપશ્ચર્યા કરવી જોઈએ, અથવા તો જે જાણનારાઓ છે તેમને પૂછવું જોઈએ; પણ કાંઈ સર્વ શ્રુતિઓનો વિપ્લવ કરવો જોઈએ નહિ. આ બાબતમાં નીચે પ્રમાણેની યુકિત છે :

સર્વ ઠેકાણે જેમના હાથ અને પગ છે, સર્વ ઠેકાણે જેમનાં ચક્ષુ મસ્તક અને મુખ છે, જે ઈન્દ્રિય રહિત છે અને જે સ્વરૂપે એવા – વિરુદ્ધ ધર્માશ્રયવાળા છે તેવા પરમાત્મામાંથી જડ પદાર્થો

અને જીવો, અગ્નિમાંથી તણખાઓ નીકળે તે પ્રમાણે, પરસ્પર વિલક્ષણતાથી બહાર આવ્યા એક નિશ્ચય છે. પહેલા પરમાત્માના સદંશની જડ પદાર્થો બહાર આવ્યા, અને પછી જીવો પણ પરમાત્માના ચિદંશથી બહાર આવ્યા. 'હું ઉત્પન્ન થાઉં' એ પ્રમાણેની બ્રહ્મની મૂલ ઈચ્છાથી જીવોમાં બ્રહ્મનો આનંદ તિરોહિત થઈ ગયો અને જીવો અસ્વતંત્ર–પરતંત્ર થયા.

બ્રહ્મવાદમાં જીવ બ્રહ્મનો અંશ છે એ જ સિધ્ધાન્ત છે.

(શંકા) અરે ! જીવ જો બ્રહ્મનો અંશ હોય તો એ બ્રહ્મના જેવો થાય. બીજી શ્રુતિમાં તો કહેલું છે કે ''બ્રહ્મ માછીઓ છે, બ્રહ્મ આ જુગારીઓ છે'' (અ.બ્ર.) આ શ્રુતિમાં એમ કહેવામાં આવ્યું છે કે બ્રહ્મના વિજ્ઞાનથી સર્વનુંય વિજ્ઞાન થાય છે; તેથી માછીઓ વગેરે પણ બ્રહ્મ છે એમ જણાય છે. અને માછીઓ વગેરે બ્રહ્મનું કાર્ય હોય અંશ નહિ તો જ આ વાત – માછીઓ વગેરેનું બ્રહ્મત્વ – સંભવે (અર્થાત્ જીવ એ બ્રહ્મનું કાર્ય છે, અંશ નથી, એમ માનવું જોઈએ.)

(સમાધાન) આ પ્રમાણે શંકા થાય તો સૂત્રકાર કહે છે કે **अन्यथा चापि** બીજે પ્રકારે પણ બ્રહ્મના શરીર તરીકે અને અંશ તરીકે કેટલાક શાખાવાળાઓ માછી–જુગારી વગેરેનું વર્ણન કરે છે. જીવ જો કે સ્વરૂપથી બ્રહ્મનું કાર્ય નથી. (કારણ કે જીવનો જન્મ થતો નથી), છતાં પણ (જીવ બ્રહ્મમાંથી છુટો પડી શરીરમાં પ્રવેશ કરે છે તેથી) બીજે પ્રકારે એ બ્રહ્મનું કાર્ય બને છે. તેથી જીવ બ્રહ્મના જેવો થતો નથી, કારણ કે બ્રહ્મનો આનન્દારાજીવમાં તિરોહિત થયેલો છે. (અને તેથી જીવને સ્થૂલ અને સૂક્ષ્મ શરીરનું અભિમાન થાય છે.) ચિદંશ નિત્યત્વ ઈત્યાદિ બ્રહ્મના ધર્મોની દષ્ટિએ તો જીવન બ્રહ્મના જેવો છે, અને એ ઈષ્ટ જ છે.

૩.૪.૧.૯

કર્તા (જીવ છે), કારણ કે એ પ્રકારે શાસ્ત્રનું પ્રયોજન સિધ્ધ થાય છે. [૪૬]

સાંખ્યોના અભિપ્રાયે કતૃત્વ પ્રકૃતિમાં જ રહેલું છે; તેથી એ મતનું નિવારણ કરવાને માટે આ અધિકરણનો આરંભ કરવામાં આવ્યો છે. કર્તા જીવ જ છે. શાથી ? શાસ્ત્રનું પ્રયોજન એ પ્રકારે સિદ્ધ થાય છે. તેથી વેદમાં અભ્યુદય લૌકિક અને નિઃશ્રેયસ – અલૌકિક ફલ માટે સર્વકર્મોનું વિધાન જીવને જ ઉદ્દેશીને કરવામાં આવેલું છે, કારણ કે બ્રહ્મને (કામના ન હોવાથી) કર્મનો ઉપયોગ

નથી, અને જડ પ્રકૃતિ કર્મ કરી શકે એમ નથી. જે વાકયમાં કર્તૃત્વ સંદિગ્ધ હોય ત્યાં પણ જીવનું જ કર્તૃત્વ છે એમ માનવું.

**તાત્ત્વિક મૂલ્યાંકન :**

આચાર્યશ્રી વલ્લભ કહે છે કે જીવને સ્થાવર અને જંગમ એ બે શરીરનો (સમાગમરૂપી) સંબંધી હોય.[૪૭] સ્થાવર અને જંગમ શરીરના જન્મમરણરૂપી ધર્મો જીવને વિશે જે કહેવામાં આવે છે તે લાક્ષણિક છે. કારણ કે શરીરભાવથી જીવને શરીરાભિમાનિત્વ હોય છે. સ્થાવર અને જંગમ શરીરમાં વિશેષે કરીને અપાશ્રય – આશ્રય સંબંધ તો થાય જ. પણ જીવને પોતાને સ્વતંત્ર રીતે ઉત્પત્તિ નથી. વેદ પણ નાદરૂપે સર્વ શરીરમાં રહેલો છે. શરીરનાં અન્વય અને વ્યતિરેકને લીધે જ જીવને શરીરનું અભિમાન હોય છે અને નથી હોતું; દેહના જન્મમરણરૂપી ધર્મ જીવને વિશે લાક્ષણિક છે. દેહના સંબંધને લીધે જ જીવની ઉત્પત્તિનું કથન છે એમ સિધ્ધ થયું.

તેમજ આત્મા ઉત્પન્ન થતો નથી. [૪૮] કારણ કે આત્માની ઉત્પત્તિનું શ્રુતિમાં શ્રવણ નથી અને શ્રુતિઓને આધારે આત્મા નિત્ય છે. શ્રુતિઓને લીધે જ જીવ ચૈતન્ય સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ (જ્ઞાનધર્મવાળો) છે. જીવનાં ઉત્ક્રમણ, ગમન અને આગમન છે. જીવનું પરિમાણ અણુ છે. [૦] મરણ સમયે જીવ જયારે આ શરીરમાંથી ઉત્ક્રમણ કરે છે. અર્થાત્ બહાર નીકળે છે ત્યારે એ સર્વ (બુધ્ધિ વગેરે) સાથે જ ઉત્ક્રમણ કરે છે. [૪૯]

શ્રુતિ જ જીવનું પરિમાણ કહે છે, જીવ બ્રહ્મથી વિલક્ષણ છે તે દર્શાવવા માટે સૂત્રમાં પ્રથમ ઉત્ક્રાંતિની વાત કહેવામાં આવેલી છે. જીવનો ધર્મ ઉત્ક્રમણ સર્વત્ર દર્શાવેલ છે. બ્રહ્મમાં તે સંભવ નથી. સમર્થન માટે આચાર્યશ્રી શ્રુતિ પ્રમાણ આપે છે.

**શ્રુતિ પ્રમાણ :**

(૧) જેમ કરોળિયો તંતુઓને ઉત્પન્ન કરે છે અને ખેંચી લે છે તેમ જીવ જાગૃતિ અને સ્વપ્નમાં જાય છે અને ફરીથી આવે છે. (બ્રહ્મોપનિષદ)

(૨) આ જીવની સાથે આત્મા વડે પ્રવેશ કરીને (છાંદોગ્ય ઉપ. ૬–૩–૨)

(૩) બ્રહ્મમાં લય પામે છે. (બૃહ. ઉપ. ૪–૪–૬)

(૪) ઈચ્છાનુસાર રૂપવાળો થઈને ફરે છે. (તૈત. ઉપ. ૩–૧૦)

**અર્થઘટન :**

આ ચાર શ્રુતિમાં જીવન છ અવસ્થા દર્શાવવામાં આવેલી છે. પ્રથમ શ્રુતિમાં જાગૃતિ અને સ્વપ્ન; દ્વિતિય શ્રુતિમાં સૃષ્ટિ, તૃતીયમાં બ્રહ્મ સાયુજય અને સુષુપ્તિ, ચતુર્થમાં મુકિત. જીવની પોતાના સ્વરૂપથી જ સ્થિતિ હોય છે.

જાગૃતિમાં જીવને દેહ વગેરેનો સંબંધ હોય છે. છતાં પણ સ્વપ્નમાં ઈન્દ્રિયોને લય થવાથી કેવલ સાક્ષી જ રહે છે અને તેથી જીવને બીજી કોઈ ઉપાધિ રહેતી નથી. સૃષ્ટિ અવસ્થામાં પણ અનુપ્રવેશ પહેલાં કોઈ જાતની ઉપાધિ હોતી નથી. બ્રહ્મ સાયુજય અને સુષુપ્તિમાં પણ ઉપાધિ હોતી નથી; મુકિતમાં પણ ઉપાધિ હોતી નથી. અર્થાત્ જાગૃતિમાં લિંગ દેહ હોય છે, પણ બીજી પાંચ અવસ્થામાં લિંગ દેહ હોતો નથી. જીવ પોતે કોઈપણ પ્રકારની ઉપાધિ વિના બધી અવસ્થાઓમાં રહે છે, તેથી એ અણુ જ છે.

અણુ ભાષ્યમાં આગળ વલ્લભાચાર્ય કહે છે કે,[૫૦] જીવનું બ્રહ્મ તરીકે વર્ણન કરવામાં દોષ નથી. કારણ જયાં સુધી આત્મા છે, ત્યાં સુધી આત્મામાં આનંદદાંશ રહે છે તેથી દોષ નથી.

(૧) સંસાર દશા પછી જીવ સર્વદા બ્રહ્મ છે, કારણ એ નિત્ય છે, અને હંમેશાં આનંદ પ્રકટ હોય છે. જીવને મુકિત દશામાં બ્રહ્મ તરીકે અનુભવ થાય છે, કારણ કે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી મોક્ષાવસ્થામાં જીવને આવરણ બ્રહ્મવેદ બ્રહ્મૈવ ભવતિ શ્રુતિમાં કહેવામાં આવેલ છે.

(૨) જે અત્યંત અ–યોગ્ય પદાર્થ હોય છે, તેનું ઉત્તમ પદાર્થ તરીકે વર્ણન થતું નથી. પણ યોગ્ય પદાર્થનું જ વર્ણન થાય છે. આનંદાંશ પ્રકટ થતાં જયારે આત્મા બ્રહ્મ બને છે ત્યારે જે એ આત્માને બ્રહ્મ તરીકે વર્ણવવામાં આવે છે.

(૩) જીવનો આનંદાંશ જયારે પ્રકટ થાય છે ત્યારે તો એ જીવમાં કરોડો બ્રહ્માણ્ડો જોવામાં આવે છે. આ પ્રમાણે અણુત્વરૂપી પરિચ્છેદ – મર્યાદિત સ્વરૂપ અને વ્યાપકત્વ એ બંને જીવમાં સંભવે છે.

(૪) જીવને જયારે બ્રહ્મ તરીકે વર્ણવવામાં આવે છે ત્યારે પણ એ જીવમાં આનંદાંશનો અત્યંત અભાવ નથી, પણ વિદ્યમાન છે જ. જે મોક્ષ દશામાં પ્રકટ થાય છે.

કર્તા જીવ છે, એ પ્રકારે શાસ્ત્રનું પ્રયોજન સિધ્ધ થાય છે. જીવ ઈન્દ્રિયોનું ગ્રહણ કરે છે. તેથી જીવ જ કર્તા છે, (ઈન્દ્રિયો નહિ)

### ૩.૪.૧.૧૦ શાસ્ત્રાર્થ પ્રકરણમાં જીવ

જીવ સાકાર અને ભગવદ્રૂપ હોવા છતાં પણ નિરાકાર થઈ ગયા. કેમ કે બ્રહ્મની ઉચ્ચ–નીચ આદિ વિવિધ રૂપોમાં પ્રકટ થવાની ઈચ્છાથી નિઃસૃત થયા હતા. [૫૧]

**જીવ વિષયક મત**

(૧) જીવ એ બ્રહ્મનો અંશ છે.

(૨) વિસ્ફુલિંગ જેમ અગ્નિનો અંશ છે તેમ જીવ પરમાત્માનો અંશ છે.

(૩) વિસ્ફુલિંગ જેમ અગ્નિથી વ્યુચ્ચરણ પામે છે તેમ જીવ પરમાત્મામાંથી વ્યુચ્ચરણ પામે છે.

(૪) જીવનું વ્યુચ્ચરણ હોવાથી તેની ઉત્પત્તિ નથી અને તેથી તે નિત્ય છે.

(૫) જીવ એક નહિ પણ અનેક છે, કારણ કે વ્યુચ્ચરણ શ્રુતિમાં આત્મા શબ્દને બહુવચનમાં યોજયો છે.

(૬) જીવ બ્રહ્મનો અંશ છે તથા તે બ્રહ્મ સાથે અન્ય અભેદતાવાળો છે.

(૭) બ્રહ્મ અને જીવ વચ્ચે અભેદતા છે છતાં બ્રહ્મ જીવ કરતાં અધિક છે.

(૮) જીવ એ અણુ છે. બ્રહ્મભાવ દશામાં તે વિભુ હોય છે.

(૯) ચૈતન્ય તેનો ધર્મ છે. તે જ્ઞાતા પણ છે.

(૧૦) જીવ કર્તા છે તથા ભોકતા છે. તેનું કર્તવ્ય બ્રહ્મથી તેના કર્મની અપેક્ષાએ નિયમિત છે; અને તેથી તદ્નુસાર તેને ફલદાન હોવાથી બ્રહ્મને વૈષમ્ય કે નૈર્ઘૃણ્ય નથી.

(૧૧) બ્રહ્મ અને જીવ વચ્ચે અભેદ ખરો પણ ભેદ સહિષ્ણુ અભેદ છે.

**પ્રમેય રત્નાર્ણવમાં જીવ** [૫૨]

જીવ બ્રહ્મથી અભિન્ન, અણુ પરિમાણ તથા બ્રહ્મનો અંશ છે. જીવના ત્રણ ભેદ શુધ્ધ, સંસારી અને મુકત છે તેમ માનવામાં આવે છે. કારણભૂત અક્ષરબ્રહ્મથી સચ્ચિદાનંદાત્મક અણુ અંશ નિઃસૃત થાય છે. નિરૂપાધિક અણુરૂપ, ચિત્પ્રધાન અને તિરોહિત આનંદવાળા અક્ષર બ્રહ્મનો અંશ જીવ શબ્દનો વાચ્ય થઈ જાય છે. અર્થાત્ જીવ કહેવાય છે.

### ૩.૩.૨ અણુ ભાષ્યમાં જગત્ :

બ્રહ્મ સમવાયિકારણ અને (નિમિત્તકારણ પણ) છે, કારણ કે એ રીતે પ્રતિજ્ઞા અને દષ્ટાન્તને બાધ આવતો નથી. [૫૩]

(પૂર્વપક્ષ) અરે ! બ્રહ્મ જગતનું કારણ છે એ વાતનું અમે ખંડન કરતા નથી, કારણ કે તે વાત શ્રુતિમાં સિધ્ધ છે; પણ (અમારૂં કહેવું આટલું જ છે કે) જગતનું ઉપાદાન કારણ તો (સાંખ્યોની) પ્રકૃતિ જ છે, કારણ કે ત્રિગુણાત્મક જગતરૂપી કાર્ય અને ત્રિગુણાત્મક પ્રકૃતિરૂપી કારણ એ બેની વચ્ચે ભેદ નથી. કાર્ય, ખરેખર, ઉપાદાનકારણના જેવું જ હોય છે. જગતના ઉપાદાનકારણ વિનાનું બીજું બધું – નિમિત્તકારણ – ભલે ભગવાન હોય. વળી, સમવાયિકારણ અને નિમિત્ત કારણનો ભેદ તો જરૂરનો છે. કર્મકાણ્ડમાં પણ ધર્મમાં – યજ્ઞમાં શ્રુતિ અને સ્મૃતિનો સમવાય સ્વીકારવામાં આવે છે. (અને ઋત્વિ જો વગેરેને નિમિત્તકારણ સ્વીકારવામાં આવે છે) તે પ્રમાણે બ્રહ્મવાદમાં પણ સાંખ્યસ્મૃતિમાં જણાવેલી પ્રકૃતિ (જગતનું) સમવાયિકારણ છે અને બ્રહ્મ નિમિત્તકારણ છે એમ જ સ્વીકારવું જોઈએ.

(સિધ્ધાન્ત) આ પ્રમાણે પૂર્વપક્ષ પ્રાપ્ત થતાં સૂત્રકાર કહે છે કે **प्रकृति** , ઉપાદાન કારણ અને (નિમિત્તકારણ) નિમિત્તકારણ અને સમવાયિકારણ બ્રહ્મ જ છે. સૂત્રમાં **प्रकृति** પદનો પ્રયોગ હોવાથી, (અને **प्रकृति** નો રૂઢ અર્થ સમવાયિકારણ અને યૌગિક અર્થ નિમિત્ત કારણ થાય છે), નૈવાયિકાઓની સ્મૃતિમાં સિદ્ધ થયેલા તૃતીય કારણ – સમવાયિકારણના સંયોગાદિ સર્વ ધર્મો અહીં કહેવામાં આવ્યા છે. સૂત્રમાં આવેલા **च** કારથી ‘‘જયાં’’ ઈત્યાદિ સર્વનો સંગ્રહ થાય છે.

(પ્રશ્ન) આ પ્રમાણે શાથી ?

(ઉત્તર) સૂત્રકાર કહે છે કે **प्रतिज्ञाश्चष्टान्तानुपरोधात्** પ્રતિજ્ઞા અને દષ્ટાન્તનો બાધ આવતો નથી તેથી. પ્રતિજ્ઞા આ પ્રમાણે છે : એ ઉપદેશ તે પૂછયો છે કે ‘‘ઉપદેશ વડે ન સંભળાયેલું

સંભળાઈ જાય છે, ન મનન કરાયેલું મનન કરાઈ જાય છે, ન જણાયેલું જણાઈ જાય છે'' (છા. ૬.૧.૨.૩) દષ્ટાન્ત આ પ્રમાણે છે : ''જેમ મૃત્તિકાનો એક પિણ્ડ જાણવાથી મૃત્તિકાનું સર્વ જણાઈ જાય છે.'' ઈત્યાદિ (છા. ૬.૧.૪.૬) પ્રતિજ્ઞા અને દષ્ટાન્તને અનુપરોધ, બાહ્ય ન આવે એમ, હોવાથી (બ્રહ્મ જગતનું ઉપાદાન અને નિમિત્તકારણ છે.) સમવાયિકારણના જ્ઞાનથી ખરેખર કાર્યનું જ્ઞાન થાય છે. જેમ ઉપક્રમ અને ઉપસંહાર એ બે નો અર્થ એક સિધ્ધ થતાં તે બેમાંથી એકપણ ગૌણ બનતું નથી તેમ અહીં પણ પ્રતિજ્ઞા અને દષ્ટાન્ત એ બેમાંથી એકપણ ગૌણ નથી એ દર્શાવવાને માટે સૂત્રમાં પ્રતિજ્ઞા અને દષ્ટાન્ત એ બેનું કથન છે. સૂત્રમાં હેતુ તરીકે ફકત 'પ્રતિજ્ઞા' આપવામાં આવી હોત, અર્થાત્ સૂત્રકારે ફકત **પ્રતિજ્ઞાનુપરોધાત્** એ પ્રમાણે કહ્યું હોત, તો અદષ્ટ દ્વારા, યોગ જ પ્રત્યાસત્તિથી, યોગની શકિતથી થતાં પ્રત્યક્ષથી, પણ એક વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાન થાત, (પરંતુ તેથી 'બ્રહ્મ એ જગતનું સમવાયિકારણ છે.' એમ સિધ્ધ થાત નહિ.) જો સૂત્રમાં હેતુ તરીકે ફકત 'દષ્ટાન્ત' આપવામાં આવ્યું હોત, અર્થાત્ સૂત્રકારે ફકત **श्चष्टान्तानुपरोधात्** એ પ્રમાણે કહ્યું હોત, તો (સર્વસત્ છે, જ્ઞેયત્વને લીધે એ પ્રમાણેનાં) અનુમાન પ્રકારથી એક વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાન થાય, અને જો તેમ થાય તો બ્રહ્મ જ્ઞેયત્વાદિરૂપ સર્વ સાધારણ ધર્મવાળું થાય. પણ જગતનું સમવાયિકારણ થાય નહિ. પણ જયારે પ્રતિજ્ઞા અને દષ્ટાન્ત એ બંને હેતુ તરીકે આપવામાં આવે ત્યારે પ્રત્યક્ષ પદાર્થને લીધે જ એક વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાન થાય એ પ્રતિજ્ઞા ઉપરથી 'બ્રહ્મ જગતનું સમવાયિકારણ છે.' (સાંખ્યોની પ્રકૃતિ સમવાયિકારણ નથી). એમ સિધ્ધ થઈ શકે છે.

કાર્યકારણ એ બે એકબીજાથી ભિન્ન અને અભિન્ન છે એ મતનું નિરાકરણ કરવાને માટે મૃત્તિકાનો પિણ્ડ, સોનાની લગડી અને નખ કાપવાની લૌઢાની નરેણી એ ત્રણ દાખલા આપવામાં આવેલા છે. (છા. ૬.૧.૪.૬) (અર્થાત્ કાર્ય અને કારણ એ બે વચ્ચે અભેદ છે, અને જુદી જુદી અવસ્થામાં આવેલા કારણને જ જુદા જુદા કાર્ય તરીકે કહેવામાં આવે છે એમ સિધ્ધાન્ત છે.) આ પ્રમાણે હોવાથી કોઈપણ કાર્યમાં કોઈપણ વિશિષ્ટ અવસ્થામાં ભગવાનનું જ્ઞાન થાય તો પછી સર્વ કાર્યોમાં જુદી જુદી અવસ્થાઓમાં રહેલા ભગવાનનું જ્ઞાન થાય છે, અને સર્વ કાર્ય ભગવાનથી અભિન્ન છે એમ પણ જ્ઞાન થાય છે. અનેક પદાર્થોમાં રહેલા (ઘટત્વ, પટત્વ, આત્મત્વ જેવો) સામાન્ય ધર્મ બ્રહ્મને વિષે સંભવતો નથી. એ દર્શાવવાને માટે શ્રુતિ કહે છે ''(ઘડાનું પહોળું તળિયું વગેરે જે) વિકાર છે તે વાચિકક્રિયારૂપી છે, (કાંઈ કારણથી વ્યકિતનો ભેદ સિધ્ધ કરનારો નથી), ફકત નામ છે, (પદાર્થના સ્વરૂપનો ભેદ દર્શાવનાર નથી.)'' (છા. ૬.૧.૪.૬) જગત મિથ્યા છે એ મતનું નિરાકરણ કરવાને માટે

શ્રુતિ કહે છે કે ''મૃત્તિકા એ પ્રકારે જ'' (છા. ૬.૧.૪), અર્થાત્ બ્રહ્મત્વથી જ જગત સત્ય છે, બીજે પ્રકારે (ઘટાદિરૂપે અથવા મતિરૂપે અથવા સવાન્તર ઉપાદાન રૂપે) નહિ. (બ્રહ્મત્વરૂપી) સામાન્ય નથી. એ પ્રમાણે શ્રુતિ આગળ ઉપર ''ત્રણ રૂપો'' (છા. ૬.૪.૨.૪) એ સ્થળે સ્પષ્ટ રીતે જ ખુલાસો કરશે. (અર્થાત્ તેજ, જલ અને અન્ન એ ત્રણ રૂપો જ સત્ય છે એમ શ્રુતિમાં કહેલું હોવાથી જુદા જુદા રૂપોવાળા પદાર્થો બ્રહ્મ જ છે એમ સિધ્ધ થાય છે, અને તેથી બ્રહ્મ વિના બીજો કોઈ સ્વતંત્ર પદાર્થ સંભવતો નથી એટલે બ્રહ્મત્વ નામનું સામાન્ય સંભવતું નથી.)

તેથી બ્રહ્મરૂપે સત્ય જગતનું બ્રહ્મ જ સમવાયિકારણ છે એમ સિધ્ધ થાય છે. દેહ વિષે આત્માની બુધ્ધિ થવી તે તો, વિકાર બુધ્ધિ હોવાથી દોષ જ છે; (આ પ્રમાણે શ્રુતિ પોતે કહે છે અને) શ્રુતિનું સામર્થ્ય–શ્રુતિ જે ઉપદેશ કરે તે – પ્રમાણ છે એમ (પહેલાં) કહેવામાં આવેલું છે. તેથી બ્રહ્મ જ (જગતનું) સમવાયિકારણ છે, (સાંખ્યોની) પ્રકૃતિ નહિ.

(૨) અને (હું આ પ્રમાણે સૃષ્ટિ કરીશ એ પ્રકારનો) વિચાર શ્રુતિમાં કહેવામાં આવેલો છે તેથી : [૫૪]

સૂત્રકાર (પૂર્વમતના સમર્થનમાં) બીજું લિંગ પ્રમાણ આપે છે : ''પરમાત્માએ કામના કરી કે હું બહું થાઉં, પ્રજા કરૂં'' (તૈ. ૨.૬) એ શ્રુતિમાં જે કામના છે તે પરમાત્માનું અભિધ્યાન–વિચાર, સંકલ્પ છે. પરમાત્મા આ પ્રકામ – જેમની બધી ઈચ્છાઓ પૂર્ણ થયેલી છે એવા છે, એટલે તેમને કામના – ઈચ્છા સંભવતી નથી; (તેથી કામનાનો અર્થ સંકલ્પ અથવા વિચાર કરવાનો છે.) પરમાત્માનો આ સંકલ્પ સૃષ્ટિ કરવાને માટે શ્રુતિમાં કહેવામાં આવેલો છે. ''હું બહું થાઉં'' (તૈ. ૨.૬) એ શ્રુતિમાં પરમાત્માને ''હું પોતે જ બહુ રૂપે થાઉં'' એ પ્રકારનો સંકલ્પ થયો છે. તેથી જે જગત્ ઉત્પન્ન કરવામાં આવ્યું છે તે પરમાત્મા પોતે જ થાય છે, (અને આ રીતે બ્રહ્મ જગતનું સમવાયિકારણ બને છે.) સુવર્ણના અનેક રૂપો તો બધા સુવર્ણનાં કાર્યોમાં મૂળ પદાર્થ સુવર્ણ હોય તો જ સંભવી શકે છે. વળી, બ્રહ્મમાં અધ્યાસ સંભવિત નથી, અને (બ્રહ્મ જો માયાથી જગત્ ઉત્પન્ન કરે તો બ્રહ્મનું જગત્કતૃત્વ) ગૌણ થઈ જવાનો પ્રસંગ આવે, (તેથી યોગીઓ જે પ્રમાણે માયાથી અનેક રૂપો ધારણ કરે છે તે પ્રમાણે બ્રહ્મ માયાથી બહુ રૂપો ધારણ કરતું નથી.) યોગીઓને મુખ્ય પ્રકારે વાસ્તવિક રીતે, બહુ રૂપો ધારણ કરવાનું ખરેખર સંભવતું નથી, કારણ કે બ્રહ્મમાં સર્વ પદાર્થો થવાની શકિત રહેલી હોવાથી જયાં સુધી મુખ્ય વસ્તુ સંભવતી હોય ત્યાં સુધી ગૌણ વસ્તુની કલ્પના કરવી એ અયોગ્ય છે 'આ બધું જે છે તે આત્મા છે. (બૃ.

૨.૪.૬) એ શ્રુતિમાં કાર્યને જગતને બ્રહ્મ તરીકે જ વર્ણવવામાં આવ્યું છે તે જગતનું મુળ ઉપાદાનકારણ બ્રહ્મ હોય તો જ, સંભવે છે, અન્ય પ્રકારે નહિ. (તેથી બ્રહ્મ જ જગતનું સમવાયિકારણ છે એમ સિધ્ધ થાય છે.)

(હવે ભાષ્યકાર સૂત્રનો બીજો અર્થ આપે છે.) અથવા તો ''આ બધું ખરેખર બ્રહ્મ છે. કારણ કે આ બધું જગત્ બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલું, તેમાં લય પામનારૂં અને તેમાં સ્થિતિ કરનારૂં છે. આ પ્રમાણે રાગદ્વેષાદિરહિત થઈને ઉપાસના કરવી.'' (છા. ૩.૧૪.૧) આ પ્રમાણે બ્રહ્મનું જગદ્રૂપે અભિધ્યાન–ઉપાસના–કરવી એમ શ્રુતિમાં ઉપદેશ કરવામાં આવેલો છે અને આ પ્રમાણેનો ઉપદેશ, બ્રહ્મ જગતનું સમવાયિકારણ હોય તો જ, ઘટે છે. સૂત્રમાં **च** કાર ''કેટલાક અભેદજ્ઞાનથી, કેટલાક ભેદજ્ઞાનથી અને કેટલાક બીજા અનેક પ્રકારે વિશ્વરૂપે મને ભજે છે.'' (ભ.ગી. ૯.૧૫) એ વચનનો બોધ કરે છે.

(૩) અને સાક્ષાત્ – શ્રુતિમાં જ – (બ્રહ્મમાંથી જગત્‌ની ઉત્પત્તિ અને બ્રહ્મમાં જ તેનો લય એ) બંનેનું વર્ણન છે. તેથી (બ્રહ્મ જગતનું સમવાયિકારણ છે.) [૫૫]

સૂત્રકાર લિંગ પ્રમાણ આપીને હવે શ્રુતિ પ્રમાણ જ આપે છે. સાક્ષાત્ શ્રુતિમાં જ બ્રહ્મ જગતનું સમવાયિકરણ છે એમ કહેવામાં આવેલું છે. સૂત્રમાં આવેલો **च** કાર કહે છે કે સ્મૃતિમાં પણ (તે પ્રમાણે કહેવામાં આવેલું છે.)

શ્રુતિમાં કેવી રીતે કહેવામાં આવ્યું છે ? – આ પ્રમાણે જો પ્રશ્ન થાય તો તેના ઉત્તરમાં સૂત્રકાર કહે છે કે **उभयाम्रानात्** , બંનેનું – સૃષ્ટિ અને પ્રલયનું પ્રતિપાદન કરવામાં આવેલું છે તેથી. બ્રહ્મમાંથી જગતની ઉત્પત્તિ અને બ્રહ્મમાં જ જગતનો પ્રલય થાય છે એમ શ્રુતિમાં પ્રતિપાદન કરવામાં આવેલું છે. ''આ બધાં (સ્થાવર જંગમ) ભૂતો આકાશમાંથી – પરમાત્માંથી જ ઉત્પન્ન થાય છે, અને આકાશ–પરમાત્મા–પ્રતિ લય પામે છે.'' (છા. ૧.૯.૧) એ પ્રમાણે શ્રુતિ કહે છે અને ''હું આખા જગતની ઉત્પત્તિ અને પ્રલય છું.'' (ભ.ગી. ૭.૬) એ પ્રમાણે સ્મૃતિ કહે છે. આ પ્રલયનું વર્ણન કરનારા આકાશવાકયમાં (છા. ૧.૯.૧) બ્રહ્મ જગત્‌નું (ફકત) નિમિત્તકારણ છે એ વાત સંભવતી નથી, કારણ કે સુવર્ણ વગેરેમાં તે પ્રમાણે જોવામાં આવે છે; (અર્થાત્ સુવર્ણમાં સોનાની લગડીનો લય થાય છે અને તેમાંથી નીકળે છે, એટલે સુવર્ણ એ સોનાની લગડીનું સમવાયિકારણ બને છે; તેવી રીતે બ્રહ્મમાં જગતનો

લય થવાથી અને બ્રહ્મમાં જગતની ઉત્પત્તિ થવાથી બ્રહ્મ જગતનું સમવાયિકારણ છે એમ સિધ્ધ થાય છે.) આ પ્રમાણે સુવર્ણ વગેરેમાં જણાવેલા લૌકિક ન્યાયથી અને શ્રુતિમાં જણાવેલા વૈદિક ન્યાયથી આ બાબત સાક્ષાત સિધ્ધ થાય છે. તેથી ભગવાન્ જ જગતનું સમવાયિકારણ છે, (સાંખ્યોની પ્રકૃતિ નહિ.)

(૪) (બ્રહ્મ) પોતે જ પોતાને (જગદ્રૂપે) કરે છે (એ પ્રમાણે શ્રુતિમાં પ્રતિપાદન કરવામાં આવેલું છે.) તેથી (બ્રહ્મ જગતનું સમવાયિકારણ છે); અને (બ્રહ્મ) કાર્યરૂપે પરિણામ પામે છે. તેથી (બ્રહ્મ પોતે કર્તા અને કર્મ એ બંનેય છે; અર્થાત્ બ્રહ્મ બંનેય – નિમિત્તકારણ અને ઉપાદાનકારણ છે.) [૫૬]

(શંકા) અરે ! ''તે પરમાત્મા જ સર્વ ઉત્પન્ન કરે છે; તે જ રક્ષણ કરે છે અને નાશ કરે છે.'' (ભાગ. ૪.૧૧.૨૫) એ વાકયમાં પરમાત્મા જગતનો કર્તા – જગતનું નિમિત્તકારણ છે, એ પ્રમાણે જણાય છે, તેથી આકાશાદિ વાકય (છા. ૧.૯.૧) પણ ગૌણ થઈ જશે. (અર્થાત્ આકાશાદિ વાકયમાં વર્ણવેલું બ્રહ્મનું સમવાયિકારણત્વ ગૌણ થશે.)

(ઉત્તર) આ શંકાનું નિરાકરણ કરવાને માટે સૂત્રકાર કહે છે કે **आत्मकृतेः**, બ્રહ્મ પોતે જ પોતાને કરે છે તેથી; ''તે બ્રહ્મ પોતે જ પોતાને (જગદ્રૂપે) કર્યું.'' (તૈ. ૨.૭) એ પ્રમાણે બ્રહ્મ પોતે જ કર્તા અને કર્મ બંનેય છે તેથી (બ્રહ્મ જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ છે.) અને ''તેથી તે બ્રહ્મે ઉત્પન્ન કરેલું – એ પ્રમાણે વચન હોવાથી બ્રહ્મ કરેલી જગતની ઉત્પત્તિ અલૌકિક છે; (અર્થાત્ બ્રહ્મ પોતે જગદ્રૂપે પરિણામ પામ્યું છતાં પણ પોતે અવિકારી રહે છે એ પ્રમાણે આ લૌકિક પ્રકાર છે.)

આ પ્રમાણે છે છતાં પણ (અવિકૃત પરિણામવાદનું) જ્ઞાન આપવાને માટે સૂત્રકાર યુકિત આપે છે કે **परिणामात्** (જગત્ બ્રહ્મનું) પરિણામ છે તેથી બ્રહ્મ કાર્ય – જગત્રૂપે પરિણામ પામે છે. સુવર્ણ અવિકૃત જ – કોઈપણ પ્રકારના ફેરફાર વિના જ – પરિણામ પામે છે, અને બીજા બધા સુવર્ણનાં જેવાં દ્રવ્યો પણ અવિકૃત જ પરિણામ પામે છે. (''હું બહુ થાઉં, પ્રજા કરૂં'' એ શ્રુતિમાં, તૈ. ૨.૬, જણાવેલી બહુભવનરૂપી) વૃધ્ધિ અલૌકિક હોવાથી તેજ વગેરેએ કરેલું ઈક્ષણ, જગતનું સમવાયિકારણ બ્રહ્મ હોય તો જ, ઘટે છે. (દૂધરૂપી પૂર્વ અવસ્થામાંથી દહીંરૂપી બીજી અવસ્થા થવી તેનું નામ વિકાર, અને આવો વિકાર બ્રહ્મની બહુભવન ક્રિયામાં હોય છે તેથી બ્રહ્મ અવિકૃત રહીને જ પરિણામ પામે છે એમ શી રીતે કહેવાય ?)

આ શંકાનું સમાધાન કરતાં ભાષ્યકાર કહે છે કે, બ્રહ્મની પૂર્વ અવસ્થાનો (બુહભવનરૂપે) જે ફેરફાર થાય તે તો, ''હું બહું થાઉ'' (તૈ. ૨.૬) એ કાર્ય પ્રતિપાદક શ્રુતિને અનુસરીને સ્વીકારવો જોઈએ. (અર્થાત્ દૂધ જયારે દહીંરૂપે પરિણામ પામે છે ત્યારે તેમાં ગંધ, રૂપ વગેરેનો જે વિકાર, ફેરફાર થાય છે તે વિકાર બ્રહ્મને વિષે સ્વીકારવા જેવો નથી, પણ બહુભવનરૂપી વિકાર તો બ્રહ્મ વિષે સ્વીકારવામાં વાંધો નથી, કારણ કે શ્રુતિ પોતે જ તેનું પ્રતિપાદન કરે છે.) અને સૂત્રકાર પોતે જ આગળ ઉપર કહેશે કે ''પણ શ્રુતિ છે તેથી; કારણ કે આ વિષયનો આધાર શ્રુતિ છે.'' (બ્ર.સૂ. ૨.૧.૨૭) અને બીજા યુકિતમૂલક દૂષણોનો સૂત્રકાર (બીજા અધ્યાયના બીજા પાદમાં) પરિહાર કરશે. તેથી આ જગદ્રૂપી કાર્ય બ્રહ્મના પરિણામરૂપે છે, એટલે બ્રહ્મ જ જગતનું સમવાયિકારણ છે, (સાંખ્યોની પ્રકૃતિ નહિ), એમ સિધ્ધ થયું.

(૫) અને યોનિ (પણ બ્રહ્મ જ છે), કારણ કે શ્રુતિ કહે છે. [૫૭]

ચેતન પદાર્થોને વિષે કંઈક શંકા કરીને સૂત્રકાર તેનો પરિહાર કરે છે.

(શંકા) અરે ! જડ પદાર્થોનું સમવાયિકારણ ભલે એકલું બ્રહ્મ હો ! પણ ચેતન પદાર્થોમાં તો યોનિ અને બીજ એ બંનેય સમવાયિકારણ તરીકે જોવામાં આવે છે; અને ભગવાન પુરુષરૂપ હોવાથી યોનિરૂપ પ્રકૃતિ (ચૈતન પદાર્થોનું) સમવાયિકારણ થાવ, કારણ કે ચેતન પદાર્થોનું શરીર શુક્ર અને લોહીનું બનેલું છે.

(ઉત્તર) આ પ્રમાણે શંકા કરીને સૂત્રકાર તે શંકાનો પરિહાર કરે છે. યોનિ પણ બ્રહ્મ જ છે. સૂત્રમાં આવેલો **च** કાર (જગતનું સમવાયિકારણ શકિત છે એ) શકિતવાદનું નિરાકરણ કરવાને માટે છે. આ વિષયમાં સૂત્રકાર યુકિત અને શ્રુતિનું પ્રમાણ આપતાં કહે છે કે **हि गीयते**, કારણ કે યુકિત અને શ્રુતિ કહે છે.

તેમાં યુકિત આ પ્રમાણે છે, ''હે સૌમ્ય ! આ પહેલાં સત્ જ હતું; એક જ, અદ્વિતીય હતું.'' (છા. ૬.૨.૧) આ શ્રુતિમાં જગતની ઉત્પત્તિ પહેલા એક જ બ્રહ્મ હતું એમ કહેવામાં આવે છે. ''આકાશમાંથી જ'' (છા. ૧.૯.૧) ''ખરેખર આનંદમાંથી જ'' (તૈ. ૩.૬) ઈત્યાદિ શ્રુતિઓમાં અવધારણ દર્શાવનાર **एव** જ પદ હોવાથી એમ જણાય છે કે જગત્નું કારણ બ્રહ્મ વિના બીજો કોઈ

(પ્રકૃતિ જેવો) પદાર્થ નથી. જો બ્રહ્મથી અન્ય પદાર્થની પ્રકૃતિ જેવા પદાર્થની – જગત્ ઉત્પન્ન કરવામાં અપેક્ષા રહે તો (અદ્વૈતને બદલે) દ્વૈત થઈ જવાનો પ્રસંગ આવે.

અને શ્રુતિમાં પણ આ જ કહેવામાં આવ્યું છે. ''કર્તા, ઈશ, પુરુષ, બ્રહ્મ, યોનિ અને (જયારે સાધક જુએ છે)'' (મુણ્ડ ૩.૧.૩) અને ''જેને ડાહ્યા માણસો પ્રાણીઓની યોનિરૂપે જુએ છે.'' (મુણ્ડ ૧.૧.૬) આ પ્રમાણે શ્રુતિ કહે છે. ''મહત્ બ્રહ્મમાંથી યોનિ છે તેમાં હું ગર્ભને મૂકું છું.'' (ભ.ગી. ૧૪.૩) અને ''તેમની યોનિ મહત્ બ્રહ્મ છે અને હું બીજ મૂકનાર પિતા છું. (ભ.ગી. ૧૪.૪) આ પ્રમાણે સ્મૃતિ છે. અક્ષર બ્રહ્મ અને પુરુષોત્તમ એ બે ભાવથી યોનિ અને પિતા એ બે દષ્ટિ સંભવે છે; (અર્થાત્ અક્ષર બ્રહ્મ યોનિ છે અને પુરુષોત્તમ પિતા છે એટલે એક જ બ્રહ્મ એ બે જુદી જુદી દષ્ટિથી બન્નેય થઈ શકે છે.) તેથી યોનિ પણ અને પુરુષ ભગવાન્ છે; સર્વ, વીર્ય–ગર્ભ, અને જીવ–મહત્ બ્રહ્મ પણ ભગવાન્ છે. સર્વ ભગવાન છે – એ વાત ''આ જે આત્મા છે તે આ સર્વ છે.'' (બૃ. ૨.૪.૬) એ સ્થળે સિધ્ધ થયેલી છે.

તેથી કોઈપણ અંશમાં સાંખ્યોની પ્રકૃતિનો જગતના કારણ તરીકે પ્રવેશ નથી અને સાંખ્યમત ઉપનિષદમાં પ્રતિપાદિત નથી એમ સિધ્ધ થયું.

### (૬) પ્રમેય રત્નસઙ્ગ્રહમાં જગત્ વિષયક વિચાર [૫૮]

શુધ્ધાદ્વૈત વેદાન્તના સ્થાપક શ્રી વલ્લભાચાર્ય જગત્ વિષયક મતનું સ્થાપન અણુભાષ્ય તેમજ સુબોધિનીમાં કરે છે. તેના લેખન બાદ સંશોધનને વધુ સબળ બનાવવા અન્ય વિદ્વાન શ્રી અનિરુધ્ધલાલજીના ગ્રંથ પ્રમેયરત્નસઙ્ગ્રહમાં રજૂ થયેલ જગત્ વિષયક વિચારનું લેખન કરીએ.

તેમના મતે જગત્ સત્ય છે. ° સત્ય તેને કહેવામાં આવે છે કે જેનો નાશ કદીપણ થઈ શકતો ન હોય. બ્રહ્મ સત્ય છે, સત્ય બ્રહ્મે જગતનું નિર્માણ કર્યું છે. બ્રહ્મ સર્વ નામ – રૂપ કર્મોને ધારણ કરવામાં સમર્થ હોવાથી તે સર્વભવન સમર્થ છે. સર્વભવન સમર્થ બ્રહ્મ પોતે જગત્રૂપે પરિણમ્યું છે; સત્ય સંકલ્પ બ્રહ્મે પોતાની સ્વતંત્ર ઈચ્છાથી આ જગત્નું નિર્માણ કર્યું છે.

જો જગત્ સત્ય હોય તો જગત્ કે જાગતિક પદાર્થોનો કદીપણ અભાવ થવો ન જોઈએ. જગત્ જો નાશવાન હોય તો તેને 'સત્ય' કેમ કહી શકાય ? આથી તેઓ અભાવ સમજાવે છે. ભાવ

એટલે કોઈ વસ્તુનું હોવું, અસ્તિત્વ, સત્તા કે હયાતી. તેથી ઉલટું, એટલે કોઈ વસ્તુના ન હોવાને અ–સત્તાને કે અનસ્તિત્વને 'અભાવ' કહેવામાં આવે છે. અભાવના ચાર પ્રકાર છે. ૦

(૧) **અત્યન્તાભાવ :** સ્થળને અનુલક્ષીને જયારે કોઈ વસ્તુના અસ્તિત્વનો નિષેધ કરવામાં આવે છે ત્યારે વસ્તુનો અત્યન્તાભાવ સૂચિત થાય છે.

(૨) **પ્રાગભાવ :** વસ્તુ જયાં સુધી ઉત્પન્ન થતી નથી ત્યાં સુધી તેનો અભાવ હોય છે. આથી વસ્તુ ઉત્પત્તિ પૂર્વેના અભાવને વસ્તુનો પ્રાગભાવ કહે છે.

(૩) **પ્રધ્વંસાભાવ :** પ્રધ્વંસ એટલે નાશ. વસ્તુનો નાશ થયા પછી જે અભાવ થતો હોય તેને વસ્તુનો પ્રધ્વંસાભાવ કહેવામાં આવે છે.

(૪) **અન્યોન્યાભાવ :** એક વસ્તુના બીજી વસ્તુમાં રહેતા પરસ્પરના કે અન્યોન્યના અભાવને અન્યોન્યાભાવ કહે છે. આ અભાવ સ્વરૂપકૃત છે. દરેક વસ્તુનું પોતાનું કોઈ એક આગવું સ્વરૂપ હોય છે, અને આ સ્વરૂપ જ વસ્તુની ઓળખ છે, ઓળખ બે વસ્તુ વચ્ચે ભેદ પાડે છે. એક સ્વરૂપ અન્યમાં નથી હોતું.

**જગત વિષક ખ્યાલનું તાત્વિક અર્થઘટન :**

બ્રહ્મ સૂત્રમાં બ્રહ્મને જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના કરનાર કહ્યા છે. આથી જગત્ એ બ્રહ્મની કૃતિ અને અને પરિણામ છે. બ્રહ્મ જગતનું સમવાયી અને નિમિત્તકારણ ઉભય છે. બ્રહ્મ એ ઉત્તમ કારણરૂપ છે. જગત્ બ્રહ્મમાંથી ઉત્પન્ન થયું છે માટે તે બ્રહ્મ સમવાયીકારણ અને બ્રહ્મ તેનું બનાવનાર માટે તે નિમિત્તકારણ શ્રુતિમાં બ્રહ્મનું સમવાયી કારણત્વ સ્વીકારેલું છે. બ્રહ્મ જગતનું સમવાયીકારણ હોવા છતાં બ્રહ્મમાં વિકાર થતો નથી.

જગતનું ઉપાદાનકારણ સાક્ષાત્ બ્રહ્મ હોવા છતાં પણ તેમાં વિકૃતિ થતી નથી. આ સિધ્ધાંતને ઊર્ણનાભિ મૃત્સ્ના, સુવર્ણ વગેરે વૈદિક ઉદાહરણો, અહિકુંડલ, યોગી, દેવ, પાષાણ, પટ, ક્ષીર વગેરે વેદાન્ત સૂત્રોકત ઉદાહરણો અને કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણિ, મંત્ર, તૈજસ વગેરે પોતાના ઉદાહરણો દ્વારા શ્રી વલ્લભાચાર્ય સમજાવે છે જેમ કે,

ઊર્ણનાભિ – કરોળિયો પોતાની ઈચ્છા થાય ત્યારે મોઢામાંથી લાળ કાઢીને તેને બહાર ફેલાવે છે અને ઈચ્છામાં આવે ત્યારે પોતાના મુખમાં તેને પાછી સંકલી લે છે, આથી ત્યાં તો કોઈપણ વિકાર નથી. ત્રણે અવસ્થામાં તેની લાળ ઊર્ણનાભિ – કરોળિયા રૂપે જ છે. ઊર્ણનાભિ જ લાળરૂપે પરિણમે છે.

તે જ પ્રમાણે બ્રહ્મ પોતાની ઈચ્છાથી પોતામાંથી જગતનો આવિર્ભાવ કરે છે અને પાછું તેને પોતામાં લઈ લે છે. તેથી વિકાર બનતો નથી. બ્રહ્મત્વને હાનિ નથી. ત્રણે અવસ્થામાં બ્રહ્મ રહે છે. બ્રહ્મરૂપ ધર્મી જગદ્રૂપ ધર્મ સ્વરૂપે પરિણામ પામે છે.

આ બાબત ઘટશરાવાદિ – ઘટ એટલે ઘડો – માટી ઉદાહરણમાં તથા સુવર્ણ અલંકારના ઉદાહરણમાં સમાનરૂપે જોવા મળે છે.સંક્ષેપમાં કહીએ તો, કાર્ય જગદ્રૂપ કારણ બ્રહ્મરૂપથી ભિન્ન નથી. [6]

**જગત્ – સંસારનો ભેદ**

આચાર્ય શ્રી વલ્લભ જગતને સત્ય સ્વીકારે છે. છતાં સંસારને તે સત્ય તરીકે સ્વીકારતાં નથી.

**प्रपञ्चो भगवत्कार्य स्तद्रूपो मापयाभवत् ॥**

**तच्छत्कयाविद्यया त्वस्य जीवसंसार उच्यते ॥**

**संसारस्य लयो मुत्कौ न प्रपञ्चस्य कर्हिचित् ॥**

**कृष्णस्यात्मरतौ त्वस्य लयः सर्वसुखावहः ॥॥**

**अथ प्रपञ्चो न प्राकृतो, नापि परमाणुजन्यो, नापि विवर्ताख्यो, नाप्यश्चष्टादिद्वाराजातः नाप्यसतः सत्तारूपः, किन्तु भगवत्कार्य परमकाष्ठान्नवस्तु कृतिसाध्यः ॥ ताश्चशो हि भगवद्रूप ॥ अन्यथा असतः सत्ता स्यात् ॥.. माया हि भगवतः शक्तिः सर्वभवनसामार्थ्यरूपा तत्रैव स्थिता यथा पुरूषस्य कर्मकरणादौ सामर्थ्य तेन स्वसामर्थ्यैनन्यानुपजीवनेन स्वात्मरूपं प्रपञ्चो कृतवानिति फलितम् ॥ तत्र संसार प्रपञ्चयोर्भेदाज्ञानात्केचन मुग्धा भवन्ति ॥ तन्मात्रनिराकणाय भेदं निरूपयति अविद्ययेति ॥ अविद्यापि तच्छेलिः ॥ मुख्यासु द्वादशशक्तिषु गणनात् ॥.. एवं सति 'स वै नैव रेमे**

**तस्मादेकाकी न रमते स द्वितीयमच्छत् स हैतावानासेति' श्रूतौ रमणार्थमेव प्रपञ्चरूपेणाविर्भावोक्त वैचित्र्यं विना तद्संभवो यतः ततस्माधेतोरस्य भगवत् शक्त्या अविद्यया जीवस्य संसार उच्यते न तु जायते श्च अभिमत्यात्मकत्वात् श्च असत्वेनास्य गणनात् श्च अज्ञानं भ्रमः श्चअसदित्यादिशब्द अहंममेति रूपे संसार एव प्रवर्तन्ते न तु प्रपंच इत्यर्थः श्श्च**[६१]

આ જગત્ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલું નથી. તેમ પરમાણુથી થયેલું નથી, તેમ ભ્રમરૂપ નથી, તેમજ અદષ્ટથી પણ ઉત્પન્ન થયેલું નથી, તેમ અસત્માંથી સતરૂપે થયેલું નથી પણ ભગવાનનું કાર્ય છે તેપરમકાષ્ઠાન્ન (ભગવાન)ની કૃતિથી સાધ્ય છે તેથી તે રૂપે પણ તે ભગવદ્રૂપે છે નહિ તો અસતમાંથી સત ઉત્પન્ન થાય. માયા એ ખરેખર ભગવાનની સર્વરૂપ થવાના સામર્થ્યવાળી શકિત છે, તેથી તે ત્યાં જ સ્થિત છે. જેમ પુરુષની કામ કરવાની શકિત પુરુષમાં જ હોય છે તેમ બ્રહ્મની શકિત બ્રહ્મમાં જ હોય છે. આથી માયા બ્રહ્મથી વ્યતિરિકત નથી. અને તેણે સ્વ સામર્થ્ય રૂપ શકિત (માયા) થી પોતે પોતાના આત્માના આત્મારૂપ જગતને સર્જ્યું. આથી કેટલાક મુગ્ધ બની જઈને તેને એકરૂપે માને છે. આથી તેના મોહનું નિવારણ કરવાને અ–વિદ્યાથી ભેદનું નિરૂપણ કરે છે. અવિદ્યા પણ તેની શકિત છે. મુખ્ય બાર શકિતઓમાં તેને ગણાવેલી છે તેથી... આમ હોવાથી તેણે રમણ કર્યું નહિ. તેથી એકલા રમણ કરતા નથી. તેમણે બીજાની ઈચ્છા કરી કે આટલા હતા. એ શ્રુતિમાં રમણને માટે જ પ્રપંચ રૂપથી આવિર્ભાવની ઉકિતથી વૈચિત્ર્ય વગર રમણ સંભવે નહિ માટે તેથી આ ભગવાનની અવિદ્યા નામની શકિતથી જીવને સંસાર કહેવાય છે. અર્થાત્ જીવને સંસાર છે એમ શબ્દથી કહીએ છીએ. વસ્તુતઃ તે સંસાર ઉત્પન્ન થતો નથી, કારણ કે તે અભિમાનરૂપ છે, વળી, તેની ગણના અસત્વ તરીકે છે. અજ્ઞાન એ ભ્રમ છે. અસત્ વગેરે શબ્દ 'અહંમમ' વગેરે રૂપના સંસારમાં પ્રવર્તે છે, પ્રપંચમાં નહિ.'' ०

સંસારનો નાશ જ્ઞાનથી થાય છે. જગતનો નાશ કદીપણ થતો નથી. કરોડો જ્ઞાનીઓનો પરમ મોક્ષ થાય તો પણ જગત તો છે તેનું તે રહે છે. જગતનો સર્વ સુખાવહ લય તો આત્માના રમણની ઈચ્છાથી ભગવાન કરે ત્યારે જ થઈ શકે. ०

દ્વૈત અવિદ્યાનું કાર્ય નથી પણ દ્વૈતજ્ઞાન તે અવિદ્યાનું કાર્ય છે. દ્વૈત જનન બ્રહ્મકાર્ય છે, બ્રહ્મરૂપ છે. પરંતુ દ્વૈતજ્ઞાન (આ પૃથક્ અને આ પૃથક્ એવી બુધ્ધિ) અવિદ્યાનું કાર્ય છે. એ અ–વિદ્યા વડે બ્રહ્મ નહિ પણ જીવ જ બધ્ધ થાય છે. અવિદ્યાથી જીવ બધ્ધ થતો નથી. પણ

ભગવદિચ્છાવશાત્ તેનું વિસ્ફુલિંગની માફક વ્યુચરણ થતાં, આનંદાંશ નિરોધાન થયા પછી, અવિદ્યા વડે તેને બંધમાત્ર થાય છે, ત્યારે તે સંસારી કહેવાય છે. વસ્તુતઃ જીવ સંસારી નથી. પરંતુ અવિદ્યાના અધ્યાસ વડે જીવને તેવી અભિમતિ થાય છે. તે અભિમતિ અસત છે. જગત તો બ્રહ્મરૂપ છે. જીવની અભિમતિ અવિદ્યાત્મક અહંતા મમતારૂપ સંસાર કહેવાય છે, જગત સત્ છે, ઐચ્છિક છે, ભગવત્કાર્ય છે, ભગવદ્રૂપ છે. સંસાર તો અસત્ છે, અહંતા મમતાત્મક છે, અવિદ્યાનું કાર્ય છે. જગતનું ઉપાદાન કારણ બ્રહ્મ છે અને નિમિત્તકારણ અવિદ્યા છે. એમ કારણભેદથી પણ જગત અને સંસારનો ભેદ સિધ્ધ થાય છે. તત્વજ્ઞાનથી અવિદ્યાનો તિરોભાવ થઈ જતાં જગતની કાંઈ હાનિ નથી થતી. તે કાંઈ અન્યથા થતું નથી. પરંતુ સંસાર જ નિવૃત્તિ પામે છે.

**પ્રપંચ અને સંસારનો ભેદ :** [૬૨]

(શંકા) પ્રપંચ એ સત્ય છે અને સંસાર મિથ્યા છે એવી રીતે તે બંને વચ્ચેના ભેદનો અંગીકાર કરવો વ્યાજબી નથી. કારણ કે તેમાં કોઈપણ પ્રમાણ નથી. જેમ જગત્ની ઉત્પત્તિ તથા નાશ છે તેમ આમાં પણ આવિર્ભાવ અને તિરોભાવ છે. વળી, **सत्यं वानृतं च सत्यमभवत्** શ્રુતિમાં કહે છે કે ઘટપટાદિ રૂપ જગત્ જે સત્ય મનાય છે અને સંસારરૂપ અનૃત જે મિથ્યા મનાય છે. તે સત્ય બ્રહ્મ જ છે. તો પછી શા માટે પ્રપંચ અને સંસારનો ભેદ તમે જુઓ છો ?

(ઉત્તર) સંસાર મિથ્યા છે એમ કહ્યું તે વ્યાજબી છે. કારણ કે તે જગત્ની માફક ભગવાનનું કાર્ય નથી. તત્ત્વદીપ નિબંધમાં આ બંનેનો ભેદ જણાવ્યો છે. ત્યાં પ્રપંચને ભગવત્કાર્ય કર્યું છે. તેનું રૂપ ભગવાનની બહુ ભવનરૂપ માયા નામની શકિતથી થયું છે અને જીવનો જે સંસાર કહેવાય છે તે તેની શકિત અ–વિદ્યાથી છે. વળી, એમ પણ કહ્યું છે કે જીવને જે અનાદિ બંધ છે તે અવિદ્યાથી નથી. વળી અહિં આ સંસાર ઉત્પન્ન થાય છે એમ કહ્યું નથી પણ સંસાર કહેવાય છે એ પ્રમાણે શબ્દો છે, તેથી પણ સ્પષ્ટ છે કે સંસારની ઉત્પત્તિ વાણીથી જ છે. વસ્તુતઃ તે નથી. કારણ કે જીવના અભિમાનાત્મક તે છે. સંસારનો આવિર્ભાવ અને તિરોભાવ છે એમ કહી શકાય નહિ. સત્ય વસ્તુની બાબતમાં જ આવિર્ભાવ

અને તિરોભાવ હોઈ શકે. અસત્ય વસ્તુમાં નહિ. અહંતા–મમતાવાળા જીવની બાબતમાં જ સંસાર શબ્દ ઘટી શકે. કારણ કે એ સંસાર અવિદ્યાનું કાર્ય છે.

સંસારનો અર્થ જ એ છે કે જ્ઞાન થતાં જે સંસરણ પામે છે તે. અર્થાત્ જ્ઞાન પૂર્વે તેનું અસ્તિત્વ હોય છે ત્યાં સુધી તેમાં આસકિત હોય છે. પણ જયારે જ્ઞાનનો ઉદય થાય છે ત્યારે તેનું અસ્તિત્વ જણાતું નથી. તે આસકિત દૂર થાય છે. પ્રપંચનું રૂપ માયાથી થયું છે.

**અધ્યાય ૨ અધિકરણ ૯ નું વિવેચન [૬૩] :**

**પૂર્વપક્ષી :** જણાવ્યું કે, કાર્ય પ્રપંચ સત્ય છે. પણ તૈત્ત. ઉપ. ૨.૭ માં સ્પષ્ટ જણાવ્યું છે કે આ કાર્ય – પ્રપંચ પૂર્વે – ઉત્પત્તિ પહેલાં અસત્ય હતું.

**સિધ્ધાન્તી :** તમે આપેલ આધાર ખોટો છે. ત્યાં પ્રપંચને અસત્ય કહ્યું નથી.

‘‘જગત્‌ને અસત્ કહ્યું છે. તેથી તે મિથ્યા છે.’’

**પૂર્વપક્ષી :** કેમકે ત્યાં ‘અસત્’ શબ્દ નથી ? અને તેનો અર્થ અસત્ય થતો નથી ?

અસત્‌નો અર્થ ત્યાં અપ્રકટ કરવાનો છે.

**સિધ્ધાન્તી :** અસત્ શબ્દ છે એ વાત ખરી પણ તેનો અર્થ અસત્ય થતો નથી. અસત્‌નો અર્થ અ–વ્યાકૃત થાય છે. વ્યાકૃત એટલે સ્પષ્ટ રીતે પ્રકટ. ઉત્પત્તિ પૂર્વે આ જગત્ સૃજન દશામાં જેવું પ્રકટ છે તેવું નહોતું. તે બ્રહ્મમાં તિરોહિત હતું. તેથી કોઈ તેને જોઈ શકતું નહોતું. કાષ્ઠમાં જેમ અગ્નિ ગૂઢ રહેલો છે, અને તેને ઘર્ષણ કરીને જયારે પ્રકટ કરવામાં આવે છે ત્યારે તે અગ્નિને આપણે જોઈ શકીએ છીએ પણ જયાં સુધી એ રીતે અગ્નિ કાષ્ઠમાંથી બહાર ન આવ્યો હોય ત્યાં સુધી આપણે તેને જોઈ શકતા નથી, અર્થાત્ તે અગ્નિ કાષ્ઠમાં છે પણ તે આપણને પ્રકટ થતો નથી. તે પ્રકટ થતો નથી. તેથી કંઈ તે ત્યાં છે જ નહ એમ કહેવાની આપણે ખોટી હિંમત ધરી શકીએ જ નહિ. તે જ રીતે શ્રુતિ અહિંસા એટલું જ જણાવે છે કે સૃજન દશામાં જગત્ પ્રકટ હોવાથી આપણે તેને માટે ‘‘આ’’ નો નિર્દેશ કરીએ છીએ અને તેને ‘‘સત્’’ તરીકે ઓળખીએ છીએ. પણ સૃજન પૂર્વે તે પ્રકટ નથી, માટે આપણે તેને ‘‘અસત્’’ કહીએ છીએ. અસત્‌નો અર્થ અ–પ્રકટ – અ–વ્યકત એટલો જ થાય છે.

**પૂર્વપક્ષી :** અસત્‌નો અર્થ આ પ્રમાણે કર્યો તેનો કોઈ આધાર છે ?

**સિધ્ધાન્તી :** હા, પ્રકરણનો આધાર, એ શ્રુતિનો શેષ ભાગ અવલોકો અને તે વિચારો. ત્યાં શું કહે છે ? તે એમ નથી કહેતી કે ''બ્રહ્મે પોતાના આત્માને જાતે જ સજર્યો ? પોતે જ પોતાને પોતામાંથી સજર્યો'' આ શબ્દોથી કાર્યનું મિથ્યાત્વ તમને જણાય છે ? પ્રથમ તે (કાર્ય) અસત્ હતું, પણ પાછળથી તેને પોતે સજર્યું. એમ શ્રુતિ કહે છે. તે ઉપરથી તમે જોઈ શકશો કે જો કાર્ય મૂળમાં ન હોય તો પછી તેને સર્જે શી રીતે ? માટે જગત્ કાર્ય ત્યાં હતું જ. પણ જે રીતે પ્રકટ હોવું જોઈએ તે રીતે નહોતું, માટે જ તેને ''અસત્'' કહ્યું છે. ''આ હતું'' એ શબ્દો તે જ અનુમાન તરફ આપણને દોરે છે. અર્થાત્ ભૂતકાળમાં કાર્યાવસ્થા પૂર્વે પણ તેની સત્તા છે. વળી તેમને આ યોગ્ય લાગતું નથી કે જે સમવાય સંબંધવાળું કાર્ય તે જ ઉત્પન્ન થઈ શકે છે, અન્ય નહિ. ઘટમાં મૃતિકા છે માટે જ મૃતિકામાંથી ઘટ ઉત્પન્ન થઈ શકે છે. તેમજ પટમાં તંતુ છે માટે જ તંતુઓમાંથી પટ થાય છે, તે જ પ્રમાણે સદ્રૂપ જગત્ બ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે.

**પૂર્વપક્ષી :** ''સમવાય'' વિષે વૈશેષિક દર્શનમાં ખાસ વિચારાયું છે. તેઓ સમવાયનું ''નિત્ય સંબંધ'' એવું લક્ષણ આપે છે. વૈશેષિકો એવું માને છે કે તંતુઓ અને પટનો સંબંધ જો કે અવયવ અને અવયવીનો છે તો પણ તેઓ એકબીજાથી ભિન્ન છે. પટ તે તદ્દન નવીન વસ્તુ છે અને તે કારક વ્યાપારને વશ થઈને ઉત્પન્ન થાય છે તો પણ તંતુઓમાંથી જયારે પટ ઉત્પન્ન થાય છે ત્યારે તંતુઓ નાશ પામે છે, અને પટ ઉત્પન્ન થાય છે. પણ જયારે વસ્ત્રનો નાશ કરીએ ત્યારે તંતુઓ પછવાડે રહે છે. આ ઉપરથી તે એવું જણાવે છે કે તંતુઓ ત્યાં નથી એમ નથી. તંતુઓ છે પણ જુદી દશામાં છે, તેઓ પટની ભેગા મળી ગયા છે અને તેથી તે જુદા પાડી શકાય તેમ નથી. જે પળે તેને જુદા પાડવામાં આવે તે જ પળે પટનો નાશ થાય છે. આ પ્રકારે પટ અને તંતુઓ વચ્ચેનો જે સંબંધ છે. તેને વૈશેષિકો સમવાય સંબંધ કહે છે. એ સંબંધ ગુંદરના જેવો છે. ગુંદર બે કાગળના કટકાઓને જેમ સાંધીને એક બનાવે છે. તેમ તે મત પ્રમાણે કારણ અને કાર્ય એકબીજાથી સંકળાયેલા રહે છે. અર્થાત્ સમવાય સંબંધમાં વસ્તુ બે જગ્યાએ રહે છે, અને તેનો સંબંધ નિત્ય હોય છે. આ સંબંધ પ્રમાણે આપણે કાર્યની કારણમાં સ્થિતિ અવશ્ય માનવી જોઈએ. વૈશેષિક દર્શનમાં પટને નવીન વસ્તુ તરીકે જણાવી છે. તે રીતે આપણે સમજવાનું નથી. કોઈ વસ્તુ નવીન ઉત્પન્ન થતી નથી. મૂળમાં હોય તો જ તે ઉત્પન્ન થાય છે. બીજ હોય તો જ વૃક્ષ થાય. બીજના અભાવમાં વૃક્ષનો પણ પણ અભાવ જ છે. તે જ પ્રમાણે તંતુ પટના દષ્ટાંતમાં

તંતુ કારણ છે અને પટ કાર્ય છે. આ બંને વચ્ચે સમવાય સંબંધ છે. અર્થાત્ તંતુ કહેતાં કારણનો નાશ થતાં પટનો નાશ થાય છે. જયાં સુધી તંતુ હોય ત્યાં સુધી પટ પણ છે. તેથી પટ તંતુ સાથે સમવેત છે અને આ પટ તંતુમાં સૂક્ષ્મરૂપે પ્રકટ અવસ્થા પૂર્વે પણ છે જ.

**પૂર્વપક્ષી :** જો પટાવસ્થા પૂર્વે તંતુમાં સૂક્ષ્મરૂપે પટ છે એમ તમે કહેતાં હો તો પછી વણકરો શા માટે પટ બનાવવાને પ્રવૃત્ત થાય ? અમે તો તેથી એમ માનીએ છીએ કે પટ વસ્તુ તંતુમાં નથી, તેથી તેને નવીનરૂપે ઉત્પન્ન કરવાનો પ્રયત્ન છે.

**સિધ્ધાન્તી :** તમારો આ મત વૈશેષિક દર્શન પ્રમાણે છે, પણ તે ખોટો છે. સામાન્ય સમજ પ્રમાણે પણ તમારે વિચાર કરવો જોઈએ કે જયાં સુધી મૂળમાં જ કોઈપણ વસ્તુ ન હોય તો પછી તે શી રીતે ઉત્પન્ન થઈ શકે ?

વંધ્યા પુત્ર કે ગગનમહેલ ઉત્પન્ન થઈ શકતાં નથી. એ તો વદતોવ્યાઘાત છે. વણકર વગેરેની પ્રવૃત્તિમાં તંતુ અપ્રકટ રહેલા પટને પ્રકટ કરવા માટે છે. તંતુમાં સૂક્ષ્મરૂપે રહેલો પટ પ્રકટ કરવાને માટે તેમનો પ્રયાસ છે, નહિ કે પટ જ નહોતો. ત્યાં નવીન પટ સર્જવાને તેવો પ્રયાસ તે કરે છે. વસ્તુના અભાવમાં વસ્તુ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય તો બ્રહ્મમાં નથી. ઘટાદિ મૃત્તિકાનાં કાર્યોમાં પણ આ જ સત્ય છે. મૃત્તિકામાં ઘટાદિ છે જ, અને તેને જ કુંભાર બહાર પ્રકટ કરે છે માટે જેમ ઘટ અને પટ વગેરે કાર્યો સત્ય છે તેમ પ્રપંચ પણ સત્ય છે. બ્રહ્મ અને પ્રપંચ વચ્ચે સમવાય સંબંધ છે. બ્રહ્મ પોતે પ્રપંચમાં સમવેત થયું છે;

**પૂર્વપક્ષી :** તો પછી શા માટે ઉત્પત્તિ પૂર્વે જગત્ જણાયું નથી ?

**સિધ્ધાન્તી :** આ શંકા વ્યાજબી છે. જુઓ પટને તમે સંવેષ્ટિત કરો તો તેને જુદો જોઈ શકો છો ? પટનાં દષ્ટાંતથી પણ જગત્ સત્ય છે.

**પૂર્વપક્ષી :** ના.

**સિધ્ધાન્તી :** તે પટને જો વિસ્તાર્યું હોય, તથા તેની ગડી ઉકેલી નાખી હોય અને પછી બરાબર જોવામાં આવે તો પટને બરાબર નિહાળી શકો કે નહિ ?

**પૂર્વપક્ષી :** હા.

**સિધ્ધાન્તી :** તે જ પ્રમાણે આવિર્ભાવ દશામાં જગત્‌ને જોઈ શકો છો અને આવિર્ભાવના અભાવમાં તે જોઈ શકાતું નથી. જેમ પટની ગડી કરેલી હોય તે સમયે તેનું માપ આપણે બરાબર ગ્રહણ કરી શકતા નથી. તેથી પટ ત્યાં નથી એમ કહી શકીશું નહિ, તે જ પ્રમાણે અનાવિર્ભાવ દશામાં પ્રપંચનું ગ્રહણ થતું નથી તેથી ત્યાં તે નથી એમ કહી શકાશે નહિ. આને માટે બીજું ઉદાહરણ આપીશું. જેમ પ્રાણ અને અપાનના નિયમથી જીવન ટકી રહે છે. જો તેમનું નિયમન કરવામાં ન આવે તો જીવન સંકોચાય છે. આથી પ્રમાણમાં ભેદ છે. એમ આપણે કહી શકીએ નહિ. તે જ પ્રમાણે જગત્ પૂર્વે નહોતું એમ કહેવાય નહિ.

પ્રાણાયાનનું નિયમન – અનિયમન દષ્ટાંત પણ તે જ અનુમાન જણાવે છે. (સાર)

**પૂર્વપક્ષી :** તૈ. ૨.૭ માં જગત્‌ને અસત્ કહ્યું છે. એવી દલીલ કરીને તે મિથ્યા છે એમ કહે છે.

**સિધ્ધાન્તી :** ઉત્તર આપે છે કે,

(૧) જગત્‌ને ''અસત્'' કહ્યું છે એ ખરું પણ તેનો અર્થ અ–વ્યાકૃત થાય છે મિથ્યા નહિ. આજુબાજુનો સંબંધ જોતાં એ જ અર્થ ત્યાં સંભવી શકે છે.

(૨) વળી જગત્ અને બ્રહ્મનો સંબંધ સમવાય સંબંધ છે. આથી બ્રહ્મ જગત્‌માં છે જ, અને જગત્ પણ બ્રહ્મમાં છે. આ કારણ અને કાર્યનો સંબંધ હંમેશને માટે છે. એટલે કારણથી કાર્યને તમે જુદું કરી શકશો નહિ, તેમ કાર્યથી કારણને જુદું કરી શકશો નહિ. આમ છતાં કાર્ય પ્રપંચને આપણે કાર્યાવસ્થામાં જ જોઈ શકીએ છીએ, અન્ય અવસ્થામાં જોઈ શકતા નથી. તેથી તે કાર્ય ત્યાં નથી તેમ નથી. કાર્યકારણમાં છે પણ તે સૂક્ષ્મ છે.

(૩) જેમ વસ્ત્રની ગડી વાળી હોય, ત્યારે આપણને તેનું સંપૂર્ણ જ્ઞાન થતું નથી પણ ગડી ઉકેલીને તેને વિસ્તારીને જોઈએ ત્યારે તેનું સંપૂર્ણ જ્ઞાન થાય છે. તે પ્રમાણે આવિર્ભાવ દશામાં જગત્‌નું જ્ઞાન થાય છે. અનાવિર્ભાવ દશામાં નથી. પણ તેથી જગત્ નથી તેમ નથી. તે સૂક્ષ્મરૂપે બ્રહ્મમાં છે જ.

(૪) પ્રાણ અને અપાનના નિયમનથી જેમ જીવન ટકે છે અને અનિયમનમાં તે સંકોચાય છે; નિયમન અને અનિયમનની ક્રિયામાં પ્રાણની દશામાં ફેરફાર થાય છે છતાં ત્યાં જુદા પ્રાણો છે એમ કહી શકાશે નહિ તેમ જગત્ એ બ્રહ્મની ભિન્ન દશા છે તેથી જગત્ બ્રહ્મથી ભિન્ન છે એમ પણ કહેવાય નહિ.

**તાત્ત્વિક મૂલ્યાંકન :**

શ્રીમદ્ વલ્લભાચાર્ય જગતને સત્ય કહે છે. અને સંસારને મિથ્યા કહે છે. જીવ સત્ય છે. તેમનો જગત વિષયક ખ્યાલ ઘણો સુંદર છે. શંકરાચાર્ય કરતા ભેદ ત્યાં દેખાય છે કે શંકરાચાર્ય જગતને માયા તરીકે ઓળખાવે છે જયારે વલ્લભાચાર્ય માયાને ઈશ્વરની શકિત કહે છે.

### ૩.૪.૩ ઈશ્વર વિષયકમત

क्त क्त क्त [illegible] क्त

क्त क्त क्त શ્રી વલ્લભાચાર્ય બ્રહ્મના ત્રણ સ્વરૂપ સ્વીકારે છે.

૧. **અંતર્યામી સ્વરૂપ :–** જે વ્યષ્ટિ રૂપ દેહવાળા જીવનનું નિયમન કરે છે માટે. જેમ રથ ચલાવવાવાળો (સારથી) રથનો નિયામક છે.

૨. **અક્ષર બ્રહ્મ :** અન્તર્યામીનો નિયામક અક્ષર બ્રહ્મ. જેમ સારથીનો નિયામક રથમાં બેઠેલો રથી હોય છે તેમ.

૩. **પરબ્રહ્મ શ્રીકૃષ્ણ :** બ્રહ્મનો નિયામક શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે.

**વર્ણન/વિસ્તાર :** અવિકૃત, સચ્ચિદાનંદ, પૂર્ણ પુરુષોત્તમ, જગતનાં કર્તા, રસરૂપ એવા શ્રીકૃષ્ણ જ ઈશ્વર છે. એ જ સર્વેશ્વર સર્વોત્તમ છે. શ્રીકૃષ્ણ પોતે જ ગુણભેદથી બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ કહેવાય છે. તેઓ અનંતગુણ, રૂપ તથા નામવાળા છે. સર્વશકિતમાન તથા વ્યાપક છે. છતાં સાકાર છે; તેમાં પ્રાકૃત ગુણો નથી પણ સર્વ અ–પ્રાકૃત અલૌકિક ગુણો છે. તે નિરાકાર તથા સાકાર

એમ બન્ને છે. અવિભકત પણ છે અને વિભકત પણ છે. વૈકુંઠમાં ભગવાન ચતુર્ભજરૂપે બિરાજે છે. ભગવાનનાં અનેક અવતારો થયા છે પણ એ સર્વ એના અંશાવતારો છે. શ્રીકૃષ્ણનો અવતાર મર્યાદા પુરુષોત્તમ તથા રસરૂપ બન્ને છે. ભગવાનની લીલાના જુદાજુદા રૂપોને વૈષ્ણવો સેવે છે. શ્રીનાથજીમાં જે ભગવાનનું સ્વરૂપ છે તે ગોવર્ધનધારી છે. પુષ્ટિ સંપ્રદાયમાં શ્રીકૃષ્ણને સર્વવ્યાપક અને સાકાર માનેલા હોવાથી મૂર્તિને જે વસ્ત્રાભૂષણ વગેરે ધરાવવામાં આવે છે તે સાક્ષાત્ પ્રભુને જ ધરાવાયા છે, એમ વૈષ્ણવો માને છે. અન્ય દેવો સામાન્ય કોટિના છે. અક્ષર બ્રહ્મ એ ગણિતાનંદ છે, કૃષ્ણ એ જ પૂર્ણાનંદ અને દુઃખહર્તા (હરિ) છે. મધુરાષ્ટકમાં આ પ્રભુના મધુર રસાત્મક સ્વરૂપનું સુંદર વર્ણન કર્યું છે. ગદ્યમંત્રમાં પણ શ્રીકૃષ્ણને જ ઐહિક તથા પારલૌકિક સર્વ સમર્પણ કરવાની શીખ આપી છે. કૃષ્ણને માત્ર લૌકિક પ્રભુ જેવા સમજવાના નથી; કૃષ્ણથી પર બીજું તત્વ નથી.

કેટલીકવાર એવી દલીલ કરવામાં આવે છે કે અશુભ (Evil)ની આ વિશ્વમાં થતી અનુભૂતિનો શુદ્ધાદ્વૈત વિચારશ્રેણીથી સર્વાંશે ખુલાસો થતો નથી. પરમતત્વ ચેતનમય અને તેથી શુભમય જ છે, અને આ વિશ્વે તેના અવિકૃત વિલાસ રૂપ જ છે, અને જીવો પરમતત્વનાં અંશભૂત હોઈ ચેતનમય અને તેથી શુભમય જ છે, અને આ વિશ્વે તેના અવિકૃત વિલાસ રૂપ જ છે, અને જીવો પરમતત્વના અંશભૂત હોઈ ચેમનમય અને શુભમય જ છે, તો પ્રાણીઓનો અનુભવ શુભાત્મક કેમ થતો નથી ? વળી જગતમાં કેટલાંક જીવોને સુખી અને કેટલાંક જીવોને દુઃખી બનાવવાથી પરમાત્મામાં વિષમતા–પક્ષપાતનો દોષ નથી આવતો ? જગતને ઉત્પન્ન કરીને લોકોનો પ્રલયકાળે સંહાર કરવામાં પરમાત્માની નિર્દયતા નથી જણાતી ? આ પ્રકારે શંકા ઉઠે તે સ્વાભાવિક છે. જો આ પ્રકારની શંકાઓનું સમાધાન એ રીતે કરવામાં આવે કે – શુભમય તત્વં અશુભયુકત – ખોટું અનુભવાય છે અને મિથ્યાજ્ઞાનને જ આ વિચારશ્રેણી નિવૃત કરે છે. તો આ સમાધાનમાં જ અશુભની જનની – મિથ્યાજ્ઞાન – અવિદ્યા – અથવા માયાનો સ્વીકાર બલાત્કારથી થાય છે ! જો અશુભ પ્રતીતિ અસત્ છે, અને પરમશુભ તત્વ અશુભરૂપે મિથ્યા અનુભવાય છે, તો તે મિથ્યાજ્ઞાન વડે જ પરમચેતનતત્વ કોઈપણ પ્રકારનો વાસ્તવ વિકાર અથવા પરિણામ થયા વિના અનંતભેદમય પ્રતીત થાય છે એમ સ્વીકાર કરવો ઉચિત જણાય છે. કેવલાદ્વૈત (માયાવાદી) આ પ્રકારનો સ્વીકાર કરે છે. પરંતુ, જરા સૂક્ષ્મ દષ્ટિથી વિચારતાં આપણને જણાય છે કે પરમાત્મા જીવોને તેમનાં કર્મો પ્રમાણે ફળ આપે છે, એટલે તેમનામાં પક્ષપાત અને નિર્દયતાના દોષો આવી શકતા નથી. વધુ સૂક્ષ્મદષ્ટિએ વિચારતાં આપણને જણાય છે કે જગત–જડ

અને ચેતન–પરમાત્માની પોતાની જ સૃષ્ટિ છે, આત્મસૃષ્ટિ છે; તો પછી વિષમતા અને નિર્દયતાને અવકાશ જ કયાં રહ્યો ? જ્યાં ભેદ હોય ત્યાં આ દોષો આવી શકે છે; પણ જ્યાં શુધ્ધ અદ્વૈત જ છે, ત્યાં આ દોષો કેવી રીતે આવી શકે ? જ્યાં બધું આત્મા જ હોય ત્યાં કોણ કોને જુવે ? કોણે કોને સાંભળે ? જગત એ ક્રીડાભાણ્ડ છે, જીવો એ નટ છે અને ભગવાન નટવર છે. આ જગતની લીલામાં ભગવાન અનિર્વચનીય આનંદ અનુભવે છે, અને બીજાઓને તેનો અનુભવ કરાવે છે. બંને મત ભિન્ન દષ્ટિબિન્દુથી સાચા છે.

**(૨) અધિદૈવાદિમાં અન્તર્યામી (ભગવાન્ જ છે), કારણ કે (ભગવાન વિષે) તેમના ધર્મોના ધર્મોનો વ્યયદેશ છે :–**[૬૫]

"જે આ લોકને અને પરલોકને અને સર્વ પ્રાણીઓને અન્દર રહીને નિયમમાં રાખે છે" (બૃ. ૩.૭.૧) એ પ્રમાણે ઉપક્રમ કર્યા પછી " જે પૃથ્વીમાં આવેલો છે અને પૃથ્વીની અન્દર છે, જેને પૃથ્વી જાણતી નથી, જેનું પૃથ્વી પર શરીર છે, જે અન્દર રહીને પૃથ્વીને નિયમમાં રાખે છે, તે તારો અન્તર્યામી, અવિનાશી આત્મા છે." (બૃ. ૩.૭.૨) ઈત્યાદિનું શ્રવણ થાય છે. તેમાં દેવ, લોક, વેદ, યજ્ઞ, ભૂત અને આત્માને વિષે કોઈ એક અંદર આવેલા અને નિયમમાં રાખનાર અન્તર્યામીનું શ્રવણ થાય છે.

તેમાં સંશય થાય છે કે દેવ વગેરેનાં જુદાં–જુદાં નામ હોવાથી જુદાં–જુદાં અન્તર્યામી છે. સામાન્ય રીતે તો "क्तक्तक्रक्रक्तक्तक्रक्रक्तक– અંદર રહેલા પરમાત્મા છે, કારણ કે તેમના ધર્મોનો ઉપદેશ છે" – (બં.સૂ. ૧.૧.૧૯) એ સૂત્રના ન્યાયથી અહીં પણ બ્રહ્મત્વ સિધ્ધ જ છે. તો પણ (અધિદૈવ વગેરે) જુદાં જુદાં શબ્દો હોવાથી સન્દેહ થાય છે કે અધિદૈવ વગેરે છ ભેદવાળા આધાર ધર્મોનું ભગવાનમાં ઉપચારથી કથન છે કે આ જુદાં જુદાં નામવાળા છ (ભગવાનથી) જુદાં જ છે.

(પૂર્વપક્ષ) તેમાં (પૃથ્વી વગેરે) જુદી જુદી વસ્તુઓને અધિકરણ બનાવીને તેમાં અભિમાન રાખીને જે જીવ રહે છે તે અધિદેવ વગેરે શબ્દો વડે ઓળખાય છે. " પાંચ ધિકરણો વિષે – અધિલોક, અધિ જ્યોતિષ ઈત્યાદિ" (તૈ ત. ૧.૩.૧) આ પ્રમાણે બીજી શાખામાં પણ અધિલોક વગેરે શબ્દો (લોક વગેરે અધિકરણ રૂપી) બીજા અર્થમાં જ પ્રસિદ્ધ છે, અને તેથી યૌગિક અર્થનો જ બોધ કરે છે. તેથી અધિદૈવ વગેરે શબ્દો યૌગિક હોવાથી ભગવાન વિષે તેમનો પ્રયોગ થઈ શકે તેમ નથી. વળી, જેમના ધર્મો ઉપચારથી ભગવાનમાં આવી શકે એવા અન્ય પદાર્થોની (પણ) કલ્પના થઈ શકે એમ નથી. કારણ કે જેની કલ્પના કરવાની છે એવો સર્વમાં રહેલો પદાર્થ ભગવાન વિના સમ્ભવતો નથી, (અને તેથી

ધર્મનો ઉપચાર પણ સમ્ભવિત નથી.) તેથી અન્તર્યામી બ્રાહ્મણ ઉપર જણાવેલા બધા પક્ષમાં ઘટતું ન હોવાથી જુદાં જુદાં અભિમાની દેવતાની સ્તુતિ જ કરે છે અને (તેથી) અભિમાની દેવતાની ઉપાસના માટે ઉપયોગમાં આવશે. વળી જેમ અસન્દેહમાં પણ સન્દેહની કલ્પના થાય છે તેમ ('જેને પૃથ્વી નથી જાણતી' એ વાકયમાં જણાવેલું બ્રહ્મ વિષેનું) અજ્ઞાન ઘટી શકે છે. અથવા તો ''દેહ, પ્રાણ, ઈન્દ્રિયો'' (ભાગ – ૬.૪.૨૫) (ઈત્યાદિ શ્લોકમાં જેમ દેહ વગેરે જડ પદાર્થોને પરમાત્મા વિષેના અજ્ઞાન હોય છે તેમ અહીં પણ પૃથ્વી વગેરે જડ પદાર્થોને પરમાત્મા વિષેનું અજ્ઞાન હોય છે તેથી આ શ્લોકમાં જણાવેલા) ન્યાયે ઘટી શકે છે. ભગવાન્ વિષે (અભિમાની જેવી) નિષિદ્ધ સંજ્ઞાની કલ્પના કરી શકાય એમ નથી.

(સિદ્ધાન્ત) આ પ્રમાણે (પૂર્વપક્ષ) પ્રાપ્ત થતાં સૂત્રકાર કહે છે કે ~~તत्कत्रत्ककत्रकत्रत्ककत्रत्क~~અધિદૈવ વગેરેમાં જે અન્તર્યામી છે તે ભગવાન જ છે, બીજો કોઈ પદાર્થ તેમાં થઈ શકે એમ નથી.

અરે, ભગવાનમાં નિષિદ્ધ ધર્મોની કલ્પના શી રીતે થઈ શકે એમ (હમણાં જ) કહેવામાં આવ્યું. આના જવાબમાં સૂત્રકાર કહે છે કે ~~तत्कत्तकत्रत्रत्रत्कक~~ તેના ધર્મોનો વ્યયદેશ છે તેથી.

તેઓના પૃથ્વી વગેરેના અને તેમના અભિમાની દેવતાઓના (પ્રાણીઓને ધારણ કરવા વગેરે) ધર્મો એટલે ~~तत्कत्तक~~અભિમાની દેવતાઓનો પ્રયોગ અન્તર્યામીને માટે છે એમ તેમના ધર્મો બોધ કરે છે. (અર્થાત્ અન્તર્યામિની સાથે અભેદથી અન્વય સિદ્ધ કરવાને માટે આ બધા અભિમાની દેવતારૂપી અંગનો પ્રયોગ થએલો હોવાથી તેમના – અભિમાની દેવતાઓનાં – ધર્મો દર્શાવે છે કે અધિદૈવ વગેરેનાં કાર્યોમાં જે વ્યાપારો છે તેમાં ભગવાનનો આવેશ છે.) તે ધર્મો (નિયમન કરનાર તરીકે) ખાસ કરીને ભગવાનના વિષે જ કહેવામાં આવે છે, કારણ કે બધાઓની પોતપોતાનું કાર્ય કરવાની શકિત ભગવાન પાસેથી આવે છે નહિ કે એમની પોતાની. આ પ્રમાણે અન્તર્યામી બ્રહ્મ છે એમ સિદ્ધ થતાં (~~तत्कककत्रकत्नत्रकत्नत्रकत्रत्नत्रक~~ 'એનાથી બીજો દ્રષ્ટા નથી' વગેરે) બીજું બધું બરોબર ઘટી શકે છે. તેથી આ બ્રહ્મવાકય જ છે.

(૩) **અદશ્યત્વ વગેરે જેના ગુણ છે તે પદાર્થ (પરમાત્મા જ છે) કારણ કે (તેના) ધર્મનું કથન છે.** [૬૬]

મુણ્ડકોયનિષદમાં આ પ્રમાણે શ્રવણ છે – '' હે ભગવાન! શાનું જ્ઞાન થાય તો'' (મુણ્ડ ૧.૧.૩) એમ  શૌનક પ્રશ્ન કરતાં ''બે વિદ્યાઓ જાણવા જેવી છે.'' (મુણ્ડ ૧.૧.૪) એમ અંગિરસ આચાર્ય ઉત્તર આપે છે.

તેમાં નામરૂપાત્મક જગતના જ્ઞાનને માટે નામના અંશમાં વેદ વગેરે અને રૂપના અંશમાં પરા (વિદ્યા) કહેવામાં આવી છે. ત્યાં વેદાદિ વિદ્યામાં સન્દેહ નથી. પરા વિદ્યામાં સન્દેહ થાય છે કે આ સાંખ્યમત વિદ્યા છે કે બ્રહ્મવિદ્યા છે. સાખ્યમતના પદાર્થોનું કથન હોવાથી સન્દેહ થાય છે. આ કથન નીચે પ્રમાણે છે : ''જે જોઈ શકાતું નથી; જેનું ગોત્ર નથી; જેને વર્ણ નથી; જેને ચક્ષુ, ગોત્ર, હાથ અને પગ નથી; જે નિત્ય, વિભુ, સર્વગત, અતિસૂક્ષ્મ અને અવ્યય છે; જે ભૂતોનું કારણ છે અને જેને જ્ઞાનીઓ બરાબર જુએ છે – તે અક્ષર વિદ્યા વડે મેળવાય તે વિદ્યા 'પરા' કહેવાય છે. (મુણ્ડ ૧.૧ ૫.૬) ઈત્યાદિ. (અહીં 'અક્ષર' અને 'ભૂતયોનિ' શબ્દો સાંખ્યના પ્રધાનરૂપી પદાર્થનું વર્ણન કરે છે). વળી, આગળ પણ ''જે દિવ્ય, અમૂર્ત, બાહ્ય અને અભ્યન્તરસહિત અજ, પ્રાણ અને મન વગરનો અને શુભ્ર પુરુષ છે, તે અક્ષરથી ઉત્તમ છે.'' (મુણ્ડ ૨.૧.૨) એ પ્રમાણે કહીને ''આમાંથી (પ્રાણ) ઉપજે છે.'' (મુણ્ડ ૨.૧.૩) એ પ્રમાણે નિરુપણ કરીને ''અગ્નિ (જેનું) મસ્તક છે, ચન્દ્ર અને સૂર્ય (જેનાં) ચક્ષુ છે'' (મુણ્ડ ૨.૧.૪) ઈત્યાદિ વડે રૂપનું વર્ણન કરીને ફરીથી પુરુષમાંથી સૃષ્ટિ થાય છે એમ કહે છે. (આમ સાંખ્યમતનું નિરુપણ હોવાથી સન્દેહ થાય છે.)

(પૂર્વપક્ષ) મુણ્ડકોપનિષદમાં એક પ્રકરણ હોવાથી એક વાકયતા દર્શાવવી જોઈએ. તેમાં ([illegible]એ વાકયમાં) અક્ષર અને પુરુષનો ભેદ જણાય છે; એ બંનેમાંથી પણ સૃષ્ટિ થાય છે; અને આ બ્રહ્મવાદમાં  ઘટી શકે નહિ. તેથી આ (મુણ્ડકોપનિષદમાં વર્ણવેલો મત) સાંખ્યમત જ છે. પ્રકૃતિ અને પુરુષ એકબીજાની સાથે મળેલાં હોવાથી, બેમાંથી એક જણના પ્રાધાન્યથી બન્ને સૃષ્ટિ ઉત્પન્ન કરી શકે છે; કારણ કે જગત્ જડ (પ્રકૃતિ) અને ચેતન (પુરુષ)નું બનેલું છે. ([illegible]ત્યાદિમાં વર્ણવેલું) રૂપ પણ શ્લિષ્ટ પ્રકૃતિ–પુરુષનું જ છે, કારણ કે વ્યષ્ટિઓની ઉત્પત્તિ આગળ ઉપર ([illegible]ઈત્યાદિ વાકયમાં) વર્ણવવામાં આવેલી છે. (સચ્ચિદાનંદના) સ્વરૂપનું (વિષય વાકયમાં) નિરુપણ ન હોવાથી અહીં બ્રહ્મ વિદ્યાનો પ્રસંગ નથી. પરંતુ સાંખ્યસમૃતિ જ છે.

(વિષય વાકયમાં આવેલા) બ્રહ્મવિદ્યા શબ્દનો અર્થ વેદવિદ્યા છે, અથવા તો લક્ષણાથી સ્મૃતિને બ્રહ્મવિદ્યા કહી છે.

(સિધ્ધાન્ત) આ પ્રકારે પૂર્વપક્ષ પ્રાપ્ત થતાં સૂત્રકાર કહે છે કે 'અદશ્યત્વ' વગેરે જેના ગુણો છે તે સર્વનું વિજ્ઞાન થાય છે. તેથી જ – બ્રહ્મનું પ્રતિપાદન કરવાથી જ – વિદ્યા પણ થરા કહેવાય છે.

અક્ષર પણ બ્રહ્મ છે (અને) પુરુષ પણ બ્રહ્મ છે. (અક્ષર અને પુરુષ એ) બેમાં એક અપર છે અને બીજો પર છે અને તે બેનો અભેદ છે. કારણ કે બ્રહ્મવાદ આ પ્રકારનો પરાપર ભાવપૂર્વક અભેદવાળોા જ છે. તેમાં પ્રથમ સૂત્રકાર અક્ષરનું બ્રહ્મત્વ દર્શાવે છે. 'અદશ્યત્વ' વગેરે ગુણવાળો પદાર્થ પરમાત્મા જ છે શાથી ? ''તે પ્રમાણે અહીં અક્ષરમાંથી વિશ્વ ઉત્પન્ન થાય છે.'' (મુણ્ડ ૧.૧.૭) એ પ્રમાણે (તેના) ધર્મનું કથન છે તેથી. આ તો (એકલા બ્રહ્મનું પ્રતિપાદન કરનારું) ઉપનિષદ્ છે. ખરેખર બ્રહ્મવિના બીજા કોઈ પદાર્થમાંથી જગત્ ઉત્પન્ન થતું નથી. પુરુષ બ્રહ્મ છે એ વાતમાં સન્દેહ છે જ નહી. આનન્દનો જરાક તિરોભાવ થવાથી બ્રહ્મ (પોતે જ) 'અક્ષર' એ સાંખ્યની પ્રકૃતિ નથી, અને 'પુરુષ' એ સાંખ્યનો પુરુષ નથી.) કારણ કે 'બ્રહ્મવત્ પરને પ્રાપ્ત કરે છે.'' (તૈત. ૨.૧) એ શ્રુતિમાં જ આવા પ્રકારનો નિર્ણય કરવામાં આવ્યો છે. તેથી અદશ્યત્વ વગેરે ગુણવાળો પદાર્થ પરમાત્મા જ છે.

## ૩.૪ તર્કમીમાંસા

(શ્રુતિમાં બ્રહ્મને) અસત્ કહેવામાં આવેલું છે (તેથી બ્રહ્મ અને જગત એ બેમાં તુલ્ય ધર્મ નથી), એમ એ વાદી કહે તો એમ કહીએ છીએ કે ના, કારણ કે 'અસત્' શબ્દ આગળ ઉપર પ્રતિષેધ કરવા માટે જ છે, (બ્રહ્મ અસત્ છે એમ બતાવવા માટે નથી.) [૬૭]

**असदेवेदमग्र आसीत्** આ બધું પહેલાં અસત્ જ હતું – (છા. ૬.૨.૧.૧) એ શ્રુતિમાં (જગતના) કારણ તરીકે 'અસત્' કહેવામાં આવ્યું છે, (તેથી કારણ અસત્ અને જગદ્રૂપી) કાર્ય સત્ એમ કાર્ય અને કારણમાં સરખો ધર્મ ન હોવાથી બ્રહ્મ જગતનું કારણ થઈ શકશે નહિ) એમ જો સાંખ્યવાદી કહે તો અમે ઉત્તર આપીએ છીએ કે એ 'અસત્' શબ્દ આગળ ઉપર **'कथमसतः सज्जायेत'** અસત્માંથી સત્ કેવી રીતે ઉત્પન્ન થાય (છા. ૬.૨.૨) એ પ્રમાણે નિષેધ કરવા માટે જ છે.

(આ પ્રમાણે સિધ્ધાન્તી પોતાના મત પ્રમાણે સૂત્રનું વ્યાખ્યાન કરીને **असद्वा इदमग्र आसीत् ततो वै सदजायत** બીજી એ (તૈ. ૬.૨) શ્રુતિ પ્રમાણે સૂત્રનો બીજો અર્થ આપે છે.) તૈત્તિરીય શ્રુતિમાં ઉત્પત્તિ પહેલા જગદ્રૂપી કાર્યનો **असत्** અવિદ્યમાન એ શબ્દથી જે નિષેધ કરવામાં આવ્યો છે તે 'બ્રહ્મ જગતનું કારણ છે' એમ દર્શાવવા માટે છે, (તેથી સિધ્ધાન્તીનો સત્કાર્યવાદ શ્રુતિથી વિરુદ્ધ છે એમ જો સાંખ્યવાદી કહે તો એનો ઉત્તર એ કે **असत्** શબ્દવાળું વાકય જગદ્રૂપી કાર્યાવસ્થાનો જ નિષેધ કરે છે. આ પ્રકારનો નિષેધ ઉત્પત્તિ પહેલાં જગતની સત્તાનો નિષેધ કરી શકતો નથી તેથી સત્કાર્યવાદ શ્રુતિ સંમત છે.)

(૨) પણ શ્રુતિ છે તેથી (સંપૂર્ણ બ્રહ્મ કાર્યરૂપ થાય છે અને છતાં નિત્ય રહે છે બ્રહ્મ એક અંશથી જગત કરે છે અને છતાં નિરવયવ રહે છે એ વાત ઘટે છે.) (શ્રુતિને પ્રમાણ માનવાની જરૂર છે), કારણ કે બ્રહ્મ એકલા વેદના શબ્દથી જ બરોબર જાણી શકાય છે. [૬૮]

સૂત્રમાં આવેલો તું પણ શબ્દ ગયા સૂત્રમાં જણાવેલા પૂર્વપક્ષીનો પરિહાર કરે છે, કારણ કે શ્રુતિ છે. સંપૂર્ણ બ્રહ્મ કાર્ય થાય અને નિત્ય રહે, એક અંશથી જગત કરે અને નિરવયવ રહે – આ બંનેય વાત શ્રુતિમાં જ કહેવામાં આવેલી છે. શ્રુતિમાં જે કહ્યું હોય તેનો યુકિતથી બોધ કરવો નહિ, કરણ કે બ્રહ્મના વિષયનું મૂલ શબ્દ છે, એકલા વેદના શબ્દથી જ એ બરોબર સમજાય છે. આનું સમર્થન કરનારું પ્રમાણ પણ નીચે પ્રમાણે છે – "જે પદાર્થો અચિન્ત્ય છે તેને તર્કથી યોજવા નહિ" (મહાભારત પ. પ.૧૨, મત્સ્ય પુ. ૧૧૩૬) "પ્રકૃતિ પર્યન્તના અર્વાચીન પદાર્થને વિશે જે વિચાર કરવામાં આવે છે તેમાં ખોટા તર્કરૂપી પ્રમાણાભાસવાળાં (કણાદ વગેરે) શાસ્ત્રોથી જેમનું અંતઃકરણ દુષ્ટ થયું છે તેવા દુરાગ્રહી વાદીઓના વાદનો જયાં અવકાશ નથી." (ભા. ૬.૯.૩૬) એવા સર્વભવનસમર્થ બ્રહ્મમાં વિરોધ હોય નહિ.

આ પ્રમાણે સૂત્રકાર (બ્રહ્મના બધા) દોષને દૂર કરે છે છતાં પણ પોતાની બુદ્ધિથી અનુપપત્તિ – આ ઘટતું નથી એવી શંકા – ઉભી કરીને બધાનો સંપ્લવ ગોટાળો અથવા વિનાશ કરનારા અલ્પ બુધ્ધિવાળા (શંકરાચાર્ય) ની સારા પુરુષોએ ઉપેક્ષા કરવી જોઈએ.

(૩) કાર્યકારણથી અભિન્ન છે, કારણ કે શ્રુતિમાં આરમ્ભણ શબ્દ વગેરે છે. [૬૯]

(આ પ્રમાણે કાર્યબોધક શ્રુતિમાં યુકિતનો વિરોધ દૂર કરીને) સૂત્રકાર બીજી કાર્યબોધક શ્રુતિમાં શ્રુતિનો વિરોધ દૂર કરે છે. ''વાચારંભણ વિકાર નામધેય છે, મૃત્તિકા એ જ સત્ય છે'' (છા. ૬.૧.૪) એ પ્રમાણે શ્રુતિ છે. તેમાં 'વિકાર વાણીથી જ આરંભાય છે, વસ્તુતઃ (ઉત્પન્ન થતો) નથી.' એ પ્રમાણે અર્થ જણાય છે. જો આ પ્રમાણે હોય – આકાશપુષ્પની માફક કાર્ય વાણીમાત્ર હોઈ વસ્તુરૂપ ન હોય તો બ્રહ્મકોનું કારણ થાય ? તેથી સૂત્રકાર શ્રુતિવાકયનો અર્થ કહે છે. આરમ્ભણ શબ્દ વગેરેને લીધે (કાર્યનું કારણથી) અનન્યત્વ જણાય છે. કાર્યકારણથી અનન્ય છે, મિથ્યા નહીં.

જે તામસ બુધ્ધિવાળા માયાવાદીઓ કાર્યનું – જગતનું મિથ્યાત્વ પ્રતિપાદન કરે છે તેમણે સૂત્ર અને શ્રુતિનો નાશ કરીને બ્રહ્મવાદને તિલાંજલિ આપી દીધી છે. (શ્રુતિનું વ્યાખ્યાન કરવાના નિમિત્તે) શ્રુતિની અંદર પેઠેલા આ માયાવાદી ચોરના વધને માટે જ આ સૂત્રનો આરંભ કરવામાં આવેલો છે. બ્રહ્મરૂપી અલૌકિક પ્રમેય પદાર્થની બાબતમાં સૂત્રને અનુસરીને જ નિર્ણય કરવો ઉચિત છે, શ્રુતિસૂત્રથી સ્વતંત્ર રીતે કોઈપણ કલ્પના કરવી ઉચિત નથી. તર્ક અપ્રતિષ્ઠિત છે એ પ્રમાણે આ પધ્ધતિનું નિરાકરણ કરવામાં આવ્યું જ છે. વળી, આ સૂત્રમાં પણ કાર્ય મિથ્યા છે એવો અર્થ સંભવતો નથી, કારણ કે (જો જગત મિથ્યા હોય તો) એક બ્રહ્મના વિજ્ઞાનથી સર્વકાર્યનું વિજ્ઞાન થાય. (છા. ૬.૧.૩) એ પ્રકારના આરંભનો બાધ થાય. વળી, (જો જગત મિથ્યા હોય તો) આ બ્રહ્મના પ્રકરણનો વિરોધ થાય. (આ બ્રહ્મનું પ્રકરણ છે, અને સૃષ્ટિ દ્વારા બ્રહ્મનું જ્ઞાન આપવાનું છે. જો સૃષ્ટિ મિથ્યા હોય તો બ્રહ્મનું જ્ઞાન શી રીતે આપી શકાય ? એ રીતે પ્રકરણનો વિરોધ આવે છે.) (શ્રુતિ, ઉપક્રમ અને પ્રકરણ એ) ત્રણના વિરોધના ભયનો પરિત્યાગ કરીને આ સૂત્રનું બીજે પ્રકારે વ્યાખ્યાન કરનાર (શંકરાચાર્ય) અતિ ધૃષ્ટ છે એટલું કહેવું જ બસ છે, વધારે કહેવાની જરૂર નથી.

### ૩.૫.૩ મૂલ્યાંકન

ભારતીય તત્ત્વજ્ઞાન તર્કમીમાંસા ક્ષેત્રે ખેડાણ કરે છે જ. અણુભાષ્યના નમૂનારૂપ ત્રણ સૂત્રના અર્થઘટનમાં આપણને પરિચય મળે છે. ખંડન દ્વારા મંડન પરોક્ષ પધ્ધતિ દ્વારા સાબિતી કહી શકાય.

**સમાપનઃ**

પ્રકરણ ૩ માં આપણે ભારતીય તત્વજ્ઞાનનો પરિચય આપી મહાનિબંધમાં આવશ્યક શ્રીમદ્ ભગવદ્ ગીતા, બ્રહ્મ સૂત્રો, શ્રી ભાગવત પુરાણનો શ્લોક સંખ્યા કે સૂત્ર સંખ્યા રૂપ લેખન કર્યુ. ભાગવત પુરાણના સ્કંધની સંક્ષેપ માહિતી મેળવી વલ્લભાચાર્ય કઈ કઈ જગ્યાએ અણુભાષ્યમાં ભાગવતનો સંદર્ભ પ્રમાણ તરીકે સ્વીકારે છે તે બાબતનું લેખન કર્યુ. ત્યારબાદ આચાર્યશ્રી તેમજ અન્ય શુદ્ધાદ્વૈતવાદી વિદ્વાનો દ્વારા રજૂ થયેલ જ્ઞાન મીમાંસા, તત્વમીમાંસા શાખામાં પ્રદાનની નોંધ કરી. પ્રકરણ સારરૂપે કહી શકાય કે આચાર્યશ્રી તત્વજ્ઞાનની ત્રણે મહત્વપૂર્ણ શાખામાં ભાગવત પુરાણને સ્થાન આપવાનું કાર્ય કરે છે. [૭૦]

## પાદટીપ

(૧) શ્રીમદ્ શંકરાચાર્યનું તત્ત્વજ્ઞાન, પૃ. લે. સી. વી. રાવળ

(૨) દર્શન – દિગ્દર્શન પૃ. ૪૬ લે. રાહુલ સાંકૃત્યાયન

(૩) સુબોધિની ૧૦–૨–૩૫

(૪) શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મવાદ પૃ. લે. જે. ગો. શાહ

(૫) વલ્લભાચાર્ય સંક્ષિપ્ત જીવનમાંથી તારવણી

(૬) અણુભાખ્ય ભાગ–૧ પૃ. ૨૩, ૨૪, ૨૫ લે. જે. ગો. શાહ

(૭) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૨૪૧ લે. પ્રા. સી. વી. રાવળ

(૮) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૨૪૮૪૧ લે. પ્રા. સી. વી. રાવળ

(૯) તારવણી અને સ્વમત

(૧૦) તત્વાર્થ દીપ નિબંધ – વલ્લભાચાર્ય

(૧૧) શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મવાદ લે. જે. ગો. શાહ

(૧૨) સુબોધિની ૧–૭ શ્લોક ૭ થી ૯

(૧૩) તત્વાર્થદીપ નિબંધ પૃ. ૪

(૧૪) ભાગવત પુરાણ સુબોધિની ભાષ્ય પ્રસ્તાવનામાંથી

(૧૫) શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મવાદ પ્રમાણ વિચાર પ્રકરણમાંથી

(૧૬) શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મવાદ પ્રમાણ વિચાર પ્રકરણમાંથી

(૧૭) બ્રહ્મસૂત્ર અણુ ભાષ્ય માંથી સ્વતંત્ર તારવણી

(૧૮) બ્રહ્મસૂત્ર

(૧૯) શ્રીમદ ભગવદ ગીતા

(૨૦) ભાગવત પુરાણ સુબોધિની ભાષ્ય ભાગ – ૧ પૃ. ૩૪

(૨૧) ભાગવત પુરાણ સુબોધિની ભાષ્ય ભાગ – ૧ પૃ. ૮૭

(૨૨) ભાગવત પુરાણ સુબોધિની ભાષ્ય ભાગ – ૧ પૃ. ૧૨૩

(૨૩) ભાગવત પુરાણ સુબોધિની ભાષ્ય ભાગ – ૧ પૃ. ૨૦૬

(૨૪) ભાગવત પુરાણ સુબોધિની પૃ. ૨૮૭

(૨૫) ભાગવત પુરાણ સુબોધિની પૃ. ૩૪૬

(૨૬) ભાગવત પુરાણ સુબોધિની પૃ. ૩૯૬

(૨૭) ભાગવત પુરાણ સુબોધિની પૃ. ૪૪૧

(૨૮) ભાગવત પુરાણ સુબોધિની પૃ. ૪૯૪

(૨૯) ભાગવત પુરાણ સુબોધિની ભાગ – ૨ પૃ. ૨

(૩૦) ભાગવત પુરાણ સુબોધિની ભાગ – ૨ પૃ. ૪૩૭

(૩૧) ભાગવત પુરાણ સુબોધિની ભાગ –૨

(૩૨) આચાર્યોનું તત્વચિંતન, પૃ. ૨૫૨, લે. પ્રા. સી. વી. રાવળ

(૩૩) સ્વમત્

(૩૪) સુબોધિની ભાગવત પુરાણ ૨–૯–૩૩

(૩૫) સુબોધિની ભાગવત પુરાણ ૩–૨૬–૩૦

(૩૬) સુબોધિની ભાગવત પુરાણ ૩–૩૨–૨૮

(૩૬–અ) અન્ય ખ્યાતિવાદિયા વિદ્વત્સંગોષ્ઠી, પૃ. ૩૮

(૩૭) અણુભાષ્ય ભાગ–૧ પૃ. ૩૨

(૩૮) અણુભાષ્ય ૨–૩–૧૮

(૩૯) અણુભાષ્ય ૨–૩–૧૯

(૪૦) અણુભાષ્ય ૨–૩–૨૦

(૪૧) અણુભાષ્ય ૨–૩–૨૪

(૪૨) અણુભાષ્ય ૨–૩–૨૫

(૪૩) અણુભાષ્ય ૨–૩–૨૬

(૪૪) અણુભાષ્ય ૨–૩–૨૯

(૪૫) અણુભાષ્ય ૨–૩–૪૩

(૪૬) અણુભાષ્ય ૨–૩–૩૩

(૪૭) અણુભાષ્ય ૨–૩–૩૪

(૪૮) અણુભાષ્ય ૨–૩–૩૫

(૪૯) અણુભાષ્ય ૨–૩–૩૬

(૫૦) તત્વાર્થદીપ નિબંધ પ્રકરણ ૨૭

(૫૧) પ્રમેયરત્નાર્ણવમાં જીવ

(૫૨) શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મવાદ પૃ. ૧૧૩ લે. જે. ગો. શાહ

(૫૩) અણુભાષ્ય ૧–૪–૨૩

(૫૪) અણુભાષ્ય ૧–૪–૨૪

(૫૫) અણુભાષ્ય ૧–૪–૨૫

(૫૬) અણુભાષ્ય ૧–૪–૨૬

(૫૭) અણુભાષ્ય ૧–૪–૨૭

(૫૮) પ્રમેયરત્ન સઙ્ગ્રહ

(૫૯) સ્વમત્

(૬૦) શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મવાદ ૯૪–૯૫ લે. જે. ગો. શાહ

(૬૧) અણુભાષ્ય પરિશિષ્ટ પૃ. ૧૫૫ લે. જે. ગો. શાહ

(૬૨) અણુભાષ્ય વિવેચન પૃ. ૨૫ લે. જે. ગો. શાહ

(૬૩) સિધ્ધાન્ત મુકતાવલિ સી.ડી.માંથી

(૬૪) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૨૭૪–૨૭૫

(૬૫) અણુભાષ્ય ૧–૨–૧૮

(૬૬) અણુભાષ્ય ૧–૨–૨૧

(૬૭) સ્વમત

(૬૮) અણુભાષ્ય ૨–૧–૭

(૬૯) અણુભાષ્ય ૨–૧–૨૭

(૭૦) અણુભાષ્ય ૨–૧–૧૪

(૭૧) સ્વમત કે તાત્ત્વિક ફલશ્રુતિ

# પ્રકરણ : ૪

# અ–વિકૃત પરિણામવાદ


| | |
|---|---|
| ૪.૧ | પરિચય |
| ૪.૨ | અણુભાષ્યમાં અ–વિકૃત પરિણામવાદ |
| ૪.૩ | પ્રમેય રત્ન સઙગ્રહમાં અવિકૃત પરિણામવાદ |
| ૪.૪ | ભાગવત સુબોધિનીમાં અવિકૃત પરિણામવાદ |
| ૪.૫ | ભાવપ્રકાશ ટીકામાં રજૂ થયેલ અ–વિકૃત પરિણામવાદ |
| ૪.૬ | શુધ્ધાદ્વૈત પાઠાવલિમાં અ–વિકૃત પરિણામવાદ |
| ૪.૭ | શુધ્ધાદ્વૈત સિધ્ધાંત પ્રદીપમાં રજૂ થયેલ અ–વિકૃત પરિણામવાદ |
| ૪.૮ | અવિકૃત પરિણામવાદની ઐતિહાસિકતા |
| ૪.૯ | ખંડન દ્વારા મંડન |
| | ૪.૯.૧ આરંભવાદના ખંડન દ્વારા અવિકૃત પરિણામવાદનું મંડન |
| | ૪.૯.૨ પ્રતિત્ય સમુત્પાદ વાદના ખંડન દ્વારા અવિકૃત પરિણામવાદનું મંડન |
| ૪.૧૦ | અવિકૃત પરિણામવાદના સમર્થનમાં કેટલીક દલીલો |
| ૪.૧૧ | સાર સંક્ષેપ |
| ૪.૧૨ | પાદટીપ |

## ૪.૧ પરિચય

સંશોધન પ્રકલ્પનું હાર્દ આ પ્રકરણમાં સ્પષ્ટ કરવાનો હેતુ છે. આચાર્યશ્રી વલ્લભ શુધ્ધાદ્વૈત વેદાન્તમાં બ્રહ્મ અને જગત વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરતાં કાર્યકારણ વિચારમાં બ્રહ્મ કારણ અને જગત્ કાર્ય હોવાનું સ્વીકારે છે. કારણમાં કાર્યને નીપજાવવાની શકિતનો સ્વીકાર કરવો પડે અથવા ત્રીજા તત્ત્વને સ્વીકારવું પડે. વલ્લભાચાર્ય આર્વિભાવ – નિરોભાવ દ્વારા શકિતનો સ્વીકાર કરે છે. [૧]

બીજો પ્રશ્ન એ થાય છે કે બ્રહ્મ અને જગત્ વચ્ચે લક્ષણ ભેદ કેમ દેખાય છે ? એક અ–મર્યાદ બીજું મર્યાદિત. બ્રહ્મ જયારે જગત્ સર્જન કરે છે ત્યારે બ્રહ્મ ખરેખર રહે છે કે નાશ પામે છે ? મતલબ કે બ્રહ્મના સ્વરૂપમાં પરિવર્તન થાય છે કે પહેલું સ્વરૂપ નાશ પામે અને બીજું સ્વરૂપ સર્જાય ?

ટૂંકમાં બ્રહ્મમાં વિકાર થાય છે ? પ્રશ્નનો ઉત્તર નકારમાં આપતાં આચાર્યશ્રી કહે છે કે બ્રહ્મ–અવિકૃત રહે છે. [૨] અ–વિકૃત પરિણામવાદ દ્વારા કાર્યકારણ પ્રશ્નની સમજૂતિ આપવામાં આવે છે. અવિકૃત પરિણામવાદ અણુભાષ્યમાં, ભાગવત પરની સુબોધિની ટીકામાં, પ્રમેય રત્ન સઙ્ગ્રહમાં કઈ રીતે રજૂ થયો છે. તેનો પરિચય મેળવીશું, ખંડન–મંડન પધ્ધતિ દ્વારા પણ અ–વિકૃત પરિણામવાદ સાબિત કરવાનો પ્રયત્ન થયો છે. તેનું આલેખન કરીશું. અંતે અ–વિકૃત પરિણામવાદનું તાત્ત્વિક મૂલ્યાંકન કરીને નિષ્કર્ષ તારવીશું. સર્વપ્રથમ કાર્યકારણ સંબંધી ભારતીય તત્ત્વજ્ઞાનમાં રજૂ થયેલા અન્ય વાદોનો સંક્ષેપ પરિચય મેળવીશું.

૩




**આરંભવાદ :**

કાર્ય એ કારણમાં સમવાય સંબંધે રહે છે. કાર્યની નવીન ઉત્પત્તિ કે આરંભ થવો તે સૃષ્ટિની આદિ અવસ્થા છે, પ્રથમ શરૂઆત છે. આથી આ સિધ્ધાંતને આરંભવાદ કહે છે. ન્યાય વૈશેષિક દર્શન આ સિધ્ધાંત સ્વીકારે છે. સૃષ્ટિ સર્જન વિકાસ તથા પ્રલય પ્રક્રિયાને પરમાણુવાદ દ્વારા રજૂ કરે છે. 'પીલુપક' અને 'પીઠરપાક' દ્વારા કહે છે કે, અગ્નિનો સંયોગ થવાથી ઘડાના બધા પરમાણુ અલગ–અલગ થઈ જાય છે અને નવીન ગુણથી પાકા બની સંલગ્ન બને છે તે પીલુપાક જે વૈશેષિક દર્શન સ્વીકારે છે. અગ્નિના સંયોગથી ઘડાના પરમાણુ પૃથક્ થતાં નથી, પરંતુ તેમની વચ્ચે વચ્ચે જે છિદ્રો હોય તેમાં વિજાતીય અગ્નિનો પ્રવેશ થવાથી ઘડાના રૂપનું પરિવર્તન થાય છે, તે પાકીને લાલ બને છે તેથી તે પીઠર પાક શબ્દ રજૂ કરે છે. [૪]

**પ્રતીત્ય સમુત્પાદવાદ :**

**પ્રતીત્ય સમુત્પાદનો અર્થ છે 'પ્રત્યયો( કારણો) ધ્વારા ઉત્પતિનો નિયમ'[૫] આ હોય તો આ થાય અને આ ન હોયતો આ ન થાય' એવો કાર્યકારણનો સિધ્ધાંત જ પ્રતીત્ય**

**સમુત્પાદવાદ છે [6] આ નિયમ પ્રમાણે જે ઉત્પન્ન થાય છે તેની ઉત્પતિનું કારણ અવશ્ય હોય છે અને જયારે કારણનો અભાવ હોય છે ત્યારે કાર્યનો પણ અભાવ હોય છે. આ સિધ્ધાંતમાં તથતા, અવિતથતા, અનન્યતા અને ઈદં પ્રત્યયતા છે. [7] અમુક વસ્તુની ઉત્પતિ માટે જે અને જેટલા પ્રત્યયો જરૂરી છે તેમાંથી એક પણ ઓછો કે વધુ પ્રત્યય ન હોય તો જ તે વસ્તુની ઉત્પત્તિ થાય છે. આ છે પ્રતીત્ય સમુત્પાદની તથતા. પ્રત્યય સામગ્રી ઉપસ્થિત થતા યોગ્ય વસ્તુની ઉત્પતિ થાય છે જ આ છે પ્રતીત્ય સમુત્પાદની અવિતથતા, કોઈ એક વસ્તુની (કાર્યની) પ્રત્યય સમગ્રીથી બીજી વસ્તુની (કાર્યની ) ઉત્પતિ થતી નથી. કારણ સામગ્રી અને તેના કાર્ય વચ્ચે 'આના હોતા આનું હોવુ' નો જે સબંધ છે તે જ ઈદં પ્રત્યયતા છે.**

**એક બાજુ આ પ્રતીત્યસમુત્યાદનો નિયમ બીજા અને ત્રીજા આર્યસત્ય દુઃખ સમુદય અને દુઃખ નિરોધની હેતુનિષ્ઠ વ્યાખ્યા કરે છે તેમજ અવિચલ કાર્યકારણ ભાવને આધારે દુઃખનિરોધની શકયતા દર્શાવે છે. તો બીજી બાજુ તે બધાજ આંતર અને બાહય પદાર્થોને (ધર્મોને) અનિત્ય અને પ્રતીત્ય સમુત્પન્ન દેખાડી કુટસ્થ નિત્ય જેવુ કોઈ તત્વ નથી એવી બુધ્ધિ જન્માવે છે. પ્રતીત્ય સમુત્પાદ દુઃખ નિરોધની શકયતા અને પુરૂષાર્થના સ્વીકારનો તાત્વિક યા સૈધ્ધાંતિક પાયો પુરો પાડે છે. દરેક ઘરના પોતાની ઉત્પતિ માટે પોતાની  પૂર્વવર્તી કોઈ ઘટનાનો કારણ રૂપે આધાર લે છે અને પોતે પણ અન્ય પરવર્તી ઘટનાનો  ઘટનાનો કારણરૂપ આધાર બને છે. આમ કાર્યકારણનુ ચક્ર ચાલ્યા કરે છે. ભવચક્રના સંદર્ભના પ્રતીત્ય સમુત્યાદને બાર અંગવાળો કહયો છે. બાર અંગોમાં અવિધા, સંસ્કાર, વિજ્ઞાન, નામરૂપ, ષડાયતન, સ્પર્શ, વેદના, તૃષ્ણા, ઉપાદાન, ભવ, જાતિ અને દુઃખનો સમાવેશ થાય છે. ભવચક્રનું મૂળ અવિધા છે. અવિધા દૂર થતાં કર્મબંધ અટકી જાય છે.**

**પ્રતીત્ય સમુત્પાદવાદમાં આંતરિક અને બાહય જીવનના સમસ્ત વ્યાપારોના સમુધ્ય અને નિરોધનો ક્રમ કારણ અને કાર્યના અન્યોન્યાશ્રિત ભાવને આધારે દેખાડવામાં આવ્યો છે.**

**પ્રકૃતિ પરિણામવાદ :**

કોઈ વસ્તુ ખરેખર બદલાઈને જુદું રૂપ ધારણ કરે ત્યારે તેને વિકાર અથવા પરિણામ કહેવાય. સાંખ્યદર્શન કારણ અને કાર્ય બંનેને ‘સત્’ માને છે. જગતરૂપી કાર્યનું મૂળ કારણ પ્રકૃતિ છે; પ્રકૃતિનું પરિણામ તે જગત આમ પ્રકૃતિ પરિણામવાદ સાંખ્યદર્શન સ્વીકારે છે. [8]

'From the principle of causality, it is deduced that the ultimate basis of the empirical universe is the unmanifested prakriti.' [૯]

**બ્રહ્મ પરિણામવાદ [૧૦] :**

મૂળ કારણને જે પરિણામિનિત્ય માને છે તે કાર્ય માત્રમાં મૂળ કારણના અંશોનું વાસ્તવિક અસ્તિત્વ સ્વીકારે છે. રામાનુજાચાર્ય બ્રહ્મ પરિણામવાદ રજૂ કરે છે. કારણ કે બ્રહ્મ ખરેખર જગત રૂપે પરિણમે છે. કારણ જ કાર્ય બની રહે છે. કારણનો ગુણ એ જ કાર્યનો ગુણ છે. પરિણામવાદ શ્રુતિ સંમત છે. પંડિત સુખલાલજી પરિણામવાદનાં લક્ષણો આપે છે. (૧) એક જ કારણનો સ્વીકાર (૨) કાર્યકારણનો વાસ્તવિક અભેદ (૩) નિત્ય કારણનું પણ પરિણામી બનીને રહેવું અથવા પ્રવૃત્ત થવું (૪) કાર્ય માત્રનું પોતપોતાના ત્રૈકાલિક અસ્તિત્વ અર્થાત્ અપૂર્વ વસ્તુની ઉત્પત્તિનો સર્વથા ઈન્કાર.

**વિવર્તવાદ [૧૧] :**

કોઈ વસ્તુ ખરેખર ન બદલાય અને બીજું રૂપ ધારણ કરતી હોય તેવો ભાસ થાય ત્યારે વિવર્ત કહેવાય. કાર્ય એ ઉત્પત્તિની પહેલા ઉપાદાન કારણમાં અન્તર્ભૂત છે. ઉત્પત્તિ એટલે આવ્યકતનું વ્યકત બનવું. કાર્ય એ કારણનું ખરેખરું પરિણામ નથી, પરંતુ કાર્ય એ કારણનો વિવર્ત છે. કારણનું કાર્યમાં પરિવર્તન થવું એ એક આભાસ માત્ર છે. વિવર્ત – વ્યવહાર થાય. ભ્રમરૂપ છે. જગત્ એ બ્રહ્મનો વિવર્ત પણ માયાનું પરિણામ છે.

**અજાતવાદ :**

**શ્રી ગૌડપાદાચાર્ય અ–જાતિવાદના સમર્થક છે. તેમનામતે જગત મિથ્યા છે પરમાર્થતઃ તે ઉત્પન્ન થયુ નથી. તત્ત્વ(સત્ય)સત છે. સૃષ્ટિ તો પ્રભુનો સ્વભાવ છે.[૧૨] જગત તત્ત્વનો પ્રતિભાસ માત્ર છે. અવિધાને લઈને તત્ત્વ જ જગત રૂપે પ્રતીત થાય છે. ખરેખરતો જગતની ઉત્પતિ થતી જ નથી. સૃષ્ટિ કેવળ ભ્રાન્તિ છે. ભેદ અસત છે. અભેદ એજ સત છે. દ્વૈત માયા છે અ દ્વૈત જ પરમાર્થ સત છે. [૧૩]અજાતિ પરમાર્થ છે. તે હંમેશા એકરૂપ, એકરસ તથા અખંડ, ત્રિકાલાબાધિત છે. ભય, શોક, મોહને સ્થાન નથી. તત્ત્વ અદ્વય છે. કોઈ વસ્તુ ઉત્પન્ન થતી જ નથી. કયાંય કોઈ પ્રકારનો ભેદ જ નથી.**

**જગત જીવથી ભિન્ન નથી. આત્મા બ્રહ્મથી ભિન્ન નથી અદ્વય તત્ત્વ એ જ હોવા છતાં પણ અવિદ્યાને લીધે ભેદવત પ્રતીત થાય છે જે ભેદને માને છે તે હંમેશા જન્મ મરણના ચક્રમાં ફસાય છે.**

**'સત'ની ઉત્પતિ થઈ શકે નહિ કારણ કે જે સત છે, તે તો પ્રથમથી જ 'છે' તેની ફરી ઉત્પતિ માનવી વ્યર્થ છે. 'અસત' ની પણ કદી ઉત્પત્તિ થવી શકય નથી કારણ કે અસત તો 'વન્ધ્યાપુત્ર' કે 'આકાશપુષ્પ' સમાન છે, અને તે ન તો માયાથી ઉત્પન્ન થઈ શકે છે કે ન તો ખરેખર ઉત્પન્ન થઈ શકે છે. આથી અજાતિવાદ સત્ય છે. અસત હેતુવાળુ અસત કયાંય હોઈ શકે જ નહી. અસત જેનો હેતુ છે એવો સત પદાર્થ પણ ન હોઈ કે, સત વડે ઉત્પન્ન સત પદાર્થ પણ હોતો નથી. સત હેતુવાળો અસત પદાર્થ કેમ હોઈ શકે? ટુંકમાં કાર્યકારણ ભાવ શકય જ નથી. ઉત્પત્તિ અને નાશની માફક કારણની ધારણા પણ સ્વ વિરોધી છે.**

## ૪.૨ અણુભાષ્યમાં રજૂ થયેલ અ–વિકૃત પરિણામવાદ

### <u>૪.૨.૧</u> <u>પ્રથમ અધ્યાયના પ્રથમ પાદમાં જન્માદ્યધિકરણ નું વિવેચન</u>

જે બ્રહ્મ વિષેના વિચારની પ્રતિજ્ઞા કરવામાં આવી છે તે **બ્રહ્મ** કેવું તથા તેમાં પ્રમાણ શું એવી જીજ્ઞાસા થાય તો આ સૂત્રમાં જણાવે છે.

બ્રહ્મના લક્ષણ માટે કોઈપણ શંકા કરવાની જરૂરી નથી. કારણ કે શ્રુતિમાં તેબ્રહ્મને સત્ય જ્ઞાન અનંત કહયું છે. આવું શ્રુતિનું લક્ષણ અહિંયા બ્રહ્મ ને વિષે આપવાને બદલે આ સૂત્રમાં એમ કહે છે કે વાદીએ ઉઠાવેલી બ્રહ્મ તે છે કે જેમાંથી જગતનો જન્મ વગેરે છે. અર્થાત જેમાંથી જગતની ઉત્પત્તિ, સ્થિતિ શંકા બ્રહ્મનાકાર્ય અને લય છે. તે જ ખરૂં બ્રહ્મ છે. આ લક્ષણ ઉપરના લક્ષણ સાથે બંધ બેસતું નથી. કારણ કે લક્ષણને બદલે સ્વરૂપ આ સૂત્રમાં આપેલું લક્ષણ કાર્યલક્ષણ છે. અને શ્રુતિઓમાં જયા બ્રહ્મને સત્ય, જ્ઞાન તથા લક્ષણ જ આપવું જોઈએ. અનંત કહે છે. ત્યાં સ્વરૂપ લક્ષણ બ્રહ્મ છે. સ્વરૂપનું લક્ષણ આપ્યા વગર એકદમ કાર્યનું લક્ષણ આપવું વ્યાજબી નથી. વળી બ્રહ્મમાંથી જગતની ઉત્પત્તિ છે એમ કહેવાથી જગતનું કર્તૃ બ્રહમ છે એવો સિધ્ધાંત રજુ કરવાથી મોટામાં મોટો વિવાદનો પ્રશ્ન એ રહે છે કે જગતનું કર્તૃ કોણ ગણાય ? બ્રહ્મને જો ગણતા હોય તો તે સર્વને કબૂલ નથી. કદાચ એમ કહેવામાં આવે કે વેદમાં કહયુ છે માટે વેદ બ્રહ્મની કર્તૃતામાં પ્રમાણ છે. તેમ પણ કહી શકાશે

નહિ. એ વિચાર જ વ્યર્થ છે. કારણ કે ફકત વેદ અને કાર્ય ઉપરથી કારણની કલ્પના કરવાની હોય તો અનુમાન પ્રમાણનો આશ્રય લેવો જોઈએ. તેમાં વેદનું પ્રમાણ બસ નથી. એ અનુમાન પ્રમાણ આ પ્રમાણે મૂકી શકાય. આ કાર્ય કર્તાવાળું છે. કારણ કે તે કાર્ય છે. ઘટની માફક એટલે અનુમાન પ્રમાણ આપ્યા વગર એકદમ બ્રહ્મ જગતનું કર્તૃ છે. એવો સિધ્ધાંત રજુ કરી શકાય નહી.

કોઈ પણ વસ્તુનું જ્ઞાન કરવું હોય તો લક્ષણ અને પ્રમાણથી થઈ શકે છે. લક્ષણ એટલે અસાધારણ ધર્મવચન, અને અસાધારણતા તેને કહે છે કે જેથી અમુક પદાર્થમાં જ તે છે અને બીજામાં નથી એવો ભેદ આપણે દેખાડી શકીએ પણ (અન્ય) પ્રમાણ એટલે નહિ જાણેલા અર્થને જણાવનાર હોવાથી આ વસ્તુનું જ્ઞાન સ્વરૂપ લક્ષણથી જ થાય છે. તો પછી કાર્ય લક્ષણની શી જરૂર છે. માટે તમે આ સૂત્રમાં જે બ્રહ્મના કાર્ય લક્ષણને આપવાનો પ્રયાસ કર્યો છે તે વ્યર્થ છે તે કોઈ પણ રીતે વ્યાજબી નથી.

સઘળા સંદેહોનું નિવારણ શાસ્ત્રથી જ થઈ શકે. શાસ્ત્રો સિવાય બીજાં કોઈ પણ પ્રમાણો આગળ ધરી શકાય નહી. વેદની જ પ્રમાણતાને સ્વીકારનાર અન્ય પ્રમાણ ન જ લઈ શકે તે શાસ્ત્ર ઉપરથી સમજાય છે કેબ્રહ્મની બે શકિતઓ છે. (૧) ક્રિયાશકિત (૨) જ્ઞાન શકિત. આ બન્ને શકિતઓ વિષે પર બ્રહ્મમાં સંદેહ રહે છે. અહિંયા એટલું જાણવું બસ થશે કે સૂત્રકાર શ્રુતિનું વ્યાખ્યાન કરવાને, પ્રવૃત્ત થયા નથી, પણ તેમાં જે જે સંદેહો હોય તેનું નિવારણ કરવાને શ્રુતિમાં બ્રહ્મને સત્ય, જ્ઞાન, અનંત તથા નિત્ય શુધ્ધ, મુકત વગેરે કહયું છે. તેથી તેમાં કર્તૃત્વ નથી તેમજ પ્રાપચિંક ધર્મો પણ નથી એવું જણાવે છે. પણ બીજી શ્રુતિઓ એવી છે કે જે બ્રહ્મ જગતનું કર્તૃ છે એમ કહે છે જેમકે " જેમાંથી આ ભૂત ઉત્પન્ન થાય છે. અથવા જેનાથી ઉત્પન્ન થયેલા ભૂત જીવે છે. અગર જેના તરફ જાય છે. તેમજ પ્રવેશ કરે છે" આ રીતની બન્ને પ્રકારની શ્રુતિઓ જોતાં શંકા થાય છે કે બ્રહ્મને, કાર્યલક્ષણવાળું ગણવું કે સ્વરૂપલક્ષણવાળું? બ્રહ્મ જગતનું કર્તૃ કે નહિ ? આવી શંકાનો નિરાસ પોતે આ સૂત્રમાં સૂત્રકાર કરે છે.

બ્રહ્મ એ જગતનું કર્તૃ ગણાય નહિ. કારણ કે બ્રહ્મનો જાણનાર પરને પ્રાપ્ત કરે છે "એ" તૈત્તિરીય સંહિતમાં પ્રધાન વાકય છે, અને તેમાં ફલ સાથેનો સંબંધ જણાવ્યો છે. પરરૂપી ફલને પ્રાપ્ત કરવાને માટે બ્રહ્મના જ્ઞાનની જરૂર છે. એ "પર" શું તો કહે છે કે જે " સર્વના અંતરમાં છે તે આનંદ" સર્વાન્તર શી રીતે હોઈ શકે એવી આકાંક્ષા થાય તો ત્યાં જણાવે છે કે જે ભૂત ભૌતિક–અન્નમય વગેરેની સૃષ્ટિ છે પર બ્રહ્મની અપેક્ષાએ ગૌણ છે. શુધ્ધદેહ બ્રહ્મના જ્ઞાપન માટે ગૌણ આકાશ વગેરેની

સરખામણીએ ન્યૂન છે તેથી તે આનંદમયની માફક સર્વાન્તર ન બની શકે. અન્નમય, પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય એ વિકારયુકત હોવાથી ગૌણ છે અને આનંદમય માફક સર્વાન્તર નથી. તેથી એ ગૌણની ઉપાસનાનું ફલ પણ મુખ્ય બ્રહ્મના અંગ તરીકે કહયું છે. ગૌણની ઉપાસનાનું ફલ કામના ભોગરૂપ હોવાથી તે અનિત્ય છે. પણ તે વૈરાગ્યને ઉત્પન્ન કરે છે. વળી બ્રહ્મમાં ખરી રીતે કર્તૃત્વ સંભવતું જ નથી. તે જ્ઞાનરૂપ છે. કારણ કે પણ તેવું બ્રહ્મ ઉપાસનાનું વિષય ન બની શકે તેથી તેમાં અન્ય એટલે પ્રકૃતિના ધર્મોનું આરોપણ કર્યુ છે આથી વસ્તુતઃ બ્રહ્મમાં કર્તૃત્વ નથી અર્થાત જગતની કર્તૃતા બ્રહ્મમાં ઘટાવવામાં આવે છે તે વાસ્તવિક નથી. બ્રહ્મ કર્તૃ નથી. પણ પ્રકૃતિ વગેરે કર્તૃ છે. અને તેમની કર્તૃતા બ્રહ્મમાં ઘટાવે છે. મુખ્ય બ્રહ્મમાં કર્તૃત્વ બંધ બેસતું નથી. માત્ર ગૌણ પદાર્થોમાં તે હોઈ શકે.

**<u>સિધ્ધાંત :</u>**

બ્રહ્મ જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશનું કર્તૃ છે અને તે બ્રહ્મનું જ્ઞાન વેદથી થઈ શકે છે. વેદે જે પ્રમાણે જણાવેલું છે તે જ પ્રમાણે તે હોય છે. તેથી સહજ પણ અન્યથા લેવું નહિ. એ રીતે વિચાર કરતાં બ્રહ્મના કર્તૃત્વમાં શ્રુતિનો વિરોધ નથી, તેમ કલ્પ શાસ્ત્રનો પણ વિરોધ નથી. કારણ કે કલ્પ વેદનો વિભાગ હોવાથી તેનો વિરોધ હોઈ શકે નહિ. તે બ્રહ્મ સર્વરૂપ બનવાને સમર્થ છે તેમજ તેનું ઐશ્વર્ય પણ અચિન્ત્ય છે.''

**<u>બ્રહ્મની કર્તૃતા જણાવવાને દલીલો :–</u>**

૧. બ્રહ્મ એ જગતનું કર્તૃ છે એવું વેદ જણાવે છે. વેદ પરમ આપ્ત હોવાથી અક્ષર માત્ર પણ ખોટું બોલતા નથી. જો એમ હોય તો કોઈને પણ તેમાં વિશ્વાસ રહે નહી. વેદમાં અનેક સ્થળે બ્રહ્મને કર્તૃ કહયું છે માટે તેની કર્તૃતાના સિધ્ધાંતને બાધ આવતો નથી.

૨. જો કે શ્રુતિમાં બ્રહ્મને સત્ય, જ્ઞાન તથા અનંત કહયું છે, પણ તેથી એવું સમજવાનું નથી કે પરબ્રહ્મ નિર્ધર્મ છે. સત્ય, જ્ઞાન પણ બ્રહ્મના ધર્મોજ છે. જેવા તે ધર્મો છે તેવું કર્તૃત્વ પણ ધર્મજ છે. તેથી બ્રહ્મને કર્તૃત્વ યુકત માનવાથી તે સધર્મ બને છે અને સત્ય, જ્ઞાન તરીકે માનવાથી નિર્ધર્મક બને છે એમ કદી પણ કહી શકાય નહી સત્ય, જ્ઞાત તથા કર્તૃત્વ એ બધાએ બ્રહ્મના ધર્મો છે. તેથી જેમ સત્ય, જ્ઞાન વગેરેને આપણે પ્રાપચિંક ધર્મો ગણાતા નથી. તેમ કર્તૃત્વ પણ પ્રાપચિંક ગણી શકાશે નહિ.

૩. તેમ છતાં જો એમ કહેવામાં આવે કે બ્રહ્મ તો નિધર્મક છે તો પછી સામાનાધિકરણ્ય સંભવી શકેજ નહિ. સત્ય, જ્ઞાન વગેરે બ્રહ્મના ધર્મો નથી એમ જો દલીલ કરવામાં આવે તો તે વ્યાજબી નથી. તેમ માનવાથી સામાનાધિકરણ્ય જ સંભવે નહિ. એક ધર્મોનો અનેક ધર્મ સાથે સંબંધ હોય તો જ સામાનાધિકરણ્ય ત્યાં છે એમ આપણે કહી શકીએ. દાખલા તરીકે એમ કહેવામાં આવે કે આ કમળ સુંદર અને શ્યામ છે તો ત્યાં એમ સમજવું કે સુંદરતા વગેરે ધર્મોના ભેદથી જ સામાનાધિકરણ્ય કમળ સાથે કર્યુ છે. તેમ અહિંયા પણ સત્ય, જ્ઞાન અને અનંત બ્રહ્મના ધર્મો સ્વીકારી લીધા તો બ્રહ્મને નિધર્મક કદી પણ કહી શકાશે નહી. પછી જેમ સત્ય વગેરે ધર્મો બ્રહ્મમાં છે તેમ કર્તૃત્વ પણ છે. આથી બ્રહ્મ નિધર્મક નથી, એવી સહજ પ્રતીતિ કરી શકીશું.

૪. બ્રહ્મને જગતનું કર્તૃ કહેવાથી આ કર્તૃત્વ સંસારિ ધર્મ બનતું નથી. સંસારમાં કર્તૃત્વ દેહના અધ્યાસથી બને છે તેમ આ નથી. બ્રહ્મનું કર્તૃત્વ અલૌકિક છે.

સૂત્રમાં अस्य શબ્દથી ''આનું'' એવો અર્થ કરીને '' આ જગતનું'' એવો નિર્દેશ કર્યો છે. તેથી પણ સમજાય છે કે બ્રહ્મને જ આ જગતને રચ્યું છે. તેજ એની ઉત્પત્તિ સ્થિતિ અને નાશ કરે છે. આમ કરવામાં કોઈ પ્રયાસ બ્રહ્મને કરવો પડતો નથી. તેથી તે કર્તૃત્વ લૌકિક ન જ ગણી શકાય. 'असदेवेदमग्र आसीन्नासदासीन्नो सदासीद् '' એ વાકયમાં સત્યત્વ વગેરેનો નિષેધ કર્યો છે. તે લૌકિક સત્યત્વનો છે. જો બ્રહ્મમાં રહેલા અલૌકિક સત્યત્વ વગેરેનો પણ નિષેધ કરે તો બ્રહ્મનું જ્ઞાન જ સંભવી શકે નહિ.

૫. સ્મૃતિ વાકયોથી પણ બ્રહ્મના કર્તૃત્વની પ્રતીતિ થઈ શકે છે. '' હરિ કર્તા અને કારયિતા છે'' એવા પ્રમાણો ભાગવત તથા ગીતામાં છે.

૬. બ્રહ્મમાં જે કર્તૃત્વનો સંબંધ કરવામા આવે છે તે અધ્યારોપથી છે એમ પણ કહી શકાશે નહી. અર્થાત ખરી રીતે તે કર્તૃત્વ બ્રહ્મમાં નથી પણ બીજામાં હોય છે. પણ તેનો આરોપ બ્રહ્મમાં કર્યો છે. આ દલીલ ઠીક નથી. જો આરોપવાદને ઘડીભર પણ માની લેવામાં આવે તો પછી ખરી રીતે તો કર્તૃત્વ કોનામાં છે તે કહેવું જોઈએ. તે પ્રકૃતિમાં, અગર જીવમાં હોવું જોઈએ. પણ પ્રકૃતિ જગતનું કારણ છે. એ માની શકાતું નથી. કારણ કે આગળ તેનો નિષેધ કરવામાં આવ્યો છે. ત્યાં જણાવવામાં આવશે કે કર્તૃત્વ એ ચેતનનો ધર્મ છે. જડનો નહિ. પણ પ્રકૃતિ તો જડ છે. તેથી

સાંખ્યવાદીઓ પ્રકૃતિને જગત કર્તૃ કહે છે. એ ઠીક નથી. જીવને પણ જગતનું કર્તા કહી શકાય નહી. કારણ કે જે કોઈ કર્તા છે તે સ્વતંત્ર હોય છે. તે બીજા ઉપર આધાર રાખતો નથી. પણ જીવ એ સ્વતંત્ર નથી. એટલે તે જાતે કંઈ પણ કરી શકે નહિ. ઈન્દ્ર વગેરે બીજાઓ પણ કર્તા ન હોઈ શકે : કારણ કે તે બધાઓનો સમાવેશ જીવોમાં હોય છે આ રીતે જીવ કે જડ પ્રકૃતિના કર્તૃત્વનો નિષેધ થયો. આ બન્નેના નિષેધથી બીજા કોઈનું પણ કર્તૃત્વ હોય શકે નહી માટે જો કર્તૃ તરીકે કોઈને ગણવું હોય તો તે બ્રહ્મ જ છે એમ માનવું પડશે.

બ્રહ્મ જ કર્તૃ જ કેવલ નથી. પણ ભોક્તૃ પણ છે. જેમ કર્તૃત્વમાં કોઈ પણ બાધ આવતો નથી. તેમ ભોકતૃત્વમાં પણ આવતો નથી. અર્થાત બ્રહ્મ જેમ જગતના કરનાર છે તેમ પોતાની ઉત્પન્ન કરેલી વસ્તુઓને ભોગવનાર પણ છે.

આ પ્રકારે બ્રહ્મના જગત્કર્તૃત્વના સિધ્ધાંતનું સ્પષ્ટીકરણ કરીને ભાષ્યકાર સૂત્રનો અર્થ કરી બતાવેલ છે.

સૂત્રનો પ્રથમ શબ્દ સમાસરૂપે છે. તે શબ્દ "જન્માદિ" છે. આ સમાસને એતદ્ગુણ સંવિજ્ઞાન બહુવ્રીહિ કહે છે. બહુવ્રીહિ સમાસ અન્ય શબ્દના વિશેષણ તરીકે આવે છે અને તેના બે પ્રકાર છે. (૧) તદ્ગુણ સંવિજ્ઞાન અને (૨) એતદ્ગુણ સંવિજ્ઞાન, અતદ્ગુણ સંવિજ્ઞાનમાં અવયવવાચક શબ્દ હોય છે. અહિંયા "આદિ" શબ્દ અવયવના અર્થમાં આવેલો છે. સમાસ છોડતાં "જન્મ જેમનો આદિ–પ્રથમ અવયવરૂપ છે તેવા બ્રહ્મ એવો અર્થ નીકળે છે. અર્થાત્ સૃષ્ટિ વખતે જેમાંથી જગતનો પ્રથમ આવિર્ભાવ છે તે અથવા આદિનો અર્થ અવયવ વાચક નહિ લેતાં "વગેરે" એટલે તેના જેવા બીજા ભાવવિકારોના અર્થમાં છે. તેથી જન્મ, અસ્તિત્વ, વિપરિણામ, વૃધ્ધિ, અપક્ષય, અને નાશ એ છ ભાવ વિકારોનું ગ્રહણ તેનાથી થાય છે. જો કે આદિ શબ્દનો અર્થ ઉભયત્ર સંબંધ ધરાવે છે તો પણ છ ભાવવિકારમાં લક્ષણા કહેવી શકય છે. તો પણ જન્મના શબ્દ અહિંયા આપેલો હોવાથી બાકીના પાંચ ભાવવિકારોને લક્ષણાથી જણાવે છે. કારણ કે જન્મની પહેલા પાંચ ભાવિકારોનો અભાવ હોવાથી આશ્રય વગર તેની સ્થિતિ બનતી નથી. એટલે જન્મની પહેલાં કોઈ પણ ભાવવિકાર નથી.

બાકીના ભાવવિકારો પૂર્વે અમૂક તેમનો આધાર હોય છે. અસ્તિત્વપૂર્વે જન્મ, વિપરિણામ પૂર્વે અસ્તિત્વ, વૃધ્ધિ પૂર્વે વિપરિણામ, અપક્ષય પૂર્વે વૃધ્ધિ અને નાશ પૂર્વે અપક્ષય, પણ

જન્મ પૂર્વે કોઈ પણ ભાવવિકાર નથી. માટે આદિ શબ્દ પછીના જન્મ સિવાયના બીજા ભાવવિકારનો ઉપલક્ષક છે. જગતના જન્મ તથા અન્ય ભાવવિકારો જેમાંથી છે તેવું બ્રહ્મ, એવો અર્થ થાય છે. અથવા ગમન તથા પ્રવેશના ભેદથી "જન્મ આદિ જેમનો છે" એવો પણ અર્થ છે. આ રીતની મર્યાદા સૃષ્ટિના પ્રકારથી તદગુણ સંવિજ્ઞાન પક્ષને આશ્રય કરીને કરવામાં આવે છે. " જેમાંથી આ ભૂતો ઉત્પન્ન થાય છે. જેનાથી ઉત્પન્ન થયેલા જીવે છે. જેમાં ગમન કરે છે અને એમાં પ્રવેશ કરે છે" એ શ્રુતિવચનમાં ગમન અને પ્રવેશનો ભેદ દેખાડયો છે.

ગમન એટલે આવિર્ભાવરૂપની ઉત્પત્તિ અને પ્રવેશ એટલે ભંગ. તેમના ભેદથી " જન્મ આદિ છે જેમનો " એવો સમાસ થાય છે. ઉપરની શ્રુતિમાં જન્મ, જીવનગમન અને પ્રવેશ એમ ચારના નામ છે. આ ચારને માટે અહિંયા જન્માદિ શબ્દ છે. એ આમાં આદિ શબ્દથી જન્મ સિવાયના બીજા પણ જીવન, ગમન અને પ્રવેશનું સૂચન આથી શ્રુતિમાં જે જન્મ, જીવન, ગમન અને પ્રવેશ કહેવામાં આવેલ છે તે ચારના પણ ગ્રહણને માટે "જન્મ આદિ જેમના થાય છે" એવા સમાસના વિગ્રહથી એ ચારેનું કર્તૃ બ્રહ્મ છે. એમ સાબિત થાય છે. એ ચારનું કર્તૃ બ્રહ્મ છે એવો બોધ કરવાને માટે ભાષ્યમાં " જેમના યેષામ્ " એવા બહુવચનનો પ્રયોગ કર્યો છે. આ પ્રમાણે અર્થ ન લેતાં બીજી રીતે પણ અર્થ લઈ શકાય. અને તે અર્થથી કેવલ આકાશથી જ ઉત્પત્તિ સમજાય છે. જગતની ઉત્પત્તિ નહી. આ રીતે કેવલ આકાશના કર્તૃ તરીકે બ્રહ્મનું લક્ષણ થાય છે. અર્થાત્ બ્રહ્મ તે જ છે કે જેમાંથી આદ્ય કહેતાં પ્રથમ સૃષ્ટ પદાર્થ આકાશની ઉત્પત્તિ છે. "આદિ" શબ્દને બદલે "આદ્ય" શબ્દનો સૂત્રમાં પ્રયોગ થયેલો સમજીએ તો પછી આદ્ય કહેતા આકાશ જેની પ્રથમ ઉત્પત્તિ છે એવો અર્થ સમજતાં બ્રહ્મ એ આકાશનું ઉત્પત્તિનું કારણ છે અને જગતની ઉત્પત્તિનું નહિ એવું બ્રહ્મનું લક્ષણ બાંધવું ઘટે. કારણ કે શ્રુતિમાં "આ આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું " એમ કહયું છે. પણ ત્યાં આત્મા એટલે આપણે જીવ સમજવાનો નથી. કારણ કે બ્રહ્મ પરત્વે તેની સંભાવના શકય છે. શ્રુતિઓમાં બ્રહ્મનું કર્તૃત્વ બે પ્રકારે જણાવેલું છે. જગત્ના કર્તૃ તરીકે અને આકાશાદિના કર્તૃ તરીકે. આકાશાદિના કર્તૃત્વનો પ્રકાર ક્રમસૃષ્ટિમાં આવે છે. આ રીતે બે પ્રકારો સૃષ્ટિ વાકયોના હોવાથી, તે ઉભય પ્રકારનું કર્તૃત્વ બ્રહ્મમાં છે. એમ જણાવવાનું તાત્પર્ય આ સૂત્રમાં છે. આથી આ ઉભય રૂપે સૃષ્ટિની ઉત્પત્તિ સંભવી શકે છે. તેથી આ સઘળા પ્રકારોનું સૂચન અહિંયા "जन्माद्यस्य" શબ્દથી કર્યુ છે. જન્માદિ એટલે જન્મ, અસ્તિત્વ, વિપરિણામ વગેરે છ ભાવવિકાર સમજો, અગર જગત્નો જન્મ, સ્થિતિ અને લય, અગર જન્મ, જીવન, ગમન સમજો તો પણ

તે અર્થયુકત છે. અર્થાત્ બ્રહ્મમાંથી આ રીતે સર્વ કઈ સંભવે છે. એટલે અહિંયા જગત્ની ઉત્પત્તિના વર્ણનદ્વારા બ્રહ્મનું કાર્ય લક્ષણ દેખાડયું અથવા જો બીજો અર્થ કરવો હોય તો 'जन्म आद्यस्य'' એમ શબ્દનો વિગ્રહ કરવો. આદ્ય એટલે પ્રથમ અર્થાત્ પ્રથમ વસ્તુનો જન્મ જેમાંથી છે એવું બ્રહ્મ– બ્રહ્મમાંથી પ્રથમ આકાશ ઉત્પન્ન થયું એ બાબતનો અહિંયા ઉલ્લેખ કર્યો છે. એ અર્થ પણ જણાવ્યો. પ્રથમના ત્રણ અર્થો જમાં '' જન્મ આદિ જેમના'' કહીને 'જેમના' શબ્દથી બહુવચનનો પ્રયોગ કર્યો હતો અને પછીમાં આદ્યનો જન્મ જેમાંથી છે. '' એમાં એકવચનનો પ્રયોગ કર્યો છે. તેમાં આ બન્નેમાં ફેર એટલો છે કે બીજા અર્થમાં ક્રમસૃષ્ટિથી બ્રહ્મનું લક્ષણ આપ્યું છે. ''જેમાંથી येषाम्'' પદથી બ્રહ્મને અધિકૃત કર્યુ છે, માટે જેમાંથી આ જન્મ વગેરે થાય છે તે બ્રહ્મ છે એવો અર્થ ફલિત થાય છે. આ કર્તૃત્વ કોનું છે એમ કોઈનેં શંકા થાય તો તેના ઉત્તરમાં બ્રહ્મ એવો અર્થ જ છે, તે અહિંયા અધ્યાહાર છે એમ સમજવું નહિ. કારણ કે શ્રુતિઓમાં બ્રહ્મને જ કર્તૃ કહયું છે. તેથી આ સૂત્રમાં તે પ્રમાણે જણાવ્યું છે.

શાસ્ત્રમાં જે યોનિ–કારણ છે તે શાસ્ત્રયોનિ છે અર્થાત્ બ્રહ્મને શા માટે જગતના જન્મ વગેરેનુ કારણ ગણો છો એમ કોઈને શંકા થાય તો તેના ઉત્તરમાં આ સૂત્રમાં કહે છે કે, તે વિષે શાસ્ત્રમાં કહયું છે. સૂત્રકાર પોતે ગમે તે રીતે બ્રહ્મનું લક્ષણ પોતાની મરજી પ્રમાણે આપતા નથી. પણ પોતે જે કંઈ કહે છે તેના સમર્થનમાં જણાવે છે કે બ્રહ્મ કારણ છે એ હકીકત શાસ્ત્રમાં પણ કહી છે. શાસ્ત્ર શબ્દનો અર્થ જે શાસન કરે છે તે એવો થાય છે અને અહિંયા વેદ તે જ શાસ્ત્ર છે. અહિંયા વેદ શબ્દનો પ્રયોગ નહિ. કરતાં શાસ્ત્ર એવો સામાન્ય પદનો જે પ્રયોગ કર્યો છે તેનું પ્રયોજન પૂર્વકાણ્ડમાં જે પૂર્વ સૃષ્ટિના વાકયો છે તેનો પણ સમાવેશ થાય છે.

પણ અહિંયા કેટલાક એવો પક્ષ કરે છે આ આખું સૂત્ર એક નહિ સમજતા બે સૂત્રો અહિંયા છે એમ સમજવું જોઈએ. પહેલું સૂત્ર जन्माद्यस्य यतः અને બીજું સૂત્ર शास्त्रयोनित्वात એમ સમજવું. પ્રથમ સૂત્રમાં જગતની ઉત્પત્તિ વગેરે જણાવ્યાં છે. માટે તેમાં બ્રહ્મના રૂપનું–રૂપલલીલાનું વર્ણન છે. અને શાસ્ત્રમાં બ્રહ્મની નામ લીલાનું વર્ણન છે. તેથી પછીના ભાગમાં નામલીલાનું – નામાત્મક સૃષ્ટિનનું કર્તૃ પણ બ્રહ્મ છે એમ ત્યાં જણાવે છે. અર્થાત રૂપસૃષ્ટિ અને નામસૃષ્ટિનું જુદાપણું દેખાડવાને અને તે બન્નેના કર્તા બ્રહ્મ છે એમ જણાવવાને અહિંયા બે સૂત્રો છે. શંકરાચાર્ય આ મતને સ્વીકારે છે. પણ તે યોગ્ય નથી. નામ લીલાને જુદી વર્ણવી, તે યોગ્ય નથી કારણ કે તે પણ પ્રપંચની મધ્યમાં છે. માટે આ બે સૂત્રો જુદા પાડવાની જરૂર નથી, પણ તે એક છે એમ ગણવું.

શકરાચાર્ય રૂપપ્રપંચ અને નામ પ્રપંચ એ બન્નેના યોગ વિભાગથી તે ઉભયના કર્તૃત્વની પ્રતિજ્ઞા, કરીને પછીના સમન્વપાદ સૂત્રોમાં હેતું આપેલા છે. તેવું કહે છે. અન્વયની સિધ્ધિ માટે "योनित्वात" માં છેલ્લા અત્નો અર્થ જે વ્યાપે છે તે "अत्" કહીને શાસ્ત્રમાં યોનિત્વને જ પ્રાપ્ત થાય છે તે બ્રહ્મ અર્થાત્ બ્રહ્મ નામ સૃષ્ટિના કર્તા છે. એવું જણાવ્યું છે. શાસ્ત્રમાં બ્રહ્મને યોનિત્વ(કારણ) પ્રાપ્ત કરનાર એવું કહયું છે. એવો અર્થ કરે છે.

આવો અર્થ શંકરાચાર્ય કરે છે, પણ સૂત્રકારને આ અર્થ સંમત નથી. તે આ સૂત્રનાં બે સૂત્રો છે એમ સમજતા જ નથી, તો પછી આવી અર્થની ખોટી કલ્પના કરવાનું પ્રયોજન શું?

બ્રહ્મ જગતનું કર્તૃ છે તેમાં આ સંદેહ છે. પ્રતિવાદી સિધ્ધાંન્તીની શંકા કરે છે કે શાસ્ત્રમાં એટલે વેદમાં કહયું છે. બ્રહ્મ જગતનું કર્તૃ છે. માટે જગતની ઉત્પત્તિ વગેરે બ્રહ્મમાંથી થાય છે એમ જો કહેતા હોય તો તમામ વેદ પ્રમાણ છે તેવુ શાસ્ત્ર (વેદ) તરીકે આપી શકાશે નહિ કારણ કે તે બધો વેદ પ્રમાણ રૂપ નથી. વેદના પૂર્વકાણ્ડ અને ઉત્તરકાણ્ડ એમ બે વિભાગ છે. તેમાં પૂર્વકાણ્ડમાં તપ, યજ્ઞ, વગેરેથી યુકત પ્રજાપતિ વગેરેને પણ જગતના કારણ જુદા જુદા ઉપાખ્યાનોમાં માનેલા છે. તો બધો વેદ પ્રમાણ તરીકે આપી શકાશે નહિ.

બ્રહ્મ એ મુખ્ય કારણ છે અને પ્રજાપતિ વગેરે ગૌણ કારણ છે. જેમ કોઈ રાજા પોતાના નોકરો પાસે અમૂક કામ કરાવે છતાં રાજાને ગૌણ રીતે કામ કરનાર સ્વીકારવામાં અવો છે તે રીતે પ્રજાપતિ કારણ નથી. ઉત્તરકાણ્ડમાં બ્રહ્મને કર્તા પણ કહયા છે અને અકર્તા પણ કહયા છે. તેથી ત્યાં પરસ્પર વિરોધ જણાય છે તેમ સંદેહ પણ છે અને પૂર્વકાણ્ડમાં બ્રહ્મથી અતિરિકત પ્રજાપતિ વગેરેના કર્તૃત્વનું પ્રતિપાદન હોવાથી બ્રહ્મમાં જગતનું કર્તૃત્વ છે એમ સઘળા વેદથી સિધ્ધ થતું નથી. માટે "શાસ્ત્રમાં કહયું છે" એમ જે કહેવામાં આવે છે તે ખોટું છે એવું પૂર્વ પક્ષીનું હાર્દ છે.

વળી એ આગળ દલીલ કરે છે કે જો ઉત્તર મીમાંસા સંદેહનું નિવારણ કરે તો પણ બે પ્રકારના કર્તૃત્વ અને કર્તૃત્વાભાવના – નિર્ણયમાંથી એક પ્રકારનો નિર્ણય કરવામાં એક ભાગ અપ્રમાણ મનાય. પણ જો બન્ને કર્તૃત્વ અને કર્તૃત્વાભાવ સત્ય છે એવું સમર્થન કરવામાં આવ્યું છે. માટે ઉત્તરમીમાંસાનો વસ્તુતઃ વિરોધ નથી. તો પછી વ્યાસસૂત્રરૂપ શાસ્ત્રમાં તેના નિર્ણય માટે કરેલો પ્રયાસ પણ વ્યર્થ થશે. કારણ કે વેદના પ્રામાણ્યથી જ તેની સિધ્ધિ છે. બ્રહ્મ કર્તૃ છે એવું વેદનું પ્રમાણ હોય તો

પછી ઉત્તરમીમાંસા માટે જુદો પ્રયત્ન કરવાની જરૂર જ શી છે. વેદમાં બાધિત અર્થનું વચન નથી. વળી વેદાન્ત એટલે શું? વેદના અંગભૂત કે વેદ જાતે ? વેદના અંગભૂત તે ન હોઈ શકે, કારણ કે તેનો તે તરીકે ઉપયોગ નથી. આરંભ સિવાય વેદાન્ત વાકયોના અધ્યયન કરનારાનો કર્મની અંદર ઉપયોગિપણું હોય છે.અને તેથી પૂર્વમીમાંસાથી અર્થ સરતો હોય તો પછી ઉત્તરમીમાંસાની શી આવશ્યકતા છે? તેમજ ઉપનિષદની બ્રહ્મ વિદ્યાનો પણ ઉપયોગ રહેતો નથી. આથી વેદાન્ત એ વેદના અંગરૂપ નથી.

તેમ તે વેદ પણ નથી. કારણ કે વેદમાં જેમ યજ્ઞનું પ્રતિપાદન છે તેમ વેદાન્તમાં તેનું પ્રતિપાદન નથી. તથા જેમ વેદના મંત્ર તથા બ્રાહ્મણ એવા વિભાગો હોય છે તેમ વેદાન્તમાં નથી. માટે વેદ તરીકે માનવા છતાં પણ વેદાન્ત ઉપયોગ વગરના છે.

ઉપરની વેદાન્ત સામેની શંકાનું સમાધાન કરે છે. વેદાન્ત એ પણ વેદ જ છે. એ વેદનું એક અંગ છે. સ્વાધ્યાયનું અધ્યયન કરવું જોઈએ. એવું કહેવામાં આવે છે. તેમાં એને વિષે પણ અધ્યયન કહેલું છે તથા " અંગ અને ઉપનિષદ ઉત્તર સહિત વેદનું અધ્યયન કરીને તથા અધ્યાપન કરાવીને બ્રહ્મવર્ચસ્વી બ્રાહ્મણ બ્રહ્મના પદને પ્રાપ્ત કરે છે" એવી સ્મૃતિ પણ છે. સ્મૃતિમાં પણ વેદાન્તને વેદ કહયો છે. આખો વેદ અલૌકિક અર્થમાં પ્રમાણરૂપ છે. અને વેદનો તે અલૌકિક અર્થ – બ્રહ્મનું પ્રતિપાદન કરે છે. ભલે વેદાન્તમાં યજ્ઞ સંબંધી કોઈ પણ વર્ણન ન હોય, તેથી કંઈ વેદાન્તનું જતું રહેતું નથી, કારણ કે ઉપર કહયું તે પ્રમાણે વેદના મુખ્ય બે વિષયો છે – યજ્ઞ અને બ્રહ્મ. પૂર્વકાણ્ડમાં યજ્ઞ પ્રાધાન્યથી છે અને ઉત્તરકાણ્ડમાં બ્રહ્મ છે. ઉત્તરકાણ્ડ એટલે વેદાન્ત તેનો વિષય બ્રહ્મ છે. આથી તેમાં વેદત્વ નથી એમ ન કહી શકાય. એમ જો હોય તો પછી અતિપ્રસંગનો દોષ આવે.

ફકત જેટલા ભાગમાં યજ્ઞ છે તેટલા જ ભાગ વેદરૂપ છે એમ કહીએ તો પછી યજ્ઞ સિવાયના બીજા બધા વેદના વિષયમાં અતિપ્રસંગનો દોષ આવે, એટલે તે વેદરૂપ નથી એમ કબુલ કરવું પડે. માટે હોમ યજ્ઞ વગેરેનો વેદાન્તમાં સમાવેશ નથી. તો પણ તે વેદાન્ત વેદ જ છે એમ કહી શકાય. વળી જે એમ કહેવામાં આવે છે કે વેદના તો મંત્ર અને બ્રાહ્મણ ભાગ છે તેમ વેદાન્તમાં નથી. તો તે વિષે કહે છે કે, અહિંયા પણ તે છે જ. મંત્ર અને ઋચા કહેવાય છે. આ લક્ષણ વેદાન્તમાં હોવાથી ઉપનિષદ ઋચા છે. અર્થાત તેમાં પણ મંત્ર છે. વળી " બ્રાહ્મણ" પણ વેદાન્તમાં છે. બ્રાહ્મણનો અર્થ " બ્રહ્મના પ્રતિપાદક" એમ કરવામાં આવે છે. માટે બ્રહ્મનું પ્રતિપાદક જે જે વાકય હોય તે બ્રાહ્મણ જ છે. અને બ્રહ્મ પ્રતિપાદક વાકયોના અંગરૂપ ભાગ સૃષ્ટિ તથા ઉપાસના વગેરેનું પ્રતિપાદન કરે છે તે વાકયો

પણ બ્રહ્મનું માહાત્મ્ય જણાવતાં હોવાથી બ્રહ્મ વિષયક જ છે. એટલે તેને પણ આપણે બ્રાહ્મણ જ ગણવાં જોઈએ. જો કે જેમ પૂર્વકાણ્ડમાં "સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો જોઈએ" એવા વાકયમાં વિધિપ્રયોગ છે એવો વિધિ પ્રયોગ ઉત્તરકાણ્ડમા –વેદાન્તમાં બ્રહ્મ જગતનું કર્તૃ છે એવા પ્રકારના બ્રહ્મ જ્ઞાનની બાબતમાં જોવામાં આવતો નથી તો પણ એવું જ્ઞાન પરની પ્રાપ્તિ કરાવે છે માટે તે ફલ રૂપ છે. ભકિતરૂપ ફલના સંપાદન માટે તે છે. તેથી એમાં કોઈ પણ વિપરીતતા નથી. પૂર્વકાણ્ડમાં "યજ્ઞ" વિષય છે અને ઉત્તરકાણ્ડમાં (વેદાન્તમાં) " બ્રહ્મ" વિષય છે. આમ પ્રથમ કરતાં દ્વિતીય ભિન્ન છે. તેથી તેમાં કોઈ પણ દોષ નથી. ઉલટું વેદાન્તની આ રીતની વિલક્ષણતામાં એક ભૂષણ છે. બન્ને કાણ્ડો એકબીજાને ઉપયોગી છે. તેવો સાધારણ અર્થ જણાવવાને સૂત્રમાં શાસ્ત્ર શબ્દ પ્રયોજેલો છે. શાસ્ત્ર એટલે વેદ અને વેદથી આપણે પૂર્વકાણ્ડ અને ઉત્તરકાણ્ડ યજ્ઞ પ્રતિપાંદક બ્રાહ્મણો તથા વેદાન્ત વિષયક ઉપનિષદો બન્ને સમજવાના છે. બન્નેની એકબીજા તરફની ઉપયોગિતા છે. " જે વિદ્યાથી કરે છે." (છાં. ૧–૧–૧૦) " તેને જ વેદના અનુવચનથી બ્રાહ્મણો જાણવાની ઈચ્છા કરે છે." (બૃ.૪–૪–૨૨) વગેરે વાકયોથી સમજાય છે. કર્મકાણ્ડ–બ્રાહ્મણોમાં અને બ્રહ્મકાણ્ડ–જ્ઞાનકાણ્ડ ઉપનિષેદોમાં છે. પણ તે ઉભય બ્રહ્મની શકિતઓનું પ્રતિપાદન કરે છે. બ્રાહ્મણ ગ્રંથોમાં યજ્ઞનું વર્ણન કર્યુ છે. એટલે કર્મનું નિરૂપણ છે. આ કર્મ તે બ્રહ્મની ક્રિયાશકિત છે. આથી તેનું રહસ્ય ક્રિયાશકિત રૂપી ધર્મથી યુકત ધર્મી બ્રહ્મ તેનું નિરૂપણ કરવામાં છે. તેમ ઉત્તરકાણ્ડમાં– વેદાન્તમાં " બ્રહ્મ–જ્ઞાનનું નિરૂપણ હોવાથી તેનું રહસ્ય જ્ઞાનશકિતરૂપી ધર્મથી યુકત ધર્મી બ્રહ્મ તેનં નિરૂપણ કરવામાં છે. ઉભયશકિતથી યુકત ધર્મી બ્રહ્મ એક જ છે. આથી ત્યાં કોઈ પણ પ્રકારનો વિરોધ નથી. માટે બ્રહ્મને શાસ્ત્રમાં (વેદમાં) જે કારણ કહયું છે તે બરાબર છે.

હવે આ સૂત્રના ઉપસંહારમાં ભાષ્યકાર કહે છે કે, કેટલાક એટલે નૈયાયિકો એમ માને છે કે આ સૂત્રમાં બ્રહ્મનું લક્ષણ આપેલું હોવાથી તે અનુમાનરૂપ છે. નૈયાયિકોના મતે લક્ષણ ઈતર પદાર્થથી જેનું લક્ષણ આપવાનું છે. તેના ભેદને સાધે છે. પૃથ્વી એટલે ગન્ધવતી એમ પૃથ્વીનું લક્ષણ આપવામાં આવે તો તેથી લક્ષણ આપનારનો હેતુ પૃથ્વી આ ભેદથી (ગન્ધથી) અન્ય પદાર્થોથી ભિન્ન છે. એમ જણાવવાનો છે. તે રીતે અહિંયા બે અનુમાનો છે અને તે અનુમાનોથી ઈશ્વર એ જગતના કર્તા છે એમ સિધ્ધ થાય છે. અને તેથી બ્રહ્મનું સ્વરૂપ જીવ તથા જડથી જુદું છે. એમ અનુમાન પોતે કરે છે. બે અનુમાનોમાં એક અનુમાન જગત કાર્ય છે તે છે. " જગત કાર્ય છે. કારણ કે અવયવવાળું છે. ઘટ વગેરેની માફક". બીજુ અનુમાન જગતનુ કોઈપણ કારણ હોવું જોઈએ એ છે. જેમકે "જગતનું બુધ્ધિવાળું કારણ હોવું જોઈએ. કારણ કે તે કાર્ય છે. ઘટ વગેરેની માફક." વિજ્ઞાનેન્દ્ર ભિક્ષુ વગેરે બીજાઓ આમાં માત્ર

શ્રુતિનો અનુવાદ છે એમ કહે છે. ' જેમ શ્રુતિથી જગતના જન્મ વગેરેની કારણતા દર્શાવીને બ્રહ્મની સર્વજ્ઞતા વગેરે સિધ્ધ કરાય છે. તે પ્રમાણે તેની અનુસાર અનુમાનથી પણ તે સિધ્ધ થઈ શકે છે. એટલે અનુમાન શ્રુતિને અનુસરે છે. આ પ્રમાણે બન્ને જણાઓના મત ટાંકીને સિધ્ધાંતી તેમનું ખંડણ કરે છે. નૈયાયિક મત જો સ્વીકારીએ તો આ સૂત્રમાં વિષય વાકયજ નથી. ફકત લક્ષણજ કહયું છે. તેથી બ્રહ્મમાં અનુમાન જ પ્રમાણ છે. અને શ્રુતિનો સ્પર્શ સરખો પણ હોતો નથી. અર્થાત જગત્કર્તૃત્વ સિધ્ધ કરવાને અનુમાન પ્રમાણ જ લઈ શકાય છે અને તેની મદદથી તે સિધ્ધ કરાય છે. અનુમાન સિવાય શબ્દપ્રમાણ –વેદનો સ્વીકાર તે કરતા નથી. આથી બધાં શ્રુતિનાં વચનો મિથ્યા થઈ જાય. ભિક્ષુના મતને સ્વીકારીએ તો ત્યાં વિષય વાકય છે. પણ તે વગર કર્તૃત્વ રૂપ હેતુ જ્ઞાનના અભાવમાં અનુમાન બનશે નહિ. માટે અનુમાનનું ઉપષ્ટમ્ભક સૂત્ર છે. એવું ત્યાં રહસ્ય છે. એ મત પણ યુકત નથી. કારણ કે તે એમ માને છે કે " જેમાંથી આ ભૂત વગેરે ઉત્પન્ન થાય છે" વગેરે વાકયમાં બ્રહ્મનું કેવલ કર્તૃત્વ સમજાય છે. તેમાં એવું સમજાતું નથી કે તે બ્રહ્મ જગતના ઉપાદાન વગેરે કારણરૂપ છે. આવા જ્ઞાનના અભાવમાં ઈશ્વરની સર્વજ્ઞતા પણ સમજાશે નહી. તેથી શ્રુતિએ જણાવેલ કર્તૃત્વના હેતુથી બ્રહ્મ જગતનું ઉપાદાન કારણ વગેરે છે. તે સિધ્ધ કરવું જોઈએ. તેટલા માટે અનુમાન પ્રમાણનો આશ્રય લીધો છે. જેમ પર્વત ઉપર દેવતા છે કે નહિ તેનું જ્ઞાન કરવું હોય તો પ્રથમ ધુમાડો પ્રત્યક્ષ આપણે જોઈએ છીએ અને તે જોયા પછીથી ત્યાં ધૂમાડો છે એવા અનુમાન ઉપર આપણે આવીએ છીએ. તે જ પ્રમાણે શ્રુતિના શબ્દોમાં બ્રહ્મને કર્તૃ કહયું છે. તેથી તે વિષેનું જયારે આપણને જ્ઞાન શબ્દ દ્વારા થાય છે. ત્યારે જ પછીથી તે બ્રહ્મ સર્વજ્ઞ છે એવું અનુમાન આપણે કરી શકીએ એટલે તે અનુમાન શ્રુતિને અનુસાર હોય છે. અર્થાત બ્રહ્મનું કતૃત્વની બાબતમાં શ્રુતિનું જ પ્રમાણ છે અને તેની સર્વજ્ઞતાની બાબતમાં અનુમાન પ્રમાણ છે. પણ આ ભિક્ષુનો મત ખોટો છે. બ્રહ્મનું કર્તૃત્વ અગર સર્વજ્ઞતા એ ઉભય આપણને શ્રુતિઓમાંથી શબ્દ પ્રમાણથી જ સમજાય છે તેને માટે અનુમાનની જરૂર નથી. તે ઔપનિષદ પુરૂષ વિશે પૂંછું છું" બૃ.૩–૯–૨૬ તે વાકયમાં બ્રહ્મ કેવલ ઉપનિષદથી વેદ્ય હોવાથી, ઉપરના બન્ને મતો અનુમાન તથા અનુવાદના ખોટા છે. વળી પ્રમાણ વાકય નહિ જાણેલા અર્થને જણાવે છે. આવું પ્રમાણ તે અનુમાન નહિ પણ વેદજ છે. આથી એટલે જ સમજવાનું છે કે બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં વેદજ મુખ્ય છે. ત્યારે કોઈ શંકા કરે કે, મનન, નિદિધ્યાસન વગેરેથી પણ બ્રહ્મ જણાય છે. તો પછી તેમનું શુ? આના ઉત્તરમાં જણાવવાનું કે, મનન, નિદિધ્યાસન માત્ર વેદના શ્રવણના અંગ હોવાથી તે શ્રવણ કરેલા વિષયમાં કોઈપણ સંદેહ હોય તો તેનુ નિવારણ કરે છે. એટલે તે માત્ર ગૌણ છે મુખ્ય નહિ.

# :: પ્રથમ અધ્યાયના પ્રથમપાદમાં ત્રીજું સમન્વયાધિકરણ ::

<u>વિવેચન :</u>

જો બ્રહ્મને જગતનું આ કર્તૃત્વને સ્વીકારવામાં આવે તો તે કેવા પ્રકારનું ગણવું. એક વસ્તુ બીજાની કારણ હોય તો તે જુદી જુદી રીતે હોઈ શકે છે. ઘટ એ કાર્યનું કારણ તપાસવા બેસીએ તો માટી જેમ કારણ છે તેમ ઘટ બનાવનાર કુંભાર, ચક્ર, દંડ વગેરે પણ કારણ ગણવાના છે. પણ માટી જે કારણ છે તેમાં અને કુંભાર, ચક્ર, દંડ જે કારણ છે તેમાં મોટો ફેર છે. માટી કારણ એટલા માટે છે. કે તેના વગર ઘટ બની શકે જ નહિ. ઘટકાર્ય તે માટી જ છે. પણ તે માટીનું અમૂક રૂપ છે. ઘટપૂર્વેની અવસ્થામાં તે માટી જુદા રૂપે હતી. છતાં પણ ઘટની અવસ્થામાં પણ તેજ માટી છે. જો માટી ન હોય તો ઘટનું અસ્તિત્વજ સંભવી શકે નહી. તેથી તે ખાસ કારણ છે. કુંભાર–ચક્ર વગેરે પણ તે ઘટની ઉત્પત્તિમાં સહાયભૂત છે. અને તેમની સહાયથી ઘટ ઉત્પન્ન થાય છે. માટે તેમની ગણના પણ કારણમાં છે. આમ છતાં આ બે પ્રકારનાં કારણો એકબીજાથી ભિન્ન પ્રકારના છે. માટીને સમવયી કારણ કાર્યમાં અનુસ્યુત થાય છે. તેથી નિરાળું રહીને કાર્યને ઉત્પત્તિને સહાય કરનાર છે. લૌકિક દ્રષ્ટાંતોમાં સમવાયી અને નિમિત્ત કારણ હંમેશા જુદાં જ હોય છે. તે એક નથી. તો અહિંયા પ્રશ્ન થાય છે કે, બ્રહ્મને જગતનું કારણ કહેવામાં આવે છે. તો તે કેવા પ્રકારનું કારણ કહેવું સમવાયી અગર નિમિત્ત અગર બન્ને ?

આ પ્રશ્ન વિશે પૂર્વપક્ષી એવી દલીલ કરે છે કે બ્રહ્મ બે માંથી એક જ પ્રકારનું કારણ હોઈ શકે નહિ, જો એમ હોય તો તેની ક્રિયા શકિત અને જ્ઞાન શકિત ઉભયનો ભંગ થઈ જાય. બ્રહ્મ જગતનું કર્તૃજ છે એમ જો કહો તો બ્રહ્મ જ્ઞાન છે. એવું જયાં વેદાન્તમાં કહયું છે તે ખોટું ઠરે. મૃતિકા વગેરેની માફક તેની પણ સાધારણતા મનાય, અન્ય મતની માફક "જેમાંથી આ ભૂતો ઉત્પન્ન થાય છે" (તૈ.૩–૧) વગેરે વચનોથી બ્રહ્મની કર્તૃતા નિઃસંદેહ રીતે સંભળાય છે. ત્યાં "આત્મામાંથી" સૃષ્ટિની ઉત્પત્તિ કહી છે. આથી આત્મા એ નિમિત કારણ છે. એમ પંચમી વિભકિતના પ્રયોગથી જણાય છે. આથી બ્રહ્મ ઉપાદાન (સમવાયી) કારણ શી રીતે મનાય? બ્રહ્મને સમવાયી ગણવાની કલ્પનામાં કોઈ પણ પ્રમાણ જ નથી. એટલું જ નહી પણ તેમાં ખાસ શંકાને સ્થાન રહે છે. સિધ્ધાંન્તી સૂત્રનો અર્થ કરીને પોતાનો મત દર્શાવે છે. સૂત્રમાં "તુ તો " પ્રત્યય યોજીને તેથી પૂર્વપક્ષની વ્યાવૃત્તિ કરે છે. જો કેબ્રહ્મને નિમિત્ત કારણ શ્રુતિમાં કહેલું છે તો પણ અન્ય મતનું નિરાકરણ કરતાં આગળ ઉપર તે કહેવામાં આવશે.

તે બ્રહ્મ સમવાયી જ કારણ છે. શાથી? તો કહે છે કે સંપૂર્ણ રીતે તે કાર્યમાં જગતમાં અનુવૃત્ત છે. અસ્તિ,ભાતિ, પ્રિય, સત્, ચિત્ અને આનન્દરૂપથી તેનો અન્વય છે. નામ અને રૂપ એ કાર્ય છે, જેને પ્રકૃતિ કહેવામાં આવે છે તે પણ બ્રહ્મના અંશ છે. અને નાનાત્વની પ્રતીતિ તેબ્રહ્મની ઈચ્છાથી છે. ''હું એક છું અને બહુ થાવું '' એ શ્રુતિમાં આ ઈચ્છા દેખાડી છે. અને તે ઈચ્છાથી જડ જીવ અને અન્તર્યામિમાં જ એક એક અંશનું પ્રાકટય છે. જેમ સદ્રુપ બ્રહ્મમાં ઘટ પદાર્થનું નામ તેના આકાર તથા વાયુ વગેરેથી સ્પન્દનરૂપ ક્રિયા એ ત્રણે છે. અર્થાત્ એક જ બ્રહ્મ ઘટના નામ, આકાર તથા ક્રિયામાં વ્યાપેલા છે. તેમ જડ, જીવ અને અન્તર્યામિમાં બ્રહ્મનો આવિર્ભાવ છે. આ ત્રણેમાં બ્રહ્મના અમૂક અંશનું પ્રાકટય છે. બ્રહ્મના ચિત્ અને આનન્દ ધર્મોમાંથી સંદેશનું પ્રાકટય તે જગત્ છે. ચિદંશ તે જીવ છે અને પરિચ્છિન્ન આનંદાંશ તે અક્ષર અગર અન્તર્યામી છે. બ્રહ્મની આવિર્ભાવ અને તિરોભાવ બે શકિતઓ છે. આવિભાર્વથી જગત્ની ઉત્પત્તિ છે અને તિરોભાવથી તેનો પાછો તેમાં લય થાય છે. જે માયાવાદીઓ એમ કહે છે કે જગતની ઉત્પત્તિ માયાથી છે. તેની સામે સિધ્ધાંત્તી અહિંયા સ્પષ્ટ કહે છે કે માયાનો જગતની ઉત્પત્તિ સાથે કોઈ પણ સંબંધ નથી. બ્રહ્મને જયારે જગત ઉત્પન્ન કરવાની ઈચ્છા થાય છે. ત્યારે પોતાની આવિર્ભાવ શકિતથી પોતામાં તિરોહિત જગતને પ્રકટ કરે છે. એટલે મુખ્યત્વે કરીને ભગવાનની ઈચ્છા એ જ અહિંયા નિયામક છે. જે નૈયાયિકો એમ કહે છે કે જગતની ઉત્પત્તિનું કારણ પરમાણું વગેરે છે. તો તે વિશે પણ સિધ્ધાંન્તી ઈશારો કરે છે કે એ મત પણ ખોટો છે, કારણ કે પરમાણું વગેરેનો જગતની ઉત્પત્તિ સાથે કોઈપણ અન્વય (સંબંધ) નથી. અર્થાત જગતનું કર્તૃ બ્રહ્મ જ છે. પરમાણું અગર પ્રકૃતિ અગર માયા નથી. વળી લોકમાં જેમ સમવાયી કારણ જુદું હોય છે તેમ બ્રહ્મની બાબતમાં નથી. આ બન્નેકારણ રૂપે બ્રહ્મ છે. શ્રુતિમાં ''તેણે આત્માને પોતે ઉત્પન્ન કર્યો.'' (તૈ. ૨–૭) એ શ્રુતિ પ્રમાણે બ્રહ્મ નિમિત્ત તથા સમવાયિ કારણ છે એવું સિધ્ધ થાય છે. ''તેણે કર્યુ '' તે નિમિત્ત કારણ સૂચવે છે અને ''આત્માને'' જે કર્મ છે તે સમવાયિ કારણ છે. કારણ કે જે કંઈ ઉત્પન્ન થયું છે તે આત્મા જ છે. જે લોકો (શંકરાચાર્ય વગેરે) શાસ્ત્ર યોનિત્વમાં આવેલા પૂર્વપક્ષના નિરાસમાં આ સૂત્ર છે એમ કહે છે તે અહિંયા જણાવેલા પૂર્વ પક્ષવાદી અને સિધ્ધાંન્તી ઉભયને અસંમત છે. જૈમિનિએ ધર્મ જીજ્ઞાસાનું પ્રતિપાદન કરીને તે ધર્મના પ્રતિપાદક પૂર્વકાણ્ડનો સમન્વય કહયો છે પણ સમસ્ત વેદમાં ધર્મ જ જીજ્ઞાસા કરવા જેવો નથી. કારણ કે જૈમિનિમાં ગુરૂ વ્યાસે બ્રહ્મ જીજ્ઞાસાની પ્રતિજ્ઞા કરી છે. આથી બન્ને પ્રકારની જીજ્ઞાસાઓ માત્ર સંદેહનું નિવારણ કરે છે. તે કંઈ અલૌકિક અર્થના સાધન નથી. તેથી શાસ્ત્રયોનિ સાથે આનો સમન્વય કરી શકાય નહી. એટલે જ વાદી (શંકર) આ સૂત્રનો એવો અર્થ કરે છે કે '' ઉપરના

સૂત્રમાં બ્રહ્મની કારણતા શાસ્ત્રમાં કહેલી છે. કારણ કે તેનો સમન્વય છે, " તે અર્થ બંધ બેસતો નથી. અહિંયા બ્રહ્મની જીજ્ઞાસાની પ્રતિજ્ઞા કરી છે તે બ્રહમ વિશે થતાં સંદેહના નિવારણ માટે છે. નહિ કે કોઈ આલૌકિક અર્થના સાધન તરીકે. એમ જો હોય તો પછી વેદો અન્યને અધીન થઈ જશે, અને તેથી તો તેમનું પ્રામાણ્ય પણ નહિ રહે. વળી આવો જો અર્થ જણાવવો હતો તો પછી " વેદ જીજ્ઞાસા" એવો શબ્દપ્રયોગ "બ્રહ્મ જીજ્ઞાસા" ની જગ્યાએ કરવો જોઈતો હતો.

આ ઉપર વિશેષ વિવેચન કરતાં નીચે પ્રમાણે કારિકાઓ ભાષ્યકાર આપે છે. સઘળા યાગાદિ સાધન અને સ્વર્ગાદિ ફળનો બોધ શ્રુતિ સ્ફુટ રીતે કરે છે. તે બોધ જ કરે છે. પ્રવૃત્તિ કરાવતા નથી. જો પ્રવૃત્તિ કરાવે તો અનિષ્ટ સાધન, વિષભક્ષણ, યુધ્ધ, પાષણ્ડમત, વગેરેમાં મનુષ્ય કદી પણ પ્રવૃત્ત થાય નહિ. માત્ર જેથી પોતાનો લાભ થાય તેટલી જ પ્રવૃત્તિ કરે. અને એમ હોવાથી નરક પણ રહે નહિ. માટે શ્રુતિને પ્રવર્તક કહેવાય નહિ. માત્ર સર્વાત્મા હરિ જ પ્રવર્તક છે. શ્રુતિ માત્ર કર્મ તથા જ્ઞાનના સાધન અને ફલનો બોધ કરે છે, અને હરિ તે તે કર્મ તથા જ્ઞાનમાં પ્રવૃત્ત કરાવે છે. પૂર્વકાણ્ડમાં યજ્ઞ જ સ્વર્ગની સિધ્ધિ માટે પ્રતિપાદન કરેલો છે તેવું વેદના અભિજ્ઞ પુરૂષો માને છે. વળી શ્રુતિમાં તથા જુદા જુદા ઉપાખ્યાનોમાં ઋષિઓ, મંત્રો તથા વૈદિક કર્મો પણ જોવામાં આવે છે. તથા યજ્ઞની કૃતિનું પણ સંપાદન છે. આથી સત્ પુરૂષો જે દૈત્યાવેશથી રહિત છે તેમને તો વેદ સ્વઅર્થમાં (અલૌકિક અર્થમાં) પ્રમાણરૂપ છે.

"પ્રજાપતિએ કામના કરી કે ઉત્પન્ન કરૂં" તેણે આ અગ્નિહોત્ર મિથુનને જોયો." " પ્રજાપતિએ યજ્ઞોનું સર્જન કર્યુ" વગેરે વાકયોમાં કર્મનું પ્રતિપાદન સંભળાય છે. વળી ઉપાખ્યાનોમાં જે અર્થ જણાવ્યો છે તે મિથ્યા કહી શકાય નહી. ફકત બુધ્ધે જ વેદ ઉપર પ્રહાર કરવાની ઈચ્છાએ તે મિથ્યા છે એમ કહયું છે. બુધ્ધના અવતાર પહેલાં કોઈએ તેને મિથ્યા કહેવાની હિંમત કરી નહોતી. જો વેદને મિથ્યા કહેવામાં આવે તો તે પ્રમાણભૂત ગણી શકાય નહી. માટે સકળવેદનુ રહસ્ય કેવલ ક્રિયાપરત્વે છે. એવું જે પૂર્વમીમાંસાનું રહસ્ય નહિ જાણનારા કહે છે તે મૂર્ખ જ છે એમ સમજવું. જૈમિનિ તો વ્યાસ શિષ્ય છે અને વળી કર્મનું તત્વ જાણનાર છે. તેથી તે કદી પણ આવો અર્થ ગ્રહણ ન કરે, પણ આધુનિક તે મીમાંસાનું તાત્પર્ય નહિ સમજનારા, બુધ્ધિ વગરના જ એવો સાર ખેંચે છે. તેમ જેઓ એમ કહેશે કે વેદમાં ફકત બ્રહમજ્ઞાન જ છે અને કર્મ નથી, તો તેઓ પણ ઉત્તર–મીમાંસાનું રહસ્ય બિલકુલ સમજતા નથી. વેદનું રહસ્ય કર્મ અને જ્ઞાન ઉભય પરત્વે છે. બેમાંથી એકમાં જ ફકત નથી.

જ્ઞાનિઓ પણ કર્મ કરે છે. બાધિત હોવાથી તે ત્યાજય છે એમ નથી. બ્રહ્મ અને આત્માના જ્ઞાનવાળા વસિષ્ઠ વગેરેને જ યજ્ઞનો અધિકાર છે. કોઈ એમ નહિ કહી શકે કે આત્મજ્ઞાનથી મોક્ષ મેળવનારને યજ્ઞાદિ કરવાની જરૂર નથી. મોક્ષને માટે પણ યજ્ઞાદિની અપેક્ષા છે, કારણકે કર્મના ફલની માફક બ્રહ્મજ્ઞાનનું પણ લૌકિક ફલ સંભળાય છે. અત્યંત અવિદ્યાવાળો જો હોય તો તેને યજ્ઞનો અધિકાર નથી. તેથી તેમના નિષેધ માટે જ્ઞાનનો ઉપયોગ કરાય છે. આથી કર્મ અને જ્ઞાન ઉભય એક બીજાને મદદ કરે છે અને તેમ થવામાં કોઈપણ દોષ નથી. નિષ્કામ કર્મનું અનુષ્ઠાન કરવામાં આવે તો મોક્ષ થાય છે. અને સકામ હોય તો ત્રિવર્ગ તેનું ફલ છેઃ તેમ નિષ્કામ જ્ઞાનીને મોક્ષ મળે છે અને સકામને પ્રજાપશ્વાદિરૂપ ફલ મળે છેઃ કામ્યફલમાં પરસ્પર એ બીજાનો ઉપયોગ નથી. તેથી તે સ્વતંત્ર હોય છે. આવા પ્રકારના કામ્યકર્મનું ફલ ત્રિવર્ગ પુરૂષાર્થ હોય છે. આ રીતે ફલ હોવામાં બન્ને સ્વતંત્ર હોવાથી એક શાસ્ત્રતાની ગન્ધ પણ તેમાં નથી.

અહિંયા કોઈને શંકા થાય કે બ્રહ્મને કારણ ગણવામાં કોઈ પણ વાંધો નથી. ભલે બ્રહ્મ જગતનું કારણ હોય, પણ શા માટે સમવાયિ કારણ ગણવાનો આગ્રહ કરવામાં આવે છે?

**<u>બ્રહ્મની સમવાયિ કારણતા સામે શંકા :</u>**

જો સમવાયિ કારણ જ ગણવાનો આગ્રહ કરવામાં આવતો હોય તો તેથી મોટામાં મોટો વાંધો એ આવશે કે તેથી બ્રહ્મને આપણે વિકારવાળું માનવું પડશે, વળી એટલું જ નહિ પણ કાર્ય એટલ જગત અનર્થરૂપ મિથ્યા હોવાથી તે પણ અયુકત ગણાશે. માટે આવી રીતે બ્રહ્મને સમવાયિકારણ ગણાવીને આ સૂત્રનો આરંભ કરવો યુકત નથી. જે વાંધો શંકાકાર દેખાડે છે તે વ્યાજબી નથી.

**<u>સિધ્ધાંતીનો જવાબ :</u>**

ઉપનિષદોના સમાધાન વિષેનો છે. તેથી જો બ્રહ્મને સમવાયિ કારણ તરીકે પ્રતિપાદન ન કરે તો સમસ્ત ઉપનિષદ વિભાગ વ્યર્થ થાય.

શ્રુતિઓમાં "આજે સઘળું છે તે આત્મા છે" (બૃ. ૨–૪–૫–૪–૫૭) તે એક અને અદ્વિતિય છે. (છાં ૬–૨–૧) " વિકાર વાણીથી આરંભાયો છે. (છાં ૬–૧–૪) એવા વાકયોમાં

બ્રહ્મને સમવાયિ તરીકે નિરૂપેલું છે. એ વાકયો પ્રમાણે જો શ્રુતિમાં બ્રહ્મને સમવાયી સ્વીકારવામાં ન આવે તો તેમા બાધ આવે. માટે જ સૂત્રકારે આ સૂત્રમાં તેને સ્પષ્ટ કર્યુ છે.

આ સામે શંકાકાર દલીલ કરે કે વારુ, એમ જો હોય તો શ્રુતિઓમાં બ્રહ્મને સમવાયી કારણ કહયું છે. તેમાં કોઈપણ સંશય નથી. તો પછી શા માટે અહીંયા સૂત્રમાં સૂત્રકારે તે વિષે પ્રવૃત્તિ કરી છે?

આના ઉત્તરમાં પણ સિધ્ધાંતી જણાવે છે કે શ્રુતિઓમાં બે પ્રકારના વાકયો છે. કેવલ જણાવનારા જ નથી. કેટલાંક જેમ સગુણ બ્રહ્મવાચક છે તેમ નિર્ગુણ બ્રહ્મવાચક પણ છે. બ્રહ્મ અસ્થૂલ વગેરે છે એવું જણાવનારાં વાકયો પણ છે અને તે સર્વત્ર પ્રપંચ અને તેના ધર્મોથી બ્રહ્મની વિલક્ષણતાને જણાવે છે. આથી આ બે પ્રકાના વાકયોમાં મોટો પરસ્પર વિરોધ જણાતો હોવાથી, ખરી વસ્તુ શું છે. તે નિશ્ચિત રીતે જણાવી જોઈએ. તેમાં સ્વરૂપ લક્ષણની સરખામણીએ કાર્યલક્ષણ ગૌણ હોવાથી પ્રપંચરૂપ બ્રહ્મ એ ગૌણ છે એવી કોઈ શંકા ન કરે તેટલા માટે જન્માદિ સૂત્રનની માફક સમન્વય સૂત્રને પણ યોજાયું છે. સ્વરૂપલક્ષણ બ્રહ્મ એટલે સત્ય, જ્ઞાન તરીકે મુખ્ય છે અને કાર્યલક્ષણ જગતના કારણ તરીકે ગૌણ છે એમ જે કહેતા હોય તેમના તે ભ્રમને દૂર કરવાને સૂત્રકારે આ સૂત્ર યોજયું છે. એ ઉપરથી સૂત્રકાર એવું જણાવવા માગે છે કે જગતના કારણરૂપ બ્રહ્મ તે અસ્થૂલાદિ ગુણ યુકત જ છે. તે નિર્ગુણ બ્રહ્મ જ જગતનું કારણ છે. નિર્ગુણ બ્રહ્મ જગત રૂપ થવા છતાં તેમા કોઈ પણ વિકાર જોવામાં આવતો નથી. અસ્થૂલાદિગુણયુકત બ્રહ્મમાં કોઈ પણ વિકાર નજરે જોવામાં આવતો નથી. તેનું કારણ શું? તો કહે છે કે બ્રહ્મ એ સર્વ વિરૂધ્ધ ધર્મોનો આશ્રય છે. બ્રહ્મમાં જે જે ધર્મો છે તે બધા એક પ્રમાણના નથી. પણ બધી જાતના છે.

નહિ તો શ્રુતિમાં જયાં બ્રહ્મને "હાથપગ વગરનો હોવા છતાં તે ગ્રહણ કરે છે અને દોડે છે" એમ જે કહયું છે ત્યાં હાથ પગ નહિ હોવાનું માનીએ તો કોઈ પણ વસ્તુનું ગ્રહણ ન કરી શકે તથા દોડી બ્રહ્મનું વિરૂધ્ધ ધર્માશ્રયત્વ પણ ન શકે અને તેથી આપણને આ શ્રુતિ મિથ્યા છે એમ જણાય. પણ શ્રુતિ કદી પણ મિથ્યા અર્થને કહે નહિ. તેથી શ્રુતિના અર્થોને બરાબર સમજવા માટે, બ્રહમમાં ઉભય પ્રકારના ધર્મો છે તે આપણે કબૂલ રાખવું જોઈએ. અર્થાત તે વિરૂધ્ધ ધર્મોનું આશ્રય છે. તેથી સ્વરૂપ લક્ષણ બ્રહ્મમાં અને કાર્ય લક્ષણ બ્રહ્મમાં કોઈ પણ ભેદ નથી. એક પ્રકારનું બ્રહ્મ મુખ્ય છે. અને બીજા પ્રકારનું ગૌણ છે એમ કદી પણ કહી શકાય નહિ. કારણ કે જે કંઈ સૃષ્ટ પદાર્થ છે તે સઘળું બ્રહ્મ જ છે.

વળી જો બ્રહ્મ સિવાયના બીજા કોઈ પદાર્થને બ્રહ્મ સર્જે છે એમ જો આપણે માનીએ તો વૈષમ્ય અને નૈધૃણ્યના  નામના દોષો જણાશે. વૈષમ્ય એટલે વિષમતા – સૃષ્ટ પદાર્થોની ઉચ્ચ નીચ સ્થિતિ. કોઈ સુખી હોય અને કોઈ દુઃખી હોય એમ સૃષ્ટ જીવોની સ્થિતિમાં જે વિષમતા દેખાય છે તેનું કારણ બ્રહ્મ સિવાયની વસ્તુને કબુલવું પડે. તેમજ માનવું જોઈએ. નૈર્ધૃણ્ય એટલે ધૃણતા–દયાનો અભાવ તે પણ તે અન્ય પદાર્થમાં દોષ રૂપે જણાય. પણ બ્રહ્મ પોતે પોતાના રમણ માટે સ્વ ઈચ્છાથી સૃષ્ટિ રચે છે એવો સિધ્ધાંત માનવાથી આ વૈષમ્ય તથા  નૈર્ધૃણ્યનો દોષ પણ રહેશે નહી. જો આ વિશે કોઈ એમ કહે કે જીવના સુખ દુઃખ વગેરેનું કારણ કર્મ છે એમ માનો, અને બ્રહ્મ નિમિત્ત કારણ તરીકે સૃષ્ટિ રચે છે અને આ સૃષ્ટિ બ્રહ્મથી ભિન્ન છે તો આ કારણ પણ ટકી શકતું નથી. એ સ્વીકારવાથી બ્રહ્મ કર્મને આધીન છે એમ સ્વીકારવું પડે અને આથી બ્રહ્મના સ્વાતંત્ર્યમાં મોટામાં મોટો બાધ આવે છે. જો ઘડીભર એમ માનીએ કે કર્મને લીધે જીવનમાં સુખ દુઃખ વગેરે થાય છે અને તેથી વૈષમ્ય અને નૈર્ધૃણ્ય ટકશે નહિ. તો પછી બ્રહ્મ પણ અન્યને આધિન છે એવો સિંધ્ધાંત થઈ જાય. આ સિધ્ધાંતથી બ્રહ્મની મહત્તાનું જે જ્ઞાન છે તે પણ નષ્ટ થાય, આથી બ્રહ્મ જગતનું કર્તૃ છે એ સિધ્ધાંતનો ભંગ થાય.

અહિંયા પૂર્વપક્ષીને ફરીથી શંકા કરવાનું કારણ મળે છે. તે એમ કહે છે કે બ્રહ્મને જગત્કર્તૃ માનવાથી વૈષમ્ય અને નૈધૃણ્યના દોષો લાગશે એમ જે કહેવામાં આવે છે તેનું સમાધાન આ રીતે થઈ શકે શ્રુતિમાં બ્રહ્મને જે કર્તૃ તરીકે કહેવામાં આવે છે તે અપવાદને માટે જ છે. વસ્તુતઃ તો બ્રહ્મમાં કર્તૃત્વજ નથી. આથી વિરૂધ્ધ ધર્મોનું આશ્રય તેને જે કહેવામાં આવે છે તે પણ બંધ બેસતું નથી. જેમ ન જવાના રસ્તે કોઈ બાળક જતો હોય, અને ઘણું કહેવા છતાં પણ તે અટકતો ન હોય તો તેને ભય દેખાડવાને માટે દોરડી ત્યાં પડેલી હોય તેને જોઈને એમ કહેવામાં આવે કે, " જો જે ! આ સાપ અહિંયા છે માટે ના જઈશ." આ સાંભળતાની સાથે તે બાળક અટકી જાય છે, તેમ અહિંયા બ્રહ્મને જગતનું કર્તૃ કહયું છે. જો કે આ દાખલામાં વસ્તુતઃ દોરડી જ છે. અને સર્પની પ્રતીતિ મિથ્યા છે. તેમ વેદમાં જણાવેલું બ્રહ્મનું કર્તૃત્વ મિથ્યા છે. તેવા બ્રહ્મના જ્ઞાનથી વૈરાગ્ય ઉત્પન્ન થાય તે માટે તેવું કથન છે. વળી સ્મૃતિમાં "સર્વને વ્યાપે છે" (ભ.ગી.૧૧–૪૦) માં પણ બ્રહ્મ વ્યાપક છે એમ કહયું છે તે સમવાયી કારણ છે એવું ત્યાં જણાવ્યું નથી.

આ શંકાનો નિરાસ સિધ્ધાંન્તી ફરીથી કરે છે. બ્રહ્મની કર્તૃતાના વચન અપવાદ તરીકે છે. તેથી તે મિથ્યા છે એ કલ્પના યુકત નથી. જો એમ હોય તો બધું મિથ્યા છે અને ફકત બ્રહમજ

સત્ય છે.આથી જે કંઈ સૃષ્ટ પદાર્થ છે તેબ્રહ્મથી ભિન્ન છે એમ માનવું પડે અને તેથી પાખણ્ડીપણું થઈ જાય. કારણ કે જેઓ કાર્યને અસત્ય અને મિથ્યા ગણે છે તેઓ પાખણ્ડી છે. " જેઓ જગત અસત્ય છે, અપ્રતિષ્ઠ છે અનીશ્વર છે, સ્ત્રી અને પુરૂષના સંબંધ વિના ઉત્પન્ન થાય છે અને વળી કામ એજ પ્રાણીઓનું કારણ છે અન્ય નહિ એમ જ કહે છે તેઓ આસુર છે" (ભ.ગી.૧૬–૮)

જગતને મિથ્યા માનનારાના વાદમાં બીજું દુષણ શાસ્ત્રના આનર્થકયનું છે. પ્રપંચને મિથ્યા કહેવામાં આવે તો વેદાદિ શાસ્ત્રો પણ મિથ્યા થઈ જશે. તેમ સર્વ વસ્તુને મિથ્યા કહેવાથી સર્વ વેદાદિનો "સર્વમાં" સમાવેશ હોવાથી, તે પણ મિથ્યા ગણવા પડશે. બ્રહ્મ માં (છે એવું કહીને પોતાના જ માટે) અધ્યારોપ અને અપવાદનો આશ્રય કરીને જગત કર્તૃતાના સિધ્ધાંતને જ સમજાવવાનો પ્રયત્ન કરે છે. તેઓએ વેદાન્તના સ્વાસ્થયને કચડી નાખ્યું છે એમ જ માનવું પડશે. એથી તો સઘળાં વાકયોના અર્થનો બાધ આવે છે. બ્રહ્મમાં નિર્દોષ પૂર્ણ ગુણો છે.શાસ્ત્રો ચાર પુરૂષાર્થની સંપત્તિના બાધક છે અને વેદાન્ત શાસ્ત્ર મોક્ષ રૂપી પુરૂષાર્થને સિધ્ધ કરે છે. મોક્ષ એટલે અવિદ્યાની નિવૃત્તિ. અવિદ્યા એટલે અજ્ઞાન. તેનો નાશ મોક્ષ રૂપ પુરૂષાર્થ માટે ફકત જ્ઞાનથી જ થઈ શકે છે. આ પ્રમાણે જો અવિદ્યાની નિવૃત્તિમાં જ્ઞાન ઉપયોગી અવિદ્યા નિવૃત્તિ કરનાર હોય તો પછી વેદાન્તશાસ્ત્ર જેમાં જ્ઞાનનો ઉપદેશ છે તેમા અધ્યારોપ ( બ્રહ્મ જગતનું જ્ઞાન માટે અધ્યારોપ અને કર્તૃ નથી, પણ માયા વગરે છે અને તેનો આરોપ બ્રહ્મમાં કર્યો છે તે) અને અપવાદ અપવાદની આવશ્યકતા. સિવાય વ્યાખ્યાન કરી શકાશે નહિ. અવિદ્યાનું નાશ કરનાર જ્ઞાન જગત–કાર્ય મિથ્યા છે અને ફકત બ્રહ્મ જ સત્ય છે. આ જ્ઞાનમાં જેમ રજ્જુમાં સર્પનો આરોપ છે તેમ બ્રહ્મમાં જગત કર્તૃત્વનો આરોપ અને અપવાદ છે જ. આનાથી જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તે મોક્ષ રૂપ પુરૂષાર્થનું સાધક બને છે જ. આથી ત્યાં કોઈપણ દોષ નથી.

સિધ્ધાંતની આ શંકાનો ઉત્તર આપે છે. કોઈ પણ પુરૂષાર્થ અગર શાસ્ત્રના અર્થનું સ્વરૂપ ફકત શાસ્ત્રથી પૂરેપૂરી રીતે સમજી શકાય છે. મનુષ્યની બુધ્ધિથી તેની કલ્પના કરવાની નથી. માટે જે લોકો પોતાની બુધ્ધિ પ્રમાણે શાસ્ત્રની કલ્પના કરે છે. અને મરજીમાં આવે તે રીતે વેદને યોજે છે તેઓ મોટા સાહસિકો છે. અને તેથી સત્પુરૂષોએ તેમની ઉપેક્ષા કરવી જોઈએ. એવાની તરફ દુર્લક્ષ રહેવું જોઈએ. ખરો પુરૂષાર્થ શું છે તે વેદાન્તમાં આપેલું છે. વેદના ઉત્તરકાણ્ડમાં ઘણી શ્રુતિઓ છે. જેમાં આ પુરૂષાર્થ જણાવ્યો છે. " બ્રહ્મ જાણનારા બ્રહ્મ જ બને છે" (મુણ્ડ. ૩–૨–૯) તેની પુનરાવૃત્તિ થતી નથી. "(છાં. ૮–૧૫–૧) ભગવદ્ગીતામાં પણ તે જણાવનારૂં વચન છે. "પછીથી મને તત્વથી

જાણીને ત્યાર પછી તેમાં પ્રવેશ કરે છે." (ભ.ગી.૧૮–૫૫) આ બ્રહમસૂત્રમાં પણ બતે બાબત જણાવી છે, "શબ્દથી અનાવૃત્તિ છે, શબ્દથી અનાવૃત્તિ છે, " (બ્ર.સૂ.૪–૪–૨૨) આ બધી શ્રુતિ, સ્મૃતિ અને ન્યાયનાં વચનોથી બ્રહ્મને પ્રાપ્ત કરવું એ જ ખરો પુરૂષાર્થ છે. એમ નકકી થાય છે.

**તાત્ત્વિક મૂલ્યાંકન :**

બીજા સૂત્રમાં જણાવે છે કે તે બ્રહ્મ જગતનું કારણ છે. કારણ કે જગતની ઉત્પત્તિ વગેરે તેમાંથી હોય છે ; ત્યાર પછી કોઈને શંકા થાય કે બ્રહ્મ આવી રીતે જગતનું કારણ હોય તો બ્રહ્મમાં વિકાર સંભવે તો તેના ઉત્તરમાં જણાવવામાં આવે છે કે ના, તે બ્રહ્મ નિમિત્ત કારણ છતાં સમવાયી કારણ પણ છે. એટલે જગતમાં તે અનુસ્યૂત છે. વસ્તુતઃ જગત પણ બ્રહ્મનું કાર્ય સ્વરૂપ છે. જગત એટલે બ્રહ્મમાં વિકાર સમજવાના નથી.

(૩) **आत्मकृतेः परिणामात् श्च**[१६]

(બ્રહ્મ) પોતે જ પોતાને (જગદ્રૂપે) કરે છે (એ પ્રમાણે શ્રુતિમાં પ્રતિપાદન કરવામાં આવેલું છે) તેથી (બ્રહ્મ જગતનું સમવાયિકારણ છે); અને (બ્રહ્મ) કાર્યરૂપે પરિણામ પામે છે તેથી (બ્રહ્મ પોતે કર્તા અને કર્મ એ બંનેય છે; અર્થાત્ બ્રહ્મ નિમિત્તકારણ અને ઉપાદાન કારણ છે.)

(શંકા) અરે ! ''તે પરમાત્મા જ સર્વ ઉત્પન્ન કરે છે; તે જ રક્ષણ કરે છે અને નાશ કરે છે.'' (ભાગ. ૪.૧૧.૨૫) એ વાકયમાં પરમાત્મા જગતનો કર્તા જગતનું નિમિત્ત કારણ છે એ પ્રમાણે જણાય છે, તેથી આકાશાદિ વાકય (છા.૧.૯.૧) પણ ગૌણ થઈ જશે, (અર્થાત્ આકાશાદિ વાકયમાં વર્ણવેલું બ્રહ્મનું સમવાયિકારણત્વ ગૌણ થશે.)

(ઉત્તર) આ શંકાનું નિરાકરણ કરવાને માટે સૂત્રકાર કહે છે કે, **आत्मकृतेः**, બ્રહ્મ પોતે જ પોતાને કરે છે તેથી; ''તે બ્રહ્મ પોતે જ પોતાને (જગદ્રૂપે) કર્યું.'' (તૈત. ૨.૭) એ પ્રમાણે બ્રહ્મ પોતે જ કર્મ અને કર્તા બંનેય છે તેથી (બ્રહ્મ જગતનું નિમિત્ત અને ઉપાદાનકારણ છે.) અને ''તેથી તે બ્રહ્મે ઉત્પન્ન કરેલું જગત સુકૃત કહેવાય છે.'' (તૈત. ૨.૭) એ શ્રુતિમાં સુકૃત – સારી રીતે કરેલું – એ પ્રમાણે વચન હોવાથી બ્રહ્મે કરેલી જગતની ઉત્પત્તિ અલૌકિક છે; (અર્થાત્ બ્રહ્મ પોતે જગદ્રૂપે પરિણામ પામ્યું છતાં પણ પોતે અવિકારી રહે છે એ પ્રમાણે અલૌકિક પ્રકાર છે.)

આ પ્રમાણે છે છતાં પણ (અવિકૃત પરિણામવાદનું) જ્ઞાન આપવાને માટે સૂત્રકાર યુકિત આપે છે કે **परिणामात्**, (જગત્ બ્રહ્મનું) પરિણામ છે તેથી બ્રહ્મકાર્ય – જગત્રૂપે પરિણામ પામે છે. સુવર્ણ અ–વિકૃત જ કોઈપણ પ્રકારના ફેરફાર વિના જ પરિણામ પામે છે અને બીજા બધા સુવર્ણના જેવાં દ્રવ્યો પણ અવિકૃત જ પરિણામ પામે છે. (''હું બહું થાઉ, પ્રજા કરૂં'' એ શ્રુતિમાં, તૈ.ર.૬, જણાવેલી બહુભવનરૂપી) વૃધ્ધિ અલૌકિક હોવાથી તેજ વગેરેએ કરેલું ઈક્ષણ, જગતનું સમવાયિકારણ બ્રહ્મ હોય તો જ, ઘટે છે. (દૂધરૂપી પૂર્વ અવસ્થામાંથી દહીંરૂપી બીજી અવસ્થા થવી તેનું નામ વિકાર, અને આવો વિકાર બ્રહ્મની બહુ ભવનક્રિયામાં હોય છે તેથી બ્રહ્મ અવિકૃત રહીને જ પરિણામ પામે છે. એમ શી રીતે કહેવાય ? આ શંકાનું સમાધાન કરતાં ભાષ્યકાર કહે છે કે) બ્રહ્મની પૂર્વ અવસ્થાનો (બહુભવનરૂપે) જે ફેરફાર થાય તે તો, ''હું બહુ થાઉં'' (તૈ.ર.૬) એ કાર્ય પ્રતિપાદક શ્રુતિને અનુસરીને સ્વીકારવો જોઈએ. (અર્થાત્ દૂધ જયારે દહીંરૂપે પરિણામ પામે છે. ત્યારે તેમાં ગન્ધ, રૂપ વગેરેનો જે વિકાર, ફેરફાર થાય છે તે વિકાર બ્રહ્મને વિષે સ્વીકારવા જેવો નથી, પણ બહુભવનરૂપી વિકાર તો બ્રહ્મ વિષે સ્વીકારવામાં વાંધો નથી, કારણ કે શ્રુતિ પોતે જ તેનું પ્રતિપાદન કરે છે.) અને સૂત્રકાર પોતે જ આગળ ઉપર કહેશે કે, ''પણ શ્રુતિ છે તેથી; કારણ કે આ વિષયનો આધાર શ્રુતિ છે'' (બ્રહ્મસૂત્ર ૨–૧–૨૭) અને બીજા યુકિતમૂલક દૂષણોનો સૂત્રકાર પરિહાર કરશે. તેથી આ જગદ્રૂપી કાર્ય બ્રહ્મના પરિણામરૂપે છે, એટલે બ્રહ્મ જ જગતનું સમવાયિકારણ છે, એમ સિધ્ધ થયું.

**(૪) આનન્દમયને આનન્દનું હેતુ કહેલું છે માટે તેજ અવિકૃત બ્રહ્મ છે.** [૧૭]

સઘળા વિકારભૂત જે જે આનન્દો છે તે તમામનું કારણ આનન્દમય જ છે. જેમ વિકારવાળા જગતનું કારણ વિકાર વગરનું બ્રહ્મ છે તેમ સર્વ આનન્દોનું મૂળ કારણ પણ આનન્દમય છે.

**(૫) શ્રુતિ તથા સ્મૃતિથી સાક્ષાત રીતે બ્રહ્મ જ કારણ છે, પ્રકૃતિ ફકત ગૌણ કારણ બને.** [૧૮]

**પૂર્વ પક્ષી :** ભાગવત ૪–૧૧–૨૫ માં તેજ સઘળું સર્જે છે. તેજ રક્ષણ કરે છે, અને તેજ હણે છે એમ કહ્યું છે, આ વાકયમાં જે કર્તૃત્વની પ્રતીતિ થાય છે તે ઔપચારિક છે. જેમ કુંભાર ઘડો બનાવે છે. તેમાં કુંભાર ઘડાનો બનાવનાર છે. કંઈ કુંભારનો ઘડો બનેલો નથી. અર્થાત્ કુંભાર એ કારણ છે ખરું પણ તે નિમિત્ત કારણ છે; ત્યાં સમવાયિકારણ તરીકે મૃત્તિકા છે. કુંભાર જેવી રીતે નિમિત્ત કારણ છે તેવી જ રીતે જગત્ના બનાવનાર, સ્થિતિ કરનાર તથા લય કરનાર તરીકે બ્રહ્મ નિમિત્ત

કારણ છે. આવો અર્થ જ અમે તો સમજીએ છીએ; એટલે તમે બ્રહ્મને સમવાયિકારણ ગણાવાની જે દલીલ કરી રહ્યા છો તે હજુ અમારા મનમાં બરાબર ઠસતી નથી.

**સિધ્ધાન્તી :** અમારી દલીલ તમારા ગળે ઉતરતી નથી તે તમારો દુરાગ્રહ જ છે, અમે તમને શ્રુતિનાં પ્રમાણે આપ્યાં તેમ સ્મૃતિનાં પણ આપ્યાં અને તે ઉપરથી અમે તમને સ્પષ્ટ જણાવ્યું કે બ્રહ્મ કેવલ નિમિત્ત કારણ જ નથી પણ સમવાયિકારણ છે. આ શ્રુતિનાં પ્રમાણોને જો તમે ન સ્વીકારતા હો અને તમે જ તમારો કક્કો ખરો કરાવવા માગતા હો તો પછી અમે પરાણે અમારો સિધ્ધાન્ત તમારી પાસે મનાવી શકીએ નહિ. છતાં ઉપરનાં આપેલાં શ્રુતિનાં પ્રમાણો જો તમને બસ ન હોય તો વિશેષ દલીલ પણ આપીશું. તે ઉપરથી તમે સમજી શકશો કે બ્રહ્મ ઉભય પ્રકારનું કારણ છે. તે નિમિત્ત છે તેમ સમવાયિ પણ છે.

જુઓ તૈ.૨–૭ ની શ્રુતિમાં ''તેણે પોતાની જાતને જ જાતે સર્જી'' એમ કહ્યું છે. આનો શો અર્થ કરશો વારૂ ? ''તેણે પોતે સર્જ્યું'' તે શબ્દોમાંથી બ્રહ્મ નિમિત્ત કારણ સમજાય છે, પણ શું સર્જ્યું ? તો ત્યાં શ્રુતિ કહે છે કે, ''પોતાના આત્માને જ – પોતાની જાતને જ સર્જી.'' એટલે સર્જનાર અને સર્જન કરવાનું ઉભય એક છે. તે બે ભિન્ન વસ્તુઓ નથી. માટે કુંભારના દષ્ટાન્તની માફક અહિં આ બ્રહ્મ કેવલ નિમિત્ત કારણ નથી. તે દષ્ટાન્તમાં કુંભાર અને મૃત્તિકા એ બે વસ્તુઓ જુદી છે. ઉત્પન્ન કરવાની વસ્તુ ઘટ તે ફકત મૃત્તિકામાં છે. કુંભારમાં નથી. કુંભાર તો બહારથી આવીને તેને બહાર લાવવામાં સહાયભૂત થાય છે માટે તેને નિમિત્તકારણ કહ્યો છે. અહિં આ જગત્‌નો સર્જનાર પણ બ્રહ્મ છે અને જેમાંથી તે ઉત્પન્ન થાય છે તે પણ બ્રહ્મ છે. અર્થાત્ બ્રહ્મ જ સમવાયિ અને નિમિત્ત કારણ છે. માટે બ્રહ્મનું કર્તૃત્વ ઔપચારિક ગૌણ નથી. બ્રહ્મ જાતે જ કરનાર કર્તા અને પોતે જ સર્જનીય પદાર્થ કર્મરૂપે છે. પોતે આજે સર્જન કાર્ય કર્યું છે. તે સુકૃત હોવાથી તે અલૌકિક કર્મ છે. લૌકિક સુવર્ણાદિમાંથી જો કે કણ્ડલાદિ બને છે છતાં તે સુવર્ણાદિ તેના બનાવનાર નથી પણ બ્રહ્મ તો જગતના કર્તા પણ છે. તેથી બ્રહ્મનું કર્તૃત્વ લૌકિક નહિ પણ અલૌકિક છે.

**પૂર્વ પક્ષી :** તમે આ દલીલથી પરિણામવાદનો સ્વીકાર કરતાં જણાવો છો પણ તમારા બ્રહ્મવાદમાં પરિણામવાદની કલ્પના નથી તો પછી તમારૂં કથન અમને અસંબદ્ધ જણાય છે. અમારા પરિણામવાદમાં સર્વ પરિણામો પ્રકૃતિ અને પુરુષના સંયોગથી ઉદ્‌ભવે છે. મૂલ પ્રકૃતિ તે વિકાર રહિત છે. પુરુષ તે પ્રકૃતિ નથી તેમ વિકૃતિ પણ નથી. મૂલ પ્રકૃતિમાં પુરુષ સંબંધથી રજોગુણને લઈને

ગતિ થવા માંડે છે, ને સૃષ્ટિ કાર્ય બને છે. તે આ રીતે મૂલ પ્રકૃતિમાંથી સાત વિકૃતિઓ થાય છે, ને તે સાત પ્રવૃત્તિની વિકૃતિ છતાં, બીજી સોળ વિકૃતિની પ્રકૃતિ કારણ થાય છે, પ્રકૃતિ એટલે પ્રકર્ષે કરીને કૃતિ કરનાર મૂલ પદાર્થ એમાં વિકાર થઈ ઉત્પન્ન થાય તે વિકૃતિ જેમ દૂધમાંથી દહીં થાય છે તેમ પ્રકૃતિમાં સઘળા વિકારો ઉત્પન્ન થાય છે. આ વિકારનું નામ પરિણામ છે. અમારા મતમાં આવા પ્રકારનો પરિણામવાદ છે. મૂળ પ્રકૃતિમાંથી વિકારા માત્ર સૃષ્ટિ કાર્ય ઉત્પન્ન થાય છે. એમ અમે માનીએ છીએ. તમારા બ્રહ્મવાદને આ પ્રમાણે તમે માનતા નથી. આથી બ્રહ્મ સમવાયિકરણ અને નિમિત્ત એમ તમે કહી શકશો નહિ.

**સિધ્ધાન્તી :** અમારામાં પરિણામવાદ નથી એમ નથી. પણ અમારા બ્રહ્મવાદમાં જે પરિણામ રીતિનો સ્વીકાર કરવામાં આવ્યો છે તેમાં અને તમારામાં કંઈક ફેર છે. તમે પરિણામનો અર્થ વિકાર કરો છો પણ અમે તેને વિકારના અર્થમાં સમજતા નથી. અમે તેને મૂળ વસ્તુનો અમુક પ્રકાર જ સમજીએ છીએ. તેથી તમે આપેલું દૂધનું દષ્ટાંત અમને અનુકૂળ નથી. અમે અમારો પરિણામવાદ સમજાવવાને સુવર્ણનું દષ્ટાન્ત આપીએ છીએ. સોનામાંથી અનેક પ્રકારના ઘાટ ઘડવામાં આવે છે. છતાં પણ તેના મૂળ સોનામાં કોઈપણ ઘટ પડતી નથી. તે સોનાના બનેલા અલંકારોનું પાછું સોનુ જ થઈ શકે છે. મૂળ સોનામાંથી તે બનેલા છે, એટલું જ નહિ પણ અલંકાર તરીકે પણ તે સોનુ છે. માત્ર વ્યવહારની દષ્ટિએ વાણીથી તે અલંકારોને જુદી જુદી સંજ્ઞાઓ આપી છે. સોનાના થતા જુદા જુદા ઘાટો તે વિકારો નથી, પણ માત્ર પ્રકારો જ છે. **પરિણામનું નામ જ પ્રકાર રૂપાંતર છે. આ રૂપાંતરમાં કોઈપણ જાતનો વિકાર નથી. તેથી તે અવિકૃત પરિણામ કહેવાય છે**. અમારા બ્રહ્મવાદમાં અવિકૃત પરિણામ છે. જયારે તમારા સાંખ્યમતમાં વિકૃત પરિણામવાદ છે. આ પ્રકારે મોટો ભેદ તમારા પરિણામવાદમાં અને અમારામાં છે. અમારા બ્રહ્મવાદમાં બ્રહ્મ જ સર્વ કંઈ હોવાથી તથા સર્વ વસ્તુ બ્રહ્મમાંથી આવિર્ભાવ પામેલી હોવાથી વિકાર જેવું કંઈપણ નથી. વિકાર નહિ હોવાથી ઘટપટાદિ નામ રૂપાત્મક પદાર્થોની કાર્ય દશાને લીધે મૂળ કારણ બ્રહ્મમાં કોઈપણ જાતની ક્ષતિ નથી. કારણ રૂપ બ્રહ્મ પોતે જ કાર્યરૂપે પરિણામે છે, અને તે પરિણામ કરનાર પણ પોતે છે. આથી બ્રહ્મ સમવાયિકારણ, નિમિત્તકારણ એમ ઉભયરૂપે છે. કારણરૂપ બ્રહ્મ જયારે પોતે જગત્ સર્જે છે. ત્યારે કાર્યરૂપ બને છે. આ કાર્ય રૂપ બ્રહ્મ એ કારણ બ્રહ્મની અવસ્થા વિશેષ છે. જેમ ગાડીમાં રાખેલા વસ્ત્રને ખુલ્લું કરવામાં આવે ત્યારે તે અન્ય અવસ્થા ધારણ કરે છે આથી આપણે એમ નહિ કરી શકીએ કે ખુલ્લું વસ્ત્ર તે ગડી કરીને

રાખેલા વસ્ત્રની વિકૃતિ છે. તે જ પ્રમાણે બ્રહ્મ જગત્ સર્જે છે. તેથી તે વિકારવાળું થઈ શકતું નથી. માટે અવિકૃત બ્રહ્મ જ સમવાયિકારણ છે, પ્રકૃતિ નહિ.

(૭) देवादिवदपि लोके [१९]

લોકમાં દેવાદિની માફક જેવી રીતે દેવ, ઋષ તથા પિતૃઓ બાહ્યમાં નિરપેક્ષ રહીને પોતાના યોગના બળથી સર્વે કરે છે તે પ્રમાણે બ્રહ્મ પણ તેના સમવાયની અપેક્ષા રાખ્યા સિવાય સ્વતઃ સર્વ કરે છે.

લોક શબ્દના શંકારાચાર્ય ત્રણ અર્થ કરે છે. સ્વયંપ્રકાશ બ્રહ્મ, વ્યવહારશાસ્ત્ર અને વૃદ્ધવ્યવહાર.

(૮) कृत्स्नप्रसत्तिक् निर्वयवत्वशब्दकोपो वा । [२०]

(અન્ય સાધનની નિરપેક્ષાએ) મૂળમાં એક જ કાર્ય થવાથી કૃત્સ્ન પ્રસકિતનો દોષ લાગે અથવા નિરવયત્વ જણાવનાર શ્રુતિનો કોપ થાય.

જો બ્રહ્મ એકલા પોતાની જાતને જગતરૂપ કરે તો અખિલ બ્રહ્મ એક જ કાર્ય બને. અંશ ભેદે કરીને વ્યવસ્થા તે પ્રમાણે થાય તો નિરવયત્વ શ્રુતિનો વિરોધ આવે ''નિષ્કલ નિષ્ક્રિય, શાન્ત'' (શ્વે. ૬–૧૧)

જો બ્રહ્મ પોતે અન્ય સાધનોની અપેક્ષા સિવાય પોતે જ જગત બનાવે તો પછી આખુ બ્રહ્મ એકલુ જ કાર્ય થાય. આમ થવાથી કૃતસ્ન પ્રસકિતનો દોષ આવે અપતિ આખુ બ્રહ્મ કાર્યરૂપ બની જવાથી બ્રહ્મ પોતે રહેશે નહી. બધુ બ્રહ્મ જગત બની ગયુ હોવાથી તે જગત ની બહાર હવે બ્રહ્મ રહેશે નહી. બધુ બ્રહ્મ જગત બનતું નથી, પણ તેનો અમુક ભાગ બને છે એમ કહેવામાં આવે તો તે પણ યુકત નથી : બ્રહ્મ પોતે નિરવયવ છે એટલે તેને અંશ–ભાગ હોય જ નહી. તો પછી તેના અમુક ભાગ માંથી જગત બનેછે એવું કહી શકાય નહી માટે બ્રહ્મ જગતનું કારણ નથી.

(૯) न विलक्षणत्वादस्य तथात्वं च शब्दात् ।।[२१]

બ્રહ્મ જગત થી જુદા પ્રકારનું હોવાથી તે જગતનું ઉપાદાન નથી . શ્રુતિથી પણ આછે આ બાધક તર્ક છે આ જગત વિલક્ષણ હોવાથી તથા અ ચેતન હોવાથી ચેતન ( બ્રહ્મ ) તેનું કારણ થઈ શકે નહી . જગત બ્રહ્મથી જુદુ છે. તે શબ્દ પ્રમાણ થી છે જેમ કે "વિજ્ઞાન અને અવિજ્ઞાન" પ્રત્યક્ષ ને ભ્રમાત્મક માનનાર નું ( સાંખ્યૈક દેશીનું ) આ વચન છે.

<u>અધિકરણ ૪ :–</u> [૨૨]

સાંખ્ય–યોગ માં જગત ચેતન નથી માટે અ ચેતન પ્રકુતિ જ જગતનું કારણ છે, ચેતન બ્રહમ નહિ તેમ કહયુ છે તેના ઉતરમાં વેદાંતમાં વલ્લભાચાર્ય સમજાવે છે કે કારણ અને કાર્યમાં કોઈપણ રીતે વૈરૂપ્ય હોવુ જોઈએ એ નિયમને અનુસરીને તમે પ્રકુતિ ને જગતનું કારણ કહો છો પણ કારણ અને કાર્યમાં તમે કહેલો એવો સર્વત્ર નિયમ નથી . ઉદા ચેતન શરીરમાંથી જડ કેશની ઉત્પતિ અને અચેતન છાણમાંથી ચેતન વીંછીઓ પેદા થાયછે. આથી કાર્ય જગત કારણ બ્રહમથી સર્વથા વિલક્ષણ નથી.

(૧૦) असदिति चेन्न प्रतिषेधमात्रत्वात् ।। [२३]

અસત્ય છે એમ કહેતા હોતોના , પ્રતિષેધ માત્રના કારણ નથી . શ્રુતિમાં અસત કારણ તરીકે કહેલું છે એમજો કહેવામાં આવેતો કહેછે "ના" તે તો માત્ર પ્રતિષેધ ના અર્થ માં વચન છે " અસતમાંથી સત શી રીતે ઉત્પન થાય" અથવા કાર્યનો પ્રથમ પ્રતિષેધ બ્રહમની કારણતા માટેજ કરેલો છે . ૨–૧–૮ લય સમયે બ્રહમ માં પણ જડ જગતના સ્થુલત્વ વગેરે ધર્મો આવે માટે બ્રહમની કારણતા યોગ્ય નથી.૨–૧–૯ દ્રષ્ટાન્તના અભાવથી તેમ નહી. ૨–૧– ૧૦ વળી સ્વપક્ષમાં દોષ આવેછે તેથી ૨–૧–૧૧ તર્કની પ્રતિષ્ઠા નથી માટે બીજી રીતે અનુમાન કરવું જોઈએ એમ કહેતા હોતો કહેછે . તેથી મોક્ષના અ–ભાવનો પ્રસંગ આવે.

<u>અધિકરણ–૫</u> [૨૪]

જયારે કાર્ય છેવટે કારણમાં લય પામે ત્યારે કાર્યના સ્થૌલ્ય સાવયવત્વ વગેરે ધર્મોથી કારણમ સિધ્ધાંતી આ દલીલ ના ખંડનમાં કહેછે કે કાર્ય અને કારણના સબંધમાં નથી, ઘડો અને

મૃતિકા  ના દૃષ્ટાન્તમાં કાર્ય ઘડો જયારે ફુટી જાય છે ત્યારે તે પાછો મૃતિકારૂપ બને છે. આથી સાંખ્યદર્શનમાં એકબાજુ સત કાર્યવાદ નો સ્વીકાર થાય અને બીજી બાજુ તર્ક દ્વારા અસતકાર્યવાદ સાબીત થાય . આથી તર્ક મર્યાદા રજુ કરે છે.

(૧૧) तदनन्यत्वमाश्रम्भणशब्दादिभ्यः ।। [२५]

૨.૧.૧૪

શ્રુતિમાં વિરોધનો પરિહાર કરે છે. 'વિકાર વાણીથી કરાયેલું નામ છે. મૃત્તિકાજ સત્ય છે.' (છાં. ૬–૧૧) ત્યાં વિકાર માત્ર વાણીથી કરાયેલું નામ છે. વસ્તુતઃ નથી એવો અર્થ જણાય છે.

અને જો તેમ હોય તો બ્રહ્મ કોનું કારણ થાય ? આથી શ્રુતિના વાકયના અર્થને કહે છે. આરમ્ભણાદિ શબ્દોથી તેની સાથેની અનન્યતા જણાય છે. કાર્યનું કારણ સાથેનું અનન્યત્વ (એકતા) છે, મિથ્યાત્વ નહિ.

જે વળી તામસ બુદ્ધિવાળા મિથ્યાત્વનું પ્રતિપાદન કરે છે. તેઓ સૂત્ર તથા શ્રુતિના વિરોધથી બ્રહ્મવાદને તિલાંજલી આપે છે એમ જાણવું જોઈએ. અંદર પેઠેલા ચોરના વધને માટે આ આરમ્ભ છે. અલૌકિક પ્રેમેય બ્રહ્મમાં સૂત્રને અનુસરીને જ નિર્ણય ઉચિત છે. કંઈ પણ વસ્તુ સ્વતન્ત્ર રીતે કલ્પવી નહિ. કારણ કે તર્કની પ્રતિષ્ઠા નથી એવું પહેલેથી જ નિરાકરણ કર્યુ છે. અને વળી આ સૂત્રમાં મિથ્યાત્વનો અર્થ સંભવતો નથી. એક વસ્તુના જ્ઞાનથી સર્વ જ્ઞાનના ઉપક્રમના બાધથી પ્રકરણનો વિરોધ થાય છે. ત્રણના અવિરોધના ભયના પરિત્યાગથી આ એક સૂત્ર અન્ય રીતે યોજનાર અતિ ધૃષ્ટ છે. આથી વધારે વિસ્તાર કરવાની જરૂર નથી.

<u>અધિકરણ –૮</u> [૨૬]

આ અધિકરણમાં પૂર્વપક્ષી છાં. ૬–૬–૧ ની વાચા રમ્ભણ વાળી શ્રુતી થી એવુ ઠસાવવા માંગે છે કે ઘટપટા દિની માફક પ્રયંચ એક વિકાર છે , અને તે મિથ્યા છે બ્રહ્મ એકલું જ સત્ય છે જો બ્રહ્મ કારણ હોય અને પ્રયંચ ને તેનું કાર્ય ગણે તો પછી અહિસાં કારણ સત્ય છે અને તેનું

કારણ મિથ્યા છે . આ શંકાના નિરાસમાં સુત્રકારે આ અધિકરણ યોજયુ છે. અને પૂર્વપક્ષી ને નીચે પ્રમાણે ઉતર આપે છે.

(૧) વાચારમ્ભણ શ્રુતિ પ્રંચનના મિથ્યાત્વનો ઉપદેશ કરતી નથી વિકારનો મિથ્યાત્વ અનન્ય છે. જેમ ઘટ અને મૃતિકા કાર્ય અને કારણ છે તો પણ તે એક બીજાથી ભિન્ન નથી પણ એક છે . અનન્ય છે . તે બન્નેમાં ફેરમાત્ર વાણીની સંજ્ઞામાં પડે છે. એક મૃતિકા ત્યારે તેમાંથી બનેલી વસ્તુને ( તેના સ્વરૂપને ) આપણે વિકાર કહીએ છીએ . આ વિકાર ખરી રીતે વિકાર નથી. પણ વાણીથી આરંભયેલો છે : એટલે જે અર્થમાં તમે વિકાર માનો છો તે અર્થમાં નથી. શ્રુતિ કાર્ય અને કારણ ની અનન્યતાનો જ ઉપદેશ આપે છે.

(૨) ઘટપટાદિ નામ વિધમાન પદાર્થોને માટે જ લગાડી શકાય છે અવિધમાનને નહિ . માટે તે મિથ્યા કહી શકાય નહિ .તે જ પ્રમાણે પ્રપંચ મિથ્યા નથી. કારણ કે પ્રપંચના અસ્તિત્વનો નિષેધ કોઈ કરી શકશે નહી. બધાઓ તેને નજરે જુએ છે. શ્રુતિ પણ " આ" એમ કહીને તેનો નિર્દેશ કરે છે.

(૩) છા. ઉપ. ૬–૨–૧ માં શ્રુતિ પ્રપંચને ઉદેશીને તેને સત્ય કહે છે તેથી ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં પણ પ્રપંચનું અસ્તિત્વ સમજાય છે. ફકત ભૂત અને ભવિષ્યનું અસ્તિત્વ તિરોહીત મનાય છે. જયારે વર્તમાનનું આવિર્ભૂત છે. માટે વાચારમ્ભણ શ્રુતિ ઉપરથી આ જગતને મિથ્યા માનાવવાનો પ્રયત્ન ખોટો છે.

(१२) भावे चोपलब्धेः ।। [२७]

અને ઘટાદિના અસ્તિત્વમાં ઘટાદિની ઉપલબ્ધિ છે.

તેથી ભાવ એટલે વિદ્યમાન હોય તો જ ઘટમાં ઘટની ઉપલબ્ધિ થાય છે. તેના અભાવમાં નહિ क्त શબ્દથી મુત્તિકા જ વાળી શ્રુતિનું પરિગ્રહણ કર્યુ છે. વાણીમાત્રથી જો મિથ્યાનો અર્થ ઉપલબ્ધ થાય તો અહિં આ ઘડો છે એમ કહેવામાં પણ જણાય.

મિથ્યાવાદિ આ સૂત્રને જાણતો નથી. આથી જ જુદો પાઠ કલ્પે છે.

(१३) सत्त्वाच्चावश्रस्य ।। [२८]

વળી પ્રપંચનું અસ્તિત્વ છે તેથી પણ અવર એટલે પ્રપંચ, તેનું અસ્તિત્વ ત્રણે કાલ હોવાથી તેમાં બ્રહ્મત્વ છે 'હે ભાઈ ! આ પહેલાં સત્ હતું. જે આ કંઈ છે તે સત્ય કહે છે' (છાં. ૬–૨–૧) એમ શ્રુતિ છે.

(१४) असद्व्यपदेशान्नेति चेन्न धर्मान्तरेण वाक्यशेषात् ।। [२९]

કાર્યને પ્રથમ અસત્ કહ્યું છે એમ કહેતા હો તો કહે છે કે ના, અસત્ શબ્દ અવ્યાકૃતત્વરૂપી ધર્મને જણાવે છે એવું બાકીના વાકયથી છે.

"અથવા આ અગ્રે અસત હતું" (તૈ. ૨–૭) એ શ્રુતિથી ઉત્પત્તિની પૂર્વે કાર્યનું અસત્ત્વ જણાય છે એમ જો હોય તો કહે છે 'ના' તે અવ્યાકૃત (અસ્પષ્ટ) હતું એવા અન્ય ધર્મથી તેનો વ્યપદેશ કયો છે. શાથી? વાકયના શેષ ભાગ ઉપરથી "તેણે પોતાની જાતે કર્યુ" (તૈ ૨–૭) જાતે જ કર્યું." તેથી તથા "આ હતું" એવા શબ્દના પ્રયોગથી.

(१५) युक्तेः शब्दान्तराच्च ।। [३०]

યુકિતથી અને અન્ય શબ્દથી.

યુકિત આ છે. સમવેત જ કાર્ય સદ્ ઉત્પન્ન થાય છે એવો સંબન્ધ બન્ને રૂપ હોવાથી તથા નિત્ય હોવાથી બીજા કારણની સાથે પણ પરંપરાએ સંબન્ધ છે. અસંબદ્ધ ઉત્પત્તિમાં મિથ્યાત્વ છે. પ્રવૃત્તિ અભિવ્યકિતને માટે છે. સત્ શબ્દથી આત્મ શબ્દ છે એમ શબ્દાન્તર છે 'આત્માને જાતે કર્યો' (તૈ. ૨–૭)

(१६) पटवच्च ।। [३१]

પટની માફક જેવી રીતે સંવેષ્ટિત પટ સ્પષ્ટ રીતે ગ્રહણ થતો નથી. પણ વિસ્તૃત હોય છે તો તેવું ગ્રહણ થાય છે તેવી રીતે જગત્ પણ આવિર્ભાવ તથા અનાવિર્ભાવથી છે.

(१७) यथाच प्राणादिः ।। [३२]

વળી જેમ પ્રાણાદિ છે તેમ. જેવી રીતે પ્રાણાપાનના નિયમનમાં જીવન માત્ર છે. અનિયમનમાં આકુંચનાદિ થાય છે. આથી કંઈ પ્રાણમાં ભેદ હોતો નથી અગર તેના અસ્તિત્વનો પૂર્વ અભાવ બનતો નથી. તેવી જ રીતે જગતનું પણ છે. જ્ઞાન અને ક્રિયાના ભેદે બે સૂત્રો છે.

(१८) इतश्चव्यपदेशाद्धिताकरणादिदोषप्रसक्तिः ।। [३३]

જીવનો વ્યપદેશ છે તેથી હિત કાર્ય નહિ કરવા વગેરે રૂપી દોષ બ્રહ્મને લાગે છે.

બ્રહ્મ જગતનું કારણ છે એ સિદ્ધાન્તમાં ઈતર જીવ પણ બ્રહ્મ છે તેથી તેને જે હિત હોય તે કરવું જોઈએ. તે નથી કરતો તેને અકરણ દોષ લાગે છે. તેનું સર્જન કરીને તેમાં પ્રવેશ કર્યો (તૈ. ૨–૬) ''આ જીવથી આત્મા સાથે અનુપ્રવેશ કરી નામ અને રૂપની વ્યાકૃતિ કરૂં'' (છાં. ૬–૩–૨) એ પ્રમાણે તેનો જ જીવ વ્યપદેશ છે.

(१९) अधिकं तु भेदनिर्देशात् ।। [३४]

ભેદના નિર્દેશથી બ્રહ્મ અધિક છે.

''તુ'' શબ્દથી પક્ષની વ્યાવૃતિ કરે છે. જો બ્રહ્મમાત્ર તેટલું જ હોય તો આ દોષ થાય. તે વળી જીવ તથા જગતથી  અધિક છે. શાથી ? ભેદનો નિર્દેશ કરેલો છે તેથી ''જોવો જોઈએ'' ઈત્યાદિ વાકયોમાં કર્મ અને કર્તાનો વ્યપદેશ છે તેથી, અગર વિજ્ઞાન તથા આનન્દના વ્યપદેશથી જે સંપૂર્ણ છે તે અંશનું હિત નિયમથી કરતો નથી. સર્વે ઈન્દ્રિયોનો વ્યાપારના અભાવનો પ્રસંગ તેથી આવે છે. પોતાની લીલા એકથી તો કરે છે જ.

(२०) अश्मादिवच्च तदनुपपत्तिः ।। [३५]

પત્થર વગેરેની માફક પણ ઉપપત્તિ નથી.

પાર્થિવ તરીકે વિશેષ ન હોય તો પણ હીરા, માણેક, પાષાણ, અગર પલાશ, ચમ્પક અને ચન્દનમાં ઉચ્ચનીચતા છે. જીવમાં અંશ તરીકે વિશેષ નથી તો પણ બ્રહ્માથી તે સ્થાવર સુધીમાં ઉચ્ચનીચપણું છે. કાર્યનું વૈલક્ષણ્ય અને તેની સાથેનો અનનુરોધ દેખાડયો છે.

(२१)　उपसंहाश्चद्दर्शनान्नेति चेन्न क्षीश्चद्धि ।। [૩૬]

(લોકમાં ઘટાદિ કાર્યમાં) સાધનનો સંગ્રહ જોવામાં આવે છે તેથી સાધનરહિત બ્રહ્મ કારણ નથી એમ કહેતા હો તો કહે છે, ના. બ્રહ્મ દૂધની માફક છે.

બ્રહ્મ જ કેવલ જગતનું કારણ છે તેવું કહ્યું તેમ સંભવતું નથી. કુંભાર વગેરે ચક્રાદિ સાધનનો સંગ્રહ કરીને ઘટાદિ કાર્ય કરે છે એમ હોય તો કહે છે, ના.

ક્ષીરની માફક તે છે. જેવી રીતે ક્ષીર કર્તાની અપેક્ષા વગર દધિ બનતી વખતે દધિ થાય છે તેજ પ્રમાણે બ્રહ્મ પણ કાર્ય સમયે જાતે જ સર્વરૂપ થાય છે.

**અધિકરણ ૧૧ નું વિવેચન :** [૩૭]

અધિકરણમાં પૂર્વ પક્ષી એવી દલીલ કરેછે કે લોકમાં ઈન્દ્રિય વાળો જ કર્તા ગણાય છે. બ્રહમ ને જો કર્તા માનીએ તો પછી તેને ઈન્દ્રિય વાળો માનવો પડે . પણ બ્રહ્મ તેવું નથી . આ દલીલ નો ઉતર સિધ્ધાંત એવો આપે છે કે બ્રહ્મ વિરૂધ્ધ  ધર્માશ્રયી હોવાથી નિરવયવ છતાં તે કર્તા છે. એમાં કઈ પણ ખોટુ નથી . બ્રહ્મ જગત કયાં હેતું થી કર્યુ એ પ્રશ્નના ઉતરમાં પણ જણાવે છે કે બ્રહ્મે પોતાની લીલા કરવાને માટે સ્વ આંનદ માટે જગત રચ્યુછે . તે સિવાય અન્ય કોઈ પ્રયોજન સિધ્ધ કરવાનું નથી બીજા ને માટે નહિ પોતાની લીલા માટે રચ્યુ છે . બ્રહ્મ જગતને રચેછે છતાં પણ જીવને સુખ તથા દુઃખ  આપનાર તે નથી તેથી તેને વૈષમ્ય અગળ નૈધુણ્યનો આક્ષેપ લાગતો નથી . કારણ કે જીવરૂપે જેજે અનુભવ કરે છે તે આત્મસૃષ્ટિછે. તે વૃષ્ટિની માફક છે . વૃષ્ટિકાલે તમામ પોતાની મેળે ઉગે છે. તેમાં વૃષ્ટિ કોઈના ઉપર પક્ષપાત કરતી નથી . તેમ બ્રહ્મ કોઈ જીવ તરફ પક્ષપાત અગર ધૃણા દેખાડતું નથી . અગર તે બ્રહ્મ જીવો કર્મની અપેક્ષા વાળુ હોવાથી તેમના કર્મો પ્રમાણે તેમને ફળ મળે છે . આ કર્મનો પ્રવાહ અનાદિ હોવાથી તેના ફળ એક પછી એક મળે જાય છે. અને જીવો નો સંસાર બને જાય છે શ્રુતી અને સ્મૃતીમાં આ પ્રવાહને અનાદિ કહેલો છે.

(લોકમાં ઘટાદિ કાર્યમાં) સાધનનો સંગ્રહ જોવામાં આવે છે તેથી સાધનરહિત બ્રહ્મકારણ નથી એમ કહેતા હો તો કહે છે, ના બ્રહ્મ દૂધની માફક છે.

બ્રહ્મ જ કેવલ જગતનું કારણ છે તેવું કહ્યું તેમ સંભવતું નથી. કુંભાર વગેરે ચક્રાદિ સાધનનો સંગ્રહ કરીને ઘટાદિ કાર્ય કરે છે એમ હોય તો કહે છે, ના.

ક્ષીરની માફક તે છે. જેવી રીતે ક્ષીર કર્તાની અપેક્ષા વગર દધિ બનતી વખતે દધિ થાય છે તે જ પ્રમાણે બ્રહ્મ પણ કાર્ય સમયે જાતે જ સર્વરૂપ થાય છે.

ક્ષીરના દષ્ટાન્તથી સુત્રકાર એવું જણાવવા માંગે છે કે જેમ દુધ પોતાની મેળે, અન્ય સાધનોનો અપેક્ષા સિવાય દહિં બને છે તેમ બ્રહ્મ પણ અન્ય સાધનોની અપેક્ષા સિવાય જગતનું નિમાર્ણ કરેછે. આ ઉદાહરણ પરથી શંકરાચાર્ય આગળ ૨–૨–૩ના પ્રસંગમાં એવું કહેછે કે દુધના દષ્ટાંતથી સુત્રકારનો આશય દુધમાં રહેલી નૈસર્ગિક શકિત અગળ સ્વભાવ જણાવવાનો નથી. દુધ પોતાની મેળે દહી થતું નથી પણ ચેતન વ્યકતિની મદદથી થાય છે. માટે ચેતન વ્યકિત હોય છે જ. આથી દુધમાં રહેલા સ્વભાવ ઉપર તે ચેતન અસર કરે છે.

यथा क्षिश्नमचेतने स्वभावे नैव वत्सविवृद्धयर्थ प्रवर्तते यथा च जलम चेतनं स्वभावनैव लोकोपकाश्चय स्पन्दते, एवं प्रधानं चेतनं स्वभावे नैव पुश्नार्थ सिद्धये प्रवर्तिष्यत इति । मै तत् साधुच्यते, यतस्त्रस्त्रपि प्रयो ग्बुना ेतनाधिष्ठितयोश्चत्र प्रवृतिश्चियनुं भीमामाहे । उभयवादी प्रसिद्धे श्चादधिचेतनके ले प्रवृत्यदर्शनात् ।

જો જડ ને પ્રવૃતી કરાવનાર ચેતન ત્યાં ન હોય તો પછી રથમાં આપોઆપ પ્રવૃત્તિ થાય તેના હાંકનારની જરૂર પડે નહિ માટે દુધની બાબતમાં આપણે અવશ્ય માનવું જોઈએ કે ચેતન વ્યકિત એટલે ચેતન ધેનુજ પોતાની સ્નેહેચ્છાએ થી આંચળ માં રહેલા દુધની પ્રવૃત્તિ કરાવે છે. અર્થાત્ ચેતનની અપેક્ષાએ પ્રવૃતિ થાય છે .

શંકરાચાર્ય કહે છે કે દુધમાં જે પરિણામ જોવામાં આવે છે તે તેનો સ્વભાવ છે તે પોતે જ પોતાના સ્વભાવથી દહિં થાય છે જો તેમ ન હોય તો પછી તેને ગમે તેટલો તાપ તમે આપો તો પણ તેમાં દહિં નો વિકાર જોવામાં આવશે નહી. માટે દુધ પોતાના સ્વભાવે કરીને જ દહિંનું રૂપ લે છે અન્ય સહાયકારી કારણો માત્ર કાર્ય ને સંપૂર્ણ બનવવામાં ઉપયુકત થાયછે. પણ બ્રહ્મ પોતે સર્વ શકિતવાળુ તથા સંપૂર્ણ છે તેથી તેને બાહ્ય કારણોની અપેક્ષા નથી.

(૨૨) श्रुतेस्तु शब्दमूलत्वात् ।। [38]

શ્રુતિ તો શબ્દમૂલ છે તેથી 'તુ' શબ્દ પક્ષની વ્યાવૃત્તિ કરે છે. શ્રુતિથી.

શ્રુતિનો યુકિતથી બાધ કરવો ન જોઈએ. કારણ કે તે શબ્દમૂલ છે. એકલા શબ્દથી તે સમજાય છે. 'તે અચિન્ત્ય ભાવોને ખરેખર તર્કથી યોજવા નહિ.' (મ. પુ. ૧૧૩–૭) અર્વાચીન વિકલ્પવિચાર કુતર્ક, પ્રમાણાભાસ, અને શાસ્ત્રથી કલુષિત અન્તઃકરણના દુષ્ટ અવગ્રહના વાદ કરનારના વાદના પાત્ર નહિ એવા સર્વભવનસમર્થ બ્રહ્મમાં વિરોધનો અભાવ છે તેથી પણ આ પ્રમાણે દોષનો પરિહાર કર્યો હોય તો પણ પોતાની મતિથી અનુપપત્તિને ઉદ્ભવીને સર્વ સંપ્લવ બોલનાર મન્દમતિની સત્પુરૂષોથી ઉપેક્ષા થવી જોઈએ.

(૨૩) आत्मनि चैवं विचित्रा हि ।। [39]

વળી આમ આત્મામાં તે સૃષ્ટિ છે અને તેની શકિતઓ વિચિત્ર છે.

સૃષ્ટિમાં દેશકાલની અપેક્ષા નથી. આત્મામાં સૃષ્ટ થયું હોવાથી દેશકાલ સૃષ્ટ છતાં આત્મામાં અધિકરણ સહિત તેની સૃષ્ટિ થાય છે. અગર બહાર તથા બ્રહ્મને દેશકાલની અપેક્ષા નથી. અન્તરની જગત્સૃષ્ટિને વિશેષના અભાવમાં કહે છે. વિશેષના અભાવે સૃષ્ટિને બહિર અને અન્તર કહી છે ''અનન્તર, અબાહ્ય'' (બૃ. ૪–૫–૨૩). એ પ્રમાણે વિચિત્ર શકિતથી યુકત હોવાથી તથા સર્વ ભવનનું સામર્થ્ય છે.

(૨૪) स्वपक्षदोषा ।। [40]

સ્વપક્ષમાં દોષ છે તેથી પણ સર્વ પરિણામ, સાવયવત્વ, નિત્યત્વ આદિ દોષો દૂર કરાય એવા નથી. અને વળી તેમાં યુકિત હોવાથી અચિન્ત્ય કલ્પનામાં વળી પ્રમાણ નથી.

### o તાત્વિક મૂલ્યાંકન/તારવણી : [41]

શ્રીમદ્ વલ્લભાચાર્ય અણુભાષ્ય અ.૨ પાદ–૧ માં કાર્યકારણ સંબંધી અસત્ કાર્યવાદનું ખંડન કરે છે. જેનું લેખન અમોએ ૪.૯ માં કરેલ છે. આચાર્ય શ્રી ૨.૧.૧૪ માં કાર્ય અને કારણનું અનન્યત્વ સિધ્ધ કરે છે. સાંખ્ય દર્શન સત્ કાર્યવાદ રજૂ કરે છે. પરંતુ વલ્લભ પ્રકૃતિ

પરિણામવાદનું ખંડન કરે છે. જેનું લેખન અમોએ કરેલ છે. તેમના મતે જે તર્ક પ્રકૃતિને કારણ તરીકે સ્વીકારવા સાંખ્યદર્શન રજૂ કરે છે તે તર્ક વડે પ્રકૃતિ પરિણામવાદ સાબિત થઈ શકતો નથી.

તેઓ સૂત્ર ૨–૧–૧૩ માં કહે છે કે, ભોગ્ય–ભોકતા બનતા વિભાગ નહિ રહે એમ કહી શકાય નહીં, અહીં અમારા મતે પરમાર્થિક સત્ય–બ્રહ્મ, વ્યાવહારિક સત્ય જગતની વાત કરવામાં આવી છે. શંકરાચાર્ય બ્રહ્મમાં સ્વગતભેદ સ્વીકારતા નથી. જગત્‌ને બ્રહ્મનો વિવર્ત કહે છે. બ્રહ્મ સત્ય, અનાદિ, અનંત, જ્ઞાન સ્વરૂપ, નિર્ગુણ છે. તેનો વિવર્ત જગત્ અંતવાળું મર્યાદિત કેમ બને ? તે પ્રશ્નનો ઉત્તર શંકરાચાર્ય આપવામાં નિષ્ફળ જાય છે. તર્ક મર્યાદિત સાધન છે. આથી 'માયા' નું સર્જન કરે છે.

વલ્લભાચાર્ય કહે છે કે, તર્કનું ખંડન કરીને વિતર્ક કે જલ્પ કે વાદનો ઉપયોગ કરી કાર્યકારણ સિધ્ધાંતનું સ્થાપન તાત્વિક દષ્ટિએ શકય નથી.

શ્રી વલ્લભ છાં. ઉપ. ૬–૧–૪ નો સંદર્ભ ટાંકીને કહે છે કે ''વિકાર વાણીથી જ આરંભાય છે, વસ્તુતઃ ઉત્પન્ન થતો નથી.'' આથી કહી શકાય કે કાર્યકારણથી અનન્ય છે, મિથ્યા નથી.

સૂત્ર ૨–૧–૧૫ માં કહે છે કે અ–ભાવ હોય તો ઉપલબ્ધિ ન થાય. શંકરાચાર્ય આ સૂત્રનો અન્ય અર્થ કરે છે. જે ઉચિત નથી. તેઓ સૂત્ર ૨–૧–૧૬ માં છાં. ઉપ. ૬–૨–૧ તથા તૈત ઉપ. ૨–૬–૧ નો આધાર લઈને જગત છે. તેમ સ્થાપન કરે છે અને તે સત્ય છે.

હકીકતમાં બ્રહ્મ 'સમગ્ર' જગત બને અને તે નિરવયવ હોવાથી કઈ રીતે તેનો અંશ ભાગ જગત્ બની શકે તે વિચાર અગત્યનો છે.

તેઓ ૨–૧–૧૭ માં કહે છે કે તે બ્રહ્મે પોતે પોતાની જાતને જ ઉત્પન્ન કર્યું. તેમ તૈત. ૨–૭ માં કહેલું છે. તેમજ ૨–૧–૧૮ માં કહે છે કે યુકિતએ કે કારણની સાથે સમવાય સંબંધવાળું રહીને કાર્ય ઉત્પન્ન થાય છે. કારણ કે સંબંધ બે વસ્તુમાં રહેલો છે અને નિત્ય છે. વચમાં અવાન્તર કારણ હોય તો પણ પરંપરાથી મુળ કારણની સાથે કાર્યનો સંબંધ હોય છે જ. કારણની સાથે સંબંધ રાખ્યા વિના જ જો કાર્ય ઉત્પન્ન થાય તો એ કાર્ય મિથ્યા જ બને. મનુષ્યની પ્રવૃત્તિ કાર્યના પ્રાદુર્ભાવ માટે જ છે.

વલ્લભાચાર્યના મતે સૂત્ર ૨–૧–૧૯ અને ૨–૧–૨૦ જ્ઞાન અને ક્રિયાના ભેદ દર્શાવવા આપવામાં આવ્યા છે. સૂત્ર ૨–૧–૨૩ માં કહે છે કે, કાર્યકારણથી વિલક્ષણ છે અને કારણ કાર્યને આધન નથી. ૨–૧–૨૪ માં બ્રહ્મને જગતનું નિમિત કારણ આ લોકના નિમિત્ત કારણ સમાન કહી શકાય નહિ તેમ જણાવે છે. સૂત્ર ૨–૧–૨૫ માં દેવો કે યોગીઓનું દષ્ટાંત આપે છે. સૂત્ર ૨–૧–૨૬ માં શ્વે. ઉપ. નો સંદર્ભ આપીને બ્રહ્મ નિરવયવ છે તેમ કહે છે કે સૂત્ર ૨–૧–૨૭ માં મહાભારત; ભાગવત પુરાણના સંદર્ભ સાથે બ્રહ્મમાં વિરોધ નથી તેમ બાદરાયણ માને છે તેવું સ્પષ્ટ કરે છે. મતલબ આ સૂત્રને સમાધાન સૂત્ર કહે છે. તેમજ શંકરાચાર્ય બુદ્ધિથી અનુપપત્તિ – આ ઘટતું નથી એવી શંકા કરીને બધાનો સંપ્લવ કરે છે તેની ઉપેક્ષા કરવી તેમ સ્પષ્ટ કરે છે.

સૂત્ર ૨–૧–૨૮ માં વલ્લભાચાર્યશ્રી એક અદ્ભુત તર્ક આપે છે. જેનો સંબંધ સીધો નાસદીય સૂકત સાથે સ્થાપિત થાય છે. **सृष्टौ देशकालापेक्षामि नास्ति...** થી શરૂ કરીને જે વિવેચન કરે છે તે દ્વારા અ–વિકૃત પરિણામવાદ સ્થાપિત થાય છે.

સૃષ્ટિમાં દેશ–કાલની અપેક્ષા નથી. આત્મામાં સૃષ્ટ થયું હોવાથી દેશ–કાલ સૃષ્ટ છતાં આત્મામાં અધિકરણ સહિત તેની સૃષ્ટિ થાય છે. અગર બહાર તથા અન્તરની જગત્સૃષ્ટિને વિશેષના અભાવમાં કહે છે. વિશેષના અભાવે સૃષ્ટિને બહિર અને અંતર કહી છે. ''અનન્તર, અબાહ્ય'' શબ્દ પ્રયોજે છે. બૃ.ઉપ.નો (૪–૫–૨૩) સંદર્ભ આપીને આચાર્ય કહે છે કે એક સરખી રીતે બહાર અને અંદર જગત્‌ની સૃષ્ટિ થાય છે. આ સૂત્રમાં 'આત્મા'નો અર્થ વલ્લભાચાર્ય તથા શંકરાચાર્ય 'બ્રહ્મ' કરે છે.

સૂત્ર ૨–૧–૨૯ માં ફરી સાંખ્યના પ્રકૃતિ પરિણામવાદનો દોષ રજૂ કરી અ–વિકૃત પરિણામવાદનું સ્થાપન કરવામાં સફળ થાય છે.

અંતમાં કહી શકાય કે કાર્યકારણ સંબંધી વિવિધ સિધ્ધાંતો ભારતીય તત્વજ્ઞાનમાં રજૂ થયા છે. જે દરેક સંપૂર્ણ સત્ય કે સંપૂર્ણ અસત્ય નથી. મર્યાદિત છે. મર્યાદિત–અમર્યાદિત વચ્ચે કાર્યકારણ સંબંધ શોધવો તે એક માનવ બુધ્ધિનું દૂષણ છે; જેને ભૂષણ તરીકે રજૂ કરવાનો પ્રયાસ તત્વજ્ઞાનમાં થાય છે. ઐતિહાસિક પરિપ્રેક્ષમાં વિચારીએ તો; વલ્લભાચાર્ય ૧૫ માં શતકમાં થયા છે, વિકારના સ્થાને અ–વિકૃત સ્વીકારવું તે ક્રમશઃ બુધ્ધિના ઊર્ધ્વ વિકાસની સાબિતી કહી શકાય. અ–ભેદ દષ્ટિની વાત શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ કરી છે. જેને અનુમોદન પ્રાપ્ત થયું છે.

## ૪.૩ પ્રમેય રત્નસઙ્ગ્રહમાં અ–વિકૃત પરિણામવાદ [૪૨]

ઉપાદાન (સોનુ) કાર્ય (ઘરેણાં) રૂપે પરિણમે; અને તેમ છતાં જો તેનાં મૂળ તાત્ત્વિક સ્વરૂપમાં કોઈપણ પ્રકારની વિકૃતિ કે બદલાવ ન આવે, તો તેવા પરિણામને 'અવિકૃત પરિણામ' કહેવામાં આવે છે. કોઈ વસ્તુ જો અવિકૃત પરિણમતી હોય તો તેનું રૂપાંતરણ તેના મૂળ રૂપમાં શકય હોય છે. દા.ત. સોનાના ઘરેણાં સોનાનું અવિકૃત પરિણામ છે. કારણ કે ઘરેણાના રૂપમાં પરિણત થઈ જવા છતાં સોનાના મૂળભૂત તત્ત્વ કે ગુણધર્મમાં કોઈપણ જાતની વિકૃતિ કે બદલાવ આવતો નથી હોતો. આ જ કારણે સોનાનું ઘરેણાને ઓગાળી નાખવાથી, પૂર્વ રૂપમાં રૂપાંતરણ પણ શકય હોય છે.

જગત્ બ્રહ્મનું અ–વિકૃત પરિણામ છે. જગતના નિર્માણમાં બ્રહ્મ સિવાય બીજું કોઈપણ તત્ત્વ ભાગ ભજવતું નથી. બ્રહ્મ પોતે જ જગત્નું નિર્માણ કરે છે અને પોતે જ જગત્રૂપે પરિણમે પણ છે. જગત્ના અનંત નામ રૂપોને ધારણ કરતું હોવા છતાં બ્રહ્મના સ્વરૂપમાં કોઈપણ પ્રકારનો વિકાર નથી આવતો. જેમ સોનુ ઘરેણારૂપે પરિણમતું હોવા છતાં તે સોનુ જ રહે છે, સોનુ મટીને કાંઈ ઘરેણા બનતાં હોતા નથી. તેમ જગત્ રૂપે પરિણમતું હોવા છતાં બ્રહ્મ પોતે બ્રહ્મ જ રહે છે. સમુદ્રમાંથી ગમે તેટલું પાણી ઉલેચવામાં આવે, ગરમીથી ગમેતેટલું બાષ્પીભવન થઈ જાય તેમ છતાં, સમુદ્ર એટલો ને એટલો જ પૂર્ણ રહે છે. અ–પૂર્ણ પરિચ્છિન્ન કે સીમિત જગત્રૂપે પરિણમતું હોવા છતાં બ્રહ્મની પૂર્ણતા અનંતતા કે અપરિચ્છિન્નતામાં કોઈપણ પ્રકારની ખામી આવતી નથી. બ્રહ્મની પણ પ્રલય કરવાની ઈચ્છા થાય, ત્યારે જગત્ બ્રહ્મથી અભિન્ન થઈ જાય છે. આ કારણે જ શ્રી વલ્લભાચાર્ય જગત્ને બ્રહ્મનું 'અવિકૃત પરિણામ' કહે છે.

**તાત્વિક મૂલ્યાંકન :**

લેખકશ્રી અનિરૂધ્ધ લાલજી પ્રમેયરત્ન સંગ્રહમાં અવિકૃત પરિણામવાદનું સ્થાપન કરે છે. જેમ મહદઅંશે વલ્લભાચાર્યને અનુમોદન આપે છે. પરંતુ તેઓ કહે છે કે બ્રહ્મ અન્ય કશા પર આશ્રિત ન હોવાથી બ્રહ્મમાં વિકાર થતો નથી. આ સમજૂતિ અમારા મતે અધુરી છે વળી જગતના ઉદાહરણો દ્વારા બ્રહ્મને સમજાવવું અપર્યાપ્ત છે. સિધ્ધાંતનું સ્થાપન થાય છે પણ સમર્થનની દલીલો અધુરી સ્પષ્ટ દેખાય છે. [૪૩]

## ૪.૪ ભાગવત્ સુબોધિનીમાં રજૂ થયેલ અ–વિકૃત પરિણામવાદ [૪૪]

એ ઈશ્વર જ સરજે છે, પાળે છે અને મારે છે, તો પણ નિરહંકાર હોવાથી એના સંબંધના ગુણથી અને કર્મથી લેપાતા નથી; એ નિરહંકાર છે એનું કારણ એ છે કે લોકોના અંતર્યામી, નિયંતા, રક્ષક ઈશ્વર જ પોતાની માયા શક્તિ યુક્ત સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય કરે છે; હે પુત્ર, કલેશ રહિત, નિર્ગુણ, એક, અવિનાશી અને મનમાં વાસ કરી રહેલ એ ઈશ્વરને જતું મુક્ત અને અંતર્દ્રષ્ટા થઈને શોધ. એ ઈશ્વરમાં ભેદભાવમય પ્રપંચ ન હોવા છતાં દેખાય છે; શોધતી વખતે જ જો અનંત, આનંદમય, સર્વશક્યિુક અને અંતદષ્ટિથી જણાય તેવા એ ઈશ્વરની પ્રેમલક્ષણા ભક્તિ થાય તો 'હું અને મારું' એવા પ્રકારે જામી ગયેલી અજ્ઞાનની ગાંઠ ધીરે ધીરે તૂટી જશે.

**त तो ब्रह्मप्रतिपादनार्थ प्रवृत्ताः श्रुत्यः, 'य तो इमानि भूतानिजायते' 'तस्माद्वा एत स्मादात्मन आकाशः संभूतः' इति मघ्ये भूत भौतिकसृष्टि संपादयन्ति ब्रह्मनिरुपणार्थम् ॥ तासां किं ब्रह्म परत्वं सृष्टिपरत्वं जगतो वा ब्रह्मत्वप्रतिपादकत्वं अघ्यारोपंवादेन ब्रह्मावबोधस्थिरीकरणार्थ माहात्म्य प्रतिपादनार्थं वेत्यादि नानासन्देहे तेन्नार्धारार्थमाह बुहदुयलब्धमेत दिति ॥[४५]**

'અધ્યારોપ' એટલે જે ગુણો અમુક પદાર્થમાં ન હોય તે તેમાં છે એમ માનવું. જેમ કે દોરડું હોય તેને સાપ જાણવો. 'અપવાદ' એટલે તે ગુણો તેમાં નથી એમ જાણવું. સાપ નથી, પણ દોરડું છે એમ પાછળથી જાણવું. આ પ્રમાણે બ્રહ્મમાં જગત્ નથી, છતાં બ્રહ્મમાં જગતનો અધ્યારોપ કરવો, એ પછી બ્રહ્મમાં જગત્ નથી પણ આ બ્રહ્મ જ છે એમ જાણવું. એ પ્રમાણે કરવાથી બ્રહ્મનું જ્ઞાન સારી રીતે થાય તે માટે એમ શ્રુતિ જણાવે છે.

**बुहदुपलब्धमेतदवयन्तवशेषतया**
**यत् उदपास्तमयौ विकृतिर्मृदिवाडविकृतात् ॥**
**अत ऋषयो दधुस्त्वयि मनोवचनाचरितं**
**कथमयथा भवन्ति भुवि दत्तपदानि नृणाम् ॥[४६]**

**यदा विश्वस्य ब्रह्मत्वं सिद्धं श्रुत्यनुभावम्यां तदा अन्याः श्रुतयः तदेकवाक्यतया योजिता एव भवन्तीति भगवन्माहात्म्य प्रतिपादन द्वारा सिद्धार्थप्रामाण्याः साक्षाद्भमवत्प्रतिपादिका इति फलिष्यति, तदर्थं प्रथमं जगतो ब्रह्मत्वं प्रतिपाद्यते ॥ एतदुपलब्धं**

**चराचरं जगत् वृहदित्येवावयन्ति ब्रह्मविदो वेपा श्च नन्वेतदनित्यानात्मदुःखात्मकं, ब्रह्मतुं तद्विपरीतमिति युत्तदा बाधात् प्रत्यक्षविरोधाच्च्र कथं ब्रह्मत्वमिति चेत् तत्राह अवशेषतयेति श्च अवशिष्यत् इत्यवशेषः श्च तस्य भावस्तत्ता श्च लोके यदवशिष्यते तस्यैव प्वपदेशः श्च यथा काचादिसहिते सुवर्णे यदेवावशिष्यते तस्यैव मूल्यादौ प्वपदेशः श्च यथा वा धृतार्धिनः तन्दुलार्थिनो वा दुग्धान्यादिषु ब्रह्मैवावशिष्यत इति श्च ब्रत्वेनैव व्यपदिशन्ति धान्यमन्नत्वेनेव श्च नन्ववशेष एव कथं ब्रह्मणो निरवशेषतयाति शाशसंभवात् श्च न अग्निना जले आवर्त्यमाने सर्वशोषे किच्चिदवशिष्यते श्च तस्मात्कथं ब्रह्मेति चेत् तत्राडडह यत उपदास्तमयाविति श्च —य तो वा इमानि˜ इत्यादि श्रुतिषु ब्रह्मण एव जगदुत्पद्यते, ब्रह्मणि चलीयते श्च अ तो मृदादिश्चष्टान्तेन ब्रह्मावशेषोङगीकर्तव्यः श्च यथा सुवर्णाज्जाते कुण्डले सुवर्णे च लीने अवश्यं सुवर्णमेवावशिष्यते श्चअतः सुवर्णमेव कुण्डलमिति् लोका जानन्ति श्च**

જ્યારે શ્રુતિ અને (બ્રહ્મના) પ્રભાવથી વિશ્વ બ્રહ્મ છ એમ સાબિત થાય ત્યારે બીજી શ્રુતિઓ તેવા જ અર્થમાં યોજાયેલી હોવી જોઈએ. એટલે ભગવાનનાં મહાત્મ્યનું નિરૂપણ કરી તે (માહાત્મ્ય) દ્વારા સિદ્ધ થએલા વિષયમાં પ્રમાણવાળી હોઈ સાક્ષાત્ ભગવાનનું નિરૂપણ કરનારી છે. એવું પરિણામ આવે; તે માટે આરંભમાં જગત બ્રહ્મ છે એમ સાબિત કરવામાં આવે છે. આ દેખાતું (અનુભવાતું) સ્થાવર જંગમ જગત બ્રહ્મ છે એમ જાણનારાઓ અને વેદો જાણે છે. 'આ (જગત્) અનિત્ય અનાત્મ, અને દુઃખરૂપ છે. (અને) બ્રહ્મ તો તેથી ઉલટા પ્રકારનું છે. તેથી (જગત બ્રહ્મ છે એ) તર્કથી ખોટું ઠરતું હોવાથી અને પ્રત્યક્ષથી વિરૂધ્ધ હોવાથી, (જગત) બ્રહ્મ કેમ હોઈ શકે ?' એવી શંકા થાય, તેથી 'અવશેષ રહેવાને લીધે' શબ્દ યોજેલ છે. अवशिष्यते (જે) બાકી રહે તે અવશેષ. તેની સ્થિતિ એટલે તે પણું (अवरोक्ता) લોકમાં જે બાકી રહે છે તે જ જણાવવામાં (જાહેર કરવામાં) આવે છે. જેમ કાચ વગેરે સાથે સુવર્ણ હોય ત્યારે, (કાચ વગેરે કાઢી નાખતા) જે બાકી રહે છે તેનું જ મૂલ્ય વગેરે (કરવા)માં નામ પાડવામાં આવે છે, અથવા જેમ ઘી લેવા ઈચ્છતા હોય અથવા ચોખા લેવા ઈચ્છતા હોય તે દુધ અથવા ડાંગરમાંથી જે (ઘી અથવા ચોખા તરીકે) બાકી રહે તેના જ તે (ઘી અથવા ચોખા) પણાથી જ ખરીદ કરવામાં અથવા વેચાણ કરવા વગેરેમાં વ્યવહાર કરે છે, તે પ્રમાણે વિકારોવાળા જગતમાંથી વિકારો જતા રહે ત્યારે માત્ર બ્રહ્મ જ બાકી રહે છે, તેથી ડાંગરને અન્ન કહે છે. તેમાં (જગતને) બ્રહ્મ જ કહે છે. 'બાકી જ (કાંઈ) કેમ રહે ? (જગત બ્રહ્મ હોય તો જગતમાંથી) બાકી કાંઈ ન રહેવાથી પણ બ્રહ્મનો નાશ થવાનું

સંભવે છે, કારણ કે અગ્નિથી જળ બાળવામાં આવે ત્યારે સર્વ (જલ) સુકાઈ જતાં કાંઈપણ બાકી રહેતું નથી. તેથી (જગત) બ્રહ્મ કેમ હોઈ શકે ?' એવી શંકા થાય. તેથી 'કારણ કે (બ્રહ્મમાંથી) ઉદય અને અસ્ત થએલા છે' શબ્દો યોજેલાં છે. 'જેમાંથી આ ભૂતો (ઉત્પન્ન થાય છે)' વગેરે શ્રુતિઆમાં (કહેલું છે કે) બ્રહ્મમાંથી જ જગત ઉત્પન્ન થાય છે અને બ્રહ્મનો લય પામે છે, તેથી માટી વગેરેના દષ્ટાંત પ્રમાણે બ્રહ્મ બાકી રહે છે એમ સ્વીકારરવું જોઈએ. જેમ સુવર્ણમાંથી ઉત્પન્ન થયેલું કુંડલ સુવર્ણમાં લય પામે છે ત્યારે સુવર્ણ જ અવશ્ય બાકી રહે છે તેથી કુંડલ સુવર્ણ જ છે એમ લોકો જાણે છે.

**ननु जगत उदयास्तमयावेव न स्तः श्च जनी प्रादुर्भाव इति जनन स्वाविर्भावात्मकत्वात् —णश अदर्श˜ इति नाशस्यादर्शन रूपत्वाच्च दर्शादर्शनरूपत्वामावितिरोभावरूपत्वं वा जगतोडवगन्तव्यमुत्पत्ति प्रलययोः श्च नत्वसतः सत्ता घ्वंसो वाङ्गीकर्तुं शक्य इति चेत् तत्राडडह विकृतेरिति श्च अस्तु धर्मिणो वार्ता विकाराः सर्वे पूर्वम विद्यमाना एव आश्रयमाश्रित्य उत्पद्यन्ते इत्यवगन्तव्यम् श्च अन्यथा ते अविकृता ए स्युः ब्रह्मत्वात् श्च अत् उदयास्तमयावेव विकारजातस्याङ्गीकर्तव्यौ श्च तथा विकारेषु गतेषु ब्रह्मैवावशिष्यत् इति् श्च तत्र श्चष्टान्नमाह मृदिवेति श्च यथा मृदवशिष्यते यथा वा पार्थिवमुचलब्धं मृदेव श्च ननु मृदेव कथमवशिष्यते कपालादीनामवशेष दर्शनादिति चेत् तत्राडडह अविकृतादिति श्च अविकाराद्धेतोः श्च न हि विकृतं स्थिरं भवति, ततः कपालस्यावि विकृ तत्वादि विकृता मृदेववाशिष्यत इत्यर्थः श्च कुण्डले द्रव्यान्तर सबन्धोडपि कदाचिम्दवेदिति-मृदेव द्दष्टान्तीकृता श्च ननु किमतो यद्यवमेवमेतदित्याह अत ऋषयो दधुरिति श्च ऋषयो वेदास्तद्द्रष्टारो वा त्वय्येव विषये भवति इति त्वय्येव दधुः श्च मनस्तु मनोरथं भावयतीति मिथ्याविषयमेव भवति तथा वागति श्चअत्यन्तासत्ययि ज्ञानमर्थे शब्दः करोतीति श्च —अनृतं वै वाचा वदति अनृतं मनसा घ्यायति इति श्रुतेः श्च यत्र वाङ्मनोविषयस्यापि ब्रह्मत्वं तत्र कात्सर्येनामिव्यक्तस्य जगतो ब्रह्मत्वे कः सन्देह इत्यर्थः श्च तेन ब्रह्मविद्या सर्वे व्यवहारा ब्रह्मपरा एवेति न केनापि कर्मणा तेषां लेप इति सिद्धयति श्च नन्दसत्स्य कथं ब्रह्मत्वमिति चेत् तत्राठडह कथमयथा भवन्तीतिर्त्त श्च यत्र कचित्स्यापितानि पदानि भुवि कथमयथा भवन्ति श्च भूमि न व्यभिचरन्तीर्थः श्च भ्रमप्रीतीतपदार्थानामपि ब्रह्मत्वात्त तत्वेनैव तस्य भानत् श्च न हि ब्रह्मातिरिक्तो भासते श्च तन्तुभ्यः पदरूपेणाविर्भावे शुक्तिकायां वा रजतरूपेणार्भावे**

**भवगदच्छियायांन क   न विशेषोस्ति, कार्यास्यापि प्रावरणस्य सुखस्य वा तुल्यत्वात् श्च अतो मूलभूतस्य सत्यवादन्वथा बुद्धयापि मनोवचन स्थापनं ब्रह्मविषयमेवभवतीत्यर्थः श्च**

''જગતના ઉદય (ઉત્પત્તિ) અને અસ્ત (વિનાશ) જ થતા નથી. 'બંને' ધાતુનો અર્થ 'પ્રાદુર્ભાવ થવો' થતો હોવાથી જનન (જન્મ) આવિર્ભાવરૂપ છે, અને नश ધાતુનો અર્થ 'દેખાતું બધ થવા રૂપ' અથવા તિરોભાવરૂપ છે. એમ જાણવું, પરંતુ અસત્ (ન હોય તેવા પદાર્થ) ની સત્તા (હોવાપણું) અથવા નાશ (થાય છે એમ) માની શકાતું નથી.' એવી શંકા થાય, તેથી 'વિકારના' શબ્દ યોજેલા છે. ધર્મીની વાર્તા (ધર્મીની સંબંધમાં) ભલે (એમ) હોય. પહેલા ન હતા જ એવા બધા વિકારો આશ્રયનો આધાર લઈ ઉત્પન્ન થાય છે. એમ માનવું જોઈએ. એમ (વિકારો ઉત્પન્ન થતાં) ન હોય તો તે (આશ્રયો) બ્રહ્મરૂપ હોવાથી વિકાર વિનાના જ રહે. તેથી વિકારનાં સમૂહોના ઉદય અને અસ્ત જ થાય છે એમ માનવું જોઈએ, કારણ કે તેવી રીતે વિકારો મય (નાશ પામે) ત્યારે બ્રહ્મ જ બાકી રહે છે. 'માટીની પેઠે' શબ્દોથી તેનું દષ્ટાંત કહે છે. જેમ માટી બાકી રહે છે, અથવા જેમ પૃથ્વીનું બનેલું (કાર્ય) માટી જ છે. (તેમ જગત બ્રહ્મ જ છે) '(ઘડો ભાંગતાં) કઢેલું વગેરે બાકી રહેલાં દેખાય છે. તેથી માટી જ કેમ બાકી રહે ?' એવી શંકા થાય, તેથી 'વિકાર રહિત હોવાને લીધે' શબ્દ યોજેલ છે. વિકાર રહિત હોવાને લીધે (માટી જ બાકી રહે છે) કારણ કે વિકારવાળું હોવાથી વિકાર જેમાંથી જતા રહેલ છે તેવી માટી જ બાકી રહે છે, એવો અર્થ છે. કુંડલામાં (સુવર્ણને) કોઈવાર બીજા દ્રવ્યનો સંબંધ પણ હોય તેથી માટીનું દષ્ટાંત આપેલું છે. 'એમ હોય તો તેથી શું ?' એમ જાણવાની ઈચ્છા થાય, તેથી આ એમ થાય છે એમ 'તેથી ઋષિઓએ (મન અને વચનના આચરિતને આપમાં) મૂકેલા છે' શબ્દોથી કહે છે. ઋષિઓ એટલે વેદો અથવા તે (વેદ)ના જોનારાઓએ આપમાં જ મન અને વચનના આચરિતને મૂકેલાં છે. જે કાંઈ મનથી વિચારવામાં આવે જે કાંઈ વાણીથી બોલવામાં આવે, તે સર્વ આપ રૂપ વિષય (પદાર્થ) માં જ થાય છે. તેથી આપમાં જ મૂકે છે. કારણ કે મન તો મનોરથોના વિચાર કરે છે એટલે તેનો વિષય મિથ્યા (અસત્) પદાર્થ જ છે. તેવી રીતે વાણી પણ 'વાણીથી ખોટું જ બોલે છે, મનથી ખોટાનું ધ્યાન કરે છે' શ્રુતિ પ્રમાણે જે તદ્દન ન હોય તેવા (પદાર્થ)નું જ્ઞાન થાય તે માટે શબ્દ કરે છે. (બોલે છે)  જયારે વાણી અને મનના વિષય પણ બ્રહ્મ છે તો પછી સંપૂર્ણ રીતે પ્રકટ થએલું જગત બ્રહ્મ હોય તેમાં શું સંદેહ ? એવો અર્થ છે. તેથી બ્રહ્મ જાણનારાઓના બધાએ વ્યવહારો બ્રહ્મના સંબંધવાળા જ હોય છે, તેથી કોઈ પણ કર્મથી તેઓ (બ્રહ્મ જાણનારાઓ)નો લેપ થતો નથી. એમ સાબિત થાય છે. 'અસત્ય (પદાર્થ) બ્રહ્મ કેમ હોઈ શકે ?' એવી

શંકા થાય, તેથી (આ શ્લોકનું) છેલ્લું ચરણ કહેલું છે. હરકોઈ સ્થલે સ્થાપન કરેલાં (પાડેલા) પગલાં ભૂમિ ઉપર ખોટાં (નિરર્થક) કેમ થાય ? ભૂમિ મૂકીને બીજે જતાં નથી, એવો અર્થ છે. ભૂમિ ઉપર જ પડે છે. (તે પ્રમાણે) ભ્રમથી પણ સ્વીકારેલો પદાર્થ વસ્તુતઃ ભગવાન જ હોય છે, એવો અર્થ થાય છે. કારણ કે બ્રહ્મ ન હોય તેવો કોઈ (પદાર્થ) પ્રકાશતો નથી. તંતુઓમાંથી વસ્ત્રરૂપથી આવિર્ભાવ થાય તેમાંથી અથવા છીપલીમાં રૂપાનાં રૂપથી આવિર્ભાવ થાય તેમાં ભગવાનની ઈચ્છામાં કોઈપણ પ્રકારનો ભેદ નથી, કારણ કે કપડું અથવા સુખ (એ) કાર્ય પણ સરખું હોય છે તેથી મૂળ બનેલો (પદાર્થ) સત્ય હોવાથી, તે જુદા પ્રકારનો છે એવી બુદ્ધિથી પણ મન અને વચનનું તેમાં સ્થાપન કરવાથી તે બ્રહ્મને જ ગ્રહણ કરે છે, એવો અર્થ છે.

**सत्यो हरिः समस्तेषु भ्रममातेष्वपि स्थिरः श्च**

**अतः सन्तः समस्तर्थे कृष्णमेव विजानते श्च२ श्च**[४७]

**सू. बुहदुपलब्धमेतदिति श्च अवशेषतयोपलब्धं समधि मतमेतञ्चराचर जगत् ऋषयो ब्रह्मविदो वेदा बृहदित्येवायन्ति अक्षरब्रह्मत्वेन जानन्तीत्यर्थः श्च यतो ब्रह्मणः सकाशादुयास्तमयौ जगत् उत्पत्तिप्रलयौ भवतः श्च तत्र द्द्ष्टान्तः विकृतेर्मृदिवाविकृतात् श्च घटशरावादेर्यदा सम्भवः प्रलय तदाविकृताद्धे तोर्मृदेवावशिष्यते श्च अवशेषतया तिष्ढतीत्यर्थः श्च अतः कारणादषयो वेदद्द्ष्टारो वेदा वा मनोवचनाचरितं यत्किञ्चिन्मनसा विभाव्यं यत्किञ्चिद्वाचानूद्यं तत्सर्वं त्वय्यवदधुर वधारयन्तीत्यर्थः श्च यथा नृणां भुवि दत्त पदानि अयथा अन्यथा कथं भवन्ति ? न भवन्तीत्यर्थः श्च भूमावेव पतन्ति श्च**

**सु. एवं प्रकृतिप्रतिपादिका श्रुतयो निरूपिताः श्च साधनप्रतिपादिकास्तु 'शान्त उपासीत' इत्याद्याः किमहश्चार प्रतिपादिकाः तद्द्वारा आत्म्प्रतिपादिका वेत्यादिसन्देहे निर्णयमाह इति तव सूरय इति श्च**

સર્વ પદાર્થોમાં ભ્રમથી જણાતામાં પણ – સત્ય હરિ સ્થિર (રહેલા) છે. તેથી સત્પુરુષો સર્વ પદાર્થોમાં શ્રીકૃષ્ણને જ જાણે છે. કા. ૨

**(एतत्)** આ **(उपलब्धम्)** દેખાતું (અનુભવાતું અથવા જંગમ જગત્) **(अवशेषतया)** અવશેષ રહેવાને લીધે **(बृहत्) ब्रह्म (अवयन्ति)** જાણે છે. **(यतः)** કારણ કે **(मृत्)** માટી **(इव)** ની પેઠે **(अविकृतात्)** વિકારરહિતમાંથી **(विकृते)** વિકારના **(उदयास्तमयौ)** ઉદય અને અસ્ત થએલા (છે). **(अतः)** તેથી **(ऋषिः)** ઋષિઓએ **(मनोवचनाचरितम्)** મત અને વાણીના આચરિતને **(त्वमि)** આપમાં **(दधुः)** મૂકેલાં છે. **(भुवि)** ભૂતલ ઉપર **(नृणाम्)** માણસોના **(दत्तपदानि)** પડેલાં પગલાં **(कथम्)** કેમ **(अदथा)** ખોટાં (નિરર્થક) **(भवन्ति)** થાય ?

એવી રીતે પ્રકૃતિનું જ્ઞાન કરાવનારી અને પુરુષનું જ્ઞાન શ્રુતિઓનું નિરુપણ કર્યું. ‘શાંત (પુરુષે) ઉપાસના કરવી’ વિગેરે સાધન જણાવનારી શ્રુતિઓ તો અહંકારનું નિરૂપણ કરનારી છે.

**સમજૂતિ :**

જેમનું નિરુપણ કરવાનું છે તેવા ભગવાન; ‘સચ્ચિદાનંદરૂપ’ એવો અર્થ છે. અનિત્યથી ઊલટું સત્, અનામતથી ઉલટું ચિત્ અને દુઃખથી ઉલટું આનંદ; વિકારવાળા જગતમાંથી કાંઈ બાકી રહેતું નથી એવી શંકાનો ઉત્તર આપે છે. વિકારવાળા જગતનો બ્રહ્મમાંથી જ ઉદય થયો છે અને તેમાં જ લય થાય છે, તેથી માટી વિગેરેના દષ્ટાંત પ્રમાણે બ્રહ્મ બાકી રહે છે એવો અર્થ છે. વિકારવાળા (પદાર્થ)ના ઉત્પત્તિ અને લય કહેવામાં આવે ત્યારે વિશેષણ (વિકારના) ના ઉત્પત્તિ અને નાશ થાય છે અને પદાર્થ બ્રહ્મ જ છે એવા ભાવાર્થથી કહેલ છે. જેમ ઘટનો નાશ થાય ત્યારે વિકારનો નાશ થયો, પણ પદાર્થ માટી રહ્યો (તેમ જગતનો નાશ થાય ત્યારે વિકારનો નાશ થયો, પદાર્થ બાકી રહ્યો); અહીં ‘સત્ (પદાર્થ)નો’ શબ્દ અધ્યાહાર છે. પૂર્વપક્ષમાં કહ્યું તે (ધર્મીના સંબંધમાં) માની લઈ ઉત્તર આપે છે. ધર્મીના ઉત્પત્તિ અને નાશ થતા નથી, પણ વિકારના થાય છે, એવો અર્થ છે. ધર્મીના તો આવિર્ભાવ અને તિરોભાવ જ થાય છે, પરંતુ કાર્યમાં જણાતા વિકારના ઉત્પત્તિ અને નાશ થાય છે; ‘પહેલાં’ એટલે 'કાર્ય થયું તે પહેલાં’; ‘આશ્રય’ એટલે ‘કાર્ય’; લોકમાં માટીનો વિકાર થયા પછી (ઘડો વિગેરે) તેનાં કાર્યો થાય છે. બ્રહ્મ તો વિકાર રહિત હોવાથી પોતે જ બ્રહ્મના ધર્મરૂપ જગત્ થાય છે. પછી કાર્ય જગતમાં હદ વિગેરે વિકારો કાલે ઉત્પન્ન કરેલા જણાય છે એવો ભેદ ધર્મી જણાવનાર પ્રમાણ (શ્રુતિ)ના બલથી સ્વીકારવો જોઈએ; ‘તે’ એટલે ‘તે કાર્યરૂપ આશ્રયો’. કાર્ય થયા પછી હદ વિગેરે કાલે કરેલા વિકારો ઉત્પન્ન થાય છે. તેથી કાર્ય વિકારવાળું હોય છે અને કારણ વિકારવિનાનું હોય છે, એવો ભાવ છે; ‘તેથી’ એટલે ‘કાર્યની

સ્થિતિ થયા પછી ઉત્પન્ન થએલા હોવાથી' એવો અર્થ છે; હદ (વિગેરે વિકારો) જતાં, હદ વિનાનું બ્રહ્મ જ તે છે. (રહે છે.); મોટું (બૃહત્) હોવામાં અને બાકી રહેવામાં માટીનું દષ્ટાંત છે; હદ બાંધનારા વિકાર જતાં, કઢેલું વિગેરે વિકારો જેમાંથી જતા રહેલા છે તેવી માટી જ બાકી રહે છે એવો અર્થ છે. અવિકારાત્' શબ્દ માટીને લગાડવામાં આવે ત્યારે અ નો અર્થ 'નાશ' કરવો એટલે નાશ પામેલો જે વિકાર તેને લીધે, એટલે વિકારનો નાશ થવાથી એવો અર્થ થાય છે, કારણ કે કઢેલું કાંઈપણ વિકાર વિનાનું નથી એવો ભાવ છે. કુંડલમાં રત્ન વિગેરે પણ હોય, એટલે તે પણ બાકી રહે, માત્ર સુવર્ણ બાકી ન રહે, એવો અર્થ છે; વિકારવાળો પદાર્થ પણ બાકી રહેનાર હોવાથી બ્રહ્મ છે એમ સિદ્ધ થયું, તેથી વિકારવાળા પદાર્થ સંબંધી પણ બ્રહ્મ જાણનારાઓના જે વ્યવહારો છે તે બ્રહ્મને ગ્રહણ કરે છે એમ સિધ્ધ થાય છે એમ કહે છે, એવો અર્થ છે; વિકારવાળો પદાર્થ પણ વસ્તુતઃ બ્રહ્મ જ છે, તેથી (ઋષિઓએ) વિકારવાળા પદાર્થના સંબંધવાળા મન અને વચનના આચરિત વિકારવાળા વિષયના સંબંધવાળા હોય છે, એમ સિધ્ધ કરે છે; 'આ એમ થાય' એમ કહેલું છે. તે આ વાકયથી સ્પષ્ટ કરે છે 'તેથી' એટલે ' વિકારવાળો પદાર્થ પણ, (વિકારો જતાં) બાકી રહેતો હોવાથી તે પદાર્થ બ્રહ્મ જ છે' તેથી એવો અર્થ છે. ' બ્રહ્મના સંબંધવાળા જણાએલા છે' એવો અર્થ છે. જે કાંઈ જણાય છે તે સર્વ બ્રહ્મ છે એમ સાબિત કરવાની પ્રતિજ્ઞા કરી. ઘડો વિગેરે જે સાચા પદાર્થો જણાય છે, તેમાંથી બાકી રહેતું હોવાથી તે બ્રહ્મ છે એમ સાબિત થયું, પરંતુ (છીપલીમાં) ભ્રમથી રૂપું જોવામાં આવે તે કેમ બ્રહ્મ હોઈ શકે ? એવી શંકા કરે છે; ભ્રમથી જે જણાય છે તે પણ બ્રહ્મ હોવાથી જ જણાય છે, એવો અર્થ છે. બ્રહ્મ ન હોય તે જણાય નહિ, કારણ કે 'ભાન થવું' એ બ્રહ્મનો ગુણ છે; તંતુઓમાંથી વસ્ત્ર જણાય એટલે સાચું ભાન થાય, અથવા છીપલીમાં રુપું જણાય એટલે ભ્રમથી ભાન થાય તેમાં ભગવાનની ઈચ્છામાં કાંઈ પણ ભેદ નથી, એવો અર્થ છે; કારણ કે કાર્ય સહેલું હોવું, એ ભગવાનની ઈચ્છાનું લક્ષણ છે, અને તે બંનેમાં સરખું છે. વસ્ત્ર પહેરાય છે તેમ છીપલીનું રુપું જાણનારને પણ સુખ થાય છે; 'સર્વ' એટલે ભ્રમથી જણાતા તથા સાચા જણાતા બધાએ શ્રીકૃષ્ણને જ વસ્તુ (પદાર્થ) તરીકે જાણે છે એવો અર્થ છે. વસ્તુ તરીકે શ્રીકૃષ્ણને જ કહેલા હોવાથી, આ બાકીનું વાકય (શ્લોક) બ્રહ્મના સ્વરૂપનું નિરુપણ કરનારી શ્રુતિઓનો નિર્ણય કરનારું છે એમ સિદ્ધ થાય છે :[૩૧]

**તાત્વિક મૂલ્યાંકન :**

વલ્લભાચાર્ય ભાગવત પુરાણ પરની સુબોધિની ટીકમાં અ–વિકૃત પરિણામવાદનું સ્થાપન કરે છે. તેમના મતે બ્રહ્મ અવિકૃત રહે છે. જગતના લય બાદ અને સર્જન પૂર્વે અવિકાર જ છે. તે દષ્ટાંત દ્વારા વારંવાર સમજાવે છે. બ્રહ્મમાં વિકાર થતો નથી. છતાં જગત આવિર્ભાવ પામે છે. આવિર્ભાવ તિરોભાવ બ્રહ્મની વિશેષતા છે. વિચાર પરંપરા કે સળંગ સૂત્રતામાં સિધ્ધાંત સમાવેશ પામે છે. જે સાથે અમો સહમત છીએ.[૪૮]

## ૪.૫ ભાવ પ્રકાશિકા ટીકામાં રજૂ થયેલ અ–વિકૃત પરિણામવાદ [૪૯]

**अ तो यो विकारस्तद्ववाचारम्भणं यदा रभ्यते तदारम्मेणं कृत्यभ्युदो बहुलमिति बाहुलकात् कर्मणि लयुट कारणस्यैव नामधेयम् हि ततदर्थक्रियासिद्धय्यर्थ तेन–तेन नाम्ना व्यहियते इति कारणद्वभिन्नं कार्यम् न तु स्वेन रूपेण कारणाद्व भिन्नम् कारणरूपैणैव सत्य न. तु. रूपान्तरेण (ब्रह्मसूत्र २–१–७)**

મતલબ કે વાણીના આરંભમાં નામ રૂપ ભિન્ન–ભિન્ન છે. અનેક કારણવાદ જોવા મળે છે. પરંતુ ક્રિયાની સિધ્ધિ માટે તે જ કારણ હોય છે. કારણ અને કાર્ય અભિન્ન છે. તેથી સત્ય તે છે કે જગત બ્રહ્મનું અવિકૃત પરિણામ છે.

**તાત્વિક મૂલ્યાંકન :**

કારણ અને કાર્ય અભેદ્ય છે. માટે જગત બ્રહ્મ અવિકૃત પરિણામ છે. લાઘવમાં લેખક બ્રહ્મસૂત્રની ટીકામાં આલેખન કરે છે જેને અમો સમર્થન આપીએ છીએ.[૫૦]

## ૪.૬ શુદ્ધાદ્વૈત પાઠાવલિમાં અ–વિકૃત પરિણામવાદ : [૫૧]

**यथा सौम्यैकेन मृत्यिएडेन सर्वं मृण्मयं विज्ञातं स्याद वाचारम्भणविकारो नामधेयं मृत्तिका इति अेव सत्यम् श्च**

**वाचारम्भण वाक्यातदनन्यत्वे बोधनात् प्रकृतिश्रुतिरपि वाचारम्भणरूपा या विक्रिया तस्या अेव नामधेयतां विद्यत्ते श्च ''वाचारम्भणविकारो नामधेयनिनि'' यदि**

**कार्यस्वरूपस्यायि वाङ्मावा क् संकेत स्यैवानृतत्वं फलितं इति स्वरूप कारणादभिन्नमेय श्च आवरणभंगे श्च**

વાચા આરમ્ભણમ્ = **घट = यहा = इत्यादि कथनम्, विकारो विकृतः, नामधेवम् नाममात्रम्, नतु तेन रूपेुण तत् श्च**

અન્વય (હે સૌમ્ય) ! હે શ્વેતકેતો ! (એકેન) એક (વિજ્ઞાતેન) જાણેલા (મૃત્યિણ્ડેન) માટીના પિણ્ડ વડે (સર્વમ્) સર્વ (મૃણ્મયમ્) ઘડો, શરાવ વિગેરે (વિજ્ઞાતમ્) જાણેલું (સ્યાત્) થાય, (તે) (સત્યમ્) સત્ય છે. કારણ કે (વિકાર) ઘડાનો વિકાર (વાચારમ્ભણમ્) વાી વડે જ આરંભાયેલો છે. (નામ ધેયમ્) કારણભૂત મૃત્પિણ્ડનું જ તે ઘટ–શરાવ વિગેરે નામ છે. કારણ કે તે ઘટ–શરાવાદિ અવસ્થામાં પણ (મૃતિકા ઈતિ એવ) મૃત્તિકા છે, એ હેતુથી કાર્ય સત્ય છે ?

**વિવેચન :**[૫૨]

શ્વેતકેતુને ઉદ્દાલક કહે છે – એક જાણવાથી સર્વ જણાઈ જાય, એવું તું ભણ્યોં છે ? શ્વેતકેતુ આ પ્રશ્નનો ઉત્તર ન આપી શક્યો. વિધાનો ગર્વ ઉતરી ગયો અને પૂછવા લાગ્યો કે – આ આદેશ શી રીતે સમજવો કે – એક જાણવાથી સર્વ જણાઈ જાય ! તે મને ભણાવો.

ઉદ્દાલક શ્વેતકેતુને કહે છે કે – હે શ્વેતકેતો ! એક માટીના પિણ્ડાને આપણે જાણીએ કે – માટીનો પિણ્ડો આવો છે. કુંભારને ત્યાં માટીનો પિણ્ડો હોય છે. તે પિણ્ડાને જાણવાથી તેમાંથી બનેલા વાસણ ઘડો શરાવ (શલાવરૂ) સર્વ જણાઈ જાય છે. તે શાથી જણાય છે ? ઘડાની અવસ્થામાં પણ તે માટી જ છે. પિણ્ડ એ કારણા વસ્થા છે. ઘડો એ કાર્યાવસ્થા છે. કાર્યાવસ્થામાં ઘડાનો આકાર મોટું પેટ, ગળું સાંકડું એવો બને છે. તે વિકાર અસત્ય છે. વાણીથી જ આરંભાયેલો છે. વસ્તુતઃ મૂળનું જ = પિણ્ડનું જ નામ છે. કોઈ માણસ હાથ ધોવાને માટી માંગે ત્યારે, ઘડો કાચો લાવીને આપો તો તે બોલી ઊઠે છે. કે – આતો ઘડો છે, માટી નથી, એમ ના પાડે છે. આ નિષેધ તેની વાણીમાત્રનો છે. વસ્તુતઃ આ નિષેધ સાચો નથી. કારણ કે તે ઘડો પણ માટી છે. કોઈ અજ્ઞાની કહે કે આ ઘડો છે, બ્રહ્મ નથી, આ વાત જેમ વસ્તુતઃ ન ટકી શકે, તેમ ઘટ શરાવાદિ અવસ્થામાં માટી નથી, એમ કહે તે પણ ખરૂ નથી. તેને કહો કે તે ઘટ શરાવાદિ પણ માટી જ છે. આ મૃત્યિણ્ડનાં જ જુદાં જુદાં નામ આપવામાં આવ્યાં છે. મૃત્પિણ્ડમાં સર્વ આકૃતિનો સમાવેશ થાય છે. જેમ કાષ્ઠ અને પાષાણમાં સર્વ આકૃતિ રહેલી છે. તેમ

સર્વ આકૃતિ મૃત્પિણ્ડમાં છે. અર્થાત્ નામ અને રૂપની વ્યવસ્થા વખતે જે જે ઘડો – શરાવ વિગેરે અવસ્થામાં માટીના પિણ્ડો જ તેને નામથી વ્યવહારમાં આવે છે; અને જળ ભરવા વિગેરેની ક્રિયા થાય છે. માટે કાર્યકારણથી જૂદું નથી, એમ બતાવે છે. આ સર્વ ઘટશરાવાદિ મૃત્રિકા છે. તે મૃત્મય – શરવાદિ સત્ય કારણરૂપે અને કાર્યરૂપે અને કાર્યરૂપે પણ સત્ય છે.

દષ્ટાન્ત બ્રહ્મમાં ઘટાવીએ. જેમ માટીનો પિણ્ડ છે. તેમ બ્રહ્મ છે. તે કારણ છે. મૃણમય – જે ઘટ શરાવ છે તેમ જગતના સર્વ પદાર્થ જણાય છે. તેવું આ જગતકાર્ય છે. તે બ્રહ્મને જાણવાથી જણાય છે. શુદ્ધાદ્વૈત માર્તણ્ડની કારિકા

श्नमणार्थ मिदं सर्वं ब्रह्मैव स्वेच्छयाभवत्

यथा सर्पः  स्वेच्छया हि कुण्डलाकाश्नां मतः ।। १२ ।।

न विकाश्नी तथा ब्रह्म व्यासः सूत्रे निश्नुपितम्

सुवर्णस्याविकाश्नित्वं कामधेनोर्मणेश्नपि ।। १३ ।।

બ્રહ્મ જ સ્વેચ્છાથી રમણ માટે આ જગત રૂપે થયું છે. જેમ સર્પ કુંડલાકાર થાય, સીધો થાય, છતાં સર્પમાં વિકાર થતો નથી. તેમ વ્યાસસૂત્રો કહે છે કે – સુવર્ણનાં ઘરેણાં સુવર્ણ જ છે.

**કામ ધેનું અને મણિ અનેક પદાર્થો ઉત્પન્ન કરી આપે; તો પણ તેમાં વિકાર થતો નથી.**

વાચારંભણ શ્રુતિનો અર્થ બ્રહ્મમાં વિકાર નથી, બ્રહ્મથી સર્વ જણાઈ જાય. એવું જ્ઞાન શ્વેતકેતુને આપે છે. આ જગત અવસ્થામાં પણ બ્રહ્મ છે. આ વૃક્ષ, આ નદી, આ પર્વત, આ સત્યલોક અને પાતાલ એવા જે નામ પડયાં છે; તે મૂળ બ્રહ્મ જુદા–જુદા નામથી વ્યવહારમાં આવે છે. દષ્ટાંતમાં જેમ આ ઘટશરાવાદિ સર્વ મૃતિકા રૂપ કહી મૂળ કારણથી જૂદું નથી એવું સમજાવે છે. તેમ આ સર્વ બ્રહ્મથી (મૂળ કારણથી) જગત્ જૂદું નથી, એમ સમજવું. જેમ કોઈ સૂતેલો, ઉઠેલો, બેઠેલો પુરુષ હોય તેમાં સૂવું– ઊઠવું એ તેના અવયવોની અવસ્થા છે. કંઈ પુરુષમાં ભેદ પડતો નથી; તેમ તે નામથી બ્રહ્મ વ્યવહારમાં આવે છે. આ સર્વ બ્રહ્મ છે. એ બ્રહ્મનાં કાર્ય સત્ય છે. કારણથી કાર્ય અભિન્ન છે. વિકાર જ અસત્ય છે, એમ સિદ્ધ થયું.

**સાર :** [૫૩]

જગત રૂપી કાર્ય ; કારણરૂપી બ્રહ્મથી જૂદું નથી. તેથી અવિકૃત પશ્રિણામવાદ સાબિત થાય છે.

## ૪.૭ શુદ્ધાદ્વૈત સિધ્ધાંત પ્રદિપમાં અવિકૃત પરિણામવાદ :–[૫૪]

મૂળ કારણ જ્યારે અનેક જાતના કાર્યો રૂપે પરિણામ પામે ત્યારે પણ તે કારણમાં કંઈ પણ ફેરફાર થાય નહિ, અને બધી જ અવસ્થામાં કાર્ય એ કારણરૂપે જ રહે એવું પરિણામ અવિકૃતપરિણામ કહેવાય છે. આ અવિકૃતપરિણામના દાખલા ઘણા મળે છે. કરોળિયો, પૃથ્વી, સોનું, અહિકુંડલ, કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણી એ બધાં એ સિદ્ધાંતનાં જ ઉદાહરણ છે. એવી જ રીતે સચ્ચિદાનંદ નિર્ગુણ બ્રહ્મ જ જગતના રૂપે પરિણામ પામે છે; તો પણ બ્રહ્મમાં અણુમાત્ર પણ ફેરફાર થતો નથી એ અવિકૃતપરિણામવાદનો સાર છે.

આ સિદ્ધાન્તમાં બ્રહ્મને જ જગતનું ઉપાદાન અને નિમિત્ત કારણ માન્યું છે. માટે એ સિદ્ધાંત બ્રહ્મવાદ પણ કહેવાય છે. જે વાદમાં માયાને ઉપાદાનકારણ માન્યું હોય તે વાદ માયાવાદ, ભ્રમવાદ, વિવર્તવાદ કહેવાય છે. જ્યારે શ્રીમદાચાર્યવર્ય શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલા સિદ્ધાન્તમાં અર્થાત્ બ્રહ્મવાદમાં નામ, રૂપ, જીવ અને ઈશ્વર, કાર્ય અને કારણ એ બધું જ શુદ્ધ બ્રહ્મ છે, માયિક કે મિથ્યા નથી એમ માનવામાં આવે છે. આ સર્વનું શુદ્ધ, માયારહિત અદ્વૈત, અભેદ છે માટે બ્રહ્મવાદ એ શુદ્ધાદ્વૈતના નામથી ઓળખાય છે.

મૂળ અવસ્થામાં સચ્ચિદાનંદ બ્રહ્મ વિના બીજા પદાર્થને સ્વીકારવામાં જ આવ્યો નથી. બ્રહ્મ સિવાય બીજું કોઈ પણ ઉપાદન કારણ થઈ શકે જ નહિ. ચેતન સ્વરૂપી અવિકૃત બ્રહ્મનું આ રીતે પરિણામ સ્વીકારતાં બ્રહ્મમાં કોઈ પણ વિકાર થવાનો સંભવ નથી, વળી પ્રકૃતિ, પરમાણું વગેરેને ઉપાદન કારણ માનતાં જડ કારણવાદ આવી જાય, અને ચેતનકારણ વાદ જ રહે નહિ. બ્રહ્મનું અગાધ માહાત્મ્ય જ એવું છે કે પોતે જગત વગેરે રૂપે પરિણામ પામે તો પણ વિકાર પ્રાપ્ત થાય નહિ. બ્રહ્મ શબ્દમાં ધાતુનો અર્થ જ એવો રમણીય છે. સોનું, વીંટી વગેરે રૂપે પરિણામે છે તો પણ વીંટી વગેરે સર્વ અવસ્થામાં સોના રૂપ જ છે, સોનાથી જુદાપણું હોતું નથી અને સોનામાં કંઈ પણ વિકાર થતો નથી. તેવું જ બ્રહ્મનું છે. તે ઉપરાંત વેદ, શ્રીમદ્ ભાગવદ્ગીતા, વ્યાસસૂત્ર અને સમાધિભાષા (શ્રીમદ્ ભાગવત્)

એ ચાર પ્રસ્થાનોમાં – પ્રમાણભૂત ગ્રંથોમાં તો લીંટીએ લીંટીએ અને અક્ષરે અક્ષરે અવિકૃતપરિણામવાદનું નિરૂપણ છે; એટલું જ નહિ પણ શંકરાચાર્યે પોતાના ભાષ્યમાં અવિકૃતપરિણામનો નિર્દેશ પણ કર્યો છે. શંકરાચાર્યના સમયથી જ આરંભ કરીને શ્રીમદાચાર્યચરણના સમય સુધીના ન્યાય, સાંખ્ય વગેરે ગ્રંથોમાં પણ અનેક જગ્યાએ શુદ્ધાદ્વૈતસિદ્ધાન્તનો નિર્દેશ છે એ વાત ધ્યાનમાં રાખવાથી વિવેકબુદ્ધિવાળા વાચક વર્ગને આનંદ મળ્યા વિના રહેશે નહિ.

૧. આરંભવાદ, ૨. વિવર્તવાદ અને ૩. પરિણામવાદ એ ત્રણ વાદમાં આસ્તિક મનાતાં બધાં શાસ્ત્રોનો સમાવેશ થઈ જાય છે. (૧) તાર્કિકો આરંભવાદનો સ્વીકાર કરે છે. પૃથ્વી વગેરેનાં પરમાણુંઓમાંથી દ્વયણુક વગેરેનો આરંભ–ઉત્પત્તિ થાય છે. એમ તેઓનો સિદ્ધાન્ત છે; એટલે જગતનું ઉપાદાન કારણ તો પરમાણુઓ છે અને ઈશ્વર નિમિત્તકારણ જ છે એમ ન્યાયશાસ્ત્રનો અભિપ્રાય છે. તર્કશાસ્ત્રમાં કાર્ય અને કારણ એ બન્ને ભિન્ન કે અભિન્ન નથી. (૨) શંકરાચાર્યનો એવો મત છે કે ખરી રીતે અત્યંતનિર્ગુણ એક જ અદ્વિતીય બ્રહ્મ છે તે અનાદિ, અનિર્વચનીય અવિદ્યા સાથે સંબંધ કરીને જગતરૂપે વિવર્ત પામે છે. બ્રહ્મમાં આ અનાદિ માયાના સંબંધથી જગતના રૂપની ભ્રાન્તિ થાય છે. આ વિવર્તવાદના દાખલા દોરડામાં સાપની ભ્રાન્તિ, શુકિતકા–છિપોલીમાં રૂપાની ભ્રાન્તિ વગેરેમાં મળે છે. આમ આ મતમાં પણ જગતનું ઉપાદાન કારણ બ્રહ્મ નથી પણ માયા છે. (૩) ત્રીજો મત છે પરિણામવાદનો, એક જ કારણ વિવિધ કાર્યરૂપે થાય છે. વિવિધ કાર્યરૂપે માત્ર ભાસે છે એમ નહિ; એ પરિણામવાદ કહેવાય છે. આ પરિણામ બે પ્રકારનાં છે. એક તો વિકૃતપરિણામ અને બીજું અવિકૃતપરિણામ. જ્યારે કારણમાં વિકાર થઈને વિવિધ કાર્ય થાય ત્યારે વિકૃત પરિણામ કહેવાય છે અને કારણમાં જરા પણ વિકાર થયા વિના વિવિધ કાર્ય થાય તે અવિકૃત પરિણામ કહેવાય છે. દૂધ (કારણ) માંથી દહીં (કાર્ય) થાય છે ત્યારે કારણ–દૂધ–નો ફેરફાર થઈ જાય છે. એટલે એ વિકૃત પરિણામનું ઉદાહરણ છે; જ્યારે કારોળિયા, ચિંતામણિ કલ્પવૃક્ષ વગેરે અવિકૃત પરિણામનાં ઉદાહરણ છે. ટૂંકમાં, મૂલમાં, મધ્મયાં અને અન્તમાં કાર્ય કારણરૂપ જ હોય છે એ અવિકૃત પરિણામનું પરમ રહસ્ય છે; જ્યારે માયા વડે કારણ કાર્યરૂપે માત્ર ભાસે છે એમ વિવર્તવાદનું તાત્પર્ય છે.

<u>અવિકૃતપરિણામવાદ શ્રી વલ્લભાચાર્યજીનો સિદ્ધાન્ત છે.</u>

તેઓ માને છે કે કાર્ય ભાસે છે અથવા મિથ્યા છે એમ નથી; ખરી વાત એ છે કે કારણ એ ધર્મી છે અને કાર્યના–બ્રહ્મના પોતાના ધર્મના–સ્વરૂપે પરિણમે છે. આથી ત્રણે અવસ્થામાં કાર્ય

એ કારણરૂપ જ છે, કારણથી અભિન્ન, અનન્ય છે. આમ એક જ અદ્વિતીય નિર્ગુણ અવ્યવ બ્રહ્મ, માયા નહિ, જગતનું ઉપાદાનકારણ તેમ જ નિમિત્ત કારણ પણ છે. જગતનું ઉપાદાનકારણ સાક્ષાત્ બ્રહ્મ જ થાય છે તો પણ તેમાં ફેરફાર થતો નથી. એના વેદમાં કહેલાં, સૂત્રમાં કહેલાં અને શ્રીમદ્વૈશ્વાનરાચાર્યે કહેલાં ઉદાહરણો ઘણાં છે–કરોળિયો, પૃથ્વી, સોનું વગેરે વેદાન્તસૂત્રનાં ઉદાહરણ છે, અને કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણિ, મંત્ર વગેરે શ્રીમજ્જૈશ્વાનરાચાર્યવર્યનાં કહેલાં ઉદાહરણ છે. કરોળિયો પોતાની ઈચ્છાથી જ પોતાના મુખમાંથી લાળ પ્રકટ કરે છે, વિસ્તારે છે અને ફરીથી પોતાના મુખમાં જ લીન કરી દે છે, તો પણ કરોળિયામાં કંઈ પણ વિકાર થતો નથી. ત્રણે અવસ્થામાં લાળ કરોળિયારૂપ જ હોય છે, કરોળિયો જ લાળરૂપે પરિણમે છે, તે જ પ્રમાણે બ્રહ્મ પોતાની ઈચ્છાથી પોતાના જ રૂપમાંથી જગત્ પ્રકટ કરે છે, વિસ્તારે છે અને ફરીથી પોતાનામાં જ લય કરી દે છે, તો પણ બ્રહ્મમાં કંઈ ફેરફાર થતો નથી, બ્રહ્મત્વને હાનિ થતી નથી અને ત્રણે અવસ્થામાં જગત્ બ્રહ્મરૂપ જ રહે છે.

આમ બ્રહ્મરૂપ ધર્મી જગતરૂપી ધર્મ (ગુણ) સ્વરૂપે પરિણામ પામે છે. માટીમાં વિકાર થતો નથી, કાર્ય–ઘડા–રૂપે થયા પછી પણ ઘડો માટીરૂપ તો રહે છે જ; તેવી જ રીતે બ્રહ્મમાંથી જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે અને છતાં બ્રહ્મમાં વિકાર થતો નથી. ત્રણે અવસ્થામાં જગત્ બ્રહ્મથી જરા પણ ભિન્ન નથી. સોના વગેરેમાંથી વીંટી વગેરે થાય છે. તો પણ સોનામાં જેમ વિકાર થતો નથી, વીંટી વગેરે સોનારૂપ જ રહે છે, તે જ પ્રમાણે બ્રહ્મમાંથી જગતનું પ્રાકટય વગેરે થાય છે, તો પણ બ્રહ્મમાં જરા પણ ફેરફાર થતો નથી. વળી દેવ અને યોગી જેમ પોતાની શક્તિથી ઘણી જાતના ઉત્તર પદાર્થો સિધ્ધ કરે છે તો પણ દેવ અને યોગીમાં વિકાર પ્રાપ્ત થતો નથી તેવી જ રીતે બ્રહ્મમાં પણ જગતરૂપે પરિણામ પામવાથી કંઈ પણ વિકાર થતો નથી. જેવી રીતે ગોળ આકાર પામેલો સાપ પોતાના અસલ સીધા આકારથી જુદો નથી તેવી રીતે જગદ્રુપ કાર્ય, બ્રહ્મસ્વરૂપ કારણથી ભિન્ન નથી. જેમ હીરા વગેરે. ભલે ઉચ્ચ જાતના હોય, તો પણ એમાં પાષાણત્વપત્થર પણાની જરા પણ હાનિ થતી નથી. તેમ આ જગતમાં સર્વ બ્રહ્મ સમાન છે, કયાંય બ્રહ્મત્વની હાનિ નથી. તેમ આ જગતમાં સર્વ બ્રહ્મ સમાન છે, કયાંય બ્રહ્મત્વની હાનિ નથી. વીંટળાયેલા વસ્ત્રથી પહોલું કરેલું વસ્ત્ર જરા પણ જૂદું નથી તે જ પ્રમાણે બ્રહ્મથી જગત જૂદું નથી. દૂધ વગેરે દહીં બનતી વેળા કોઈ પણ જાતના બીજા સાધનની અપેક્ષા વિના જ દહીંરૂપ થઈ જાય છે, તેવી જ રીતે બ્રહ્મ પોતે જ જગદ્રૂપ થઈ જાય છે. કુંભારને પૈડું, લાકડી વગેરેની જરૂરિયાત રહે છે, તેવા સાધનની અપેક્ષા પણ સર્વશક્તિમાન બ્રહ્મને રહેતી નથી. કલ્પવૃક્ષ, કામધેનુ,

ચિંતામણિ, મંત્ર વગેરે દિવ્ય પદાર્થોમાંથી અનેક જાતના મનને ગમતા પદાર્થ પરિણામ પામે છે, તો પણ તેમનામાં જરા પણ ફેરફાર થતો નથી, તે જ પ્રમાણે બ્રહ્મ પોતાની ઈચ્છાથી અનેક રૂપે પરિણામ પામી ક્રીડા કરે છે તો પણ તેમાં જરા જેટલો ય ફેરફાર થતો નથી.

ટૂંકમાં, જગતનું ઉપાદાનકારણ તેમ જ નિમિત્તિકારણ અધિકૃત બ્રહ્મ જ છે. એટલે જગત બ્રહ્મથી અનન્ય છે, અભિન્ન છે, કદાપિ મિથ્યા નથી. કાર્યકારણ, નામરૂપ, જીવઈશ્વર એ બધું બ્રહ્મ જ છે. માયા નથી. કાર્યકારણ, નામરૂપ, જીવઈશ્વર એ સર્વનો અભેદ સિધ્ધ કરવામાં અનાદિ અનિર્વચનીય માયાનો સ્વીકાર કરવામાં આવતો નથી, પણ સર્વ ધર્મથી વિશિષ્ટ અવિકૃત અને સર્વશક્તિમાન, કરવું, અને ન કરવું અને બીજી રીતે કરવું; એવી શક્તિવાળા બ્રહ્મના સ્વીકારથી જ બધી વાતનો મેળ મળે છે. એમ શ્રીમદ્ આચાર્યશિરોમણિએ ઉપદેશ કર્યો છે. આચાર્યચરણે પ્રકટ કરેલો એ સિધ્ધાંન્ત શુધ્ધાદ્વૈત કહેવાય છે. શુદ્ધાદ્વૈત એટલે કાર્યકારણ; નામરૂપ જીવઈશ્વર એ સર્વનું શુધ્ધ, માયા રહિત, અદ્વૈત. બ્રહ્મને જ ઉપાદાન અને નિમિત્તકારણ સ્વીકાર્યું એટલે એ સિદ્ધાન્ત બ્રહ્મવાદ પણ કહેવાય છે, અને અવિકૃત જ બ્રહ્મ જગદ્રૂપે પરિણમે છે માટે એ અવિકૃત પરિણામવાદ પણ કહેવાય છે.

**તાત્વિક મૂલ્યાંકન :**[૫૫]

લેખકશ્રી ઈચ્છારામ ભટ્ટ વલ્લભાચાર્યના સિધ્ધાંતને સમર્થન આપે છે. બ્રહ્મને ઉપાદાન તેમજ નિમિત કારણ તરીકે સ્વીકારે છે. અવિકૃત બ્રહ્મ જગત રૂપે પરિણમે માટે અવિકૃત પરિણામવાદ કહેવાય છે. પરંતુ અમારો પ્રશ્ન ફરી એ જ છે કે બ્રહ્મમાં જગત સર્જન સમયે વિકાર નથી એમ સાબિત કરી શકાતું નથી. જગતના દષ્ટાંત દ્વારા જગતનું કારણ સમજાવવું અથવા કહો કે મર્યાદિત દ્વારા અમર્યાદિતને સમજાવવું તાત્વિક અને તાર્કિક રીતે ઉચિત ગણાય ?

## ૪.૮ અ–વિકૃત પરિણામવાદ અને તેની ઐતિહાસિકતા [૫૬]

કારણ અને કાર્ય, બ્રહ્મ અને જગતના સંબંધ સમજાવવાને શ્રી વલ્લભાચાર્ય આ વાદને સ્વીકારે છે. આચાર્યશ્રી, નૈયાયિકોના આરંભવાદ, શંકરાચાર્યના વિવર્તવાદ; સાંખ્યના પ્રકૃતિ પરિણામવાદને સ્વીકારે છે, છતાં તે વાદ તદ્દન નવો નથી પણ પહેલાં એ વાદનું અસ્તિત્વ હતું. તે વાદથી જ શુધ્ધ બ્રહ્મવાદનું પ્રતિપાદન શ્રુતિઓના અર્થને વિકૃત કર્યા વગર થઈ શકે એમ હોવાથી સાંખ્યવાદી પ્રકૃતિ અને વૈશેષિકો પરમાણુઓને જગતનું કારણ માનતા હોવાથી તેમને પોતાના મતનું પ્રતિપાદન

કરવામાં મુશ્કેલી જણાતાં તેમણે અ–વિકૃત પરિણામવાદની ઉપેક્ષા કરી. શાંકર ભાષ્યના ૨–૧–૧૪ માં એનો નિર્દેશ છે. **ननु मृदादिश्चष्टान्त प्रणयनात् परिणामवत् ब्रह्मशास्त्रस्य अमिमतम्** એવી શંકા રૂપે તેને રજૂ કરેલ છે અને તેનું ખંડન થઈ શકયું નહિ. તેથી અવિદ્યાની ઉપાધિવાળા ઈશ્વરને જગતનું કારણ કહ્યું. સાંખ્યકારિકાની ૯ અને ૫૬ કારિકાઓ ઉપરની તત્ત્વકૌમુદીમાં **एवं आरंभः न ब्रह्मोपादावः चिति शक्तेः अपरिणामात्** એક કહીને અવિકૃત પરિણામવાદનો પ્રતિષેધ કરેલ છે. ન્યાયસૂત્ર ૪–૧–૧૯ ની તાત્પર્ય ટીકામાં પણ **ब्रह्मैव प्रयञ्चरूपेण परिणमते मृत्तिको घटशरावोदञ्चनादिमावेन** એમ રજૂ કરીને તેનો અસ્વીકાર કરે છે. આ ઉપરથી સ્પષ્ટ થશે કે અવિકૃત પરિણામવાદ પ્રાચીન છે. **स स्वयम् कुरूते आत्मानं आत्मकृतेः परिणामात्** એ શ્રુતિ તથા બ્રહ્મ સૂત્રકારનાં વચનો સ્પષ્ટ છતાં અન્યથા અર્થ કરવો તે શ્રુત્યુકત સિધ્ધાંત નથી. અવિકૃત પરિણામવાદ શ્રુતિવચનો તથા બ્રહ્મસૂત્રકારના સિધ્ધાન્તોને ન્યાય આપી શકે છે.

શુધ્ધાદ્વૈતમાં માયાને બ્રહ્મની શકિત માનેલ છે. તે શકિતને કારણ તરીકે બ્રહ્મની **एकोहं बहुस्याम्** બહુ ભવનની ઈચ્છા થતાં માયારૂપી શકિતથી જગતનો પોતાનામાંથી આવિર્ભાવ કરે છે. એટલું જ નહિ, પણ એજ માયા જીવને મોહ ઉત્પન્ન કરીને, જગતમાં જીવને જગતરૂપમાં બ્રહ્મનું જ્ઞાન કરાવતી નથી, પણ બ્રહ્મ સર્વત્ર હોવા છતાં બ્રહ્મને બદલે જગતરૂપ જ દેખાડે છે. અર્થાત્ વિષય બ્રહ્મમાં અન્યથા પ્રતીતિ જગતરૂપે પૃથક્રૂપે વિષયના તરીકે પ્રતીત કરાવે છે.

**ऋतेडर्थ यत्प्रीतीयेन न प्रतीयेत यात्मनि श्च**

**तद्विद्यादात्मनो मायां यथामासो यया तमः श्च्श्च**[५७]

આમાં માયાને આત્મા, ભગવાન, બ્રહ્મની માયા શકિત જણાવેલ છે. તે અર્થ (વિષય) ના હોવા છતાં તે દેખાડે છે અને વિષય હોય તો તે દેખાડતી નથી. બ્રહ્મ જ જગતરૂપે છે, છતાં જગત નહિ હોવા છતાં તેને જ જુદું દેખાડે છે, અને બ્રહ્મ સર્વત્ર હોવા છતાં બ્રહ્મને બદલે જગતની પ્રતીતિ કરાવે છે. આવું નામ ભ્રમ વિષયમાં વિષયતાની બુધ્ધિને માયાનું કાર્ય, ગાડીમાં મુસાફરી કરતી વખતે ગાડી ચાલતી હોય પણ રસ્તા ઉપરનાં ઝાડ ચાલતાં હોવાની પ્રતીતિ થાય છે તેમ એકબીજારૂપે દેખાડવું તે માયાનું કાર્ય છે. વિષય ભગવદ્રૂપ છે. માયામાં વિષયતારૂપે ભગવાનનું રૂપ પેદા થાય છે. આથી બ્રહ્મમાં જગતરૂપ જુદું ભાસે છે. જેમ તેજ જ ન હોય ત્યાં અંધારું દેખાય છે. ઘુવડ તેજને જોતું નથી. કારણ કે તે

અંધારું જ માને છે, તેમ જેમને જગત એ બ્રહ્મનું રૂપ છે તે જાણતા નથી. તેમને એવી પ્રતીતિ થાય છે. જેમ દર્પણ મુખને દેખાડે છે તેવી જ રીતે બ્રહ્મમાં જગતરૂપ માયા જુદું દેખાડે છે.

આચાર્યશ્રી ભાગવત પ્રમાણ સ્વીકારતાં હોવાથી કહે છે કે, ભાગવતમાં માયાને ભગવાનની શકિત કહી છે.

**सा वा एतस्य संद्रषु शक्तिः सदसदात्मिका श्च**

**माया नाम महामाज यदेहं निर्ममे विभुः श्च**[૫૮]

## ૪.૯ ખંડન દ્વારા મંડન

**(૧) આરંભવાદનું ખંડન** [૫૯] (પરમાણુવાદ નિરાસ)

સૌપ્રથમ પરમાણુવાદનું ખંડન કરવા માટે વાત્સ્યાયનનાં ભાષ્યના મુખ્ય સિધ્ધાન્તો રજૂ કરવામાં આવે છે.

(૧) મોક્ષ પામવા માટે તત્વજ્ઞાન જોઈએ. તત્ત્વજ્ઞાનથી દુઃખ, જન્મ, પ્રકૃતિ, દોષ અને મિથ્યાજ્ઞાન એટલાનો ઉત્તરોતર નાશ થઈને મોક્ષ મળે છે.

(૨) પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દષ્ટાન્ત, સિધ્ધાન્ત, અન્વય, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતણ્ડા, હેત્વાભાસ, છલ, જાતિ, નિગ્રહ સ્થાન તત્વો છે. તે તત્વોના જ્ઞાનથી મોક્ષ પ્રાપ્તિ થાય છે.

(૩) પદાર્થના તત્વનો નિર્ણય કરવાને ઉદ્દેશ, લક્ષણ અને પરીક્ષાની રીતિનો સ્વીકાર કરવો.

(૪) પ્રમાણો ચાર છે. પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ. પ્રમેય બાર છે. આત્મા, શરીર, ઈન્દ્રિય, અર્થ, બુધ્ધિ, ધર્મ, પ્રવૃત્તિ, દોષ, પ્રેત્યભાવ, ફલ, દુઃખ, અપવર્ગ.

(૫) જગત્‌ના કર્તા પરમેશ્વર છે તથા વેદ તેના વચનરૂપ છે એ બંને અનુમાન તથા શબ્દ પ્રમાણથી સ્વીકારાય છે.

''કણાદ મુનિએ આ શાસ્ત્રનું યથાર્થ અવલોકન કરી, વિશ્વક્રમનો પણ અનુભવ તેમાં મેળવ્યો અને સાત પદાર્થો કલ્પ્યા અને ન્યાયના સોળ પદાર્થોને તેમાં અંતર્ગત કર્યા. આ મત ફકત પદાર્થ કલ્પનાએ જ નવો પ્રકાર છે, તે જગત્‌ની વસ્તુમાત્રને અમુક પદાર્થોમાં જ આણી મૂકી છે. એ કણાદ મુનિની અવલોકનની તથા વિચારવાની શકિતનો પ્રભાવ છે, પણ તે સિવાયનો જે વિસ્તાર છે તે બધો ન્યાયમાંથી લીધેલો છે.''

(૧) પદાર્થો સાત છે. સામાન્ય, વિશેષ, દ્રવ્ય, ગુણ, કર્મ, સમવાય અને અભાવ.

(૨) ખરું તત્વજ્ઞાન થવા માટે અનુમાન કરી તત્વનિશ્ચય કરવો જોઈએ. અને તેમ થાય ત્યારે દુઃખની નિવૃત્તિ થઈ મોક્ષ મળે.

(૩) દ્રવ્ય નવ છે. પૃથ્વી, જલ, તેજસ્‌, વાયુ, આકાશ, કાલ, દિક્‌, આત્મા, મન, ગુણ ચોવીસ છે – રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા. પરિમાણ, પૃથક્‌ત્વ, સંયોગ, વિયોગ, પરત્વ, અપરત્વ, બુધ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરુત્વ, દ્રવ્યત્વ, સ્નેહ, સંસ્કાર, ધર્મ, અધર્મ, શબ્દ. કર્મના પાંચ પ્રકાર છે, ઉત્ક્ષેપણ, અવક્ષેપણ, આકુંચન, પ્રસારણ, ગમન. સામાન્યના બે પ્રકાર છે. પર અને અ–પર. અભાવના પ્રકાર. પ્રાગ્‌ભાવ, પ્રધ્વંસાભાવ, અત્યન્તાભાવ, તાદાત્મ્યતાભાવ અને અન્યોન્યાભાવ.

(૪) આત્મા બે પ્રકારનાં છે પરમાત્મા અને જીવ પરમાત્મા એટલે નિત્ય જ્ઞાનવાન્‌, સર્વજ્ઞ, કર્તારૂપ ઈશ્વર. જીવાત્મા એટલે અ–સર્વજ્ઞ, અનિત્ય જ્ઞાનવાન. ઈશ્વરરૂપે આત્મા એક છે, જીવોરૂપે અનેક છે.

આરંભવાદ અથવા પરમાણુવાદ આ પ્રમાણે છે. સૃષ્ટિના તમામ પદાર્થોનું પૃથક્‌કરણ કરતાં કણાદની બુધ્ધિ છેવટે પરમાણુ આગળ અટકે છે; તેનાથી પર કંઈ પણ નથી એમ નિશ્ચય થતાં તેનાથી વિશ્વની ઉત્પત્તિનો ખુલાસો આપે છે. પરમાણુની પાર કંઈ નહિ હોવાથી, તે જ સૃષ્ટિના આરંભક માને છે. આ સૃષ્ટિને જોતાં આપણને સહજ વિચાર થાય કે તેનો કોઈપણ કર્તા હોવો જ જોઈએ. જેમ ઘરને જોઈને તેના કર્તાનું અનુમાન આપણે કરીએ છીએ, તેમ સૃષ્ટિને જોતાં તેનો કર્તા હોવો જોઈએ તે વિચાર થાય જ. કણાદને એ વિચાર થતાં તેણે અનુમાન કર્યું અને એવો નિશ્ચય કર્યો કે ઘડાનો કર્તા જેમ કુંભાર છે તેમ સૃષ્ટિનો રચનાર ઈશ્વર હોવો જ જોઈએ. પણ તે ઈશ્વર આ સૃષ્ટિને કેવી રીતે રચતો

હશે ? તે વિષે તે કહે છે કે જયારે પોતાને આ સૃષ્ટિ રચવાની ઈચ્છા થાય છે. ત્યારે તેની ઈચ્છાને લીધે પરમાણુઓમાં ગતિ થાય છે અને બબે પરમાણુઓ એકઠાં થઈને દ્વયણુકો થાય છે. પછી ત્રણ દ્વયણુકથી એક ત્રયણુક બને, એવાં અનેક ત્ર્યણુકો બંધાય છે. પછીથી ચાર ત્ર્યણુંકોનું એક ચતુર્ણક એમ અનેક ચતુર્ણક બંધાય છે. આ ચતુર્ણુક વડે ઉત્પન્ન થયેલો મહાવાયુ આકાશમાં જાગે છે. તેનાથી જલસમૂહ જાગે છે તે જલમંડળના મહાપૃથ્વી મંડળ જાગે છે. પછીથી આ વાયુમંડળ, જલમંડળ અને પૃથ્વી મંડળના મહાસમુદ્રમાં ઉપરના ક્રમથી મોટો તેજો રાશિ જાગે છે, અને આ તેજો રાશિનાં પરમાણુઓ વડે મહેશ્વરની ઈચ્છામાત્રથી તે મહાભૂતોનો સમુદ્ર પાકે છે; અને તેમાંથી એક ખંડ ઉત્પન્ન થાય છે. તે બ્રહ્માંડમાં સર્વલોકના પિતામહ બ્રહ્મા આદિ પુરુષ તરીકે ઉત્પન્ન થાય છે, અને તેને સર્વ ક્રિયામાં મહેશ્વર પ્રેરે છે, અને દેવતાઓ, ગંધર્વો, ઋષિઓ, પિતૃઓ, મનુષ્યો તથા ઈત્તર પ્રાણી વગેરે સર્જાય છે. આ રીતે સૃષ્ટિ રચના વિષેનો વિચાર વૈશેષિક દર્શનમાં કરેલો છે. ન્યાય તેને સંમત થાય છે.

**પૂર્વપક્ષી :**

પરમાણુ કારણવાદમાં પરમાણુઓને જગતનું સમવાયિકારણ માનેલું છે, અને ઈશ્વર નિમિત્ત કારણ છે. ઈશ્વરને સૃષ્ટિ રચવાની ઈચ્છા થાય ત્યારે પરમાણુઓમાં ગતિ થઈને તે દ્વયણુંકા બંધાય છે. ત્રણ દ્વયણુંકો એકઠાં થઈને ત્ર્યણુકો થાય છે અને ચાર ત્ર્યણુકોમાંથી ચતુર્ણુક થાય છે. પછીથી મહાવાયુ જાગે છે. તેનાથી જલમંડળ જાગે છે, પૃથ્વી મંડળ જાગે છે, તેજો રાશિ જાગે છે, આ ક્રમ પ્રમાણે સૃષ્ટિ રચાય છે.

**<u>બે પરમાણુઓ એકઠાં થવાથી એક મોટું તથા લીંબુ પરમાણુ બને.પણ દ્વયણુક ઉત્પન્ન થાય નહિ.</u>**

**સિધ્ધાન્તી :**

તમારા મતમાં પ્રથમ બે પરમાણુઓ મળીને સ્થૂલ કાર્ય માટે દ્વયણુક થાય છે. પણ તેમાં તે પરમાણુઓમાં એક ઉપર હોય અને બીજું નીચે આવેલું હોય તો તે બંનેના ભેગા મળવાથી બમણા પરિમાણથી ઉત્પન્ન થનારૂં દ્વયણુક મોટું થઈ જાય. અથવા એક આગળ અને એક પાછળ જો હોય તો તેમ મળવાથી દ્વયણુક દીર્ઘ બને. કારણ કે પરમાણુનું પરિમાણ દ્રવ્ય અને આજબાજુએ વર્તુળાકાર છે

એમ સ્વીકારવામાં આવ્યું છે. આ મતના સ્વીકારથી નૈયાયિકોએ પોતાનો જ ઉપહાસ જાતે કર્યો છે કારણ કે તેમને લૌકિક તત્વની જ ખબર નથી તો પછી આત્મતત્વનું જ્ઞાન તેમને શી રીતે હોય ?

**પૂર્વપક્ષી :** ભલે તે રીતે તે દ્વયણુકો ''મહત્'' અગર ''દીર્ઘ'' થાય એમાં વાંધો શો છે ?

**સિધ્ધાન્તી :** તેમાં મોટો વાંધો છે, તેથી જ તે સ્વીકારાય તેમ નથી. તમારા કહેવા પ્રમાણે માનીએ તો દ્વયણુકની સંભાવના બને નહિ.

**પૂર્વપક્ષી :** શાથી ?

<u>પરમાણુ પ્રદેશ નહિ હોવાથી સંયોગ થાય નહિ, તેથી દ્વયણુકની ઉત્પત્તિ નથી.</u>

**સિધ્ધાન્તી :** દ્વયણુક થવાને માટે પરમાણુ પ્રદેશ જોઈએ પણ તેમાં પ્રદેશ નથી. પ્રદેશના અભાવે સંઘટ નાનો પણ અભાવ છે. આથી કરેલી કલ્પના કેવલ મનોરથ જ છે. કારણ કે પરમાણુમાં અસંયુકત અંશના અભાવે બે પરમાણુના સંબંધમાં એક જ પરમાણુ થાય. વળી, સંયોગથી ઉત્પન્ન થતું કર્મ પણ કરતાં નથી, કારણ કે અન્ય કારણથી ત્યાં અસંભાવના છે, તેથી પ્રદેશના અભાવમાં દ્વયણુકની ઉત્પત્તિ નથી.

**પૂર્વપક્ષી :** પરમાણુ અને દ્વયણુકનો સમવાય સંબંધ અમે સ્વીકારીએ છીએ. એટલે તે સંબંધથી પરમાણુઓમાંથી દ્વયણુકની ઉત્પત્તિ નથી.

**સિધ્ધાન્તી :** ના, તમે સમવાય સંબંધ સ્વીકારો છો તે અમે જાણીએ છીએ. તે સમવાય નિત્ય છે, અને તેથી નિત્ય સંબંધીની અપેક્ષા રાખે છે. વળી તે સંબંધ ઉભયમાં એટલે પરમાણુ અને દ્વયણુકમાં હોય છે. આ રીતે માનતાં પણ દ્વયણુકની ઉત્પત્તિ સંભવતી નથી. કારણ કે જેને તમે સમવાય કહો છો તે સંબંધની સમાનતાથી સંયોગની તુલ્ય છે. તેને જો અમુક સંબંધની અપેક્ષા હોય તો પછી બીજાને ત્રીજાની રહે, ત્રીજાને ચોથાની એમ અનવસ્થા દોષ લાગે. જેમ બે પરમાણુઓ પોતાનાથી અત્યંત ભિન્ન એવા દ્વયણુકની સાથે સમવાય સંબંધથી જોડાય છે, તેમ સમવાય પણ સમવાયિઓથી અત્યંત ભિન્ન હોવાથી અન્ય સમવાય લક્ષણથી સમવાયિઓથી સંબંધ થશે. આમ એક પછી એક કલ્પના કરવાથી અનવસ્થા દોષ લાગે.

## <u>પરમાણુ નિત્ય હોવાથી તેનું કાર્ય દ્વયણુક પણ નિત્ય બનશે.</u>

વળી, પરમાણુ તથા અન્ય કારણ તે નિત્ય હોવાથી તેનું કાર્ય દ્વયણુકાદિક હંમેશાં જ બન્યા કરશે, તે પણ એક દોષ છે. આ દોષની નિવૃત્તિ માટે જો તમે એમ કહેશો કે દ્વયણુક તો આકારવાળું છે અને જે આકારયુકત છે તે અનિત્ય છે માટે દ્વયણુક પણ અનિત્ય છે, તેથી તેનું કાર્ય નિરંતર બનશે નહિ. આ પ્રમાણે જો દ્વયણુક વિષેનો વાંધો દૂર કરવાને દલીલ કરશો તો પછી પરમાણુને પણ તે જ ન્યાય લાગુ પડશે. કારણ કે પરમાણુ પણ આકારયુકત છે તેથી તે અનિત્ય અને અ–પરમાણુ બની જશે.

**પૂર્વપક્ષી :** પણ આકારવાળા પદાર્થો અનિત્ય છે એવી વ્યાપ્તિ પરમાણુ વિષે લાગુ કરવાની નથી. તેનાથી ભિન્ન પદાર્થોમાં જ તે લાગુ કરવાની છે.

**સિધ્ધાન્તી :** તો અમે પણ કહીશું કે શ્રુતિથી બ્રહ્મ જ જગત્નું કારણ સિધ્ધ છે. માટે જગત્નું કારણ મનાવવાને પરમાણુવાદનો સ્વીકાર કરવો તે ખોટું છે. પરમાણુને આકારવાળા માનો યા આકારરહિત માનો. જે રીતે માનવું હોય તે રીતે માનો, તો પણ તમારા મતને બિલકુલ ટેકો મળતો નથી.

**પૂર્વપક્ષી :** તે કેવી રીતે ?

## <u>પરમાણુને રૂપવાળું અગર રૂપ વગરનું માનો તો પણ પરમાણુવાદ સિધ્ધ થતો નથી.</u>

**સિધ્ધાન્તી :** જો તમે પરમાણુઓને આકારવાળા માનશો તો તે તમે આપેલી વ્યાપ્તિ પ્રમાણે અનિત્ય ઠરશે. અર્થાત્ તમારા સિધ્ધાન્તથી વિરુધ્ધ માનવું પડશે. તમારા સિધ્ધાન્તમાં પરમાણુઓ નિત્ય છે, અને અહિંસા આકારવાળા કલ્પવાથી અનિત્ય ઠરે છે. જો તમે આકારરહિત તેને માનશો તો પણ તેથી તમારો અર્થ સિધ્ધ થતો નથી; કારણ કે તેમ માનવાથી તેમાંથી ઉત્પન્ન થતા કાર્યમાં દ્વપુણકમાં રૂપનો અભાવ દેખાશે – અર્થાત્ દ્વયણુક આકારરહિત ઉત્પન્ન થશે. આ પણ તમારા મતથી વિરુધ્ધ જાય છે. તમે તો દ્વયણુકને આકારયુકત માનો છો તેથી બન્ને રીતે તમને હાનિકર્તા છે, જેમ હળદર અને ચૂનો એ બન્નેને એકઠો કરવામાં આવે તો જુદા જ રૂપનો પદાર્થ થાય છે. કારણ કે હળદર પીળી છે

અને ચૂનો ધોળો હોય છે. તે બન્નેના સંયોગથી લાલ રંગ ઉતપન્ન થાય છે. તેમ રૂપવાળા અને રૂપવગરના બન્નેના સંબંધથી જુદો જ પદાર્થ ઉતપન્ન થાય.

## પરમાણુવાદ શ્રુતિથી અસમત છે.

પરિણામવાદ છે. મૂળ પ્રકૃતિમાંથી વિકાર માત્ર સૃષ્ટિ કાર્ય ઉતપન્ન થાય છે એમ અમે માનીએ છીએ. તમારા બ્રહ્મવાદને આ પ્રમાણે તમે માનતા નથી. આથી બ્રહ્મ સમવાયિકરણ અને નિમિત્ત એમ તમે કહી શકશો નહિ.

**સિધ્ધાન્તી :** અમારામાં પરિણામવાદ નથી એમ નથી. પણ અમારા બ્રહ્મવાદમાં જે પરિણામ રીતિનો સ્વીકાર કરવામાં આવ્યો છે તેમાં અને તમારામાં કંઈક ફેર છે. તમે પરિણામનો અર્થ વિકાર કરો છો પણ અમે તેને વિકારના અર્થમાં સમજતા નથી. અમે તેને મૂળ વસ્તુનો અમુક પ્રકાર જ સમજીએ છીએ. તેથી તમે આપેલું દુધનું દષ્ટાંત અમને અનુકૂળ નથી. અમે અમારો પરિણામવાદ સમજાવવાને સુવર્ણનું દષ્ટાંત આપીએ છીએ. સોનામાંથી અનેક પ્રકારના ઘાટ ઘડવામાં આવે છે છતાં પણ તેના મૂળ સોનામાં કોઈપણ ઘટ પડતી નથી. તે સોનાના બનેલા અલંકારોનું પાછું સોનું જ થઈ શકે છે. મૂળ સોનામાંથી તે બનેલા છે, એટલું જ નહિ પણ અલંકાર તરીકે પણ તે સોનું છે. માત્ર વ્યવહારની દષ્ટિએ વાણીથી તે અલંકારોને જુદી જુદી સંજ્ઞાઓ આપી છે. સોનાના થતા જુદા જુદા ઘાટો તે વિકારો નથી, પણ માત્ર પ્રકારો જ છે. પરિણામનું નામ જ પ્રકાર રૂપાન્તર છે. આ રૂપાન્તરમાં કોઈપણ જાતનો વિકાર નથી તેથી **તે અવિકૃત પરિણામવાદ છે.** આ પ્રકારે મોટો ભેદ તમારા પરિણામવાદમાં અને અમારામાં છે. અમારા બ્રહ્મવાદમાં બ્રહ્મ જ સર્વ કંઈ હોવાથી તથા સર્વવસ્તુ બ્રહ્મમાંથી આવિર્ભાવ પામેલી હોવાથી વિકાર જેવું કંઈપણ નથી. વિકાર નહિ હોવાથી ઘટ પટાદિ નામ રૂપાત્મક પદાર્થોની કાર્ય દશાને લીધે મૂળ કારણ બ્રહ્મમાં  કોઈપણ જાતની ક્ષતિ નથી. કારણરૂપ બ્રહ્મ પોતે જ કાર્યરૂપે પરિણામે છે, અને તે પરિણામ કરનાર પણ પોતે છે. આથી બ્રહ્મ સમવાયિકારણ, નિમિત્ત કારણ એમ ઉભયરૂપે છે. કારણરૂપ બ્રહ્મ જ્યારે પોતે જગત સર્જે છે ત્યારે કાર્યરૂપ બને છે. આ કાર્ય રૂપ બ્રહ્મ એ કારણ બ્રહ્મની અવસ્થા વિશેષ છે. જેમ ગાડીમાં રાખેલા વસ્ત્રને ખૂલ્લું કરવામાં આવે ત્યારે તે અન્ય અવસ્થા ધારણ કરે છે આથી આપણે એમ નહિ કહી શકીએ કે ખૂલ્લું વસ્ત્ર તે ગડી કરીને રાખેલા વસ્ત્રની વિકૃતિ છે. તે જ પ્રમાણે બ્રહ્મ જગત સર્જે છે તેથી તે વિકારવાળું થઈ શકતું નથી. માટે અવિકૃત બ્રહ્મ જ સમવાયિકારણ છે, પ્રકૃતિ નહિ.

**તાત્વિક મૂલ્યાંકન :** [૬૦]

બ્રહ્મસૂત્ર અણુભાષ્ય વિવેચનમાં આચાર્યશ્રી અસત્ કાર્યવાદ ખોટો સાબિત કરવા આરંભવાદ તથા પ્રતીત્ય સમુત્યવાદનું ખંડન કરી અવિકૃત પરિણામવાદનું મંડન કરવાનો સફળ પ્રયત્ન કરે છે. બ્રહ્મ અવિકૃત હોય છતાં અનેકતાસભર સૃષ્ટિનું નિર્માણ થાય અને બંને સત્ હોય તે તાર્કિક દષ્ટિએ સાબીત કરી શકાતું નથી. તેથી લીલા શબ્દના સ્વીકાર દ્વારા એક બચાવ પ્રયુકિતનો ઉપયોગ કરે છે પરંતુ બ્રહ્મમાં અનેક ધર્મો સ્વીકારવાથી પ્રશ્નનો ઉકેલ મળી રહે છે. તેમ અમારું માનવું છે. જે પણ વલ્લભાચાર્ય બ્રહ્મના વર્ણન સમયે સ્વીકારે છે પરંતુ અહીં અન્યની મર્યાદા કે ત્રૂટિ દર્શાવવાથી સ્વમત સત્ય કે પ્રમાણભૂત સાબિત ન થાય. ઊલટું, નિષેધ કે ખંડન કરવા માટે પહેલાં તેનું અસ્તિત્વ સ્વીકારવું પડે છે.

**(૨) બૌધ્ધમત અથવા પ્રતીત્ય સમુત્પાદ વાદ અથવા ક્ષણિકવાદનું ખંડન** [૬૧]

બાહ્ય મતના સમુદાયથી સંસાર વગેરે ઉત્પન્ન થતા નથી.

**પૂર્વ પક્ષી :** બાહ્ય મત પ્રમાણે સમુદાયના સંબંધથી જીવને સંસાર થાય છે તે આ રીતે. પરમાણુના સમૂહ રૂપ એટે પૃથ્વી વગેરે ભૂતોનો સમુદાય તે એક સમુદાય. રૂપ, વિજ્ઞાન, વેદના, સંજ્ઞા, અને સંસ્કાર એ પાંચ સ્કન્ધોનો સમુદાય તે બીજા સમુદાય છે. તે બન્ને સમુદાયના સંબંધથી જીવ સંસાર સર્જે છે. તે સમુદાયનો નાશ થતાં તે મોક્ષ મેળવે છે.

**સિધ્ધાન્તી :** બાહ્ય સિધ્ધાન્ત હોય તો તેથી સમુદાયની જરૂર રહેતી નથી. કારણ કે એ મતમાં સઘળા પદાર્થો ક્ષણિક હોવાથી, ક્ષણે ક્ષણે બદલાતાં હોવાથી તથા જીવ પણ ક્ષણિક હોવાથી સંસાર સાથે સંબંધ પ્રાપ્ત થવો બહુ જ મુશ્કેલ છે. આથી તમે કહેલી રીતે સંસાર બની શકે જ નહિ.

**પૂર્વ પક્ષી :** જો કે આ મતમાં સઘળાં પદાર્થોને ક્ષણિક કહ્યા છે પણ એક ક્ષણના પદાર્થો બીજી ક્ષણના પદાર્થોનું જ્ઞાન ઉત્પન્ન કરવામાં કારણરૂપ થાય છે, અને બીજી ક્ષણના ત્રીજી ક્ષણના પદાર્થોના જ્ઞાનની ઉત્પત્તિમાં કારણરૂપ બને છે. આથી પદાર્થોના સર્જનની સંતતિ

Continuity ચાલુ જ રહે છે. માટે ક્ષણિકત્વરૂપી દોષ ત્યાં લાગુ પડતો નથી. આ રીતે જીવ ક્ષણિક નહિ પણ સ્થિર બને છે.

**સિધ્ધાન્તી :** તમારી દલીલથી પછીની ક્ષણના પદાર્થોની ઉત્પત્તિમાં પ્રથમ ક્ષણના પદાર્થો માત્ર નિમિત્ત જ બને છે. કારણ કે તે પદાર્થો તુર્ત જ તે ક્ષણે નાશ પામે છે. પછીની પળમાં તે અનુસ્યૂત થતા નથી. તેમના સમુદાયમાં વળી, તે નિમિત્ત નથી. આ પ્રમાણે સ્થૈર્યના અભાવને લીધે તથા અનુસંધાનના અભાવને લીધે સમુદાયની ઉત્પત્તિ જ નથી. તેથી ઉપર જણાવેલો દોષ નિવૃત્ત થતો નથી.

વળી, તમે કહો છો તેમ પછીના પદાર્થના જ્ઞાનની પણ ઉત્પત્તિ નથી જ. કારણ જો પદાર્થ ઉત્પન્ન થએલો હોય તો જ તે બીજાને ઉત્પન્ન કરે. પણ અહિંઆં તો પદાર્થો ક્ષણિક હોવાથી જે તેજ ક્ષણે તેનો નાશ છે. ઉત્પત્તિની ક્ષણમાં જ તે નાશ પામેલું છે. આથી તેનામાં નવું ઉત્પન્ન કરવાનું સામર્થ્ય નથી.

**પૂર્વ પક્ષી :** પણ એક જ ક્ષણને જ્ઞાનની ઉત્પત્તિ. સ્થિતિ અને લય માનીએ તો પછી ઉત્પત્તિ સંભવે જ.

**સિધ્ધાન્તી :** એ રીતે માનતાં તમારા સિધ્ધાન્તને વિરોધ આવે. એક જ ક્ષણમાં જ્ઞાન ઉત્પન્ન કરનાર કારણ અને કાર્યની ઉત્પત્તિ, સ્થિતિ અને લય છે એમ તમે માનતા નથી. ઉત્પન્ન કરનાર કારણ પ્રથમ ક્ષણમાં અને ઉત્પન્ન થનાર કાર્ય તે બીજી ક્ષણમાં એમ તમે માનો છો. આ રીતે તમારા મતનો વિરોધ આડે આવે છે. તેમજ,

**પૂર્વપક્ષી :** બૌધ્ધ મતમાં ક્ષણિકવાદીઓ એવું માને છે કે પ્રતિ સંખ્યા તથા અ–પ્રતિસંખ્યા નિરોધમાં આવેલી અવિદ્યાનો નાશ તેનું નામ મોક્ષ છે.

**સિધ્ધાન્તી :** આ પણ ખરૂં નથી.

**પૂર્વપક્ષી :** પણ કેવી રીતે ?

**સિધ્ધાન્તી :** તે આ રીતે. પરિકર સહિત અવિદ્યા હેતુ વગર નાશ પામે છે કે તે કોઈ હેતુની અપેક્ષા રાખે છે ? તેના નાશમાં કોઈ હેતુ છે કે નથી ? અર્થાત્ હેતુ સહિત નાશ પામે છે કેમ ? તેનો ઉત્તર આપો. એટલે તમારી શંકાનું સમાધાન થઈ જશે.

**પૂર્વપક્ષી :** હેતુ નથી. તે માટે કોઈ કારણની જરૂર નથી. અવિદ્યા જ નાશ પામે છે તેના હેતુ નહિ.

**સિધ્ધાન્તી :** ઠીક ત્યારે જો એમ હોય તો મોક્ષના સાધન જણાવનાર શાસ્ત્ર ફિલ થશે. શાસ્ત્રમાં મોક્ષ કેવી રીતે મેળવવો તેને માટે સાધનો આપેલાં છે. જો અવિદ્યાના નાશમાં કોઈપણ હેતુ ન હોય તો પછી આ શાસ્ત્રો નકામાં થઈ જાય. અવિદ્યા સાથે તેને ઉત્પન્ન કરનાર હેતુઓ નાશ ન પામતા હોય તો તે મોક્ષ શા ખપનો ?

**પૂર્વ પક્ષી :** ભલે ત્યારે એમ માનો કે તેને હેતુની જરૂર છે. હેતુ પણ નાશ પામે છે. અવિદ્યાના નાશમાં તેના હેતુનો પણ નાશ થાય છે.

**સિધ્ધાન્તી :** એમ જો માનશો તો પછી તમારે અવિદ્યા તથા તેના કાર્યથી અતિરિકત પદાર્થનો અંગીકાર કરવો પડશે. આથી અભ્યુગમ હાનિ પણ થશે. અને સ્વસિધ્ધાન્તને મોટો પ્રહાર પડશે. કારણ કે અવિદ્યા અને તેના કાર્યથી જુદા પદાર્થના અનંગીકારથી હેતુ સહિત વિનાશ પણ સંભવતો નથી. તે નાશ વન્ધ્યા પુત્રના નાશની માફક અગર રજજુ સર્પના નાશની બરાબર છે. કોઈ માણસ કહે કે મેં વાંઝણીના છોકરાને મારી નાખ્યો, અગર રજજુ સર્પનો સંહાર કર્યો તેમાં જે રીતનો વદતોવ્યાઘાત છે – વિપરીત ઉકિત છે તેવી જ રીતે અવિદ્યાથી જુદા પદાર્થનો અંગીકાર નહિ કરીને હેતુઓ સહિત તેના નાશ કરવામાં આવે છે. આ રીતે બન્ને દષ્ટિએ આ મત યુક્ત નથી....

**પૂર્વ પક્ષી :** જેમ દૂધના ઉપમર્દ સિવાય દધિની ઉત્પત્તિ નથી તે પ્રમાણે બીજના ઉપમર્દ સિવાય અંકુરની ઉત્પત્તિ જણાતી નથી. અર્થાત્ આ દષ્ટાંતોમાં અભાવમાંથી ભાવ ઉત્પન્ન થાય છે એટલે અસત્ અને અબીકમાંથી જગત્‌ની ઉત્પત્તિ છે.

**સિધ્ધાન્તી :** આ દલીલ કેવી રીતે ઉપહાસને પાત્ર છે ! ખરેખર આવી દલીલ કરીને તમે બુધ્ધિનું લીલામ કરેલું જણાય છે. મૂર્ખ માણસ પણ આવી દલીલ કરે નહિ. <u>અસત્‌માંથી સત્ ઉત્પન્ન થાય,</u> અભાવમાંથી ભાવ ઉત્પન્ન થાય, વસ્તુ જ જ્યાં ન હોય ત્યાં વસ્તુની ઉત્પત્તિ થાય એવું કોઈપણ સ્થળે જોયું નથી, તેમ સાંભળ્યું પણ નથી. મૂળમાં કંઈપણ હોય તો જ વસ્તુ ઉત્પન્ન થાય. અભાવમાંથી ભાવની ઉત્પત્તિ તે ખરી નથી. પણ રાશશૃંગ, અગર ખપુષ્પ જેવી છે. એ દલીલમાં નથી તર્ક કે નથી વ્યવહાર કૌશલ.

**પૂર્વ પક્ષી :** આ દલીલ તદ્દન ખોટી હોય તો પછી ભગવાન બુધ્ધે શા માટે તેવો ઉપદેશ આપ્યો હશે ? તેવો ઉપદેશ આપવામાં તેમનો હેતુ શો ?

**સિધ્ધાન્તી :** ભગવાન બુધ્ધે ભલે તે ઉપદેશ આપ્યો હોય તે સાત્વિક પુરુષોને ગ્રાહ્યય નથી ભગવાન્‌ની પોતાની ઈચ્છાથી દૈત્યોને વ્યામોહ કરવાને બુધ્ધનો અવતાર થયો અને આ રીતે તેમને ઉપદેશ આપ્યો. જો દૈત્યને આવો ઉપદેશ આપીને તેમને અસત્કાર્યમાં રાખ્યા ન હોત તો સાધુશીલ પુરુષોને જીવન ન ભાવવું બહુ મુશ્કેલ થઈ પડત. વરાહ પુરાણના અ. ૭૦–૩૬ માં આ હકિત નોંધેલી છે. ભગવાનથી દૈત્યોને વિમુખ કરવાની પ્રભુની ઈચ્છા થઈ અને તેથી શિવને આજ્ઞા થતાં બુધ્ધનો અવતાર લીધો. પદ્મપુરાણના ઉત્તર ખણ્ડમાં પણ એ જ હકીકત છે. તેથી જ મહાદેવ વગેરેએ ભગવાનના અંશરૂપે વૈદિકોમાં પ્રવેશ કર્યો, અને વિશ્વાસ ઉત્પન્ન કરવાને વેદના વિભાગ કર્યા; અને જગત્‌નું કારણ અસત્–અવિદ્યા છે એવો ઉપદેશ આપ્યો. વળી, અવિદ્યાની નિવૃત્તિ માટે જાતિના ભ્રંશરૂપ સંન્યાસ પાષણ્ડનો પ્રચાર કર્યો અને સઘળા લોકોને વ્યામોહ કર્યો. આ સઘળું પ્રભુની ઈચ્છાથી થયું છે.

**પૂર્વપક્ષી :** તો પછી તમે બ્રહ્મવાદનું પુનઃસ્થાપન શા માટ કરવા જાવ છો ?

**સિધ્ધાન્તી :** એ પ્રશ્ન પણ ઠીક છે. હવે લોકનું વ્યામોહ સંપૂર્ણ થઈ ગયું છે, એટલે પરમાત્માએ દૈવીજીવોના ઉદ્ધાર માટે તેમને અસન્માર્ગમાંથી ખેંચીને સન્માર્ગ ઉપર દોરવાને અમને આજ્ઞા કરી છે. તેથી શ્રુતિમાં જે જે બાબતો જણાવી છે તેનો બરાબર ઉપદેશ આપવાને અમે આ પ્રયત્ન શરૂ કર્યો છે. આથી અમે પરમાત્મા બ્રહ્મ એ જ સર્વવસ્તુ છે, તે જ જગત્‌નું કારણ છે, તેમના સિવાય બીજું કંઈ પણ નથી એ સિધ્ધાન્ત ઉત્તમ જીવોને જણાવવા માગીએ છીએ કે જેથી તેઓ હીન જીવોની જાળવમાં ફસાય જાય નહિ. અગ્નિની માફક અસત્ સિધ્ધાન્તોને અમે બાળીને ભસ્મ કરી દેવાની પ્રતિજ્ઞા લીધી છે.

અભાવમાંથી ભાવની ઉત્પત્તિમાં બીજું દૂષણ તમને જણાવીશ. જો અભાવમાંથી ભાવની ઉત્પત્તિ થતી હોય તો શા માટે ખેડૂતોએ ખેતરમાંથી ધાન્ય ઉત્પન્ન કરવાને જાતે હળ લઈને ખેડવા જવું જોઈએ. તથા જમીનમાં બી રોપવાં જોઈએ તથા ઉગેલાં અનાજનાં કણસલાંને પાણી પાવું તથા કચરું નીંદી નાખવું જોઈએ ? આ બધાં સાધનોની શી જરૂર છે ? વિના સાધને જ તેમને ધાન્યની

ઉત્પત્તિ થવી જોઈએ. અભાવમાંથી જો ભાવની ઉત્પત્તિ હોય તો દુનિયામાં કોઈ તે વસ્તુને પ્રાપ્ત કરવાને માથાકૂટ કરશે નહિ.

## ૪.૧૦ અ–વિકૃત પરિણામ વાદના સમર્થનમાં કેટલીક દલીલો :[૬૨]

૧. જેમ દૂધ કર્તાની અપેક્ષા વિના દહીં થવાના સમયે પોતાની મેળે જ દહીં થાય તેવી જ રીતે કાર્યના સમયે બ્રહ્મમાં પોતાની જાતે જ બધું જગત થાય છે, તેથી અવિકૃત પરિણામવાદ સિધ્ધ થાય છે.

૨. જેમ દેવો, ઋષિઓ અને પિતૃઓ બાહ્ય સાધનની અપેક્ષા રાખ્યા વિના જ પોતાના યોગબળથી બધું કરે છે. તેથી અવિકૃત પરિણામવાદ સિધ્ધ થાય છે. કારણ બ્રહ્મ વિકૃત વિના સર્જન કરે છે.

૩. બ્રહ્મ જગત બનાવે તો પણ નિષ્કલ – અંશરહિત – નિષ્ક્રિય – શાન્ત રહે છે. કારણ બ્રહ્મ ફકત વેદના શબ્દથી જ જાણી શકાય છે. તેથી અ–વિકૃત પરિણામવાદ સાચો સિધ્ધાંત સાબિત થાય છે.

૪. જગત ઉત્પન્ન કરતી વખતે દેશ અને કાળની અપેક્ષા નથી, કારણ કે આત્મામાં જ બધું ઉત્પન્ન થાય છે, અને દેશ–કાળની સૃષ્ટિના વિષયમાં પણ આત્મામાં જ દેશ–કાળરૂપી અધિકરણ સાથે જ જગતની સૃષ્ટિ થાય છે તેથી અવિકૃત પરિણામવાદ સાચો સિધ્ધાંત સાબિત થાય છે.

૫. બ્રહ્મસૂત્ર ૨–૧–૨૮ નો અન્ય અર્થ આપતાં વલ્લભાચાર્ય કહે છે કે, જેમ આત્માની અંદર દેશકાળની અપેક્ષા વિના સૃષ્ટિ થાય છે તેમ બહાર પણ દેશકાળની અપેક્ષા વિના સૃષ્ટિ થાય છે. આ માટે તેઓ બૃહદારણ્યક ઉપનિષદ ૪–૫ નો આશ્રય લે છે, ‘‘અંતરરહિત – બાહ્યરહિત’ શબ્દ પ્રયોજે છે, અંતમાં કહે છે કે બ્રહ્મ બધું થવાને સમર્થ છે, તેથી વિરોધ નથી. પરિણામે અ–વિકૃત પરિણામવાદ યથાર્થ સાબિત થાય છે.

## ૪.૧૧ સાર સંક્ષેપ

પ્રકરણ ૪ અવિકૃત પરિણામવાદ જે અમારા મહાનિબંધનું હૃદય કે કરોડરજજૂ છે. જેમાં અમોએ તેનું સ્થાપન વિવિધ સંદર્ભ સાથે રજૂ કરેલ છે. સમર્થનમાં દલીલો આપેલી છે. ખંડન દ્વારા મંડન પદ્ધતિનો પ્રયોગ વલ્લભાચાર્યએ કરેલો છે. તે પણ દર્શાવેલ છે. અંતમાં તાત્વિક મૂલ્યાંકન દ્વારા કાર્યકારણ સિધ્ધાંતોમાં અવિકૃત પરિણામવાદ શ્રેષ્ઠ છે તેમ સાબિત કરે છે. આચાર્યશ્રીએ તૈતરિય

ઉપનિષદ ૨–૬ ના સંદર્ભ સાથે અવિકૃત પરિણામવાદ રજુ કર્યો છે. અવિકૃત પરિણામવાદ કાર્યકારણ શ્રૃંખલાનું અંતિમ શીખર છે. બ્રહ્મમાં સ્વગત ભેદ સ્વીકારવાથી અથવા વિરુદ્ધ ધર્મો યુકત બ્રહ્મ સ્વીકારવાથી જગતની અનેકતાને પણ સત્ય તરીકે સ્વીકારી શકાય છે. પરંતુ સૌથી મોટો પ્રશ્ન અને સૌથી મોટો ઉત્તર છે કે મર્યાદિત જગતમાં મર્યાદિત માનવી વડે ઉઠાવાયેલ પ્રશ્નનો ઉત્તર મર્યાદિત ગુણ ધરાવતા ઉદાહરણ દ્વારા જ આપી શકાય છે. તેથી વ્યવહાર જગતના ઉદાહરણ કરોળિયો, કાચબો, સુવર્ણ વગેરે ઉદાહરણો દ્વારા સમજાવવાનો પ્રયત્ન સ્તુત્ય છે.

અંતમાં કહી શકાય કે કાર્યકારણ ભિન્ન છે તેવા વિચારથી શરૂ થયેલ ભારતીય તત્વજ્ઞાનની યાત્રા કાર્યકારણના અભેદ આગળ અટકે છે. વેદના ભાષ્યમાં રજુ થયેલ કાર્યકારણ વિભાવના, ન્યાય વૈશેષિકનો  અસત કાર્યવાદ, બૌદ્ધનો પ્રતિત્ય સમુત્પાદવાદ સાંખ્યનો સત્કાર્યવાદ તેમાં પણ પ્રકૃતિ પરિણામવાદ શંકરાચાર્યનો વિવર્તવાદ અને વલ્લભાચાર્યનો અવિકૃત પરિણામવાદ આમ વૈચારિક શૃંખલા સમજવાથી તમામ પ્રશ્નોનું નિરાકરણ મળી રહે છે. [૬૩]

શ્રુતિ પ્રમાણે અવિકૃતપરિણામ સિધ્ધાંત સિધ્ધ થઈ જાય છે; તો પણ વિરૂધ્ધ મતના બધા જ વાદી પોતાના શાસ્ત્રના દષ્ટિબિન્દુથી શુધ્ધાદ્વૈત સિધ્ધાન્ત ઉપર આક્ષેપ કરવા પ્રયત્ન કરે છે. આ બધા પ્રયત્નોનું મૂલ કૂટસ્થ, ચેતન, બ્રહ્મ પરિણામ ન પામી શકે એમ તેઓની ભ્રાન્તિ છે. કૂટસ્થ, અવ્યવ બ્રહ્મ જગદ્રૂપે પરિણામ પામે તો બ્રહ્મ કૂટસ્થ ન કહેવાય એમ તે સર્વવાદીઓનો દુરાગ્રહ છે. વળી તેમને ભીતિ છે કે જગતનું ઉપાદાનકારણ બ્રહ્મને માનવામાં આવે તો બ્રહ્મમાં વિકાર થઈ જાય. પણ તે સર્વેનું સમાધાન એકદમ સરલ છે. શ્રુતિ અને સૂત્ર વગેરેમાં શરુઆતથી જ એક જ સચ્ચિદાનંદ અને નિત્ય એવો પદાર્થ સ્વીકારેલો છે. એટલે સર્વ જગતની ઉત્પત્તિ સ્વાભાવિક રીતે જ ચૈતન્યમાંથી જ થાય એ યોગ્ય છે. વળી બ્રહ્મ સિવાય બીજા કોઈને પણ અનાદિ માનતાં તે બે અનાદિ થાય અને આમ દ્વૈતની આપત્તિ આવી પડે. માટે પણ બ્રહ્મને જ ઉપાદાન કારણ માનવું જોઈએ.

કોઈ કહે કે જગતનું કારણ જીવ થઈ શકે તો એમાં મુશ્કેલી એ છે કે જીવ પરતંત્ર છે, કારણ કે જીવ સંસારની અવસ્થામાં અને એ ગુપ્તાનંદ છે, તેનો આનંદ પ્રકટ નથી અને કારણ હંમેશ સ્વતંત્ર જ હોઈ શકે, પરતંત્ર નહિ નૈયાયિકોની માન્યતા મુજબ પરમાણુ જગતનું કારણ થઈ શકતું નથી, કારણ કે તેમના મત મુજબ બે પરમાણુના સંયોગ વડે દ્વયણૂક થાય છે, જે અયોગ્ય છે. દ્વયણૂકની ઉત્પત્તિ પરમાણુમાંથી થઈ શકતી નથી. પરમાણુ નિત્ય માનતાં કાર્ય હંમેશ રહેશે. વળી પરમાણુ

જેમાંરૂપે વગેરે સ્વીકાર્યું છે તે પણ અયોગ્ય છે. તેમ સ્વીકારવાથી પરમાણુ અનિત્ય થઈ જશે, એટલે પરમાણુ અપરમાણુ થઈ ગયું. પરમાણુને અરૂપ માનવાથી પણ ચાલશે નહિ; કારણ કે પરમાણુરૂપી કારણને વિષે રૂપ નહિ સ્વીકારો તો કાર્યમાં જે રૂપ દેખાય છે તે નિર્મૂલ થઈ જશે. એ ક્યાંથી આવ્યું તે સમજાય નહિ. વળી, ઈશ્વર નિમિત્ત કારણ પણ નહિ થઈ શકે. જૂદો ઈશ્વર સ્વીકારવાથી તેનામાં વિષમતા અને ક્રૂરતાનો દોષ આવશે. કર્મ વડે જીવ તે તે ફળ ભોગવે છે. એમ કહેતાં તો ઈશ્વર કર્મને આધીન થઈ જશે અને આમ છતાં ઈશ્વર ઈશ્વર નહિ રહે, અનીશ્વર થઈ જશે અને આમ ન્યાયશાસ્ત્રનો મુખ્ય દોષ હોય તો તે યુક્તિમૂલક છે. નૈયાયિક જીવ અને ઈશ્વર એ બંનેને વિભુ સ્વીકારે છે, એટલે જીવ અને ઈશ્વરનો સંબંધ જ સંભવતો નથી તો ઈશ્વર પતિ પણ નહિ કહી શકાય. અધિષ્ઠાન–આધાર–વિના કાર્ય થઈ શકતું નથી. ઈશ્વરને પણ અધિષ્ઠાનની અપેક્ષાની કલ્પના કરશો તો મતવિરોધ, અનવસ્થા અને અસંભવદોષ ન્યાયની પ્રક્રિયામાં પ્રાપ્ત થઈ જશે. ઈશ્વરને ઈન્દ્રિયો છે એમ સ્વીકારીએ તો જીવ અને ઈશ્વરના અસંબંધરૂપ દોષનું નિવારણ થઈ શકે. પરંતુ ઈશ્વરને ઈન્દ્રિયવાળો માનવાથી ઈશ્વરને ભોગ વગેરે આસક્તિ થશે. ઈશ્વર નિયામક પણ થઈ શકશે નહિ. જીવ વગેરે પરિચ્છિન્ન–મર્યાદિત–હોય તો જ એમનું નિયમન ઈશ્વર કરી શકે, પણ ન્યાયશાસ્ત્રમાં જીવ વગેરે કોઈ પરિછિન્ન–મર્યાદિત નથી. જીવ વગેરે અમર્યાદિત માનતાં ઈશ્વરને જીવ વગેરેનો સંબંધ ન રહ્યો એટલે ઈશ્વર જ સર્વજ્ઞપણાથી રહિત થઈ જશે. આમ પરમાણુકારણવાદ અનેક દોષથી ભરપૂર છે. તેથી તે યુક્ત નથી.

પ્રકૃતિ વગેરે જડ પદાર્થ કારણ ન થઈ શકે. કારણ કે જડવસ્તુમાં ક્રિયાશક્તિ જ પ્રથમ તો નથી. સૂત્રકાર **'कामाच्च नानुमानापेक्षा'**'૧ એ સૂત્રમાં જડ કારણનો સ્પષ્ટ નિષેધ કરે છે. જડ કારણ માનતાં જડમાં લય થાય, કારણને પણ કાર્યમાં રહેલા સ્થૂળતા, અવયવપણું, મર્યાદિતપણું, અશુદ્ધત્વ વગેરેનો સંબંધ થાય. આમ જડવાદમાં રચનાની અનુપપત્તિ–અશક્યતા–પ્રાપ્ત થાય છે. પ્રવૃત્તિ સંભવે જ નહિ. વળી, જડ સ્વતંત્ર રીતે તો પાણીની માફક પરિણામ પામી શકે નહિ. તેવાં ઉદાહરણમાં દેખીતી રીતે જ ચેતનની અપેક્ષા છે, તૃણ, પાંદડું, પાણી વગેરે સ્વભાવથી પરિણામ પામે છે; તેમ જડ પણ પરિણામ પામી શકે એમ ન માનવું, સ્વભાવથી જ જોતેવું પરિણામ થતું હોય તો બધે જ તૃણ વગેરેમાંથી દૂધ થાય, પણ સિંગડાં વગેરેમાં અથવા તો બળદ વગેરેમાં તેમ થતું નથી. વળી ચિદ્રૂપ બ્રહ્મ કારણ ન થાય એ શંકા ઠીક નથી. અચેતન કેશ ચેતન શરીરમાંથી ઉત્પન્ન થાય છે અને ચેતન વીંછી અચેતન ગાયના છાણમાંથી પ્રકટ થાય છે. ચેતનમાંથી અચેતનની ઉત્પત્તિનો નિષેધ કરતાં તદશનો–તેના

અંશ–નો જ માત્ર નિષેધ છે. કાર્ય અને કારણ સરખાં હોવા જોઈએ એમ માનતાં પણ બંનેમાં સત અંશ સામાન છે જ. જડ પોતાની મેળે જ પરિણામ પામે એમ માનતાં પણ પરિણામ થવામાં જડને કોઈ પ્રયોજન, હેતુ, નથી. જો એમ કહેવામાં આવે કે કેવલ જડ કારણ ન થઈ શકે, પણ ચૈતન્યથી પ્રેરાયેલું જડ કારણ થઈ શકે, તો એ પ્રમાણે સ્વીકારતાં બંને વચ્ચે નિત્ય સંબંધ માનવો પડશે. વળી, કારણ વિશિષ્ટ થયું એટલે અનિર્મોક્ષનો પ્રસંગ આવશે. જો અંગાંગિનો ભાવ સ્વીકારીએ તો જડકારણવાદીનો બ્રહ્મવાદમાં જ પ્રવેશ થઈ જાય છે. જડમાં જ્ઞાનશક્તિ જ નથી એ મુખ્ય દોષ છે, માટે જડ કારણ થઈ શકે નહિ.

કારણ જ અસત છે એમ કોઈ શંકા કરે તો તે યોગ્ય નથી, કારણ કે કારણ અસત છે. એમ શ્રુતિ કે સ્મૃતિમાં કોઈ પણ સ્થળે નિર્દેશ નથી. ઊલટું **''कथम् असतः सत् जायेत''** અસત્ કારણમાંથી સત્ કાર્ય કેવી રીતે થઈ શકે ? અસત્ કારણ માનતાં તો સસલાનું શીંગડું વગેરેમાંથી પણ સર્વ કાર્ય સિદ્ધ થવાનો પ્રસંગ આવી જાય, કોઈ પણ પ્રકારનો પ્રયત્ન ન કરનારને પણ સર્વ વસ્તુ સિધ્ધ થઈ જાય.

અનિર્વચનીય અનાદિ અવિદ્યા પણ કારણ થઈ શકે નહિ. અવિદ્યાને અનાદિ માનતાં દ્વૈત આવી જશે. અવિદ્યા અનાદિ નથી, પણ જન્ય = કોઈમાંથી જન્મેલી–છે એમ કહેશો તો બ્રહ્મને જ કારણ માનવું પડશે, અને આમ માયાવાદનો ત્યાગ કરી બ્રહ્મવાદમાં જ પ્રવેશ થઈ જશે. અવિદ્યા કોઈ વેળા સંભવે તેવી હોય એમ પણ માનવું યોગ્ય નથી, કારણ કે જે અનાદિ હોય તે અનંત–અંત વિનાનું – હોવું જ જોઈએ. અનાદિ અવિદ્યા સાન્ત–અન્તવાળી–ન હોઈ શકે. પ્રાગભાવ[1] જેમ અનાદિ છે, છતાં સાન્ત–અન્તવાળો– છે. તેમ અવિદ્યા પણ અનાદિ છતાં સાન્ત હોઈ શકે, એમ તર્ક કરવો પણ યોગ્ય નથી, કારણ કે પ્રાગભાવને એ બધા તત્વચિન્તકોએ સ્વીકાર્યા નથી. આવિર્ભાવ તિરોભાવ સ્વીકારતાં પ્રાગભાવ વગેરે સ્વીકારવાની આવશ્યકતા રહેતી નથી. વળી, પ્રાગભાવનું દષ્ટાંત અવિદ્યાને લાગુ પાડી શકાય નહિ, કારણ કે તે વાદીઓએ અવિદ્યાને આગળ ભાવરૂપ માનેલી છે, જ્યારે પ્રાગભાવ એ અભાવ છે. ભાવરૂપમાં ભાવરૂપનું દષ્ટાંત અહીં નકામું છે. અવિદ્યાને અનાદિ અને અનંત માનવા જતાં અનિર્મોક્ષનો પ્રસંગ આવશે, અનિર્વચનીય અવિદ્યાને અનાદિ અને સાન્ત કહેતાં તેનું અનિવરનીયપણું જતું રહે છે, અને અનિવર્ચનીય માયાને કારણ માનતાં પહેલાં કહેલા જડકારણવાદના બધા જ દોષો પ્રાપ્ત થાય છે.

રજ્જુ–દોરડા–વિશે સર્પની ભ્રાન્તિ થાય છે; તેમ બ્રહ્મ વિશે જગતની ભ્રાન્તિ થાય છે. એ દષ્ટાંતમાં રજ્જુ અને સર્પ બને સાકાર છે, સમાન આકારનાં છે. પણ માયાવાદીએ કલ્પેલું બ્રહ્મ ખરું જોતાં નિરાકાર છે; એટલે નિરાકાર બ્રહ્મ વિશે સાકાર જગતનો ભ્રમ થવો સંભવતો નથી; તેથી એ દષ્ટાંત યોગ્ય નથી. આ દષ્ટાંત સ્વીકારીએ તો પણ માયાવાદ પુરવાર થતો નથી. પહેલાં સર્પનું દર્શન અથવા શ્રવણ કર્યું છે; અને તેમાંના સંસ્કારથી દોરડામાં પહેલાં અનુભવેલા સાપની ભ્રાન્તિનો પ્રસંગ આવે. એટલે એ દષ્ટાંત સ્વીકારીએ તો પહેલાં કોઈ વખત પણ સત્ય જગતનું દર્શન, શ્રવણ, સ્વીકારવું પડશે, અને જગતને સત્ય સ્વીકારી દો. ત્યારે તો ભ્રાન્તિવાદ ઉપજાવવાનું કંઈ પણ પ્રયોજન નથી. તેવી જ રીતે સમુદ્રની છીપોલીમાં રજત–ચાંદી–ની ભ્રાન્તિનું દષ્ટાંત પણ નકામું થઈ જાય છે. જગતનું કારણ અવિદ્યા માનતાં જગતનો લય પણ અવિદ્યામાં જ સ્વીકારવો પડશે, એટલે માયાવાદમાં સર્વાત્મભાવનો પ્રસંગ જ નહિ આવે. બ્રહ્મ સત્ય છે અને અવિદ્યા સદસત્ છે. એટલે બ્રહ્મજ્ઞાનથી અને દષ્ટાંત બંને નિરર્થક બનશે. વળી કાર્ય અસત નથી, કારણ કે કાર્યની પ્રાપ્તિ થાય છે, વસ્તુ હોય તો જ ઉપલબ્ધિ થાય. સ્વપ્ન વગેરેની માફક પણ જગત્ નથી. સ્વપ્ન વગેરેમાં તે સમયે અથવા સ્વપ્નના અંતે વસ્તુનો ફેરફાર સ્પષ્ટ થાય છે, પણ જગતનો અન્યથાભાવ–ફેરફાર–કદી પણ દેખાતો નથી. વળી કાર્યને અસત્ માનતાં મોક્ષ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન સંભવશે નહિ. કોઈ એમ કહે કે કાર્ય અસત્ છે; છતાં પણ વાસના વડે કાર્ય દેખાય છે, પણ તેમ નથી, કારણ કે વાસના એ જગત વિના સંભવે જ નહિ. વાસનાને અનાદિ માનીએ તો અંધપરંપરા પ્રાપ્ત થશે. પદાર્થ વિના વાસના થતી નથી; અને વાસના વિના પણ પદાર્થની પ્રાપ્તિ તો થાય છે, માટે અન્વયવ્યતિરેકથી પણ જગત્ સત્ છે, એમ અંગીકાર કરવું જ પડશે. આ રીતે સત્ જગત્ માનતાં દ્વૈત નહિ થાય, કારણ કે જગત્ પણ બ્રહ્મસ્વરૂપ છે. બ્રહ્મથી અનન્ય છે. અભિન્ન છે, એમ સર્વ શાસ્ત્રોએ સ્પષ્ટ કહ્યું છે.

બ્રહ્મ મુખ્ય કારણ નથી પણ ગૌણ કારણ છે. એવી શંકા પણ નકામી છે. જો બ્રહ્મ ગૌણ કરૂણ હોય તો કોઈપણ સ્થળે ગૌણ વસ્તુનો ત્યાગ નિરૂપવાનું શ્રુતિ ચૂકે નહિ. શ્રુતિમાં જગતના કર્તા બ્રહ્મનો ત્યાગ કરવાનું કોઈ પણ સ્થળે વચન નથી, એટલે જ નહિ પણ જગતના કર્તા બ્રહ્મને વિષે જેની નિષ્ઠા હોય છે તેનો મોક્ષ થાય છે એમ વચન છે. **'तदात्मानं स्वयमकुरुत''** એ શ્રુતિમાં બ્રહ્મ પોતે જ પોતાના આત્માને જગદ્રૂપ કરે છે, એમ સ્પષ્ટ ઉપદેશ છે. શ્રુતિમાં **'आत्म'** શબ્દ છે, માટે મુખ્ય કારણ જ બ્રહ્મ છે. વળી સૂત્રકાર પ્રથમ સત્રમાં બ્રહ્મની જિણાસાની પ્રતિજ્ઞા કરી બ્રહ્મનું લક્ષણ આપવા

**''यतो वा इमानि भूतानि जायन्ते''** જેમાંથી આ ભૂત પ્રકટ થાય છે, (પ્રકટ થયા પછી જે વડે જીવે છે, જેમાં લય પામે છે તે બ્રહ્મ છે. તેનું વિજ્ઞાન કર) એ શ્રુતિ ધ્યાનમાં રાખીને **''जन्माद्यस्य यतः शास्त्रयोनित्वात्''** એમ સૂત્ર યોજે છે. જેમાંથી આ જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અનેલય થાય છે, તે બ્રહ્મ એ લક્ષણથી મુખ્ય કર્તા જ બ્રહ્મ છે, એમ સૂત્રકારની સ્પષ્ટ આજ્ઞા છે. માયાવાદ પ્રમાણે સૂત્રકારનો અભિપ્રાય હોત, અને મુખ્ય પરબ્રહ્મસ્વરૂપ જગતનો કર્તા નથી, જગતનો કર્તા તો અપર બ્રહ્મ છે, માયાયુક્ત ઈશ્વર છે એવું જો સૂત્રકાર માનતા હોત તો બ્રહ્મજિજ્ઞાસાની પ્રતિજ્ઞા કર્યા પછી તરત જ એવું સૂત્ર યોજત કે બ્રહ્મનું લક્ષણ અપાય એમ નથી. માટે તટસ્થલક્ષણ આપવામાં આવે છે, પણ સૂત્રકારે એવો સંકેત કોઈપણ ઠેકાણે કર્યો નથી, એટલું જ નહિ, પણ સૂત્રકાર તો **''ततु समन्वयात्''** એમ ત્રીજું સૂત્ર યોજે છે, આ સૂત્રદ્વારા બ્રહ્મ જ જગતનું કારણ છે; એટલું જ નહિ પણ ચિત્રૂપ બ્રહ્મ પણ જગતનું કારણ છે; એમ સ્પષ્ટ નિરૂપણ કરવા સાત સૂત્રો યોજે છે. જ્ઞાનનાં સપ્ત દ્વાર છે માટે એ વિચાર સૂત્રકારે ' 'આનંદમયાધિકરણ''માં આનંદરૂપ બ્રહ્મ જગતનું કારણ છે, એમ સ્પષ્ટપણે સિધ્ધ કરવામાં આવ્યું છે. અધ્યારોપ કરી અપવાદ કરવો, બીજા શકબ્દોમાં કહીયે તો કાદવમાં પડી તેને સાફ કરવું, તે કરતાં અધ્યારોપ જ ન કરવો, કાદવમાં જ ન પડવું, એટલું જ્ઞાન સર્વજ્ઞ સૂત્રકારમાં ન હોય એમ માનવું એ મૂર્ખતા છે, ખોટું સાહસ છે.

શ્રુતિમાં બ્રહ્મ ગૌણ કારણ છે, એવું કોઈ પણ ઠેકાણે વચન નથી. **''इन्द्रो मायामिः पुरुरुप ईयते''** એવું વચન છે. અર્થાત્ બ્રહ્મ માયા વડેઢ અનેક રૂપે દેખાય છે એમ ઉપદેશ છે. પણ બ્રહ્મ માયા સંબંધથી અનેકરૂપ થતું હોત તો **''ईयते''** ને બદલે **''बभूव''** ક્રિયાપદ વાપરત અને ' 'અનેકરૂપ થાય છે'' એમ ઉપદેશ કરતા પણ તેમ કર્યું નથી. એક જ બ્રહ્મ વિષે અનેકત્વનું જ્ઞાન થાય છે, તેનું કારણ અવિદ્યા છે, એમ એ શ્રુતિ આજ્ઞા કરે છે, તે યોગ્ય છે, કરે છે તે યોગ્ય છે. અનેકત્વ માયિક નથી, પણ ''અનેકત્વનું જ્ઞાન'' માયિક છે, એ જ વૈદિક સિધ્ધાન્ત છે. જગત માયિક નથી, પણ અહંતામમતાથી ભરપૂર સંસાર, અનેકત્વનું જ્ઞાન, દ્વૈતનું જ્ઞાન એ માયિક છે. એમ શુદ્ધાદ્વૈતનો સિધ્ધાન્ત છે. જગત્ જીવ બધું જ બ્રહ્મસ્વરૂપ જ છે, કંઈ પણ ત્યાગ કરવા જેવું નથી, એટલે આ સિદ્ધાન્તમાં મોક્ષનો પ્રસંગ નહિ આવે, એ શંકાનું બીલકુલ ખંડન જ થઈ જાય છે. નામ અને રૂપમય આ પ્રત્યક્ષ જગત્ બ્રહ્મ છે, પરંતુ અહંતામમતામય સંસાર મિથ્યા છે. અવિદ્યાના આરોપથી અહંતામમતામય સંસારથી મુકત થવામાં શસ્ત્રની પણ સાર્થકતા જળવાય છે. પંચપર્વાત્મક વિદ્યા વડે પંચપર્વાત્મક અવિદ્યાનો નાશ થતાં

દ્વૈતજ્ઞાન નષ્ટ થાય છે. સર્વાત્મભાવ પ્રકટ થાય છે, જગત જીવ બધું જ નિર્ગુણ બ્રહ્મ છે. એમ સ્પષ્ટ અનુભવ થાય છે.

બ્રહ્મને જગતનું ઉપાદાન કારણ માનતા બ્રહ્મમાં કારણત્વરૂપ ધર્મ–ગુણ–સ્વીકારવો પડે અને આમ નિર્ગુણ બ્રહ્મ સગુણ થઈ જાય, એવી શંકા પણ યોગ્ય નથી. નિર્ગુણ બ્રહ્મ જ કારણ થઈ શકે સુગુણ, ગુણાભિમાની, તો ગુણાધીન, પરતંત્ર, હોવાથી કારણ જ થઈ શકે નહિ. વળી, બ્રહ્મ સગુણ થઈ જાય એવો ભય તોવાદીને પણ છે. ત્યાં પણ બ્રહ્મ નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુકત હોવાથી તે વાદીએ કલ્પેલું બ્રહ્મ પણ સમર્ધક, સગુણ થઈ જ જાય છે. એટલે નિર્ગુણ અવિકૃત જ બ્રહ્મ જગતનું મુખ્ય જ કારણ છે, એમ સ્પષ્ટ સિધ્ધ થાય છે.

જીવ, પરમાણુ, પ્રકૃતિ, માયા વગેરેમાંનું કોઈ પણ જગતનું કારણ થઈ શકે નહિ. નિર્ગુણ અવિકૃત જ બ્રહ્મ જગતનું ઉપાદાનકારણ છે, અને છતાં અજ, અમૃત, અવિકૃત હોવાથી તેમાં વિકારનો દોષ આવતો નથી એ યુકિત છે. વળી, એ અંગે કલ્પવૃક્ષ, કરોળિયો વગેરે દષ્ટાંતો પણ છે, અને તેનાથી જ યુકિતને આધારે વાદ કરનારનું ખંડન થઈ જાય છે, અને શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત પ્રમાણરૂપે બની રહે છે. છતાં પણ વધારે સ્પષ્ટતાની ખાતર શ્રુતિ અને સ્મૃતિનાં પ્રમાણ પણ આપવામાં આવે છે. પ્રથમ જો આપણે બ્રહ્મ શબ્દના ધાતુનો અર્થ જ લઈએ તો તે ''વૃધ્ધિ પામવું'' એવો છે. આમ જગતરૂપે વૃધ્ધિ પામવું એ તો બ્રહ્મનો સહજ ધર્મ છે, બ્રહ્મની સ્વાભાવિક શકિત છે, એટલે બ્રહ્મમાં વિકારની સંભાવના જ નથી. **''पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते''** આ પૂર્ણ, એ પૂર્ણ, પૂર્ણમાંથી પૂર્ણ નીકળે છે, માત્ર ભાસે છે એમ નહિ, એ શ્રુતિ સ્પષ્ટ બ્રહ્મમાંથી જ જગત વગેરે પૂર્ણ વસ્તુનો આવિર્ભાવ ઉત્પત્તિ નિરૂપે છે. અને શ્રૃતિસ્મૃતિમાં જેવી આજ્ઞા હોય તેમાં અણુમાત્ર પણ વધઘટ કે બળાત્કાર કર્યા સિવાય જે અર્થ નીકળે તે જ ગ્રહણ કરવો, એમ વૈદિક શિષ્ટાચાર છે.

આથી બ્રહ્મ સાક્ષાત્ ઉપાદાનકારણ થાય, તો બ્રહ્મમમાં વિકાર આવી જશે, એવા ભયથી કલ્પના કરી માયાવાદ ઉપજાવવાની રીત અયોગ્ય છે. કોઈ પણ શ્રુતિમાં માયા કારણ થાય, એવો સ્પષ્ટ ઉપદેશ તો શું પણ સૂચન પણ નથી. બ્રહ્મ સ્વભાવથી જ જેમ અણુથી પણ અણુ છે, અને મહતથી પણ મહત્ છે, તે પ્રમાણે જ બ્રહ્મ સ્વભાવથી જ, માયા સંબંધથી નહિ, કૂટસ્થ અને પરિણામી પણ છે જ. તે સર્વવિરુદ્ધગુણોનું આશ્રયસ્થાન છે. જે બધું જ કરી શકે છે, તેમાં અસંભવિતતાને અવકાશ જ નથી. કૂટસ્થપણું અને પરિણામીપણું બને બ્રહ્મના સહજ અને સ્વાભાવિક ધર્મો છે, અને બંને જેમ પ્રકાશ

અને તેનો આશ્રય; સૂર્ય એક બીજાથી જૂદા નથી તેમ, બ્રહ્મ અને તેના ધર્મો, જૂદા નથી, બ્રહ્મરૂપ જ છે, એટલે ત્યાં કોઈ પણ દોષ સંભવતો નથી. છતાં પણ જે ઉતરથી કક્ષાનો અધિકારી હોય, તેને સમજાવવા માટે, તેની શંકાનું નિવારણ કરવા માટે, બ્રહ્મસૂત્રની શરૂઆતમાં જ **''विकारशब्दादिति चेन्नक प्राचुर्यात्''** એમ સૂત્રકારે સૂત્ર યોજ્યુ છે. આનંદમય બ્રહ્મ જગતનું કારણ ન થઈ શકે, કારણ કે **'मयट्'** (મય) પ્રત્યય વિકારવાચક નથી, પણ પ્રાચુર્યવાચક છે. એમ સંદેહ થાય ત્યાં સૂત્રકાર આજ્ઞા કરે છે, **मयट्** પ્રત્યય વિકારવાચક નથી, પણ પ્રાચુર્યવાચક છે. અવિકૃત, નિર્ગુણ બ્રહ્મ આનંદપ્રચુર છે માટે સર્વ રીતે તે જ જગતનું કારણ થઈ શકે છે. **''तद्धेतुव्यपदेशाच्च''** એ સૂત્રમાં બ્રહ્મ જ જગત્ વગેરેનું કારણ છેએમ સ્પષ્ટ પ્રતિપાદન કર્યુ છે. **''आत्मष्ठतेः परिणामात्''** ૧ એ સૂત્રમાં સ્પષ્ટ આત્મકૃતિ–પોતે જ પોતામાંથી કરેલી ઉત્પત્તિ અને પરિણામનું નિરૂપણ છે. **''आत्मानि चैंवविचित्रा हि''** એ સૂત્રમાં બ્રહ્મ વિષે જ બધી જાતના વૈચિત્ર્યની વાત છે.

બ્રહ્મ જગતનું કારણ ન હોય તો સર્વાત્મભાવ જ સંભવે નહિ, એક વિજ્ઞાનથી સર્વવિજ્ઞાનની પ્રતિજ્ઞા પણ નિષ્ફળ થઈ જાય છે અને બધાં દષ્ટાંતો નિરર્થક બને છે **''विशते तदनन्तरम्''**[૧] **''नद्यः प्रविष्टा इव नामरूपे''**[૨] વગેરે વચનોમાં પ્રતિપાદન કરેલી સાયુજ્યમુકિત પણ સંભવશે નહિ, શુદ્ધ અદ્વૈત જ સંભવે નહિ, અને આર્યમાર્ગનો નાશ થઈ જાય. માટે બ્રહ્મનો સ્વીકાર કરી તેને જ જગતનું ઉપાદાન અને નિમિત્તકારણ શ્રુતિ અને સ્મૃતિના પ્રમાણથી સ્વીકારવું એ આવશ્યક છે. સ્વાભાવિક છે, યોગ્ય છે, અતિપ્રાચીન રમણીય સિદ્ધાંત છે. કલ્પવૃક્ષ વગેરેમાં જરા પણ ફેરફાર થયા વિના તેઓ ઘણા પદાર્થરૂપે પરિણમે છે, એમ પહેલાં નિરૂપણ થઈ ગયું છે, તે સ્મરણમાં રાખવાથી, વિકાર વિના પરિણામ સંભવે જ નહિ, એ ભ્રાન્તિને અવકાશ જ રહેશે નહિ.

કૂટસ્થપણું છતાં પરિણામિત્વ એ બંને વિરુદ્ધ ધર્મથી કોઈએ આશ્ચર્ય પામવું નહિ એવું બધા જ કરે છે, બધે જ થાય છે. જૂઓ, નૈયામિક શું માને છે ? તે સ્પર્શને શીત અને ઉષ્ણધર્મ–અર્થાત્ વિરુદ્ધધર્માશ્રયવાળો માને છે; રસને મધુર, ખાટો, કડવો વગેરે માને છે; રૂપને સફેદ, ભૂરો, પીળો, લાલ વગેરે માને છે. સાંખ્યાચાર્ય કપિલ પ્રકૃતિને સત્વ, રજસ્ અને તમસ્ રૂપ વિરુદ્ધ ગુણોથી યુકત માને છે. મીમાંસક પણ જડત્વ અને ફલદતૃત્વ–ફળ આપવાની શકિત–એવા વિરુદ્ધધર્મી કર્મનું પ્રતિપાદન કરે છે. માયાવાદી સત અને અસ્ ધર્મવાળી માયાનું સ્થાપન કરે છે. અને છેલ્લે સંયોગરસ અને વિપ્રલભરસ એ બંને વિરુદ્ધધર્મનો આશ્રય એક જ દિવ્ય, અલૌકિક શૃંગાર રસ છે, તે

પ્રમાણે જ કૂટસ્થત્વ અને પરિણામિત્વ એ બંને વિરુદ્ધધર્મનો આશ્રય વેદમાં વર્ણવેલું, કરવું ન કરવું અને બીજી રીતે કરવું એવી શકિતવાળુ, સર્વ થવાની શકિતવાળું, સચ્ચિદાનંદ, અદ્વિતીય, શુદ્ધ નિર્ગુણ બ્રહ્મ છે. એવો અનુભવ થતાં સહૃદય શાસ્ત્રવિચારકને બહુ આનંદ થશે. આ છે વિરૂદ્ધધર્માશ્રયના સિદ્ધાન્તનો જ વિશિષ્ટ ચમત્કાર.

આમ બ્રહ્મવાદમાં કોઈ પણ પ્રકારના દોષોની સંભાવના નથી, એટલું જ નહિ પણ પ્રસ્થાનચતુષ્ટયમાં તો અક્ષરે આ શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તનું જ કથન છે. વળી પ્રચલિત બ્રહ્મસૂત્ર ભાષ્યોમાં પ્રાચીન મનાતા શાંકર ભાષ્યમાં પણ ઘણે ઠેકાણે શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તનો નિર્દેશ કરવામાં આવેલો છે. શંકરાચાર્યના સમયથી શરૂ કરી શ્રીમદ્ આચાર્યવર્યના પ્રકટ થતા સુધીના, ન્યાય સાંખ્ય વગેરે ગ્રંથોમાં પણ ઘણે ઠેકાણે શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તની વિચારસરણી સ્પષ્ટ દેખાય છે. છતાં પણ કેટલાક લાકો એ સિદ્ધાન્ત નવો છે એમ ખોટો તર્ક કરે છે. તેનું ખંડન નીચે પ્રમાણે થઈ શકે છે.

વેદમાતા ગાયત્રી **''सवितुः''** શબ્દથી બ્રહ્મમાંથી જ આ પ્રત્યક્ષ જગત્ ઉત્પન્ન થયું એમ કહે છે. જે વાદી માયાને ઉપાદાનકારણ માને છે, તેને બ્રહ્મને પણ અવિદ્યાયુકત કહેવાનો પ્રસંગ પ્રાપ્ત થઈ જશે. વળી **'' पुरुष एव इदं सर्वम् यत् भूतं यच्च भव्यम्''**[૧] (આ સર્વ, થયું તે અને થશે તે બ્રહ્મ છે) આ પુરુષસૂકતની ઋચા પુરુષનું (માયાનું નહિ) સર્વાત્મકત્વ નિરૂપણ કરે છે. **''एकं सत् विप्रा बहुधा वदन्ति''**[૩] (એક હોવા છતાં બ્રાહ્મણો અનેક પ્રકારે તેની સ્તુતિ કરે છે) એ ઋચા પણ બ્રહ્મનો જ, (માયાનો નહિ) પ્રભાવ સૂચન કરે છે. **''दिवो भर्ता भुवनस्य प्रजापतिः''**[૪] (આપ સ્વર્ગના પોષક છો, ભુવનના પ્રજાપતિ છો) એ શ્રુતિ પણ બ્રહ્મનો જ સર્વાસત્મભાવ પ્રતિપાદન કરે છે, **''विश्वकर्मा विश्वे देवा महान् असि''** (આપ વિશ્વકર્મા છો, વિશ્વદેવ છો, મહાન્ છો) એ શ્રુતિ પણ બ્રહ્મનું સર્વકર્માત્મકત્વ, સર્વદેવમયપણું પ્રતિપાદિત કરી મહાત્મ્યનો ઉપદેશ કરે છે. જગત્ માયાને લીધે છે. એમ માનતા તો બ્રમ, પુરુષ, વિશ્વકર્મા વગેરે શબ્દમાં જ મુખ્ય અર્થનો બાધ થઈ જાય છે. બ્રહ્મમાહાત્મ્યવાદી નિરુકતકાર યાસ્કાચાર્ય કહે છે કે **''महाभाग्यात् देवतायाः एक आत्मा बहुधा स्तूयते एकस्य आत्मनः अन्ये देवा प्रत्यङ्गानिभवन्ति''**[૧] એક જ આત્માની તે દેવતાના ઐશ્ચર્યથી, મહાત્મ્યથી અનેક રીતે સ્તુતિ કરવામાં આવે છે, એક જ આત્માના બીજા દેવો અંગરૂપે છે એમ કહીને માયા વડે અનેક ભાસતા અપરબ્રહ્મ, માયાશબલ ઈશ્વર સંબંધી અનુવાદ–વિચારસરણી–વેદમાં છે,

એમ જે મંદ બુદ્ધિવાળા કલ્પના કરે છે, તેનું યાસ્કાચાર્ય સાક્ષાત્ ખંડન કરે છે. અને આમ અધ્યારોપ અપવાદનું નિરાકરણ કરે છે અને બ્રહ્મના માહાત્મ્યજ્ઞાનનો ઉપદેશ આપે છે.

બીજે ઠેકાણે પણ એવાં ઘણાં વચન સ્પષ્ટ છે. **''असद् वा इदमग्र आसीत् ततः वै सद्जायत''** એમ શ્રુતિ આજ્ઞા કરે છે, અર્થાત્ પ્રથમ આ અસત્ (અવ્યક્ત) હતું તેમાંથી સત્ (વ્યક્ત) પ્રકટ થયું. જગતનું મિથ્યાત્વ શ્રુતિને માન્ય નથી, એ વાત સ્પષ્ટ છે. અને **''तद्वै ब्रह्मविदो विदुः''** તે તો નિશ્ચય બ્રહ્મ–બ્રહ્મને જાણનાર – જાણે છે, **''ब्रह्म देवान् अजयनयत्''** બ્રહ્મે (માયાશબલ ઈશ્વરે નહિ) દેવતાઓને પ્રકટ કર્યા, (માયા = અવિદ્યાનાં પ્રતિબિંબ પડયાં એમ નહિ) એ શ્રુતિ સાક્ષાત્ બ્રહ્મ જ જગતનું કારણ છે એમ અંગીકાર કરે છે. **''ब्रह्म विश्वम् इदं जगत्''** (વિશ્વ આ જગત બ્રહ્મ પ્રતિપાદન કરે છે, અને માયિકપણાનો બાધ કરે છે. વળી બ્રહ્મ અત્યંત સ્વરૂપ છે. રૂપ વિનાનું છે. એવો દુરાગ્રહ તો શ્રુતિ કરતી નથી. તે તો **''द्वै वा ब्रह्मणः रूपे काल अकाल ''**[२] એમ કહી એક કાલ અને બીજું અકાલ એમ બે રૂપ નિરૂપણ કરે છે.

સહિતા અને બ્રાહ્મણ ગ્રંથોમાં જ બ્રહ્મને જગતના કારણ તરીકે સ્વીકાર્યું છે, એટલું જ નહિ પણ ઉપનિષદોમાં પણ સાક્ષાત્ નિર્ગુણ બ્રહ્મને જ જગત્કારણ તરીકે માનવામાં આવ્યું છે. **''सत्यं विज्ञानं आनन्दं ब्रह्म''** (બ્રહ્મ સત્ય જ્ઞાન અનંત છે), **''यतो वा इमानि भूर्तान जायन्ते''** (બ્રહ્મ સત્ય જ્ઞાન આનંદ છે), **''सत्यं वा इमानि भूतानि जायन्ते''** (જેમાંથી આ ભૂત પ્રકટે છે, જે વડે જીવે છે, જેમાં લય પામે છે તે બ્રહ્મ છે, તેનું વિજ્ઞાન કર) એ શ્રુતિમાં પણ નિરૂપાયેલું છ. એક શ્રુતિ નિર્ગુણ બ્રહ્મ પર તો બીજી શ્રુતિ સગુણ બ્રહ્મ પર છે, એમ કોઈ શ્રુતિમાં તો ઉપદેશ નથી. **''यतः''** માં **तः (तसिल्)** પ્રત્યય અવ્યય છે, તેથી અવ્યય બ્રહ્મ જ જગતરૂપે પરિણમે છે એમ ધ્વનિ છે; પરિણામ પામે છે તો પણ અવ્યવ, અવિકૃત જ, રહે છે એમ તાત્પર્ય છે. બ્રહ્મને અત્યંત નિર્ધર્મક, નિર્ગુણ માનવાનો દુરાગ્રહ પણ નિરર્થક છે. **तमेव भान्तमनुभाति सर्वम्''** (પ્રકાશરૂપ બ્રહ્મની અનુસાર સર્વ પ્રકાશે છે), **''तस्य भासा सर्वमिदं विभाति''** (તેના પ્રકાશ વડે આ સર્વ પ્રકાશે છે), એ બન્ને શ્રુતિઓ બ્રહ્મને સર્વપ્રકાશ સ્વીકારી બ્રહ્મ વિષે સર્વપ્રકાશત્વનો ધર્મ–ગુણ–સ્પષ્ટ રીતે ઉપદેશે છે. વળી, તે વાદી પણ બ્રહ્મને નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુકત, વિભુ તો સ્વીકારે છે, એટલે તે વાદમાં પણ બ્રહ્મ સધર્મક–સગુણ થઈ જ ચૂકયું છે. અને **''सर्वकामः सर्वगन्धः सर्वरसः सर्वकर्ता, सर्वभोक्ता, यः सर्वविद्''**[१] (બ્રહ્મની

જ્ઞાન, બલ, અને ક્રિયારૂપ વિવિધ શકિત સ્વભાવ છે) એ શ્રુતિ તે તે ધર્મ–ગુણ–સહજ છે, સ્વાભાવિક છે એમ સિદ્ધ કરે છે.

એક શ્રુતિ બ્રહ્મમાં ધર્મનો આરોપ કરે છે, અને બીજી અપવાદ કરે છે, અને આ બેમાં અપવાદ કરનારી શ્રુતિ જ ખરી એમ એકદેશી વાદીનો દુરાગ્રહ પણ નકામો છે. બંને શ્રુતિનું બળ સમાન છે. શ્રુતિ અધ્યારોપ કે અપવાદ કંઈ કરતી નથી, પણ વિલક્ષણ એવું બ્રહ્મ બધા જ ધર્મ–ગુણ–ની વિશિષ્ટતા ધરાવે છે એમ જ યથાર્થ પ્રતિપાદન કરે છે. **''अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः सः शृणोत्कर्णः''**[४] બ્રહ્મ હાથપગ વિનાનું છે તો પણ ઝડપથી જનાર છે, આંખ વિનાનું છે તો પણ દષ્ટા છે, કાન વિનાનું છે છતાં સાંભળનાર છે) વગેરે શ્રુતિ બ્રહ્મ વિચિત્ર–વિરુદ્ધ–સર્વધર્મનો આશ્રય છે એ વાતનું નિરૂપણ કરે છે.

**''यतो वाचो निवर्तन्ते''** (જ્યાં મન વાણી સર્વ પાછાં ફરે છે તેવા બ્રહ્મના આનંદને જાણનાર કોઈ પણ કારણથી કોઈ પણ સ્થળે ભય પામતો નથી), **''रसो वै सः रसं ह्येवायं लब्ध्वा आनन्दी भवति''**[१] (આ ખરેખર રસ છે, રસની જ પ્રાપ્તિ કરીને આ જીવ આનંદી થાય છે) વગેરે શ્રુતિઓનું પણ એવું જ દિવ્ય તાત્પર્ય છે. મૂલમાં એક જ બ્રહ્મ વિના બીજું કંઈ પણ શ્રુતિ અંગીકાર કરતી નથી, એટલે અનાદિ, અનિર્વચનિય, સદસત્ માયાની કલ્પના પણ ભ્રાન્તિમૂલક છે, શ્રુતિએ આ માયાની વાત કહી જ નથી. **'' एकमेवाद्वितीयं ब्रह्म''**, **''एकोडहं बहु स्याम् प्रजायेय''**, **एकाकी न रमते स द्वितीयमैच्छ्'' सह एतावन् आस''** (એક જ અદ્વિતીય બ્રહ્મ છે; હું એક છું, અનેક થાઉં પ્રજનન–ઉત્પત્તિ–કરું; તે એકલા રમણ કરતા નથી, બીજાની કરી, તે જ ખરેખર આ જગતરૂપે થયા) વગેરે.

હજારો શ્રુતિઓ માયાવાદનું ખંડન કરે છે અને સાક્ષાત્ નિર્ગુણ બ્રહ્મ જ જગતરૂપે પરિણામ પામે છે એમ કહે છે. **''तत् ऐक्षत''**, **''स अकामयत''**, **''नामरूपे व्याकरवाणि''**[२] (તેણે જોયું, તેણે કામના કરી, અભિધ્યાન કર્યું, નામરૂપને હું પ્રકટ કરું) વગેરે શ્રુતિ, અચેતન, માયા, અવિદ્યા, પ્રકૃતિ, પરમાણુ વગેરે કારણનું સંપૂર્ણ ખંડન કરે છે અને સાક્ષાત્ નિર્ગુણ બ્રહ્મ જ જગતરૂપે પ્રકટ છે, એમ જ પ્રતિપાદન કરે છે. બ્રહ્મ જ કાર્યરૂપે પરિણમે છે, કાર્ય અને કારણ અભિન્ન છે એમ **''तत् आत्मानं स्वयमकुरुत''**, **''स ह एतावन् आस''**, **ऐतदात्म्यमिदं सर्वम् स आत्मा**

**तत्वमसि''** (તેણે પોતે જ પોતાના આત્માને જગતરૂપ કર્યો, ખરેખર તે જગતરૂપ થયા; આ સર્વ આત્મસંબંધી છે, જે આ સર્વ છે તે કસલ આત્મા છે, તું પણ તે છે) વગેરે શ્રુતિઓ સ્પષ્ટ પ્રતિપાદન કરે છે. વળી નામરૂપ જગત્ ફકત વાચારંભણવાણીનો વિકાર–નથી, પણ બ્રહ્મરૂપ જ છે, એમ **मृत्तिका इतिएव सत्यमम्''** (જેમ ઘટ માટીનો જ પ્રકાર છે, માટીથી જુદો નથી, માટે સત્ય છે, માટીરૂપ છે તેવી જ રીતે જગત્ બ્રહ્મનો જ પ્રકાર છે, બ્રહ્મથી જુદું નથી, માટે સત્ય છે, બ્રહ્મરૂપ છે) એ અને બીજી એવી શ્રુતિઓ કારણ અને કાર્યનું અનન્યત્વ, અભિન્નપણું, પ્રતિપાદન કરે છે, મિથ્યાપણું નહિ. **''एष एव आनन्दयति'',**[१] **''एतस्यैव आनन्दस्य अन्यानि भूतानि मात्रामुपजीवन्ति''**[२] (એ જ બ્રહ્મ આનંદ આપે છે, એ બ્રહ્મના આનંદની કલામાત્રથી સર્વ જીવે છે) વગેરે શ્રુતિઓ આનંદમય બ્રહ્મનું જ કારણત્વ નિરૂપણ કરે છે. **एको देधः सर्वभूतेषु गूढः''**[३] (એક જ બ્રહ્મ આનંદ આપે છે, એ બ્રહ્મના આનંદની કલામાત્રથી સર્વ જીવે છે) વગેરે શ્રુતિઓ આનંદમય બ્રહ્મનું જ કારણત્વ નિરૂપ કરે છે. **एको देधः सर्वभूतेषु गूढः''**[३] (એક જ દેવ સર્વભૂતમાં ગૂઢ રહેલો છે) વગેરે શ્રુતિ બ્રહ્મનું જ અંતર્યામીપણું પણ નિરૂપણ કરે છે.

**''सर्वे खलु इदं त्रह्म तज्जलान्'', ''सन्मूलाः सौम्य इमाः प्रजाः सदायतनाः सत्यप्रतिष्ठाः''१ ''कथम् असतः सत् जायेत'', ''सर्वमयाः''२ ''पूर्णमदः पूर्णमिदम्''** (આ બધું બ્રહ્મમાંથી પ્રકટ થાય છે, બ્રહ્મ વડે જીવે છે, બ્રહ્મમાં જ લય પામે છે, માટે ખરેખર તે સર્વ તે સર્વ બ્રહ્મ છે; આ પ્રજાનું મૂળ છે, હે ભાઈ, સત્ બ્રહ્મ છે (માયા નહિ), તેમનું રહેઠાણ પણ બ્રહ્મ છે, તેમની પ્રતિષ્ઠા પણ બ્રહ્મ જ છે; અસતમાંથી સત્ કેમ થાય ? તે જગત્ સત્ છે, એમ કહે છે. જગત્ બ્રહ્મમય છે.આ પૂર્ણ, એ પૂર્ણ, પૂર્ણમાંથી પૂર્ણનો આવિર્ભાવ થાય છે. પૂર્ણમાંથી પૂર્ણ લઈ લઈએ તો પણ પૂર્ણ જ બાકી રહે છે) વગેરે શ્રુતિઓ સર્વ જગતનું બ્રહ્મમયત્વ આગ્રહપૂર્વક નિરૂપણ કરી, માયાવાદનું ખંડન કરે છે. **''येन अश्रुतं श्रुतं भवति अविज्ञातं विज्ञातं भवति, एकविज्ञानेन सर्वविज्ञानं भवति''** જે વડે અશ્રુત શ્રુત થઈ જાય છે, અવિજ્ઞાત વિજ્ઞાત થઈ જાય છે, એક વિજ્ઞાન વડે સર્વ વિજ્ઞાન થાય છે) વગેરે પ્રતિભા માયાવાદનું ખંડન કરે છે, અને બ્રહ્મકારણવાદનું જ સમર્થન કરે છે. એક જ બ્રહ્મ ક્રીડાને માટે અનેક સ્વરૂપ ધારણ કરે છે. બ્રહ્મ વિો જે ભુદબુદ્ધિ થાય છે, તે અવિદ્યાનું કાર્ય છે, ભેદ બ્રહ્મની ઈચ્છાથી થએલો છે, બ્રહ્મરૂપ છે, પરંતુ ભેદનું જ્ઞાન અવિદ્યાથી થએલું છે અને કલ્પિત છે, એમ શુદ્ધદ્વેત વેદાન્તમાં માનવામાં આવ્યું છે, અને આ જ **''इन्द्रो मायामिः पुरूरूप ईयते''** એ શ્રુતિનું તાત્પર્ય છે.

આમ સંહિતા, બ્રાહ્મણ અને ઉપનિષત્ સર્વની એકવાકયતા બ્રહ્મકારણત્વ દર્શાવવામાં છે. શ્રીમદ્ભગવદ્ગમીતાનું પણ આ જ તાત્પર્ય છે. **''अहं सर्वस्य जगतः प्रलयस्तथा''** એમ સાક્ષાત્ શ્રીકૃષ્ણચંદ્ર આજ્ઞા કરે છે. **''भवन्ति भावा भूतानां मत्त एवं पृथग्विधाः''** એમ સ્પષ્ટ રીતે સર્વકારણતા આપ શ્રીમુખે પ્રતિપાદન કરે છે. **''मम योनिः महत् ब्रह्म तस्मिन्गर्भं दधाम्यहम्''** **''अहं बीजप्रदः पिता''** વગેરે શ્લોકમાં પણ એ જ આજ્ઞા છે, **''असत्यप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम्''** એ શ્લોકમાં અસત્ જગત્ માનનાર આસુરી કહેવાય છે.

જગત્ માલિક હોય તો **''वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः''**[1] **''ब्रह्मार्पणं ब्रह्म इविः''**[2] (સર્વ વાસુદેવ જ છે એવું માનનાર મહાત્મા સુદુર્લભ છે; બ્રહ્મ અર્પણ છે, બ્રહ્મ હવિ છે, બ્રહ્મ અગ્નિ છે. હોતૃ બ્રહ્મ છે, જવાનું સ્થાન બ્રહ્મ છે) વગેરે શ્રીમુખનાં વાકયોનો ઉપદેશ જ નિરર્થક થઈ જાય, મનુસ્મૃતિ વગેરે સ્મૃતિઓમાં પણ બ્રહ્મકારણવાદનો જ ઉપદેશ છે, કોઈ પણ સ્થળે માયા એ કારણ છે, એવું સૂચન પણ નથી.

વેદ અને ગીતામાં સંશય થાય; તો તેનું નિરાકરણ વ્યાસસૂત્રથી કરવાનો શિષ્ટાચાર છે. વ્યાસસૂત્રમાં એક પણ સૂત્ર માયાકારણવાદનું પ્રતિપાદન કરતું નથી, એમ જે ભારતના અને પશ્ચિમના વિદ્વાનો કહે છે તે સત્ય છે. સૂત્રકાર બ્રહ્મજિજ્ઞાસાની પ્રતિજ્ઞા કરી બ્રહ્મનું લક્ષણ **''जन्माद्यस्य यतः शास्त्रयोनित्वात्''** એમ આપે છે. શાસ્રયોનિત્વ એ હેતુ છે અને તે હેતુથી જેમાંથી આ પ્રત્યક્ષ જગતનાં જન્મ વગેરે થાય છે તે બ્રહ્મ છે, એમ સિદ્ધ કરવામાં આવે છે. આ લક્ષણ બ્રહ્મનું ન માનતાં, માયશબલ ઈશ્વરનું માનીએ તો બ્રહ્મજિજ્ઞાસાનો આરંભ જ નકામો થઈ જાય છે, તત્વસૂત્રના શાસ્રની પ્રવૃત્તિ જ મિથ્યા થઈ જાય છે. નિર્ગુણ બ્રહ્મ તો અલક્ષ્ય છે, માટે માયાશબલ સગુણ બ્રહ્મનું લક્ષણ આપી રહ્યા પછી તરત જ **''तत्तु समन्वयात्,'** (તે જ નિર્ગુણ બ્રહ્મ જગતનું કારણ છે; કારણ કે જગતમાં બ્રહ્મનો સંપૂર્ણ રીતે અન્વય છે) એ સૂત્ર યોજી બ્રહ્મને જ જગતનું સમવાયકારણ કહે છે. બ્રહ્મ ગૌણ કારણ થતું હશે, એવી શંકા દૂર કરવા સૂત્રકાર **''गौण`त् न आत्मशब्दात्''**[1], **''हेयत्वावचनाच्च''**[2] **''तन्निष्ठस्य मोक्षोपदेशात्''**[3] એમ સૂત્રો યોજે છે. બ્રહ્મ જગતનું ગૌણ કારણ નથી. મુખ્ય કારણ છે. કારણ કે **''तत् आत्मानं स्वयमकुरुत''** એ શ્રુતિમાં સ્પષ્ટ **आत्मा** શબ્દ છે. ગૌણ કારણ હોય તો તેનો ત્યાગ કરવાનું કહેવાવું જોઈએ.

પણ તેવું વચન નથી, એટલું જ નહિ પણ જગતના કર્તા એવા બ્રહ્મમાં જેની નિષ્ઠા હોય છે, તેનો મોક્ષ થાય છે, એવો ઉપરનાં ત્રણે સૂત્રોમાં ઉપદેશ છે. માટે બ્રહ્મ ગૌણ કારણ નથી, મુખ્ય જ કારણ છે, એમ સૂત્રકારની સ્પ્ટ આજ્ઞા છે. સત્ અંશ અને ચિત્ત અંશ કારણ છે એટલું જ નહિ, પણ આનંદમય પણ જગતનું કારણ છે. એ ઉપદેશ કરવા સૂત્રકાર **''आनन्दमयः अभ्यासात्''**१ (આનંદમય જગતનું કારણ છે, કારણ કે વારંવાર આનંદમયનું શ્રુતિ વિષે વર્ણન છે) એ સૂત્ર યોજે છે. "આનંદમય" શબ્દમાંનો **मयट्**–મય–પ્રત્યય વિકારનો વાચક છે અને આનંદમય જગતનું કારણ થાય તો બ્રહ્મમાં વિકાર થાય એ શંકા દૂર કરવા સૂત્રકાર **''विकारशब्दात् नेति चेत् न प्राचुर्यात्''** એ સૂત્ર યોજી આજ્ઞા કરે છે કે આનંદમય શબ્દમાં **मयट्**–મય–પ્રત્યય વિકારનો વાચક નથી, પણ પ્રાચુર્યનો = બહુપણાનો–વાચક છે, એટલે આનંદપ્રચુર અવિકૃત બ્રહ્મ જગતનું કારણ છે, એમ સ્પષ્ટ સિધ્ધ થાય છે. **''तध्येतुव्यपदेशाच्च''**[२] એ સૂત્રમાં સ્પષ્ટ રીતે આનંદમયનું જગતન્કારણત્વ સિધ્ધ કર્યું છે.

આમ સચ્ચિદાનંદ બ્રહ્મની જગત્કારણતા પ્રસિધ્ધ કરી **''कामाच्च नानुमानापेक्षा''** એ સૂત્રથી પ્રકૃતિ, પમાણુ વગેરે અભિધ્યાન ઈચ્છા–કરી શકે નહિ માટે પ્રકૃત, પરમાણુ વગેરે જગતનાં કારણ ન જ થઈ શકે એમ સૂત્રકાર ઉપદેશ કરે છે. **''आत्मकृतेः परिणामात्''** એ સૂત્રમાં આત્મકૃતિ અને પરિણામ સૂત્રકારે પ્રતિપાદન કર્યું છે. પરિણામ શબ્દનો સ્પષ્ટ નિર્દેશ વિવર્તવાદ ઈષ્ટ નથી એવું સિદ્ધ કરે છે. **''योनि हि गीयते''** એ સૂત્રમાં શાકતવાદનું ખંડન કર્યું છે; અને બ્રહ્મકારણવાદનો વિજય થયો છે. **''आत्मनि चैचं विचित्रा हि''** એ સૂત્રમાં સૂત્રકારે આત્મા વિષે સર્વ વૈચિત્ર્ય–વિલક્ષણતા– છે એમ ઉપદેશ કર્યો છે. **तदनन्यत्व** અધિકરણમાં જગતના મિથ્યાત્વનું ખંડન કર્યું છે; અને જગતનો અભેદ સિધ્ધ કર્યો છે. **''सर्वोपेता च तद्दर्शनात्''**, **''सर्वधर्मोपपते ''** એ સૂત્રોમાં સ્પષ્ટ રીતે બ્રહ્મ સર્વધર્મોનો આશ્રય છે, એ વાત સ્વીકારવામાં આવી છે. **''वैद्यर्म्याच्च न स्वप्नादिवत्''** એ સૂત્રમાં જગત સ્વપ્ન જેવું નથી, કારણ કે સ્વપ્ન વગેરેમાં અને જગતમાં વૈધર્મ્ય–જુદાપણું–છે એમ સૂત્રકાર આજ્ઞા કરે છે. સૂત્રકાર વિવર્તવાદ માનતા હોત તો એવું સૂત્ર યોજત જ નહિ. **''मायामात्रं तु कात्स्र्येन''**[१] એ સૂત્રમાં તો માયાશબ્દ છે, પરંતુ તે સૂત્રની ટીકા કરતાં વિવર્તવાદી જાતે જ માને છે કે આ સૂત્ર સ્વપ્નની સૃષ્ટિને લગતું છે, જગતને લગતું નથી. એટલે જગત માયામાત્ર નથી, એમ તો વિવર્તવાદી ટીકાકારને પણ અંગીકાર કરવું જ પડશે. બ્રહ્મ અત્યંત નિર્ધમક–નિર્ગુણ–છે. માટે તે જગતનું કારણ ન થાય એ શંકાનું નિરાકરણ **''प्रकृतैतावत्वं हि**

**प्रतिषेधति ततो ब्रवीति च भूयः''** એ સૂત્રથી કરી દીધું છે. પ્રાકૃતગુણનો જ બ્રહ્મ વિષે નિષેધ છે અને તેથી જ જે વાકયમાં શ્રુતિ ધર્મનો નિષેધ કરે છે, તે જ વાકયમાં બ્રહ્મ વિષે  ધર્મનો ઉપદેશ કરે છે, એમ સૂત્રકાર એ સૂત્રદ્વારા પ્રતિપાદન કરે છે. સર્વધર્મ ગુણ–ની વિશિષ્ટતાવાળું બ્રહ્મ માનતાં દ્વૈત આવી જાય એ શંકાનું નિરાકરણ કરવા **'प्रकाशाश्रयवत् वा तेजस्त्वात्''** એ સૂત્ર યોજી સૂર્ય અને સૂર્યપ્રકાશની માફક ધર્મ અને ધર્મીની અનન્યતાનું, અભિન્નતાનું, સૂત્રકાર પ્રતિપાદન કરે છે. આમ કોઈ પણ અંશે શ્રુતિને, શ્રીમદ્ભગવદ્ગીતાને અને તત્વસૂત્રને વિવર્તવાદ સંમત નથી એમ પુરવાર થાય છે.

શ્રીમદ્ભાગવતરૂપી ચોથા પ્રસ્થાનની પણ એકવાકયતા બ્રહ્મ કારણવાદમાં જ થાય છે. વિષ્ણુપુરાણ વગેરે પણ તે જ સર્વ શ્રેષ્ઠ સિદ્ધાન્તનું સમર્થન કરે છે. શ્રીમત્ ભાગવતકાર વ્યાસજી મંગલાચરણમાં જ **''जन्माद्यस्य यतः अन्वयात् इतरतः च''** એમ આજ્ઞા કરી (જે બ્રહ્મ આ જગતનું સમવાયિ અને નિમિત્ત કારણ થઈ આ પ્રત્યક્ષ જગતનું ઉત્પત્તિકારણ બને છે તે) જગતના કર્તા સત્ય પરબ્રહ્મનું ધ્યાન કરે છે, પ્રીતિ કરે છે. શ્રીમદ્ભાગવત સંહિતામાં બ્રહ્મસ્તુતિ, વેદસ્તુતિ વગેરેમાં બધે જ બ્રહ્મકારણવાદ સ્પષ્ટ છે. **''त्वयि अग्र आसीत्''** એ શ્લોકમાં (માટીમાં આરંભમાં ઘટ છે તેમ જ આરંભમાં આ જગત્ આપ વિષે છે, મધ્યાવસ્થામાં ઘટ માટીમાં છે તેમ જ મધ્યાવસ્થામાં આ જગત્ આપ વિષે છે, અંતાવસ્થામાં ઘટ માટીમાં છે, તેમજ અંતાવસ્થામાં આ જગત્ આત્મતંત્ર આપ વિષે છે; ઘટ વગેરેનું આદિ, મધ્ય અને અંત જેમ માટી જ છે તેમ આ જગતનું આદિ, મધ્ય અને અંત, સર્વ આપ જ છો એમ) સ્પષ્ટ શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તનું જ –બ્રહ્મકારણવાદનું જ–કનથ છે. **''यथा हिरण्यं बहुधा''**[૧] અને **''यथा सुवर्ण सुकृतम्''** ૨ વગેરે શ્લોકમાં આ જ પ્રકારે અવિકૃત પરિણામવાદનો સ્પષ્ટ ઉપદેશ છે **''क्रीडार्थमात्मनः इदं त्रिजगत्कृतं ते''** (આપે ક્રીડાર્થ–ક્રીડાને માટે–આત્મામાંથી આ ત્રણ જગત્ કર્યા) વગેરે શ્લોકમાં પણ એમ જ આજ્ઞા છે. **''विश्वस्य कर्ता भुवनस्य गोप्ता''** વગેરે શ્લોકમાં બ્રહ્મ જ કર્તા અને ભુવનોના રક્ષક છે. એમ ઉપદેશ છે. **''कर्ता कारयिता हरिः''** (કર્તા કારવતા હરિ છે) વગેરે વાકયમાં પણ એ જ સિદ્ધાન્તનું પોષણ છે. **''भूतानि विष्णुः भुवनानि विष्णु''** પણ એ જ કહે છે, **''क्रीडामाप्डमिदं विश्वम्''** વગેરે વચનોમાં આ જગતને ભગવાનનું ક્રીડા સ્થળ તરીકે વર્ણવવામાં આવ્યું છે. **''तदेतदक्षरं नित्यं जगत् मुनिवर अखिलम् आविर्भावतिरोभाव–जन्माश विकल्पवत्''**[૪] શ્લોકમાં વિષ્ણુપુરાણકારે આ જગતને નિત્ય અને અક્ષય વર્ણવ્યું છે. **आविर्भावतिरोभावौ शक्ती वै मुरवैरिणः''**[૫] એ શ્લોકમાં આવિર્ભાવતિરોભાવને બ્રહ્મની શક્તિ કહી

છે. વળી 'ઉત્પત્તિ' શબ્દના ધાતુનો અર્થ અદર્શન= તિરોભાવ થાય છે, એટલે નિત્ય જગતના આવિર્ભાવ તિરોભાવ–ઉત્પત્તિ અને નાશ–ક્રીડાની ઈચ્છાથી થાય છે એ જ ઉત્તમ સિદ્ધાંત છે. આથી વધુ પ્રમાણની આકાંક્ષા રાખનારે મહાભારત, રામાયણ, પંચરાત્ર વગેરે ગ્રંથોમાંથી યોગ્ય પ્રમાણો યોજી લેવાં. મહાભારતમાં ભારતવર્ષના સર્વવાદોનાં વચન સ્પષ્ટ છે, પરંતુ તેમાં વિવર્તવાદ, માયાકારણવાદ, ભ્રમવાદ એવા નામનો કોઈ પણ વાદ દષ્ટિગોચર થતો નથી, એ પણ વિચારવા જેવું છે.

આમ ચાર પ્રસ્થાનોમાં બધે જ અવિકૃતપરિણામવાદનો જ સિદ્ધાંત પ્રતિપાદિત થયેલો છે, અને શંકરાચાર્યના ભાષ્યમાં બીજા અધ્યાયના પહેલા પાદના ચૌદમાં સૂત્રમાં પણ એનો નિર્દેશ છે. શંકરાચાર્ય પિરણામવાદનું ખંડન કરવા યત્ન કરે છે અને તે નિષ્ફળ થતાં તેમને સ્પષ્ટ ભાષામાં ઈશ્વરને મિથ્યા કહી દેવાની જરૂર પડી જાય છે. **''ननु मृदादिदृष्टान्तप्रणयनात् परिणामवत् ब्रह्म शास्त्रस्य अभिमतम्''**[1] એમ આરંભ કરીને અવિકૃતપશ્રિણામવાદનું સંપૂર્ણ ખંડન થઈ શકતાં **''तदेवमविद्यात्मकोपाधिपरिच्छेदापेक्षमेव ईश्वरस्य ईश्वरत्वं सर्वज्ञत्वं सर्वशक्तित्वं च''**૨ એમ કહી ઈશ્વરત્વ, સર્વજ્ઞત્વ, સર્વશકિતમત્વ, વાસ્તવિક નથી, પણ માયિક છે એમ શંકરાચાર્ય સ્પષ્ટ ભાષામાં કહી દે છે. નિષ્પક્ષપાતી વાચકવર્ગની ધ્યાનમાં હશે જ કે કારણ પ્રતિપાદન કરતી શ્રુતિ અને સૂત્રની ટીકામાં બધે જ સ્થળે વિવર્તવાદી ટીકાકારને **''अविद्यात्मकोपाधिपश्रिच्छेद''** – અવિદ્યારૂપી ઉપાધિને લીધે–એ શબ્દો પોતાના ઘરના જ વધારાના ઉમેરવા પડે છે.

માત્ર શાંકરભાષ્યમાં જ નહિ પરંતુ સાંખ્યશાસ્ત્રમં **तत्वकौमुदी** વગેરે ગ્રંથમાં પણ શુદ્ધાદ્વૈતસિદ્ધાન્તનો નિર્દેશ છે. સાંખ્યકારિકાની ૯મી અને ૫૬મી કારિકાઓ ઉપરની તત્વકૌમુદીમાં **''एष आरंभः न ब्रह्मोपादानः चितिशक्तः अपरिणामात्''** આ સર્વનું ઉપાદાનકારણ બ્રહ્મ નથી, કેમકે ચૈતન્યું પરિણામ થાય નહિ એ પ્રમાણે અવિકૃતપરિણામવાદ ઉપર સાંખ્યદષ્ટિથી આક્ષેપ પણ કરેલો છે.

ન્યાયસૂત્રના ચોથા અધ્યાયના પહેલા આહ્નિકમાં ઓગણીસમાં સૂત્રની તાત્પર્ય ટીકામાં ગ્રન્થકાર લખે છે કે **''मा भूदयं नामरूपप्रपच्चः शून्यतोपादानः अपि तु ब्रह्मोवादानो भविष्यति श्च ब्रह्मैव प्रपच्चरुपेण परिणमते मृत्तिकेव घटशरावोदच्चनादिभावेन श्च न च एवं नित्यत्वव्याघातः परिणामेडति तत्वानपायात् तल्लक्षणत्वाच्च नित्यतायाः श्च यदाह यस्मिन् तत्वं**

**न विहन्यते तदपि नित्यमिति एं दर्शनम् श्चं'**[1] એપ્રમાણે અવિકૃતપરિણામના સિદ્ધાન્તને લેખમાં પ્રધાનપદ આપ્યા પછી માયવાદના સ્વરૂપનું નિરૂપણ કરે છે કે **'अपरं च ब्रह्मैव अनाद्यविद्योपनभेदात् नामरूपप्रपच्चभेदेन विवर्तते मुखमिव एकमनेकमणिकृपाणादर्शभेदान्नैकविधप्रतिबिम्बभेदेनेति तदेद्दर्शनद्वयमनेन सूचितम्''**[1]. વિશ્વનાથપંચાનન પણ વૃત્તિમાં એ જ અભિપ્રાયનો સૂક્ષ્મ ઉલ્લેખ કરે છે. તાત્પર્યટીકાકારે તો પછીના સૂત્રમાં ન્યાયના દષ્ટિ બિન્દુથી અવિકૃતપરિણામ અને વિવર્તવાદના ખંડનની યુકિતઓ પણ દર્શાવી છે, એટલે શંકરાચાર્યના સમયથી શરૂ કરી, અખંડ ભૂમંડલાચાર્ય વર્ય જગદ્ગુરુ શ્રીમદ્વલ્લભાધીના પ્રાકટય સમય સુધીના વચલા સમયમાં પણ જૂનામાં જૂનો અને વેદથી પ્રતિપાદન કરાયેલો અવિકૃતપરિણામનો સિદ્ધાન્ત અજ્ઞાત ન હતો.

# પાદટીપ

(૧) સ્વમત

(૨) અણુભાષ્ય પૃ. ૧૦૭ અનુ. જે. ગો. શાહ

(૩) ભારતીય દર્શન પૃ. ૩૨૭ પ્રા. સી. વી રાવળ

(૪) ભારતીય દર્શન પૃ. ૧૪૬ પ્રા. સી. વી. રાવળ

(૫) સ્વમત

(૬) બૌદ્ધ ધર્મદર્શન પૃ. ૨૯૩ લે. નવીન જી. શાહ

(૭) विशुद्धि सग्ग १७/प

(૮) સાંખ્ય દર્શન પૃ. ૩૬૧

(૯) Indian Phylosophy Volume – II 259 Dr. S. Radhakrishnan

(૧૦) ભારતીય દર્શન પૃ. ૩૯૫ પ્રા. સી. વી રાવળ

(૧૧) શંકરાચાર્યનું તત્વજ્ઞાન પૃ. ૨૮૦ પ્રા. સી. વી. રાવળ

(૧૨) માંડુકય ઉપનિષદ કારિકા ૧ઃ૯

(૧૩) માંડુકય ઉપનિષદ કારિકા ૧ઃ૧૭

(૧૪) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય પૃ. ૩૭ અનુ. જે. ગો. શાહ

(૧૫) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય પૃ. ૫૩ અનુ. જે. ગો. શાહ

(૧૬) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ૧–૪–૨૬ પૃ. ૧૪૮ અનુ. ગો. હ. ભટ્ટ

(૧૭) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય પૃ. ૧૦૭ આનંદમય અધિકરણ લે. જે. ગો. શાહ

(૧૮) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય પૃ. ૩૧૯ ૧.૮ નું વિવેચન લે. જે. ગો. શાહ

(૧૯) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ૨–૧–૨૫

(૨૦) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ૨–૧–૨૬

(૨૧) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ૨–૧–૪

(૨૨) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય અધ્યાય–૨ અધિકરણ – ૪

(૨૩) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ૨–૧–૭

(૨૪) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય અધ્યાય–૨ અધિકરણ –૫

(૨૫) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ૨–૧–૧૪

(૨૬) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય અધ્યાય – ૨ અધિકરણ – ૮

(૨૭) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ૨–૧–૧૫

(૨૮) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ૨–૧–૧૬

(૨૯) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ૨–૧–૧૭ તથા અધ્યાય–૨ અધિકરણ–૯

(૩૦) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ૨–૧–૧૮

(૩૧) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ૨–૧–૧૯

(૩૨) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ૨–૧–૨૦

(૩૩) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ૨–૧–૨૧

(૩૪) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ૨–૧–૨૨

(૩૫) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ૨–૧–૨૩

(૩૬) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ૨–૧–૨૪

(૩૭) અધ્યાય–૨, અધિકરણ–૧૧

(૩૮) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ૨–૧–૨૭

(૩૯) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ૨–૧–૨૮

(૪૦) બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ૨–૧–૨૯

(૪૧) પ્રમેય રત્ન સંગ્રહ પૃ. ૧૧ લે. અનિરૂદ્ધ લાલજી

(૪૨) ભાગવત પુરાણ ૪–૧૧–૨૪ થી ૨૯ નું ભાષાંતર

(૪૩) ભાગવત પુરાણ સુબોધિનિ ભાષ્ય ૪–૧૧–૨૫

(૪૪) ભાગવત પુરાણ સુબોધિનિ ભાષ્ય વેદ સ્તુતિ શ્લોક – ૧

(૪૫) ભાગવત પુરાણ સુબોધિની ભાષ્ય વેદ સ્તુતિ શ્લોક – ૨

(૪૬) સ્વમત

(૪૭) ભાવપ્રકાશ ટીકા લે. શ્રી કૃષ્ણચંદ્રજી બ્રહ્મસૂત્ર ૨–૧–૭

(૪૮) સ્વમત

(૪૯) શુદ્ધાદ્વૈત પાઠાવલિ ભાગ – ૨ પૃ. ૩૯

(૫૦) સ્વમત

(૫૧) શુદ્ધાદ્વૈત પ્રદીપ લે. ઈચ્છારામ ભટ્ટ

(૫૨) સ્વમૂલ્યાંકન

(૫૩) શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મવાદ પૃ. ૮૭ લે. જે. ગો. શાહ

(૫૪) ભાગવત પુરાણ ૨–૮–૩૩

(૫૫) ભાગવત પુરાણ ૩–૫–૨૫

(૫૬) અણુભાષ્ય લે. એ. ડી. શાસ્ત્રી

(૫૭) સ્વમત

(૫૮) અણુભાષ્ય લે. જે. ગો. શાહ

(૫૯) શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મવાદ પૃ. ૯૧ લે. જે. ગો. શાહ

(૬૦) સ્વમત

# પ્રકરણ : ૫

# તુલના – સ્થાન – મૂલ્યાંકન – નિષ્કર્ષ

૫.૧ પરિચય

૫.૨ તુલના

૫.૨.૧ સૈદ્ધાંતિક દષ્ટિએ

૧. બ્રહ્મવિષયક

૨. જગત વિષયક

૩. જીવ વિષયક

૪. મોક્ષ વિષયક

૫. પ્રમાણ વિચાર

૬. પ્રામાણ્ય વિચાર

૭. સાધન વિચાર

૮. ખ્યાતિ વિષયક વિચાર

૯. तत्वमस्सि

૧૦. માયા વિષયક વિચાર

૧૧. સંસાર વિષયક વિચાર

૫.૨.૨ વિદ્વાન વેદાંતિ આચાર્ય સાથે તુલનાત્મક અધ્યયન

૧. શાંકરમત

૨. ભાસ્કર મત

૩. વિજ્ઞાન ભિક્ષુમત

૪. રામાનુજ મત

૫. માધ્વમત

૬. નિમ્બાર્કમત

૫.૩ ભારતીય તત્વજ્ઞાનમાં શુદ્ધાદ્વૈતવાદનું સ્થાન

૫.૪ મૂલ્યાંકન

૫.૪.૧ મર્યાદા

૫.૪.૨ વિશેષતા

૫.૫ સંદર્ભ/પાદટીપ

## ૫.૧ પરિચય

પ્રસ્તુત પ્રકરણ એટલે આપણા સંશોધન પ્રકલ્પની પૂર્ણતા સાહિત્યકાર – પ્રસ્તાવના બાબત ગણે છે. પંચાવયવી ન્યાય કે પરાર્થાનુમાનમાં પ્રતિજ્ઞા અને નિગમન મહત્વપૂર્ણ અંગ કે અવયવ છે. લેખનશૈલીમાં જ્યારે નિબંધાત્મક લેખન પદ્ધતિ સ્વીકારવામાં આવે ત્યારે પ્રસ્તાવના સમાન મૂલ્ય ઉપસંહાર કે મૂલ્યાંકનનું હોય છે.

પ્રથમ પ્રકરણમાં જે પ્રાક્કથનો કે પૂર્વ ધારણાઓ સ્વીકારેલ છે તે અંતિમ પ્રકરણમાં સાબિત થાય છે. અમે, શ્રીમદ્ ભગવદ્ગીતાના અર્જુનની માફક કહીએ છીએ કે,

**नष्टोमोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत् श्व**

**स्थितोडस्मि गत सन्देह करिष्ये वचनं तवः श्श्व**[१]

પ્રથમ પ્રકરણમાં ઋગ્વેદથી શરૂ કરીને ચાર્વાક દર્શન સુધી કાર્યકારણીમીમાંસાની જ્ઞાનમીમાંસાના સંદર્ભ સાથે રજુઆત કરીને; આપણે દ્વિતીય પ્રકરણમાં તત્વમીમાંસા અંતર્ગત કાર્યકારણમીમાસાં આલેખન માટે ઉપનિષદમાં રજૂ થયેલ વિભાવના રજૂ કરી અનેક તત્વવાદ, દ્વૈતવાદ, એકતત્વવાદનું લેખન કરેલ છે; ત્રીજા પ્રકરણમાં શુદ્ધાદ્વૈત શબ્દના અર્થની સમજૂતિથી શરૂ કરીને તેની જ્ઞાનમીમાંસા, તત્વમીમાંસા, તર્કમીમાંસાનું લેખન કરી; ચોથા પ્રકરણમાં અ–વિકૃત પરિણામવાદ સંદર્ભ ઈતિહાસ સાથે લેખન તેમજ મૂલ્યાંકન કરેલ છે.

અંતિમ પાંચમાં પ્રકરણમાં આપણે લક્ષ્ય પ્રાપ્ત કરવામાં સફળ થયા છીએ તે દર્શાવવા ભારતીય તત્વજ્ઞાનમાં શુદ્ધાદ્વૈતવાદ અને અવિકૃત પરિણામવાદનું સ્થાન નિશ્ચિત કરીશ. તેમજ અગાઉ દર્શાવ્યા મુજબ તુલનાત્મક અભ્યાસ; અ–વિકૃત પરિણામવાદની મર્યાદા–વિશેષતા આલેખી નિષ્કર્ષ કે સ્વમત વિશ્વ સમક્ષ મૂકીશ. શોધ નિબંધનો આશય પરિપૂર્ણ થયો છે. તે બાબત પણ રજૂ કરી સંદર્ભોચિત વિરામ આપીશું.

### ૫.૨.૧ સૈદ્ધાંતિક દષ્ટિએ તુલના

### ૧:૧ બ્રહ્મવિષયક મત :

બ્રહ્મ એ એકજ કેવળ પરમાર્થ સત છે. નિર્ગુણ અને નિર્વિશેષ છે. અવિધાથી તેના પર ધર્મો આરોપાય છે. બ્રહ્મ સત્ય, જ્ઞાન, અનંત તત્વ છે. બ્રહમ આનંદ રૂપ છે. તે જગતનું ઉપાદાન તથા નિમિત કારણ છે. તે અનુમાન ગમ્ય નથી પણ શ્રુતિગમ્ય છે.

एकम एव हि पश्मार्थ सत्यम् ब्रह्म [२]

सत्यम् ज्ञानं अनंतं ब्रह्म [३]

प्रज्ञानं ब्रह्म [४]

सच्चिदानंद ब्रह्म [५]

विज्ञानं आनंदं ब्रह्म [६]

શ્રીમદ્ શંકરાચાર્યના બ્રહ્મ વિષયક મતને સંક્ષેપમાં આ રીતે રજૂ કરી શકાય. બ્રહ્મ સજાતીય, વિજાતીય અને સ્વગત ભેદ રહિત છે. બ્રહ્મ એક અને અદિતીય છે, બ્રહ્મ દેશ–કાલ, વસ્તુના પરિચ્છેદ રહિત છે. બ્રહ્મ શૂન્ય નથી. બ્રહ્મ પર અને અપર એટલે કે હોય અને ઉપાસ્ય છે. બ્રહ્મ નેતિ, નેતિલક્ષણ યુકત છે.

### ૧.૨ રામાનુજાચાર્યનો બ્રહ્મવિષયક મત :

બ્રહ્મ સત્ય, જ્ઞાન અને અનંત એવા વિશિષ્ટ ગુણ ધરાવતો પદાર્થ છે. તે આનંદમય છે. શ્રુતિગમ્ય છે. તે માયા કલ્પિત નથી, બ્રહ્મ નિર્વિશેષ નથી, ચિત અને અચિત એ બે વિશેષણોથી તે વિશિષ્ટ છે. સગુણ બ્રહ્મ જ છેવટનું તત્વ છે. તે છ ગુણ યુકત છે. તે અંતર્યામી છે. બ્રહ્મ સ્વગત ભેદ ધરાવે છે. પર બ્રહ્મને ઈશ્વર પરમાત્મા કે વાસુદેવ રૂપે સ્થાપે છે. જડ, જીવ, અને બ્રહ્મ વચ્ચેના અભેદતા છે. બ્રહ્મ વિરૂધ્ધ ધર્માશ્રયત્વયુકત છે. [૭]

## ૧.૩ નિમ્બાર્કાચાર્યનો બ્રહ્મવિષયક મત :

બ્રહ્મ શબ્દ વાચ્ય શ્રી વાસુદેવ, શ્રી પુરૂષોતમ, શ્રી વિષ્ણુ છે. બ્રહ્મ જિજ્ઞાસાનો વિષય છે. ચિત અને અચિત બ્રહ્મથી ભિન્ન છે તેમજ અભિન્ન પણ છે. તત્વ ત્રણ પ્રકારનું છે. ચિત અચિત અને બ્રહ્મ ચિત અને અચિત સાથે ભેદાભેદ સબંધવાળુ બ્રહ્મ જિજ્ઞાસાનો વિષય છે. બ્રહ્મ સર્વત્ર છે. સ્વભાવ, સિધ્ધ, અચિન્ત્ય, અન્નત, જે કાંઈ આત્માના ગુણક ને શકિત કોઈ શકે એ સર્વનો આશ્રય છે. બ્રહ્મ રૂદ્ર અને ઈન્દ્રની પ્રકૃતિ(મૂળ કારણ) છે. પરમાણું, કાળ, સ્વભાવ, વ.નો નિયન્તા છે, જેની સીમાને પણ દોષનો સ્પર્શ થતો નથી તથા તે ચિત અચિતના સ્વાભાવિક ભેદ–અભેદ નો આશ્રય છે.[૮]

## ૧.૪ મધ્વાચાર્યનો બ્રહ્મ વિષયક મત :

બ્રહ્મ પ્રમેય છે. સચ્ચિદાનંદ એ પરમાત્માનું શરીર છે. બ્રહ્મ પરમાત્મા છે. તે સર્વથી ઉત્તમ અને સ્વતંત્ર છે. સર્વગુણ સંપન્ન અને દોષ રહિત વિષ્ણુ ભગવાન છે. પરમાત્મા પરિપૂર્ણ છે. અનન્તગુણોથી ભરપુર છે. પરમાત્મામાં જ્ઞાન, શકિત અને આનંદ વગેરે ગુણો અનેક ગણા છે તેમજ દરેક ગુણ અનન્ત, અપરિમિત, નિરતિશય રૂપમાં છે. પરમાત્મા સર્વજ્ઞ છે, વિલક્ષણ છે. ઈશ્વર એક જ છે તે અનેક રૂપે થાય છે આ સર્વરૂપ પૂર્ણ છે. ઈશ્વર– બ્રહ્મ –પરમાત્મા એકના જુદા જુદા નામ છે. પરંતુ લક્ષ્મી પરમાત્માથી જુદી છે પરમાત્માને આધીન રહેનારી છે. પરમાત્માની જેમ એ પણ નિત્યમુકત અને અનેક રૂપ ધારણ કરનારી છે, જડદેહ રહિત છે. દેશ–કાળમાં પરમાત્મા અને લક્ષ્મી સમાન વ્યાપેલા છે. આમ શ્રી મધ્વાચાર્ય બે સ્વતંત્ર તત્વ સ્વીકારી દ્વૈતવાદનું સ્થાપન કરે છે.[૯]

## ૧.૫ <u>શ્રીમદ વલ્લભાચાર્યનો મત</u> :–

બ્રહ્મ જ પરમ સત્ય છે. બ્રહ્મ સર્વદા શુધ્ધ જ છે ઉપાસ્ય છે. સત્ય જ્ઞાન બ્રહ્મના સ્વરૂપ ધર્મો છે. બ્રહ્મને કાર્યતા અને કારણતા ધરાવનારા ધર્મો પણ પૃથકભાવે છે. બ્રહ્મ આનંદમય છે. અદ્વૈત પદાર્થ બ્રહ્મ તે હંમેશા શુધ્ધ જ છે. માયા વડે દૂષિત નથી. બ્રહ્મ ઈશ્વર રૂપ છે. બ્રહ્મની માયા એટલે બ્રહ્મની અદ્ભૂત શકિત, બ્રહ્મ આગમ પ્રમાણ ધ્વારા સિધ્ધ છે. શ્રી વલ્લભાચાર્ય કહે છે કે જેને ઉપનિષદોમાં બ્રહ્મ કહે છે. સ્મૃતિઓમાં પરમાત્મા કહે છે તેને જ ભાગવતમાં ભગવાન કહે છે. તે સચ્ચિદાનંદ રૂપ અને અવ્યય છે, સર્વશકિત યુકત તેમજ સર્વજ્ઞ છે. તેજ કૃષ્ણ છે. બ્રહ્મ વિરૂધ્ધ ધર્મનો

આશ્રય છે. બ્રહ્મ પરિણામ યાને વિકાર પામ્યા છતાં વિકાર રહિત છે. આથી 'અવિકૃત પરિણામ વાદ' સિધ્ધ થાય છે. બ્રહ્મને વિશ્વરૂપ તેમજ વિશ્વને બ્રહ્મ રૂપ કહે છે. બ્રહ્મ પ્રાકૃતગુણોથી રહિત માટે નિર્ગુણ અને અલૌકિક ગુણોથી યુકત માટે સગુણ છે. અન્નમય, મનોમય, પ્રાણમય, વિજ્ઞાનમય અને આનંદમય બ્રહ્મના સ્વરૂપ છે. બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપને જગત, આધ્યાત્મિક સ્વરૂપ તે જીવ અને આધિદૈવિક તે પર બ્રહ્મ , બ્રહ્મનું સાયુજય તેનુ નામ મોક્ષ. બ્રહ્મ એ જ પ્રમેય છે. [૧૦] નિરાકાર અને સાકાર ઉભય રૂપે છે. બ્રહ્મ સર્વકર્તૃ છતાં તેમાં વૈષમ્ય અને નૈધૃણ્ય નથી. કામધેનુ કલ્પવૃક્ષ અને ચિન્તામણીની માફક સર્વ વસ્તુ બ્રહ્મમાંથી ઉદભવી છે. છતા બ્રહ્મમાં કોઈપણ પ્રકારનો વિકાર નથી. બ્રહ્મ તો વિકાર વગરનું છે.

### ૫.૨.૨ .૧ <u>જગત્ વિષયક મત (શ્રી શંકરાચાર્ય)</u> :

દશ્ય જગત બ્રહ્મનું કાર્ય છે. તે અવ્યકત દશામાં માયા અથવા પ્રકૃતિ કહેવાય છે અને વ્યકત દશામાં સુક્ષ્મ તથા સ્થૂળ જગત કહેવાય છે. જગત બ્રહ્મ પર પ્રતિષ્ઠિત છે. જગતની હસ્તી સાપેક્ષ છે અને સાપેક્ષમાં પણ પગલે પગલે પેલુ નિરપેક્ષ તત્વ જ ચમકી રહયુ છે. વસ્તુ જગતનું અસ્તિત્વ અન્ય માટે અને અન્ય આધારિત છે. જગત સન્મૂલ અને સતપ્રતિષ્ઠ કહ્યું છે અને આ અર્થમાં જગતની સતા બ્રહ્મની સત્તા કરતા નિમ્નકક્ષાની છે. જગત વ્યાવહારિક સત્ય છે, જયારે બ્રહ્મ પારમાર્થિક સત્ય છે. જગતનો બ્રહ્મ સાથેનો સબંધ અપૃથક તાદાત્મ્યનો છે. વેદાન્ત શાસ્ત્રોમાં બ્રહ્મને જગતનું કારણ માનેલ છે.[૧૧] શંકરાચાર્યના મતે જગત ન તો સત છે કે ન તો અસત છે અને આથી અનિર્વચનીય છે.

### ૨.૨ <u>રામાનુજાચાર્યનો જગત્ વિષયક મત</u> :

જગત એ બ્રહ્મનું રૂપાંતર જ છે. કારણ અને કાર્ય એક જ બ્રહ્મની બે અવસ્થાઓ છે. જગત અને બ્રહ્મ વચ્ચે અનન્યત્વ છે. ઈશ્વર કે જે જગતનું કારણ છે તેના વિના પરિણામ રૂપ જગત હસ્તી ધરાવી શકતુ નથી. અનન્યતા એટલે મૂળકારણથી અલગ એવી જેની હસ્તી નથી તે આ જગત એ નિરપેક્ષ સતતત્વનો પ્રકાર છે અને એ સત તત્વ પ્રકારી છે. જગત એ ઈશ્વરની આત્માભિવ્યકિત છે અને તે અભિવ્યકિત મિથ્યા નહિ પરંતુ ખરી છે. [૧૨]

## ૨.૩ **<u>શ્રી મધ્વાચાર્યનો જગત્ વિષયક મત</u>** :

જગત સત્ય છે. ઉપાદાનકારણ પ્રકૃતિ છે. તેમના મતે બ્રહ્મને નિત્ય માનવુ અને તેના સર્જેલા જગતને અનિત્ય કે મિથ્યા પ્રતીતિરૂપ માનવું તે ઉપયુકત નથી. એક તથા અનેક બંને નિત્ય છે. કાર્ય એ કારણનું વાસ્તવિક પરિવર્તન છે. ઈશ્વર સ્વાભાવતઃ મિથ્યા નહિ એવા જગતની રચના કરે છે. સૃષ્ટિ રચના એ તો ઈશ્વરની લીલા છે. તેના અનન્ય આનંદની કૃપાનું ફળ છે. જગતનું સર્જન કરવુ એ તેનો સ્વાભાવ જ છે. પોતે પરિવર્તન થયા વિના તે અનેક રૂપોની રચના કરે છે. જગત સત છે.[૧૩]

## ૨.૪ **<u>શ્રી નિમ્બાર્કાચાર્યનો જગત્ વિષયક મત</u>** :

આ જગત બ્રહ્મનું પોતાની શકિત ધ્વારા પરિણામ છે. જગતનું ઉપાદાન તેમજ નિમિત કારણ બ્રહ્મ છે કોઈ શકિતીની મદદ વગર બ્રહ્મ સ્વયં પોતાને જગતમાં પરિવર્તન કરે છે. છતાં પોતાના મૂળ સ્વરૂપમાં એથી કાંઈ ફેરફાર થતો નથી. બ્રહ્મનું પરિવર્તન રૂપ હોઈ જગત્ સત છે. બ્રહ્મ તથા જગત અભિન્ન પણ છે. જેમ સર્પ અને તેના ગૂંચળા વચ્ચે સબંધ છે તેમ બ્રહ્મ અને જગત વચ્ચે સબંધ છે. બ્રહ્મ જગતનું અભિન્ન નિમિત ઉપાદાન કરાણ છે. તેનુ અર્થઘટન કરતા કહે છે કે જડ, જગત, જીવ અને બ્રહ્મ અથવા ભોગ્ય, ભોકતા અને નિયન્તા વસ્તુતઃ ભિન્ન છે : પણ જડ જગત અને જીવના સ્વરૂપ, સ્થિતિ અને પ્રવૃતિ બધુ ઈશ્વરને આધીન છે તથા એ બધુ ઈશ્વરથી વ્યાપ્ત છે, માટે ઈશ્વરથી જડ, જગત અને જીવનો અ–ભેદ છે.[૧૪]

## ૨.૫ **<u>શ્રી વલ્લભાચાર્યનો જગત્ વિષયક મત</u>** :

પ્રકરણ ૩ માં વિગતવાર ચર્ચા કરેલી હોવાથી અત્રે માત્ર તુલનાત્મક દ્દષ્ટિએ આવશ્યક મુદાઓ સંક્ષેપમાં આલેખન કરીએ છીએ. આ જગત બ્રહ્મનું પોતાની શકિત ધ્વારા પરિણામ છે. જગત ભગવદ્ રૂપ છે. ભગવાનથી અનન્ય છે. જગત સત્ય છે કારણ કે સત્ય હોય તો જ તેની પ્રાપ્તિ થાય. પદાર્થ અસ્તિત્વમાં હોય તો જ તેની ઉપલબ્ધિ થઈ શકે : તો જ તે જોવામાં આવી શકે જગત ત્રણે કાળમાં વિધમાન છે એટલે તે બ્રહ્મરૂપ છે. જગત બ્રહ્મથી અનન્ય છે તેથી પણ સત્ય છે. 'સાક્ષત બ્રહ્મમાંથી જગત પ્રગટ થાય છે.' ' બ્રહ્મમાં સ્થિતિ થાય છે' અને ' બ્રહ્મમાં લય પામે છે' આ પ્રકારનાં શ્રુતિ તથા

સ્મૃતિ વચનો ધ્વારા પણ જગતનું સત્યત્વ સિધ્ધ થાય છે. શ્રી વલ્લભાચાર્ય ચતુર્થ પ્રસ્થાન તરીકે ભાગવત પુરાણને સ્વીકારે છે તેથી તે મત ધ્વારા પણ કહે છે કે જગતના સત્યપણાનો જેઓને ખ્યાલ નથી તેવા અજ્ઞાનીઓ 'આત્મા માયાનું સર્જન છે, મનુષ્યો અનાદિકાળથી કદાચ વિવર્તરૂપે ચાલ્યા આવે છે' એમ કહે છે આમ જગત સત્ય છે. બ્રહ્મનું અ–વિકૃત પરિણામ છે તે પ્રતિપાદિત કરે છે. [૧૫]

## ૫.૨.૩.૧ જીવ વિષયક મત (શ્રી શંકરાચાર્ય) :

બ્રહ્મ અને આત્મા વચ્ચે તાદાત્મ્ય સંબંધ છે. પિડસ્થરૂપ તે જીવ અને બ્રહ્માંડસ્થ રૂપ તે ઈશ્વર અવિધા વડે બ્રહ્માત્માની જીવાત્મા રૂપે પ્રતીતિ છે. પ્રતીતિરૂપે જીવ અનેક છે. પરમાત્માના આભાસો કે પ્રતિબિંબો જેવા છે. જીવાત્મા તત્વતઃ બ્રહ્મ હોવાથી તેનુ જ્ઞાન નિત્ય સિધ્ધ છે. પણ અવિધા વડે ઢંકાયેલુ છે. જ્ઞાન એ જીવનો સ્વભાવ ધર્મ છે. ઉપાધિને લીધે તેનામાં કર્તા કે ભોકતાપણુ પ્રવેશે છે. કર્મમાત્રનો કર્તા અને શુભાશુભ કર્મના ફળરૂપ સુખ દુઃખનો ભોકતા તો દેહ છેઃ પરંતુ મોહાવરા આત્મા 'હું દેહ છુ' એમ માની કર્તા–ભોકતા બની જાય છે, તેથી તે જીવ કહેવાય છે. જીવ એક બિંદુ રૂપ છે, જયારે ઈશ્વર તો સિંધુરૂપ છે. જીવ, ઈશ્વર અને પરબ્રહ્મ વચ્ચે જે ભેદ દેખાય છે તે 'ઉપાધિકૃત' છે. આ વિજ્ઞાનમય કોરાને એવુ ભાન હોય છે કે 'હું કર્તા છુ, ભોકતા છુ, સુખી છુ, દુઃખી છુ' તેથી તે વ્યાવહારિક જીવ કહેવાય છે. તેમજ 'અવિધા, કામ અને કર્મવાળા કાર્ય અને કારણ અર્થાત દેહ અને ઈન્દ્રિય–રૂપી ઉપાધિ જયારે એ આત્માને લાગેલી હોય ત્યારે તે સંસારી જીવ કહેવાય છે. તત્વના : તે બ્રહ્મરૂપ છે. અંતમાં શંકરાચાર્ય કહે છે કે 'દેહબુધ્ધિથી હું તમારો દાસ છું અને જીવબુધ્ધિથી તમારો અંશરૂપ છુ.' આત્મ બુધ્ધિથી તમે એ જ હું અને હું એ જ તમે છો' અંતઃકરણની ઉપાધિવાળો આત્મા તે જીવાત્મા, ઉપાધિરહિત કેવળ આત્મા તે પ્રત્યગાત્મા અથવા ચિદાત્મા છે જીવ અસ્મત પ્રત્યય વિષય છે. [૧૬]

## ૩.૨ રામાનુજચાર્યનો મત :

જીવાત્માએ પરમાત્માનો વાસ્તવ અંશ છે. તે અણુ પરિણામ વાળો છે અને અનેક છે. જીવાત્માનું જ્ઞાન સંકોચ–વિસ્તારવાળુ છે. જીવનું તાતૃત્વ, ભોકતૃત્વ અને કર્તૃત્વ એ ઉપાધિને લીધે નથી પરંતુ તેનુ પોતાનું સાચુ સ્વરૂપ છે. બ્રહ્મરૂપી મૂળ તત્વનાં ચિત–જીવો અને અચિત–જગત એ

બે શરીરો છે. જીવાત્મા શાશ્વત છે તે બ્રહ્મનો પ્રકાર છે. સ્વગતભેદ હોવાથી બ્રહ્મ ઈશ્વર અને જીવ દાસ છે. ઈશ્વર કારણ અને જીવ કાર્ય છે. બન્ને સ્વયં પ્રકાશ છે, ચેતન છે, આત્મસ્વરૂપ છે. જીવ દેહ, ઈન્દ્રિય, પ્રાણથી ભિન્ન છે, નિત્ય છે. જીવ અનેક છે. તાત્ત્વિક રીતે એક જીવનો અન્ય જીવથી જાગ્રત અવસ્થામાં કાંઈ ભેદ નથી. મોક્ષાવસ્થામાં પણ વ્યકિતનું અલગ અસ્તિત્વ ટકી રહે છે. બ્રહ્મ સાથે તાદાત્મય સધાતું નથી. [૧૭]

## ૩.૩ **<u>મધ્વાચાર્યનો મત</u>** :

જીવ અને ઈશ્વર ભિન્ન છે જીવો બહુ પ્રકારના છે. જીવ એ સેવક છે. પરમાત્મા એ સેવ્ય છે. બન્ને વચ્ચે ચોખ્ખુ દ્વૈત છે. જીવ નિત્ય છે, જ્ઞાતા છે, પણ અણુ જ છે.[૧૮]

## ૩.૪ **<u>શ્રી નિમ્બાર્કાચાર્યનો મત</u>** :

જીવ જ્ઞાન સ્વરૂપ સ્વયં જયોત ચૈતન્યરૂપ અણુ, જ્ઞાતા, કર્તા, ભોકતા, હરિને આધીન, શરીરના સંયોગ તથા વિયોગને યોગ્ય અને જુદા જુદા દેહમાં જુદો જુદો છે. આવા જીવા અસંખ્ય છે આ જીવનું સ્વરૂપ આનાદિ માયાથી વીંટાયેલુ છે એટલે ઓળખાતું નથી પણ ભકતો ભગવદપ્રાપ્તિથી તેને જાણી શકે છે. બધ્ધ, મુકત અને બધ્ધ–મુકત એમ જીવના ત્રણ ભેદ છે.[૧૯]

## ૩.૫ **<u>શ્રી વલ્લભાચાર્યનો મત</u>** :

જીવાત્મા અથવા ક્ષેત્રજ્ઞ કૂટસ્થ ચેતનરૂપ મહાઅગ્નિના તણખા જેવો અંશ છે અને તે સત્ય અંશ છે. માયિક નથી. જીવાત્માનું જ્ઞાન સંકોચ વિસ્તારવાળુ છે. જીવનું જ્ઞાતૃત્વ, કર્તૃત્વ અને ભોકતૃત્વ ઉપાધિને લીધે નથી. પરંતુ પોતાનું સાચુ સ્વરૂપ છે. જીવ અને બ્રહ્મ વચ્ચે અંશાશી ભાવ હોવાથી અનન્યતા છે. બ્રહ્મનો ચિદધર્મ તે જીવ છે. જેમ અગ્નિમાંથી તણખો નીકળે છે અથવા કરોળિયો પોતાના મોમાંથી લાળ કાઢી જાળ બનાવે છે તેમ જેવો બ્રહ્મમાંથી નીકળે છે તે નિત્ય તેની ઉત્પતિ થતી નથી. તે અણુ છે. વાળનાં અગ્રભાગના સોમા ભાગ જેટલુ તેનુ પ્રમાણ છે. તેનો વાસ હદયમાં છે, છતાં ચંદનની માફક આખા શરીરમાં તેનું ચૈતન્ય વ્યાપે છે બ્રહ્મ અને શુધ્ધજીવ વચ્ચે અદ્વૈત છે.[૨૦]

## ૫.૨.૪.૧ <u>મોક્ષ વિષયક મત (શંકરાચાર્ય)</u> :

બ્રહ્મ વિધા અથવા તત્વજ્ઞાન વડે જ અવિધા અથવા અજ્ઞાનનો નાશ થવાથી મોક્ષ પ્રાપ્તિ થાય છે. મોક્ષતો સ્વતઃસિધ્ધ રૂપે છે જ. જે ઢંકાયેલુ છે તે જ માત્ર પ્રકાશમાં આવે છે. જીવન મુકતાવસ્થાનો સ્વીકાર કરે છે જે કૈવલ્ય મોક્ષ છે. બીજો સમય જતાં ક્રમ મોક્ષ કહે છે, જેને સાયુમ્યમોક્ષ પણુ કહે છે. બ્રહ્મજ્ઞાનીને ઉત્ક્રાંતિ નથી. અહી ંજ બ્રહ્મભાવ પ્રાપ્ત થાય છે. શંકરાચાર્યના મતે મુકિત એટલે બ્રહ્મજ્ઞાનનો સાક્ષાત્કાર આત્માના સ્વરૂપનું સાચું જ્ઞાન થતા જ, જગતનું મિથ્યાત્વ સ્પષ્ટ થાય છે, અને જગતનું મિથ્યાત્વ સ્પષ્ટ થતા આપો આપ આ સંસારના બંધનો તૂટી જાય છે. પારમાર્થિક દ્રષ્ટિએ મુકિત ન તો ઉત્પન થાય છે કે ન તો પ્રથમથી તે અપ્રાપ્ત છે. તેનો પ્રાપ્ત જ છે. પ્રાપ્તની પ્રાપ્તિ એજ મુકિત. તે શાશ્વત સત્યનો અનુભવ છે. તે સત્ય પ્રથમથી જ છે. તેનો સાક્ષાત અનુભવ એજ મુકિત છે. જીવભાવનો નાશ અને બ્રહ્મભાવની પ્રાપ્તિ એજ મોક્ષ છે. [૨૧]

## ૪.૨ <u>રામાનુજાચાર્યનો મત</u> :

મોક્ષ એ વાસ્તવ પ્રાપ્ત કરવા યોગ્ય અવસ્થા છે. મરણ પછી બ્રહ્મલોકમાં પ્રાપ્ત થાય છે. પર બ્રહ્મ સાથે સામ્યનો અનુભવ કરવો તેનું નામ મોક્ષ. આ અવસ્થામાં પરમાત્માના સ્વરૂપને મુકત પુરૂષ ભોગવે છે. રામાનુજાચાર્ય માત્ર વિદેહમુકિત સ્વીકારે છે. મુકતાવસ્થમાં જીવ ઈશ્વરને પ્રાપ્ત કરે છે, તેના સાનિધ્યનો આનંદ અનુભવે છે : અને સાથે સાથે સર્વદુઃખ, વેદના, અને ક્ષુદ્ર વાસનાઓમાંથી છૂટી જાય છે. મુકત આત્મા શુધ્ધજ્ઞાન યુકત થઈ તથા દોષોથી રહિત બની બ્રહ્મના જેવો બની જાય છે. આત્મ–પરમાત્માનું 'સામ્ય' થાય છે. જ્ઞાની પુણ્યપાપને ખંખેરી નાખે છે. નિરંજન બની જાય છે ને પરમ સામ્ય પ્રાપ્ત કરે છે. તેના જેવો જ બની જાય છે. [૨૨]

## ૪.૩ <u>મધ્વાચાર્યનો મત</u> :

જીવાત્મા અને ઐકયનુ જ્ઞાન થયે મોક્ષ થાય છે એમ કહેવુ બરાબર નથી કારણ કે જીવ એ સેવક અને પરમાત્મા એ સેવ્ય છે. જીવ ઉપાસક છે, ઈશ્વર ઉપાસ્ય છે. સાંસારિક

દુ:ખનો નાશ અને વિષ્ણુની સમીપમાં રહી આનંદ પ્રાપ્ત કરવો એ મોક્ષ છે : મોક્ષ અભાવાત્મક છે. ભેદાત્મક ચાર પ્રકારની મુકિત દ્વૈતવાદમાં મનાય છે. [૨૩]

## ૪.૪ <u>નિમ્બાર્કાચાર્યનો મત</u> :

સર્વકર્મોનો નાશ થઈ જાય અવિદ્યાની નિવૃતિ થઈ જાય અને પછી સતત ભગવાનના સ્વરૂપનો અનુભવ થયા કરે એજ ભગવદ ભાવાયતિ કે સાયુમ્ય અથવા સામ્યરૂપ મુકિત એમાં ભગવાન સાથે ઐકયનો ભાવ નથી. [૨૪]

## ૪.૫ <u>શ્રી વલ્લભાચાર્યનો મત</u> :

ચિદંશો જીવ કહેવાય છે અને તે બંધન પામે છે. પ્રાણાદિ અંશો બંધનકરનાર નિમિતો છે. પૂર્ણજ્ઞાન શકિતનું ભગવાન જીવોને દાન કરે છે ત્યારે તે માયાના મોહપાશ માંથી છૂટે છે. મોક્ષદશામાં પરાધીનતા જાય છે અને આનંદની પ્રાપ્તિ થાય છે. મોક્ષ ભાવાત્મક છે. અભેદાત્મક સાયુમ્ય મુકિત માનેલી છે. કેટલાંક જીવો મુકિત બાદ અક્ષરબ્રહ્મમાં એક સ્વરૂપ થઈ જાય છે. જયારે બીજા મુકિતવત્ વિચરે છે. બ્રહ્માનંદ કરતા પણ ઈશ્વર ભજનના આનંદને વધુ મહત્વનો ગણેલ છે. શ્રી કૃષ્ણ સાથે તેના અંશભૂત જીવો ગૌ લોકમાં વાસ કરે છે અને લીલા અનુભવે છે તે મોક્ષ છે. ભકિત વડે મુકિત મળે છે.[૨૫]

## ૫.૨.૫.૧ <u>પ્રમાણ વિચાર (શંકરાચાર્ય મત)</u> :

વસ્તુના સ્વરૂપ સબંધી નિર્ણયો જયાં સુધી વસ્તુના દર્શનના સાધનતંત્રનો નિર્ણય ન થાય ત્યાં સુધી ઘડાતા નથી. આપણા ચક્ષુરાદિ સાધનો ન હોયતો આપણે બ્રહ્મ જગતના સબંધમાં શો નિર્ણય કરી શકીએ ? આપણને અન્તઃકરણ ન હોય તો આપણે આંતર જગત સબંધમાં શાનિર્ણય પર આવીએ ? <u>આ કારણથી વિચારકો પ્રથમ આ જગતનાં અનુભવ સબંધમાં જ્ઞાનસાધનની પ્રાણલિકા રચે છે, અને તેને અનુસાર વિશ્વ સબંધી નિર્ણયોને શાસ્ત્રનું રૂપ આપે છે. આ પ્રણાલિકાને પ્રમાણવાદ કહે છે</u>.[૨૬]

શંકરાચાર્ય અનુભૂતિ ને પ્રાધાન્ય આપે છે. પ્રત્યક્ષ અનુમાન અને શબ્દ પ્રમાણ ધ્વારા આપણને જ્ઞાન મળે છે. આપણને જે જ્ઞાન થાય છે તે બ્રહ્મ વસ્તુઓનું થાય છે, માનસિક સ્થિતિઓનું નહિ. તેઓ તાત્વિક કે નિરપેક્ષ આદર્શવાદી છે. અનુભવની પૃષ્ઠભૂમિ વિના શ્રુતિનું કથન માત્ર અર્થવિહીન શબ્દ જાળ બની જાય છે. અનુભવ એક એવી મહત્વપૂર્ણ આધ્યાત્મિક અનુભૂતિ છે કે આચાર્યશ્રી પ્રમાણ પર ખૂબ ભાર મૂકે છે.

અનુભવ તર્કથી પર છે પણ તર્કથી વિરૂધ્ધ નથી. આત્મસૃષ્ટિનું જ્ઞાન અપરોક્ષ રીતે થાય છે. તે વસ્તુ પર ઉપનિષદોએ ભાર મૂકયો છે. ધર્મ જિજ્ઞાસામાં શ્રુતિ પ્રમાણ છે, પરંતુ બ્રહ્મ જિજ્ઞાસામાં શ્રુતિ અને અનુભવ પ્રમાણ તરીકે સંભવે છે, કારણ કે બ્રહ્મ જ્ઞાનનો આધાર અનુભવ છે અને તે વિષય તરીકે અસ્તિત્વ ધરાવતી વસ્તુ છે. [૨૭]

## ૫.૨ <u>શ્રી રામાનુજાચાર્યનો મત</u> :

આચાર્યશ્રી ત્રણ પ્રમાણ સ્વીકારે છે. પ્રત્યક્ષ, અનુમાન, શબ્દપ્રમાણ, ઈન્દ્રિયો ધ્વારા જે યથાર્થ જ્ઞાન થાય છે તેનુ સાધન પ્રત્યક્ષ પ્રમાણ પ્રત્યક્ષના નિર્વિકલ્પક અને સવિકલ્પક બે પ્રકાર સ્વીકારેલા છે. જયારે વિષય પહેલી વખત જ્ઞાન થાય છે ત્યારે નિર્વિકલ્પક કહેવાય છે. બીજી વખત જ્ઞાન થાય ત્યારે સવિકલ્પક બને છે. આચાર્યશ્રી બંને પ્રકારને સમાન પણે નિશ્ચયાત્મક ગણે છે. સ્મૃતિ તથા પ્રત્યભિજ્ઞાને પણ પ્રત્યક્ષમાં સમાવેલ છે. અનુમાન પ્રમાણમાં અન્વય વ્યતિરેક અને કેવલાન્વયી બે પ્રકાર સ્વીકારે છે. પરાર્થ અનુમાન પાંચ અવયવો પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન સહિત સ્વીકારે છે. તેમના મતે જેટલા અવયવો ધ્વારા પ્રતિપક્ષીને પોતાનો સિધ્ધાંત સમજાવી શકાય તેટલા અવયવોનો સ્વીકાર કરવો જોઈએ. તેઓ ઉપમાન અને અર્થાપતિ પ્રમાણનો અનુમાનમાં સમાવેશ કરે છે. શબ્દ પ્રમાણ કે આગમ પ્રમાણમાં પૂર્વમીમાંસાને સ્વીકારી અ–પૌરુષેય અને નિત્ય વેદવાકયોને પ્રમાણ ગણે છે. [૨૮]

## ૫.૩ <u>શ્રી મધ્વાચાર્યનો મત</u> :

પ્રત્યક્ષ અનુમાન અને શબ્દપ્રમાણ કે આગમ ને પ્રમાણ તરીકે સ્વીકારે છે. પ્રત્યક્ષમાં સવિકલ્પ પ્રત્યક્ષનો સ્વીકાર કરી નિર્વિકલ્પક પ્રત્યક્ષને સ્વીકારતા નથી. પ્રત્યક્ષના ભેદ (૮) સાક્ષી, યથાર્થજ્ઞાન તથા છ ઈન્દ્રિયો વડે ઉત્પન્ન સાક્ષાત જ્ઞાન સ્વીકાર છે. અનુમાનમાં અન્વય વ્યતિરેકી, કેવલાન્વયી તથા કેવલવ્યતિરેકી સ્વીકાર કરે છે. શબ્દ પ્રમાણમાં પૌરુષેય એટલે કે આપ્તવાકય તથા અ–પૌરુષેય એટલે કે વેદવાકયનો સ્વીકાર કરે છે. તેઓ વેદવાકયને સ્વતઃસિધ્ધ, નિત્ય, સ્વતઃ પ્રમાણ ભગવાનની સ્વયં દિવ્ય પરાવાણી માને છે. [૨૯]

## ૫.૪ <u>શ્રી નિમ્બાર્કાચાર્યનો મત</u> :

આચાર્યશ્રી રામાનુજાચાર્ય સાથે સહમત દર્શાવે છે. તેથી લેખન પુનરાવર્તન કરવાનું અપ્રસ્તુત છે.[૩૦]

## ૫.૫ <u>શ્રી વલ્લભાચાર્યનો મત</u> :

વિગતવાર આલેખન પ્રકરણ ૩ માં કરવામાં આવેલ છે. પરંતુ તુલનાત્મક દ્રષ્ટિએ અધ્યયનમાં સરળતા ખાતર સંક્ષેપમાં પુનરાવર્તન કરીએ : પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાનને વ્યાવહારિક પ્રમાણ તરીકે સ્વીકારે છે. મુખ્ય કે પ્રધાન પ્રમાણ કેવળ શબ્દ પ્રમાણ છે. તેમાં પણ પ્રસ્થાન ચતુષ્ટમ સ્વીકારે છે. અર્થાત બ્રહ્મસૂત્રો, શ્રીમદ ભવગદ ગીતા, ઉપનિષદો અને શ્રીમદ ભાગવત (પુરાણ) આ ચાર ગ્રંથો પ્રમાણ રૂપ ગણે છે. [૩૧]

## ૫.૨.૬.૧ <u>પ્રમાણ્ય વિચાર શંકરાચાર્યનો મત</u> :

આ જગત કે જેની વાસ્તવિક સતા સર્વ પ્રમાણો થકી સિધ્ધ છે. તેને સર્વોચ્ચ સતાનું જ્ઞાન ન થાય ત્યાં સુધી નકારી શકાય તેમ નથી. જયાં સુધી કશો અપવાદ ન હોય ત્યાં સુધી તો જે નિયમ હોય તેને જ સર્વોચ્ચ સત્ય માનવો પડે. બીજા શબ્દમાં કહીએ તો જ્ઞાનની યથાર્થતા કે તેનું પ્રમાણ્ય એ નિયમ છે, જયારે તેની અ–યથાર્થતા કે અ–પ્રામાણ્ય તો અપવાદરૂપ બ્રહ્મ સંજોગાના લીધે જ છે.[૩૨]

## ૬.૨ <u>રામાનુજાચાર્યનો મત</u> :

જ્ઞાન હંમેશા સતનું જ હોય છે, તે સિવાય બીજા કશાનું હોતુ નથી. સમગ્ર જ્ઞાન યથાર્થ જ છે. જે કાંઈ સત છે, તે બધુ જ જ્ઞાન થાય છે. તેમજ વ્યવહાર ઉપયોગી પ્રાયેજન સાધવાનું જ્ઞાનનું કાર્ય પણ સમાન મહત્વનું છે એટલે કે બ્રહ્મ વિષય સાથે સંવાદી જ્ઞાન હોવુ જોઈએ. [૩૩]

## ૬.૩ <u>મધ્વાચાર્યનો મત</u> :

જ્ઞાનના પ્રામાણ્યની બાબતમાં આચાર્યશ્રી સ્વતઃ પ્રામાણ્યવાદનો સ્વીકાર કરે છે. જ્ઞાન સ્વયં જ્ઞાતા અને હોય ને પ્રકાશિત કરે છે. [૩૪]

## ૬.૪ <u>શ્રી નિમ્બાર્કાચાર્યનો મત</u> :

જ્ઞાનના બાબત તેઓ પરતઃ પ્રામાણ્યવાદ તેમજ સ્વતઃ પ્રામાણ્યવાદ બંનેનો સ્વીકાર કરે છે.[૩૫]

## ૬.૫ <u>શ્રી વલ્લાભાચાર્યનો મત</u> :

સ્વતઃ પ્રામાણ્યવાદનો સ્વીકાર કરતા કહે છે કે જે ઘટ તરીકે બાહ્ય વસ્તુનું જ્ઞાન થાય છે, તેમાં જે ઘટ પદાર્થ છે તે બ્રહ્મનું જ રૂપ છે. તેમાં બ્રહ્મની સતા છે, પણ બ્રહ્મે પોતાની ઈચ્છા વ્યવહાર માટે તેમાં ઘટત્વ ધર્મ અથવા ઘટાકારને પ્રગટ કર્યો છે, આથી વ્યવહાર દશામાં ઘટનું જે જ્ઞાન થાય છે તે ખોટુ નથી. આમ સ્વતઃ પ્રામાણ્યવાદ સ્વીકાર થાય છે. [૩૬]

## ૫.૨.૭.૧ <u>સાધન વિચાર શંકરાચાર્યનો મત</u> :

ભારતીય તત્વજ્ઞાનનું લક્ષ્ય મોક્ષ પ્રાપ્તિ છે. આથી મોક્ષ પ્રાપ્તિ માટે કયા કયા સાધનોની આવશકતા છે ? પ્રમુખ સાધન કયુ ? વગેર પ્રશ્નો સહજ થાય છે. આચાર્યશ્રીનો મત જ્ઞાન પ્રધાન તરીકે ખ્યાત હોવા છતાં આપણે સ્પષ્ટતા કરીએ તો સાધન ચતુષ્ટયની વાત રજુ કરવામાં આવી છે. પ્રથમ વિવેક નિત્ય તથા અનિત્ય વસ્તુ વચ્ચે વિવેક જ્ઞાન પ્રાપ્ત થવુ જરૂરી છે. દિતિય સાધન વૈરાગ્ય અર્થાત અનાસકત ભાવે કર્મ કરાવ તે વૈરાગ્ય મોક્ષ પ્રાપ્તિ માટે મહત્વનું સાધન છે. તૃતિય સાધન

ષટસંપતિ જે ધ્વારા મનઃશુધ્ધિ કે મનઃશાંતિ થાય છે. જેમાં શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રધ્ધા, સમાધાનનો સમાવેશ થાય છે. લૌકિક વ્યાપારથી મનની નિવૃતિ તે શમ. બ્રહ્મ ઈન્દ્રિયો નિગ્રહ તે દમ. કર્મફળ ભોગવવાની ઇતિશ્રી એટલે ઉપરતિ. તિતિક્ષા એટલે સહનશીલતા આસ્તિક બુધ્ધિ તે શ્રધ્ધા. અને શુધ્ધ બ્રહ્મમાં બુધ્ધિને સ્થિર કરવી તે સમાધાન કહેવાય છે. અંતિમ ચોથા સાધનમાં મુમુક્ષુત્વ એટલે મોક્ષની ઈચ્છા તે પણ જરૂરી છે. તેમજ જીવાત્માનો બ્રહ્મ જોડે અભેદ સાધવા શ્રવણ, મનન, નિદિધ્યાસ જરૂરી છે. શ્રોતકર્મ વડે ચિતશુધ્ધિ તથા વ્યવહારના કર્મો ઈશ્વરાર્પણ બુધ્ધિથી કરવાથી ચિતના દોષો નાબૂદ થાય તે મોક્ષ માટે જરૂરી છે. ટુંકમાં કર્મ અને ભકિત પણ જ્ઞાન સમાન મહત્વપૂર્ણ સાધન છે. [૩૭]

## ૭.૨ <u>રામાનુજાચાર્યનો મત</u> :–

બીજા તમામ વિષયોની વિરકત થઈ પોતાના ઈષ્ટનું આનંદ રૂપે પરમજ્ઞાન પામવુ તે ભકિત છે. ભકિત યોગ ધ્વારા મોક્ષ પ્રાપ્ત થાય છે તે બાબત પર ભાર મૂકવામાં આવે છે. તેઓ કાવિક ભકિતમાં શ્રવણ,પાદ, સેવન, અર્ચન અને વંદન : વાચિક ભકિતમાં કીર્તન : માનસિક ભકિતમાં સ્મરણ, સખ્ય, દાસ્ય તથા આત્મનિવેદનનો સમાવેશ કરે છે. ભકિતમાં પૂર્ણતા પ્રાપ્ત કરવા સાત પ્રકારના સદગુણો કેળવવાની વાત કરે છે. વિવેક, વિમોક(ત્યાગ), અભ્યાસ, ક્રિયા, કલ્યાણ, અનવસાદ, અનુધ્યર્ષ આ સાત સદગુણ છે. આ ઉપરાંત પૂર્વમીમાંસા વેદાન્ત સમાન બલ્કે એક જ શાસ્ત્ર તરીકે સ્વીકારતા હોવાથી વેદોકત કર્મકાંડ ધ્વારા ભકિતનો ઉદય થાય તેમ કહે છે. જ્ઞાન પણ પર બ્રહ્મમાં ભકિત ઉપજાવે છે મતલબ ભકિત ધ્વારા મોક્ષ પ્રાપ્તિ શકય બને છે. [૩૮]

## ૭.૩ <u>મધ્વાચાર્યનો મત</u> :

વિષ્ણુ કે પરમાત્માનું જ્ઞાન એજ મોક્ષનું સાધન છે. સૌ પ્રથમ કર્મ : ત્યારબાદ જ્ઞાન અને અંતભકિત એ ક્રમમાં સાધનનો ઉપયોગ કરી શકાય છે. શ્રવણ, મનન, ધ્યાન અને ભકિત એ જ્ઞાન પ્રાપ્તિ માટેના સાધન છે. પરંતુ મુખ્ય સાધન તો અપરોક્ષ જ્ઞાન વિના બીજુ નથી. અ–પરોક્ષ જ્ઞાનથી જીવને અણિમા, લધિમા આદિ ઐશ્વર્યો પ્રાપ્ત થાય છે. ભકિત તથા કર્મ રહિત જે જ્ઞાન હોય તે ધ્વારા કદાપિ મુકિત મળતી નથી.[૩૯]

## ૭.૪ <u>નિમ્બાર્કાચાર્યનો મત</u> :

ભકિત વડે ઈશ્વર સાક્ષાત્કાર થાય તે મોક્ષ, અપિતુ ભકિત મોક્ષનું સાધન. ભકિતમાં પણ પ્રપતિ એટલે કે ઈશ્વરાર્પણ પૂર્ણતયા થાય તે જરૂરી છે. આચાર્યશ્રીના મતે ભકિતમાં જ્ઞાનના અંશ છે. એક સાધનરૂપ અને બીજી ફળરૂપ અથવા પરા ભકિત છે. [૪૦]

## ૭.૫ <u>વલ્લભાચાર્યનો મત</u> :

ભકિત સાધન તરીકે સ્વીકારે છે. મુકિત માટેનું સર્વોતમ સાધન પુષ્ટિ ભકિત છે. પુષ્ટિમાર્ગની ભકિતમાં ભગવાન સેવા (ચિતને શ્રીકૃષ્ણમાં પરોવવુ તે) મુખ્ય છે. તેના ત્રણ ભેદ છે. તનુજા જે દેહથી કરવાની સેવા જેમાં શ્રવણ, કીર્તન તથા પોતાના શરીરથી પ્રભુની જુદી જુદી જાતની પરિચર્ચાનો સમાવેશ થાય છે. વિતજા જેમાં દ્રવ્યથી કરવાની સેવાનો સમાવેશ થાય છે. જેમકે પ્રભુને વસ્ત્રો, અલંકારો ધરાવવા તેના મંદિરો બંધાવવા, ઉત્સવો કરવા, માનસી પ્રભુમાં નિરંતર પરોવાઈને રહેવાનો મનને અભ્યાસ થાય તે. વ્યકિત ઈશ્વર પ્રેમોન્મત બની જાય છે. પ્રેમ લક્ષણા ભકિતની ચાર અવસ્થા છે. સ્નેહ, આસકિત, વ્યસન અને તન્મયતા. ભકિત સિવાય કર્મનો ઉલ્લેખ કરતા કહે છે કે ભગવાન માટેનું કર્મ, કર્મનિષ્ઠામાં ચિત્તની પ્રસન્નતા હોય છે. કર્મના સાત્ત્વિક, રાજસ અને તામસ ત્રણ પ્રકાર છે. જેમાં પેટા પ્રકારમાં આધિદૈવિક કર્મ(સેવા) ભગવાનના આનંદ માટે છે. આ જ રીતે જ્ઞાન ભગવાન માટે હોય તો જ ખરૂ જ્ઞાન કહેવાય છે. 'બ્રહ્મ' ને જાણવુ એનુ નામ જ્ઞાન છે. આમ તેઓ જ્ઞાન અને કર્મનો નિષેધ કરતા નથી. [૪૧]

## ૫.૨.૮.૧ <u>ખ્યાતિ વિષયક મત (શંકરાચાર્ય)</u> :

શંકરાચાર્યના ખ્યાતિ એટલે કે મિથ્યા જ્ઞાન કે ભ્રમવિષયક મતને અનિર્વચનીય ખ્યાતિવાદ તરીકે ઓળખવામાં આવે છે. જયાં જયાં ભ્રમ ઉપ્તન્ન થાય છે. ત્યાં ત્યાં અને તેટલા પૂરતી તે વસ્તુ અસ્તિત્વ ધરાવે છે. અજ્ઞાનને લીધે ભ્રમ થાય છે. જ્ઞાન થતા વેત ભ્રમ નાશ પામે છે. આથી સ્પષ્ટીકરણ કરતા તેને અનિર્વચનીય કહેવાય છે. અનિર્વચનીય એટલે કોઈપણ પ્રકારે જેનું વર્ણન ન થઈ શકે એવુ જેને 'છે' એમ પણ ન કહી શકાય અને 'નથી' એમ પણ ન કહી શકાય. સદ્અસદ્ વિલક્ષણ શબ્દ

વપરાયેલ જોવા મળે છે. રજજુ સર્પના ઉદાહરણમાં સર્પ જે 'સત્' હોત તો દોરડીના જ્ઞાનથી તે બાધ ન પામે, અને જો અસત્ હોય તો તેની પ્રતીતિ જ ન થાય. પ્રતીતિ થાય છે, આથી તે અસત્ નથી. પરિણામે તે સદ્અસદ્ વિલક્ષણ કહેવાય છે. શંકરાચાર્ય તેને અનિર્વચનીય ખ્યાતિ કહે છે. [૪૨]

## ૮.૨ રામામુજાચાર્યનો મત :

સત્ ખ્યાતિવાદ તરીકે ઓળખાય છે. સત્ ખ્યાતિ એટલે જે કંઈ 'સત્' છે તેનું જ જ્ઞાન થઈ શકે અને જ્ઞાનના આકારને અનુરૂપ (યથા–અર્થ) બાહ્ય વિષય (External-object) ન હોય તો જ્ઞાન સંભવે જ નહિ. તેમના મતે ભ્રમ આંશિક સત્ય છે. પૂર્ણ અને વિશેષ સત્યજ્ઞાન પ્રાપ્ત થતા ભ્રમનો છેદ ઉડતો નથી પરંતુ પૂરક જ્ઞાન તરીકે હોય છે. આથી તે સત્ ખ્યાતિ ગણાય છે.

Error is one of omission and not of commission [૪૩]

## ૮.૩ શ્રી નિમ્બાર્કાચાર્યનો મત :

આચાર્યશ્રીના મતે જગત સર્વશકિતમાન બ્રહ્મની શકિત ધ્વારા પરિણિત થાય છે. જગતની વસ્તુમાત્ર ચર–અચર બધું બ્રહ્મ સ્વરૂપ છે. આથી યથાર્થ વસ્તુનું જ્ઞાન યથાર્થ હોય છે. મિથ્યાજ્ઞાન શકય જ નથી [૪૪]

## ૮.૪ શ્રી મધ્વાચાર્યનો મત :

તેઓ યથાર્થવાદી – દ્વૈતવાદી દાર્શનિક છે. આથી જ્ઞાન હોય તેની સતાનો સ્વીકાર કરે છે. રજજુ સર્પના ઉદાહરણમાં જયારે સર્પનું જ્ઞાન થાય ત્યારે સર્પ અને રજજુનું જ્ઞાન થાય ત્યારે રજુ સત્ય તરીકે સ્વીકારવુ. [૪૫]

## ૮.૫ શ્રી વલ્લભાચાર્યનો મત :

ભ્રમ વિષયક જ્ઞાન પ્રક્રિયા સમજાવતા આચાર્યશ્રી કહે છે કે આપણી બુધ્ધિ ત્રણ ભેદવાળી છે. સત્વ, રજસ, તમસ તમસના પ્રભાવ નીચે વસ્તુને જોઈ શકતાં નથી, અંધકારને લીધે પ્રકાશ જણાતો નથી. તેમ રજોગુણને લીધે જે જ્ઞાન થાય છે તે ઉપલક દ્રષ્ટિએ કોઈક સ્મૃતિમાં જળવાઈ

રહેલા તે પદાર્થને લીધે પદાર્થનો મુખ્ય ધર્મ આપણી બુધ્ધિને ઝાંખી કરે છે પરિણામે જ્ઞાન ઝાંખુ બને છે. સત્વગુણ પ્રધાન થાય ત્યારે બુધ્ધિનું જ્ઞાન ભ્રમાત્મક રહેતુ નથી. ટુંકમાં બુધ્ધિના દોષને લીધે ભ્રમ કે ભેદ કે સવિકલ્પ જ્ઞાન થાય છે. જ્ઞાન છે માટે તે સાચુ છે, અધુરૂ છે આથી ભ્રમ વિષયક મતને સત્ ખ્યાતિ નામાભિધાન કરી શકાય તેવો અમારો નમ્ર મત છે. [૪૬]

## ૫.૨.૯.૧ <u>तत्वमस्सि **નો અર્થ શ્રી શાંકર મત**</u> :

तत् = તે त्वम = तु अस्सि = છે, તેનો અર્થ જીવની અલ્પજ્ઞતા અને ઈશ્વરની સર્વજ્ઞતા છોડીને મૂળતત્વોનો વિચાર કરીએ તો બને એક અને અખંડ ચૈતન્ય છે. આથીજ કેવલાદ્વૈતવાદ સિધ્ધ થઈ શકે છે. તેમ આચાર્યશ્રીના મતમાં સ્પષ્ટ થાય છે. [૪૭]

## ૯.૨ <u>રામામુજાચાર્યનો મત</u> :

'અંન્તર્યામી ઈશ્વર તથા જગત પ્રપંચનું નિર્માણ કરનાર ઈશ્વર અને તત્વતઃ એકજ છે' [૪૮] તત્ શબ્દનો અર્થ 'સર્વજ્ઞ', સત્ય સ્વરૂપ જગત્કારણ ઈશ્વર છે. ત્વમ્ શબ્દ અચિત્ વિશિષ્ટ જીવધારી ઈશ્વરના અર્થમાં વપરાયેલ છે. જીવનના અંતરયામી રૂપ ઈશ્વર અને જગતના કારણરૂપ ઈશ્વર એમ બે વિશિષ્ટોની એકતા આ મહાવાકય ધ્વારા સમજવાની છે. આથી જ વિશિષ્ટા દ્વૈતવાદ તરીકે ઓળખાય છે.

## ૯.૩ <u>શ્રી મધ્વાચાર્યનો મત</u> :

तत् શબ્દ સર્વથા નિત્ય અને પરોક્ષ પદાર્થ પરમાત્માનો વાચક છે. અને 'त्व' શબ્દ અ–પરોક્ષ પદાર્થ (હું જીવ) નો વાચક છે. એ બન્નેનુ ઐકય કેમ સંભવે? શ્રુતિનો અર્થ तत् અને ત્વમનું સાદશ્ય પ્રતિપાદન કરવાનો છે અથવા अतत् त्वम् એમ પદચ્છેદ કરવો આચાર્યશ્રીના મતે તો જીવાત્મા બ્રહ્મ છે ના અનુભવ કે વિચાર માત્રથી જીવને અધોગતિ થાય છે. [૪૯]

## ૯.૪ **<u>શ્રી નિમ્બાર્કાચાર્યનો મત</u> :**

**તત્ શબ્દ સર્વશકિત, સમન્વિત, વિશ્વના આધાર એવા પર બ્રહ્મનું પ્રતિપાદન કરે છે. ત્વમ્ પદનો અર્થ છે ઈશ્વરના આશ્રયે રહેવાવાળો અને પરતંત્ર, સત્તાત્મક, બ્રહ્મનો અંશ એવો જીવ અને અસ્સિ શબ્દ ધ્વારા જીવ તથા પરમાત્મા વચ્ચેના ભેદાભેદ સબંધનો બોધ કરાવવામાં આવે છે. આ સંબંધ સમુદ્ર તથા તેના તરંગોની જેવો તથા સૂર્ય તથા તેના તેજ કિરણો વચ્ચેના સબંધ જેવો છે. આચાર્યશ્રી કહે છે કે, તત્ એટલે અર્જુન સખા શ્રીકૃષ્ણ, ત્વમ્ એટલે એ પરમાત્મા શ્રીકૃષ્ણ પાસે નિરંતર રહેવાવાળો અર્જુન અને અસ્સિ પદ છે તે શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરવા માટેના ઉપાયનું બોધક એવા ગુરૂતત્વનો સંકેત કરે છે. અલ્પ શકિતવાળો જીવ, ગુરૂ ચરણોના શરણમાં જઈ તેમના ધ્વારા ઉપદેશેલ માર્ગ પર ચાલી અર્જુનની જેમ શ્રીકૃષ્ણનું સાનિધ્ય પ્રાપ્ત કરી લે છે. [૫૦]**

## ૯.૫ **<u>શ્રી વલ્લભાચાર્યનો મત</u> :**

तत्त्वम्अस्सि । **મહાવાકય નથી [૫૧]** तत् **એટલે બ્રહ્મ** त्वम् **ભાવ વાચક શબ્દ છે. તત્વ શબ્દનો અર્થ બ્રહ્મત્વ કે બ્રહ્મની સ્થિતિ થાય છે. આખા વાકયનો અર્થ જીવ બ્રહ્મ નથી પણ બ્રાહ્મી દશામાં ભગવદ્દ્વાવેશથી તેનો તિરોહિત આનંદ જયારે પ્રકટ થાય છે ત્યારે તેનામાં બ્રહ્મનું વિભુત્વ આવે છે. એટલે તે દશામાં તેનામાં બ્રહ્મત્વ હોય છે. આથી તે બ્રહ્મરૂપ છે, જેમ સુવર્ણના અંશો સુવર્ણરૂપ હોય છે તેમ બ્રહ્મના ચિદ્દંશો જીવો પણ બ્રહ્મરૂપ છે. પરિણામે શુધ્ધાદ્વૈતવાદ સિધ્ધ થાય છે.**

## ૫.૨.૧૦.૧ **<u>માયા વિષયક મત શ્રી શંકરાચાર્ય</u> :**

**જીવાત્મા અને જગતની દશ્ય નામ રૂપાત્મકતાનો વાચક શબ્દ તે માયા. 'જે નથી તે માનવુ તે માયા' 'જે આનંદ છે : નિર્ગુણ છે : જેનુ બ્રહ્મ અને મંડન બંને કરી શકાય છેઃ જે સત્ય પણ નથી અને અસત્ય પણ નથી, સત્યાસત્ય પણ નથીઃ પોતે અ–વિકારી હોવાને લીધે વિકારના હેતુનું નિરૂપણ કરતી વખતે અવિધમાન હોય છે અને તેનું નિરૂપણ કરવાનું ન હોય ત્યારે જે વિદ્યમાન હોય તે.[૫૨] આચાર્યશ્રી માયાના લક્ષણો વર્ણવતા કહે છે કે (૧) માયા નિશ્ચેતન તેમજ જડાત્મિકા છે. (૨) તે બ્રહ્મથી અભિન્ન (અનન્ય) અને તેની બીજ શકિત છે. (૩) તે અનાદિ છે. (૪) તે ભાવરૂપ છે આવરણ અને**

વિક્ષેપની તેની શકિત છે. (૫) તે અવર્ણનીય તેમજ અનિર્વાચ્ય છે. (૬) તેની વ્યાવહારિક તેમજ સાપેક્ષ સત્તા છે, તે માત્ર વિવર્ત છે.(૭) તે અધ્યાસ રૂપ છે. (૮) તેનું જ્ઞાન ધ્વારા નિરસન થાય છે. (૯) તેનો આશ્રય તથા વિષય બ્રહ્મ છે અને છતાં બ્રહ્મ તેનાથી અસ્પૃશ્ય છે. [૫૩]

## ૧૦.૨ <u>શ્રી રામામુજાચાર્યનો મત</u> :

સામાન્યતઃ આપણે જાણીએ છીએ રામાનુજાચાર્ય શંકરાચાર્યના માયાવાદનું ખંડન કરે છે. પરંતુ માયા શબ્દની સમજૂતિ કે અર્થઘટન આપે છે. તેમના મતે માયા એટલે ઈશ્વરની વાસ્તવિક સૃષ્ટિ રચવાની શકિત. માયા બ્રહ્મમાં અવસ્થિત નિત્ય અચેતન તત્વ છે. પરિવર્તન વાસ્તવિક થાય છે. માયા ધ્વારા અ–ચિત તત્વમાં પરિવર્તન થાય છે.[૫૪]

## ૧૦.૩ <u>શ્રી મધ્વાચાર્યનો મત</u> :

ભેદનો સ્વીકાર કરે છે, ભેદ ભાવત્મક છે. વસ્તુના વિશેષ રૂપને જ ભેદનું બીજુ નામ આપી શકાય. ભેદ વસ્તુતઃ વસ્તુઓનો પારસ્પરિક નિષેધ છે. ભેદ વસ્તુના સ્વરૂપથી અભિન્ન છે. તે વસ્તુ સ્વરૂપ તેમજ સત્ અને નિત્ય છે. ઈશ્વર અને જીવ, ઈશ્વર અને જડ જગત : જડ જગત અને જીવ : જીવ અને જીવ : જડ અને જડ આમ પાંચ પ્રકારનો ભેદ સર્વથા અવસ્થામાં નિત્ય માને છે. માયા કે ભેદ કે દ્વૈત – અદ્વૈત કે અભેદના નિરાકરણ ધ્વારા આપો આપ સિધ્ધ થાય છે. તેમ માને છે. માયા ઈશ્વર આશ્રિત છે. [૫૫]

## ૧૦.૪ <u>શ્રી નિમ્બાર્કાચાર્યનો મત</u> :

ભેદ તેમજ અભેદ બંનેનુ સમાન મહત્વ આપે છે. ભેદ સત્ય તેમજ સ્વાભાવિક છે. જગત માયા નથી, પણ સત્ય છે. [૫૬]

## ૧૦.૫ <u>શ્રી વલ્લભાચાર્યનો મત</u> :

માયા બ્રહ્મની શકિત છે અને બ્રહ્મથી અભિન્ન છે. બ્રહ્મ સર્વત્ર વ્યાપક વિરાજતુ હોવા છતા પોતાની યોગમાયા રૂપ શકિતથી ઢંકાયેલુ છે. તેથી સર્વને માટે તે પ્રકટ નથી. માયાનાં બે રૂપ છે.

(૧) વિધા માયા :– બ્રહ્મ પોતાની વિધા માયા વડે જીવનને સંસારના બંધનમાંથી મુકિત આપે છે. માયાનો પ્રભાવ જીવ પર જ પડે છે. વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ અને શ્રીકૃષ્ણભકિત પાંચ પર્વા છે.

(૨) અ–વિધા માયા :– અવિધા માયાશકિત ધ્વારા જીવ પોતાના જ વડે કલ્પિત સંસારમાં કર્મ–બંધન આદિના ચક્રમાં ફસાય છે અને પરિણામે અનંત દુઃખો ભોગવે છે. સ્વરૂપ અજ્ઞાન, દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતકરણ પાંચ પર્વા છે.

આ ઉપરાંકત ભાગવત પુરાણ પરની ટીકા/ભાષ્ય સુબોધિનીમાં માયાનાં બે રૂપો અન્ય રીતે વર્ણવાયા છે. (૧) વ્યામોહિકા માયા :– ભગવાનની ચરણદાસી છે એ જીવને મોહમાં નાખે છે અને બુધ્ધિને મોહમાં ફસાવે છે પરંતુ ભગવાનના સેવકો પાસે જવામાં તે શરમ અનુભવે છે. (૨) કરણ માયાઃ– તે વડે ભગવાન જગતની ઉત્પતિ, પાલન તથા સંહાર કરે છે. બ્રહ્મ વિષય છે. માયા વિષયિતા છે. [૫૭]

'આચાર્યશ્રી ઉપનિષદમાં વાકયો, ગીતાજી, બ્રહ્મસુત્રો, શ્રીમદ ભાગવત તેમજ બધા શાસ્ત્રોનો ટેકો હોવાનું જણાવે છે તેમના મતે માયા કોઈ વ્યામોહિકા પ્રકારની નથી, વળી ઉપનિષદોમાં સર્વત્ર જે બ્રહ્મની પ્રાપ્તિ કહી છે તે બ્રહ્મથી વ્યતિરિકત હોઈ ઈતર માયિક કે માયા સબલ બ્રહ્મનો ભેદ જાણવામાં આવતો નથી. અને તેથી કોઈપણ પ્રકારના વ્યવધાન વિનાનો અખંડ અ–વિકૃત પરિણામ બ્રહ્મનો વાદ નિરૂપી બાદરાયણ વ્યાસને પણ એ જ સંમત છે એવુ 'અણુભાષ્ય' માં પુરવાર કરે છે.[૫૮]

### ૫.૨.૧૧.૧ <u>સંસાર વિષયક મત (શ્રી શંકરાચાર્ય)</u> :–

આચાર્યશ્રીના મત ઉપનિષદોનો આધાર લઈને કહેવાય છે કે બ્રહ્મની માયા વડે સમગ્ર સંસાર બને છે. જીવનું જીવ પણુ અને કેટલાંક અ–વિદ્યા કરે છે તો કેટલાંક સંસાર કરે છે. 'હું' અને 'આ મારૂ' આ ખ્યાલ જીવની અવિદ્યાને લીધે થાય છે. એ નર્યો ભ્રમ છે. આત્મા અને અનાત્મ વચ્ચેનો વિવેક ન કરી શકવાથી લૌકિક કે વ્યાવહારિકતા ઉત્પન્ન થાય છે. [૫૯] આચાર્યશ્રી વિવેક ચૂડામણી ગ્રંથમાં રૂપક ધ્વારા સંસારનું વર્ણન કરે છે. 'અજ્ઞાન સંસાર રૂપી વૃક્ષનું બીજ છે દેહને આત્મા માનવો એ

તેનો ફણગો છે, 'મોહ' એ તે વૃક્ષના પાંદડા છે : 'કર્મ' વૃક્ષને પોષણ આપનાર પાણી છે : શરીર એનુ પડ છે : પ્રાણ એની ડાળી છે : ઈન્દ્રિયોનો સમુદાય તેની કળીઓ છે : વિષયો તેના ફુલો છે અનેક કર્મોથી ઉપજતા દુઃખ એના વિવિધ પ્રકારના ફળો છે અને ફળને એ વૃક્ષરૂપી સંસાર પર રહેલુ પક્ષી રૂપી જીવ સ્વાદથી ખાય છે. [૬૦]

સંસારની સત્તા કેવળ પ્રાતિભાસિક છે, તેમજ વ્યાવહારિક સતા પણ ગણી શકાય છે. જીવના બંધનનું કારણ સંસાર છે.

## ૧૧.૨ રામામુજાચાર્યનો મત :

સંસાર અવસ્થામાં જીવ હોય છે, બંધન થાય છે, મુકતાવસ્થામાં પરમાત્મામાં લીન બની જાય છે, જીવાત્માના પ્રકાર અંતર્ગત બધ્ધજીવ તેને કહેવાય જેનુ સાંસારિક જીવન હજી સમાપ્ત થયુ નથી. તેમજ જે કદાપિ સંસારમાં ન આવ્યા હોય એવા જીવને 'નિત્યજીવ' કહે છે. જેનુ જીવન છે તે ધ્વારા સંસાર શબ્દ સ્વીકારે છે. તેથી બંધનયુકત અવસ્થા એટલે સંસાર તેમ કહી શકાય. [૬૧]

## ૧૧.૩ શ્રી મધ્વાચાર્યનો મત :

નિત્ય સંસારી જીવનું વર્ણન કરતાં હંમેશા સુખ–દુઃખ મિશ્રિત જીવનવાળો જીવ કહે છે. મતલબ કે સુખ–દુઃખનું કારણ સંસાર છે જે મુકત અવસ્થા માટે બાધક બને છે. આથી સંસારનો અર્થ જ્ઞાનની માત્રા ઓછી હોવી અથવા શકિત કે આનંદની માત્રા નિમ્ન હોય તે અવસ્થા થઈ શકે. [૬૨]

## ૧૧.૪ શ્રી નિમ્બાર્કાચાર્યનો મત :

જે જીવ હંમેશા જન્મ–મરણના ચક્રમાં અટવાયેલો રહે તે નિત્ય સંસારી. સંસારનો અર્થ સ્પષ્ટ જ છે, અજ્ઞાનનું બંધન. [૬૩]

## ૧૧.૫ **શ્રી વલ્લભાચાર્યનો મત** :–

**જીવની અહં–મમવૃતિથી સંસાર ઉત્પન્ન થાય છે અને તે અસત્ય છે અહંતા દેહને વિષે હોય છે, મમતા આપણી સર્વપ્રકારની મિલકતને વિષે હોય છે. 'હું' અને 'મારૂ' એ જ સંસાર. માયાની અવિદ્યાને લીધે સંસાર ઉત્પન્ન થાય છે. સંસાર જગતથી ભિન્ન છે. જીવ ધ્વારા કલ્પિત વસ્તુનું નામ સંસાર. સંસારની ઉત્પતિ થતી નથી. ગુણ તથા કર્મોથી બંધાયેલો સંસાર અજ્ઞાનમૂલક તથા સ્વપ્નવત્ત, મૂઢ છે. સુખઃદુખ સંસારના ધર્મો છે. તત્વજ્ઞાન થવાથી સંસારનો નાશ શકય છે.** [૬૪]

## ૫.૨.૨ વિદ્વાન વેદાંતિ આચાર્ય સાથે તુલનાત્મક અધ્યયન

બ્રહ્મવાદના મુખ્ય વિષય વિષે આપણે વિચાર કરી ગયા. હવે બ્રહ્મવાદની માફક બ્રહ્મ અને જગતના સંબંધ અંગે વિવિધ વાદો પ્રવર્તે છે તે વાદો સાથે એક પછી એકની તુલના કરી તારતમ્ય કાઢવાનો પ્રયત્ન કરીશું. વેદાન્તના ઈતિહાસમાં શુદ્ધાદ્વૈત સિવાયના બીજા વાદો મુખ્ય રીતે નીચે પ્રમાણે છ છે : (૧) શાંકરમત (૨) ભાસ્કરમત (૩) ભિક્ષુમત (૪) રામાનુજમત (૫) માધ્વમત (૬) નિંબાર્કમત

### ૧. શ્રીશાંકરમત અને શુદ્ધાદ્વૈત

એમાં પ્રથમ શાંકરમત લઈએ. શાંકરમત અને શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત બંને અદ્વૈતવાદી છે અને અદ્વૈતસિદ્ધાન્ત સ્વીકારીને, પ્રમાણ, પ્રમેય; સાધન અને ફલની યોજના કરે છે. પરંતુ ભેદ ત્યાં પડે છે કે –

(૧) માયાવાદ = શાંકરમત–માં પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ સર્વ વ્યાવહારિક છે, વાસ્તવિક રીતે એ બધાં કોઈ છે જ નહિ, ફકત એક જ બ્રહ્મ બાકી રહે છે; જ્યારે બ્રહ્મવાદમાં પારમાર્થિક અને વ્યાવહારિક એવો ભેદ કલ્પવામાં આવ્યો જ નથી. ત્યાં એક જ અદ્વિતીય બ્રહ્મ પોતાની ઈચ્છાથી જ પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ એ સર્વ થઈ અનેક રૂપે વિવિધ લીલા કરે છે.

(૨) માયાવાદ વ્યવહારની દરેક અવસ્થામાં પ્રમાણ માની પ્રત્યક્ષ વગેરે છ પ્રમાણનો અંગીકાર કરે છે, જ્યારે બ્રહ્મવાદમાં નિત્યશબ્દને જ પ્રમાણ માનવામાં આવ્યું છે. નિત્યશબ્દને

અનુકૂલ પ્રત્યક્ષ વગેરે પ્રમાણો હોય તો તેને પ્રમાણ માનવમાં હરકત નથી, પણ આટલાં જ પ્રમાણ એ સંખ્યા બાંધવાની બ્રહ્મવાદીને આવશ્યકતા રહેતી નથી અને એ પ્રત્યક્ષ વગેરે છ પ્રમાણ પણ ખરી રીતે તો જીવનો સત્વગુણ પ્રકટ થયો ન હોય ત્યાં સુધી જ, કારણ કે રાજસ અને તામસ ગુણના આવિર્ભાવમાં તો પ્રમાણમાં પણ ભ્રમબુદ્ધિ અને અપ્રમાણમાં પ્રમાણબુદ્ધિ પણ થાય છે. જો કે અક્ષર, પદ, વાક્ય સર્વ બ્રહ્મ જ છે; એવું પૂર્ણજ્ઞાન થયા પછી તો સર્વ પ્રમાણ જ છે. તો પણ જ્યાં સુધી એવું અખંડ શુદ્ધાદ્વૈત જ્ઞાન થયું ન હોય ત્યાં સુધી સ્વતઃપ્રમાણ, આપમેળે જ પ્રમાણિત, બીજા કોઈ પ્રમાણની અપેક્ષા ન રાખનારા એવા અંગ સહિતના વેદ, શ્રીકૃષ્ણવાકય (ગીતા), પૂર્વ અને ઉત્તર એ બે મીમાંસા અને શ્રીસમાધભાષા (ભાગવત) બ્રહ્મવાદમાં પ્રમાણ માનવામાં આવે છે.

(૩) બંને પક્ષ શબ્દ પ્રમાણને ઉચ્ચ સ્થાન આપે છે, વેદ બ્રહ્મના નિઃશ્વાસ છે એમ સ્વીકારે છે, તો પણ માયાવાદમાં તો બ્રહ્મમાંથી વેદ નિઃશ્વસિત થાય છે એમ પણ માત્ર માયા વડે જ ભાસે છે, જ્યારે બ્રહ્મવાદમાં તો વેદ સાક્ષાત્ બ્રહ્મનું નિઃશ્વસિત જ છે, માત્ર ભાસે છે એમ નહિ. વળી, માયાવાદમાં વેદ વગેરે જગતમાં આવેલા હોવાથી ખરી રીતે મિથ્યા છે, જ્યારે વેદ બ્રહ્મરૂપ, બ્રહ્મથી અનન્ય, અભિન્ન છે. ''**वेदो नारायणः साक्षात्**''[૧], ''**वेदै सर्वेरहमेव वेद्यः**''[૨], ''**सर्वे वेदा यत्पदमामनन्ति**''[૩], વગેરે વાકયો બ્રહ્મવાદમાં યોગ્ય રીતે ઘટી શકે છે.

(૪) બંને પક્ષમાં પ્રમેય બ્રહ્મ જ છે, પરંતુ માયાવાદમાં બ્રહ્મ પરમાર્થ દષ્ટિએ અત્યંત નિરાકાર, નિર્ગુણ, નિર્ધર્મક, નિર્વિશેષ છે, જ્યારે બ્રહ્મવાદમાં સર્વધર્મ વિશિષ્ટ છે. બ્રહ્મવાદમાં ધર્મ–ગુણ–માત્ર માયા વડે ભાસતા નથી, પણ બ્રહ્મથી અભિન્ન જ છે. સૂર્યમાં પ્રકાશ માયા વડે ભાસતો નથી, પણ સ્વાભાવિક જ છે. એ રીતે જ બ્રહ્મના ધર્મ સર્વ બ્રહ્મ જ છે, જૂદા નાહ કે મિથ્યા નહિ. બ્રહ્મવાદમાં ધર્મ અને ધર્મા બધા નિર્ગુણ, અવિકૃત સચ્ચિદાનંદ બ્રહ્મ જ બ્રહ્મથી અભિન્ન જ છે.

(૫) માયાવાદમાં એવી કલ્પના છે કે આનંદમય પણ બ્રહ્મ નહિ, એ તો સગુણ છે, આનંદમય બ્રહ્મની પેલે પાર બ્રહ્મ છે, જ્યારે બ્રહ્મવાદ બ્રહ્મ તેજે આનંદમય, એ જ પરાકાષ્ઠા એમ ઉપદેશે છે. ''**आनन्दमय**'' કરતાં બીજો કોઈ બ્રહ્મ પેલે પાર નથી, પણ એ ''**आनन्दमय**'' જ બ્રહ્મ છે. એમ ''**यः सर्वत्र**'' વગેરે શ્રુતિ આજ્ઞા કરે છે. માયાવાદી આથી ઉલટું માની બ્રહ્મ તો નિર્ગુણ અને આનંદમય તો સગુણ એમ માને છે.

(૬) માયાવાદમાં વિદ્યાભેદ છે અને બ્રહ્મ આનંદમય, માયાશબલ શ્વર એવા ભેદ છે, અને બ્રહ્મવિદ્યા તો પરા વિદ્યા છે, અને ઈશ્વરવિદ્યા એ અપરા વિદ્યા છે; એમ માનવામાં આવ્યું છે, જ્યારે બ્રહ્મવાદમાં આવા કોઈ ભેદ જ નથી.

(૭) સગુણ અને નિર્ગુણની ભેદકલ્પના માયાવાદી સાંખ્યમતને અનુસરીને કરે છે. જ્યારે બ્રહ્મવાદમાં બ્રહ્મ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે; એમ માનવાથી બધું જ સમાધાન થઈ શકે છે; અને બધું જ બ્રહ્મ જ છે, વળી સગુણ તો ઉપાસ્ય–ઉપાસના કરવા યોગ્ય છે અને નિર્ગુણ તો જ્ઞેય = જાણવા યોગ્ય છે. સગુણ તો દ્વૈતની કલ્પનાવાળું, નિર્ગુણ તો અદ્વૈતવાળું એવો એવો ભ્રમ માયાવાદમાં છે, જ્યારે બ્રહ્મવાદમાં બધું જ બ્રહ્મરૂપ અને બ્રહ્મથી અભિન્ન હોવાથી, સગુણ ઈશ્વર, સગુણ ઉપાસ્ય, અપરા વિદ્યા એવું એવું કંઈ છે પણ નહિ; અને માયા વડે ભાસતું પણ નથી, ત્યાં તો બધું નિર્ગુણ નિર્ગુણ જ છે. આ જાતની સગુણ વગેરેની સાંખ્યને અનુસરતી કલ્પના સ્માર્ત છે, વૈદિક ભાગવતના સિદ્ધાન્તીઓ કરતા નથી.

(૮) માયાવાદમાં બ્રહ્મ પરમાર્થ દષ્ટિએ કર્તા નથી, પણ માયા વડે એવું ભાસે છે, જ્યારે બ્રહ્મવાદમાં બ્રહ્મ જ પોતે જ ઉપાદાન અને નિમિત્તકારણ છે. આથી માયાવાદમાં બ્રહ્મનું જગત સાથે અભિન્નપણું નથી. ત્યાં બ્રહ્મ સત્ છે, જગત્ પરમાર્થદષ્ટિઓ મિથ્યા છે અને આમ સત્ અને મિથ્યાનો–બ્રહ્મ અને જગતનો – અભેદ સંભવતો નથી, તેથી "અનન્ય" શબ્દનો અર્થ જ ફેરવી નાંખી "મિથ્યાત્વ" એવો બીજો અર્થ તે વાદીને કરવો પડે છે; જ્યારે બ્રહ્મવાદમાં બધે જડ. જીવ સાથે બ્રહ્મનો અભેદ છે, અનન્યતા છે.

(૯) માયાવાદી વિષમતા અને નિર્દયતાના દોષોનો પરિહાર માયાનો આશ્રય કરી કરે છે; બ્રહ્મવાદમાં બધી જ આત્મસૃષ્ટિ ક્રીડાને માટે છે, લીલાને માટે છે, એવું સરલ સમાધાન છે.

(૧૦) માયાવાદમાં બ્રહ્મ આધ્યાત્મિક છે, માયા વડે માયાબલ ઈશ્વર સગુણ આધિદૈવિક ભાસે છે એટલું જ; જ્યારે બ્રહ્મવાદમાં પૂર્ણ પ્રકટ આનંદ પરબ્રહ્મસ્વરૂપ આધિદૈવિક છે, પરથી પણ પર, અક્ષરથી અતીત અને ઉત્તમમાં ઉત્તમ છે. ''**अतो ज्यायाँ पूरूषः**'', ''**यस्मात् क्षरमतीतोत्त्क्हमक्षरादपि चोत्तमः श्च अतोत्त्क्स्मि लोके वेदे च प्रथितः पुरूषोत्तम**''[૧] અક્ષર બ્રહ્મ

સ્વરૂપ આધ્યાત્મિક છે, તેમાં સાવધિ, અમુક હદ સુધીના, આનંદનો આવિર્ભાવ છે. આધિદૈવિકમાં સદા સર્વદા નિઃસીમ – અવધિ વિનાનો – પરમ આનંદ પૂર્ણ અને અખંડ છે.

હવે જીવસ્વરૂપ વિશેના ભેદ જોઈએ.

(૧૧) માયાવાદમાં બ્રહ્મ જ અવિદ્યા વડે જીવરૂપે દેખાય છે. પ્રકટ થાય એટલે જીવસ્વરૂપ અવિદ્યાનું કાર્ય છે અને આથી અનિત્ય છે; જ્યારે બ્રહ્મવાદમાં જીવ સત્, ચિત્, અને ગુપ્ત આનંદવાળો છે. ત્યાં "**पराभिध्यानात्तु तिरोहितं ततो हि अस्य बन्धविपर्ययौ**"[२] એમ કહી બ્રહ્મમાં જ્યારે આનન્દ ગુપ્ત, અપ્રકટ, રહે ત્યારે તે બ્રહ્મ–તે જ જીવસ્વરૂપ માનવમાં આવે છે, તેથી જીવ નિત્ય છે. વળી, અવિદ્યા વડે નહિ, પણ ભગવાનની પોતાની ઈચ્છાથી બ્રહ્મમાં આનન્દ ગુપ્ત રહે છે; અને અગ્નિના તણખાની માફક જીવરૂપ પ્રકટ થાય છે. ત્યાર પછી જીવનો બંધ અવિદ્યા વડે થાય છે, અને તેથી જ તે બંધ વિદ્યાથી નાશ પામે છે. અર્થાત્ માયાવાદમાં જીવની જ નિવૃત્તિ થાય છે; જીવસ્વરૂપનો જ નાશ થાય છે; બ્રહ્મવાદમાં જીવનો સંસારનો બંધ છૂટી જાય છે; અને તેથી આનંદનો આવિર્ભાવ થાય છે. આમ જીવ પરમ પુરુષાર્થ પામે છે. અને આથી જ સૂત્રકારે કહ્યું છે કે "**संपद्याविर्भावः स्वेन शब्दात्**"[१]

(૧૨) માયાવાદમાં જીવ ચૈતન્ય છે, જ્ઞાન છે, જ્ઞાતા નથી; જ્ઞાતા માનવામાં તેને ત્યાં દ્વૈત આવી જાય છે; જ્યારે બ્રહ્મવાદમાં જીવ જ્ઞાતા છે, ધર્મી છે, પ્રકાશ–ચૈતન્ય–જ્ઞાન જીવનો ધર્મ છે. ધર્મી માનવાથી દ્વૈત આવી જતું નથી, કારણ કે સૂત્રકારે જ ધર્મ અને ધર્મીની અનન્યતા અંગીકાર કરેલી છે.

(૧૩) માયાવાદમાં જીવ વ્યાપક છે, પણ બુદ્ધિના સંબંધ વડે તે અણુ ભાસે છે, જ્યારે બ્રહ્મવાદમાં બ્રહ્મ જીવનું સ્વરૂપ ધારણ કરી ક્રીડા કરે છે ત્યારે વ્યાપકતા પણ અદશ્ય કરી અણુ થાય છે.

(૧૪) માયાવાદમાં જીવ કર્તા, ભોકતા કાંઈ નથી, માત્ર બુદ્ધિના સંબંધથી એવું ભાસે છે, જ્યારે બ્રહ્મવાદમાં બ્રહ્મ કર્તા છે, ભોકતા છે, એટલે જીવ પણ કર્તા અને ભોકતા ભગવાનની ઈચ્છાથી થાય છે.

(૧૫) માયાવાદમાં જીવ અંશ નથી, દાસ નથી, પણ રૂપ વિનાનું બ્રહ્મનું પ્રતિબિંબ છે, આભાસ છે અને તેથી અંશવત્, અંશ જેવો છે, જ્યારે બ્રહ્મવાદમાં જીવ બ્રહ્મનો અંશ છે, જન્મથી દાસ છે.

(૧૬) બ્રહ્મવાદમાં એક જ બ્રહ્મ સ્વેચ્છાથી અનેક જીવ–સ્વરૂપ ધારણ કરી વિચિત્ર ક્રીડા કરે છે, જ્યારે માયાવાદમાં એક જ બ્રહ્મ અવિદ્યા વડે અનેક જીવ રૂપે ભાસે છે.

(૧૭) માયાવાદમાં ભાગત્યાગલક્ષણાનો = અર્થની ધરછોડનો – આશ્રય લઈ જીવ અને બ્રહ્મનો અભેદ સાધવાની કલ્પના છે; જ્યારે બ્રહ્મવાદમાં અંશ અને અંશી એવો અંશાંશિભાવ છે અને તેથી અભેદ છે, અનન્યતા છે. વળી માયાવાદમાં જીવ જ પરમાર્થ દષ્ટિએ અવસ્તુ છે અને બ્રહ્મ વસ્તુ છે, એટલે અવસ્તુ અને વસ્તુ વચ્ચે અભેદ સંભવતો નથી, અને જે અભેદ થોડો ઘણો પણ કલ્પે છે તે જીવનો છે, જગતનો નહિ. એટલે ખરૂં જોતા માયાવાદ દ્વૈતવાદ જ છે તો પણ કોઈકવાર તેને એકાદશી ખંડાદ્વૈતવાદ પણ કહેવામાં આવે છે.

(૧૮) જગત્ વિષેની માન્યતા સરખાવતાં માયાવાદમાં જગત પારમાર્થિક દષ્ટિએ મિથ્યા માનવામાં આવેલું છે, અવિદ્યા વડે જગત્ ભાસે છે; જ્યારે બ્રહ્મવાદમાં જગત્ બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે, બ્રહ્મરૂપ છે, બ્રહ્મથી અનન્ય છે, અભિન્ન છે. વળી બ્રહ્મવાદમાં દ્વૈત કંઈ અવિદ્યાનું કાર્ય નથી, પણ "દ્વૈતજ્ઞાન" અવિદ્યાનું કાર્ય છે, માટે દ્વૈતજ્ઞાન ત્યાગ કરવા લાયક છે.

(૧૯) માયાવાદમાં જગત્ અને સંસારનો એવો પ્રત્યક્ષ વિવેક પણ નથી; બ્રહ્મવાદમાં એ બંને જુદા છે, જગત સત્ છે, ભગવાનનું કાર્ય છે અને તેથી ભગવાનનું રૂપ છે; સંસાર એ અવિદ્યાનું કાર્ય છે, તેથી અસત છે. આમ જ્ઞાનવડે સંસારનો નાશ થાય છે, જગતનો નહિ. તેથી "**तदेतक्षयं नित्यं जगन्मुनिवराखिलमाविर्भावतिरोभावजन्मनाशविकल्पवत्**" એમ બ્રહ્મવાદનો સિદ્ધાન્ત છે.

(૨૦) માયાવાદમાં બ્રહ્મનું વિવર્ત માનવામાં આવેલું છે, જ્યારે બ્રહ્મવાદમાં બ્રહ્મનું અવિકૃત પરિણામ માનવામાં આવેલું છે.

(૨૧) માયાવાદમાં અધ્યારોપ અને અપવાદ માનવામા આવેલો છે, જ્યારે બ્રહ્મવાદમાં આવિર્ભાવતિરોભાવ માનવામાં આવેલો છે.

(૨૨) માયાવાદમાં અનિર્વચનીય ખ્યાતિ છે, જ્યારે બ્રહ્મવાદમાં અખ્યાતિ પૂર્ણજ્ઞાનીઓને અને પૂર્ણ યોગીઓને, અને અન્ય ખ્યાતિ (બીજાઓને) છે.

(૨૩) માયાવાદમાં કર્મ, ભક્તિ અને જ્ઞાન એમ સાધનોનો ક્રમ છે, જ્યારે બ્રહ્મવાદમાં કર્મ, અને ભક્તિનો ભેદ જાણતા નથી, જ્યારે બ્રહ્મવાદમાં તે જણાય છે. ઉપાસના કહો, ભક્તિ કહો, તે બધું માયાવાદમાં સગુણ ઈશ્વર સંબંધી છે. અપર બ્રહ્મ વિષેનું છે, જ્યારે બ્રહ્મવાદમાં પર અને અપર એવું કંઈ ન હોવાથી બધે જ અભેદ છે. બ્રહ્મવાદમાં વિભૂતિની પૂજાને ઉપાસના કહેવાય છે અને આ વિભૂતિસ્વરૂપ બ્રહ્મના સ્વરૂપમાં પૂર્ણ પ્રકટ આનંદ હોતો નથી, જ્યારે પૂર્ણ પ્રકટ આનંદની પૂજા એ ભક્તિ કહેવાય છે. ભગવાનનાં અનંત વિભૂતિરૂપ છે. તેમાં જે રૂપ વડે જે કાર્ય કરવાની ભગવાનને ઈચ્છા થાય છે તે રૂપવડે સામર્થ્ય છે તો પણ, તેનાથી બીજું કોઈ કાર્ય બ્રહ્મ કરતું જ નથી, કારણ કે તેવી જ તેની લીલા છે. આમ બ્રહ્મવાદમાં કર્મ, ઉપાસના, જ્ઞાન અનેભક્તિ એવો ક્રમ છે, તેમાં પહેલાં ત્રણ એ ભક્તિના અંગ છે, ભગવાનના માહાત્મયનું જ્ઞાન મેળવવા માટે એ સર્વ ઉપયોગી છે. ભક્તિ એ પરમ ફલ છે.

(૨૪) માયાવાદમાં કર્મ ભક્તિ, અને જ્ઞાન એ સર્વ વિદ્યાનું કાર્ય છે, જ્યારે બ્રહ્મવાદમાં કર્મ જ્ઞાન અને ભક્તિ એ બ્રહ્મરૂપ જ છે.

(૨૫) માયાવાદમાં અભાવાત્મક મોક્ષ છે. એટલે કે ત્યાં અવિદ્યાનો નાશ થતાં મોક્ષ થયો એમ કહેવાય છે, જ્યારે બ્રહ્મવાદમાં દુઃખનો સંપૂર્ણ નાશ થઈ, જે પરમ આનંદ મળે છે તેને મોક્ષ માનવામાં આવે છે. આ મોક્ષ ભાવાત્મક છે.

(૨૬) માયાવાદમાં મોક્ષ સ્વાશ્રય છે, જ્યારે બ્રહ્મવાદમાં પરાશ્રય–ભગવાનની કૃપાને આધીન– છે.

(૨૭) માયાવાદમાં મોક્ષ કૈવલ્ય (એકત્વ) કહેવાય છે. વાસ્તવિક રીતે માયાવાદમાં મોક્ષ સંભવતો જ નથી, કારણ કે હું બદ્ધ છું એવો ભ્રમ જીવને અવિદ્યા વડે થાય છે; અને તેનું જ્ઞાન વડે નિરાકરણ થતાં મુક્તિ થાય છે એમ માયાવાદીનું કહેવું માનતાં બધું જ મિથ્યા ઠરે છે. તેથી જગતમાં આવેલા વેદો વગેરે અને તેમાં જણાવેલાં સાધનો–કર્મ, ભક્તિ જ્ઞાન વગેરે–મિથ્યા બની જાય છે. અને મિથ્યા સાધનોમાંથી જ્ઞાન શી રીતે સંભવે ? અવિદ્યામાંથી વિદ્યા કેવી રીતે સંભવે ? એટલે વિદ્યા વડે અવિદ્યાનો નાશ શી રીતે થશે ? જ્યારે બ્રહ્મવાદમાં પ્રવેશાત્મક સાયુજ્ય–દઢ સ્નેહપૂર્વકનું ઐકય કહેવાય છે.

(૨૮) માયાવાદમાં ખરી રીતે સર્વ મિથ્યા જ. માયા, એટલે મોક્ષ પણ મિથ્યા જ. સસલાના સીંગડા જેવો, દોરડામાં દેખાતા સાપ જેવો, વાંઝણીના પુત્ર જેવો છે. ઉપાધી દૂર થાય એટલે આભાસ અને પ્રતિબિંબ કાંઈ બિંબરૂપ થઈ જતાં ની, પણ આભાસ વગેરે નાશ પામે છે. એટલે માયાવાદમાં જીવ બ્રહ્મરૂપ ન થઈ શકે, પણ જીવનો નાશ, જીવનો ઉચ્છેદ એ જ મોક્ષ. આવો મોક્ષ પુરુષાર્થ બનતો નથી, જ્યારે બ્રહ્મવાદમાં તો જીવનો આનંદ અંશ તિરોહિત–અદશ્ય– હોય છે. તે આનંદની પ્રાપ્તિને મોક્ષ માનવાથી પરમ પુરુષાર્થ બની રહે છે. બ્રહ્મરૂપ સાધન વડે આનંદપ્રાકટયરૂપ ઉત્તમોત્તમ પુરુષાર્થ છે.

(૨૯) માયાવાદ બાદરિઋષિના મતને અનુસરનારો છે, અને તેથી તે સ્માર્ત લાગે છે. બ્રહ્મવાદ સર્વજ્ઞ સૂત્રકાર વ્યાસજીનો વૈદિક, પરમ ભાગવત સિદ્ધાન્ત છે.

(૩૦) માયાવાદીના દષ્ટિબિંદુથી બ્રહ્મવાદી સગુણોપાસક કહેવાય અને ક્રમશઃ તેને 'પરાવિદ્યા' પણ પ્રાપ્ત થાય એમ માયાવાદી કલ્પના કરે છે. બીજા વાદી કરતાં બ્રહ્મવાદીની સાથે માયાવાદી કલ્પના કરે છે. બીજા વાદી કરતાં બ્રહ્મવાદીની સાથે માયાવાદી ઘણા માનથી વર્તે છે. બન્નેને અદ્વૈત એક સરખી રીતે ઈષ્ટ છે. પરંતુ બ્રહ્મવાદના દષ્ટિબિંદુથી કોઈ શુદ્ધ માયાવાદી જ હોય, માયાવાદનો જ દઢ આધાર રાખતો હોય તો તેની ગતિ અધમમાં અધમ થાય છે; પરંતુ ફકત નામમાં માયાવાદી હોય, પણ તે કૃષ્ણની ભક્તિ કર્યે જાય તો તે ધીરે ધીરે શુદ્ધાદ્વૈત જ્ઞાનનો અધિકાર થઈ શકે છે. ટૂંકમાં, માયાવાદમાં જ્ઞાનને પર લક્ષ્ય માનેલું છે. જ્યારે બ્રહ્મવાદમાં શુદ્ધદ્વૈતજ્ઞાનથી પણ ભક્તિ ઉત્તમ થાય છે, તો એકલી ભક્તિથી જ પ્રાપ્ત થતા પરમફળની ગદ્ય પણ મિથ્યાજ્ઞાની, ભ્રાન્ત, આત્માને છેતરનાર શુદ્ધ માયાવાદીને સ્વપ્નમાં પણ ન મળે, એ બહુ સ્વાભાવિક છે.

માયાવાદ તથા બ્રહ્મવાદ એ બંને પક્ષ અદ્વૈત જ સ્વીકારે છે. એક પક્ષ માયાવાદી બધું દ્વૈત માયા, અવિદ્યા, મિથ્યા, વ્યાવહારિક વગેરે શબ્દોથી સમજાવી દેવા પ્રયત્ન કરે છે. બીજો પક્ષ બ્રહ્મવાદી ભગવાનની ઈચ્છા, ભગવાનની કૃપા, ભગવાનની ક્રીડા, ભગવાનનું રૂપ વગેરે શબ્દોથી બધી વાતનું સમાધાન કરે છે. આમ અદ્વૈત સિદ્ધ કરવાના બે પ્રકારો જણાય છે. બધું જ પારમાર્થિક દષ્ટિએ મિથ્યા છે, જૂઠું છે. એમ સિદ્ધ થતાં જે બાકી કેવળ રહે તે જ અદ્વિતીય વસ્તુ એવો એક પ્રકાર છે. અને બધું છે તે મિથ્યા નથી, પણ મૂળ અદ્વિતીય વસ્તુનું જ બીજું સ્વરૂપ છે, એમ બીજો પ્રકાર

છે. પહેલો પ્રકાર માયાવાદીનો છે, બીજો પ્રકાર બ્રહ્મવાદીનો છે. પહેલા પ્રકારમાં ''**ब्रह्म सत्यं जगन्मिथ्या**'' એમ અડાડવું પડે છે, જ્યારે બીજામાં ''**सर्वं खलु इद ब्रह्म**'' વગેરે શ્રુતિના વાકયો સહાય કરે છે, માયા, ઈચ્છા એ બધી બ્રહ્મની જ શક્તિ છે. એમ માનતાં બંને પક્ષોનું સમાધાન રહેલું છે, તો પણ માયા એ બ્રહ્મની શક્તિ છે. એમ સાંભળતાં જ માયાવાદીને દુઃખ થતું હોય એમ લાગે છે. તે તો માને છે કે બ્રહ્મને જો શક્તિવાળું – સગુણ–માનવામાં આવે તો દ્વૈત આવી જાય અને આથી જ એ ભયને લીધે ''**इन्द्रो मायामिः पुरुरूप ईयते**'' વગેરે સ્થળોમાં **ब्रह्म** ની 'વિચિત્રશક્તિ' તે ''**माया**'' એમ માયા શબ્દનો અર્થ કરે છે. છતાં પણ ''**अविद्योपस्थापित**'' વગેરે શબ્દ તેને પોતાની કલ્પનામાં ઉમેરવા પડે છે. એટલે માયા–અવિદ્યા વડે જ બ્રહ્મમાં શકિતમાન્ પારપાર્થિક દષ્ટિથી નથી એમ માયાવાદનું મર્મ છે. બાકી કોઈપણ આસ્તિક વેદના પરમ તત્ત્વને તો સર્વવ્યાપક, સર્વ કર્તા, સર્વજ્ઞ, સર્વશકિતમાન વગેરે ધર્મોવાળું જ સ્વીકારી લે છે; જ્યારે માયાવાદી આ બાબતમાં પરમ દુરાગ્રહ જ કરે છે, એમ પ્રામાણિક વિચારકને લાગ્યા વિના રહેતું નથી.

પરમ અદ્વૈત સાધવામાં અસત્ કહે સદસ્ત્ કહો, અનિર્વચનીય કહો; ગમે તે કહો, પણ માયાનો આશ્રય કરવાથી અદ્વૈત સિધ્ધ થઈ શકતું નથી. ઊલટું, માયાનો આશ્રય કરવાથી જ દ્વૈતની આપત્તિ આવે છે. અદ્વૈત સિદ્ધ કરવામાં જે સાધનો સ્વીકારવામાં આવે છે. તેમાં લેશ પણ દ્વૈત આવ્યા વિના આસ્તિક–અદ્વૈત–સિદ્ધાન્ત સ્થાપવામાં જ વૈદિકનું ભૂષણ છે. એક વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાનની વેદાન્ત શાસ્ત્રે કહેલી ઉત્તમમાં ઉત્તમ પ્રતિજ્ઞા પણ ત્યારે જ પૂરી થાય છે કે, જ્યારે બધું બ્રહ્મનું જ રૂપ હોય, બધું જ બ્રહ્મથી અનન્ય, અભિન્ન હોય. આ હેતુથી જ ''**मृत्सुवर्ण**'', માટી, સોનું વગેરેનાં દષ્ટાંત શ્રુતિમાં આપેલાં છે. માયાવાદમાં તો એ પ્રતિજ્ઞાની જ હાનિ થાય છે. એક એવા અધ્યારોપ–અપવાદના દુરાગ્રહમાં પડી વેદ, વેદથી પ્રતિપાદન થયેલાં સાધન, વેદથી પ્રતિપાદન કરાયેલો મોક્ષ, એ બધું પારમાર્થિક દષ્ટિએ મિથ્યા માનવું તે કરતાં વેદ, વેદે પ્રતિપાદન કરેલાં સાધન, તેણે કહેલું ફળ એ બધાંને ભગવાનનું અગાધ માહાત્મ્ય ગણી, બ્રહ્મરૂપ અને બ્રહ્મથી અભિન્ન માનવું એ વધારે ઈષ્ટ નથી લાગતું ? ઉત્તમમાં ઉત્તમ વેદ વગેરે શાસ્ત્રમાં જે વિચાર છે તે વ્યાવહારિક નથી, માયિક નથી, પરમાર્થિક જ છે, સહજ અને સ્વાભાવિક છે, તો પછી તેને વ્યાવહારિક માની બેસવામાં ધૃષ્ટતા નથી ? મારૂં મારૂં એવા સ્વાર્થથી ભરેલા સંસારમાં ભટકતા જીવોને મુક્ત કરવાના બ્રહ્મે કરેલા વિચારને

વ્યાવહારિક કહેતાં, પરમાર્થિક નથી જ એ આગ્રહ કરતાં, નાસ્તિક બની જવાય છે. શ્રુતિનો અર્થ વેદની યુક્તિથી કરવો જોઈએ, નહિ કે એમાં કંઈ વનું ઓછું કરી ફાવે તેમ અર્થ ઘટાડવો. ''**अग्निमीले पुरोहितम्**''[1] થી શરૂ કરી સર્વ શાખાઓ સહિત વેદ, પૂર્વ મીમાંસા, ઉત્તર મીમાંસા, મનુ વગેરેની સ્મૃતિ, શ્રીમદભાગવત વગેરે પુરાણો, શ્રીમહાભારત, શ્રીરામાયણ સુધી બધાં માન્ય થયેલાં શાસ્ત્રમાં, સ્કંધમાં, પ્રકરણમાં, અધ્યાયમાં, શ્લોકમાં. શબ્દમાં અને અક્ષરમાં બ્રહ્મ સિવાય બીજું શું છે ? સરસ્વતીની કેવી અનુપમ વ્યાપકતા છે; આ શું આરોપિત છે ? શું એનો પ્રથમ અધ્યારોપ અને પછીથી અપવાદ કરવાનો છે ? નહિ, નિહ,

તો સર્વ ભગવાનનું અગાધ માહાત્મય જ છે. આ શ્રુતિ મુખ્ય છે, આ શ્રુતિ ગૌણ છે, આ શ્રુતિ નિર્ગુણ બ્રહ્મની છે, આ શ્રુતિ સગુણ બ્રહ્મની છે, એમ અનેક પ્રકારના ખોટા તર્કો કરી સર્વ વેદનો, તેના અર્થનો, તેનાં સાધનોનો અને તેનાં ફળનો નાશ કરી દઈને સમસ્ત આર્યમાર્ગનો નાશ કરવાથી જ ભગવાના નવમા અવતારનું બુદ્ધનું કાર્ય સિદ્ધ થાય છે. બ્રહ્મનું માહાત્મ્ય સમજી શકાય એમ નથી, એમ સમજી તેના સ્વરૂપમાં સ્નેહ કરી જીવનો ગુપ્ત થઈ ગએલો આનન્દ પ્રકટ કરી કૃતાર્થ થવું એ જ સિદ્ધાન્ત નિષ્પક્ષપાતી વિચારકના હૃદયમાં ઉતર્યા વિના નહિ રહે.

વળી, અસંપ્રજ્ઞાત સમ ધમાં સર્વ મિથ્યા છે, એમ અનુભવ થતો નથી; પણ સર્વ બ્રહ્મ છે, બ્રહ્મરૂપ છે, બ્રહ્મથી અભિન્ન છે એમ જ અનુભવાય છે. યોગ વગેરે શબ્દોની યથાર્થતા સાયુજ્ય = સંયોગમાં– જ થાય છે. યોગ કરનાર નાશ કરવા પ્રવૃત્ત થતો નથી, પણ સર્વ બ્રહ્મ છે એવો અભેદ અનુભવવા માટે જે પ્રવૃત્ત થયો છે. ''**ब्रह्मैव सन् ब्रह्माप्येति**'', ''**सोऽश्नुत्ते सर्वान् कामान् सह ब्रह्मणा विपर्ि ता**''[1] વગેરે શ્રુતિઓનું રહસ્ય સમજી એ પોતાના સ્વરૂપમાં પ્રવેશ કરે છે ''**ज्ञातुं दृष्टुं च तत्वेन प्रवेष्टुं च परंतप**''[2] વગેરે ભગવાનનાં વાકયો પણ બ્રહ્મજ્ઞાન પછી બ્રહ્મનું દર્શન થાય છે, અને પછી તેમાં પ્રવેશ થાય છે એમ ઉપદેશ કરે છે, કૈવલ્યનો નહિ. ''**नथः प्रष्टिा इव नामरूपे**'' વગેરે વાકયો પણ નામ અને રૂપ વિનાના પ્રવેશને જ નિરૂપે છે. કૈવલ્પ અને સાયુજ્યનો જ ભેદ માયાવાદી કલ્પે છે તે શાસ્ત્રમાં તો પ્રસિદ્ધ નથી. બ્રહ્મવાદ આ રીતે માયાવાદથી જુદો અને તે શ્રુતિ, યુકિત અને અનુભવથી ઉત્તમમાં ઉત્તમ છે. બ્રહ્મવાદ હમણાંનો જ છે અને શ્રીમદ્વલ્લભાચાર્યવર્યે જ નવીન ઉત્પન્ન કર્યો છે એમ નથી. તે વાદ અત્યંત પ્રાચીન પરંપરાથી ઉતરી આવ્યો છે. વેદ, શ્રીમદ્ભગવદ્ગીતા, શ્રીમદ્ભાગવત

વગેરેમાં તે પ્રખ્યાત છે, એટલું જ નહિ પણ માયાવાદી ટીકાકાર ''**तदनन्यत्व मारम्भणशब्दादिभ्यः**'' એ સૂત્રની ટીકામાં બ્રહ્મ સર્વ વિરુદ્ધ ધર્મોનો આશ્રય છે એ બ્રહ્મવાદના સિદ્ધાન્તનું ખંડન કરવા પણ મથે છે, અને તે પરિશ્રમ સિદ્ધ ન થતાં તેનું પ્રત્યક્ષ નાસ્તિકતામાં પૂર્ણવિરામ આવે છે. બૌદ્ધ વગેરે મતનું ઉત્થાપન કર્યા પછી તે સમયની સંસ્થામાં શંકરાચાર્ય બૌદ્ધના જેવો જ મત ઉત્પન્ન કરે એમાં ઐતિહાસિક સ્વાભાવિકતા છે.

**૨. ભાસ્કરમત અને શુદ્ધાદ્વૈત**

ભાસ્કરનો મત દ્વૈતાદ્વૈત–દ્વૈત અને અદ્વૈત છે. કંઈક અંશે દ્વૈત અને કંઈક અંશે અદ્વૈત એટલે તે દ્વૈતાદ્વૈત કહેવાય છે. આ દ્વૈત દ્વૈતના ત્રણ પ્રકારો કહેવાય છે.

(૧) પહેલો પ્રકાર શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત અનુસાર છે અને તે ઐચ્છિક દ્વૈતદ્વૈત નામે ઓળખાય છે.

(૨) બીજો પ્રકાર ભાસ્કરાચાર્યના મત અનુસાર છે. પણ તે ઐચ્છિક નથી, ઔપાધિક છે. અને

(૩) ત્રીજો પ્રકાર નિમ્બાર્કનો છે. ત્યાં દ્વૈત વાસ્તવિક છે નિમ્બાર્કનો છે. ત્યાં દ્વૈત વાસ્તવિક છે અને અદ્વૈત ઔપચારિક છે; એટલે ખરી રીતે તે મધ્વાચાર્યના દ્વૈત મત જેવો છે.

પહેલો પ્રકાર શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તના ગ્રન્થોમાં કોઈ કોઈ વાર ઉપદેશાએલો છે, અને તે શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તના મધ્યમ અધિકારીને ઘણો ઉપયોગી પણ છે, કારણ જ્યારે કાર્ય થાય ત્યારે તે અવસ્થામાં દ્વૈત ઐચ્છિક અને એવા ઐચ્છિક દ્વૈતનું પણ ધર્મ અને ધર્મીની ગુણ અને ગુણીની અનન્યનતા, અભિન્નતા, ને લીધે ખરી રીતે કારણની અવસ્થામાં અદ્વૈત જ ગણાય છે. આમ કાર્ય અવસ્થાએ દ્વૈત અને કારણાવસ્થામાં અદ્વૈત એટલે દ્વૈતાદ્વૈત. અને આવું ઐચ્છિક દ્વૈતાદ્વૈત શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તમાં બધી અવસ્થામાં બ્રહ્મ જ છે અને ઐચ્છિક દ્વૈતાદ્વૈતમાં કાર્યની અવસ્થામાં ઈચ્છા વડે દ્વૈત થાય છે અને તે ઐચ્છિક દ્વૈતનું પણ કારણની અવસ્થામાં ફરીથી અદ્વૈત થાય છે. આ ઐચ્છિક દ્વૈતાદ્વૈતના ઉદાહરણ તરીકે વત્સાહરણ લીલામાં ''**यावद्वत्सपवत्सकाल्पकंवपुः**''[૧] એ શ્લોકમાં લખ્યા પ્રમાણે ઐચ્છિક દ્વૈતાદ્વૈત સમજવું. આમ શુદ્ધાદ્વૈતનું દ્વૈતાદ્વૈત ઐચ્છિક છે, જ્યારે ભાસ્કરાચાર્યનું ઐચ્છિક નથી પણ ઔપાધિક છે, માયાવાદના જેવું

છે. માયાને બદલે ભાસ્કરાચાર્ય 'ઉપાધિ' શબ્દનો પ્રયોગ કરી પોતાનો મત સાધે છે. એટલે તે મતમાં દ્વૈત ઔપાધિક છે અને અદ્વૈત શંકરાચાર્યના મતની માફક પારમાર્થિક, વાસ્તવિક છે. ટૂંકમાં, જેવો સંબંધ સાથે ઐચ્છિક દ્વૈતાદ્વૈતનો છે, તેવો કંઈક સંબંધ માયાવાદ સાથે ભાસ્કરાચાર્યના ઔપાધિક દ્વૈતાદ્વૈતનો છે. તેથી એનો સ્વતંત્ર વિચાર કરવો અહીં આવશ્યક નથી. ત્રીજા–નિમ્બાર્કાચાર્યના–દ્વૈતાદ્વૈતમાં વાસ્તવિક છે અને અદ્વૈત ઔપાધિક છે. એટલે તે માધ્વાચાર્યના દ્વૈત મત જેવો છે.

## ૩. વિજ્ઞાન ભિક્ષુમત અને શુદ્ધાદ્વૈત

(૧) વિજ્ઞાનભિક્ષુનો મત પણ શંકરાચાર્યના મતને કેટલેક અંશે મળતો છે. ભિક્ષુના મતમાં બ્રહ્મ સમવાયિ અને નિમિત્તિકરણ નથી. પણ અધિષ્ઠાનકારણ છે. સમવાયિ–ઉપાદાન કારણ જ્યાં જૂદું ન રહ્યું હોય અને જેના આશ્રય વડે ઉપાદાનકારણ કાર્યરૂપે પરિણમે તે અધિષ્ઠાન કારણ કહેવાય છે. જગતનું માયારૂપ ઉપાદાન કારણ બ્રહ્મથી છૂટું પડેલું નથી અને બ્રહ્મનો આશ્રય કરીને પણ રહે છે, માટે બ્રહ્મ અધિષ્ઠાનકારણ છે, સમવાયિ અને નિમિત્તકારણ નહિ. બ્રહ્મને ઉપાદાનકારણ માનવામાં આવે તો બ્રહ્મમાં વિકાર થઈ જાય એ ભીતિથી જ આ મતમાં આવી કલ્પના કરેલી છે. બાકી ''**तदात्मानं स्वयमकुरुत**'' વગેરે શ્રુતિમાં બ્રહ્મને જગતનું ઉપાદાનકારણ સ્પષ્ટ રીતે માનેલું છે, છતાં તેમ ન માનતાં બ્રહ્મમાં વિકાર આવી જાય એવો ખોટો ભય ઉભો થયો છે. ખરૂં જોતાં, આ ભય નકામો છે. બ્રહ્મ વિરુદ્ધ ધર્મોનો આશ્રય છે. એટલે તેનું જગદ્રૂપ પરિણામ થાય છતાં તે અવિકૃત જ રહે છે. માટે જ બ્રહ્મ નિમિત્ત અને ઉપાદાન એ બન્ને કારણ છે એમ બ્રહ્મવાદનો સિદ્ધાંત છે.

(૨) માયા બ્રહ્મમાં અવિભક્ત–બ્રહ્મથી છૂટી નહિ એવી રહે અને આશ્રય કરીને રહે એમ માનવામાં ભિક્ષુમતમાં દ્વૈત આવે છે. કારણ કે તેમાં માયા અને બ્રહ્મ એ બે પદાર્થો સ્વીકાર્યા છે. '' **आत्मा एव इदमग्र आसीत्**'' વગેરે શ્રુતિઓ દ્વૈતનો નિષેધ કરે છે. ઉપાધિ વડે બ્રહ્મ જગતના કર્તા બને છે. એવું માનવામાં દોષ રહેલો છે, અને આ બાબતની ચર્ચા પહેલાં થઈ ગઈ છે.

(૩) ભિક્ષુમતમાં જીવો નિત્ય, ભિન્ન, વ્યાપક અને અંશ માન્યા છે. આ મતમાં બ્રહ્મ અને જીવનો અવિભાગરૂપ ભેદ સ્વીકારવામાં આવ્યો છે. સાજાત્ય–સરખા પ્રકાર અથવા જાતિ–હોવા છતાં અવિભાગનો પ્રતિયોગી–વિરોધી–તે અંશ એવું અંશનું લક્ષણ અને અવિભાગનો

અનુયોગી તે અંશી એવું અંશીનું લક્ષણ તે મતમાં સ્વીકારવામાં આવ્યું છે. એના દષ્ટાંત તરીકે શરીર અને કેશ; પિતા અને પુત્ર; અને સમૂહ અને અંશ એમ ઉદાહરણો આપે છે. આ ત્રણમાં જેવો અંશાંશિભાવ તેવો જ ભાવ જીવો અને બ્રહ્મ વચ્ચે છે એમ તેઓ માને છે. લય સમયે નિત્ય, સર્વવિભાસક–સર્વને પ્રકાશમાં લાવનાર વિષયભાસનસ્વરૂપપદાર્થને જણાવવા રૂપી–પોતાના સ્વરૂપનો ત્યાગ કરીને જીવ બ્રહ્મથી અનન્ય, અભિન્ન થાય છે; અને સર્વકાળમાં બ્રહ્મમાંથી વિષયભાસનસ્વરૂપ ગ્રહણ કરીને, પિતાથી પુત્રની માફક પ્રકટ થાય છે, તેથી જીવ અંશ કહેવાય છે. પરંતુ, શરીર અને કેશ વગેરેના સંબંધમાં કેશ વગેરે શરીરનો વિકાર છે; તો બ્રહ્મનો વિકાર તે જીવ એમ માનવું પડે. અને એમ ન માનતા પ્રકૃતિનું પરિણામ માનીએ તો જીવ બ્રહ્મનો અંશ ન થાય, પણ પ્રકૃતિનો અંશ થઈ જાય. વળી જીવોને નિત્ય, ભિન્ન, માનવામાં પણ એક વિજ્ઞાનથી સર્વવિજ્ઞાનની પ્રતિજ્ઞાને હાનિ પહોંચે છે. જીવ વ્યાપક પણ ન હોઈ શકે, કારણ કે તેમ માનવાથી ''**एष अणुः आत्मा**''[1] વગેરે શ્રુતિઓનો વિરોધ આવે છે. ''**नद्यः प्रविष्टा इव नामरूपे**'' વગેરે વચનો બ્રહ્મમાં જીવનો પ્રવેશ નિરૂપણ કરે છે, તે પણ જીવ વ્યાપક હોય તો, સંભવે નહિ. જીવને દેહ જેટલા પ્રમાણવાળો માનવામાં આવે તો જીવ મધ્યમપરિમાણ બની જાય અને તેવા પરિમાણનો દોષ પહેલાં જણાવવામાં આવ્યો છે, જીવની અવિભાગ વડે સ્થિતિ પણ સંભવતી નથી, કારણ કે ''**ब्रह्म एव सन्**'' વગેરે શ્રુતિઓ એનો નિષેધ કરે છે.

## ૪. રામાનુજમત અને શુદ્ધાદ્વૈત

શ્રીરામાનુજાચાર્યનો મત વિશિષ્ટાદ્વૈત કહેવાય છે. પ્રથમ તો એ મતમાં જડનો અભેદ જડ સાથે જ અને ચિત્તનો અભેદ ચિત્ સાથે જ સ્વીકારવામાં આવેલો છે. જ્યારે બ્રહ્મવાદમાં જડમાં પણ ચિત્ અને આનંદ પ્રકટ થતાં જડ પણ અખંડ બ્રહ્મ છે, અને ચિત્તમાં આનંદ અંશનો આવિર્ભાવ થતાં ચિત્ પણ અખંડ બ્રહ્મ છે. બીજું, વિશિષ્ટાદ્વૈતમાં તો પ્રલય અવસ્થામાં પણ જડનો અભેદ જડ સાથે જ અને ચિત્તનો અભેદ ચિત્ સાથે જ થાય છે, જ્યારે બ્રહ્મવાદમાં કાર્ય અને કારણ વચ્ચે સંપૂર્ણ અવિશિષ્ટ અખંડ અભેદ છે. આમ વિશિષ્ટાદ્વૈતમાં વિશિષ્ટનું અને વિશિષ્ટનું અદ્વૈત છે, સૂક્ષ્મચિદ્વિશિષ્ટનું અને સ્થૂલચિદ્વિશિષ્ટનું અદ્વૈત છે, અને સૂક્ષ્મચિદ્વિશિષ્ટનું અને સ્થૂલચિદ્વિશિષ્ટનું અદ્વૈત છે. બ્રહ્મવાદમાં તો અવિશિષ્ટ–અખંડ–સત્ચિતનું અદ્વૈત છે. વળી બ્રહ્મવાદમાં બધી અવસ્થામાં વસ્તુતઃ બ્રહ્મ જ છે, બ્રહ્મરૂપ છે, બ્રહ્મથી અનન્ય છે, અભિન્ન છે, પરંતુ વિશિષ્ટાદ્વૈતમાં કારણ અને કાર્ય એ બંને અવસ્થામાં બ્રહ્મના

શરીરનો જડ અંશ છે, અને ચૈતન્ય પણ શરીરનો જુદો અંશ છે. જડ અંશ જડમાં અને ચૈતન્ય પણ શરીરનો જૂદો અંશ છે. જડ જડમાં અને ચૈતન્ય અંશ ચૈતન્યમાં અભેદ પામે છે. આમ બ્રહ્મમાં તે તે શરીરમાં તે તે ભાગનો અભેદ છે, પૂર્ણ અખંડ અભેદ નથી. બ્રહ્મવાદમાં તો બધે જ એકરસ છે, અનન્યતા છે, અદ્વૈત છે. વિશિષ્ટાદ્વૈત વેદ વગેરેને તે ભગવાનના નિઃશ્વાસરૂપ જ માને છે, માયાવાદીની માફક પરમાર્થ રીતે મિથ્યા માનતા નથી. શ્રીરામાનુજાચાર્ય પ્રત્યક્ષ વગેરે બધાં પ્રમાણ માને છે, જ્યારે બ્રહ્મવાદમાં આટલાં જ પ્રમાણ એમ એને અનુકૂળ ન હોય તે બધાં જ અપ્રમાણ એમ બ્રહ્મવાદનો સિદ્ધાન્ત છે, એટલું જ નહિ પણ પૂર્ણ જ્ઞાનાવસ્થામાં તો બ્રહ્મવાદમાં બધું જ પ્રમાણભૂત છે.

વળી રામાનુજના મતમાં પણ પ્રમેય એક જ છે, પરંતુ તે પ્રમેય બ્રહ્મનાં ચિત્ અને અચિત્ શરીર છે, અને તે શરીરનું, બ્રહ્મનું નહિ, પરિણામ થાય છે અને જગત્ પ્રકટ થાય છે; બ્રહ્મવાદમાં અવિકૃત બ્રહ્મ જ જાતે પરિણામ પામે છે. શ્રીરામાનુજ બ્રહ્મને દિવ્યધર્મવાળું માને છે, પણ બ્રહ્મવાદ બ્રહ્મને વિરુદ્ધ ધર્મનો આશ્રય ગણે છે, અને આ બાબત વિશિષ્ટાદ્વૈતવાદીને ઘણું કરીને અજ્ઞાત છે. વળી, ત્યાં સંપૂર્ણ અખંડ અદ્વૈત નથી, પણ અદ્વૈત વિશિષ્ટ છે, એટલે વિષમતા અને નિર્દયતાનો દોષ ત્યાં પૂર્ણ રીતે દૂર થઈ શકતો નથી. જેટલે અંશે તે મતમાં દ્વૈત એટલે અંશે એ દોષ દૂર કરવો અશક્ય છે. બ્રહ્મવાદમાં તો આત્મસૃષ્ટિ જ ક્રીડાને માટે બ્રહ્મે કરી છે એટલે તે દોષની ગંધ પણ નથી. વળી અક્ષર બ્રહ્મને એ મતમાં ભગવાનનું ધામ માન્યું છે, પરંતુ બ્રહ્મવાદમાં અક્ષર બ્રહ્મને આધ્યાત્મિક સ્વરૂપ માન્યું છે, તેવું કંઈ તે મતમાં જણાતું નથી.

બ્રહ્મવાદમાં અંતર્યામી સત્, ચિત્ અને કંઈક આનંદરૂપ છે, જ્યારે વિશિષ્ટાદ્વૈતમાં અંતર્યામી આનંદનો અંશ ખરો પણ તે અંતર્યામી સત્ અંશ અને ચિત્ અંશ તો સંદિગ્ધ જ રહે છે. વળી એ મતમાં સૂક્ષ્મચિત્માંથી સ્થૂલ ચિત્ જીવોની ઉત્પત્તિ અગ્નિમાંથી તણખાની માફક થાય છે, જ્યારે બ્રહ્મવાદમાં સત્ અને ચિત્નો આવિર્ભાવ અને આનંદનો તિરોભાવ એવું જીવનું સ્વરૂપ માનવામાં આવ્યું છે. આમ બ્રહ્મવાદમાં જીવ સત્ ચિત્ છે, પરંતુ વિશિષ્ટાદ્વૈતમાં તે જીવનું **सत्**ત્વ પણ શંકાવાળું રહે છે. બ્રહ્મવાદીની માફક વિશિષ્ટાદ્વૈતી પણ જીવનું સ્વરૂપ નિત્ય માને છે, જ્ઞાતા પણ માને છે. પણ વિશિષ્ટાદ્વૈતમાં જીવનું પરિમાણ અણુ માન્યું છે, તે સદા સર્વદા અણુ જ રહેવાનું; જ્યારે બ્રહ્મવાદમાં જીવ અણુ હોવા છતાં આનંદનો અંશ પ્રકટ થતાં અણુ જીવ વ્યાપક થાય છે અને તે વખતે અનંત કોટિ બ્રહ્માંડનો

અનુભવ જીવમાં થાય છે. વિશિષ્ટાદ્વૈતમાં જીવ કર્તા, ભોકતા બ્રહ્મવાદની માફક જ છે, પણ ત્યાં જીવનું અનેકત્વ બ્રહ્મવાદની માફક ઐચ્છિક નથી, પણ કાયમનું છે. અર્થાત્ બ્રહ્મવાદમાં બ્રહ્મ પોતે પોતાની ઈચ્છાથી જીવ રૂપે અનેક રૂપ ધારણ કરે છે, જ્યારે વિશિષ્ટાદ્વૈતમાં જીવનું અનેકત્વ સદા સર્વદા રહેવાનું જ, વિશિષ્ટાદ્વૈતમાં જીવનું દાસ્ય બ્રહ્મવાદની માફક જ સ્વીકારેલું છે, પણ બ્રહ્મવાદમાં અંશાંશિભાવથી અને બ્રહ્મમાં વિરુદ્ધ ધર્મો હોવાથી અભેદ સિદ્ધ થાય છે, જ્યારે વિશિષ્ટાદ્વૈતમાં ''**तत्वमसि**'' એ છાન્દોગ્ય ઉપનિષદના વાકયમાં ''**तस्य त्वम्**'' એમ વિગ્રહ કરવો પડે છે. વિશિષ્ટાદ્વૈતમાં જગત્ સત્ છે, કારણ કે તે અચિત્ સૂક્ષ્મ શરીરનું પરિણામ છે આમ બ્રહ્મવાદનો આવિર્ભાવતિરોભાવવાદ અને જગત્ અને સંસારનો ભેદ તે વાદીને અજ્ઞાત છે. વિશિષ્ટાદ્વૈતમાં પણ બ્રહ્મવાદની માફક કર્મ, જ્ઞાન, ભક્તિ એવો જ સાધનક્રમ છે, પરંતુ બ્રહ્મવાદમાં ઉપાસના અને ભક્તિ વચ્ચેનો જેવો ભેદ છે તેવો ભેદ ત્યાં જણાતો નથી. ઉપાસનાથી ભક્તિ વિશેષ છે; એનું તેમને જ્ઞાન જ નથી. બ્રહ્મવાદમાં મોક્ષ ભાવાત્મક છે, વિશિષ્ટાદ્વૈતમાં અભાવાત્મક છે. જો કે બંને મતમાં મોક્ષ પરાશ્રય જ – બ્રહ્મની ઈચ્છા ઉપર જ–છે. વિશિષ્ટાદ્વૈતમાં સાલોક્ય, સાર્ષ્ટિ. સામીપ્ય, સારૂપ્ય એવા ચાર પ્રકારના મોક્ષ સ્વીકારેલા છે, જ્યારે બ્રહ્મવાદમાં સાયુજ્ય મોક્ષનો અંગીકાર કરવામાં આવેલો છે. બીજા સર્વ સોક્ષ સ્વરૂપનો સંબંધ રાખી સ્વરૂપાત્મક જ માનેલા છે. આમ બ્રહ્મવાદમા રામાનુજાચાર્યના મતનું અનુકરણ છે, એ શંકાનું સમાધાન થઈ જાય છે.

બ્રહ્મવાદમાં પ્રમાણની સંખ્યા નિશ્ચિત નથી, જ્યારે વિશિષ્ટા દ્વૈતમાં પ્રત્યક્ષ વગેરે પ્રમાણોની સંખ્યા માની છે. બ્રહ્મવાદમાં કાર્યકારણ, જીવ–ઈશ્વર, નામ–રૂપ, એ બધાની શુદ્ધ, પૂર્ણ અખંડ, અવિશિષ્ટ અનન્યતા છે, જ્યારે વિશિષ્ટાદ્વૈતમાં સૂક્ષ્મચિત્નું સ્થૂલચિત્ સાથે ઐક્ય અને સૂક્ષ્મ અચિત્નું સ્થૂલ અચિત્ સાથે ઐક્ય છે, ચિત્ અચિત્ સર્વનો અખંડ અભેદ તે મતમાં કદાપિ થતો નથી, વળી ચિત્ અચિત્ એવો ભેદ કારણથી અવસ્થામાં પણ તે મતમાં રહે છે જ. બ્રહ્મવાદમાં અવિર્ભાવીતરોભાવથી બધી વ્યવસ્થા કરવામાં આવે છે, જ્યારે વિશિષ્ટાદ્વૈતમાં ઉપર કહ્યું તેમ સૂક્ષ્મ ચિત્ અચિત્ અને સ્થૂલ ચિત્ અચિત્ની વિશિષ્ટતા કરી વ્યવસ્થા કરવામાં આવેલી છે.

આમ આ બે મતમાં નીચે મુજબ મુખ્ય મુખ્ય ભેદ પડે છે, બ્રહ્મવાદમાં જીવ મોક્ષ સમયે વ્યાપક પણ થઈ શકે છે. જ્યારે વિશિષ્ટાદ્વૈતમાં એવો વિરુદ્ધધર્માશ્રય જ સ્વીકારવામાં આવ્યો નથી. વિશિષ્ટાદ્વૈતમાં જીવ હંમેશાં અણું જ રહે છે અને જીવનું અનેકત્વ વાસ્તવિક જ મનાય છે, જ્યારે

બ્રહ્મવાદમાં તે બધું ઐચ્છિક છે. રામાનુજાચાર્યના મતમાં જગત્ અને સંસારનો ભેદ માનવામાં આવ્યો નથી અને ભક્તિ અને ઉપાસનાનું તારતમ્ય પણ સ્વીકારવામાં આવ્યું નથી. તે વાદમાં સાલોક્ય વગેરે ચાર પ્રકારનો ભેદાત્મક મોક્ષ સ્વીકારવામાં આવેલો છે. બ્રહ્મવાદમાં ભેદાત્મક એવો સાયુજ્ય મોક્ષ છે. રામાનુજાચાર્યની અખ્યાતિ છે, બ્રહ્મવાદમાં સામાન્ય રીતે જ્ઞાન પ્રાપ્ત થતા પહેલાં અન્યખ્યાતિ છે, અને પૂર્ણ જ્ઞાનીઓની તથા પૂર્ણ યોગીઓની દષ્ટિથી અખ્યીત છે. વિશિષ્ટાદ્વૈત અને શુદ્ધાદ્વૈતમાં આવા ભેદ ઉપરાંત સરખાપણું પણ ઘણું છે. બ્રહ્મવાદના મતે રામાનુજનો મત "રાજસજ્ઞાન" અને એકદેશી માનવામાં આવે છે. ક્રમે ક્રમે રાજસજ્ઞાનનો તિરોભાવ કરી સત્વ ભાવ પ્રકટ થઈ, નિર્ગુણ થતાં સાધક શુદ્ધાદ્વૈતજ્ઞાનનો અધિકારી થઈ શકે ખરો. અર્થાત્ શુદ્ધ અભેદ સિવાય બ્રહ્મવાદના બધાય સિદ્ધાન્તો રામાનુજાચાર્યને અનુકૂળ છે, બાકી ઐતિહાસિક ક્રમ જોતાં તો માયાવાદનો અતિવિસ્તાર થયો અને ઉપાસના અને ભક્તિનો ઉચ્છેદ થયો, ત્યારે શેષના અવતાર રામાનુજાચાર્યે માયાવાદનું ખંડન કરી, આ ઉપાસના અને ભક્તિને પોષતો માર્ગ પોતાની શક્તિ મુજબ ચલાવ્યો લાગે છે.

### ૫. માધ્વમત અને શુદ્ધાદ્વૈત

પૂર્ણ શુદ્ધાદ્વૈત વિના ભક્તિ કે ઉપાસના થઈ જ શકે નહિ, અદ્વૈત તો છેતરપિંડી છે એમ માનીને મધ્વાચાર્યે દ્વૈત મતનો આધાર લીધો છે. એમને માયાવાદ અને વિશિષ્ટાદ્વૈતવાદ બંનેથી સંતોષ થયો નથી. મધ્વામત શંકરાચાર્યના મતનો પહેલા નંબરનો વિરોધી છે. દ્વૈતવાદી મધ્વાચાર્ય શબ્દ, પ્રત્યક્ષ અને અનુમાન એમ ત્રણ પ્રમાણ માને છે, બ્રહ્મવાદમાં એવી સંખ્યા નિશ્ચિત નથી. બીજું બ્રહ્મ પ્રમેય છે પરંતુ એ એક જ તત્વ છે એમ નથી; જીવ પણ એક તત્વ છે, અને જગત્ પણ જૂદું તત્વ છે અને એ ત્રણ તત્ત્વનું કોઈ પણ રીતે અદ્વૈત નથી, ચોકખું દ્વૈત છે એમ દ્વૈતવાદ આગ્રહ કરે છે. વળી બ્રહ્મ નિર્ધર્મક નહિ, પણ સધર્મક છે એમ પણ જરા તેઓ માયાવદ સામે વિશેષ બળપૂર્વક પ્રતિપાદન કરે છે, જ્યારે બ્રહ્મવાદમાં બ્રહ્મ સધર્મક અને નિર્ધર્મક બંને છે. બ્રહ્મ વિરુદ્ધ ધર્મનો આશ્રય હોવાથી બ્રહ્મવાદમાં બધું જ સમાધાન કરી શકાય છે, જ્યારે દ્વૈતવાદીને એ વિરુદ્ધ ધર્માશ્રયની ખબર જ નથી. દ્વૈતવાદમાં બ્રહ્મ કર્તા છે, પણ તે ફકત નિમિત્ત કારણ બને છે. ત્યાં ઉપાદાન કારણ પ્રકૃતિ છે, જ્યારે બ્રહ્મવાદમાં બ્રહ્મ જ બંને કારણ છે. દ્વૈતવાદમાં અનન્યત્વ– અભિન્નતા–માનવામાં આવી જ નથી; જ્યારે બ્રહ્મવાદમાં અખંડ, પૂર્ણ, શુદ્ધ

અનન્યત્વ માન્ય છે. દ્વૈતમયમાં વૈષમ્ય અને નિર્ધૃણતાનો દોષ ટાળી શકાય તેમ નથી; જ્યારે બ્રહ્મવાદમાં આત્મક્રીડાને માટે સૃષ્ટિ થએલી હોવાથી તે દોષ સંભવતો નથી.

વળી દ્વૈતવાદીને આધ્યાત્મિક અક્ષરબ્રહ્મના સ્વરૂપની ખબર જ નથી. બ્રહ્મવાદમાં જીવ બ્રહ્મનું જ સ્વરૂપ છે; જ્યારે દ્વૈતમતમાં જીવ જૂદું તત્ત્વ છે. વળી, જીવ ત્યાં બ્રહ્મવાદની માફક નિત્ય છે, જ્ઞાતા છે, જ્ઞાતા છે, પણ સદા સર્વદા અણુ જ છે, જ્યારે બ્રહ્મવાદમાં મોક્ષની અવસ્થામાં જીવ વ્યાપક બને છે. ત્યાં બ્રહ્મવાદની માફક જીવ અનેક અને કર્તા, ભોકતા ખરા, પણ એ બધા વાસ્તવિક છે, બ્રહ્મવાદની માફક નહિ. દ્વૈતમતમાં જીવ અંશ ખરા, પણ ત્યાં બ્રહ્મથી અભેદ નથી, ભેદ છે જ્યારે બ્રહ્મવાદમાં જીવ અને બ્રહ્મ વચ્ચે અંશાંશિભાવ હોવાથી અનન્યતા છે, અભેદ છે. મધ્યાચાર્યે ચિત્‌ના ફકત સરખાપણાને લીધે જ અભેદ સ્વીકાર્યો છે. કેટલાક ‘‘**अतत् त्वम् असि**’’[1] એમ પણ વિગ્રહ કરવા ચૂકતા નથી વળી દ્વૈતમતમાં જગતનું સત્યત્વ વાસ્તવિક છે, બ્રહ્મવાદમાં ઐચ્છિક છે. જગત્ અને સંસારનો ભેદ મધ્વને પણ અજાણ છે. કર્મ–જ્ઞાન–ભક્તિ એવો જ તે મતમાં પણ સાધનનો ક્રમ છે, પણ ઉપાસના અને ભક્તિનો ભેદ ત્યાં સ્વીકારવામાં આવેલા નથી. એવી જ રીતે ત્યાં મોક્ષ અભાવાત્મક છે, જ્યારે બ્રહ્મવાદમાં મોક્ષ ભાવાત્મક છે. સાલોક્ય વગેરે ભેદાત્મક ચાર પ્રકારથી મુક્તિ દ્વૈતવાદમાં મનાય છે, જ્યારે બ્રહ્મવાદમાં અભેદાત્મક સાયુજ્ય મુક્તિ માનેલી છે.

બંને પક્ષ મોક્ષ બ્રહ્મના આશ્રયે જ છે એમ માને છે, દ્વૈતી અભિનવ અન્યથાખ્યાતિ માને છે. બ્રહ્મવાદી અન્યખ્યાતિ ભાગ્યે જ સ્વીકારે છે અને પૂર્ણજ્ઞાનની અવસ્થામાં કે પૂર્ણ યોગીની અવસ્થામાં ‘‘**अनागतमतीतं च वर्चमानमतीन्द्रियम् श्च सन्निकुष्टं व्यवहितं सम्यक् पश्यन्ति योगिनः श्चं**’’[1] એ શ્લોક પ્રમાણે અખ્યાતિ સ્વીકારે છે દ્વૈત વિના ભક્તિ, ઉપાસના થાય જ નહિ એમ દ્વૈતીનો દુરાગ્રહ છે, જ્યારે બ્રહ્મવાદમાં માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સુદઢ સ્નેહથી કૃતાર્થતા મનાયેલી છે. દ્વૈતપૂર્વક ભક્તિ તો અજ્ઞાની પણ કરે, પણ અદ્વૈતજ્ઞાનપૂર્વક ભગવાનની સેવા કરવી એમ માનવામાં બ્રહ્મવાદનો વિજય છે. ટૂંકમાં, મધ્વમત જો દ્વૈતાગ્રહ દૂર કરે અને અદ્વૈત શ્રુતિના અર્થ કરતી વખતે દુરાગ્રહ ન કરે અને ઐચ્છિક ભેદ સ્વીકારી લે તો બીજા બધા મતવાદી કરતાં શુદ્ધાદ્વૈતમા તેનો પ્રવેશ જલદી થઈ જાય એમ છે.

## ૬. નિમ્બાર્કમત અને શુદ્ધાદ્વૈત

નિંબાર્કનો મત પણ દ્વૈતાદ્વૈત કહેવાય છે. તેમાં દ્વૈત વાસ્તવિક અને અદ્વૈત ઔપચારિક છે. ઘણું કરીને તે મધ્વવમતના જેવો જ છે, અને તેથી મધ્વમતના વિવેચન પછી નિમ્બાર્કમતનો વિચાર કરવાની જરૂર હોતી નથી.

શાકતમતમાં બ્રહ્મ ઉપાદાનકારણ છે, અને શક્તિ નિમિત્તકારણ છે, શક્તિ ઉપાદાનકારણ થાય તેમાં ફેરફાર થાય, એવી કંઈ બીકથી બ્રહ્મને ઉપાદાનકારણ કહે છે અને શક્તિને નિમિત્તકારણ તરીકે તેવાદી સ્વીકારે છે, જ્યારે બ્રહ્મવાદમાં બંને કારણની અભિન્નતા છે. શક્તિનું વર્ણન જ વેદાન્ત શાસ્ત્રમાં નથી, તો પછી કારણ દૂર જ રહ્યું. જાદું કારણ માનતા સર્વાત્મભાવમાં હાનિ આવે, એક વિજ્ઞાન વડે સર્વ વિજ્ઞાન સંભવે નહિ અને દ્વૈત પ્રાપ્ત થાય. ઉપરાંત ''**कर्ता कारयिता हरिः**'' એવાં વાકયોમાં વિરોધ આવે. બ્રહ્મ જ સર્વ કારણનું કારણ છે અને શક્તિનો સમાવેશ પણ કાર્યસૃષ્ટિમાં છે અને તેની ઉત્પત્તિ પણ શ્રીવિષ્ણુમાંથી છે એમ ''**मम योनिरप्स्वन्तः समुद्रे**'' એ શ્રુતિ પ્રતિપાદન કરે છે. '' **योनिश्च हि गीयते**'' એ સૂત્રમાં બ્રહ્મને જ યોનિ કહેવામાં આવેલી છે. ''**प्रकृति** '' એ સૂત્રમાં ''**च**'' વડે નિમિત્તકારણની પણ વાત કહેવામાં આવી છે. ''**जन्माद्यस्य यतोडन्वयादितरतः**'' વગેરે સ્થળોમાં ઉપાદાન અને નિમિત્ત કારણ સર્વ બ્રહ્મ જ છે એમ સ્પષ્ટ પ્રતિપાદન કરેલું છે. તેથી હવે અહીં વિસ્તાર કરવાની આવશ્યકતા નથી.

**સ્વ–મૂલ્યાંકન :**

આમ છૂટક છૂટક મતોની તારતમ્ય તપાસ્યા બાદ સર્વનું ભેગું સરવૈયું કાઢીએ તો માલુમ પડશે કે જગતનું સત્યત્વ, જીવનું અંશત્વ જીવનું અણુત્વ, જીવનું કર્તવ્ય, જીવનું ભોકતૃત્વ, જીવનું દાસત્વ. આ તમામ બાબતો દરેક આચાર્ય પોતપોતાના મતઅનુસાર રજુ કરે છે. કોઈ એક પૂર્ણ સત્ય કહી શકાય એમ નથી. કારણ તત્વજ્ઞાનમાં ગણિતના જેવી સ્પષ્ટ નિશ્ચિતતા હોઈ શકે નહીં. પરંતુ આપણે વિવેકજ્ઞાન અનુસાર સ્પષ્ટ કરીએ તો દરેક યથોચિત મૂલ્યવાન છે.[૬૬]

## ૫.૩ ભારતીય તત્વજ્ઞાનમાં શુધ્ધાદ્વૈતવાદનું સ્થાન

કોઈ પણ સિધ્ધાંતનું સ્થાન નિશ્ચિત કરવાની બે પધ્ધતિ છે. (૧) પ્રથમ ઐતિહાસિક પરિપેક્ષમાં તે સિધ્ધાંત કયા સમયે રચાયો ? તે સમયે સામાજીક, રાજકીય પરિસ્થિતિ સર્જક સ્વયંનું આસપાસનું ખાસ કરીને કૌટુંબિક વાતાવરણ વગેરે દ્વારા સિધ્ધાંતનું સ્થાન નિશ્ચિત કરી મૂલ્યાંકન કરી શકાય. (૨) દ્વિતિય સિધ્ધાંતનું તે પૂર્વેના સિધ્ધાંતના સંદર્ભમાં સ્થાન ખાસ કરીને સમસ્યા–ઉકેલ માટે કેટલે અંશે સફળ થાય છે ? વિશ્વના ઊર્ધ્વ વિકાસમાં મદદરૂપ થાય છે કે કેમ ?

શુધ્ધાદ્વૈતવાદ ખાસ કરીને શ્રીમદ્ વલ્લભાચાર્ય અણુભાષ્યના પ્રણેતા છે. ઐતિહાસિક પરિપ્રેક્ષમાં સામાન્યમતાનુંસાર ૧૫મું શતક ગણાય છે. તાત્વિક સંદર્ભે ઊર્ધ્વ વિકાસમાં મદદરૂપતાનો મુદ્દો ચર્ચવા આપણે ટૂંકમાં તેના મુખ્ય સિદ્ધાંતો જોઈએ.

**બ્રહ્મ સર્વધર્મથી યુક્ત છે**

બ્રહ્મમાં કોઈપણ ધર્મ નથી તેવું નથી. આચાર્યશ્રીના મતે બ્રહ્મની બાબતમાં કોઈપણ હદ બાંધવી, પરિચ્છેદ કરવો તે દોષ છે. માટે તમામ ધર્મો બ્રહ્મમાં છે તે જ મત યુક્ત છે. જો બ્રહ્મ નિધર્મક હોય તો પછી તેનું જ્ઞાન શી રીતે સંભવે ? અર્થાત્ બ્રહ્મના જ્ઞાનનો જ સંભવ ન હોય તો પછી તે જ્ઞાનને માટે શાસ્ત્રની પ્રવૃત્તિ પણ નિરર્થક બને છે. માટે બ્રહ્મ સર્વ ધર્મથી યુક્ત છે એમ માનવું.

**બ્રહ્મમાં વિરૂધ્ધ ધર્મો પણ છે**

કુણ્ડલના દષ્ટાંતની સાથે સમજાવવામાં આવે છે. બ્રહ્મ તમામ સ્થિતિમાં રહી શકે છે. બ્રહ્મના તમામ ધર્મો આનંદરૂપ હોવાથી અલૌકિક અને દિવ્ય છે. તેમાં પ્રાકૃત ધર્મો નથી માટે જ બ્રહ્મને નિધર્મક–નિર્ગુણ કહ્યું છે. બ્રહ્મની વિચિત્ર શક્તિઓ છે. બ્રહ્મ અણુમાં અણુ છે, મહાનમાં મહાન છે, તેને હાથ નથી છતાં વસ્તુગ્રહણ કરે છે, પગ નથી છતાં દોડે છે. તે મચ્છર જેવડું છે તેમ હાથી જેવડું છે.

**બ્રહ્મ સર્વ કર્તૃ છતાં તેમાં વૈષમ્ય અને નૈધણ્ય નથી**

આચાર્યશ્રી કહે છે કે, ગીતામાં પણ બ્રહ્મને સર્વ જગતના પ્રભવ અને પ્રણય કહ્યું છે. કર્તૃત્વ ઐચ્છિક છે. કામધેનુ, કલ્પવૃક્ષ, ચિન્તામણીની માફક સર્વ વસ્તુ બ્રહ્મમાંથી ઉદભવી છે.

છતાં બ્રહ્મમાં કોઈપણ પ્રકારનો વિકાર નથી. બ્રહ્મ તો વિકાર વગરનું રહે છે. આને અ–વિકૃત પરિણામવાદ કહે છે. વસ્તુના ફેરફારને પરિણામ કહે છે. બ્રહ્મમાં વૈષમ્ય–નૈધણ્ય નથી તેનો ઉત્તર ત્રણ જગ્યાએ અપાય છે. (I) જો બ્રહ્મ સઘળું કરે છે તો પણ સુખ દુઃખ આપવામાં જીવના કર્મોની અપેક્ષા રાખે છે, માટે જીવના કર્મ હોય તે પ્રમાણે સુખ દુઃખ મળે છે. (II) બ્રહ્મ પોતાનું માહાત્મ્ય જણાવવાને માટે જ પોતામાંથી સર્વ પ્રકારની સૃષ્ટિ (ઊંચ નીચના ભેદભાવ)નું નિર્માણ કરે છે. તેથી વૈષમ્ય દોષને પાત્ર બ્રહ્મ થતું નથી. (III) જગત બ્રહ્મનું ક્રીડાભાણ્ડ હોવાથી સ્વક્રીડાને માટે રવ લીલાને માટે બ્રહ્મ જીવોને ઉચ્ચ–નીચ સ્થિતિમાં મૂકે છે.

**બ્રહ્મ અને જગતનો અભેદ**

જગત બ્રહ્મમાંથી ઉત્પન્ન થયું છે એટલું જ નહિ પણ જગતનું કર્તૃ પણ બ્રહ્મ છે. આથી જગત અને બ્રહ્મ વચ્ચે અભેદતા છે. બ્રહ્મના સત્, ચિત્ અને આનંદ અંશમાંથી સત્ ધર્મનો જ અભેદતા છે. બ્રહ્મના સત્, ચિત્ અને આનંદ અંશમાંથી સત્ ધર્મનો જ આવિર્ભાવ તે જગત કહેવાય છે. તે પણ બ્રહ્મનું અંશરૂપ છે. ઉત્પત્તિ પૂર્વે તે બ્રહ્મમાં હતું, પણ બ્રહ્મની રમણ કરવાની ઈચ્છા થતાં, જેમ કરોળિયો પોતાની લાળમાંથી જાળ બહાર કાઢીને તેને પસાર કરે છે. અને પછી ક્રીડા કરે છે. તેમ પોતામાં તિરોભૂત જગત્‌ને પણ બ્રહ્મ ઈચ્છા થતાં બહાર કાઢીને તેમાં રમણ કરે છે. આથી તે પણ બ્રહ્મનું એકરૂપ છે. જગત્ બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે. જગત્ અને બ્રહ્મની અનન્યતા દર્શાવી છે. બ્રહ્મ આપ્તકામ છતાં જગતરૂપે પોતાની ઈચ્છાથી થાય છે અને વિવિધ લીલાઓ કરે છે. આથી બ્રહ્મનું માહાત્મ્ય કેટલું ગણાય છે એ જ માત્ર સમજાય છે. આ રીતે કારણ બ્રહ્મ અને કાર્ય જગત બંને વચ્ચે શુદ્ધ અ–દ્વૈત છે.

**અક્ષર–બ્રહ્મ અને પર–બ્રહ્મ**

પરબ્રહ્મ તે આધિદૈવિક અને અક્ષર બ્રહ્મ તે આધ્યાત્મિક રૂપ છે. અ–ક્ષર બ્રહ્મ અન્તર્યામી તરીકે પણ ઓળખાય છે. આનંદની ગણના શ્રુતિઓ કરે છે, પરંતુ પરાર્ધથી આગળ ગણના કરી શકાતી નથી. ત્યાં તેમની વાણી પાછી ફરે છે, તેની શક્તિ કુંઠિત થવાથી નેતિ નેતિ શ્રુતિઓ ઉચ્ચારે છે. આ નિઃસીમ, નિરવધિ, અ–ગણિતાનન્દ સ્વરૂપ તે જ પરબ્રહ્મ. તેથી સંપ્રદાયની પરિભાષામાં જે ગણી શકાય તેવો આનંદ એટલે અ–ક્ષર બ્રહ્મ. મોક્ષ પછી પણ પરબ્રહ્મની સાથે અ–લૌકિક વિગ્રહ પ્રાપ્ત

કરીને સર્વ મનોરથો સિધ્ધ કરવાની ઈચ્છાવાળાઓ માટે આનંદમય પૂર્ણ પુરૂષોત્તમનું સ્વરૂપ છે. તે અનન્ય ભક્તિથી પ્રાપ્ત થાય છે.

**જીવ–સ્વરૂપ**

શુધ્ધાદ્વૈતમાં જીવને બ્રહ્મનો અંશ કહ્યો છે. બ્રહ્મના ફકત આનન્દ ધર્મનો તિરોભાવ કરીને જે સ્વરૂપ આવિર્ભાવ પામ્યા તે જીવ સંજ્ઞાને પામ્યા. જેમ અગ્નિમાંથી વિસ્ફુલિંગો વ્યુચ્ચરણ પામે તેમ આ જીવો પણ બ્રહ્મના અંશો છે. જીવને નામરૂપનો સંબંધ નથી. તેથી તેની ઉત્પત્તિ કહેવાતી નથી. માત્ર વ્યુચ્ચરણ જ કહેવાય છે. જીવને જ્ઞાતા કહ્યો છે. જ્ઞાન તેનો ધર્મ છે. જેમ સૂર્ય–પ્રકાશ વચ્ચે ધર્મી–ધર્મનો સંબંધ છે. અને તેમની વચ્ચે અભેદતા છે. તેમ જીવ અને ધર્મજ્ઞાન વચ્ચેનો સંબંધ છે. જીવની ત્રણ અવસ્થાઓ છે. શુધ્ધ–સંસારી–મુક્ત. વ્યુચ્ચરણ કાળે અ–વિદ્યા સંબંધની પૂર્વ અવસ્થા તે જીવની શુધ્ધાવસ્થા છે. આ અવસ્થામાં અવિદ્યાનો સ્પર્શ થતાં જીવ સંસાર સર્જે છે. રાગ – આસક્તિમાં સપડાય તે જીવની સંસારી અવસ્થા સંસારીમાં પણ દૈવી અને આસૂરી ગુણવાળા એમ બે પ્રકાર ભેદ છે.




બ્રહ્મસર્વધર્મ વિશિષ્ટ અને કર્તૃ હોવાથી તેના સંશયરૂપ જીવ પણ કર્તા અને ભોક્તા છે. જીવનું પરાધીન છે. બ્રહ્મપૂર્ણ પ્રક્યનન્દ હોવાથી અને જીવ તિરોહિતાનન્હ હોવાથી બંને વચ્ચે ભેદ દર્શાવ્યો છે. છતાં પણ તે બંને વચ્ચે અભેદતા છે. કારણ કે આનંદ અંશનો પ્રાદુર્ભાવ છતાં તે બ્રહ્મરૂપ બને છે, માટે અભેદતા જ સુલભ છે. આ જીવમાં આનંદઅંશનું પ્રાકટય થતાં કોટિ બ્રહ્માણ્ડો તેમાં સમાઈ જાય છે અને તે જીવ વ્યાપકરૂપ બને છે. જેમ બાલ્યાવસ્થામાં પુરુષનું પૌરૂષ છે તેમ જીવમાં આ

આનંદાંશ છે, પણ જેવી રીતે તે પૌરૂષ ગુપ્ત રહ્યું છે તેવી રીતે આ અપ્રકટ છે. આ પૌરૂષ યૌવનકાળે ખીલે છે તેમ જીવમાં અપ્રકટિત ગુપ્ત આનંદ પણ ભક્તિ વગેરે દ્વારા પ્રકટ થાય છે.

**જગત સ્વરૂપ**

જગત એટલે બ્રહ્મની રમણ કરવાની ઈચ્છાથી પોતાના સદંશનો કરેલો આવિર્ભાવ તે બ્રહ્મનું આધિ ભૌતિક સ્વરૂપ છે માટે તે સત્ય છે. જગતની ઉત્પત્તિ નથી. પણ આવિર્ભાવ અને તિરોભાવ છે. જગત્ બ્રહ્મની કૃતિ હોવાથી સત્ય છે; પણ જે મિથ્યા કહેવામાં આવે છે તે સંસાર છે.

**ભક્તિ તત્વ**




શુધ્ધાદ્વૈતવાદમાં ભક્તિતત્વનું મહત્વ દર્શાવ્યું છે. જ્ઞાનયુક્ત ભક્તિનો આદર કર્યો છે. બ્રહ્મના માહાત્મ્યના જ્ઞાનપૂર્વક સર્વથી શ્રેષ્ઠ, નિરૂપાધિક અને સુદઢ સ્નેહ એનું નામ ભક્તિ.

ભક્તિનો માર્ગ અધિદૈવિક કહેવાય છે. તેનાથી આધિદૈવિક સ્વરૂપ પૂર્ણ પુરૂષોત્તમની સાથે અલૌકિક વિગ્રહથી સર્વ મનોરથ સિધ્ધ કરવાને કૃપાનન્દની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનીઓ અક્ષર બ્રહ્મને પરમફલ માને છે. જ્યારે ભક્તો તેનાથી પર રસાનન્દ પૂર્ણ પુરૂષોત્તમની પ્રાપ્તિને પરમફલ માને છે.

ભક્તિના બે પ્રકાર છે. સાધનરૂપ સાધ્યરૂપ. સાધનરૂપ ભક્તિ એટલે નવધા ભક્તિ. સાધ્યરૂપ ભક્તિ એટલે પ્રેમલક્ષણા ભક્તિ. પ્રેમલક્ષણા ભક્તિ સ્નેહ–સેવા દ્વારા પ્રકટ થાય તે. સેવાફલમાં તનુજા, વિતજા અને માનસી. ત્રણ પ્રકારની સેવા દર્શાવી છે. તનુજા અને વિત્તથી માનસી સેવા સિધ્ધ કરવાની છે. આ સેવાથી ચિત્ત સતત બ્રહ્મમાં જ લાગ્યું રહે છે. માનસી સેવા એ જ પ્રેમલક્ષણા ભક્તિ બીજું રૂપ.

ભક્તિનાં સ્નેહ, આસક્તિ અને વ્યસન એવા ત્રણ રૂપ આપ્યાં છે. 'ગૃહમાં સ્થિત રહીને સર્વધર્મ પરાયણ બની વિક્ષેપ થવા દીધા વગર પ્રભુ કૃષ્ણની સેવા કરવી' આમ કરવાથી જ્યારે પોતાના કામ ક્રોધાદિ વિકારો અને સંસારનું મારું–તારું જતું રહે ત્યારે એમ સમજવું કે પ્રભુને માટે સ્નેહ થયો છે, સ્નેહ વધીને આસક્તિ રૂપ ધારણ કરે ત્યારે સંસાર ફીક્કો લાગે. વ્યસન અવસ્થામાં કૃષ્ણ એ જ ખરા છે એમ જાણીને તેના વગર એક ક્ષણ પણ રહી શકતો નથી. પ્રભુને માટે **<u>ખરી વિરહ ભાવના તે જ ખરો સંન્યાસી</u>**.

ભક્તિ પરાયણ જીવ તો મુક્તિની પણ કામના કરતો નથી. તેને તો પ્રભુની નિકટ જવું છે, અને રાસાદિ લીલાનો સાક્ષાત્કાર કરવો છે. ભક્તિમાં પૂર્ણાનંદનો અનુભવ પણ હોય છે. જ્ઞાનમાં સ્વરૂપનો લય અને ફલ છે. ભક્તિમાં સ્વસ્વરૂપથી આનંદનો અનુભવ ફલ છે.

શુધ્ધાદ્વૈતવાદના સિધ્ધાંત અંગે સંક્ષેપ પરિચય બાદ તેનું સ્થાન નિશ્ચિત કરી શકાય. ભારતીય તત્વજ્ઞાનની સર્વસામાન્ય લાક્ષણિકતામાં મોક્ષપ્રાપ્તિ; જ્ઞાનપ્રાપ્તિ; અજ્ઞાન કે અવિદ્યા કે બંધનમાંથી મુક્તિ સમાવેશ પામે છે. મોક્ષ પ્રાપ્તિના મુખ્ય ત્રણ માર્ગ છે. કર્મ ; શુધ્ધજ્ઞાન ; ભક્તિ આ ત્રણ માર્ગ દર્શાવેલાં છે. જ્ઞાન પ્રાપ્ત થવાથી અજ્ઞાન–અવિદ્યા– બંધનમાંથી મુક્તિ પ્રાપ્ત થાય છે.

ત્રણમાંથી કોઈપણ એક પ્રધાન અને અન્ય બે ગૌણ સ્વરૂપ હોય છે. કારણ સાંખ્ય દર્શનમાં દર્શાવેલ ત્રણ ગુણ સત્વ – રજસ – તમસ છે. માનવીમાં કોઈપણ એક ગુણ વધુ પ્રમાણમાં વ્યક્ત થાય છે. આથી સામાન્ય પદ્ધતિ એ છે કે સત્ત્વગુણ પ્રધાન શુધ્ધ કર્મ માર્ગ; રજોગુણ પ્રધાન કર્મ માર્ગ અને તમોગુણ પ્રધાન ભક્તિમાર્ગ સ્વીકારે છે.

શ્રીમદ્ શંકરાચાર્ય શ્રીમદ્ ભગવદ્ગીતા ભવિષ્યમાં જ્ઞાન પ્રધાનતા સ્વીકારે છે, શ્રી લોકમાન્ય તિલક કર્મપ્રધાનતા સ્વીકારે છે, શ્રી વલ્લભાચાર્ય ભક્તિ પ્રધાનતા સ્વીકારે છે. પરંતુ, શ્રી અરવિંદ સમન્વયયોગ દ્વારા ત્રણ માર્ગનું સમાન મૂલ્ય આંકે છે. જ્ઞાન પ્રધાનતા જ્ઞાનયોગ ત્યારે જ કહેવાય જ્યારે તેમાં કર્મ અને ભક્તિને યથોચિત સ્થાન હોય. કર્મયોગ ત્યારે જ બને જ્યારે કર્મનો જ્ઞાન અને ભક્તિ સાથે સમન્વય સધાય. ભક્તિયોગ ત્યારે જ સાર્થક કહેવાય જ્યારે તેમાં જ્ઞાન અને કર્મ ભળે.

એકની પ્રધાનતાનો અર્થ અન્યની ગેરહાજરી નથી. પરંતુ સમયોચિત આવશ્યકતાના સંદર્ભે અલગ–અલગ પ્રાધાન્ય રજૂ થયું છે. જ્ઞાનના સ્થાને કેવળ વિતણ્ડા–જલ્પ કે તર્કમાં માનવી અટવાઈ; કર્મના સ્થાને કેવળ કર્મકાંડ કે ધ્યેયવિહીન પ્રવૃત્તિમાં માનવી અટકે; ભક્તિના સ્થાને અંધપરંપરા કે અંધવિશ્વાસમાં માનવી ઈતિશ્રી માને ત્યારે તત્વજ્ઞાનની મહત્વપૂર્ણ ફરજ બને છે માનવીને વિવેકજ્ઞાન શું છે ? તે દર્શાવવાની.

શ્રીમદ્ વલ્લભાચાર્ય ભક્તિનું મૂલ્ય પુનઃ સ્થાપિત કરવા તત્વજ્ઞાનમાં ભક્તિતત્વને સિધ્ધાંત તરીકે સ્વીકારે છે. લીલાની વાત કરે છે; સંસારની અસારતા સમજાવે છે. સાથે સાથે આપણે આગળના પ્રકરણમાં દર્શાવેલ છે તેમ જ્ઞાનમીમાંસા – તત્વમીમાંસા રજૂ કરે છે. પ્રસ્થાન ચતુષ્ટય સ્વીકારે છે.

આથી શુધ્ધાદ્વૈતવાદનું સ્થાન અનન્ય છે, શ્રી વલ્લભાચાર્ય ભારતીય તત્વજ્ઞાનના વિકાસમાં એક મહત્વપૂર્ણ સોપાન રજૂ કરવામાં સફળ થયા છે તેમ કહી શકાય. તત્વજ્ઞાન માનવમાત્ર માટે સહજ, સરળ હોય તેમ છતાં ગહનતા અને વ્યાપ જાળવી રાખે તે સિદ્ધિ મહત્વપૂર્ણ કહેવાય.

## ૫.૪ મૂલ્યાંકન

તત્વજ્ઞાનની અભ્યાસ પદ્ધતિમાં સંવાદ, વિવરણની સાથે સમીક્ષા કે મૂલ્યાંકન પણ સમાવેશ પામે છે. પ્રાચીન ભારતીય પધ્ધતિમાં પ્રશ્નોત્તરી અને ખંડન–મંડનનો ઉપયોગ થયેલો જોવા મળે છે. અમારા સંશોધનનો આશય માત્ર શુધ્ધાદ્વૈત વેદાન્તની રજૂઆત ન હોવાથી તેમજ અમોએ પ્રસ્તાવમાં જણાવ્યા અનુસાર મુલ્યાંકન કરીશું. મૂલ્યાંકનમાં બે પાસાનો સમાવેશ થાય છે. મર્યાદા સાથે વિશેષતા અથવા ખામી સાથે ખૂબી. અમે સૌ પ્રથમ શુદ્ધાદ્વૈત વેદાન્ત તેમજ અવિકૃત પરિણામવાદની મર્યાદાનું આલેખન કરીશું.

### ૧. મર્યાદા

જે મર્યાદા અન્ય એકત્વવાદી સિધ્ધાંતની છે તે મર્યાદા શધ્ધાદ્વૈત વેદાન્તને પણ મુકત રાખી ન શકે. (૧) દ્વૈત અથવા જડ–ચેતનની સમસ્યાનો યોગ્ય ઉકેલ આપવામાં શુધ્ધાદ્વૈત વેદાંત નિષ્ફળ જાય છે. અનિષ્ટની સમસ્યાનો ઉકેલ અપ્રાપ્ત રહે છે. (૨) અનેક વિધતા માટે બ્રહ્મમાં સ્વગત ભેદ સ્વીકારવામાં આવે છે. તેમજ અભેદયુકત બ્રહ્મ પણ કહેવાય છે. બંને સાથે સ્વીકારવા એટલે સ્વ–સિધ્ધાંતને નબળો પૂરવાર કરવો.

### ૨. વિશેષતા

શુધ્ધાદ્વૈત વેદાંતની વિશેષતા 'ભકિત' તત્વનું યથોચિત સ્થાન સ્થાપવું. તત્વજ્ઞાનને જીવનદર્શન બનાવવું. સામાન્ય માનવી તત્વજ્ઞાનના ગહન સિધ્ધાંત તેના રોજબરોજનાં જીવનમાં વણી શકે તેટલું સરળ બનાવવું. બધા અલગ–અલગ ટુકડાને ફેવીકોલની મદદથી ગોઠવાયેલાં નથી. પરંતુ સહજ રીતે સિધ્ધાંતનાં ત્રણ અર્થો રજૂ થયેલાં છે. માનવી કક્ષા અનુસાર અર્થ ગ્રહણ કરે છે.

અજોડ વિશેષતા એટલે પ્રસ્થાન ચતુષ્ટય. ભાગવત પુરાણને પ્રમાણ તરીકે સ્થાપવું. આ વાત ભારતના જ નહિ; તત્વજ્ઞાનના ઈતિહાસમાં અદ્વિતીય કહી શકાય.

# પાદટીપ

(૧) શ્રીમદભગવદ ગીતા અ. ૧૮.૭૩

(૨) તૈતરિય ઉપનિષદ શાંકરભાષ્ય ૨ઃ૬

(૩) તૈતરિય ઉપનિષદ શાંકરભાષ્ય ૨ઃ૧

(૪) ઐતરિય ઉપનિષદ

(૫) છાંડોગ્ય ઉપનિષદ શાંકર ભાષ્ય ૪ઃ૭ અને ૮

(૬) બૃહદ આરણ્યક ઉપનિષદ ૩ઃ૯ઃ૨૮

(૭) રામાનુજાચાર્યનું તત્વજ્ઞાન લે. પ્રા. સી. વી. રાવળ

(૮) આચાર્યનું તત્વચિંતન પૃ. ૨૧૯ લે. પ્રા. સી. વી. રાવળ

(૯) આચાર્યનું તત્વચિંતન પૃ. ૧૯૦ લે. પ્રા. સી. વી. રાવળ

(૧૦) પ્રસ્થાન રત્નાકર પૃ. ૬૪

(૧૧) શ્રીમદ્ શંકરાચાર્યનું તત્વજ્ઞાન પૃ. ૨૭૧ લે. સી. વી. રાવળ

(૧૨) રામાનુજાચાર્યનું તત્વજ્ઞાન લે. સી. વી. રાવળ

(૧૩) શ્રીમદ્ શંકરાચાર્યનું તત્વજ્ઞાન પૃ. ૭૮૯ પ્રા. સી. વી. રાવળ

(૧૪) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૨૨૮ પ્રા. સી. વી. રાવળ

(૧૫) પ્રસ્તુત મહાનિબંધ પ્રકરણ – ૩

(૧૬) શ્રીમદ્ શંકરાચાર્યનું તત્વજ્ઞાન પૃ. ૧૮૦ પ્રા. સી. વી. રાવળ

(૧૭) રામાનુજાચાર્યનું તત્વજ્ઞાન લે. પ્રા. સી. વી. રાવળ

(૧૮) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૧૯૨ લે. પ્રા. સી. વી. રાવળ

(૧૯) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૨૨૨ લે. પ્રા. સી. વી. રાવળ

(૨૦) પ્રસ્તુત મહાનિબંધ પ્રકરણ – ૩

(૨૧) બ્રહ્મસૂત્ર શાંકરભાષ્ય ૧ઃ૧ઃ૧ અને ૪

(૨૨) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૧૪૪ લે. પ્રા. સી. વી. રાવળ

(૨૩) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૨૦૧ લે. પ્રા. સી. વી. રાવળ

(૨૪) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૨૩૧ લે. પ્રા. સી. વી. રાવળ

(૨૫) પ્રસ્તુત મહાનિબંધ પ્રકરણ – ૩

(૨૬) હિંદ તત્વજ્ઞાનનો ઈતિહાસ પૃ. ૧૩૮ લે. ન. દે. મહેતા

(૨૭) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૨૩ લે. પ્રા. સી. વી. રાવળ

(૨૮) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૧૧૩ લે. પ્રા. સી. વી. રાવળ

(૨૯) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૧૮૯ લે. પ્રા. સી. વી. રાવળ

(૩૦) ભારતીય દર્શન પૃ. ૪૨૫ લે. ડો. ઉમેશ મિશ્ર

(૩૧) પ્રસ્તુત મહાનિબંધ પ્રકરણ – ૩

(૩૨) ભારતીય દર્શન પૃ. ૩૬૭ લે. ડો. ઉમેશ મિશ્ર

(૩૩) ભારતીય દર્શન પૃ. ૪૧૫ લે. ડો. ઉમેશ મિશ્ર

(૩૪) ભારતીય દર્શન પૃ. ૪૨૪ લે. ડો. ઉમેશ મિશ્ર

(૩૫) ભારતીય દર્શન પૃ. ૪૪૪ લે. ડો. ઉમેશ મિશ્ર

(૩૬) પ્રસ્તુત મહાનિબંધ પ્રકરણ – ૩

(૩૭) શ્રીમદ્ શંકરાચાર્યનું તત્વજ્ઞાન પૃ. ૭૯૦ લે. પ્રા. સી. વી. રાવળ

(૩૮) શ્રીમદ્ શંકરાચાર્યનું તત્વજ્ઞાન પૃ. ૭૯૦ લે. પ્રા. સી. વી. રાવળ

(૩૯) શ્રીમદ્ શંકરાચાર્યનું તત્વજ્ઞાન પૃ. ૭૯૧ લે. પ્રા. સી. વી. રાવળ

(૪૦) શ્રીમદ્ શંકરાચાર્યનું તત્વજ્ઞાન પૃ. ૭૯૧ લે. પ્રા. સી. વી. રાવળ

(૪૧) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૨૮૫ લે. પ્રા. સી. વી. રાવળ

(૪૨) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૬૫ લે. પ્રા. સી. વી. રાવળ

(૪૩) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૧૧૮ લે. પ્રા. સી. વી. રાવળ

(૪૪) વેદાંત પારિજાત સૌરભ ૧–૧–૨ અને ૧–૨–૧૯

(૪૫) સ્વમત

(૪૬) સ્વમત

(૪૭) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૪૩ લે. પ્રા. સી. વી. રાવળ

(૪૮) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૧૨૮ લે. પ્રા. સી. વી. રાવળ

(૪૯) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૧૯૮ લે. પ્રા. સી. વી. રાવળ

(૫૦) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૨૨૬ લે. પ્રા. સી. વી. રાવળ

(૫૧) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૨૬૪ લે. પ્રા. સી. વી. રાવળ

(૫૨) સર્વસાર ઉપનિષદ

(૫૩) વિવેક ચૂડામણિ શ્લોક ૧૦૯, ૧૧૦

(૫૪) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૧૩૮ લે. પ્રા. સી. વી. રાવળ

(૫૫) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૧૯૭ લે. પ્રા. સી. વી. રાવળ

(૫૬) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૨૧૯ લે. પ્રા. સી. વી. રાવળ

(૫૭) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૨૭૧ લે. પ્રા. સી. વી. રાવળ

(૫૮) શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી પૃ. ૨૪૨, ૨૪૩ લે. કે. કા. શાસ્ત્રી

(૫૯) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૫૯ લે. પ્રા. સી. વી. રાવળ

(૬૦) શ્રીમદ્ શંકરાચાર્યનું તત્વજ્ઞાન પૃ. ૨૬૩ લે. પ્રા. સી. વી. રાવળ

(૬૧) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૧૪૫ લે. પ્રા. સી. વી. રાવળ

(૬૨) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૧૯૪ લે. પ્રા. સી. વી. રાવળ

(૬૩) આચાર્યોનું તત્વચિંતન પૃ. ૨૨૪ લે. પ્રા. સી. વી. રાવળ

(૬૪) સ્વમત

(૬૫) શુદ્ધાદ્વૈત સિદ્ધાંત પ્રદીપ લે. ઈચ્છારામ ભટ્ટ

(૬૬) સ્વમત

(૬૭) આપણો ધર્મ લે. આનંદશંકર ધ્રુવ

(૬૮) સ્વમત

# પ્રકરણ : ૬

# નિષ્કર્ષ

પ્રકરણ–૧ માં કાર્ય અને કારણ જ્ઞાનમીમાંસા સંદર્ભે કઈ રીતે સમજી શકાય તેનું આલેખન કર્યું. પ્રકરણ–૨ માં તત્ત્વમીમાંસા સંદર્ભમાં ઉપનિષદનો આધાર લઈને કાર્ય અને કારણ સમસ્યાને રજૂ કરી છે. પ્રકરણ–૩ માં શુદ્ધાદ્વૈત વેદાંતનો પરિચય આપી તત્ત્વમીમાંસા, જ્ઞાનમીમાંસા અને તર્કમીમાંસાનું આલેખન કર્યું છે. પ્રકરણ–૪ માં મહાનિબંધના હ્રદય સમાન અવિકૃત પરિણામવાદનું આલેખન કરી તેનું મૂલ્યાંકન કરેલ છે. પ્રકરણ–૫ માં અવિકૃત પરિણામવાદનું સ્થાન દર્શાવેલ છે. તેમજ શુદ્ધાદ્વૈત વેદાંતની અન્ય વેદાંત સાથે તુલના કરેલ છે. પ્રસ્તુત પ્રકરણ–૬ માં નિષ્કર્ષરૂપે તારવીએ,

**ફલશ્રુતિ :**

સમગ્ર શોધ કે નિબંધ લેખન કેવળ માનસિક કસરત છે ? ફકત ઈજાફા મેળવવાનું સાધન છે ? નિજાનંદ છે ? મોક્ષ પ્રાપ્તિનો હેતુ પ્રાપ્ત કરવાનું ઉપનય છે ? તમામ પ્રશ્નનો એકમાત્ર જવાબ છે ? ના / કદાપિ નહિ.

શિક્ષણના વ્યવસાય સાથે સ્વેચ્છાએ સંકળાયેલા છીએ. નીતિમત્તાનું ઘડતર જીવનમંત્ર છે, તેનાથી એક કદમ આગળ સમાજમાં સામંજસ્ય કે સંવાદિતાનું સ્થાપન એકમાત્ર હેતુ છે. સમાજનું ઋણ અદા કરવાનો માર્ગ માત્ર છે. માત્ર વર્ગ ખંડના વિદ્યાર્થીઓ સુધીની મર્યાદાને અ–મર્યાદ બ્રહ્મ દ્વારા દૂર કરવાની છે. અ–વિકૃત પરિણામવાદ દ્વારા સમાજની વિકૃતિ મૃતઃ કરવાની છે.

જન્મે અને કર્મે અમે શૈવપંથના અનુયાયી; શાંકર વેદાંત ભણવામાં આવે; અનુસ્નાતક કક્ષાએ વેદાન્તના તમામ સંપ્રદાયનો અભ્યાસક્રમ સંદર્ભે પરિચય મેળવેલ. પરંતુ, પુરાણમાં તત્વજ્ઞાન હોય તે વાત માનસ ન સ્વીકારે. આથી એક પ્રતિશોધના ભાગ રૂપે આ અભ્યાસ શરૂ થયો.

મનમાં જે નાનપણથી સમાજમાં અનુભવેલા શૈવ–વૈષ્ણવ વિભાજનથી અસંતોષ અને શંકા પણ ખરી કે કાર્ય પૂર્ણ થશે ? ખરેખર બંને સંપ્રદાય વચ્ચે ન પૂરી શકાય તેવી ખાઈ હશે ? વગેરે પ્રશ્નો.

તત્વજ્ઞાનના અભ્યાસ દરમ્યાન બંને / શાંકર વેદાંત તથા વલ્લભવેદાંત એક તત્વવાદના શીર્ષક હેઠળ સમાવેશ પામે છે. તેથી કંઈક અંશે સંતોષ. પરંતુ, 'માયા' અને 'સંસાર' માત્ર શબ્દ ભિન્ન છે કે કંઈક વિશેષ ? વગેરે પ્રશ્નોથી લઈને શરૂ કરેલી યાત્રા પૂર્ણ થાય છે નિશ્ચિતતા છે. નિર્ણાયકતા છે.

મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આ સંશોધન દ્વારા સમાજમાં સંવાદિતા સધાશે. કારણ શ્રી હર્ષ અને શ્રી ચાર્વાક સૈધ્ધાંતિક દષ્ટિએ સમાન તારણ સ્વીકારે છે તે પ્રકરણ ૧માં લેખન કરેલ છે. ભકિત તત્વના સ્થાપનમાં કેવળ સંઘ પરંપરા નથી, માનસી ભકિત શબ્દ જ સ્વયં સ્પષ્ટ છે.

અ–વિકૃત પરિણામવાદ માત્ર સિધ્ધાંત ન રહેતાં શુધ્ધાદ્વૈત વેદાંતની કરોડરજ્જુ પુરવાર થાય છે. આ સિધ્ધાંત દ્વારા સમગ્ર ખેડાણ થયેલું છે. જગત્‌નો ખ્યાલ હોય કે જીવનો ખ્યાલ; બ્રહ્મ તત્વની સમજૂતિ હોય કે ભાગવત પુરાણ પર સુબોધિની ભાષ્ય. દરેક અ–વિકૃત પરિણામવાદ સમજવાથી સમજાય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્ય અણુભાષ્ય અ.૨ પાદ–૧ માં કાર્યકારણ સંબંધી અસત્ કાર્યવાદનું ખંડન કરે છે. જેનું લેખન અમોએ ૪.૯ માં કરેલ છે. આચાર્ય શ્રી ૨.૧.૧૪ માં કાર્ય અને કારણનું અનન્યત્વ સિધ્ધ કરે છે. સાંખ્ય દર્શન સત્ કાર્યવાદ રજૂ કરે છે. પરંતુ વલ્લભ પ્રકૃતિ પરિણામવાદનું ખંડન કરે છે. જેનું લેખન અમોએ કરેલ છે. તેમના મતે જે તર્ક પ્રકૃતિને કારણ તરીકે સ્વીકારવા સાંખ્યદર્શન રજૂ કરે છે તે તર્ક વડે પ્રકૃતિ પરિણામવાદ સાબિત થઈ શકતો નથી.

તેઓ સૂત્ર ૨–૧–૧૩ માં કહે છે કે, ભોગ્ય–ભોકતા બનતા વિભાગ નહિ રહે એમ કહી શકાય નહીં, અહીં અમારા મતે પરમાર્થિક સત્ય–બ્રહ્મ, વ્યાવહારિક સત્ય જગતનીવાત કરવામાં આવી છે. શંકરાચાર્ય બ્રહ્મમાં સ્વગતભેદ સ્વીકારતા નથી. જગત્‌ને બ્રહ્મનો વિવર્ત કહે છે. બ્રહ્મ સત્ય, અનાદિ, અનંત, જ્ઞાન સ્વરૂપ, નિર્ગુણ છે. તેનો વિવર્ત જગત્ અંતવાળું મર્યાદિત કેમ બને ? તે પ્રશ્નનો ઉત્તર શંકરાચાર્ય આપવામાં નિષ્ફળ જાય છે. તર્ક મર્યાદિત સાધન છે. આથી 'માયા' નું સર્જન કરે છે.

વલ્લભાચાર્ય કહે છે કે, તર્કનું ખંડન કરીને વિતર્ક કે જલ્પ કે વાદનો ઉપયોગ કરી કાર્યકારણ સિધ્ધાંતનું સ્થાપન તાત્વિક દષ્ટિએ શકય નથી.

શ્રી વલ્લભ છાં. ઉપ. ૬–૧–૪ નો સંદર્ભ ટાંકીને કહે છે કે ''વિકાર વાણીથી જ આરંભાય છે, વસ્તુતઃ ઉત્પન્ન થતો નથી.'' આથી કહી શકાય કે કાર્યકારણથી અનન્ય છે, મિથ્યા નથી.

સૂત્ર ૨–૧–૧૫ માં કહે છે કે અ–ભાવ હોય તો ઉપલબ્ધિ ન થાય. શંકરાચાર્ય આ સૂત્રનો અન્ય અર્થ કરે છે. જે ઉચિત નથી. તેઓ સૂત્ર ૨–૧–૧૬ માં છાં. ઉપ. ૬–૨–૧ તથા તૈત ઉપ. ૨–૬–૧ નો આધાર લઈને જગત છે. તેમ સ્થાપન કરે છે અને તે સત્ય છે.

હકીકતમાં બ્રહ્મ 'સમગ્ર' જગત બને અને તે નિરવયવ હોવાથી કઈ રીતે તેનો અંશ ભાગ જગત્ બની શકે તે વિચાર અગત્યનો છે.

તેઓ ૨–૧–૧૭ માં કહે છે કે તે બ્રહ્મે પોતે પોતાની જાતને જ ઉત્પન્ન કર્યું. તેમ તૈત. ૨–૭ માં કહેલું છે. તેમજ ૨–૧–૧૮ માં કહે છે કે યુકિતએ કે કારણની સાથે સમવાય સંબંધવાળું રહીને કાર્ય ઉત્પન્ન થાય છે. કારણ કે સંબંધ બે વસ્તુમાં રહેલો છે અને નિત્ય છે. વચમાં અવાન્તર કારણ હોય તો પણ પરંપરાથી મુળ કારણની સાથે કાર્યનો સંબંધ હોય છે જ. કારણની સાથે સંબંધ રાખ્યા વિના જ જો કાર્ય ઉત્પન્ન થાય તો એ કાર્ય મિથ્યા જ બને. મનુષ્યની પ્રવૃત્તિ કાર્યના પ્રાદુર્ભાવ માટે જ છે.

વલ્લભાચાર્યના મતે સૂત્ર ૨–૧–૧૯ અને ૨–૧–૨૦ જ્ઞાન અને ક્રિયાના ભેદ દર્શાવવા આપવામાં આવ્યા છે. સૂત્ર ૨–૧–૨૩ માં કહે છે કે, કાર્યકારણથી વિલક્ષણ છે અને કારણ કાર્યને આધન નથી. ૨–૧–૨૪ માં બ્રહ્મને જગતનું નિમિત કારણ આ લોકના નિમિત્ત કારણ સમાન કહી શકાય નહિ તેમ જણાવે છે. સૂત્ર ૨–૧–૨૫ માં દેવો કે યોગીઓનું દષ્ટાંત આપે છે. સૂત્ર ૨–૧–૨૬ માં શ્વે. ઉપ. નો સંદર્ભ આપીને બ્રહ્મ નિરવયવ છે તેમ કહે છે કે સૂત્ર ૨–૧–૨૭ માં મહાભારત; ભાગવત પુરાણના સંદર્ભ સાથે બ્રહ્મમાં વિરોધ નથી તેમ બાદરાયણ માને છે તેવું સ્પષ્ટ કરે છે. મતલબ આ સૂત્રને સમાધાન સૂત્ર કહે છે. તેમજ શંકરાચાર્ય બુદ્ધિથી અનુપપત્તિ – આ ઘટતું નથી એવી શંકા કરીને બધાનો સંપ્લવ કરે છે તેની ઉપેક્ષા કરવી તેમ સ્પષ્ટ કરે છે.

સૂત્ર ૨–૧–૨૮ માં વલ્લભાચાર્યશ્રી એક અદ્‌ભુત તર્ક આપે છે. જેનો સંબંધ સીધો નાસદીય સૂકત સાથે સ્થાપિત થાય છે. **सृष्टौ देशकालापेक्षामि नास्ति...** થી શરૂ કરીને જે વિવેચન કરે છે તે દ્વારા અ–વિકૃત પરિણામવાદ સ્થાપિત થાય છે.

સૃષ્ટિમાં દેશ–કાલની અપેક્ષા નથી. આત્મામાં સૃષ્ટ થયું હોવાથી દેશ–કાલ સૃષ્ટ છતાં આત્મામાં અધિકરણ સહિત તેની સૃષ્ટિ થાય છે. અગર બહાર તથા અન્તરની જગત્સૃષ્ટિને વિશેષના અભાવમાં કહે છે. વિશેષના અભાવે સૃષ્ટિને બહિર અને અંતર કહી છે. ''અનન્તર, અબાહ્ય'' શબ્દ પ્રયોજે છે. બૃ.ઉપ.નો (૪–૫–૨૩) સંદર્ભ આપીને આચાર્ય કહે છે કે એક સરખી રીતે બહાર અને અંદર જગત્‌ની સૃષ્ટિ થાય છે. આ સૂત્રમાં 'આત્મા'નો અર્થ વલ્લભાચાર્ય તથા શંકરાચાર્ય 'બ્રહ્મ' કરે છે.

સૂત્ર ૨–૧–૨૯ માં ફરી સાંખ્યના પ્રકૃતિ પરિણામવાદનો દોષ રજૂ કરી અ–વિકૃત પરિણામવાદનું સ્થાપન કરવામાં સફળ થાય છે.

અંતમાં કહી શકાય કે કાર્યકારણ સંબંધી વિવિધ સિધ્ધાંતો ભારતીય તત્વજ્ઞાનમાં રજૂ થયા છે. જે દરેક સંપૂર્ણ સત્ય કે સંપૂર્ણ અસત્ય નથી. મર્યાદિત છે. મર્યાદિત–અમર્યાદિત વચ્ચે કાર્યકારણ સંબંધ શોધવો તે એક માનવ બુધ્ધિનું દૂષણ છે; જેને ભૂષણ તરીકે રજૂ કરવાનો પ્રયાસ તત્વજ્ઞાનમાં થાય છે. ઐતિહાસિક પરિપ્રેક્ષમાં વિચારીએ તો; વલ્લભાચાર્ય ૧૫ માં શતકમાં થયા છે, વિકારના સ્થાને અ–વિકૃત સ્વીકારવું તે ક્રમશઃ બુધ્ધિના ઊર્ધ્વ વિકાસની સાબિતી કહી શકાય. અ–ભેદ દષ્ટિની વાત શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતામાં પણ કરી છે. જેને અનુમોદન પ્રાપ્ત થયું છે.

શુધ્ધાદ્વૈત વેદાંતની વિશેષતા 'ભકિત' તત્વનું યથોચિત સ્થાન સ્થાપવું. તત્વજ્ઞાનને જીવનદર્શન બનાવવું. સામાન્ય માનવી તત્વજ્ઞાનના ગહન સિધ્ધાંત તેના રોજબરોજનાં જીવનમાં વણી શકે તેટલું સરળ બનાવવું. બધા અલગ–અલગ ટુકડાને ફેવીકોલની મદદથી ગોઠવાયેલાં નથી. પરંતુ સહજ રીતે સિધ્ધાંતનાં ત્રણ અર્થો રજૂ થયેલાં છે. માનવી કક્ષા અનુસાર અર્થ ગ્રહણ કરે છે.

અજોડ વિશેષતા એટલે પ્રસ્થાન ચતુષ્ટય. ભાગવત પુરાણને પ્રમાણ તરીકે સ્થાપવું. આ વાત ભારતના જ નહિ; તત્વજ્ઞાનના ઈતિહાસમાં અદ્વિતીય કહી શકાય.

અ–વિકૃત પરિણામવાદ માત્ર સિધ્ધાંત ન રહેતાં શુધ્ધાદ્વૈત વેદાંતની કરોડરજ્જુ પુરવાર થાય છે. આ સિધ્ધાંત દ્વારા સમગ્ર ખેડાણ થયેલું છે. જગત્‌નો ખ્યાલ હોય કે જીવનો ખ્યાલ; બ્રહ્મ તત્વની સમજૂતિ હોય કે ભાગવત પુરાણ પર સુબોધિની ભાષ્ય. દરેક અ–વિકૃત પરિણામવાદ સમજવાથી સમજાય છે.

સમગ્ર મહાનિબંધના અંતમાં મને હજુ વધુ સંશોધનની આવશ્યકતા દેખાય છે. જે મારા હવે પછીના સંશોધનમાં પરિણમશે. કારણ અને કાર્ય આ પ્રશ્ન વિજ્ઞાન અને તત્વજ્ઞાનનો છે. આથી ભૌતિક વિજ્ઞાન સાથે તુલનાત્મક અધ્યયન કરવાની મારી ઈચ્છા છે.

*अस्तु*

# સંદર્ભ સૂચિ


(૧) લેખકનું નામ : કેશવ મિશ્ર,
સંપાદક : ડો. જીતેન્દ્ર સુ. જેટલી અને વસંત પરીખ
આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ ૧૯૬૫, પુસ્તકનું નામ તર્કભાષા, પ્રકાશક : સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ.

(૨) લેખકનું નામ : કણાદ
આવૃતિ – , પ્ર. વર્ષ : પુસ્તકનું નામ : વૈશેષિકસૂત્રા

(૩) લેખકનું નામ : કપિલ,
આવૃતિ – પ્ર. વર્ષ : પુસ્તકનું નામ : સાંખ્યસૂત્ર

(૪) લેખકનું નામ : ડો. કિશોર એસ. દવે
આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ : ૧૯૭૩, પુસ્તકનું નામ : ગીતા તત્વ વિચાર, પ્રકાશક : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

(૫) સંપાદક : કેદારનાથ મિશ્ર,
આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ : ૧૯૭૮, પુસ્તકનું નામ : ભકિતહેતુ નિર્ણય, પ્રકાશક : આનંદ પ્રકાશન સંસ્થાન વારાણસી.

(૬) લેખક : ગજાનંદ શાસ્ત્રી મુસલગાવકર,
આવૃતિ : ૧, પ્રકાશન વર્ષ : ૧૯૬૩ પુસ્તકનું નામ : વેદાંત પરિભાષા પ્રકાશક : ચૌખંબા વિદ્યાભવન વારાણસી

(૭) લેખકનું નામ : ગૌતમ
આવૃતિ : –, પ્રકાશન વર્ષ : –, પુસ્તકનું નામ : ન્યાયસૂત્રો, પ્રકાશક : મોતીલાલ બનારસીદાસ, નવી દિલ્હી.

(૮) મૂળ લેખક : ગૌતમ,
વ્યા. : આચાર્ય ઢુંઢીરાજ શાસ્ત્રી, આવૃતિ : ૨, પ્રકાશન વર્ષ : ૧૯૭૦, પુસ્તકનું નામ : ન્યાયદર્શન વાત્સ્યાયન ભાસ્ય સહિત , પ્રકાશક : ચૌખંબા સંસ્કૃતિ સીરીઝ ઓફ વારાણસી

(૯) લેખકનું નામ : ચંદ્રશંકર પી. શુકલ,
આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ : ૧૯૫૪, પુસ્તકનું નામ : ભારતીય તત્વજ્ઞાનની રૂપરેખા, ખંડ–૧ અને ૨, પ્રકાશક : જેઠાલાલ જીવણલાલ ગાંધી, ગુજરાત વિદ્યાસભા ભદ્ર, અમદાવાદ.

(૧૦) લેખકનું નામ : ડો. ચંદ્રશંકર પી. શુકલ,
આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ – , પુસ્તકનું નામ : ઉપનિષદનું તત્વજ્ઞાન, પ્રકાશક : ગુજરાત વિદ્યા સભા અમદાવાદ.

(૧૧) લેખકનું નામ : ચીમનલાલ વી. રાવળ,
આવૃતિ – ૧ પ્રકાશન વર્ષ ૧૯૭૪ , પુસ્તકનું નામ : શ્રીમદ્ શંકરાચાર્યનું તત્વજ્ઞાન પ્રકાશક : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

(૧૨) લેખકનું નામ : ચીમનલાલ વી. રાવળ,
આવૃતિ –૧ , પ્રકાશન વર્ષ ૧૯૮૫ , પુસ્તકનું નામ : પૂર્વ મિમાંસા દર્શન, પ્રકાશક : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

(૧૩) લેખકનું નામ : ચીમનલાલ વી. રાવળ,
આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ ૧૯૯૦ , પુસ્તકનું નામ : ભારતીય દર્શન, પ્રકાશક : લેખક સ્વયં. ૨૮, નોવેક્ષ, રો હાઉસીસ, સેટેલાઈટ રોડ, અમદાવાદ.

(૧૪) લેખકનું નામ : ચીમનલાલ વી. રાવળ,
આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ ૧૯૯૧ , પુસ્તકનું નામ : અ–વૈદિક દર્શન, પ્રકાશક : લેખક સ્વયં. ૨૮, નોવેક્ષ, રો હાઉસીસ, સેટેલાઈટ રોડ, અમદાવાદ.

(૧૫) લેખકનું નામ : ચીમનલાલ વી. રાવળ,
આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ ૧૯૯૨ , પુસ્તકનું નામ : પ્રસ્થાનત્રયી, પ્રકાશક : પ્રજ્ઞા પ્રકાશન, અમદાવાદ.

(૧૬) લેખકનું નામ : ચીમનલાલ વી. રાવળ,
આવૃતિ – ૧ , પ્રકાશન વર્ષ ૧૯૯૪ , પુસ્તકનું નામ : આચાર્યોનું તત્વચિંતન
પ્રકાશક : પ્રજ્ઞા પ્રકાશન, અમદાવાદ.

(૧૭) લેખકનું નામ : જે. ગો. શાહ,
આવૃતિ ૧ , પ્રકાશન વર્ષ – , પુસ્તકનું નામ : શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મવાદ,
પ્રકાશક : ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

(૧૮) લેખકનું નામ : જદુનાથ સિંહા,
અનુવાદક : ગોવર્ધનપ્રસાદ ભટ્ટ, આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ ૧૯૬૮ , પુસ્તકનું નામ : ભારતીય દર્શન, પ્રકાશક : લક્ષ્મીનારાયણ અગ્રવાલ, પુસ્તક પ્રકાશક આગ્રા.

(૧૯) મૂળ લેખકનું નામ : જયંત ભટ્ટ,
અનુ. સૂર્યનારાયણ શુકલ, :આવૃતિ – ૩, પ્રકાશન વર્ષ – વિ.સ. ૨૦૫૫, પુસ્તકનું નામ : ન્યાય મંજરી પ્રકાશક : ચૌખંબા સંસ્કૃત સંસ્થાન, વારાણસી

(૨૦) લેખકનું નામ : દાસગુપ્તા,
અનુ. જદુનાથ સિંહા, આવૃતિ – ૫, પ્રકાશન વર્ષ ૨૦૦૮ , પુસ્તકનું નામ : ભારતીય દર્શન, પ્રકાશક : મોતીલાલ બનારસીદાસ, ન્યુ દિલ્હી.

(૨૧) લેખકનું નામ : ડી. એમ. દત્ત અને સતિષચંદ્ર ચટ્ટોપાધ્યાય,
આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ – , પુસ્તકનું નામ : ભારતીય દર્શન પ્રકાશક : યુનિવર્સિટી ઓફ કલકત્તા.

(૨૨) લેખકનું નામ : નર્મદાશંકર દેવશંકર મહેતા
આવૃતિ –૨ , પ્રકાશન વર્ષ ૧૯૬૨, પુસ્તકનું નામ : હિન્દ તત્વજ્ઞાનનો ઈતિહાસ પ્રકાશક : જેઠાલાલ ગાંધી, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ

(૨૩) લેખકનું નામ : નગીન જી. શાહ,
આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ ૧૯૭૩ , પુસ્તકનું નામ : સાંખ્યયોગ દર્શન, પ્રકાશક : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

(૨૪) લેખકનું નામ : નગીન જી. શાહ,
આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ ૧૯૭૪ , પુસ્તકનું નામ : ન્યાય વૈશેષિક દર્શન, પ્રકાશક : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

(૨૫) લેખકનું નામ : નગીન જી. શાહ,
આવૃતિ – , પ્રકાશન વર્ષ , પુસ્તકનું નામ : બૌદ્ધ ધર્મ દર્શન, પ્રકાશક : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

(૨૬) લેખકનું નામ : નાનુભાઈ ગાંધી,
આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ –૧૯૬૯ , પુસ્તકનું નામ : વિદ્વન્મંડન પ્રકાશક :

(૨૭) લેખકનું નામ : ગો. પુરુષોત્તમજી.
આવૃતિ –૧ , પ્રકાશન વર્ષ –વિ. સં. ૨૦૩૮, પુસ્તકનું નામ : 'વેદાન્તાધિકરણમાલા ભાવ પ્રકાશિકા' પ્રકાશક : પુષ્ટિ પ્રકાશન, કિશનગઢ, રાજસ્થાન.

(૨૮) લેખકનું નામ : બાદરાયણ,
આવૃતિ –૭ , પ્રકાશન વર્ષ ૧૮૭૦, પુસ્તકનું નામ : બ્રહ્મસૂત્રો, પ્રકાશક : મોતીલાલ બનારસીદાસ, નવી દિલ્હી.

(૨૯) લેખકનું નામ : ભતૃહરિ,
આવૃતિ –૧ , પ્રકાશન વર્ષ ૧૮૭૭, પુસ્તકનું નામ : વાકયપદીપ, પ્રકાશક : ડાયરેકટર રિસર્ચ ઈન્સ્ટીટયુટ, વારાણસી.

(૩૦) લેખકનું નામ : મધ્વાચાર્ય,

આવૃતિ –૧ , પ્રકાશન વર્ષ ૧૯૯૨, પુસ્તકનું નામ : પૂર્ણપ્રજ્ઞ ભાષ્ય પ્રકાશક : ઓરિએન્ટલ રીસર્ચ ઈન્સ્ટીટયુટ, મૈસૂર.

(૩૧) લેખકનું નામ : મધ્વાચાર્ય,

આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ ૧૯૫૬, પુસ્તકનું નામ : વેદાંત પારિજાત સંગ્રહ, પ્રકાશક :

(૩૨) લેખકનું નામ : મધ્વાચાર્ય આવૃતિ –૧ ,

પ્રકાશન વર્ષ – , પુસ્તકનું નામ : સર્વદર્શન સંગ્રહ, પ્રકાશક :

(૩૩) સંપાદકનું નામ : મગનભાઈ દેસાઈ

આવૃતિ –૧ , પ્રકાશન વર્ષ ૧૯૪૭ , પુસ્તકનું નામ : મુંડક ઉપનિષદ પ્રકાશક : ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

(૩૪) સંપાદકનું નામ : મણીભાઈ ભટ્ટ,

આવૃતિ –૧ , પ્રકાશન વર્ષ ૧૯૩૮, પુસ્તકનું નામ : પ્રશ્ન ઉપનિષદ, પ્રકાશક : ગુજરાત વર્નાકયુલર સોસાયટી, અમદાવાદ.

(૩૫) લેખકનું નામ : મગનલાલ શાસ્ત્રી,

આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ – , પુસ્તકનું નામ : શુદ્ધાદ્વેત પાઠાવલિ

પ્રકાશક : સુરત પ્રકાશન.

(૩૬) લેખકનું નામ : મગનલાલ શાસ્ત્રી,

આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ – , પુસ્તકનું નામ : શુદ્ધાદ્વેત સિદ્ધાંત પ્રદિપ

પ્રકાશક : સુરત પ્રકાશન.

(૩૭) સંપાદક / અનુવાદકનું નામ : મનુકુમાર વ્યાસ,

આવૃતિ –૧ , પ્રકાશન વર્ષ ૧૯૯૭૫, પુસ્તકનું નામ : ઈશોપનિષદ્ પ્રકાશક : ભકિતવેદાંત બુક ટ્રસ્ટ, મુંબઈ – ૫૪

(૩૮) લેખકનું નામ : રમેશભાઈ વી. પરીખ

આવૃતિ – ૪, પ્રકાશન વર્ષ ૨૦૦૬ , પુસ્તકનું નામ : શ્રી વલ્લભનું વસિયતનામું, પ્રકાશક : શ્રીહરસાનીજી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ, મહેસાણા.

(૩૯) લેખકનું નામ : રામમૂર્તિ શર્મા

આવૃતિ –૧ , પ્રકાશન વર્ષ ૧૯૭૮ , પુસ્તકનું નામ : વેદાંત સાર પ્રકાશક : નેશનલ પબ્લિસીંગ હાઉસ, ૨૩–દરિયાગંજ, નવી દિલ્હી.

(૪૦) લેખકનું નામ : રામશર્મા આચાર્ય,

આવૃતિ –૧ , પ્રકાશન વર્ષ ૧૯૯૮ , પુસ્તકનું નામ : ઉપનિષદ સંહિતા, પ્રકાશક : ગાયત્રી પરિવાર, હરદ્વાર.

(૪૧) લેખકનું નામ : લાલુ ભટ્ટ,

અનુ. છાંયાબેન કાકડિયા, આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ – , પુસ્તકનું નામ : પ્રમેય રત્નાર્ણવ પ્રકાશક : શ્રી વલ્લભાચાર્ય ટ્રસ્ટ ગો. શ્યામ મનોહર મુંબઈ.

(૪૨) લેખકનું નામ : લાલુ ભટ્ટ

આવૃતિ – , પ્રકાશન વર્ષ – , પુસ્તકનું નામ : પુષ્ટિ વિવેક પ્રકાશક :

(૪૩) મૂળ લેખકનું નામ : વલ્લભાચાર્ય

અનુ. : ગોવિંદલાલ હરગોવિંદ ભટ્ટ આવૃતિ –૧ , પ્રકાશન વર્ષ ૧૯૪૫, પુસ્તકનું નામ : બ્રહ્મસૂત્રાણુ ભાષ્યાનુવાદ પ્રકાશક : શેઠ નારાયણદાસ તથા જેઠાનંદ આશનમલ ચેરિટી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સુરત.

(૪૪) મૂળ લેખકનું નામ : વલ્લભાચાર્ય

આવૃતિ – ૧, અનુ. જે. ગો. શાહ પ્રકાશન વર્ષ ૧૯૨૭ , પુસ્તકનું નામ : અણુભાષ્ય પ્રકાશક : –

(૪૫) મૂળ લેખકનું નામ : શ્રી વલ્લભાચાર્ય,

અનુ. ડો. એ. ડી. શાસ્ત્રી આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ ૧૯૯૮, પુસ્તકનું નામ : શ્રીમદ્ બ્રહ્મસૂત્રાણુ ભાષ્ય, પ્રકાશક : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ.

(૪૬) મૂળ લેખકનું નામ : વલ્લભાચાર્ય,

અનુ. તૈલીવાલા, આવૃતિ –અદ્યતન , પ્રકાશન વર્ષ – ૨૦૦૫, પુસ્તકનું નામ : અણુભાષ્ય પ્રકાશક : મોતીલાલ બનારસીદાસ, નવી દિલ્હી

(૪૭) મૂળ લેખકનું નામ : વલ્લભાચાર્ય,

વ્યા. : નિમ્બાર્કાચાર્ય લલિતકૃષ્ણ ગોસ્વામી. આવૃતિ –૧, પ્રકાશન વર્ષ વિ. સં.– ૨૦૩૬, પુસ્તકનું નામ : અણુભાષ્ય પ્રકાશક : શ્રી નિમ્બાર્કાચાર્ય પીઠ– ૧૨ મહાજની ટોળા, પ્રયાગ.

(૪૮) લેખકનું નામ : વવલ્ભાચાર્ય,

આવૃતિ –૧, પ્રકાશન વર્ષ – , પુસ્તકનું નામ : વેદ સ્તુતિ, પ્રકાશક : જૂની પ્રત

(૪૯) લેખકનું નામ : વલ્લભાચાર્ય

આવૃતિ –૧ , પ્રકાશન વર્ષ – , પુસ્તકનું નામ : સિદ્ધાંત મુકતાવલિ, પ્રકાશક :

(૫૦) લેખકનું નામ : વલ્લભાચાર્ય,

અનુ. : શાસ્ત્રી કલ્યાણજી કાનજી, આવૃતિ –૩ , પ્રકાશન વર્ષ ૧૯૯૦ ,

પુસ્તકનું નામ : ભાગવત સુબોધિની ટીકા, પ્રકાશક : રમણીકલાલ પોપટલાલ પરીખ, પુષ્ટિમાર્ગીય પાઠશાળા, પાટણ.

(૫૧) લેખકનું નામ : વલ્લભાચાર્ય,

અનુ. : જેઠાલાલ શાહ, આવૃતિ –૧ , પ્રકાશન વર્ષ – , પુસ્તકનું નામ : શ્રીમદ્ ભાગવત પુરાણ સંબોધિની ભાષ્ય પ્રકાશક :

(૫૨) લેખકનું નામ : વલ્લભાચાર્ય,

સંપા. : નાનુલાલ ગાંધી, આવૃતિ –૧ , પ્રકાશન વર્ષ – , પુસ્તકનું નામ : શ્રીમદ્ ભાગવત પુરાણ સંબોધિની ભાષ્ય પ્રકાશક : માંડવી ટ્રસ્ટ

(૫૩) લેખકનું નામ : વલ્લભાચાર્ય

આવૃતિ –૨ , પ્રકાશન વર્ષ વિ.સં. ૨૦૩૯, પુસ્તકનું નામ : તત્વાર્થદીપ નિબંધ શાસ્ત્રાર્થ સર્વનિર્ણય પ્રકરણ પ્રકાશક : શ્રી વલ્લભવિદ્યા પીઠ, શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ આશ્રમ ટ્રસ્ટ, કોલ્હાપુર, મહારાષ્ટ્ર.

(૫૪) લેખકનું નામ : વલ્લભાચાર્ય

આવૃતિ –૧, પ્રકાશન વર્ષ ૧૯૩૫, પુસ્તકનું નામ : સર્વનિર્ણય પ્રકરણ – ૩–૪ ફલ તથા સાધન પ્રકરણનું ગુર્જર ભાષાંતર, અનુવાદક તથા પ્રકાશક : શ્રી સુંદરલાલ મણિલાલ વકીલ, મુંબઈ.

(૫૫) મૂળ લેખકનું નામ : વિઠ્ઠલનાથ

અનુ. નાનુલાલ ગાંધી આવૃતિ –૧ , પ્રકાશન વર્ષ ૧૯૬૯ , પુસ્તકનું નામ : પ્રમેય રત્નાર્ણવ પ્રકાશક : ઓચ્છવલાલ ગોપાલદાસ કાં. મુંબઈ

(૫૬) મૂળ લેખકનું નામ : વિઠ્ઠલનાથ,

અનુ. અને સંપા. કેદારનાથ મિશ્ર, આવૃતિ – , પ્રકાશન વર્ષ – , પુસ્તકનું નામ : ભકિત હેતુ નિર્ણય, પ્રકાશક : આનંદ પ્રકાશન સંસ્થાન વારાણસી.

(૫૭) લેખકનું નામ : વિશ્વનાથ પંચાનનમ્

આવૃતિ –૧, પ્રકાશન વર્ષ ૧૯૩૨ , પુસ્તકનું નામ : ન્યાય સિદ્ધાંત મુકતાવલિ

પ્રકાશક : ખેમરાજ શ્રીકૃષ્ણદાસ

(૫૮) લેખકનું નામ : વેદાચાર્ય વિષ્ણુદેવ પંડિત

આવૃતિ –૧, પ્રકાશન વર્ષ – , પુસ્તકનું નામ : વેદના દાર્શનિક સૂત્ર પ્રકાશક :

(૫૯) લેખકનું નામ : વાચસ્પતિ મિશ્ર
વ્યા. અને સં. ડો. ગજાનન શાસ્ત્રી મુસલગાંવકર આવૃતિ –૭ , પ્રકાશન વર્ષ ૧૯૭૧, પુસ્તકનું નામ : સાંખ્યતત્વ કૌમુદી, પ્રકાશક : ચૌખંબા સંસ્કૃત સંસથાન વારાણસી.

(૬૦) મૂળ લેખકનું નામ : શંકરાચાર્ય,
સં. ગૌતમ પટેલ, નિલમ પટેલ આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ ૨૦૦૭, પુસ્તકનું નામ : વિવેક ચૂડામણિ પ્રકાશક : સંસ્કૃત સેવા સમિતિ અમદાવાદ.

(૬૧) મુળ લેખકનું નામ : શંકરાચાર્ય
અનુ. : શાસ્ત્રી દેવશંકર દવે આવૃતિ –૪ , પ્રકાશન વર્ષ ૧૯૭૦, પુસ્તકનું નામ : વિવેક ચૂડામણિ પ્રકાશક : સસ્તુ સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ.

(૬૨) મૂળ લેખકનું નામ : શંકરાચાર્ય
સં. ગૌતમ પટેલ, નિલમ પટેલ આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ ૨૦૦૮, પુસ્તકનું નામ : બ્રહ્મસૂત્ર શારિરક ભાષ્ય પ્રકાશક : સંસ્કૃત સેવા સમિતિ, અમદાવાદ.

(૬૩) મૂળ લેખકનું નામ : શંકરાચાર્ય
અનુ. ડો. એલ. વી. જોશી, આવૃતિ –૧ , પ્રકાશન વર્ષ ૨૦૦૧, પુસ્તકનું નામ : બ્રહ્મસૂત્ર શાંકર ભાષ્ય પ્રકાશક : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ.

(૬૪) મૂળ લેખકનું નામ : શંકરાચાર્ય,
અનુ. સ્વામી હનુમાનદાસ ષટ્શાસ્ત્રી, આવૃતિ –૧, પ્રકાશન વર્ષ ૧૯૬૫, પુસ્તકનું નામ : બ્રહ્મસૂત્ર શાંકર ભાષ્ય પ્રકાશક : ચૌખંબા વિદ્યાભવન, વારાણસી.

(૬૫) લેખકનું નામ : ગો. શ્રી શરદ્ અનિરૂધ્ધ લાલજી,
આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ : ૧૯૯૯, પુસ્તકનું નામ : પ્રમેય રત્ન સંઙગ્રહ. પ્રકાશક : શ્રી વલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી–કચ્છ.

(૬૬) Author Name: S. Radhakrishnan
Edition : II, 1968, Books Name : The Principal Upanishads, Publisher : George Allen & Unwin Ltd. Ruskin House, Museum Street, London.

(૬૭) Author Name: S. Radhakrishnan
Edition : VII, 1968, Books Name : Indian Philosophy Vol. II, Publisher : George Allen & Unwin Ltd. Ruskin House, Museum Street, London

(૬૮) લેખકનું નામ : શ્રી હર્ષ,
આવૃતિ –૧, પ્રકાશન વર્ષ ૧૯૧૪, પુસ્તકનું નામ : ખંડન ખંડ ખાદ્ય, પ્રકાશક : મોતીલાલ બનારસીદાસ, ન્યુ દિલ્હી

(૬૯) લેખકનું નામ : શ્રી હર્ષ,
આવૃતિ –૧, પ્રકાશન વર્ષ –, પુસ્તકનું નામ : ખંડન ખંડ ખાદ્ય, પ્રકાશક : ચૌખંબા સંસ્કૃત બુક ડેપો, વારાણસી

(૭૦) મૂળ લેખકનું નામ : અન્નં ભટ્ટ
સં. : ડો. જીતેન્દ્ર જેટલી, વસંત પરીખ, આવૃતિ –૨, પ્રકાશન વર્ષ ૧૯૭૩, પુસ્તકનું નામ : તર્ક સંગ્રહ પ્રકાશક : સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના, રતનપોળ, અમદાવાદ.

(૭૧) મૂળ લેખકનું નામ : અન્નં ભટ્ટ
આવૃતિ –, પ્રકાશન વર્ષ , પુસ્તકનું નામ : તર્કસંગ્રહ પ્રકાશક : હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી પુસ્તકાલય, પાટણ.

(૭૨) મૂળ લેખકનું નામ : અન્નં ભટ્ટ
આવૃતિ –૧, પ્રકાશન વર્ષ , પુસ્તકનું નામ : તર્કસંગ્રહ પ્રકાશક : મોતીલાલ બનારસીદાસ, ન્યુ દિલ્હી

(૭૩) લેખકનું નામ : શ્રી અરવિંદ
આવૃતિ –૧, પ્રકાશન વર્ષ , પુસ્તકનું નામ : ગીતા નિબંધો પ્રકાશક :

(૭૪) મૂળ લેખકનું નામ : ઈશ્વરકૃષ્ણ,
અનુ. ડો. વૃજમોહન ચતુર્વેદી, આવૃતિ –૧, પ્રકાશન વર્ષ ૧૯૬૯, પુસ્તકનું નામ : સાંખ્યકારિકા પ્રકાશક : નેશનલ પબ્લિસીંગ હાઉસ, નવી દિલ્હી.

(૭૫) મૂળ લેખકનું નામ : ઈશ્વરકૃષ્ણ,
વ્યા. આદ્યાપ્રસાદ મિશ્ર આવૃતિ –૩, પ્રકાશન વર્ષ ૧૯૬૬, પુસ્તકનું નામ : સાંખ્યકારિકા પ્રકાશક : સત્ય પ્રકાશન, અલ્હાબાદ.

(૭૬) મૂળ લેખકનું નામ : ઈશ્વરકૃષ્ણ,
અનુ. ગંગાનાથ ઝા, આવૃતિ –૧, પ્રકાશન વર્ષ ૨૦૦૪, પુસ્તકનું નામ : સાંખ્યકારિકા પ્રકાશક : ચૌખંબા સંસ્કૃત સંસ્થાન, વારાણસી

(૭૭) મૂળ લેખકનું નામ : ઈશ્વરકૃષ્ણ
અનુ. ડો. ગજાનન શાસ્ત્રી મુસલગાંવકર આવૃતિ –૭, પ્રકાશન વર્ષ ૧૯૭૧, પુસ્તકનું નામ : સાંખ્ય કારિક સાંખ્ય તત્વ કૌમુદી સાથે (વાચસ્પતિ મિશ્ર ટીકા) પ્રકાશક : ચૌખંબા સંસ્કૃત સંસ્થાન, વારાણસી.

(૭૮) સંપાદન : ઋગ્વેદ સંહિતા ચૌખંબા સંસ્કૃત સંસ્થાન વારાણસી.

(૭૯) સંપાદન : ઋગ્વેદ સાયણ ભાષ્ય,
ચતુર્થ ભાગ – મંડળ : ૯ અને ૧૦ આવૃતિ – ૨, પ્રકાશન વર્ષ : ૧૯૮૩, પ્રકાશકનું નામ વૈદિક સંશોધન મંડળ, પુણે–૩૭.

(૮૦) સંપાદક : ગૌતમ પટેલ, બી. જી. ચંદારાણા
આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ : ૧૯૬૮, પુસ્તકનું નામ : ઋક્ સૂકત મંજૂષા, પ્રકાશન : સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ

(૮૧) સંપાદક : ગો. શ્યામ મનોહરજી,
આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ : ૨૦૦૨,
પુસ્તકનું નામ : [illegible] પ્રકાશન : વલ્લભાચાર્ય ટ્રસ્ટ – માંડવી (કચ્છ)

(૮૨) સંપાદક : ગો. શ્યામ મનોહરજી,
આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ : ૨૦૦૦,
પુસ્તકનું નામ : [illegible] પ્રકાશકનું નામ : વલ્લભાચાર્ય ટ્રસ્ટ – માંડવી (કચ્છ) (૮૧)

(૮૩) સંપાદન : બૃહદ્ આરણ્યક ઉપનિષદ, પ્રકાશક : મોતીલાલ બનારસીદાસ

(૮૪) સંપાદક : અરુણ જોશી, હર્ષદેવ માધવ, જયશ્રી દવે, ચંદ્રિકા પંચાલી,
આવૃતિ – ૧, પ્રકાશન વર્ષ : ૧૯૯૪, પુસ્તકનું નામ : કઠ ઉપનિષદ,
પ્રકાશકનું નામ : પાર્શ્વ પ્રકાશન અમદાવાદ.

(૮૫) સંપાદન : ઐતરેય ઉપનિષદ,
આવૃતિ – ૪, પ્રકાશન વર્ષ : ૧૯૩૧, પ્રકાશક : આનંદ પ્રકાશન.

(૮૬) સંપાદક : રમેશભાઈ ઓઝા (ભાઈજી)
આવૃતિ –૧, પ્રકાશન વર્ષ ૨૦૦૪, પુસ્તકનું નામ : શ્રીમદ્ ભગવદ ગીતા, પ્રકાશક : સત્ સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, પોરબંદર.

(૮૭) સંપાદક અને પ્રકાશકનું નામ : ગીતા પ્રેસ ગોરખપુર, આવૃતિ –૬, પ્રકાશન વર્ષ ૨૦૦૩, પુસ્તકનું નામ : શ્રીમદ્ ભગવદ ગીતા

(૮૮) સંપાદક અને પ્રકાશકનું નામ : ગીતા પ્રેસ ગોરખપુર, આવૃતિ –, પ્રકાશન વર્ષ , પુસ્તકનું નામ : ભાગવત પુરાણ.

(૮૯) લેખકનું નામ : ઉદયનાચાર્ય, આવૃતિ –૧, પ્રકાશન વર્ષ ૨૦૦૫, પુસ્તકનું નામ : ન્યાય કુસુમાંજલિ. પ્રકાશક : શ્રૃંગેરી મઠ,

(૯૦) લેખકનું નામ : ઉમેશ મિશ્ર, આવૃતિ –૧, પ્રકાશન વર્ષ , પુસ્તકનું નામ : ભારતીય દર્શન